# પ્રસાદ નં. ૨

## શ્રી સમયસાર કળશ ૨૦૬

**(આસો વદ ૯, બુધવાર, તા. ૨૪-૧૦-૫૧)**

અહીં સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર ચાલે છે. તેમાં સાંખ્યમતી અને જૈન નામ ધરાવીને પણ કોઈ એમ માનતો હોય કે આત્મામાં જે વિકાર થાય છે તે કર્મ કરાવે છે–તો તે વાત ખોટી છે, એમ દલીલથી સમજાવ્યું. હવેની ગાથામાં બૌદ્ધમતીને સમજાવે છે. કર્તા અન્ય છે અને ભોક્તા અન્ય છે, એવું માનનારા ક્ષણિકવાદી બૌદ્ધમતીઓને તેમની સર્વથા એકાંત માન્યતામાં દૂષણ બતાવશે અને સ્યાદ્‌વાદ અનુસાર જે રીતે વસ્તુસ્વરૂપ અર્થાત્ કર્તા—ભોક્તાપણું છે, તે રીતે કહેશે. તે ગાથાઓની સૂચનાનું કાવ્ય પ્રથમ કહે છે.

## કળશ ૨૦૬

આ જગતમાં કોઈ એક તો એટલે ક્ષણિકવાદી—બૌદ્ધમતીઓ તો આ આત્મતત્ત્વને ક્ષણિક કલ્પીને પોતાના મનમાં કર્તા અને ભોક્તાનો ભેદ કરે છે. આ જગત છે એમાં એક બૌદ્ધમત છે. તે જીવને ક્ષણે ક્ષણે નવો નવો માને છે એટલે કે નવી નવી પર્યાય થાય છે, એટલો જ આત્માને માને છે અને તે પોતાના મનમાં એમ માને છે કે વિકાર કરે છે કોઈ એક અને તેને ભોગવે છે કોઈ બીજો. એટલે કે કર્તા ને ભોક્તા એક આત્મા નથી. આ રીતે જૈનમતમાં હોવા છતાં પણ ત્રિકાળ નિત્ય દ્રવ્ય છે—એનો જેને ભાસ નથી અને ક્ષણિક પર્યાયનો ભાસ છે, તે પણ બૌદ્ધમતી જ છે. શરીરાદિ પર પદાર્થો બદલતાં અથવા તો પોતાની પર્યાય બદલતાં, જાણે હું આખો બદલી ગયો–એમ માનનાર ક્ષણિકની માન્યતાવાળા છે.

ક્ષણિકવાદી-બૌદ્ધમતને માનનારના અજ્ઞાનને આ ચૈતન્યચમત્કાર જ પોતે, નિત્યતારૂપ અમૃતના ઓઘ (સમૂહ) વડે અભિસિંચન કરતો થકો, દૂર કરે છે.

આત્મા નિત્ય તત્ત્વ છે, તે ક્ષણે ક્ષણે બદલે છે. એટલાને જ આત્મા માને તો તેને આત્મામાં શાંતિ થતી નથી પણ કાલે રાગ વખતે જે જાણનાર જ્ઞાન હતું, તે જ હું આજે છું—એમ નિત્યતાના આધારે શાંતિ મળે છે. રાગાદિ વિકારી પર્યાયો તો ક્ષણિક છે. તેટલો આત્માને માનવો તે ક્ષણિકવાદી બૌદ્ધની માન્યતાવાળો છે. તેને આત્મા ચૈતન્ય નિત્યાનંદ છે, તેનું ભાન નથી. આત્મા ચૈતન્ય નિત્ય છે, તેના ભાન વડે જ પર્યાયમાં રાગનો નાશ થાય છે. તે ચૈતન્યનો જ મહિમા છે.

**<u>ભાવાર્થ :—</u>**ક્ષણિકવાદી કર્તા—ભોક્તામાં ભેદ માને છે, અર્થાત્ પહેલી ક્ષણે જે આત્મા હતો, તે બીજી ક્ષણે નથી—એમ માને છે. આત્મામાં વિચારો બદલે છે તેની સાથે આખો આત્મા બદલી જાય છે, એમ તે માને છે. તેને આચાર્ય ભગવાન કહે છે કે અમે તને શું સમજાવીએ ? આ ચૈતન્ય જ તેનું અજ્ઞાન દૂર કરશે એટલે કે આત્મા એની મેળાએ સમજે તો સમજાય એવો છે; પણ એની પર્યાયને અમે બદલાવી શકીએ એમ નથી. કેવળી ભગવાન પણ તેની પર્યાય બદલી શકે નહિ. અહીં એકલા બૌદ્ધમતની વાત નથી પણ જૈનમતમાં રહીને પણ જે પર્યાયદ્રષ્ટિવાળા છે, એ બધાની વાત છે. તે પર્યાયદ્રષ્ટિવાળાનું અજ્ઞાન, આત્મા પોતે ચૈતન્ય અનુભવગોચર નિત્ય છે, તે જ દૂર કરશે.

પહેલી ક્ષણે જે આત્મા હતો તે જ બીજી ક્ષણે કહે છે કે હું પહેલાં હતો તે જ છું. આવું સ્મરણપૂર્વક પ્રત્યભિજ્ઞાન આત્માની નિત્યતા બતાવે છે. ગયા કાળના અને વર્તમાન કાળના જ્ઞાનની સંધિ જોડનાર પ્રત્યભિજ્ઞાન આત્માની નિત્યતા બતાવે છે. જુઓ, આમ હોવા છતાં પણ બૌદ્ધમતની સંખ્યા હાલમાં ઘણી છે અને **<u>જૈનમાં પણ પર્યાયદ્રષ્ટિવાળા જીવો કે જે વર્તમાન પૂરતો જ આત્માને માને છે, તે પણ ખરેખર બૌદ્ધમતી જ છે.</u>**

બૌદ્ધમતી કહે છે કે જે પહેલી ક્ષણે હતો તે જ હું બીજી ક્ષણે છું—એમ માનવું તે તો અનાદિ અવિદ્યાથી ભ્રમ છે. એ ભ્રમ મટે ત્યારે તત્ત્વ સિદ્ધ થાય અને સમસ્ત ક્લેશ મટે. તેનો ઉત્તર આપવામાં આવે છે કે હે બૌદ્ધ ! તું આ જે દલીલ કરે છે તે આખી દલીલ કરનાર એક આત્મા છે કે અનેક આત્માઓ છે ? વળી તારી આખી દલીલ એક જ આત્મા સાંભળે છે એમ માનીને તું દલીલ કરે છે કે આખી દલીલ પૂરી થતાં સુધીમાં અનેક આત્માઓ પલટાઈ જાય છે, એમ માનીને દલીલ કરે છે ? એટલે કે દલીલ કરનાર એ નો એ રહે છે કે બદલી જાય છે અને સાંભળનાર પણ એનો એ રહે છે કે બદલી જાય છે ? જો આખો આત્મા બદલી જતો હોય તો તારી આખી દલીલ તો કોઈ આત્મા સાંભળતો નથી; તો પછી દલીલ કરવાનું પ્રયોજન શું ?

જો એમ કહેવામાં આવે કે આત્મા તો નાશ પામે છે પણ તે સંસ્કાર મૂકતો જાય છે, તો તે પણ યથાર્થ નથી; આત્મા નાશ પામે તો આધાર વિના સંસ્કાર કેમ રહી શકે ? વળી કદાપિ એક આત્મા સંસ્કાર મૂકતો જાય, તો પણ તે આત્માના સંસ્કાર બીજા આત્મામાં પેસી જાય—એવો નિયમ ન્યાયસંગત નથી.

આમ અનેક રીતે વિચારી જોતાં તને જણાશે કે આત્માને ક્ષણિક માનીને પ્રત્યભિજ્ઞાનને ભ્રમ કહી દેવો, તે યથાર્થ નથી. માટે એમ સમજવું કે આત્માને એકાંતે નિત્ય કે અનિત્ય માનવો તે ભ્રમ છે, વસ્તુસ્વરૂપ નથી; એટલે કે આત્માને એકલો કૂટસ્થ માનવો અને એકલો બદલતો માનવો, તે મિથ્યાત્વ છે. એક જ આત્માને નિત્યાનિત્ય માનવો તે જ સત્યાર્થ છે. અમે જૈનો કથંચિત્ વસ્તુ નિત્ય છે અને કથંચિત વસ્તુ અનિત્ય છે એમ વસ્તુનું સ્વરૂપ કહીએ છીએ તે સત્ય છે.

કોઈ એમ કહે કે આવી બૌદ્ધની દલીલ સમયસારમાં શા માટે કરી હશે ? તો તેને કહે છે કે આચાર્ય ભગવાન અહીં તો માત્ર બૌદ્ધને સંબોધીને કહે છે, પણ જૈનમાં જે પર્યાયદ્રષ્ટિવાળા જીવો સ્વભાવનું આલંબન ન લેતાં એકલો પર્યાય જેટલો જ આત્માને માને છે તે પણ બૌદ્ધ છે. વ્યવહાર હોય તો નિશ્ચય થાય એમ માનનાર બૌદ્ધ છે. ક્ષણિક એવા જે વિકારી શુભભાવો તે વડે ત્રિકાળી ધ્રુવ શુદ્ધ સ્વભાવને પમાય, એમ માનનાર પણ આત્માને ક્ષણિક માને છે. નિમિત્ત આવે તો આત્મામાં કાર્ય થાય, તે વાત પણ ખોટી છે. નિત્ય સ્વભાવના આધારે પર્યાય થાય છે એમ ન માનતાં પર્યાયમાંથી પર્યાય થાય એમ માનનાર પણ બૌદ્ધ છે.

સમયસારની બીજી ગાથામાં જ આચાર્ય ભગવાને ધડાકો બોલાવ્યો છે કે આત્મા જેટલો દયા-દાનાદિ શુભભાવોમાં રોકાયો, તે આત્મા જ નથી, અનાત્મા છે. સ્વભાવમાં ઠરે અને રાગાદિનું જ્ઞાન કરે–તે આત્મા છે. એમ ન માનતાં વ્યવહાર કરતાં કરતાં નિશ્ચયને લાભ થાય—એમ માનનાર બૌદ્ધમતી જ છે.

ફરી, ક્ષણિકવાદને યુક્તિ વડે નિષેધતું આગળની ગાથાઓની સૂચનાનું કાવ્ય કહે છે :—

## કળશ ૨૦૭

**અર્થ :—**વૃત્યંશોના અર્થાત્ પર્યાયોના ભેદને લીધે વૃત્તિમાન અર્થાત્ દ્રવ્ય અત્યંત (સર્વથા) નાશ પામે છે એવી કલ્પના દ્વારા 'અન્ય કરે છે અને અન્ય ભોગવે છે' એવો એકાંત ન પ્રકાશો. એટલે કે ક્ષણે ક્ષણે અવસ્થા બદલાય છે તેના કારણે આખો પદાર્થ નાશ પામે છે—એમ ન માનો. એનો એ આત્મા કરનાર છે અને એ નો એ ભોગવનાર છે, બીજો નહિ; એમ માનો.

**ભાવાર્થ :—**દ્રવ્યની અવસ્થાઓ ક્ષણે ક્ષણે નાશ પામતી હોવાથી બૌદ્ધમતી એમ માને છે કે દ્રવ્ય જ સર્વથા નાશ પામે છે. આવી એકાંત માન્યતા મિથ્યા છે. જો અવસ્થાવાન પદાર્થનો નાશ થાય તો અવસ્થા કોના આશ્રયે થાય ? એ રીતે બન્નેના નાશનો પ્રસંગ આવવાથી શૂન્યનો પ્રસંગ

આવે છે. જો આત્માની પર્યાયનો નાશ થતાં દ્રવ્યનો નાશ થાય તો દ્રવ્યના નાશથી પર્યાયનો પણ અભાવ થાય. નિમિત્ત હોય તો ઉપાદાનમાં કામ થાય, એમ માનનારના મતમાં નિમિત્ત અને ઉપાદાન બન્નેનો નાશ આવે છે કેમ કે ઉપાદાનની અવસ્થા નિમિત્ત કરે છે, એમ માને તો ઉપાદાનનો નાશ થતાં નિમિત્તના નાશનો પ્રસંગ આવે છે.

હવે ગાથાઓમાં અનેકાંતને પ્રગટ કરીને ક્ષણિકવાદને સ્પષ્ટ રીતે નિષેધે છે.

## ગાથા ૩૪૫—૩૪૮

**પર્યાય કંઈકથી વિણસે જીવ, કંઈકથી નહિ વિણસે,**
**તેથી કરે છે તે જ કે બીજો—નહિ એકાંત છે. ૩૪૫.**
**પર્યાય કંઈકથી વિણસે જીવ, કંઈકથી નહિ વિણસે,**
**જીવ તેથી વેદે તે જ કે બીજો—નહિ એકાંત છે. ૩૪૬.**
**જીવ જે કરે તે ભોગવે નહિ—જેહનો સિદ્ધાંત એ,**
**તે જીવ મિથ્યાદ્રષ્ટિ છે, અર્હંતના મતનો નથી. ૩૪૭.**
**જીવ અન્ય કરતો, અન્ય વેદે—જેહનો સિદ્ધાંત એ,**
**તે જીવ મિથ્યાદ્રષ્ટિ છે, અર્હંતના મતનો નથી. ૩૪૮.**

**અર્થ :—**કારણ કે જીવ કેટલાક પર્યાયોથી નાશ પામે છે અને કેટલાક પર્યાયોથી નથી નાશ પામતો, તેથી '(જે ભોગવે છે) તે જ કરે છે' અથવા 'બીજો જ કરે છે' એવો એકાંત નથી. (સ્યાદ્‌વાદ છે).

કારણ કે જીવ કેટલાક પર્યાયોથી નાશ પામે છે અને કેટલાક પર્યાયોથી નથી નાશ પામતો, તેથી '(જે કરે છે) તે જ ભોગવે છે' અથવા 'બીજો જ ભોગવે છે' એવો એકાંત નથી (સ્યાદ્‌વાદ છે).

'જે કરે છે તે જ નથી ભોગવતો' એવો જેનો સિદ્ધાંત છે, તે જીવ મિથ્યાદ્રષ્ટિ, અનાર્હત (–અર્હન્તના મતને નહિ માનનારો) જાણવો.

'બીજો કરે છે અને બીજો ભોગવે છે' એવો જેનો સિદ્ધાંત છે, તે જીવ મિથ્યાદ્રષ્ટિ, અનાર્હત (–અજૈન) જાણવો.

**ટીકા :—**જીવ, પ્રતિસમયે સંભવતા એટલે દરેક સમયે થતા અગુરુલઘુગુણના પરિણામ દ્વારા ક્ષણિક હોવાથી અને અચલિત ચૈતન્યના અન્વયરૂપ ગુણદ્વારા નિત્ય હોવાથી કેટલાક પર્યાયોથી વિનાશ પામે છે અને કેટલાક પર્યાયોથી નથી વિનાશ પામતો—એમ બે સ્વભાવવાળો જીવ સ્વભાવ છે.

જીવમાં જે સમયે અવસ્થા થવાની હોય તે અગુરુલઘુ નામના ગુણ દ્વારા થાય છે તેથી તે ક્ષણિક છે અને ચૈતન્ય અન્વયરૂપ એટલે એનો એ રહે છે–તેથી આત્મા નિત્ય છે. આત્મામાં જે પર્યાય થાય છે, તે અગુરુલઘુગુણના કારણે થાય છે પણ કોઈ નિમિત્તના કારણે થતી નથી—એમ સિદ્ધ થાય છે.

આત્માના પરિણામ કોઈ સ્ત્રી, કુટુંબ, લક્ષ્મી, મકાનના કારણે થતા નથી. ઘણા એમ કહે છે કે આત્મામાં જેવું નિમિત્ત આવે એવા પરિણામ થાય છે, તો તે વાત ખોટી છે. આત્માના પરિણામ તેના અગુરુલઘુગુણના કારણે થાય છે. પુસ્તક આવ્યું માટે જ્ઞાન થયું—એમ નથી પણ તે પરિણામ પોતાના કારણે થયા છે. તે પરિણામ અપેક્ષાએ આત્મા ક્ષણિક છે અને તે જ આત્મા અચલિત ચૈતન્ય એકરૂપ રહેનારની અપેક્ષાએ નિત્ય છે. પરિણામ બદલતાં આત્માનો અભાવ થતો નથી અને ક્ષણે ક્ષણે પરિણામ થાય છે તેથી આત્મા ઓછો થતો નથી તેમ વધતો પણ નથી. એ રીતે અગુરુલઘુગુણ દ્વારા આત્મા અનિત્ય છે અને ચૈતન્ય ધ્રુવગુણના કારણે નિત્ય છે, આમ આત્મા બે સ્વભાવવાળો છે.

આ વાત યથાર્થપણે બરાબર સમજે તો તેને જૈન સિવાય અન્યમતની એક પણ વાત સાચી રહેતી નથી. માટે આત્મા જે કરે છે તે જ ભોગવે છે–એમ નિત્યની (દ્રવ્યની) અપેક્ષાએ બરાબર છે અને બીજો કરે ને બીજો જ ભોગવે છે–એ અનિત્યની (પર્યાયની) અપેક્ષાએ બરાબર છે. તેથી જે કરે છે તે જ ભોગવે છે અથવા બીજો જ ભોગવે છે અને જે ભોગવે છે તે જ કરે છે અથવા બીજો જ કરે છે—એમ એકાંત નથી.

જીવના બે સ્વભાવ કહ્યાં. એક નિત્ય અને બીજો અનિત્ય. માટે જે કરે છે તે જ ભોગવે છે–એમ એકાંત નથી કેમ કે એમ માનવાથી એકલો નિત્ય થાય છે અને જે કરે છે તે ભોગવતો નથી–એમ પણ નથી કેમ કે તેમ માનતાં એકલો અનિત્ય થાય છે. વળી જે કરે છે તે જ ભોગવે છે એમ એકાંત માનવામાં આવે તો પર્યાય રહેતી નથી અને જે કરે છે તે ભોગવતો નથી, બીજો જ ભોગવે છે,–એમ એકાંત માનવામાં આવે તો દ્રવ્ય રહેતું નથી. **માટે દ્રવ્યદ્રષ્ટિએ જે કરે છે તે ભોગવે છે અને પર્યાયદ્રષ્ટિએ જે કરે છે તે ભોગવતો નથી એમ અનેકાંત છે.**

આમ દ્રવ્ય નિત્યાનિત્ય છે. તે જે ભાવો કરે છે તે નિત્યની અપેક્ષાએ કરે છે. તે જ ભોગવે છે અને અનિત્યની અપેક્ષાએ જે કરે છે, તે ભોગવતો નથી. સમયસાર ગાથા ૧૦૨માં કહ્યું હતું કે જે સમયે વિકાર કર્યો તે જ સમયે ભોગવાઈ ગયો, તેમાં સમયભેદ નથી. ત્યાં તો પર્યાયનું અભેદપણું કહેવું હતું. અહીં તો જે પર્યાય કરે છે, તે ભોગવતો નથી,–એમ કહીને

પર્યાયનું અનિત્યપણું સાબિત કરવું છે અને જે કરે છે ને એ જ ભોગવે છે એ નિત્યપણું સાબિત કરે છે, એમ અનેકાંતપણું અહીં કહ્યું છે.

આમ અનેકાંત હોવા છતાં 'જે પર્યાય તે ક્ષણે વર્તે છે, તેને જ પરમાર્થ સત્યપણું હોવાથી તે જ વસ્તુ છે.' એમ વસ્તુના અંશમાં વસ્તુપણાનો અધ્યાસ કરીને શુદ્ધનયના લોભથી ઋજુસૂત્રનયના એકાંતમાં રહીને જે એમ દેખે—માને છે કે 'જે કરે છે તે જ નથી ભોગવતો, બીજો કરે છે અને બીજો ભોગવે છે' તે જીવ મિથ્યાદ્રષ્ટિ જ દેખવો—માનવો.

આત્મામાં ક્ષણે ક્ષણે પર્યાય થાય છે એટલો જ આત્મા છે. જો આત્માને ત્રિકાળ માનવા જઈશું તો ભેદ પડશે ને તેથી આત્મામાં અશુદ્ધપણું આવી જશે; એવા ભયથી 'બીજો કરે છે અને બીજો જ ભોગવે છે,' એમ જે આત્માને ક્ષણિક માને છે તે મિથ્યાદ્રષ્ટિ છે. ઋજુસૂત્રનયે એટલે વર્તમાન પર્યાય જેટલો જ આત્માને માને છે તે મિથ્યાદ્રષ્ટિ છે. પર્યાયોનું ક્ષણિકપણું હોવા છતાં પર્યાયી એવો આત્મા જે ચૈતન્યચમત્કાર તે તો ટંકોત્કીર્ણ નિત્ય જ અંતરંગમાં પ્રતિભાસે છે. અહીં તો બે સ્વભાવવાળો જીવ છે એમ સાબિત કરવું છે—પર્યાય જેટલો જ આત્માને માનવો કે એકલો કૂટસ્થ જ માનવો, એ મિથ્યાદ્રષ્ટિપણું છે.

*

## શ્રી સમયસાર ગાથા ૩૪૫-૩૪૮ (ભાવાર્થ)

**(આસો વદ ૧૦, ગુરુવાર, તા. ૨૫-૧૦-૫૧)**

આ સર્વવિશુદ્ધ જ્ઞાન અધિકાર છે. એમાં બૌદ્ધમતી કહે છે કે નવી નવી પર્યાય થાય છે એ જ આત્મા છે. નિત્ય કોઈ આત્મા છે જ નહિ. જીવના વિચારો સમયે સમયે બદલે છે માટે આખો આત્મા બદલી જાય છે અને શરીરની અવસ્થા પણ બદલે છે માટે આખું શરીર બદલી જાય છે. એટલે કે શરીરના પરમાણુનો અને આત્માનો નાશ થઈ જાય છે—એમ બૌદ્ધમતી માને છે. જૈનના મતમાં આવીને પણ પર્યાય બદલતાં દ્રવ્યનો નાશ જે માને છે, તે બધા મિથ્યાદ્રષ્ટિ છે.

## વસ્તુનો સ્વભાવ જિનવાણીમાં દ્રવ્ય-પર્યાય સ્વરૂપ કહ્યો છે.

**ભાવાર્થ :—**દ્રવ્ય એટલે કાયમનો સ્વભાવ અને અવસ્થા એટલે સમયે સમયે બદલવું તે. માટે સ્યાદ્‌વાદથી સિદ્ધ થાય છે કે પર્યાય અપેક્ષાએ તો વસ્તુ ક્ષણિક છે અને દ્રવ્ય અપેક્ષાએ નિત્ય છે—આવો બે સ્વભાવવાળો આત્મા પણ છે, નિયમસારમાં આત્મા ત્રિકાળ કારણપરમાત્મા શુદ્ધ એકરૂપ જ છે, તે જ જીવ છે એમ કહેલ છે. તે તો અવસ્થામાં વિકાર

થાય છે તેનું જ્ઞાન કરાવીને સ્વભાવદ્રષ્ટિ કરાવવા કહેલ છે. અહીં તો સાંખ્યમતી એકાંત નિત્ય માને છે અને બૌદ્ધમતી એકાંત અનિત્ય માને છે. તેને કહે છે કે વસ્તુનો સ્વભાવ એવો નથી. આત્મામાં સમયે-સમયે પર્યાય થાય છે એમ માને પણ તે પ્રકૃતિ કે કર્મના કારણે થાય છે—એમ માને તો તે જૈનમતમાં હોવા છતાં સાંખ્યમતી જ છે અને અવસ્થા બદલતાં આખી વસ્તુ બદલે છે—એમ માનનારે એકલી અવસ્થા જ માની, તો તે બૌદ્ધમતી છે. આ રીતે તે બન્ને મિથ્યાદ્રષ્ટિ છે.

જીવ પણ વસ્તુ હોવાથી દ્રવ્ય-પર્યાયસ્વરૂપ છે. તેથી પર્યાયદ્રષ્ટિએ જોવામાં આવે તો કાર્યને કરે છે એક પર્યાય, અને ભોગવે છે અન્ય પર્યાય. જેમ કે—મનુષ્યપર્યાયે શુભાશુભ કર્મ કર્યાં અને તેનું ફળ દેવપર્યાયે ભોગવ્યું. દ્રવ્યદ્રષ્ટિએ જોવામાં આવે તો જે કરે છે તે જ ભોગવે છે. જેમ કે—મનુષ્યપર્યાયમાં જે જીવદ્રવ્યે શુભાશુભ કર્મ કર્યાં, તે જ જીવદ્રવ્યે દેવાદિ પર્યાયમાં પોતે કરેલાં કર્મનું ફળ ભોગવ્યું.

વર્તમાન મનુષ્યભવમાં પાપ કર્યાં હોય, તેનું ફળ નરકભવમાં ભોગવ્યું પણ જે આત્માએ પાપ કર્યાં હતાં તે જ આત્મા ત્યાં ફળ ભોગવે છે. દેવલોકની અંદર અનેક દેવો સેવા કરતા હોય છે એવા દેવપણે હોય, તે દેવ ત્યાંનું આયુષ્ય પૂરું થતાં ક્ષણમાં ઢોરમાં ઊપજે છે; તો પર્યાય અપેક્ષાએ તો જુદી જુદી પર્યાયનો ભોગવટો છે પણ દ્રવ્યઅપેક્ષાએ તો તેનો તે જ આત્મા છે. કેમ કે જે અવસ્થાએ પુણ્ય-પાપ કર્યાં હતાં, તે અવસ્થા રહી નથી. ફળ વખતે બીજી પર્યાય છે. પણ આત્મા તો એનો એ જ છે.

શુભભાવ કરે તો દેવ થાય અને પાપભાવ કરે તો નરકે જાય અને નરકમાં દુઃખ ભોગવે. અજ્ઞાની અહીં મનુષ્યભવમાં અભિમાન કરે છે કે અમે ક્ષત્રિય છીએ તો આ હાથે કરીએ અને આ હાથે ભોગવીએ. પણ એને ખબર નથી કે નરકમાં ક્ષત્રિયપણું રહેવાનું નથી. અધર્મી પાપી રાજા હોય તેને રૈયત કહે કે આપણા રાજ્યમાં પ્રાણીની હિંસા ન થવી જોઈએ. તો તેની વાત ન સાંભળતાં કહે કે એમાં તમારે શું ? જે પાપ કરે તે ભોગવશે. એ વાત તો બરાબર છે. પણ રાજાને સત્તાના મદમાં સૂઝતું નથી. તે અનુમોદન કરનારનો પણ પાપભાવ છે. મરીને નરકે જાય છે ત્યાં તે પર્યાય અપેક્ષાએ બીજી જ પર્યાયને ભોગવે છે પણ દ્રવ્ય અપેક્ષાએ એનો એ જ આત્મા છે. **માટે ભવનો અભાવ જેને કરવો હોય તેણે આત્મા ત્રિકાળ ભવરહિત છે એવા નિત્ય પદાર્થની શ્રદ્ધા કરવી અને પર્યાયદ્રષ્ટિ છોડવી.**

આ રીતે વસ્તુનું સ્વરૂપ અનેકાંતરૂપ સિદ્ધ હોવા છતાં, જે જીવ શુદ્ધનયને સમજ્યા વગર શુદ્ધનયના લોભથી વસ્તના એક અંશને એટલે કે

વર્તમાનકાળમાં વર્તતા પર્યાયને જે વસ્તુ માની, ઋજુસૂત્રનયના વિષયનો એકાંત પકડી એમ માને કે 'જે કરે છે તે જ ભોગવતો નથી—અન્ય ભોગવે છે અને જે ભોગવે છે તે જ કરતો નથી—અન્ય કરે છે' તે જીવ મિથ્યાદ્રષ્ટિ છે. આત્માને ત્રિકાળ માનતાં અશુદ્ધતા આવે છે એમ અજ્ઞાની માને છે. કેમ કે વર્તમાન ને ત્રણકાળનો ભેદ પાડતાં અશુદ્ધતા થાય છે માટે ભૂત ભવિષ્ય ન માનતાં એકલો વર્તમાન માનવો, એમ બૌદ્ધમતી કહે છે; તો તે મિથ્યાદ્રષ્ટિ છે, અર્હંતના મતનો નથી.

કારણ કે, પર્યાયોનું ક્ષણિકપણું હોવા છતાં, દ્રવ્યરૂપ ચૈતન્યચમત્કાર તો અનુભવગોચર નિત્ય છે; પ્રત્યભિજ્ઞાનથી જણાય છે કે 'બાળક અવસ્થામાં જે હું હતો તે જ હું તરુણ અવસ્થામાં હતો અને તે જ હું વૃદ્ધાસ્થામાં છું.' જે જ્ઞાન પહેલી પર્યાયને જાણે છે, તે જ જ્ઞાન વર્તમાન પર્યાયને જાણે છે તેથી નક્કી થાય છે કે આત્મા નિત્ય છે, ચૈતન્યચમત્કાર છે એ એનું રૂપ છે. જાણવાનો સ્વભાવ તે ચમત્કાર છે.

## ત્રણ કાળનાં દ્રવ્યો, ગુણો અને પર્યાયો ભેગા થાય નહિ પણ તે બધાનું જ્ઞાન ભેગું થાય છે એટલે કે બધાને એક સાથે જાણે એવો જ્ઞાનનો ચમત્કાર છે.

જીવદ્રવ્ય પુદ્ગલ થાય નહિ અને પુદ્ગલ જીવ થાય નહિ. પુદ્ગલના ગુણો જીવના થાય નહિ. એક ગુણ બીજા ગુણરૂપે થાય નહિ. જીવની પર્યાય પુદ્ગલની થાય નહિ અને પુદ્ગલની પર્યાય જીવની થાય નહિ, એક જીવની પર્યાય બીજા જીવની પર્યાય ન થાય—તે બધાં દ્રવ્ય, ગુણ અને પર્યાયો ભેગાં થતાં નથી, એકરૂપ થતાં નથી પણ આત્મા તે બધાને એકી સમયે જાણે છે. ખંડખંડ કરીને જાણતો નથી. એ બધાને યુગપદ્ જાણવાની તાકાત આત્મામાં છે. એવો તેનો સ્વભાવ છે. તેના આશ્રયે પ્રગટેલી પર્યાય એક સમયમાં સર્વને જાણે છે. સ્વને, પરને અને ભૂતકાળની પર્યાયને પણ જાણે છે. તે પ્રત્યભિજ્ઞાન સંધિ કરે છે. ભવિષ્યકાળની અવસ્થા થઈ ન હોવા છતાં તે જ્ઞાન તેને જાણી લે છે. એક છોકરીના હાથમાં ઘઉંના લોટનું ગોરણું છે, તે ગોરણું લેતી વખતે તેને ભૂત, ભવિષ્ય અને વર્તમાન—એમ ત્રણેનું જ્ઞાન છે. ભૂતકાળમાં ઘઉંની પર્યાય હતી, વર્તમાનકાળમાં ગોરણાની અવસ્થા છે અને ભવિષ્યમાં રોટલીની અવસ્થા થશે—આમ ત્રણે કાળનો વર્તમાન ખ્યાલ કરી લે છે. આમ આત્મામાં યુગપદ્ બધું જાણવાની તાકાત હોવા છતાં અજ્ઞાનીને તે ચૈતન્યચમત્કારનો વિશ્વાસ આવતો નથી.

આ રીતે આત્મા કથંચિત્ નિત્યરૂપે અનુભવગોચર છે—સ્વસંવેદનમાં આવે છે અને જેને જિનવાણી પણ એવો જ ગાય છે, તેને જે ન માને, તે મિથ્યાદ્રષ્ટિ છે એમ જાણવું.

અહો ! અનાદિકાળથી જીવે અજ્ઞાનદ્રષ્ટિથી ખરો મોક્ષનો માર્ગ ક્યાંથી નીકળે છે, તે જાણ્યું જ નથી. મોક્ષમાર્ગ તો ત્રિકાળી સ્વભાવ છે, એમાંથી નીકળે છે. અજ્ઞાનીને લાગે કે આ સ્વભાવની વાત ઘણી ઊંચી છે. આવી મોટી વાતો આપણે અત્યારે સમજી શકીએ નહિ. આ વાત શરૂઆતની હોવા છતાં અજ્ઞાનીને તે બેસતી નથી. આત્મપદાર્થ નિત્ય છે. તેની રુચિ કરતાં પર્યાયમાં સત્યપંથની શરૂઆત થાય છે. અજ્ઞાની કહે છે કે આત્મા શુદ્ધ છે, પરનું કરતો નથી. તે બધી વાત તો સાચી છે પણ તે બહુ ઊંચી છે માટે આપણા માટે નથી. એમ કહીને આત્માની રુચિ કરતો નથી અને વાતને ઉડાડી દે છે. તે માને છે કે શરીરની ક્રિયા કરતાં કરતાં માર્ગની શરૂઆત થાય. પણ તે વાત ખોટી છે.

અજ્ઞાનીને મોક્ષના માર્ગની શરૂઆત ક્યાંથી થાય છે, તેની ખબર નથી. શરીરમાં, ડુંગરામાં, ભગવાનની પ્રતિમામાં, પૈસાનાં દાન કરવામાં, વ્રત, પૂજા કરવામાં તે માર્ગની શરૂઆત માને છે અને શરીરાદિની ક્રિયામાં મોક્ષનો પંથ માને છે. પણ એમાંથી મોક્ષમાર્ગ નીકળતો નથી. સાચો મોક્ષમાર્ગ તો નિત્ય ધ્રુવ ચૈતન્ય પદાર્થ છે—તેનું લક્ષ કરવાથી નીકળે છે. જ્યાંથી પંથ નીકળે છે તેના સામું જુએ નહિ તો સાચો પંથ હાથ લાગે નહિ. આ રીતે વીતરાગની વાણી પણ ગાણાં ગાય છે. તેને જે ન માને તે મિથ્યાદ્રષ્ટિ છે.

હવે આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે :—

## કળશ ૨૦૮

**અર્થ :—**આત્માને સમસ્તપણએ શુદ્ધ ઇચ્છનારા બીજા કોઈ અંધોએ—બૌદ્ધોએ કાળની ઉપાધિના કારણે પણ આત્મામાં અધિક અશુદ્ધિ માનીને અતિવ્યાપ્તિને પામીને, શુદ્ધ ૠજુસૂત્રનયમાં રત થયા થકા ચૈતન્યને ક્ષણિક કલ્પીને, આ આત્માને છોડી દીધો; જેમ હારમાંનો દોરો નહિ જોતાં કેવળ મોતીને જ જોનારાઓ હારને છોડી દે છે તેમ.

અજ્ઞાની ક્ષણિકવાદી કહે છે કે આત્માને ત્રિકાળી માનવાથી ઉપાધિ આવે છે તેથી અશુદ્ધતા આવી જાય છે. કેમ કે વર્તમાન દ્રવ્ય છે તેને ભૂત અને ભવિષ્યમાં પણ માનવાથી અતિવ્યાપ્તિને દોષ આવે છે. એ દોષના ભયથી શુદ્ધ ૠજુસૂત્ર વડે એકાંત વર્તમાન પર્યાય જેટલો જ આત્માને માને છે, તે ત્રિકાળ ધ્રુવ નિત્ય પદાર્થ આત્મા છે એને છોડી દે છે એટલે માનતો નથી. વળી ઘણાં એમ કહે છે કે વર્તમાન મળ્યું છે તેને ભોગવી લ્યો,

પરભવ કોણે જોયો છે ? તે પણ ક્ષણિકવાદીની જેમ મિથ્યાદ્રષ્ટિ છે. તે જીવ ત્રિકાળ સ્વભાવ શુદ્ધ છે એને માનતો નથી. સ્વભાવદ્રષ્ટિ થયા વગર તેને શુદ્ધતા થતી નથી.

જેમ મોતીના હારમાં દોરો છે, તે એક એક મોતીમાં સળંગ છે, એને ન જોતાં એક એક મોતીને જુએ છે, તેને હારની પ્રાપ્તિ થતી નથી. ખરેખર તો હાર છે તે એકલું મોતી નથી. બધાં મોતી ભેગાં રહ્યાં છે તેનું કારણ તો દોરો છે. પણ જે દોરાને જોતો નથી તે હારને પામતો નથી. તેમ વર્તમાન પર્યાય જેટલો જ આત્માને માને છે તેને ત્રિકાળી દ્રવ્યસ્વભાવની પ્રાપ્તિ થતી નથી. વર્તમાન પર્યાયને જોઈ આત્માને ક્ષણિક માને છે, તે મિથ્યાદ્રષ્ટિ છે.

પોરબંદરી માખણિયો સફેદ પથ્થર આવે છે. તેમાં જેવી કારીગરી કરવી હોય તેવી થાય છે. તે પથ્થર ઉપરના ભાગમાં મેલો અને ટોચાયેલો હોય. તેને જોઈને કોઈ આખા પથ્થરને એવો માનીને કાઢી નાખે તો તે પથ્થરના સ્વરૂપને સમજ્યો નથી. તેમ આત્મા ત્રિકાળ જ્ઞાતા શુદ્ધ સ્વભાવ માખણ જેવો છે. એમાં જેવી કારીગરી કરવી હોય તેવી થઈ શકે એમ છે એટલે કે એમાંથી કેવળજ્ઞાનની પર્યાય પ્રગટ થઈ શકે તેમ છે. છતાં અજ્ઞાની, આત્માને વર્તમાન પર્યાય જેટલો માની છોડી દે છે પણ વર્તમાન શુભાશુભરૂપી મેલ તો ઉપરમાં છે. અંદર સ્વભાવમાં મેલ નથી. અજ્ઞાની આખા આત્માને ક્ષણિક માને છે પણ ત્રિકાળ જ્ઞાતાસ્વભાવ પડ્યો છે—તેને ન માને તો તે બૌદ્ધમતીની જેમ મિથ્યાદ્રષ્ટિ છે.

**ભાવાર્થ :—**આત્માને સમસ્તપણે શુદ્ધ માનવાના ઇચ્છુક એવા બૌદ્ધોએ વિચાર્યું કે—આત્માને નિત્ય માનવામાં આવે તો નિત્યમાં કાળની અપેક્ષા આવે છે તેથી ઉપાધિ લાગી જશે. એમ અજ્ઞાનીને ત્રણ કાળની ઉપાધિ લાગે છે. પણ ખરેખર તો જે છે, છે ને છે–તેને કાળની ઉપાધિ જ નથી. અજ્ઞાની કહે છે કાળની ઉપાધિ લાગવાથી મોટી અશુદ્ધતા આવશે અને અતિવ્યાપ્તિ દોષ લાગશે. આમ આ દોષના ભયથી તેઓએ શુદ્ધ ઋજુસૂત્રનયનો વિષય જે વર્તમાન સમય તેટલો જ માત્ર (ક્ષણિક જ) આત્માને માન્યો. આમ આત્માને ક્ષણિક માનવાથી તેમને નિત્યાનિત્યસ્વરૂપ—દ્રવ્ય-પર્યાયસ્વરૂપ—સત્યાર્થ આત્માની પ્રાપ્તિ ન થઈ; માત્ર ક્ષણિક પર્યાયમાં આત્માની કલ્પના થઈ; પરંતુ તે આત્મા સત્યાર્થ નથી.

*

# પ્રસાદ નં. ૪

## સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર

## શ્રી સમયસાર કળશ ૨૦૮

**(આસો વદ ૧૧, શુક્રવાર, તા. ૨૬-૧૦-૫૧)**

બૌદ્ધમતી આત્માને ક્ષણિક માને છે પણ આત્માનું સ્વરૂપ નિત્યાનિત્ય છે તેથી એકલો અનિત્ય આત્મા માનવામાં દૂષણ બતાવે છે. જેમ કે મોતીના હારમાં, દોરામાં અનેક મોતી પરોવેલા હોય છે. જે માણસ તે હાર નામની વસ્તુને મોતી તેમ જ દોરાસહિત દેખતો નથી, માત્ર મોતીને જ જુએ છે, તે છૂટા-છૂટા મોતીને જ ગ્રહણ કરે છે, હારને છોડી દે છે, અર્થાત્ તેને હારની પ્રાપ્તિ થતી નથી. તેવી રીતે જે જીવો આત્માના એક ચૈતન્યભાવને ગ્રહણ કરતા નથી અને સમયે–સમયે વર્તના પરિણામરૂપ ઉપયોગની પ્રવૃત્તિને દેખી આત્માને અનિત્ય કલ્પીને, ઋજુસૂત્રનયનો વિષય જે વર્તમાનસમયમાત્ર ક્ષણિકપણું તેટલો જ માત્ર આત્માને માને છે, અર્થાત્ જે જીવો આત્માને દ્રવ્ય-પર્યાયસ્વરૂપ માનતા નથી, માત્ર ક્ષણિક પર્યાયરૂપ જ માને છે, તેઓ આત્માને છોડી દે છે, અર્થાત્ તેમને આત્માની પ્રાપ્તિ થતી નથી.

આત્મા દ્રવ્ય તે હાર છે, ત્રિકાળી સ્વભાવરૂપી દોરો છે અને મોતીરૂપી અવસ્થા છે. આત્મામાં ત્રિકાળ અને ક્ષણિક એવા બે પ્રકાર પડે છે. ત્રિકાળ સ્વભાવરૂપી દોરાને ખ્યાલમાં ન લેતાં, ક્ષણિક પર્યાયરૂપી મોતીને જ જે જીવ ખ્યાલમાં લે છે, તેને આત્મારૂપી હારની પ્રાપ્તિ થતી નથી.

કોઈ કહે કે આમાં ધર્મ કરવાનું શું આવ્યું ? તો તેને કહે છે કે શરીર, વાણી, મન વગેરે તો આત્મામાં એક સમય માત્ર પણ નથી. તેથી તેના લક્ષે ધર્મ થતો નથી. આત્મામાં સમયે–સમયે ઉપયોગ નામની પરિણતિ થાય છે તેનો કર્તા આત્મા છે અને તે ઉપયોગ–પર્યાય આત્માનું કાર્ય છે એમ આત્મા બે સ્વભાવવાળો છે. એ રીતે આત્માને જે ન માને પણ એકલો ક્ષણિક જ માને અથવા એકલો નિત્ય જ માને, તો તેને ધર્મ થતો નથી.

મકાન, પૈસા, સ્ત્રી, પુત્રાદિ પરદ્રવ્યો છે, તેની અવસ્થા હું હતો માટે થઈ—એમ જે જીવ માને છે એ તો સ્થૂળ ભૂલમાં છે, એની વાત તો અહીં છે જ નહિ. આત્મા પરદ્રવ્યની અવસ્થાને કરી શકતો જ નથી, પણ અહીં તો કહે છે કે આત્મામાં ક્ષણિક અવસ્થા આત્મા પોતે કરે છે. તે અવસ્થા જેટલો જ આત્માને માને તોપણ તેને આત્માનો અનુભવ થતો નથી. આત્મા ત્રિકાળ

દ્રવ્યની અપેક્ષાએ નિત્ય છે અને પર્યાય અનિત્ય છે—એમ જે માનતો નથી તે મિથ્યાદ્રષ્ટિ છે.

હવેના કાવ્યમાં આત્માનો અનુભવ કરવાનું કહે છે :—

## કળશ ૨૦૯

**અર્થ :—**કર્તાનો અને ભોક્તાનો યુક્તિના વશે ભેદ હો અથવા અભેદ હો, અથવા કર્તા અને ભોક્તા બન્ને ન હો; વસ્તુને જ અનુભવો. પર્યાયદ્રષ્ટિએ કર્તા બીજો અને ભોક્તા બીજો એવા ભેદ ભલે હો અથવા દ્રવ્યદ્રષ્ટિએ એનો એ આત્મા કર્તા અને ભોક્તા છે એમ અભેદ ભલે હો, એમ દ્રવ્ય અપેક્ષાએ તથા પર્યાય અપેક્ષાએ કર્તા—ભોક્તા ભલે હો, અથવા કર્તા—ભોક્તા આત્મા નથી એવો વિકલ્પ પણ ભલે ન હો; પણ ત્રિકાળ એકરૂપ ચૈતન્ય જ્ઞાતાદ્રવ્ય છે, તેનો અનુભવ હો. જેમ ચતુર પુરુષોએ દોરામાં પરોવેલી મણિઓની માળા ભેદી શકાતી નથી. તેમ આત્મામાં પરોવેલી ચૈતન્યરૂપ ચિંતામણિની માળા પણ કદી કોઈથી ભેદી શકાતી નથી; એવી આ આત્મારૂપી માળા એક જ, અમને સમસ્તપણે પ્રકાશમાન હો, અર્થાત્ નિત્યત્વ, અનિત્યત્વ આદિના વિકલ્પો છૂટી આત્માનો નિર્વિકલ્પ અનુભવ અમને હો.

અહીં દ્રષ્ટાંતમાં મણિની માળા ડાહ્યા પુરુષોએ પરોવેલી છે એમ લીધું છે. ગાંડા માણસની અહીં વાત લીધી નથી અને મણિની માળાનો દોરો પણ ઊંચી જાતનો હોય છે. જેમ મણિની માળાને ભેદી શકાતી નથી, તેમ આત્મા ચૈતન્યરૂપી માળા છે, તેને કદી એટલે કોઈ કાળે અને કોઈથી એટલે કોઈ આત્મા કે જડથી ભેદી શકાતી નથી, તેના કટકા થઈ શકતા નથી. આચાર્ય ભગવાન કહે છે કે આત્મા સામાન્ય—વિશેષ સ્વરૂપ છે. દ્રવ્યે નિત્ય છે અને પર્યાયે અનિત્ય છે. 'એને સમજો', એવો વિકલ્પ ઊઠ્યો છે, તે પણ રાગમિશ્રિત છે, એ વિકલ્પ પણ અમને જોઈતો નથી. આમ વસ્તુને સમજીને વિકલ્પનો નિષેધ કરે છે. પણ વસ્તુને સમજ્યા વગર કોઈ અજ્ઞાની વિકલ્પનો નિષેધ કરે તો તેની અહીં વાત નથી. એટલે પ્રથમ જાણવાનો વિકલ્પ પણ કરવો નથી અને એમને એમ વિકલ્પનો નિષેધ કરે તો તેને વસ્તુની પ્રાપ્તિ થતી નથી. માટે પ્રથમ સામાન્ય-વિશેષ સ્વરૂપી ચૈતન્ય આત્માનું વિકલ્પ દ્વારા જ્ઞાન કર્યા પછી ત્રિકાળ સ્વભાવની દ્રષ્ટિ વિકલ્પનો નિષેધ કરે, તેને અનુભવ થાય છે.

**ભાવાર્થ :—**વસ્તુ દ્રવ્ય-પર્યાયાત્મક અનંત ધર્મવાળી છે. દરેક આત્મા અને પરમાણુ દ્રવ્ય અપેક્ષાએ કાયમ રહેવાવાળા અને પર્યાય અપેક્ષાએ બદલતા છે; એમ સામાન્ય-વિશેષાત્મક અનંત ધર્મવાળી દરેક વસ્તુ છે. તેમાં વિવક્ષાવશ કર્તા-ભોક્તાપણાનો ભેદ છે તેમ જ નથી એટલે કે

પર્યાયદ્રષ્ટિએ કર્તા-ભોક્તાનો ભેદ છે, વસ્તુદ્રષ્ટિએ કર્તા-ભોક્તાનો ભેદ નથી અથવા કર્તા-ભોક્તાનો ભેદાભેદ શા માટે કહેવો? એટલે કે કર્તા-ભોક્તાનો વિકલ્પ ઊઠાવવો નહિ. કેવળ શુદ્ધ વસ્તુમાત્રનું તેના અસાધારણ ધર્મ દ્વારા અનુભવન કરવું.

એ જ રીતે આત્મા પણ વસ્તુ હોવાથી દ્રવ્ય—પર્યાયાત્મક છે; તેથી તેમાં ચૈતન્યના પરિણમનરૂપ પર્યાયના ભેદોની અપેક્ષાએ તો કર્તા-ભોક્તાનો ભેદ છે અને ચિન્માત્ર દ્રવ્યની અપેક્ષાએ ભેદ નથી; એમ ભેદ-અભેદ હો, રાજા મરીને ભૂંડ થાય ત્યાં તેને ખબર પડતી નથી અને ભૂંડ મરીને નરકે જાય ત્યાં પણ તેને ખબર રહેતી નથી. આમ આત્માના ભાન વિના અનંતા ભવો જીવે કર્યા છે, ત્યાં પર્યાય અપેક્ષાએ એક પર્યાયે કર્યું અને બીજી પર્યાયે ભોગવ્યું અને દ્રવ્ય અપેક્ષાએ એનો એ આત્મા છે; એમ ભેદ-અભેદ હો, પણ ચિન્માત્ર અનુભવનમાં ભેદ-અભેદ શા માટે કહેવો ? એટલે આત્મા કર્તા-ભોક્તા છે એમ વિકલ્પ ન કરવો, વસ્તુમાત્ર અનુભવ કરવો.

જેમ મણિઓની માળામાં મણિઓની અને દોરાની વિવક્ષાથી ભેદ-અભેદ છે પરંતુ માળામાત્ર ગ્રહણ કરતાં ભેદાભેદ વિકલ્પ નથી. માળા પહેરનારની માળાના હરખમાં માળાનો વિકલ્પ પછી હોતો નથી, તેમ આત્મામાં પર્યાયોની અને દ્રવ્યની વિવક્ષાથી ભેદ—અભેદ છે પરંતુ આત્મવસ્તુમાત્ર અનુભવ કરતાં વિકલ્પ નથી. આચાર્ય ભગવાન કહે છે કે એવો નિર્વિકલ્પ આત્માનો અનુભવ અમને પ્રકાશમાન હો.

હવે, આગળની ગાથાઓની સૂચનારૂપ કાવ્ય કહે છે. આત્મા પોતામાં કર્તા અને ભોક્તા કેવી રીતે છે, તે ભેદ અને અભેદથી કહ્યું તે વાતની પુષ્ટિ કરે છે :

## કળશ ૨૧૦

**અર્થ :—**કેવળ વ્યાવહારિક દ્રષ્ટિથી જ કર્તા અને કર્મ ભિન્ન ગણવામાં આવે છે, નિશ્ચયથી જો વસ્તુને વિચારવામાં આવે, તો કર્તા અને કર્મ સદા એક ગણવામાં આવે છે. પરદ્રવ્યની ક્રિયા આત્માએ કરી, એમ કહેવામાં આવે તો તે માત્ર વ્યવહારથી જ કહેવામાં આવે છે. અહીં કેવળ શબ્દ મૂકીને તુચ્છતા કરી નાખી છે. પરપદાર્થમાં પર્યાય થઈ તે વખતે કોણ હતું તેનું જ્ઞાન કરાવવા વ્યવહારથી કહેવામાં આવે છે. ખરેખર તો પરિણામી અને પરિણામ અભેદ હોય છે.

મકાન કડિયાએ અને સુતારે બનાવ્યું, કુંભારે ઘડો બનાવ્યો, એમ ભિન્ન વસ્તુનું કાર્ય આત્માએ કર્યું—એ વ્યવહારનું કથન છે. મકાન, ઘડા વગેરેની ક્રિયા થતી વખતે તેના કર્તાપણાના અભિમાનવાળો કયો જીવ

નિમિત્તરૂપે હતો, તે બતાવવા વ્યવહારમાત્રથી કથન કર્યું છે. આત્માએ દીકરીનાં લગ્ન કર્યાં, છોકરાને ભણાવ્યો, આટલા રૂપિયા ભેગા કર્યા—એમ માત્ર વ્યવહારથી કહેવાય છે પણ આત્માએ તે કર્યું—એમ અજ્ઞાની માને છે. પણ પરદ્રવ્યની પર્યાયનો કર્તા આત્મા નથી. જડની પર્યાય એના કાળે થવાની હતી તે થઈ છે. તેને આત્માએ કરી એમ કહેવું એ માત્ર વ્યવહાર છે. નિશ્ચયથી તે પર્યાયનો કાળ હતો ત્યારે થઈ છે. સ્ત્રીએ રોટલી કરી, પુરુષે નામું લખ્યું, બકરી પાણીમાં પડતી હતી તેને કાન ઝાલીને બચાવી લીધી—એ બધું વ્યવહારનું કથનમાત્ર છે.

**ભાવાર્થ :—**કેવળ વ્યવહારદ્રષ્ટિથી જ ભિન્ન દ્રવ્યોમાં કર્તા-કર્મપણું ગણવામાં આવે છે. નિશ્ચયદ્રષ્ટિથી તો એક જ દ્રવ્યમાં કર્તા-કર્મપણું ઘટે છે. વાસ્તવિક વસ્તુનો સ્વભાવ કેવો છે, તેની અજ્ઞાનીને ખબર નથી. કર્તા એટલે કરનારો આત્મા અને કર્મ–જડ પદાર્થની પર્યાય, એમ ભિન્ન પદાર્થમાં કર્તાકર્મપણું કહેવું એ તો માત્ર વ્યવહાર છે. એટલે ખરેખર આત્મા પરપદાર્થનો કર્તા છે અને જડની પર્યાય એનું કાર્ય છે–એમ નથી. પણ આત્મા કર્તા અને તેની પોતાની પર્યાય એ તેનું કર્મ છે, એમ કર્તા-કર્મ અભિન્ન દ્રવ્યમાં જ હોય છે.

હવે આ કથનને દ્રષ્ટાંત દ્વારા ગાથામાં કહે છે.

## ગાથા ૩૪૯—૩૫૫

**જ્યમ શિલ્પી કર્મ કરે પરંતુ તે નહિ તન્મય બને,**
**ત્યમ જીવ પણ કર્મો કરે પણ તે નહિ તન્મય બને. ૩૪૯.**
**જ્યમ શિલ્પી કરણ વડે કરે પણ તે નહિ તન્મય બને,**
**ત્યમ જીવ કરણ વડે કરે પણ તે નહિ તન્મય બને. ૩૫૦.**
**જ્યમ શિલ્પી કરણ ગ્રહે પરંતુ તે નહિ તન્મય બને,**
**ત્યમ જીવ પણ કરણે ગ્રહે પણ તે નહિ તન્મય બને. ૩૫૧.**
**શિલ્પી કરમફળ ભોગવે પણ તે નહિ તન્મય બને,**
**ત્યમ જીવ કરમફળ ભોગવે પણ તે નહિ તન્મય બને. ૩૫૨.**
**–એ રીત મત વ્યવહારનો સંક્ષેપથી વક્તવ્ય છે,**
**સાંભળ વચન નિશ્ચય તણું પરિણામવિષયક જેહ છે. ૩૫૩.**
**શિલ્પી કરે ચેષ્ટા અને તેનાથી તેહ અનન્ય છે,**
**ત્યમ જીવ કર્મ કરે અને તેનાથી તેહ અનન્ય છે. ૩૫૪.**
**ચેષ્ટા કરતો શિલ્પી જેમ દુઃખિત થાય નિરંતરે,**
**ને દુઃખથી તેહ અનન્ય, ત્યમ જીવ ચેષ્ટમાન દુઃખી બને. ૩૫૫.**

**<u>ટીકા :—</u>**જેવી રીતે શિલ્પી અર્થાત્ સોની આદિ કારીગર, કુંડળ આદિ જે પરદ્રવ્યપરિણામાત્મક એટલે પરદ્રવ્યના પરિણામસ્વરૂપ એવા કર્મને કરે છે, હથોડા આદિ જે પરદ્રવ્ય પરિણામાત્મક કરણો તેમના વડે કરે છે, હથોડા આદિ જે પરદ્રવ્યપરિણામાત્મક કરણો તેમને ગ્રહણ કરે છે અને કુંડળ આદિ કર્મનું જે ગામ આદિ પરદ્રવ્યપરિણાત્મક ફળ તેને ભોગવે છે. પરંતુ અનેક દ્રવ્યપણાને લઈને તેમનાથી એટલે કર્મ, કરણ આદિથી અન્ય હોવાથી તન્મય (કર્મ, કરણાદિમય) થતો નથી; માટે નિમિત્ત—નૈમિત્તિક ભાવમાત્રથી જ ત્યાં કર્તા—કર્મપણાનો અને ભોક્તા—ભોગ્યપણાનો વ્યવહાર છે.

(૧) સોની આદિ કારીગર, કુંડળ વગેરેને કરે છે, તે માત્ર વ્યવહારનયનું કથન છે. ખરેખર તો તે પરદ્રવ્યપરિણામ હોવાથી તેનો કર્તા સોની નથી. કુંડળની પર્યાય વખતે કોણ નિમિત્ત હતું, તેનું જ્ઞાન કરાવવા વ્યવહારથી કુંડળાદિનો કર્તા સોની છે; એમ કહેવાય છે.

જુઓ, આ અધિકાર બહુ સરસ છે. એમાં શિલ્પીનું દ્રષ્ટાંત આપ્યું છે. સોની, સુતાર, લુહાર, વણકર, ચિત્રકાર, દરજી, કુંભાર, રોટલી કરનાર બાઈ, માસ્તર, ડાક્ટર, વકીલ, રંગોળી કરનાર વગેરે કારીગરો પરદ્રવ્યની પર્યાયોના કર્તા થાય છે, તે અભિમાની છે. વકીલ એમ માને છે કે સારી દલીલ તે કર્મ અને તેનો આત્મા કર્તા છે. માસ્તર છોકરાને ભણાવે છે માટે વિદ્યા આવે છે. સોની દાગીનો બનાવે છે, કુંભાર ઘડો કરે છે, સુતાર રથ બનાવે છે, બાઈ રોટલી કરે છે, દરજી કપડાં સીવે છે, બાઈ રંગોળી કરે છે, કડિયો મકાન બનાવે છે—એ બધું વ્યવહારનું કથનમાત્ર છે. વકીલે દલીલ કરી નથી પણ તે બધી પર્યાયો એના કાળે એનાથી થાય છે ત્યારે નિમિત્ત કોણ હતું, તે બતાવવા વ્યવહારે કહેવાય છે, કેમ કે તે પરદ્રવ્ય હોવાથી તન્મય આત્મા થતો નથી.

(૨) સોની હથોડા આદિ કે જે પરદ્રવ્યપરિણામાત્મક છે. તે કરણો વડે કુંડળાદિને કરે છે—એમ કહેવું તે વ્યવહારનયનું કથન છે. ખરેખર કરણો વડે તે કાર્ય કરતો નથી કેમ કે તે કરણોમય સોની થતો નથી.

સોની, હથોડા આદિથી કુંડળ વગેરે કરે છે, કુંભાર ચાક વગેરે વડે ઘડો કરે છે, સુતાર વાંસલા વડે રથ બનાવે છે, બાઈ વેલણ વડે રોટલી કરે છે, પુરુષ કલમ વડે નામું લખે છે, કડિયો ઓજાર વડે મકાન બનાવે છે—એમ કહેવું, તે બધું વ્યવહારનયનું કથન છે. ખરેખર તો કુંડળાદિ કાર્યો એના કાળે પરિણમે છે. તે વખતે નિમિત્ત ક્યું હતું, તે બતાવવા વ્યવહારથી કહેવામાં આવે છે કે તેનો કર્તા સોની વગેરે છે. હથોડા આદિ સાધનોમય સોની વગેરે નહિ હોવાથી તે કુંડલાદિનો કર્તા સોની વગેરે નથી.

(૩) સોની હથોડા આદિ કે જે પરદ્રવ્યપરિણામાત્મક છે, તે કરણોને ગ્રહે છે, તે વ્યવહારનું કથન છે. ખરેખર સોની, હથોડા આદિને ગ્રહતો નથી કેમ કે તે અન્ય દ્રવ્ય પરિણામાત્મક હોવાથી તે—મય નથી.

સોની, હથોડા આદિ કરણોને ગ્રહે છે—એમ નથી. કેમ કે તે કરણોથી સોની ભિન્ન છે, તે—મય નથી પણ હથોડા આદિને ગ્રહે છે-એમ કહેવું તે વ્યવહારનયનું કથન છે. તે હથોડા આદિની ક્રિયા એના કાળે થાય છે ત્યારે નિમિત્તરૂપે સોની હોય છે તે બતાવવાનું તે કથન છે.

(૪) સોની કુંડળ આદિ કર્મનું જે ગામ આદિ પરદ્રવ્યપરિણામાત્મક ફળ તેને ભોગવે છે—એમ કહેવું તે વ્યવહારનું કથન છે.

સોનીએ સારું કામ કર્યું હોય તો તેને ભેટમાં કોઈ રાજા ગામ આપે; તો તે ગામની ઉપજ તે લેતો હોય તેને તે સોની ભોગવે છે—એમ કહેવું તે વ્યવહારનયનું કથન છે. ખરેખર તે પરદ્રવ્યપરિણામાત્મક હોવાથી, ગામાદિમય સોની નથી એટલે તે ફળને ભોગવતો નથી પણ નૈમિત્તિક ભાવના પરિણમન વખતે નિમિત્તરૂપે કોણ હતું તેનું જ્ઞાન કરાવવા વ્યવહારથી કહેવાય કે ગામાદિને સોની ભોગવે છે પણ ખરેખર તે તેનો ભોક્તા નથી.

## <u>શ્રી સમયસાર ગાથા ૩૪૯-૩૫૫ ટીકા</u>

**(આસો વદ ૧૨, શનિવાર, તા. ૨૭-૧૦-૫૧)**

આ સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર છે. તેની પહેલી ગાથાઓમાં કહ્યું હતું કે દરેક દ્રવ્યની અવસ્થા ક્રમસર, ક્રમબદ્ધ, નિયમિત થાય છે ને તે જ તેની વ્યવસ્થા છે; તે અવસ્થાનો ભંગ થાય નહિ, એટલે કે ક્રમ ફરે નહિ. તે ક્રમસર અવસ્થા થાય છે, તેનું જ્ઞાન કરવાનો હેતુ એ છે કે તે ક્રમસર પર્યાય થાય છે તેનું કારણ તો દ્રવ્ય છે. તે દ્રવ્ય પરની અવસ્થા કરતું નથી કેમ કે પરદ્રવ્યની અવસ્થા પણ એના કાળે અને એના કારણે થાય છે અને પોતાની અવસ્થા પણ ક્રમસર થતી હોવાના કારણે એને પણ ફેરવવાનું રહેતું નથી. તેથી તે અવસ્થાનો આધાર એવું જે દ્રવ્ય, તેના સ્વભાવ ઉપર દ્રષ્ટિ દેવાનું રહે છે.

આત્મા, પુદ્‌ગલ, શરીર વગેરે દ્રવ્યોની અવસ્થા એના કાળે ક્રમસર થાય છે. એમ નક્કી કરતાં આત્મા તેનો જ્ઞાતા રહે છે—એ એનું ફળ છે. ક્રમસરની શ્રદ્ધા થતાં, નથી ફેરવવી પરની અવસ્થાને કે નથી ફેરવવી પોતાની અવસ્થાને. આમ કર્તાપણાની બુદ્ધિ છૂટી જતાં તે જ્ઞાતા જ રહે છે. આ રીતે ક્રમબદ્ધ પર્યાય થાય છે. આ વાત કરતાં કરતાં એમ લીધું કે કેટલાક આત્માઓ એમ માને છે કે આત્માની પર્યાયને કર્મ કરે છે. તેને કહ્યું

કે આત્માની પર્યાય પોતાના કારણે થાય છે. જો કર્મ આત્માની પર્યાય કરે તો ક્રમસર દરેક પદાર્થની પર્યાય થાય છે, તે રહેતું નથી. વળી કેટલાક લોકો એમ માને છે કે વર્તમાન પર્યાય જેટલો જ આત્મા છે. તો દરેક દ્રવ્યની ક્રમસર અવસ્થા થાય છે એ વાત રહેતી નથી. માટે પર્યાયના વારે પર્યાય થાય છે એમ નક્કી કરે તો આત્માને જોવાનું જ રહે છે. કાંઈ કરવાપણું રહેતું નથી અને એ જ ધર્મ છે.

વળી અજ્ઞાની કહે છે કે કોઈની પર્યાય થવાની હોય તો આપણે નિમિત્ત તો થવું જોઈએ ને? અને આપણી પર્યાય થવાની હોય ત્યારે નિમિત્ત તો મેળવવું જોઈએ ને? તો તેને કહે છે કે આત્મા અને પુદ્‌ગલ વગેરે દરેક પદાર્થની પર્યાય ક્રમસર થાય છે—એમ નિર્ણય કરતાં નિમિત્ત થવાની કે નિમિત્ત મેળવવાની વાત રહેતી નથી, પણ સ્વભાવ તરફ જોવાનું રહે છે. કેમ કે તે ક્રમબદ્ધ પર્યાય ત્રિકાળ ધ્રુવ સ્વભાવમાંથી થાય છે, તે પર્યાયનો આધાર દ્રવ્ય છે. આ આખા જૈનદર્શનનો એટલે કે વસ્તુદર્શનનો સાર છે. આ તો અંતરની મૂળ વસ્તુની વાત છે. અજ્ઞાનીને એમ લાગે છે કે આમાં પુરુષાર્થ ક્યાં રહ્યો ? તેને કહે છે કે અજ્ઞાનદશામાં પર્યાય ફેરવવાની બુદ્ધિવાળા જીવનું વીર્ય મિથ્યાત્વમાં રોકાઈ ગયું છે. તે મિથ્યા પુરુષાર્થ છે અને માત્ર જાણવું—દેખવું છે, પરમાં કાંઈ ફેરવવું નથી—એમાં સમ્યક્પુરુષાર્થ છે. આ વસ્તુના મર્મની વાત છે.

આ અધિકાર અલૌકિક છે. અહીં તો દ્રષ્ટિ કઈ બાજુ વળી છે તે જોવાનું છે, સમયે સમયે આત્મામાં પર્યાય થાય છે, તે ફરે નહિ. આડી-અવળી અવસ્થા ન થવી–તે જ અવસ્થાની વ્યવસ્થા છે અને તે અવસ્થાનો ધરનાર અવસ્થાથી વસ્તુ છે—એમ જાણે તેનો મિથ્યા અભિપ્રાયવાળો પર્યાય પરમાં અને પર્યાયમાં અટકતો હતો તે પર્યાય જ્ઞાતાપણામાં રોકાયો, તે જ પુરુષાર્થ છે. આ વસ્તુસ્વભાવને પ્રાપ્ત કરવાની મૂળ નાડ છે. જેને નાડ પકડતાં ન આવડે તે રાગને પારખી શકે નહિ અને એકને બદલે બીજી દવા આપે તો માણસ મરી જાય. અહીં આત્માની નાડને ન પારખે તો સ્વભાવ પ્રાપ્ત થાય નહિ અને અજ્ઞાનમાં તેથી પર્યાય હણાઈ જાય. આ રીતે કેવળજ્ઞાનીએ જોયું છે એને બરાબર સમજે નહિ તેને કહે છે કે આત્માની એકસમયની અવસ્થા ફરે નહિ. જો ફરે એટલે આડીઅવળી થાય તો જગતની અવસ્થા રહે નહિ અને કોઈ પ્રકારનો નિયમ જ સંભવે નહિ.

જે જીવ આત્માની પર્યાય પરદ્રવ્યથી એટલે કે કર્મથી થાય એમ માને છે; તે પોતાની પર્યાયને ભૂલતાં પોતાના દ્રવ્યને પણ ભૂલી જાય છે. વળી પર્યાય બદલાતાં આખો આત્મા બદલી નવો બીજો જ આત્મા થાય છે, એમ જે માને છે તે પણ ભ્રમમાં છે. આમ બે વાત કરી. હવે કહે છે કે જગતમાં

વ્યવહારથી કહેવાય છે કે કર્મના ઉદયના કારણે વિકાર થાય તેનું શું સમજવું ? તો તે બાબત આગળ આવી ગયું છે કે વ્યવહારથી કહેવાય છે કે કર્મના ઉદયના કારણે આત્મામાં વિકાર થાય પણ તે વ્યવહારના કથનને પકડીને એનો એવો જ અર્થ કરે તો તે આત્માના સ્વરૂપને સમજતા નથી. એક દ્રવ્યમાં પરદ્રવ્યના કારણે પર્યાય થાય—એમ માને તે મિથ્યાદ્રષ્ટિ છે.

(૧) અહીં શિલ્પીનું દ્રષ્ટાંત આપે છે. શિલ્પી એટલે કારીગર—સોની, સુતાર, લુહાર, કુંભાર, કડિયા, માસ્તર વગેરે લેવા. સોનીએ દાગીનો કર્યો, સુતારે રથ કર્યો, કુંભારે ઘડો કર્યો, માસ્તરે છોકરાને ભણાવ્યા, બુકસેલરે પુસ્તક બનાવ્યાં, ડોક્ટરે ઓપરેશન કર્યું, વકીલે દલીલ કરી, રસોઈયાએ રોટલી કરી—એમ કહેવું, તે નિમિત્ત-નૈમિત્તિક સંબંધ બતાવવાનું વ્યવહારનું કથન છે. નૈમિત્તિક એવા દાગીના વગેરેની અવસ્થા એના કાળે થાય છે, તે વખતે નિમિત્તરૂપે કોણ હતું તે બતાવવાનું તે કથન છે.

(૨) હથોડા વડે સોની દાગીના બનાવે છે. ચાકુ વડે કુંભાર ઘડો બનાવે છે. હથિયાર વડે સુતાર રથ બનાવે છે—એ વ્યવહારનું કથન છે. નૈમિત્તિક એવા દાગીના વગેરેની પર્યાય એક સમયની છે. તે વખતે હથોડા વગેરે વડે સોની આદિએ દાગીના આદિ કર્યા એમ કહેવું તે વ્યવહારમાત્ર છે. તે નિમિત્તને જાહેર કરે છે પણ નિમિત્તના કારણે નૈમિત્તિકમાં કાંઈ થાય છે–એમ નથી. કોઈ કહે કે મરતી વખતે તેને ધર્મ સંભળાવનાર હોય તો તેના ભાવ સુધરે, એમ કહેવું તે પણ વ્યવહારનું કથન છે.

(૩) હથોડા આદિ સાધનોને સોની ગ્રહણ કરે છે, સુતાર હથિયારને ગ્રહણ કરે છે; એ પણ વ્યવહારનું કથન છે. કેમ કે હથોડા આદિ તે પરદ્રવ્યના પરિણામ છે, તે સોનીથી તન્મય નથી. હથોડા આદિની પર્યાય થાય છે ત્યારે સોનીનું નિમિત્ત હોય છે તે બતાવવા સોની હથોડા આદિને ગ્રહે છે એમ કહેવાય છે, તે માત્ર વ્યવહારનું કથન છે.

(૪) સોની કુંડળાદિ દાગીના કોઈ રાજાને કરી આપે અને રાજા ખુશી થઈને ગામાદિ ભેટ આપે તો તે ગામાદિના ફળને સોની ભોગવે છે, એમ કહેવું તે વ્યવહારનું કથન છે. સોનીને પહેરામણી આપે છે અને એનાં ફળને તે ભોગવે છે તેમ કહેવું તે નિમિત્તની હાજરીને જાહેર કરે છે. પણ ખરેખર તે ગામાદિને ભોગવતો નથી. રસોઈયાએ રસોઈ કરી હોય અને તેને તે ભોગવે છે એમ કહેવું તે વ્યવહારનું કથન છે. પરદ્રવ્યને ભોગવે છે—એમ માનવામાં આવે તો બે દ્રવ્ય એક થઈ જાય પણ તે ગામાદિમય સોની થતો નથી માટે તે તન્મય નથી તેથી ગામાદિને ભોગવે છે એમ કહેવું તે નિમિત્ત-નૈમિત્તિક સંબંધનો વ્યવહાર છે. ગામાદિના પરિણામ વખતે નિમિત્તરૂપે મમતાભાવ કરવાવાળો કોણ હતો, તે બતાવવાનું એ કથન છે.

કોઈ કહે કે પૂર્વે જે વીતરાગતામાં નિમિત્ત થયા હોય એવા વીતરાગને શોધીએ તો કેમ ? તેને કહે છે કે પૂર્વે વીતરાગ નિમિત્ત હતા તે તો જાણે વીતરાગભાવ પ્રગટ કર્યો હતો તેના માટે તે સમયના નિમિત્ત હતા. અત્યારે નૈમિત્તિકભાવ પ્રગટ નથી તો અત્યારે કોને નિમિત્ત કહેવું ? માટે નિમિત્ત મેળવવાનું રહેતું નથી. નૈમિત્તિકભાવ પ્રગટ થાય ત્યારે નિમિત્ત જે હોય તેનું જ્ઞાન કરાવવા 'વીતરાગના નિમિત્તે વીતરાગભાવ પ્રગટ થાય છે' એમ કહેવાય છે. કુંભારે ઘડો કર્યો, સુતારે રથ કર્યો, વણકરે વસ્ત્ર કર્યું—એમ પરદ્રવ્યમાં કર્તા-કર્મપણું બનતું નથી. વળી સોનીને ઇનામ મળ્યું, રસોઈયાને ઇનામ મળ્યું, તેને તે ભોગવે છે એમ પણ નથી. રાજાના ઘેર રાણીને કુંવરનો જન્મ થાય અને દાસી વધામણી આપે ત્યારે રાજા તેનું માથું ધોઈ નાખે છે એટલે કે તેનું દાસીપણું રહેતું નથી એટલું ધન તેને ઇનામ આપે છે. તે ઇનામને દાસી ભોગવે છે એમ ભોક્તા-ભોગ્યપણું બનતું નથી. આત્મા ભોક્તા અને પરવસ્તુ ભોગ્ય—એમ નથી, પરદ્રવ્યમાં કર્તા-કર્મપણું અને ભોક્તા-ભોગ્યપણું કહેવું તે નિમિત્ત-નૈમિત્તિકપણાથી વ્યવહારનું કથનમાત્ર છે.

આ રીતે કર્તા-કર્મ અને ભોક્તા-ભોગ્યપણાનો વ્યવહાર દ્રષ્ટાંત દ્વારા સમજાવ્યો. હવે તેવી રીતે આત્મા પણ (૧) પુણ્ય-પાપ આદિ જે પુદ્‌ગલદ્રવ્યપરિણામાત્મક કર્મ તેને કરે છે, (૨) કાય, વચન, મન એવાં જે પુદ્‌ગલદ્રવ્ય પરિણામાત્મક કરણો તેમના વડે કરે છે, (૩) કાય, વચન, મન એવા જે પુદ્‌ગલદ્રવ્ય પરિણામાત્મક કરણ તેમને ગ્રહણ કરે છે અને (૪) પુણ્ય-પાપ આદિ કર્મનું જે સુખ-દુઃખ આદિ પુદ્‌ગલદ્રવ્યપરિણામાત્મક ફળ તેને ભોગવે છે, પરંતુ અનેક દ્રવ્યપણાને લીધે તેમનાથી અન્ય હોવાથી તન્મય (તે—મય) થતો નથી; માટે નિમિત્ત-નૈમિત્તિકભાવમાત્રથી જ ત્યાં કર્તા—કર્મપણાનો અને ભોક્તા—ભોગ્યપણાનો વ્યવહાર છે.

દ્રષ્ટાંત દ્વારા સ્થૂળ કર્તા-કર્મપણાની તથા ભોક્તા-ભોગ્યપણાની વાત કરી. હવે સૂક્ષ્મ વાત કરે છે, આત્મા જેવા ભાવ કરે તેવા જ્ઞાનાવરણીયાદિ કર્મને કરે છે, એમ નિમિત્ત-નૈમિત્તિક સંબંધ બતાવવાનું વ્યવહારનું કથન છે. કોઈ કહે છે કે જેવા ભાવ કરે તેવાં જ કર્મો બંધાય છે માટે નિમિત્તના કારણે કર્મ બંધાય છે, મૂઢતા સેવે તો મોહનીય કર્મ બંધાય, જ્ઞાનની આશાતના કરે તો જ્ઞાનાવરણીય બંધાય, અમુક પરિણામ હોય તો તીર્થંકરનામકર્મ બંધાય છે માટે પરિણામના કારણે કર્મ બંધાય છે—એમ અજ્ઞાની માને છે, પણ ખરેખર તો નૈમિત્તિક એવાં કર્મની પર્યાય થવા બાબતે આત્માના પરિણામ નિમિત્તરૂપે કેવા હતા તે બતાવવા વ્યવહારથી કથન કરવામાં

આવે છે કે આત્માએ કર્મ કર્યું પણ આત્મા તે—મય નહિ હોવાથી કર્મને કરતો નથી, કર્મને કરે તો બે પદાર્થ ભિન્ન રહેતા નથી.

જે પુસ્તકના નિમિત્તે આત્મામાં ખ્યાલ આવે તેનું નામ ન લેતાં છુપાવે તો તે જ્ઞાનની આશાતના કરે છે, **જે પુરુષના નિમિત્તે જ્ઞાન થાય તેનું નામ ન લે તો તે જ્ઞાનની આશાતના કરવાના ભાવ છે. તેનું વ્યવહાર જ્ઞાન પણ સાચું નથી.** છ પ્રકારે જ્ઞાનની આશાતના થાય છે; તેના કારણે જ્ઞાનાવરણીય બંધાયું એમ કહેવું તે વ્યવહારનું કથન છે. દર્શનની આશાતના કરે તો દર્શનાવરણીય બંધાય, તીવ્ર આસક્તિ હોય તો ચારિત્રમોહ બંધાય, એવા અનેક પ્રકાર છે. એને વ્યવહારે આત્મા કરે છે. એમ કહેવાનો હેતુ નિમિત્તનું જ્ઞાન કરાવવાનો છે. આત્માએ કર્મ કર્યું—એમ કહેવાનો અર્થ નથી.

આત્મા, મન, વચન, કાયાને ગ્રહણ કરે છે અને તે વડે કર્મ બાંધે છે તે વ્યવહાર છે. જેમ કે બીબું જેવું હોય તેવું જ ચિત્ર ઊઠે છતાં તે બીબાના કારણે છાપ એવી ઊઠી છે એમ નથી અને જીવના જે જાતના પરિણામ હોય એવાં જ કર્મ બંધાય છતાં જીવે કર્મ કર્યાં નથી કેમ કે બન્નેની પર્યાય પૃથક્ છે. આત્માએ કર્મ બાંધ્યા એમ કહેવું તે વ્યવહારનું કથન છે.

વળી અજ્ઞાની કહે છે કે આત્મા પરદ્રવ્યનું કરી શકતો નથી—એમ સમજ્યા પછી તો ક્રિયા કરવી ને ? તેને કહે છે કે ભાઈ, પરદ્રવ્યનું તો કોઈ કાંઈ કરી શકતું નથી, તો પછી ક્રિયા કરવી કે ન કરવી એ વાત રહેતી નથી. પરની ક્રિયા થાય ત્યારે આત્માના ભાવના કારણે તે થાય છે એમ કહેવું, તે નિમિત્તનું કથન છે. આત્માએ મન-વચન-કાય વડે પુદ્‌ગલકર્મને કર્યા નથી પણ મન, વચન, કાય વડે કર્યા છે, એમ કહેવું તે વ્યવહાર છે. આ રીતે વસ્તુસ્વભાવ લક્ષમાં આવ્યા વિના નિમિત્ત કેવું હોય તેનું પણ સાચું જ્ઞાન થતું નથી.

પુણ્ય-પાપ આદિ કર્મનું જે સુખદુઃખ આદિ પુદ્‌ગલદ્રવ્યપરિણામાત્મક ફળ તેને ભોગવે છે એમ કહેવું તે વ્યવહારનું કથનમાત્ર છે. અહીં અમૃતચંદ્રાચાર્યદેવ કહે છે કે પુણ્ય-પાપ આદિ કર્મનું ફળ બે પ્રકારે લેવું. (૧) બહારમાં સુખદુઃખાદિના સંયોગો મળે તે. (૨) દ્રવ્યકર્મનો વિપાક થાય તે. બન્નેને આત્મા ભોગવતો નથી. આત્મા તેને ભોગવે છે એમ કહેવું તે વ્યવહારનું કથન છે, કેમ કે આત્મા જડકર્મથી અનેરો હોવાથી તન્મય નથી. આત્મા પોતાની અવસ્થામાં તન્મય હોય છે.

અજ્ઞાની એમ માને છે કે જડની પર્યાય જડથી થાય અને આત્માની પર્યાય આત્માથી થાય એમ માનીએ તો કંઈ પણ કરવાની હોંશ રહેતી નથી. તો તેને કહે છે કે ભાઈ, આત્મા પરદ્રવ્યનું કરી શકતો નથી તો પછી

પરમાં કરવાની હોંશ ન રહી તો સ્વ તરફ પુરુષાર્થ વળશે. પણ આત્મા કર્મને બાંધે છે અને કર્મને કારણે આત્મામાં રાગાદિ થાય છે—એમ નથી. નિમિત્ત-નૈમિત્તિક સંબંધ બતાવવાનું કથન છે કે આત્માના નિમિત્તે કર્મ બંધાય છે એટલે ખરેખર તો જડની પર્યાય જડના કાળે થઈ ત્યારે આ જીવને વ્યવહાર કહેવાય છે.

***

# પ્રસાદ નં. ૬

## શ્રી સમયસાર ગાથા ૩૪૯—૩૫૫ ટીકા

**(આસો વદ ૧૩, રવિવાર, તા. ૨૮-૧૦-૫૧)**

આત્માને પરદ્રવ્ય સાથે કર્તા-કર્મપણાનો અને ભોક્તા-ભોગ્યપણાનો જે વ્યવહાર કહેવાય છે તેની વાત થઈ. હવે નિશ્ચયથી પરદ્રવ્ય સાથે કર્તા-કર્મપણું અને ભોક્તા-ભોગ્યપણું નથી. આત્મા પોતાના પરિણામને કરે છે અને ભોગવે છે—એમ પરિણામ–પરિણામી ભાવથી કર્તા-કર્મપણાનો અને ભોક્તા-ભોગ્યપણાનો નિશ્ચય છે, તે કહે છે.

જેવી રીતે—તે જ શિલ્પી, કરવાનો ઇચ્છુક વર્તતો થકો, ચેષ્ટારૂપ અર્થાત્ કુંડળ આદિ કરવાના પોતાના પરિણામરૂપ અને હસ્ત આદિના વ્યાપારરૂપ એવું જે સ્વપરિણામાત્મક કર્મ તેને કરે છે તથા દુઃખસ્વરૂપ એવું જે ચેષ્ટારૂપ કર્મનું સ્વ-પરિણામાત્મક ફળ તેને ભોગવે છે. અને એકદ્રવ્યપણાને લીધે તેમનાથી (કર્મ અને કર્મફળથી) અનન્ય હોવાથી તન્મય છે. માટે પરિણામ પરિણામીભાવથી ત્યાં જ કર્તા-કર્મપણાને અને ભોક્તા-ભોગ્યપણાનો નિશ્ચય છે.

શિલ્પી એટલે કારીગર—સોની, સુતાર, લુહાર, ઘાંચી, મોચી વગેરે પરદ્રવ્ય પરિણામ કરવા ઇચ્છે છે. સોની દાગીના કરવાની, સુતાર રથ બનાવવાની, દરજી કપડાં સીવવાની ઇચ્છા કરે છે. તે ઇચ્છાથી તેનો આત્મા તન્મય છે. સોની વગેરેને હાથની ક્રિયા અને ઇચ્છા થાય છે. તેનાથી તે તન્મય છે એમ કહેલ છે. અહીં દ્રષ્ટાંતમાં પરથી જુદા પડાવવાની વાત કરવી છે. તેથી સોની હાથની ક્રિયા અને ભાવ કરવારૂપ પરિણામને કરે છે પણ દાગીના વગેરેની અવસ્થાને કરતો નથી, એમ કહેવું છે. પહેલાં વ્યવહારથી સોની કરે છે—એમ કહ્યું હતું તેથી સોનીએ દાગીના કર્યા છે એમ અર્થ નથી; જડની પર્યાય થવાનો કાળ હોય ત્યારે જે સાથે નિમિત્તરૂપે હોય તેને વ્યવહારકર્તા કહેવાય છે.

કોન્ટ્રાક્ટર પોતાના ભાવને કરે પણ મકાનને કરે નહિ. શેઠ નોકરને આજ્ઞા કરવાનો ભાવ કરે પણ નોકરની અવસ્થાને કરે નહિ. કોન્ટ્રાક્ટરે મકાન બાંધ્યું એમ કહેવાય તે વ્યવહાર કથન છે. વળી મકાન તૈયાર થયું અને વાસ્તુ લીધું—એમ કહેવાય તે વ્યવહાર કથન છે. વળી આત્મા એ મકાન ભોગવ્યું—એમ કહેવું તે વ્યવહાર કથન છે. પણ આત્મા ખરેખર મકાનને ભોગવતો નથી, પરંતુ પોતાના દુઃખના પરિણામને જ ભોગવે છે. દાગીનાને આત્મા ભોગવતો નથી, માત્ર તેના રાગરૂપ દુઃખભાવને જ ભોગવે

છે. જીવ પૈસાનો ભોગવટો કરતો નથી પરંતુ તેની મમતારૂપ દુઃખને જ ભોગવે છે—તે નિશ્ચય છે.

આ અજ્ઞાનીની વાત ચાલે છે. તે અજ્ઞાનપૂર્વક રાગને કરે છે અને દુઃખને ભોગવે છે, પણ પરપદાર્થને ભોગવતો નથી કે કરતો નથી. દાળ, ભાત, રોટલા, પૈસા, મકાન, વસ્ત્રાદિને કોઈ ભોગવતું નથી પણ આકુળતાના ભાવને ભોગવે છે. પરચીજને ત્રણકાળ, ત્રણલોકમાં કોઈ કરી શકતું નથી તેમ જ ભોગવી શકતું નથી કેમ કે પરચીજનો આત્મામાં અભાવ છે.

આ દિવાળીના દિવસોમાં જીવ લાડવા વગેરેને કરે છે અને ભોગવે છે એ વાત ખોટી છે. જીવ લાડવા વિગેરેને કરવાનો ભાવ કરે છે અને તેના દુઃખફળને ભોગવે છે. કારીગર વગેરે પોતાના ભાવથી એકાકાર છે પણ તે ભાવ થયો તેથી પરનું કાંઈ કરી શકે એમ નથી. અહીં તો પરિણામી પરિણામ કર્તા છે અને પરિણામ જ ફળ છે તેને ભોગવે છે. આ અજ્ઞાનીની વાત છે. જ્ઞાની તો દ્રવ્યદ્રષ્ટિએ વિકારનો પણ કર્તા-ભોક્તા નથી. પરનો કર્તા-ભોક્તા જ્ઞાની કે અજ્ઞાની કોઈ નથી. અહીં તો એમ નક્કી કરાવે છે કે પરને કરવાના તથા ભોગવવાના ભાવ થાય છે તે પર્યાય આત્માનો છે, જડનો નથી.

આ રીતે કારીગરના દ્રષ્ટાંતથી વાત કરી. હવે આત્મા વિષે. તેવી રીતે આત્મા પણ કરવાનો ઇચ્છુક વર્તતો થકો, ચેષ્ટારૂપ (–રાગાદિ પરિણામરૂપ અને પ્રદેશોના વ્યાપારરૂપ) એવું જે આત્મપરિણામાત્મક કર્મ તેને કરે છે તથા દુઃખસ્વરૂપ એવું જે ચેષ્ટારૂપ કર્મનું આત્મપરિણામાત્મક ફળ તેને ભોગવે છે, અને એકદ્રવ્યપણાને લીધે તેમનાથી અનન્ય હોવાથી તન્મય (તે—મય) છે; માટે પરિણામ-પરિણામીભાવથી ત્યાં જ કર્તા-કર્મપણાનો અને ભોક્તા-ભોગ્યપણાનો નિશ્ચય છે.

જિનમંદિર કરવાનો ભાવ થયો માટે જિનમંદિર થાય છે, પૈસા કમાવાનો ભાવ કર્યો તેથી પૈસા આવ્યા—એમ નથી. જડનાં પરિણામ કરું—એવી ઇચ્છા આત્મા કરે પણ જડના પરિણામને આત્મા કરી શકે નહિ. આત્મા પોતાના રાગાદિ પરિણામને તથા યોગ-કંપનરૂપ ક્રિયાને કરી શકે. એ સિવાય પરમાં કાંઈ કરી શકે નહિ. ડાહ્યો માણસ હોય તો પરદેશમાંથી મૂડી દેશ ભેગી કરી દે—એમ નથી. એ તો એના કાળે આવવાની હોય તો જ આવે; આત્માના પરિણામને કારણે તે આવતી નથી અને પૈસા આવ્યા તેથી લહેર કરશું, હવે કમાવાની ચિંતા નથી—એ ભાવ દુઃખના પરિણામ છે. એને અજ્ઞાની ભોગવે પણ પૈસાને ભોગવી શકે નહિ. પરિણામ અને પરિણામી

જુદા હોય નહિ. આત્મા અને રાગ-દ્વેષ તથા હર્ષ-શોકના પરિણામ આત્મામાંથી અનન્ય એટલે જુદા નથી.

નિયમસારમાં સવારના વ્યાખ્યાનમાં આવે છે કે આત્મામાં વિકાર છે જ નહિ અને અહીં કહે છે કે વિકાર આત્માથી અનન્ય છે. નિયમસારમાં તો વસ્તુસ્વભાવની વાત કરી છે. અહીં પોતાનો પર્યાય તે નિશ્ચય છે અને પરપરિણામ તે વ્યવહાર છે—એમ કહેવું છે. સ્વભાવદ્રષ્ટિએ પુણ્ય-પાપ ત્રિકાળી સ્વભાવમાં નથી—એ નિશ્ચય છે તથા પર્યાયનું જ્ઞાન કરવું તે વ્યવહાર છે. અહીં આત્માથી ભિન્ન પુદ્‌ગલાદિની પર્યાયો થઈ રહી છે તેને આત્મા કરતો નથી તથા ભોગવતો નથી—એમ પરથી જુદાપણું સમજાવવું છે. એ સમજ્યા વિના ત્રિકાળી સ્વભાવની દ્રષ્ટિ થાય નહિ. તેથી કહે છે કે રાગાદિ પરિણામ પર્યાયદ્રષ્ટિએ આત્માથી તન્મય છે અને ત્રિકાળી સ્વભાવદ્રષ્ટિએ તન્મય નથી.

અહીં પર્યાયની વાત ચાલે છે. રાગાદિ પરિણામ થાય છે તે આત્માની પર્યાય છે. ત્રિકાળી ધ્રુવસ્વભાવમાં હું વિકાર કરું કે છોડું—એમ છે જ નહિ, પણ હજુ જે પોતાના પરિણામ પરથી થાય અને પરના પરિણામ હું કરું—એમ માને છે, તેને સ્વભાવદ્રષ્ટિ થતી જ નથી. ત્રિકાળ ધ્રુવ જ્ઞાનાનંદ સામાન્ય સ્વભાવ–તે સમ્યગ્દર્શનનો વિષય છે. તેમાં વિશેષ એવા ક્ષાયિકાદિ ભાવોને પણ પરદ્રવ્ય કહ્યા છે. તે વાત અજ્ઞાનીને સમજાતી નથી. રાગાદિ પરિણામ આત્માના છે; તે તો આત્માને પરદ્રવ્યથી જુદો પાડવા માટે કહેલ છે. સંવર, નિર્જરા કે મોક્ષ આત્માની પર્યાયો હોવા છતાં તેમને પણ પરદ્રવ્ય કહ્યાં છે કેમ કે વિશેષનું લક્ષ કરતાં વિકાર થાય છે તેથી એકરૂપ સામાન્ય સ્વભાવમાં, તે વિશેષભાવોને પર કહીને, અભાવ કહ્યો છે. અહીં પોતાના પરિણામ તે નિશ્ચય છે. પરના પરિણામ થતા હોય તે સમયે પોતાના પરિણામ ત્યાં હાજરી-નિમિત્તતા બતાવવી—તે વ્યવહાર છે.

આ સર્વવિશુદ્ધજ્ઞાન અધિકારની શરૂઆત જ એમ કરી છે કે આત્મા તેમ જ દરેક પદાર્થ પોતાના ક્રમબદ્ધ—નિયમસર થતા પર્યાયોને કરે છે—તે નિશ્ચય છે અને તે પર્યાય બીજાના કારણે થાય છે એમ કહેવું તે વ્યવહાર છે. કોઈ કહે કે મોટરને અમે ધારીએ તેમ ચલાવી શકીએ; તો તે વાત ખોટી છે. હા, તે મોટર ચલાવવાના ભાવ કરે છે ખરો પરંતુ મોટરને ચલાવી શકે નહિ કેમ કે આત્માના પરિણામને આધીન પરપદાર્થની અવસ્થા નથી. દરેક પદાર્થ પોતપોતાના પરિણામને કરે કેમ કે પરિણામ પરિણામીથી જુદા નથી. તેથી કર્તા-કર્મપણું અને ભોક્તા-ભોગ્યપણું પોતાના પરિણામમાં છે—એ નિશ્ચય છે.

હવે આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે :—

## કળશ—૨૧૧

**અર્થ :—**ખરેખર પરિણામ છે તે જ નિશ્ચયથી કર્મ છે, અને પરિણામ પોતાના આશ્રયભૂત પરિણામીનું જ હોય છે, અન્યનું નહિ; વળી કર્મ, કર્તા વિના હોતું નથી, તેમ જ વસ્તુની એકરૂપ સ્થિતિ હોતી નથી (કારણ કે વસ્તુ દ્રવ્ય-પર્યાયસ્વરૂપ હોવાથી સર્વથા નિત્યપણું બાધાસહિત છે); માટે વસ્તુ પોતે જ પોતાના પરિણામરૂપ કર્મની કર્તા છે.

## (૧) ખરેખર પરિણામ છે તે જ નિશ્ચયથી કર્મ છે.

રાગાદિ પરિણામ તથા યોગનું કંપન છે, તે નિશ્ચયથી આત્માનું કાર્ય છે. સોની દાગીના ઘડવાના પરિણામ કરે છે તે તેનું કાર્ય છે. દાગીનાદિના પરિણામ સોનીએ કર્યા નથી. કુંભારના ઘડા કરવાના પરિણામ તે તેનું કાર્ય છે. માટીમાંથી ઘડો થયો તે માટીનું કાર્ય છે. જગતના દરેક પદાર્થનું પરિણામ તે તેનું કાર્ય છે. ખરેખર પરિણામ તે જ નિશ્ચયથી કાર્ય છે.

## (૨) પરિણામ પોતના આશ્રયભૂત પરિણામીનું જ હોય છે, અન્યનું નહિ.

દયા, દાન, કામ, ક્રોધાદિના પરિણામ થાય છે, તે પરિણામી એવા આત્માના આશ્રયે થાય છે; કર્માદિના આશ્રયે થતા નથી, કેમ કે કર્મનો પર્યાય ભિન્ન છે અને આત્માનો પર્યાય ભિન્ન છે. કર્મના આશ્રયે આત્માના પરિણામ થતા નથી—કર્મનો આશ્રય માનનારને આ વાત સમજાતી નથી. કોઈ પરિણામ પરને આશ્રયે હોય જ નહિ. પરિણામ પરિણામીને આશ્રયે થાય છે—એ વાત અસ્તિથી છે અને અન્યને આશ્રયે થતા નથી—એ વાત નાસ્તિથી કહી છે. આ રીતે અસ્તિ-નાસ્તિરૂપ અનેકાંતથી કહેલ છે. પરિણામ જુદા રહે અને પરિણામી જુદો રહે—એમ બને નહિ. માટે આત્મામાં જે વિકાર થાય છે તે કર્મનો નથી. છોકરો મરી ગયો માટે શોક થયો—એમ નથી. પૈસા મળ્યા માટે હર્ષ થયો એમ નથી. સમયે સમયે પર્યાય થાય છે તે પરને કારણે માને અથવા પરને આધીન માને તો, આત્મા ત્રિકાળી સ્વતંત્ર પદાર્થ છે—તેવી દ્રષ્ટિ થતી નથી.

આત્મામાં હર્ષ—શોક, પુણ્ય-પાપાદિના પરિણામ થાય છે તે સ્ત્રી, પુત્ર, પૈસા, મકાન આદિના આશ્રયે થાય છે એમ તો નથી પણ કર્મના ઉદયના આશ્રયે થાય છે—એમ પણ નથી કેમ કે તે પરિણામ પોતાના પર્યાયમાં થાય છે, માટે તેનો આશ્રય પોતાનો આત્મા જ છે. વળી જડનું જે પરિણામ થાય છે, તે પુદ્‌ગલદ્રવ્યના આશ્રયે થાય છે, જીવના આશ્રયે થતા નથી.

અજ્ઞાની પરદ્રવ્યનું ભિન્નપણું જાણતો નથી તેથી તેને આ વાત બેસતી નથી. આત્મામાં સમયે સમયે જે પરિણામ થાય છે તે નિમિત્તના આશ્રયે થતા નથી.

## (૩) કર્મ, કર્તા વિના હોતું નથી.

વિકારપર્યાય આત્મા વિના હોતો નથી, જડકર્મની અવસ્થા પુદ્ગલ વિના હોતી નથી. કુંભારના પરિણામ કુંભાર વિના હોતા નથી, ઘડાના પરિણામ માટી વિના હોતા નથી ઇત્યાદિ પ્રકારે સમજવું.

## (૪) વસ્તુની એકરૂપે સ્થિતિ હોતી નથી.

આત્મા તેમ જ દરેક પદાર્થની એકરૂપે સ્થિતિ હોતી નથી. વસ્તુ કૂટસ્થ નથી. જો વસ્તુ એકરૂપે રહે તો એકાંત નિત્ય થઈ જાય, પણ વસ્તુ એકરૂપે રહેતી નથી. તેથી વસ્તુ પોતે જ પોતાના કાર્યની કર્તા છે.

દરેક આત્મા તથા પરમાણુ વગેરેનું વર્તમાન–તે તેનું કાર્ય છે, અન્યનું નથી. તે પરિણામ, પરિણામીનું છે અને પરિણામ તે તેના કર્તા વિના હોતું નથી. પરિણામ તે નિશ્ચય કાર્ય છે. રોટલી તે કાર્ય છે; તે લોટના આશ્રયે થાય છે પણ બાઈના આશ્રયે થતી નથી. લોટ વગર રોટલી થતી નથી અને લોટની એકરૂપ સ્થિતિ હોતી નથી તેથી પરિણામ પરિણામી સાથે સંબંધ રાખે છે. કુંભારે ઘડો કર્યો હોય તો તે સમયે માટીએ શું કર્યું ? ખરેખર માટી એકરૂપે રહેતી નથી તેથી ઘડારૂપ કાર્ય માટીનું જ છે, કુંભારનું નથી.

ખરેખર પરિણામ તે કાર્ય છે, તે કાર્ય પરના આશ્રયે થતું નથી, પરિણામીના આશ્રયે થાય છે, કાર્ય કર્તા વિના હોતું નથી અને કર્તા એકરૂપે રહેતો નથી. આ મહાન સિદ્ધાંતો મૂકી દીધા છે. જડકર્મ છે તે કાર્ય છે, શરીરની અવસ્થા તે કાર્ય છે, ભાષાના પરિણામ તે પણ કાર્ય છે, તે બધા પરિણામ જડના કાર્ય છે, તેઓ જડના આશ્રયે થાય છે પણ આત્માના આશ્રયે થતા નથી. ભાષા તેના કાર્ય વિના હોતી નથી, પુદ્ગલ વિના ભાષા હોતી નથી તથા પુદ્ગલની એકરૂપે સ્થિતિ હોતી નથી. માટે ભાષા તે પુદ્ગલનું જ કાર્ય છે

## શ્રી સમયસાર કળશ - ૨૧૧

**(આસો વદ ૧૪, સોમવાર, તા. ૨૯-૧૦-૫૧)**

આ કળશ ગઈ કાલે વંચાઈ ગયો છે પણ ફરીથી લેવાય છે. દરેક પદાર્થમાં સમયે સમયે પરિણામ થાય છે તે કાર્ય છે. અનંતા આત્મા તથા પરમાણુ છે તે દરેક એટલે કે આત્મા,શરીર વગેરેની જે જે અવસ્થા થાય છે તે કાર્ય છે.

## (૧) ખરેખર પરિણામ છે તે જ નિશ્ચયથી કાર્ય છે.

અહીં પ્રથમ પરિણામ કોના થાય છે તે સિદ્ધ નહિ કરતાં ખરેખર પરિણામ છે તે કાર્ય છે–એ પ્રથમ કાર્યને સિદ્ધ કરે છે. રાગાદિ પરિણામ છે તે કાર્ય છે; કર્મનો ઉદય તે પણ કાર્ય છે. અહીં કર્મનો અર્થ 'કાર્ય' કરવો. કાર્ય તે દ્રવ્ય–ગુણમાં હોય નહિ, પર્યાયમાં કાર્ય હોય. અહીં વસ્તુને સિદ્ધ કરવી નથી પરંતુ પરિણામને સિદ્ધ કરવા છે. પરિણામ પોતે જ કાર્ય છે, પછી ભલે તે વિકારી હો કે અવિકારી–એમ સિદ્ધ કરે છે. પરિણામ સાથે ખરેખર શબ્દ વાપર્યો છે અને તે પરિણામ નિશ્ચયથી કાર્ય છે. આ રીતે **ખરેખર અને નિશ્ચય**—એમ બે શબ્દોનો ઉપયોગ કર્યો છે.

## (૨) પરિણામ પોતાના આશ્રયભૂતનું જ હોય છે, અન્યનું નહિ.

આત્મામાં રાગ-દ્વેષના પરિણામ થાય છે તે કાર્ય છે. રોટલી તે લોટનું પરિણામ છે, દાગીનો પરિણામ છે તે કાર્ય છે. ઘડો, રથ, વસ્ત્ર વગેરે કાર્ય છે. તે કાર્ય–પરિણામ, પરિણામીનું હોય છે. ઘડાનું પરિણામ તે માટીનું કાર્ય છે, કુંભારનું નહિ. દરેક પદાર્થના ત્રણ કાળના જે પરિણામ છે તે તેનાં કાર્ય છે–એ સિદ્ધાંત પ્રથમ બોલમાં કહ્યો. હવે આ બોલમાં કહે છે કે કાર્ય છે તે ત્રિકાળી દ્રવ્યનું છે. અહીં વસ્તુને સિદ્ધ કરવી નથી પરંતુ પરિણામને સિદ્ધ કરવા છે. તે પરિણામ પોતાના સમકાળે રહેતા એવા પરિણામીના છે, સમકાળે રહેતા એવા અન્ય દ્રવ્યના નથી. ઘડારૂપી કાર્ય સમકાળે વર્તનાર માટીનું છે, પરંતુ સમકાળે વર્તનાર કુંભારનું નથી. પરિણામીનું જ પરિણમન છે અર્થાત્ બદલનારનું તે તે કાર્ય છે. એ રીતે આત્મામાં વિકાર થાય છે તે ચૈતન્યના આશ્રયે થાય છે, કર્મના આશ્રયે થતો નથી અર્થાત્ તે કાર્ય આત્માનું છે, કર્મનું નથી.

વસ્તુને પ્રથમ સિદ્ધ નહિ કરતાં અહીં પરિણામ છે તે નિશ્ચયથી કાર્ય છે; તે પરિણામ વિકારી હો કે અવિકારી હો પણ તે કાર્ય છે–એ વાત પ્રથમ સિદ્ધ કરી અને પછી કહ્યું કે પરિણામ પરિણામીના આશ્રયે થાય છે. રોટલીનો પર્યાય લોટના આશ્રયે થાય છે, તાવડી કે બાઈના આશ્રયે થતો નથી; કેમ કે વસ્તુનો પ્રત્યેક અંશ સત્તાની અંદર જ હોય, સત્તામાંથી બાકી/બહાર રહે નહિ અને અન્ય વસ્તુનો કોઈ પણ અંશ તેની સત્તામાંથી બાકી/બહાર રહે નહિ. તેથી પરનું કાંઈ પણ કાર્ય કોઈ અન્ય દ્રવ્ય કરી શકતું નથી. કોઈનો અંશ કોઈમાં ભળી જતો નથી તેથી અન્ય, અન્યનું કાર્ય કરે તેમ બની શકે જ નહિ. સમસ્ત વસ્તુઓ પરિણામ અને પરિણામીમાં સમાઈ જાય છે.

અહીં તો એક સમયનો પરિણામ થાય છે એની વાત લીધી છે; તે પ્રમાણે ત્રણ કાળના પરિણામોની વાત સમજી લેવી. પરિણામ પરિણામીથી વધી જતો નથી એટલે કે પરિણામીની બહાર તેનો પરિણામ જતો નથી; તેથી તે પરદ્રવ્યને મદદ કરી શકતો નથી. આત્માનો વિકાર જડ કર્મના ઉદયને લઈને નહિ અને જડકર્મ બંધાયું તે આત્માના વિકારને લઈને બંધાયું નથી, કેમ કે તે પરિણામ પુદ્‌ગલના આશ્રયે હોય છે. પરિણામ પોતપોતાના દ્રવ્યના આશ્રયે હોય છે, એક દ્રવ્યના પરિણામ અન્ય દ્રવ્યના આશ્રયે હોય નહિ.

## (૩) કર્તા વિના કર્મ હોતું નથી.

આ ત્રીજા બોલમાં હવે એમ સિદ્ધ કરે છે કે કાર્ય કર્તા વિના હોય નહિ. કોઈ પણ કાર્ય કર્તા વિના હોય નહિ. ઘડારૂપી કાર્ય માટી વિના હોય નહિ, રોટલીનું કાર્ય લોટ વિના હોય નહિ. પૈસાની પલટવાની દશા જડ વિના હોય નહિ અર્થાત્ પૈસાનું આવવું-જવું, તેનો કર્તા તે તે રજકણો છે; શરીરનું ટકવું કે જવું તેનો કર્તા તે રજકણો છે.

## (૪) કર્તાનો એકરૂપે રહેવાનો સ્વભાવ નથી.

વસ્તુની એકરૂપે સ્થિતિ રહેતી નથી. આત્મામાં વિકાર થાય છે તેનું કારણ કર્તા એકરૂપે રહેતો નથી—એ છે, પરંતુ કર્મના કારણે વિકાર થાય છે—એમ નથી. આત્મા કૂટસ્થ રહેતો નથી. કર્મ હોય અને કર્તા ન હોય—એમ બને નહિ. આમ સમજે તો પરના પર્યાયના કર્તાપણાનો અહંકાર ઊડી જાય અને પોતાનો પર્યાય પરથી થાય છે—એવી માન્યતા રહે નહિ; કેમ કે વસ્તુની એકરૂપે સ્થિતિ હોતી નથી. આવો વસ્તુનો સ્વભાવ છે. દરેક પદાર્થ પોતાની સત્તામાં પરિણમી રહ્યો છે, પરની સત્તામાં નહિ. તેથી એકપણે રહેવામાં બાધા આવે છે. વિવિધતા તે વસ્તુનો ધર્મ છે. માટે પદાર્થ પોતે પોતાની અવસ્થાનો કર્તા છે, બીજો કોઈ નહિ.

હવે આગળની ગાથાઓની સૂચનારૂપે કળશ કહે છે :—

## કળશ—૨૧૨

**અર્થ :—**જેને પોતાને અનંત શક્તિ પ્રકાશમાન છે એવી વસ્તુ અન્ય વસ્તુની બહાર જો કે લોટે છે તોપણ અન્ય વસ્તુ અન્ય વસ્તુની અંદર પ્રવેશતી નથી, કારણ કે સમસ્ત વસ્તુઓ પોતપોતાના સ્વભાવમાં નિશ્ચિત છે—એમ માનવામાં આવે છે.

એક પણ વાતને અંતરમાં યથાર્થપણે બેસાડે તો સળંગ એકરૂપે પોતાની સત્તા છે તે ખ્યાલમાં આવ્યા વિના રહે નહિ, પણ અજ્ઞાની કોઈ

પણ રીતે પરાધીનતાને જ શોધે છે. આત્માનો સ્વભાવ પરાધીન છે જ નહિ—માન્યતામાં અજ્ઞાની પરાધીનતા ઊભી કરે છે.

દરેક આત્મા અને પરમાણુની સત્તા પોતપોતામાં પરિણમી રહી છે. આત્માનું પરિણમન કર્મોદયની સત્તાની બહાર થઈ રહ્યું છે. ઘડાનાં પરિણામ, કુંભારના હાથ અને ઇચ્છાથી બહાર થઈ રહ્યાં છે, કેમ કે કુંભારનો હાથ અને ઇચ્છા ઘડાને અડતાં જ નથી. કોઈની સત્તાનો અંશ પોતાને મૂકીને બહાર વર્તે જ નહિ. દરેક પરમાણુ અનંત શક્તિમાન છે. એક પરમાણુ પણ બીજા પરમાણુની બહાર પરિણમ્યા કરે છે; કોઈ કોઈનો સંબંધ થઈ એકબીજાની અંદર પ્રવેશ થતો નથી.

દરેક પદાર્થ અનંત શક્તિથી પ્રકાશમાન છે. અનંત શક્તિ હોવા છતાં બીજી વસ્તુની બહાર જ તે પરિણમે છે. પરવસ્તુમાં તે કાંઈ કરી શકતો નથી. દરેક પદાર્થમાં અનંત શક્તિ ન હોય તો તે અનંત પદાર્થોથી ભિન્ન રહી શકે નહિ. દરેક વસ્તુ અન્ય વસ્તુની બહાર તો છે પરંતુ અહીં તો વસ્તુ બહાર લોટે છે એટલે કે બહાર રહીને પરિણમે છે. આત્માના પરિણામ કર્મથી બહાર થઈ રહ્યા છે.

દરેક વસ્તુ પરવસ્તુથી અસહાય છે, અને પોતાથી સસહાયી છે. જે જીવ પર્યાયને પરાધીન માને છે તે દ્રવ્યને સ્વતંત્ર માનતો નથી. જુઓ, દાર્શનિક પુરાવો લઈએ—આ પુસ્તક છે અને તે ઉપર મૂકવાનું આ લાકડું છે. તે પુસ્તક અને લાકડું એક પદાર્થ છે કે બે પદાર્થ છે ? જો બે પદાર્થ છે તો એકબીજાના અભાવરૂપ છે. આમ પુસ્તકમાં લાકડાનો અભાવ છે તો પુસ્તક લાકડાથી દબાઈને રહ્યું છે—એમ માનવું તે મિથ્યા છે. બન્ને પદાર્થ એકબીજાના અભાવરૂપે છે—એમ તે માનતો નથી. વાસ્તવમાં પુસ્તકને લાકડું અડયું જ નથી. બન્ને પદાર્થના પર્યાયો ભિન્ન ભિન્ન કામ કરી રહ્યા છે. તે બન્ને વચ્ચે અભાવરૂપી વજ્રની દીવાલ છે.—એમ જે માનતો નથી તે અભાવરૂપી દીવાલને તોડી નાખે છે.

ધર્મ–નિમિત્ત, વિકાર કે ઊઘડેલી પર્યાયના આશ્રયે થતો નથી. કેમ કે ધર્મ તે પરિણામ છે અને પરિણામી એવા આત્માના આશ્રયે થાય છે. ધર્મરૂપી કાર્યનો કર્તા આત્મા છે. નિમિત્તનો પર્યાય તો તેની બહાર લોટે છે. ઘડના પર્યાયની બહાર કુંભારનો હાથ લોટે છે (પરિણમે છે) પણ અંદર પ્રવેશ કરી શકતો નથી. આત્માના પર્યાયની બહાર કર્મનો પર્યાય તે સમયે બહાર લોટે છે પણ આત્મામાં પ્રવેશ કરતો નથી. આમ આત્મા પોતાના પર્યાયનો કર્તા છે. બે ગુણ ચીકાશવાળો પરમાણુ ચાર ગુણ ચીકાશવાળા પરમાણુ સાથે પરિણમતો થકો ચાર ગુણ ચીકાશવાળા પરમાણુ સાથે બંધ

કરે છે—એમ કહેવું તે વ્યવહાર કથન છે. એક પરમાણુની પર્યાયમાં બીજા પરમાણુપર્યાયનો પ્રવેશ થતો નથી. આત્માના પર્યાયમાં શરીરના પર્યાયનો પ્રવેશ નથી, કેમ કે સમસ્ત વસ્તુ પોતપોતાના સ્વભાવમાં રહે છે. ચૈતન્ય અને જડ બે પદાર્થો કહેવા અને બેથી કાર્ય થાય એમ કહેવું—એ બે પદાર્થોને એક કરવા બરાબર છે. શાસ્ત્રમાં વ્યવહારથી કથન આવે કે નિમિત્તથી રાગાદિ થાય, પરંતુ પદાર્થનો એવો સ્વભાવ નથી.

અજ્ઞાની કહે છે કે દેવ-ગુરુ-શાસ્ત્ર શુદ્ધ છે માટે તે સ્વ છે, પણ પર નથી; પણ ભાઈ, શાસ્ત્ર અને આ આત્માને અત્યંત અભાવ છે. તેની શ્રદ્ધાનો રાગ આત્માના ત્રિકાળી સ્વભાવમાં નથી, માટે તે પર છે. મહાવીર ભગવાનનો મોક્ષ આ રીતે સમજવાથી થયો હતો. ભગવાન આજ મોક્ષે પધાર્યા હતા તેથી આ દિવાળી પર્વ ઊજવાય છે. ખરેખર તો જ્ઞાની પોતાના વર્તમાન પર્યાયમાં ભગવાનના મોક્ષનો આરોપ આપે છે—તે ઉત્સવનો દિવસ છે.

આત્મા પોતાના પર્યાયસ્વભાવમાં છે. છયે દ્રવ્યો પોતપોતાના પરિણમનથી બદલી રહ્યા છે. એ પરિણમનમાં કોઈ ભાગ જે વધતો નથી કે જેથી પરને આપે. આવો વસ્તુનો સ્વભાવ છે.

આચાર્યદેવ કહે છે કે આમ હોવા છતાં મોહી જીવ પોતાના સ્વભાવથી ચલિત થઈને આકુળ થતો થકો શા માટે ક્લેશ પામે છે ? કોઈ પદાર્થ પરિણામ વિનાનો હોતો નથી. એક પદાર્થ બીજાને કાંઈ આપે–એમ બનતું નથી અને કોઈ પદાર્થ અધૂરો પણ નથી કે કોઈની પાસેથી કાંઈ લ્યે, છતાં અજ્ઞાનીજીવ મોહિત થતો થકો શા માટે ક્લેશ પામતો હશે ?

મિથ્યાદ્રષ્ટિ માને છે કે મારો આત્મા બીજાને નિમિત્ત થાય અને બીજો મને નિમિત્ત થાય—એમ મોહિત થાય છે. દરેક પદાર્થ સમયે સમયે પૂરો છે. તે બીજા પાસેથી શું લ્યે કે આપે? નિગોદથી માંડીને સિદ્ધજીવો અને પરમાણુથી માંડીને મહાસ્કંધ પર્યંત બધા પદાર્થો પોતાના પરિણામથી પરિણમી રહ્યા છે. અજ્ઞાની મૂઢ જીવ એમ માની રહ્યો છે કે હું બીજાને મદદ કરું અને બીજો મને મદદ કરે! તેને આચાર્ય ભગવાન કહે છે કે એમ શા માટે કલેશ કરીને ખેદ પામે છે ? ભાઈ ! તું પરિપૂર્ણ છે અને બીજા પણ પરિપૂર્ણ છે, તો શા માટે મિથ્યાભાવ કરે છે ? ત્રિકાળી ચૈતન્યદ્રવ્યમાં ખાદ્ય નથી તેમ વધારો નથી. માટે ચૈતન્યપદાર્થ સાથે કોઈને કાંઈ લેવા—દેવાનું રહેતું નથી. કેમ કે પોતાનું જ્ઞાન જ્ઞેયમાં પ્રવેશતું નથી અને જ્ઞાન જ્ઞેયમાંથી કાંઈ લેતું નથી. કોઈ લ્યે કે દ્યે—એવો વસ્તુમાં અવકાશ જ નથી.

પૂર્ણ સ્વાતંત્ર્ય દ્વારા મુક્તિનો સંદેશ આપનાર સદ્ગુરુદેવનો જય હો. ***

# <u>પ્રસાદ નં. ૮</u>

## <u>શ્રી સમયસાર કળશ ૨૧૩</u>

[આસો વદ ૦)), મંગળવાર, તા. ૩૦-૧૦-૫૧]

આ શુદ્ધાત્મદ્રવ્યનો અધિકાર છે, એટલે કે આત્માનો સ્વભાવ શુદ્ધ જ્ઞાયક છે. કોઈ પરનું કાંઈ કરવાનો સ્વભાવ નથી. અહીં ક્રમબદ્ધ પર્યાય થાય છે એ વાત પ્રથમથી ચાલી આવે છે; આ મૂળ વાત છે, તેને દ્રઢ કરે છે. આત્મા પુદ્‌ગલ વગેરે સર્વે દ્રવ્યોના પર્યાય નિયમિત થવાના તે થવાના, તેને કોઈ ફેરવવા માગે તોપણ ફરે નહિ, ઊલટું મિથ્યાદ્રષ્ટિપણું આવે છે. <u>ક્રમબદ્ધનો નિર્ણય કરવો તે સમ્યગ્દર્શન અને મોક્ષમાર્ગ છે.</u> આત્મા પરપદાર્થના પર્યાયનો કર્તા નથી, કેમ કે પરવસ્તુના અભાવસ્વભાવવાળો આત્મા છે. વળી દરેક દ્રવ્યનો પર્યાય ક્રમબદ્ધ થાય છે એટલે પરનો કે પોતાનો પણ પર્યાય ફેરવવાનો રહેતો નથી.

કોઈ કહે કે આમાં પુરુષાર્થ આવતો નથી; તો તેને કહે છે કે ભાઈ ! પરપદાર્થનો પર્યાય તેના કારણે તેના કાળે થાય છે, તેને ફેરવવાની બુદ્ધિ તે મિથ્યાત્વનો પુરુષાર્થ છે અને પોતાના ક્રમબદ્ધ પર્યાય થાય છે તેને ફેરવવા ઉપર લક્ષ જતાં પર્યાયબુદ્ધિ અને રાગ થાય છે, તેથી ત્યાં પણ મિથ્યાત્વ જ આવ્યું. માટે આત્મા જ્ઞાયક છે—એવી રુચિ કર અને દ્રવ્યદ્રષ્ટિ કર. વળી આત્મા જ્ઞાનસ્વરૂપી છે; તે રાગ કે પરના પર્યાયનો કર્તા હોઈ શકે નહિ—એમ સ્વભાવનું લક્ષ કરવું, તે જ સાચો પુરુષાર્થ છે. પર્યાય ફેરવવો નથી પણ વલણની દિશા ફેરવવી તે સાચો પુરુષાર્થ છે. આત્માનો જાણવા-દેખવાનો સ્વભાવ છે—એમ માનવું નથી અને ઘાલ-મેલ કરવી છે, તેને ક્રમબદ્ધ પર્યાય થાય છે—એ વાત અંતરમાં બેસતી નથી.

હવે આગળની ગાથાઓની સૂચનારૂપે બીજું કાવ્ય કહે છે :—

### <u>કળશ ૨૧૩</u>

**અર્થ :**—આ લોકમાં એકવસ્તુ અન્ય વસ્તુની નથી. તેથી ખરેખર વસ્તુ છે, તે વસ્તુ જ છે—એ નિશ્ચય છે. આમ હોવાથી કોઈ અન્ય વસ્તુ કોઈ અન્ય વસ્તુની બહાર લોટતાં છતાં તેને શું કરી શકે ? પરવસ્તુના પરિણામ કરવાની બુદ્ધિ નહિ રાખતાં અને રાગ ઉપર રુચિ નહિ રાખવા છતાં પર્યાય તો જે સમયે થવાનો હોય તે સમયે તે જ થાય છે–એમ નિર્ણય થતાં રુચિ સ્વ તરફ વળી જાય છે, તે જ ધર્મ છે; અનાદિ અનંત ત્રણે કાળે એક જ ધર્મ છે. પરિણામ છે તે કાર્ય છે. પરિણામ પરિણામીના આશ્રયે થાય છે તેથી પરિણામી સામું જોવાનું રહ્યું, પર તરફ જોવાનું રહેતું નથી. છે તે છે ને થવાનું હોય તે થાય છે, તેથી પરિણામી એવા આત્મા તરફ રુચિ વળે છે.

આત્મા, તેના દ્રવ્ય અને પર્યાયમાં જ સમાઈ જાય છે; આત્માને પરનો સ્પર્શ પણ નથી. દેવ-ગુરુ-શાસ્ત્ર પણ આત્માની બહાર જ લોટે છે, તે આત્માનું શું કરે ? કાંઈ ન કરે. શાસ્ત્રમાં લખાણ આવે કે આત્મા દેવ-ગુરુ-શાસ્ત્ર વડે ધર્મ પામે, પણ તે વ્યવહારકથન છે. તે સમયે બીજી વસ્તુ પરિણમી રહી છે. તેનું માત્ર જ્ઞાન કરાવે છે.

વસ્તુનો સ્વભાવ તો એવો છે કે એક વસ્તુ અન્ય વસ્તુને પલટાવી શકે નહિ. જો એમ ન હોય તો વસ્તુનું વસ્તુપણું જ ન ઠરે. આમ જ્યાં એક વસ્તુને અન્ય વસ્તુ પરિણમાવી શકતી નથી ત્યાં એક વસ્તુએ બીજી વસ્તુનું શું કર્યું ? કાંઈ ન કર્યું. ચેતન વસ્તુ સાથે એકક્ષેત્રાવગાહરૂપે પુદ્‌ગલો રહેલાં છે તોપણ ચેતનને જડ કરીને પોતારૂપે તો પરિણમાવી શક્યાં નહિ; તોપછી પુદ્‌ગલે ચેતનને શું કર્યું ? કાંઈ ન કર્યું.

કુંભાર ઘડો કરી શકે નહિ, ગુરુથી શિષ્યનું કાર્ય થાય નહિ–આમ યથાર્થ જ્ઞાન થતાં અનંત પરપદાર્થોનો અહંકાર ઊડી જાય છે. આત્મા પરનું તો કરી શકે નહિ પણ પોતાનો પર્યાય પણ ફેરવી શકે નહિ–એમ ન માને અને પરના તથા પોતાના પર્યાયમાં ઘાલ–મેલ કરવા જાય તો મિથ્યાભ્રાંતિનું મહા પાપ ચોંટી જાય. ભગવાન આત્માનો સ્વ-પરપ્રકાશક જ્ઞાનસ્વભાવ પોતાને લક્ષમાં લ્યે તો પ્રગટે છે, તે કોઈને ફેરવવાની બુદ્ધિથી પ્રગટતો નથી–આમ સ્વભાવદ્રષ્ટિ કરવી તે જ સમ્યગ્દર્શન છે.

નિમિત્ત આવે તો આમ થાય અને ન આવે તો બીજું થાય–એમ માનતાં ત્રણકાળ ત્રણલોકના પદાર્થોનો નાશ થાય છે. વસ્તુ છે એમ કહેવું અને તેનો પર્યાય બીજો ફેરવે–એમ માનવું ત્યાં વસ્તુ જ રહેતી નથી. વસ્તુ તેના ગુણ–પર્યાયમાં વસેલી છે. અનાદિઅનંત પર્યાયોનો પિંડ તે જ વસ્તુ છે–એમ જાણે–માને, તો પોતાની માન્યતામાં ફેર પડે; છતાં વસ્તુ કે વસ્તુના ક્રમમાં ફેર પડે નહિ.

કોઈ કહે કે વસ્તુ એના કારણે પલટે છે પણ નિમિત્ત આવે એ પ્રમાણે પલટે છે–આમ માનવામાં આવે તો પણ વસ્તુનું વસ્તુપણું રહેતું નથી. એક વસ્તુ અન્ય વસ્તુમાં પ્રવેશ જ કરી શકતી નથી તો તેને કેમ પલટાવે ? ભાષાના પર્યાયને પણ આત્મા કરતો નથી. વસ્તુનો મર્મ અને એની કથન પદ્ધતિ કોઈ જુદાં જ હોય છે. ભાષાનો પર્યાય જ્ઞાન તથા વિકલ્પને આધીન નથી. જેને સત્ય સમજવું હોય, ધર્મ કરવો હોય, શાંતિ જોઈતી હોય તેણે આ પરમ સત્ય ગળે ઉતારવું પડશે. દરેક આત્મામાં સમજવાની તાકાત તો છે પણ ઊલટી માન્યતા કરી રહ્યો છે તેથી તેને આ વાતની ઘડ બેસતી નથી. કોઈ વળી એમ કહે કે કેવળીભગવાનને તો ભાષા ઇચ્છા વિના સહજ હોય પણ ઇચ્છાવાળા જીવને ભાષા સહજ હોતી નથી–તો તેને કહે છે કે એ વાત

મિથ્યા છે. જ્ઞાની કે અજ્ઞાની ગમે તે હોય–કોઈ પણ ભાષાને કરી શકતું નથી. ભાષા તેના કારણે સ્વયં પરિણમે છે.

એક પણ સમયનો પર્યાય જો કોઈ પરપદાર્થ પલટાવી દ્યે તો પદાર્થ રહેતો નથી; આત્માના પર્યાયને પુદ્‌ગલ પલટાવી દ્યે, તો આત્મા રહેતો નથી, અચેતન થઈ જાય છે; પણ એમ બનતું નથી. તેથી કર્મના ઉદયે આત્મામાં કાંઈ થતું નથી. ઘણા કાળનાં બાંધેલાં કર્મો એકીસાથે ઉદયમાં આવે તો આત્માને પાડી દ્યે–એ વાત સાચી નથી. આત્માના પર્યાયનો કાળ ન હોય અને કર્મ તેને પલટાવી દ્યે–એમ બને નહિ. આ ઉપરથી એમ સમજવું કે વ્યવહારે પરદ્રવ્યોને તથા આત્માને જ્ઞેય-જ્ઞાયકસંબંધ હોવા છતાં પરદ્રવ્યો આત્માને કાંઈ કરતાં નથી અને જ્ઞાયકઆત્મા તેમને કાંઈ કરતો નથી.

**જ્ઞાનનો ખરેખર સ્વ-પરપ્રકાશક સ્વભાવ છે તેથી તે પરને જાણે છે પરંતુ વાસ્તવમાં નિશ્ચયથી તે પોતાને જ જાણે છે; તેમાં અન્ય પદાર્થ પ્રતિભાસે છે–એમ કહેવું તે વ્યવહાર છે કેમ કે ખરેખર તો પોતે જ પ્રતિભાસે છે.** આત્મા જ્ઞેયને નજીક કરતો નથી અને જ્ઞેયને જ્ઞાન સ્પર્શતું નથી, કેમ કે પરસ્પર અભાવ છે.

હવે એ જ અર્થને દ્રઢ કરતું ત્રીજું કાવ્ય કહે છે :–

## કળશ—૨૧૪

**અર્થ :–**એક વસ્તુ સ્વયં પરિણમતી અન્ય વસ્તુને કાંઈપણ કરી શકે છે–એમ જે માનવામાં આવે તે વ્યવહારદ્રષ્ટિથી જ છે. નિશ્ચયથી આ લોકમાં અન્ય વસ્તુને અન્ય વસ્તુ કાંઈ પણ નથી અર્થાત્ એક વસ્તુને અન્ય વસ્તુ સાથે કાંઈ પણ સંબંધ નથી.

**આત્મા પરપ્રકાશક છે–એમ કહેવું તે વ્યવહાર છે, સ્વપ્રકાશક કહેવું તે નિશ્ચય છે;** કેમ કે એક વસ્તુને બીજી વસ્તુ સાથે કાંઈ પણ સંબંધ નથી. જ્ઞેય જ્ઞાનમાં જણાતાં જ્ઞાન જ્ઞેયને પરિણમાવે છે–એમ માનવું તે તો મિથ્યા વ્યવહાર છે અને જ્ઞેય છે તેથી જ્ઞાન જાણે છે–એમ પણ નથી. માટે પરને જાણે છે તે વ્યવહાર છે અને આત્મા સ્વને જાણે છે તે નિશ્ચય છે.

**ભાવાર્થ :–**એક દ્રવ્યના પરિણમનમાં અન્ય દ્રવ્યને નિમિત્ત દેખીને એમ કહેવું કે અન્ય દ્રવ્યે આ કર્યું, તે વ્યવહારનયની દ્રષ્ટિથી છે; નિશ્ચયથી તો તે દ્રવ્યમાં અન્ય દ્રવ્યે કાંઈ કર્યું નથી. **વસ્તુના પર્યાયસ્વભાવના કારણે વસ્તુનું પોતાનું જ એક અવસ્થાથી બીજી અવસ્થારૂપે પરિણમન થાય છે; તેમાં અન્ય વસ્તુ પોતાનું કાંઈ ભેળવી શકતી નથી.**

જડનો પર્યાય જડથી થાય છે અને ચેતનનો પર્યાય ચેતનથી થાય છે. સમયે સમયે પરિણમન કરવાનો દરેક દ્રવ્યનો સ્વભાવ છે, તેથી વસ્તુ

પોતે એક પર્યાયથી બીજા પર્યાયરૂપે થાય છે; તેને કોઈ બીજો પદાર્થ ફેરવી શકે નહિ. કોઈ કહે કે સુરંગથી ડુંગરાઓ પણ તૂટી જાય છે–તો તે વાત જૂઠી છે. ડુંગરના રજરણોના પર્યાયનો સમય હતો ત્યારે તે થાય છે, સુરંગ તો ત્યાં નિમિત્તમાત્ર છે. પર્યાય પોતના પર્યાયસ્વભાવથી થાય છે, અન્યના કારણે નહિ–તે યુક્તિપૂર્વક સિદ્ધ થાય છે. અજ્ઞાનીને આ એકાંત–નિયત જેવું લાગે છે. નિમિત્તથી કાંઈ ન થાય, એ તેને નિયત લાગે છે તેનું કારણ એ છે કે વીતરાગી જૈનદર્શનનો એક અક્ષર તેણે યથાર્થપણે શ્રવણ કર્યો નથી, અંતરમાં ગ્રહણ કર્યો નથી. પંડિત નામ ધરાવે, અનેક વર્ષો સુધી અભ્યાસ કરે પણ સત્ય વાત કાને પડતાં તેને એકાંત લાગે છે, તેણે વીતરાગના માર્ગને સ્થિર થઈને સાંભળ્યો જ નથી.

ડોક્ટરે ઇન્જેક્શન આપ્યું તેથી તાવ ઊતર્યો–તે નિમિત્તનું કથન છે. ઇન્જેક્શનથી તાવ ઊતર્યો નથી પરંતુ તાવ તો તેના પોતાના કારણે ઊતર્યો છે. તેના પર્યાયસ્વભાવને સ્વતંત્ર ન માને તે ઈશ્વરકર્તાની જેમ જ આ પર્યાયમાં પરનું કર્તાપણું માને છે, બન્નેની માન્યતા સમાન જ છે. ઉત્પાદ–વ્યય–ધ્રૌવ્ય એ પર્યાયના ત્રણ સ્વતંત્ર અંશો એક સમયમાં અને સ્વતંત્ર છે–એમ માનવાથી પર્યાયબુદ્ધિ છૂટી જાય છે.

આ ઉપરથી એમ સમજવું કે–પરદ્રવ્યરૂપ જ્ઞેયપદાર્થો તેમના ભાવે પરિણમે છે અને જ્ઞાયકઆત્મા પોતાના ભાવે પરિણમે છે; તેઓ એકબીજાને પરસ્પર કાંઈ કરી શકતા નથી. માટે જ્ઞાયક પરદ્રવ્યોને જાણે છે તે વ્યવહારથી જ કહેવામાં આવે છે. નિશ્ચયથી તો જ્ઞાયક તે જ્ઞાયક જ છે. અહીં મૂળ જ્ઞેય-જ્ઞાયકની જ વાત કરે છે. જ્ઞેય એવું પુસ્તક છે માટે જ્ઞાનપરિણામ છે–એમ નથી, તેમ લોકાલોક છે માટે જ્ઞાન છે–એમ નથી. અજ્ઞાની કહે છે કે–સામે જેવી ચીજ હોય એવું જ જ્ઞાન થાય છે એનું કારણ ? તો કહે છે કે જ્ઞાનનો સ્વ–પરપ્રકાશક સ્વભાવ જ છે. જ્ઞાન પરને જાણે છે તે તો વ્યવહાર જ છે પરંતુ જ્ઞાન પોતાને જાણે છે તે પણ ભેદ પાડ્યો હોવાથી વ્યવહર છે; વસ્તુસ્વભાવમાં એવો વિકલ્પ નથી.

(ખડી તો ખડી જ છે–એ નિશ્ચય છે. ખડી–સ્વભાવે પરિણમતી ખડી ભીંત–સ્વભાવે પરિણમતી ભીંતને સફેદ કરે છે–એમ કહેવું તે પણ વ્યવહાર છે. તેવી રીતે જ્ઞાયક તો જ્ઞાયક જ છે–એ નિશ્ચય છે. જ્ઞાનસ્વભાવે પરિણમતો જ્ઞાયક પરદ્રવ્યસ્વભાવે પરિણમતાં એવાં પરદ્રવ્યોને જાણે છે–એમ કહેવું તે પણ વ્યવહારકથન છે. આવા નિશ્ચય–વ્યવહાર કથનને હવે ગાથામાં દ્રષ્ટાંત દ્વારા સ્પષ્ટ કરે છે :–)

**જ્યમ સેટિકા નથી પર તણી, છે સેટિકા બસ સેટિકા,**
**જ્ઞાયક નથી ત્યમ પર તણો, જ્ઞાયક ખરે જ્ઞાયક તથા. ૩૫૬.**

**જ્યમ સેટિકા નથી પર તણી, છે સેટિકા બસ સેટિકા,**
**દર્શક નથી ત્યમ પર તણો, દર્શક ખરે દર્શક તથા. ૩૫૭.**
**જ્યમ સેટિકા નથી પર તણી, છે સેટિકા બસ સેટિકા,**
**સંયત નથી ત્યમ પર તણો, સંયત ખરે સંયત તથા. ૩૫૮.**
**જ્યમ સેટિકા નથી પર તણી, છે સેટિકા બસ સેટિકા,**
**દર્શન નથી ત્યમ પર તણું, દર્શન ખરે દર્શન તથા. ૩૫૯.**
**એમ જ્ઞાન-દર્શન-ચરિતવિષયક કથન નિશ્ચયનય તણું;**
**સાંભળ કથન સંક્ષેપથી એના વિષે વ્યવહારનું. ૩૬૦.**
**જ્યમ નિજ સ્વભાવથી સેટિકા પરદ્રવ્યને ધોળું કરે,**
**જ્ઞાતાય એ રીત જાણતો નિજ ભાવથી પરદ્રવ્યને. ૩૬૧.**
**જ્યમ નિજ સ્વભાવથી સેટિકા પરદ્રવ્યને ધોળું કરે,**
**આત્માય એ રીત દેખતો નિજ ભાવથી પરદ્રવ્યને. ૩૬૨.**
**જ્યમ નિજ સ્વભાવથી સેટિકા પરદ્રવ્યને ધોળું કરે,**
**જ્ઞાતાય એ રીત ત્યાગતો નિજ ભાવથી પરદ્રવ્યને. ૩૬૩.**
**જ્યમ નિજ સ્વભાવથી સેટિકા પરદ્રવ્યને ધોળું કરે,**
**સુદ્રષ્ટિ એ રીત શ્રદ્ધતો નિજ ભાવથી પરદ્રવ્યને. ૩૬૪.**
**એમ જ્ઞાન—દર્શન—ચરિતમાં નિર્ણય કહ્યો વ્યવહારનો,**
**ને અન્ય પર્યાયો વિષે પણ એ જ રીતે જાણવો. ૩૬૫.**

આચાર્યદેવ ક્રમબદ્ધપર્યાયની પુષ્ટિ કરતા આવે છે અને સ્પષ્ટ કરે છે. આત્મા અનાદિઅનંત જ્ઞાનસ્વભાવી છે, અને તેનો પર્યાય સમયે સમયે સ્વ–પરપ્રકાશકપણે થાય છે. તે પર્યાય જ્ઞાનનો છે તેમ ન માનતાં જ્ઞેયનો માનવો તે જ મિથ્યાત્વ છે. આ ખીલેલો જ્ઞાનપર્યાય સ્વને જાણે છે તે નિશ્ચય છે તથા વિકલ્પાદિને જાણે છે–એમ કહેવું તે વ્યવહાર છે.

ખડી છે તે ધોળાગુણથી ભરેલું દ્રવ્ય છે. ભીંતાદિ પરદ્રવ્ય વ્યવહારે ખડીનું શ્વૈત્ય (શ્વેત કરાવાયોગ્ય પદાર્થ) છે. ખડીનું ધોળાપણું ખડીની બહાર જતું નથી. હવે ધોળું કરનારી ખડી ધોળું થવાયોગ્ય ભીંતાદિની છે કે નહિ ? એમ એ બંનેનો તાત્ત્વિક સંબંધ વિચારવામાં આવે છે. આચાર્યદેવને વિચારવાનું બાકી નથી પણ લોકોને સમજાવવું છે તેથી એમ કહ્યું છે. ખડી ભિંત આદિની હોય તો શું થાય તે પ્રથમ વિચારીયે. જેનું જે હોય તે જ હોય, જેમ આત્માનું જ્ઞાન હોવાથી જ્ઞાન તે આત્મા જ છે. (-જુદું દ્રવ્ય નથી). ખડી ભીંતાદિની હોય તો ખડી જ ન રહે, તેમ જ્ઞાન–દેવ-ગુરુ-શાસ્ત્રનું હોય તો જ્ઞાન જ ન રહે. ખડી તે ખડી જ છે; આવો તાત્ત્વિક સંબંધ જીવંત છે.

# શ્રી સમયસાર ગાથા ૩૫૬ થી ૩૬૫ ટીકા

**(કારતક સુદ ૧, બુધવાર, ૨૦૦૮)**

ધર્મ કેવી રીતે થાય અને ક્યાં થાય છે ? તે અહીં કહે છે. ધર્મ કહો કે શાંતિ કહો–તે એક જ છે. આત્માનો જ્ઞાન સ્વભાવ છે તે પરચીજને લીધે પ્રગટ થતો નથી. આત્માનો આનંદ પર ચીજને લીધે થાય છે—એમ માનીને અજ્ઞાની અનાદિથી પરની રુચિ કરે છે અને સ્વને ભૂલી જાય છે તેથી તેને શાંતિ થતી નથી.

આત્મા વસ્તુ છે. તેની પર્યાયમાં પુણ્ય-પાપની લાગણી થાય છે તે વિકાર છે, એ વિકાર પરને લીધે થયો નથી. જ્ઞાન પરને જાણે છે માટે પરનું જ્ઞાન છે એમ નથી પણ અનાદિથી પરને લીધે જ્ઞાન થાય છે-એમ અજ્ઞાની માને છે, પણ ખરેખર જ્ઞાન જ્ઞાતાનું છે એમ તે માનતો નથી, તેથી સંસારમાં રખડે છે.

અહીં ખડીનું દ્રષ્ટાંત છે કે ખડી ભીંતાદિને ધોળી કરે છે. તેથી કાંઈ ખડી ભીંત આદિ રૂપ થતી નથી. જો ભીંતાદિ રૂપ થઈ જાય તો ખડી જુદી રહેતી નથી; એમ થતાં ખડીનો નાશ થાય, ભીંતાદિને ખડી ધોળી કરે છે એમ વ્યવહારે કહેવાય. પણ ભીંતાદિરૂપે ખડી થતી નથી, એકપદાર્થ બીજા પદાર્થરૂપે બદલે તો પદાર્થનો નાશ થઈ જાય. માટે નક્કી થયું કે ખડી ભીંતની નથી, ખડી ખડીની જ છે, તો કોઈ કહે કે ખડીથી જુદી બીજી કઈ ખડી છે કે જેની આ ખડી છે ? એવા બે ભાગલા ખડીના છે ? તો કહે છે કે ખડી તે સ્વ છે અને ખડીની તે સ્વામી છે. એમ ખડી ખડીની છે, એ સ્વ–સ્વામી અંશરૂપ બે ભાગલા પડ્યા છે પણ તેથી કરીને બે ખડી જુદી જુદી નથી. હવે કહે છે કે : ખડીના સ્વ-સ્વામી અંશરૂપ બે ભાગલા પાડીને શું કામ છે ? એમાં તો ભેદ સાબિત થાય છે પણ ખડીનું અભેદસ્વરૂપ સિદ્ધ થતું નથી, માટે એમાં કાંઈ સાધ્ય નથી, તો પછી ખડી કોઈની નથી. ખડી ખડી જ છે, એ નિશ્ચય છે. એ પ્રમાણે દ્રષ્ટાંત કહ્યું. જેમ આ દ્રષ્ટાંત છે એમ નીચે પ્રમાણે દ્રાષ્ટાંત એટલે કે સિદ્ધાંત છે તે કહે છે :–

આ જગતમાં ચેતયિતા એટલે ચેતનારો તે આત્મા છે, તે જ્ઞાન ગુણથી ભરેલા સ્વભાવવાળું દ્રવ્ય છે. પુદ્‌ગલ આદિ પરદ્રવ્ય વ્યવહારે તે ચેતયિતાનું (આત્માનું) જ્ઞેય છે. દયા, દાન, ભક્તિ આદિના વિકલ્પો થાય તેને આત્મા વ્યવહારે જાણે છે કેમ કે પરને જાણતાં પરરૂપ થતો નથી. પર એવાં શરીરાદિ તથા રાગાદિ વિકલ્પોને આત્મા કરે અને ફેરવે તો નહિ પણ એને જાણે છે એમ કહેવું તે પણ વ્યવહાર છે. અજ્ઞાની માને છે કે પુણ્ય-પાપ આદિ પરિણામ થયા એનાથી જ્ઞાન થયું છે. પુણ્ય-પાપાદિ ભાવોને જાણતાં જ્ઞાન તેમાં તન્મય થઈ ગયું છે માટે પરનું જ્ઞાન છે એમ તે માને છે, તેને

કહે છે કે જેમ ખડી ભીંતને ધોળી કરે છે એમ વ્યવહાર કરવામાં આવે છે. એમ આત્મા પરને જાણે છે તે વ્યવહાર છે. પરને જાણતાં જ્ઞાન પરરૂપ થતું નથી માટે વ્યવહાર છે. અનંત કાળ થયાં વાસ્તવિક પદાર્થનું જ્ઞાન કર્યું નથી તેથી પરના કારણે આત્માનું જ્ઞાન થાય છે—એમ મૂઢ જીવો માની રહ્યા છે.

હવે જ્ઞાયક આત્મા, જ્ઞેય એટલે જણાવાયોગ્ય પુદ્ગલ આદિ પરદ્રવ્યનો છે કે નથી ? આત્મા રાગાદિનો છે કે નથી ? એમ તે બન્નેનો તાત્ત્વિકસંબંધ અહીં વિચારવામાં આવે છે–જો ચેતયિતા એટલે આત્મા પુદ્ગલાદિનો હોય તો તે શું થાય? તે પ્રથમ વિચારીયે–

"જેનું જે હોય તે તે જ હોય, જેમ આત્માનું જ્ઞાન હોવાથી જ્ઞાન તે આત્મા જ છે."

પુસ્તકનું જ્ઞાન થઈ જાય તો જ્ઞાન જ્ઞાનનું રહેતું નથી. આત્મા જાણનાર છે. દેવ, ગુરુ, શાસ્ત્ર તથા રાગાદિ વિકલ્પો જ્ઞેય છે, તે જ્ઞેયરૂપે જ્ઞાન થઈ જાય તો જ્ઞાન ભિન્ન રહેતું નથી. આત્મા સૂક્ષ્મ છે. તેના ગુણ પર્યાય પણ સૂક્ષ્મ છે. તો તે સૂક્ષ્મતાથી જણાય છે એ વાત ચાલે છે.

રાગાદિ છે–તે જ્ઞાનનું જ્ઞેય છે. જો જ્ઞેયનું જ્ઞાન હોય તો આત્મા વર્તમાન રાગમાં સમાઈ ગયો, જુદો રહેતો નથી, પણ પરને જાણતાં આત્મા પરનો થતો નથી, પણ પરને જાણતાં પરરૂપ થઈ ગયો એમ અનાદિથી અજ્ઞાની માને છે. જ્ઞાનમાં પર જણાય છે તે આત્માના સ્વ–પરપ્રકાશક સ્વભાવને લીધે જણાય છે. જેવો વિકલ્પ હોય એવું જ જ્ઞાન થાય છે તેથી અજ્ઞાનીને તેના અજ્ઞાનના કારણે ભ્રમ થઈ જાય છે કે જ્ઞાન જ્ઞેયથી થાય છે પણ **જ્ઞાન ખરેખર પરરૂપ થઈને પરને જાણતું નથી.** જેમ ખડીખડીરૂપે રહીને ભીંતને ધોળી કરે છે એમ કહેવાય છે તે વ્યવહાર છે પણ ખરેખર ખડી ભીંતને ધોળી કરતી નથી પણ ખડી ધોળા સ્વભાવ રૂપે રહે છે, ભીંતરૂપે થતી નથી, તેમ આત્મા રાગાદિને જાણે છે એમ કહેવાય છે તે વ્યવહાર છે પણ ખરેખર જ્ઞાન જ્ઞાનરૂપે રહીને જાણે છે, પરરૂપે થતું નથી.

કોઈ કહે કે આ કઈ જાતનો ધર્મ હશે ? આમાં ધર્મ ક્યાં આવ્યો ? આમાં તો દયા, દાન, ભક્તિ, વ્રત, પૂજા વગેરે કાંઈ કરવાની વાત આવી નહિ, તો અહીં કહે છે કે આત્મા દયા-દાનાદિના પરિણામો થાય, તેને જાણતાં તે રૂપે થતો નથી, માટે જ્ઞાન તે પરદ્રવ્ય રૂપ જ્ઞેયનું નથી પણ આત્માનું છે. જો જ્ઞેયરૂપ જ્ઞાન થાય તો જ્ઞાન જ્ઞાનનું રહેતું નથી ને એમ થતાં આત્માનો નાશ થાય; કેમ કે **જેનું જે હોય તે તે જ હોય,** આવો તાત્ત્વિક સંબંધ જીવનો હોવાથી આત્મા પુદ્ગલ દ્રવ્યાદિનો હોય તો આત્મા પુદ્ગલાદિ જ હોય અર્થાત્ ચેતયિતા પુદ્ગલાદિ સ્વરૂપ જ હોવો જોઈએ.

પુદ્‌ગલાદિથી જુદું આત્મ દ્રવ્ય ન હોવું જોઈએ; એમ થતાં આત્માનો નાશ થાય.

જેમ ખડી ભીંત નથી. કેમ કે પરમાર્થે ભીંતનો સંબંધ જ નથી તેમ આત્મા શરીર, વાણી આદિરૂપ કે વિકલ્પરૂપ નથી. કેમ કે પરમાર્થે પરદ્રવ્ય સાથે આત્માને કાંઈ સંબંધ નથી, જ્ઞાનમાં રહીને વાણી આદિને જ્ઞાન જાણે છે પણ વાણીરૂપે થઈને વાણીને જાણે છે એમ નથી. પરને જાણે છે પણ પરરૂપે થતો નથી, પરને જાણતાં, **<u>પરનું જ્ઞાન છે—એમ માનવું તે મિથ્યાત્વ છે.</u>** એમ અહીં કહે છે અને પર્યાય બુદ્ધિ ઉડાડે છે. **<u>જ્ઞાન સ્વભાવમાંથી જ્ઞાનની પર્યાય આવે છે, નિમિત્ત કે રાગમાંથી જ્ઞાનની પર્યાય આવતી નથી.</u>** રાગ છે તો જ્ઞાન છે—એમ માનતાં માન્યતામાં આત્માનો નાશ થાય છે. કેમ કે જ્ઞાન આત્માને લીધે થાય છે, રાગને લીધે થતું નથી. જેમ ખડી જો ભીંતની હોય તો ભીંતમય હોય; પણ ભીંત રહે છે અને ખડી ઉખડી જાય છે માટે ખડી ભીંતમય નથી. ખડી ખડીની છે, ભીંતની નથી. એમ જ્ઞાન જ્ઞેયમય નથી. આત્મા જ્ઞાનમય છે તેથી રાગને જાણતાં જ્ઞાન રાગથી જુદું રહે છે.

અજ્ઞાનીને પર પદાર્થોમાં એકત્વબુદ્ધિ હોવાથી આત્મા પરથી ભિન્ન છે તે વાત તેને રુચતી નથી. સંસારમાં તે સુખ માને છે પણ એમાં સુખ નથી જેમ સન્નિપાતમાં રોગીને દુઃખ ભાસતું નથી, તે કોઈ વાર હસે પણ છે આઠ જણ પકડે તો પણ રહે નહિ. બે ચાર કલાકમાં તો મરી જવાનો હોય પણ તે સન્નિપાતીયાને દુઃખ લાગતું નથી, એમ અજ્ઞાનીને જ્ઞાનમાં પર પદાર્થ જણાતાં, તે પરમાં એકત્વબુદ્ધિ કરે છે તેથી તે દુઃખી છે; તેને સન્નિપાત લાગુ પડ્યો છે, પણ એને દુઃખ લાગતું નથી. એને એમ લાગે છે કે હું જે પ્રમાણે વસ્તુનું સ્વરૂપ માનું છું એમ ભગવાન અને શાસ્ત્ર કહે છે; એટલે કે દેવ–ગુરૂ-શાસ્ત્રને પણ આ રીતે તે ખોટા ઠરાવે છે, પણ તે ખોટા થતા નથી, પણ પોતે ખોટો થાય છે.

જ્ઞાન, જ્ઞેયને વ્યવહારે જાણે છે ખરું પણ તે જ્ઞાન જ્ઞેયનું નથી, જો જ્ઞેયનું જ્ઞાન હોય તો જ્ઞાન રાગ અને નિમિત્તનું થઈ જાય છે. પણ જ્ઞાનનું જ્ઞાન રહેતું નથી એમ હોતાં આત્માનો શ્રદ્ધામાં નાશ થાય છે, એટલે નક્કી થાય છે કે આત્મા જ્ઞાયક છે તે જ્ઞાયકરૂપે જ રહે છે. **<u>વર્ષારંભના મંગળમુહૂર્તમાં આ કહેવાય છે. તે જ જગતમાં પ્રસિદ્ધ છે, આ સબરસ છે.</u>** આત્માને પરની સાથે સંબંધ નથી. આત્માનું જ્ઞાન હોવાથી જ્ઞાન તે જ આત્મા છે, જ્ઞાન પરનું હોય તો પુદ્‌ગલાદિમય થઈ જાય, એમ થતાં આત્માનો નાશ થાય છે એટલે કે યથાર્થ આત્મા દ્રષ્ટિમાં રહેતો નથી.

આત્મા જ્ઞાનસ્વભાવી છે તે વાત ચાલે છે. દર્શન, ચારિત્ર વગેરે અનંતગુણોમય આત્મા છે–તે વાત આગળ કહેશે. જ્ઞાનની પર્યાય પર્યાયવાનની છે કે પરની છે, તે સાબિત કરે છે. પરની પર્યાય હોય તો પરમય થઈ જાય, આત્મા રહેતો નથી. અહીં પુદ્‌ગલઆદિરૂપે થઈ જાય એમ કહ્યું છે. એમાં આત્માના વિકલ્પોનો પણ સમાવેશ થઈ જાય છે. રાગાદિના પરિણામો પણ પુદ્‌ગલમય છે, શુભવિકલ્પો હોય તો મારું જ્ઞાન ટકે એમ માનનાર, જ્ઞાન જ્ઞાનનું છે—એમ માનતો નથી, એને જ્ઞાનરૂપે રહેવું નથી. તે જ્ઞાનમાં ખદબદાટ કરે છે તેથી તેને સુખ થતું નથી. આગમને જાણતાં આગમનું જ્ઞાન થયું, એમ તે માને છે એ જ અધર્મ છે. જ્ઞાનનું જ્ઞાન છે–એમ માનવું તે ધર્મ છે. આ સિવાય પરને લેવામાં કે મૂકવામાં, ધર્મ કે અધર્મનો સંબંધ નથી.

કોઈ કહે કે સમ્યક્દર્શન થયા પહેલાં શું માનવું ? તેને કહે છે કે પહેલા સત્ય માનવું કે અસત્ય માનવું ? આ જે સત્ય કહેવાય છે તેનો પ્રથમ હકાર લાવવો, તે જ શરૂઆત છે, આ જ પરમ સત્ય છે. એવો હકાર પ્રથમ ભૂમિકામાં આવવો જોઈએ. જ્ઞાનનો સ્વ-પર પ્રકાશક સ્વભાવ છે, કોઈનું–પરનું કાંઈ કરવાનો સ્વભાવ નથી. તે જ્ઞાન, સ્વમાં રહીને પરને જાણે છે. પરરૂપ થઈને પરને જાણતું નથી. વસ્તુનું સ્વરૂપ જ આવું છે, વાણીમાં પણ એવું જ આવ્યું છે અને જ્ઞાનમાં પણ એવું જ જણાણું છે. ગોળ ગળપણ સ્વભાવે છે તે તેનું સ્વરૂપ છે. કોઈ ગોળને કાળી જીરી કહે તો ગોળ ફરી જાય નહિ, ગોળ પદાર્થ છે તો વાણીમાં પણ ગોળ જ આવે અને જ્ઞાન પણ ગોળ જ જાણે, એમ આત્મા જ્ઞાનસ્વરૂપી છે, વાણીમાં પણ એમ જ આવે અને જ્ઞાનપણ એવું જ જાણે છે. આમ યથાર્થ જાણવામાં આવે તો જ્ઞાનનો પર્યાય આત્માનો છે પણ નિમિત્ત કે રાગનો નથી એમ નિર્ણય થાય, પરનો માનવામાં આવે તો દ્રષ્ટિમાં આત્માનો નાશ થાય.

કારણ કે એક દ્રવ્યનું અન્યદ્રવ્ય રૂપે સંક્રમણ થવાનો તો પૂર્વે જ નિષેધ કર્યો છે. માટે સિદ્ધ થયું કે ચેતયિતા પુદ્‌ગલાદિનો નથી. ગાથા ૧૦૩માં આવ્યું છે કે વસ્તુ પોતાના દ્રવ્ય–ગુણમાં જ વર્તે છે પરંતુ દ્રવ્યાંતર કે ગુણાંતર રૂપે સંક્રમણ પામતી નથી અને દ્રવ્યાંતર કે ગુણાંતર રૂપે નહિ સંક્રમતી તે અન્ય વસ્તુને કેમ પરિણમાવી શકે ? માટે પરભાવ કોઈથી કરી શકાય નહિ. જે અંશે જેનો છે એનો ન માને તો દ્રવ્યનો નાશ થાય છે પણ દ્રવ્યનો નાશ તો થતો નથી, માત્ર તેમ માનનારની દ્રષ્ટિમાં દ્રવ્યનો નાશ થાય છે. તેથી અંતર્મુખ દ્રષ્ટિ કરાવે છે કે જ્ઞાન સ્વભાવી આત્મા, જ્ઞાનથી ભરેલો છે પણ નિમિત્ત કે રાગથી ભરેલો નથી. જે ભરેલો છે તે પોતાના

આશ્રયે ઉછળે છે; માટે ચેતયિતા પુદ્‌ગલનો નથી, તો ચેતયિતા કોનો છે ? ચેતયિતાનો જ ચેતયિતા છે.

આ ચેતયિતાથી જુદો એવો બીજો કયો ચેતયિતા છે કે જેનો આ ચેતયિતા છે ? આ ચેતયિતાથી જુદો અન્ય કોઈ ચેતયિતા નથી, જુદા જુદા બે સ્વ–સ્વામી રૂપ અંશો જ છે. અહીં સ્વ–સ્વામીરૂપ અંશોના વ્યવહારથી શું સાધ્ય છે ? કાંઈ સાધ્ય નથી. આત્મા રાગનો અને નિમિત્તનો છે–એ વાત તો નથી પણ ''આત્મા આત્માનો છે'' એવા બે અંશોના ભેદ પાડીને તારે શું કામ છે ? એમાંથી તો વિકાર થશે પણ આત્મા શ્રદ્ધામાં આવશે નહિ. ભેદ દ્રષ્ટિથી પણ આત્મા શ્રદ્ધામાં આવતો નથી; તો પછી વિકલ્પ અને નિમિત્તથી આત્મા શ્રદ્ધામાં આવે–એમ તો બને જ નહિ, ''પોતે પોતાનો છે'' તે સ્વસ્વામી સંબંધ છે એ સંબંધથી આત્માને શું લાભ છે ? એવા વ્યવહારથી પણ શું લાભ છે ? એમાંથી તો સંસાર પ્રગટે છે, એમાંથી આત્મા પ્રાપ્ત થશે નહિ. વસ્તુ તો અભેદ છે, એમાં ભેદ પાડવાથી વિકાર થાય છે.

જેવો સ્વભાવ છે તેવો અંતરમાં હકાર લાવશે તો તે સત્ય છે. નકાર કરવાથી સત્ય થતું નથી. આત્માને સુખી થવું છે કે દુઃખી થવું છે ? શ્રેય કરવું છે કે અશ્રેય કરવું છે ? જો શ્રેય અને હિત કરવું હોય તો સત્યનો પ્રથમ હકાર લાવ, એ જ માર્ગે શ્રેયની પ્રાપ્તિ થશે.

***

# <u>પ્રસાદ નં. ૧૦</u>

## <u>શ્રી સમયસાર ગાથા ૩૫૬—૩૬૫</u>

**(કારતક સુદ ૨, ગુરુવાર, ૨૦૦૮, તા. ૧-૧૧-૫૧)**

અહીં ખડીના દ્રષ્ટાંતથી જણાવે છે કે આત્મા જ્ઞાયક ત્રિકાળ શુદ્ધ સ્વભાવી છે. તે જ્ઞાનગુણથી ભરેલો છે. તેની એક સમયની પર્યાયમાં રાગને અને નિમિત્તને તે જાણે છે, તે વ્યવહાર છે. કેમ કે રાગ અને નિમિત્તને જાણતાં રાગ કે નિમિત્તનું જ્ઞાન થઈ જતું નથી. જેમ ખડી ભીંતને ધોળી કરે છે—એ કહેવા માત્ર છે. કેમ કે ખડી ભીંતરૂપે થતી નથી. એમ જ્ઞાન ખરેખર તો સ્વને જાણે છે; તે રાગ અને નિમિત્તને જાણે છે—એમ કહેવું તે વ્યવહાર છે, એનો અર્થ એ છે. જ્ઞાન પર્યાયને જાણતાં પરમય થતો નથી અને જ્ઞાનથી છૂટતો નથી તેથી પરને જાણે છે—એમ કહેવું તે વ્યવહાર છે. જ્ઞાનમાં જ્ઞેયનો અભાવ છે. આત્મા તરફ વલણ કરીને જ્ઞાન કરે તો તે સાચું જ્ઞાન છે અને પરનું વલણ કરીને જ્ઞાન કરે તે રખડતું જ્ઞાન છે.

આત્મા રાગ અને નિમિત્તનું જ્ઞાન કરે છે એમ કહેવું તે વ્યવહાર છે અને 'આત્મા આત્માને જાણે છે' તે સ્વ–સ્વામી અંશનો ભેદ હોવાથી તે પણ વ્યવહાર છે. તેવા ભેદથી સમ્યગ્દર્શન થતું નથી. આત્મા જ્ઞાનગુણથી ભરેલો છે; તે આત્મા જ્ઞાનથી જાણે છે એમ ભેદ પાડવાથી આત્માને શું લાભ છે ? જ્ઞાનથી ભરેલો અભેદ આત્મા છે તેની રુચિ કર **<u>સ્વભાવ અને સ્વભાવવાનના ભેદથી લાભ નથી તો પછી નિમિત્ત અને વિકારનું જ્ઞાન છે એવા વિકલ્પથી આત્માને લાભ છે જ નહિ. આ સત્યનો પ્રથમ હકાર આવવો જોઈએ.</u>** આત્મા જેમ જ્ઞાનથી ભરેલો છે તેમ દર્શન, ચારિત્ર, સુખાદિ અનંત ગુણોથી ભરેલો છે. આત્મા પરને જાણે છે તે વ્યવહાર છે અને સ્વને જાણે છે એમ ભેદ પાડવો તે પણ વ્યવહાર છે. આત્મા અખંડ જ્ઞાયક છે; તેમાં 'આ જાણનાર છે' અને 'આ જણાય છે' એવા ભેદનું પણ કામ નથી. આવું વસ્તુસ્વરૂપ છે–એમ સમજ્યા પછી વિકલ્પ આવે તો તે જ્ઞાન કરવા જેવો છે પણ આદરણીય નથી. આત્મા સ્વને જાણે તે વ્યવહાર છે, તે વ્યવહાર પણ અભૂતાર્થ છે. ભેદના અભાવથી જ સ્વભાવદ્રષ્ટિ થાય છે પણ ભેદથી સ્વભાવદ્રષ્ટિ થતી નથી.

આત્મ વસ્તુ અખંડ ચૈતન્યમૂર્તિ છે. એનું અવલંબન લ્યે તો સમ્યગ્દર્શન થાય છે. વ્યવહારના આશ્રયે તે થતું નથી કેમ કે વસ્તુમાં નિમિત્ત, રાગ કે ભેદ નથી. વસ્તુમાં નિમિત્ત હોય તો નિમિત્તનું લક્ષ છૂટે નહિ અને રાગ હોય તો રાગરહિત થાય નહિ. ભેદ હોય તો અભેદ થવાય નહિ.

માટે ભેદથી આત્માને જરાયે લાભ નથી. ભેદ અકિંચિત્કર છે, તેનાથી કાંઈ સાધ્ય નથી. જેમ નિમિત્ત આત્માને જરાયે લાભ કરતું નથી તેમ રાગ અને ભેદ પણ આત્માને કાંઈ લાભ કરતાં નથી. એકલા સ્વભાવથી જ લાભ છે. આમ અનેકાન્ત કર્યું છે.

કોઈ કહે છે કે "બહુ દળ દીસે જીવના વ્યવહારે શિવ યોગ." અહીં તો આચાર્ય ભગવાન કહે છે કે આત્મામાં ગુણ–ગુણીનો ભેદ પાડે તો તે પણ વ્યવહાર છે. અને એનાથી આત્માને લાભ થાય, એમ માને તો મિથ્યાદ્રષ્ટિ છે. આ રીતે વ્યવહારથી જે ધર્મ માને છે તેનામાં અને નિશ્ચય એક આત્માના સ્વભાવને લક્ષે જ ધર્મ થાય એમ જે માને છે તેમાં, ઊગમણો–આથમણો ફેર છે. વ્યવહારથી ત્રણકાળમાં ધર્મ થાય નહિ, વ્યવહારથી ધર્મ માને છે, ને કહે છે કે ભાઈ, સાંભળ, ત્રણકાળમાં તેં વસ્તુસ્વભાવ કેવો છે એ સાંભળ્યો જ નથી. વસ્તુસ્વભાવ અભેદ છે. એમાં ભેદ પાડવો તેથી પણ આત્માને લાભ નથી. આત્મા નિમિત્ત, રાગ અને ભેદનો નથી, જ્ઞાયક તો જ્ઞાયક જ છે એ નિશ્ચય છે.

આ રીતે અહીં એમ બતાવ્યું કે આત્મા પર દ્રવ્યને જાણે છે–એ વ્યવહાર કથન છે. આત્મા પોતાને જાણે છે એમ કહેવામાં પણ સ્વ–સ્વામી અંશરૂપ વ્યવહાર છે. અને જ્ઞાયક જ્ઞાયક જ છે–એ નિશ્ચય છે. આ રીતે આત્મા જ્ઞાયક જ છે–તેની શ્રદ્ધા કરે, એ જ સાચો રસ્તો છે. આ સિવાય બીજો કોઈ રસ્તો નથી. સ્વર્ગમાં જાય, મહાવિદેહમાં જાય, વ્રત કરે પણ "આત્મા જ્ઞાયક જ છે" એવી શ્રદ્ધા વગર ધર્મ થતો નથી.

વળી (જેવી રીતે જ્ઞાયક વિષે દ્રષ્ટાંત–દ્રાષ્ટાંતથી કહ્યું) એવી જ રીતે દર્શક વિષે કહેવામાં આવે છે. અહીં દર્શન અને શ્રદ્ધા ગુણ બન્નેની વાત છે. આ જગતમાં ખડી છે તે શ્વેત ગુણથી ભરેલી છે. ભીંતાદિ વ્યવહારે ખડીનું શ્વૈત્ય છે. ભીંતાદિ સફેદ થવા યોગ્ય છે અને ખડી સફેદ કરનારી છે. તે ખડી, ભીંતાદિ પર દ્રવ્યની છે કે નથી ? એમ તે બન્નેનો તાત્ત્વિક સંબંધ અહીં વિચારવામાં આવે છે.

જો ખડી ભીંતાદિ પર દ્રવ્યની હોય, તો શું થાય તે પ્રથમ વિચારીએ. જેનું જે હોય તે તે જ હોય. જેમ આત્માનું જ્ઞાન હોવાથી જ્ઞાન તે જ આત્મા છે. આવો તાત્ત્વિક સંબંધ જીવનો છે, તેથી ખડી જો ભીંતની હોય તો ખડી ભીંતની થઈ જાય; એમ થતાં ખડીનો નાશ થાય પરંતુ ખડીનો નાશ તો થતો નથી કારણ કે એક દ્રવ્યનું અન્ય દ્રવ્યરૂપે સંક્રમણ થતું નથી એ વાત તો પ્રથમ ગાથા ૧૦૩માં આવી ગઈ છે. માટે નક્કી થયું કે ખડી ભીંતની નથી. હવે આગળ વિચારીએ.

જો ખડી ભીંતની નથી તો કોની છે ? ખડીની ખડી જ છે આ ખડીથી જુદી એવી બીજી કઈ ખડી છે કે જેની આ ખડી છે ? ખડીથી જુદી અન્ય કોઈ ખડી નથી. જુદા જુદા બે સ્વ-સ્વામીરૂપ અંશો જ છે, અહીં સ્વ–સ્વામી રૂપ અંશોના વ્યવહારથી શું સાધ્ય છે ? કાંઈ સાધ્ય નથી. તો પછી ખડી કોઈની નથી, ખડી, ખડી જ છે એ નિશ્ચય છે. આ દ્રષ્ટાંત થયું. હવે સિદ્ધાંત કહે છે.

આ જગતમાં ચેતયિતા છે તે દર્શન ગુણથી ભરેલા સ્વભાવવાળું દ્રવ્ય છે. પુદ્‌ગલ આદિ પરદ્રવ્ય વ્યવહારે તે ચેતયિતાનું દ્રશ્ય છે. દેવ, ગુરુ, શાસ્ત્રાદિ વ્યવહારે શ્રદ્ધવાયોગ્ય છે. આત્મા શ્રદ્ધનારો છે. પર પદાર્થો તો દેખાવા યોગ્ય છે અને પરને અડ્યા વગર પોતામાં રહીને પરને દેખનારો તો આત્મા છે. હવે દેવ-ગુરુ-શાસ્ત્રનો વિકલ્પ ઊઠ્યો, તેનો અથવા પરદ્રવ્ય જે દ્રષ્ટાનું દ્રશ્ય છે, તેનો શ્રદ્ધનારો અને દ્રષ્ટા છે કે આત્મા નો છે ? એમ તે બન્નેનો તાત્ત્વિક સંબંધ અહીં વિચારવામાં આવે છે. જો ચેતયિતા પુદ્‌ગલ આદિનો હોય તો શું થાય, તે પ્રથમ વિચારીએ. જેનું જે હોય તે તે જ હોય. જેમ આત્માનું જ્ઞાન હોવાથી, જ્ઞાન તે આત્મા જ છે. આવો તાત્ત્વિક સંબંધ જીવતો હોવાથી, ચેતયિતા જો પુદ્‌ગલ આદિનો હોય તો આત્મા પુદ્‌ગલ આદિનો થઈ જાય અને એમ થતાં આત્માનો નાશ થાય.

દેવ, ગુરુ, શાસ્ત્રાદિની શ્રદ્ધા કરનારો કે તેમના પ્રત્યેના રાગની શ્રદ્ધા કરનારો આત્મા છે—એમ માનવામાં આવે તો આત્મા, નિમિત્ત અને રાગમય થઈ જાય, આત્મા જુદો રહેતો નથી. આત્મા દેવ, ગુરુ, શાસ્ત્રની શ્રદ્ધા કરનારો છે—એમ કહેવું તે વ્યવહાર છે.

આત્મા શ્રદ્ધા અને દ્રષ્ટા ગુણથી ભરેલો છે. તે દેવ, ગુરુ, શાસ્ત્રના વિકલ્પનો શ્રદ્ધનારો અને દ્રષ્ટા છે—એમ માનવામાં આવે તો રાગ અને પરમય આત્મા થઈ જાય, આત્મા જુદો રહેતો નથી. નવમી ગ્રૈવેયકે જાય એવો સાધુ થઈને અગિયાર અંગ અને નવ પૂર્વ ભણ્યો પણ આત્મા શું છે તેને અનંતકાળથી જાણ્યો નથી. દેવ, ગુરુ, શાસ્ત્રાદિ દ્રષ્ટાનું દ્રશ્ય છે. તે દેખાવાયોગ્ય નિમિત્ત છે. તેની શ્રદ્ધા કરનારો તથા દેખનારો આત્મા છે—એમ માને, તો માન્યતામાં આત્માનો નાશ થાય છે. કેમ કે નવ તત્ત્વાદિના વિકલ્પને લઈને અને દેવ, ગુરુ, શાસ્ત્રાદિની દ્રષ્ટાશક્તિથી સમ્યક્દર્શન થતું નથી. અહીં તો કહે છે કે વિકલ્પની શ્રદ્ધા કરનારો પણ આત્મા નથી તો પછી પૈસા, કુટુંબાદિનો આત્મા થાય, એમ તો કેમ જ બને ? એમ થતાં તો આત્માનો નાશ થઈ જાય, પણ એમ તો બનતું નથી કારણ કે એક દ્રવ્યનું

અન્ય દ્રવ્યરૂપે સંક્રમણ થવાનો તો પૂર્વે જ નિષેધ કર્યો છે માટે નક્કી થયું કે પુદ્‌ગલાદિનો આત્મા નથી. હવે આગળ વિચારવામાં આવે છે.

જો ચેતયિતા એટલે આત્મા પુદ્‌ગલાદિનો નથી, તો તે કોનો છે ? આત્મા આત્માનો છે, તે સ્વ–સ્વામી અંશથી આત્માને શું લાભ છે ? ગુણ-ગુણીનો ભેદ પાડવામાં પણ આત્માને લાભ નથી, અભેદ આત્માની રુચિ કરે તો આત્માને લાભ થાય એમ છે. ચોથે આરે જન્મે કે મહાવિદેહ ક્ષેત્રમાં જાય પણ આ સમજ્યે જ સંસારનો આરો આવે એમ છે. ભેદ પાડવામાં લાભ નથી એમ કહ્યું; તેનાથી નુકશાન છે એમ નક્કી થાય છે; એ અનેકાન્ત છે. આ ઉપરથી સિદ્ધ થાય છે કે આત્મા સ્વભાવનો છે પણ વ્યવહાર રત્નત્રય આદિ રાગ કે નિમિત્તનો નથી. સ્વભાવ ત્રણ કાળમાં એનો (રાગ કે નિમિત્તનો) થતો નથી. વિકલ્પ હોય કે વિકલ્પ ટળી ગયો હોય પણ સ્વભાવ તો સ્વભાવ જ રહે છે. સ્વભાવ કદી એ રૂપે થતો નથી. આત્મા વિકલ્પને શ્રદ્ધે છે એ વ્યવહારનું કથન છે. **પુદ્‌ગલ એ વ્યવહાર અને વ્યવહાર તે પુદ્‌ગલ છે. નવ તત્ત્વમાં સંવર, નિર્જરા ને મોક્ષ તત્ત્વ પણ પર દ્રવ્ય છે. ચૈતન્ય અખંડ અભેદ તત્ત્વ છે તે સ્વદ્રવ્ય છે.** ભેદ પડે તે પર દ્રવ્ય છે. ભેદથી તો કર્મ એકઠું થાય છે, માટે તે પરદ્રવ્ય છે. સ્વ દ્રવ્ય તો દર્શનાદિ ગુણોથી ભરેલું છે પરનો સ્વદ્રવ્યમાં અભાવ છે.

આત્મા પુદ્‌ગલાદિનો નથી તો કોનો છે ? આત્મા આત્માનો છે આ આત્માથી જુદો એવો કયો બીજો આત્મા છે કે જેનો આ આત્મા છે ? આત્માથી જુદો કોઈ આત્મા નથી. જુદા જુદા સ્વ–સ્વામી અંશો જ છે. અહીં સ્વ–સ્વામી અંશોમાં વ્યવહારથી શું સાધ્ય છે ? કાંઈ સાધ્ય નથી. શ્રદ્ધા આત્માની કરે છે એવા ભેદથી પણ આત્માને લાભ નથી. ગુણ ગુણીના વિકલ્પથી લાભ નથી કેમ કે ચૈતન્યમાં ભેદ નથી, તે તો સદા એકરૂપ છે, સત્ય આ જ છે. એકને માટે આ સત્ય હોય અને બીજાને માટે બીજું સત્ય હોય એમ નથી. અહીં તો કહે છે કે વ્યવહારથી શું સાધ્ય છે ? અજ્ઞાની માને છે કે વ્યવહાર સાધન અને નિશ્ચય સાધ્ય છે પણ તે વાત ખોટી છે. અંતર અભેદ સ્વભાવ છે તેનું વલણ કર્યે સમ્યગ્દર્શન પ્રગટે છે. ભેદ પાડ્યે તે પ્રગટતું નથી. સમયસારમાં અગિયારમી ગાથામાં કહ્યું છે કે વ્યવહાર અભૂતાર્થ છે તે વાત જ અહીં કહી છે. આ રીતે દર્શક નિમિત્ત, રાગ કે ભેદનો નથી પણ દર્શક જ છે એ નિશ્ચય છે.

ભગવાન શ્રી કુંદકુંદાચાર્યદેવ દિગંબર જૈન મુનિ હતા, તેઓ જંગલમાં વસતા હતા. તેમણે આ સમયસાર શાસ્ત્ર લખ્યું છે. એમ કહેવું તે નિમિત્તનું કથન છે. આ શાસ્ત્ર બનતી વખતે નિમિત્ત કોણ હતું–તેનું જ્ઞાન કરાવવાનું તે કથન છે. ત્રિકાળ જ્ઞાયક શુદ્ધ સ્વભાવી આત્મા છે–તેનો આશ્રય કરવો, એ જ

કરવા જેવું છે. ત્રણે કાળે આ એક જ સિદ્ધાંત છે. કોઈ કહે કે વ્યવહારથી નિશ્ચય થાય, તો પછી નિશ્ચયથી નિશ્ચય થાય એ વાત રહેતી નથી. આ વાતમાં ઊગમણો–આથમણો ફેર છે. જૈન સંપ્રદાયમાં પણ આવો ફેર છે તો જૈન સિવાય અન્યની તો વાત જ શું કરવી ? સર્વજ્ઞ ત્રિલોકનાથ વીતરાગદેવ સિવાય આ વાત બીજે ક્યાંય નથી. સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર કેમ પ્રગટે એટલે કે મોક્ષમાર્ગ કેમ પ્રગટે–તે કહે છે કે સ્વભાવમાં ભેદ પાડવાથી તે પ્રગટતો નથી પણ અભેદની શ્રદ્ધા કરવાથી પ્રગટે છે.

આ રીતે અહીં બતાવ્યું છે કે :–આત્મા પર દ્રવ્યને દેખે છે અથવા શ્રદ્ધે છે–એ વ્યવહારકથન છે. આત્મા પોતાને દેખે છે અથવા શ્રદ્ધે છે–એમ કહેવામાં પણ સ્વ–સ્વામી અંશરૂપ વ્યવહાર છે. દર્શક દર્શક જ છે એ નિશ્ચય છે. શ્રદ્ધા ગુણથી ભરેલો આત્મા છે. એમાં પણ કારણથી શ્રદ્ધા થાય એમ તો છે જ નહિ. દેવ, ગુરુ, શાસ્ત્ર તો પરદ્રવ્ય છે. તેનો આત્મામાં અત્યંત અભાવ છે. અને આત્મામાં દેવ, ગુરુ, શાસ્ત્ર તરફનો વિકલ્પ ઊઠે તે પણ પર છે. અને આત્મા આત્માને જાણે છે તે પણ વ્યવહાર છે; એવો સ્વ–સ્વામી અંશનો ભેદ પણ આત્મામાં નથી. તેથી એના વડે લાભ થતો નથી. દર્શક દર્શક જ છે. એમ અભેદ આત્માને માનવો તે સમ્યગ્દર્શનનો વિષય છે.

આ પરમ સત્ય છે. તે કોના માટે હશે ? કોઈને એમ લાગે કે આ તો મુનિ કે કેવળીને માટે હશે ? તો કહે છે કે એમ નથી. આ સત્ય તો જ્ઞાની અજ્ઞાની બધાને માટે છે. થોડા માટે સત્ય હોય અને થોડા માટે અસત્ય હોય એમ નથી. બધાને માટે એક જ રીત છે. ભાવ અને ભાવવાનનો ભેદ પાડવો તે સ્વભાવમાં નથી. ભેદનો વિકલ્પ પૂર્ણ દશા ન થાય ત્યાં સુધી હોય ખરો પણ એ ભેદથી આત્માને લાભ નથી. આત્માની સાચી શ્રદ્ધા વખતે દેવ, ગુરુ, શાસ્ત્રનું નિમિત્ત હોય પણ કુદેવાદિનું નિમિત્ત હોતું નથી. વિકલ્પ પણ દેવ, ગુરુ, શાસ્ત્રનો હોય છે. ભેદ પણ હોય છે, છતાં અહીં તો ભેદને ગૌણ કરી અભેદ, દર્શક તે દર્શક જ છે એમ કહ્યું છે. તે પણ સમજાવવાની રીત છે. છે તે છે, એમાં દર્શક તે દર્શક છે—એમ કહેવું તે પણ ભેદ છે પણ સમજાવવામાં એમ જ આવે.

વળી જેવી રીતે જ્ઞાયક તથા દર્શક વિષે દ્રાષ્ટાંતથી કહ્યું, એવી જ રીતે અપોહક (ત્યાજક, ત્યાગ કરનાર) વિષે કહેવામાં આવે છે. પ્રથમ દ્રષ્ટાંત ખડીનું આપેલ છે તે દ્રષ્ટાંત અહીં સમજી લેવું. તેવી રીતે આ જગતમાં જે ચેતયિતા છે તે જેનો જ્ઞાન-દર્શનગુણથી ભરેલો, પરના અપોહનસ્વરૂપ (ત્યાગસ્વરૂપ) સ્વભાવ છે, એવું દ્રવ્ય છે. આત્મા પર વસ્તુને અને રાગને છોડે છે, એમ કહેવાય છે–તે વ્યવહાર છે. કેમ કે પરવસ્તુનો તો આત્મામાં ત્યાગ જ છે. રાગને છોડવાનો વસ્તુમાં સ્વભાવ નથી. આત્માના

ત્રિકાળી સ્વભાવના લક્ષે રાગ છૂટી જાય છે એટલે કે રાગની ઉત્પત્તિ જ થતી નથી. ભગવાન આત્મા રાગના અભાવસ્વભાવરૂપ જ છે, તે રાગને છોડે છે એમ કહેવું તે વ્યવહાર છે. આત્મા ચારિત્રગુણથી ભરેલો છે તે રાગને શું છોડે ? રાગને છોડવાની બુદ્ધિએ રાગ છૂટતો નથી અને મિથ્યાત્વ થાય છે.

*

## શ્રી સમયસાર ગાથા ૩૫૬—૩૬૫

(કારતક સુદ ૩, શુક્રવાર, ૨૦૦૮, તા. ૨-૧૧-૫૧)

ટીકા :–આ સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર છે. તેમાં કહે છે કે આત્મા જ્ઞાન–દર્શન–ગુણથી ભરેલો છે અને વિકારના અભાવસ્વરૂપ છે. ખડીનો ધોળો સ્વભાવ બહારથી આવતો નથી; ખડી ભીંતને ધોળી કરે છે તેથી તેનો ધોળો સ્વભાવ છે–એમ નથી. તેવી રીતે આત્મા પરને તથા વિકારને જાણે છે માટે તે જ્ઞાનસ્વભાવવાળો છે - એમ નથી. જો પરને કારણે જ્ઞાન હોય તો આત્મા પરરૂપ થઈ જાય. આત્મા જ્ઞાનસ્વભાવવાળો છે; તેનું લક્ષ કર્યે જ્ઞાન પ્રગટે છે. હવે ચારિત્રની વાત સૂક્ષ્મ છે. તે કહેતાં પહેલાં પ્રથમ શ્રદ્ધાની વાત કરે છે.

ભાવવાનને લઈને ભાવ છે, પરને લઈને નથી. તેમ શ્રદ્ધાવાનને લઈને શ્રદ્ધા છે, પણ દેવ-ગુરુ-શાસ્ત્રને કારણે આત્માની શ્રદ્ધા નથી. વળી નવતત્ત્વોની શ્રદ્ધા કરે છે માટે શ્રદ્ધા છે એમ પણ નથી. શ્રદ્ધાવાન આત્મા શ્રદ્ધાથી ભરેલો પદાર્થ છે. નવતત્ત્વ, છ દ્રવ્યો આદિની શ્રદ્ધા કરે છે માટે આત્મા પોતે શ્રદ્ધાવાળો છે–એમ માનવામાં આવે તો આત્મા પરરૂપે થઈ જાય. ભગવાને નવતત્ત્વ, છ દ્રવ્યો કહ્યા છે–એના સામું જોયે સમ્યગ્દર્શન પ્રગટ થતું નથી પણ આત્મા શ્રદ્ધાગુણથી ભરેલો છે–તેના સામું જોવાથી સમ્યગ્દર્શન પ્રગટે છે; પરના આશ્રયે શ્રદ્ધા થતી નથી, માટે શ્રદ્ધા પરની નથી પણ આત્માની છે. તેથી આત્માના આશ્રયે સમ્યક્શ્રદ્ધા થાય છે.

અહીં જેમ ખડી શ્વેતગુણથી ભરેલી છે તે ભીંતને ધોળી કરે છે પણ ભીંતરૂપ થતી નથી; તેમ આત્મા–ચેતનારો પદાર્થ છે, તે જ્ઞાન–દર્શન–ગુણથી ભરેલો છે. તેવી રીતે આત્મા પરના અપોહનસ્વભાવવાળો છે. અર્થાત્ રાગ, પુણ્ય અને સંસારના અભાવસ્વરૂપ છે; રાગનો ત્યાગ કરું અને સ્વરૂપનું ગ્રહણ કરું–એવું વસ્તુસ્વરૂપમાં જ નથી. રાગને છોડવા–ગ્રહવાનો આત્માનો સ્વભાવ હોય તો તેને અનાદિ-અનંત રાગનો અભાવ જ થાય નહિ.

અહીં સમ્યગ્દર્શન કેમ થાય–તેની વાત ચાલે છે. આત્માનું સ્વરૂપ જ ત્યાગ–અત્યાગરૂપ નથી. આત્મા જેમ જ્ઞાન–દર્શન–ગુણથી ભરેલો છે તેમ તે

પરના અભાવસ્વરૂપ જ છે. પરનો અભાવ કરું–એવા વિકલ્પથી રાગનો અભાવ થતો નથી. નગ્ન દિગંબર મુનિ થાય ત્યારે તે એમ માને કે વસ્ત્ર છોડ્યું તેથી રાગ છૂટ્યો, તો એમ નથી. વળી 'હું રાગ છોડું તો ચારિત્ર પ્રગટે'–એમ પણ નથી, કેમ કે 'આત્મામાં પરનો અને રાગનો અભાવ કરું'-એમ છે જ નહિ; પણ સ્વભાવનું અવલંબન લેતાં રાગની ઉત્પત્તિ થતી નથી. સ્ત્રી, કુટુંબ, લક્ષ્મી આદિ પરપદાર્થોનો સ્વભાવમાં તો અભાવ જ છે પરંતુ એક સમયનો વિકારી પર્યાય થાય છે; તેનો પણ અભાવ કરું–એવું સ્વભાવમાં જ નથી.

આત્મામાં દયા–દાનાદિના વિકલ્પ ઊઠે છે તેથી જ્ઞાન થતું નથી. દેવ-ગુરુ-શાસ્ત્રથી શ્રદ્ધા થતી નથી તથા પરનો અને રાગનો ત્યાગ કરું તો ચારિત્ર પ્રગટે–એમ નથી. સંસારરૂપ ઉદયભાવનો આત્મામાં અત્યંત અભાવ છે તેથી તેનો અભાવ કરું, એવું આત્મામાં છે જ નહિ. ત્યાગ કરું એવો આત્માનો સ્વભાવ હોય, તો ત્યાગ કરવામાંથી તે કદી છૂટે જ નહિ અર્થાત્ ત્યાગરહિત થાય નહિ.

'પુદ્‌ગલ આદિ પરદ્રવ્યને છોડવા'–એમ કહેવું તે વ્યવહાર છે. કેમ કે પરદ્રવ્યને છોડવાનો સ્વભાવ આત્મામાં નથી. આત્મા સંસાર પર્યાયવાળો હોય તો સંસાર રહિત થવાય નહિ અને સંસારની પર્યાયને છોડવામાં રહે તો પર્યાયમાં તન્મય થઈ જાય છે. એમ પર્યાય દ્રષ્ટિ થતાં વસ્તુ દ્રષ્ટિ રહેતી નથી. રાગ વ્યવહારે ત્યાજ્ય છે, એમ કહેવામાં પણ આત્મા તેને યોગ્ય થઈને ત્યાગે છે, એમ નથી પણ સ્વભાવ યોગ્ય થાય છે ત્યારે રાગની ઉત્પત્તિ થતી નથી ત્યારે પુદ્‌ગલ દ્રવ્યને ત્યાગે છે એવો વ્યવહાર લાગુ પડે છે. જો રાગના ત્યાગનું તન્મયપણું રહે તો સ્વભાવનું તન્મયપણું રહેતું નથી. પણ ક્રમબદ્ધ પર્યાય છે–એવો નિર્ણય થતાં શ્રદ્ધા–સ્વભાવનો આશ્રય લે છે અને જ્ઞાન પણ સ્વભાવનો આશ્રય લે છે. અને તે વખતે રાગ છૂટી જાય છે તો પણ સ્વભાવના આશ્રયે છૂટી જાય છે. આ રીતે નિશ્ચય સ્વભાવનું ભાન થયા પછી રાગનો અભાવ થાય છે, તેનું જ્ઞાન કરવું તે વ્યવહાર છે.

શાસ્ત્રમાં રાગ છોડો એવું વ્યવહારનું કથન આવે પણ રાગ છૂટે ક્યારે? આત્મા તો રાગના અભાવ સ્વભાવરૂપ જ છે. રાગને છોડવા જતાં રાગ થાય છે અને રાગ છોડવાનો સ્વભાવ પણ આત્મામાં નથી. જેનો આત્મામાં અભાવ છે એનો અભાવ કરવા જતાં મિથ્યાબુદ્ધિ થાય છે. સ્વભાવનું લક્ષ કરે તો રાગ થતો નથી; તેને છોડ્યો એમ વ્યવહારે કહેવાય છે. ખરેખર આત્મા રાગને કરતો પણ નથી ને છોડતો પણ નથી કેમ કે એવો તેનો સ્વભાવ જ નથી.

કોઈ કહે કે તપ કરવાથી કર્મ ખરે પણ કર્મ તો પરવસ્તુ છે. એનો આત્મામાં અત્યંત અભાવ છે. તે તપથી ખરતાં નથી વળી રાગને છોડવા જતાં રાગમાં તન્મય થઈ જાય છે પણ સ્વભાવદ્રષ્ટિ રહેતી નથી. રાગની શ્રદ્ધા કરું ને રાગને ત્યાગું–એવું આત્માના સ્વભાવમાં નથી. પણ સ્વભાવનો આશ્રય લેતાં તે છૂટી જાય છે. એ વ્યવહાર છે. જો વ્યવહારથી નિશ્ચય થાય એમ માનવામાં આવે તો વ્યવહાર ને નિશ્ચય બે જુદા રહેતા નથી.

હવે પુદ્‌ગલાદિ પરદ્રવ્ય આત્માનું વ્યવહારે અપોહ્ય એટલે ત્યાગવા યોગ્ય છે, આત્મા ત્યાગ કરનાર છે. તે પરદ્રવ્યનો છે કે નહિ ? એમ તે બન્નેનો તાત્ત્વિક સંબંધ વિચારવામાં આવે છે. જો ચેતયિતા એટલે કે આત્મા પુદ્‌ગલાદિનો હોય તો શું થાય તે પ્રથમ વિચારીયે. જેનું જે હોય તે તે જ હોય. જેમ આત્માનું જ્ઞાન હોવાથી જ્ઞાન તે જ આત્મા છે. આત્મા વિકારનો કરનાર પણ નથી તેમ જ ત્યાગ કરનાર પણ નથી. જો વિકારનો ત્યાગ કરનાર હોય તો ત્યાગ કરવાના રહિતપણે આત્મા રહી શકે નહિ. જો રાગનો ત્યાગ કરવાવાળો હોય તો રાગવાળો થઈ જાય, કેમ કે જેનું જે હોય તે તે જ હોય. અને રાગવાળો આત્મા થતાં છુટો આત્મા રહી શકતો નથી અને એમ થતાં આત્માનો નાશ થાય. માટે વ્યવહાર રત્નત્રયનો ઉત્પન્ન કરનારો આત્મા નથી પણ રાગનો અભાવ થાય છે તેનો આત્મા હોય તો રાગરૂપે આત્મા થતાં રાગથી છુટો આત્મા રહી શકતો નથી. આવો વસ્તુનો સ્વભાવ છે. એમ સમજ્યા વગર ક્રિયાકાંડ કરે તો આ વસ્તુ ખપે ને આ ન ખપે એમ બહારની શુદ્ધિ અશુદ્ધિમાં રોકાય તો તે મિથ્યાદ્રષ્ટિ છે.

આત્મા ત્રિકાળ ચૈતન્ય સ્વભાવી છે તેનું અવલંબન લેતાં રાગની ઉત્પત્તિ થતી નથી એટલે રાગ છૂટી જાય છે. રાગનો અભાવ થાય છે તેનો આત્મા હોય તો તે છુટો ન રહેતાં રાગના અભાવ કરવાના વિકલ્પવાળો થઈ જાય છે. પરના લક્ષે તો રાગનો અભાવ થતો નથી પણ રાગના અભાવ કરવાના લક્ષે વિકાર થાય છે. આત્મા પોતાના સ્વભાવમાં રહે તો રાગનો અભાવ થઈ જાય છે. તાત્ત્વિક સંબંધ તો રાગના અભાવરૂપ સ્વભાવનો છે; એ કદી છુટતો નથી. તે જીવનો સંબંધ છે અને આત્માને પરની સાથે સંબંધ કહેવો તે વ્યવહાર છે.

રાગનો ત્યાગ કરવાના વિકલ્પમાં તન્મય થતાં આત્માનું તન્મયપણું થતું નથી. તેથી આત્માને મિથ્યાત્વ થાય છે; છતાં તેનાથી ધર્મ માને છે તે વીતરાગ સર્વજ્ઞદેવને સ્વીકારતો નથી. કોઈ કહે અમને ત્યાગમાં તો ઉભા રહેવા દો! તો કહે છે કે વસ્તુસ્વભાવમાં ત્યાગ અને અત્યાગ બન્ને નથી. આત્મા તો જ્ઞાન-દર્શનરૂપ છે. એ આત્માને નિર્દોષ શુદ્ધ આહાર હોય તો કલ્યાણ થાય, એ વાત અહીં છે જ નહિ. પણ રાગનો અભાવ કરવાના ભાવ

રહે તો રાગમાં તન્મય થવાય છે. આત્મા રાગ, પુણ્ય અને શરીરવાળો તો નથી પણ પર્યાયમાં રાગ અને પુણ્યનો અભાવ કરવાવાળો રહે તો એના રહિત રહી શકે નહિ. પરનો અભાવ કરવામાં રોકાઈ જાય તો તે સ્વભાવનો રહેતો નથી એટલે દ્રષ્ટિમાં આત્માનો નાશ થાય છે. આત્મા તો દ્રષ્ટિમાં જે છે તે છે, કારણ કે અન્ય દ્રવ્યનું અન્ય દ્રવ્યરૂપે સંક્રમણ થવાનો તો પૂર્વે જ નિષેધ કર્યો છે. માટે સિદ્ધ થયું કે ચેતયિતા—આત્મા પુદ્દગલાદિનો નથી. આ રીતે વસ્તુનું સત્ય સ્વરૂપ છે. સત્ય તે સત્ય જ છે. એ પરમ સત્ય કાને પડે નહિ અને અંતરમાંથી હકાર લાવે નહિ તો તેને ધર્મની ગંધ પણ હોતી નથી. નવમી ગ્રૈવેયકે ગયો ત્યારે સાધુપણું લઈને ક્રિયા કરી પણ આવો આત્મા છે એમ જાણ્યું નહિ તેથી સંસારમાં રખડ્યો છે.

આત્મા રાગ કરવાવાળો કે રાગનો ત્યાગ કરવાવાળો હોય તો આત્મા રાગરૂપ થઈ જાય, પણ એમ તો બનતું નથી. વ્યવહાર તથા નિમિત્તનાં કથનો શાસ્ત્રમાં આવે પણ વસ્તુસ્વભાવ એવો હોતો નથી. આમ આચાર્યદેવે વસ્તુસ્વરૂપ પ્રગટ કરી તેનો મર્મ ખોલી દીધો છે. વ્યવહારથી ધર્મ થાય એ વાત તો અહીં છે જ નહિ પણ વ્યવહારનો ત્યાગ કરવાવાળો સ્વભાવ માને તો પણ આત્મા તેનો થઈ જાય, ત્યાગ કરું—એવું સ્વભાવમાં છે જ નહિ. એ સમજ્યા વિના ધર્મ થાય નહિ.

આ તો સમ્યગ્દર્શનની વાત ચાલે છે. કાંઈ મુનિ કે કેવલીની વાત નથી. ચક્રવર્તી લડાઈમાં ઊભો હોય કે છન્નુ હજાર રાણીના વૃંદમાં રમતો હોય તોપણ તેને આવું ભાન હોય છે. વિકારનો સ્વભાવમાં મૂળથી જ અભાવ છે. તો હું વિકારનો અભાવ કરું એ વાત આવી ક્યાંથી ? આત્મામાં એ વાત છે જ નહિ.

ઋષભદેવ ભગવાન નિર્વાણ પામ્યા ત્યારે ભરત ચક્રવર્તી રૂદન કરવા લાગ્યા. તે સમયે ઇન્દ્ર કહે છે કે હે ભરત ! તમારે તો આ ભવે મોક્ષે જાવું છે, મારે તો હજુ વાર છે, આપે આ શું કરવા માંડ્યું ? ભરતજી કહે છે—હું જાણું છું કે આ ભવે હું મોક્ષે જવાનો છું તથા આ નિર્બળતાથી રાગ વર્તે છે, તેને પણ જાણું છું. સ્વભાવમાં રાગ છે જ નહિ તેથી તેને ટાળવાની વાત નથી પણ સ્વભાવની દ્રષ્ટિ થતાં રાગ ઉત્પન્ન થતો નથી–તેને રાગનો અભાવ કર્યો એમ કહેવાય. તે વ્યવહારથી છે.

વર્તમાન ત્યાગરૂપ અવસ્થાનો આત્મા થાય તો તે ત્રિકાળનો રહેતો નથી અર્થાત્ પર્યાયદ્રષ્ટિ થતાં દ્રવ્યદ્રષ્ટિ રહેતી નથી. માટે આત્મા રાગનો ત્યાગ કરવાવાળો નથી; તો હવે આગળ વિચારીએ.

જો ચેતયિતા પુદ્દગલાદિનો નથી અર્થાત્ આત્મા રાગનો ત્યાગ કરવાવાળો નથી તો આત્મા કોનો છે? ચેતયિતા ચેતયિતાનો જ છે. તો પૂછે

છે કે વિકારના અભાવસ્વભાવવાળા આત્માથી જુદો બીજો ક્યો આત્મા છે કે તેને આ આત્મા હોય ? તો કહે છે કે આત્માથી જુદો બીજો આત્મા નથી પણ જુદાજુદા બે સ્વ-સ્વામી અંશો જ છે.

તો એવા સ્વ-સ્વામીરૂપ અંશોના વ્યવહારથી શું સાધ્ય છે ? કાંઈ પણ સાધ્ય—લાભ નથી. અસદ્‌ભૂત વ્યવહાર તો આત્મામાં નથી પરંતુ ગુણ—ગુણી ભેદ પાડવારૂપ સદ્‌ભૂત વ્યવહાર પણ આત્મામાં નથી અર્થાત્ આત્મા આત્માનો છે એવા ભેદથી પણ કાંઈ લાભ—ધર્મ થતો નથી.

રાગનો ત્યાગ કરું—એ વિકલ્પથી ચારિત્ર પ્રગટતું નથી પરંતુ આત્મા આત્માનો છે એવા ભેદથી પણ ધર્મ થતો નથી. ભેદ પાડવાથી અભેદની શ્રદ્ધા થતી નથી, પણ મિથ્યાત્વ થાય છે, તો પછી અપોહક આત્મા કોઈનો નથી, અપોહક અપોહક જ છે—એવા અભેદ સ્વભાવના આશ્રયે જ ચારિત્ર પ્રગટ થાય છે, એ નિશ્ચય છે.

***

# <u>પ્રસાદ નં. ૧૨</u>

## <u>શ્રી સમયસાર ગાથા ૩૫૬—૩૬૫</u>

**(કારતક સુદ ૪, શનિવાર, ૨૦૦૮, તા. ૩-૧૧-૫૧)**

આ રીતે અહીં એમ બતાવ્યું કે આત્મા પરદ્રવ્યને અપોહે છે અર્થાત્ ત્યાગે છે એ વ્યવહારકથન છે. આત્મા જ્ઞાન-દર્શનમય એવા પોતાને ગ્રહે છે એમ કહેવામાં પણ સ્વ-સ્વામીઅંશરૂપ વ્યવહાર છે. અપોહક અપોહક જ છે એ નિશ્ચય છે.

આત્મા પરદ્રવ્યને ત્યાગે છે, તે વ્યવહારનું કથન છે કેમ કે આત્મા પરદ્રવ્યને છોડી શકતો નથી તેમ જ રાગને પણ છોડી શકતો નથી. સ્વભાવની એકાગ્રતા થતાં રાગ છૂટી જાય છે, તેને 'આત્મા(રાગને) છોડે છે' —એમ કહેવું તે વ્યવહાર છે. ધ્રુવ ચૈતન્ય સામાન્ય સ્વભાવ છે; તેના અવલંબને રાગની ઉત્પત્તિ થતી નથી. આ સમ્યગ્દર્શનના વિષયની વાત છે. 'આત્મા રાગને છોડે છે' એ અસદ્ભૂત વ્યવહારનય છે, તેનો નિષેધ કર્યો.

આત્મા જ્ઞાન-દર્શનવાળો છે. એ પણ વ્યવહાર છે કારણ કે ભેદ પડ્યો. સમ્યગ્દર્શનનો વિષય તો અભેદ છે; તે ભેદ પાડતું નથી. સ્વભાવમાં ભેદ નથી, પર્યાયમાં ભેદ છે. ગુણ-ગુણીના ભેદના વિચારો પર્યાયમાં હોય છે ખરા પણ એનાથી ધર્મ પ્રગટ થતો નથી અને તે ધર્મનું સાધન પણ નથી. સાધન તો ત્રિકાળ ધ્રુવ ચૈતન્ય પદાર્થ છે. તેના અવલંબને ધર્મ પ્રગટ થાય છે. તે વખતે અધર્મની એટલે રાગની પર્યાય ન થાય; એને વ્યવહારથી રાગ છોડ્યો એમ કહેવાય છે. સ્વભાવના અવલંબને સિદ્ધ થાય છે. **<u>રાગાદિક ચારિત્રગુણની વિપરીત પર્યાય છે.</u>** 'એને છોડું'- એવી છોડવાની દ્રષ્ટિએ રાગાદિ છૂટતા નથી. વળી આત્મા સ્વનું અવલંબન લે છે. એ પણ સ્વ—સ્વામીઅંશનો વ્યવહાર છે. તે પણ ત્યાજ્ય છે. એટલે કે છોડવાયોગ્ય છે. એના ઉપર લક્ષ આપવા જેવું નથી. માત્ર ત્રિકાળી સ્વભાવનો જ આશ્રય કરવા જેવો છે.

સામાન્યની દ્રષ્ટિ કરતાં પર્યાયમાં રાગનો અભાવ થાય છે. રાગના અભાવવાળી પર્યાય પ્રગટી તે ભેદ છે તેથી તે વ્યવહાર છે. સ્વભાવદ્રષ્ટિએ રાગનો અભાવ તે અવસ્તુ છે. હવે આત્માની જે વસ્તુ નથી, તેને આત્મા શું છોડે ? સ્વભાવના અવલંબને રાગ છૂટી જાય છે, તે પણ વ્યવહાર છે.

લોકો ત્યાગ ત્યાગ કરે છે. ત્યાગને નામે અજ્ઞાનને સેવી રહ્યા છે. અહીં તો કહે છે કે સ્વભાવ ત્યાગસ્વરૂપ જ છે. આત્મસ્વભાવની અપેક્ષાએ પરનો

ત્યાગ કરવો તે અવસ્તુ જ છે. રાગ અવસ્તુ છે તેથી રાગનો અભાવ કરવાનું રહેતું જ નથી. અહીં તો કહે છે કે **વ્યવહાર એ અવસ્તુ છે અને નિશ્ચય તે વસ્તુ છે. વસ્તુમાંથી પર્યાય પ્રગટે છે. અવસ્તુમાંથી પ્રગટતી નથી.** અનંતા આત્માઓ વસ્તુના આશ્રયે મુક્તિને પામ્યા અને ભવિષ્યમાં પામશે; માટે ધ્રુવ સ્વભાવને જ વસ્તુ કહી અને પર્યાયને અવસ્તુ કહી છે. પોતાની પર્યાય પ્રગટ થાય તે પણ ભેદ છે. તે ભેદને ગૌણ કરી, વ્યવહાર કહીને અભૂતાર્થ હોવાથી તેને અવસ્તુ કહી છે. ત્રિકાળ સ્વભાવ છતો પદાર્થ છે તે ભૂતાર્થ છે અને તેનો એક સમયનો પર્યાય અભૂતાર્થ છે. કેમ કે આત્માના ત્રિકાળી સ્વભાવની અપેક્ષાએ પર્યાય અવસ્તુ છે તેથી એ વડે આત્મા કે જે વસ્તુ છે તેને લાભ થાય એમ બને નહિ. પર્યાયની અપેક્ષાએ પર્યાય વસ્તુ છે. ત્રિકાળી સ્વભાવની અપેક્ષાએ આત્મા વસ્તુ છે. આત્માની અપેક્ષાએ પરવસ્તુ તે અવસ્તુ છે અને સ્વભાવની અપેક્ષાએ એક સમયનો વિકલ્પ તે પણ અવસ્તુ છે. કેમ કે ત્રિકાળી વસ્તુમાં પર્યાય અભાવસ્વભાવરૂપ છે. વળી આ આત્માની અપેક્ષાએ લોકાલોક—છએ દ્રવ્યો અવસ્તુ છે, એની અપેક્ષાએ ભલે તે વસ્તુ હો પણ આત્માની અપેક્ષાએ તે અવસ્તુ છે; માટે એનાથી આત્માને લાભ થાય નહિ.

આ આત્માની અપેક્ષાએ દેવ-ગુરુ-શાસ્ત્ર પણ અવસ્તુ છે; માટે એનાથી આત્માને લાભ થાય નહિ. વળી પર્યાય તે ભેદ છે. તે ભેદને ગૌણ કરીને તેને અવસ્તુ કહી છે. માટે એનાથી આત્માને લાભ નથી. અહીં તો જેનાથી લાભ ન થાય તેને અવસ્તુ કહી છે અને જેનાથી લાભ થાય તેને વસ્તુ કહી છે. એક સમયનો વિશેષ પર્યાય તે સામાન્ય નથી. પર્યાયનું લક્ષ કરવા જતાં વિકલ્પ ઊઠે છે, માટે પર્યાયના ભેદને ગૌણ કરી તેને અભૂતાર્થ કહ્યો છે.

ભગવાન આત્મા જ્ઞાન-દર્શનને ગ્રહણ કરે છે—એમ કહેવું તે પણ વ્યવહાર છે અને અભૂતાર્થ છે. ત્રિકાળ સ્વભાવની દ્રષ્ટિએ તે અવસ્તુ છે. કેમ કે એનાથી આત્માને લાભ થતો નથી. પરવસ્તુનાં દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવનો તો આત્મામાં ત્રણે કાળે અભાવ છે. એ અપેક્ષાએ પરવસ્તુ તે અવસ્તુ છે અને એકાકાર આત્માની દ્રષ્ટિ કરતાં ભેદનું ભાસન થતું નથી માટે જ્ઞાન-દર્શનાદિના ભેદનું ભાસન તે વ્યવહાર છે. તે અભૂતાર્થ છે. તેથી અવસ્તુ છે. સ્વ-સ્વામીઅંશનો ભેદ પણ અભૂતાર્થ છે; તેનાથી શું લાભ છે ? વ્યવહારની અપેક્ષાએ વ્યવહાર વસ્તુ છે પણ સ્વ—આત્માની અપેક્ષાએ તે અવસ્તુ છે. પરવસ્તુ અવસ્તુ છે. જે વસ્તુમાંથી નિર્મળ પર્યાય પ્રગટે છે તેને જ અહીં વસ્તુ કહી છે. તે વસ્તુ તો રાગના ત્યાગ સ્વરૂપ જ છે. રાગનો અભાવ કરવો છે, એમ નથી. રાગનો ત્યાગ કરવા જતાં વિકલ્પ થાય છે

અને તે આત્માનું ત્રિકાળી સ્વરૂપ નથી. તેથી અપોહક તો અપોહક જ છે એટલે કે સ્વભાવ તે સ્વભાવ જ છે. વસ્તુ તે વસ્તુ જ છે એમાં ભેદ નથી. આવાં શ્રદ્ધા—જ્ઞાન થયા હોવા છતાં નીચલી દશામાં જે ભેદ પડે છે તેનું જ્ઞાન કરવું તે વ્યવહાર છે. નિશ્ચયનય તેનો નિષેધ કરે છે અને વ્યવહારનય તેને જાણે છે.

હવે વ્યવહારનું વ્યાખ્યાન કરવામાં આવે છે.

સ્વભાવના આશ્રયે સ્વભાવ ઊઘડ્યો ત્યારે પરપદાર્થ—રાગાદિ નિમિત્ત છે અને પરને પોતે નિમિત્ત છે, તેનું જ્ઞાન કરાવે છે. તે વ્યવહાર છે. ત્રિકાળ પરમ સત્ય આ છે. એમાં ફેરફાર થાય એમ નથી. કોઈ ફેરફાર કરવા માગે તો એના ઘરનું જાય એમ છે. ગમે તે ક્ષેત્રે હો, શુભાશુભ પર્યાયમાં હો કે દેવ-ગુરુ-શાસ્ત્રના નિમિત્તમાં હો પણ બીજી કોઈ રીતે વસ્તુ સિદ્ધ થતી નથી. **પર્યાયમાં રાગ થાય છે તે થતો જ નથી એમ પણ નથી અને રાગ થાય છે એનાથી આત્માને લાભ થાય છે એમ પણ નથી. વ્યવહાર વસ્તુ જ નથી એમ પણ નથી અને સ્વભાવમાં વ્યવહાર છે એમ પણ નથી.** અંતર પરિણામમાં સહજ રાગનો અભાવ થતો જાય છે એને વ્યવહાર કહે છે. નિશ્ચય યથાર્થ સમજાય ત્યારે વ્યવહાર કહેવાય. પહેલાં વ્યવહાર અને પછી નિશ્ચય એમ નથી.

પહેલાં પર્યાય અને રાગનું અવલંબન લેતાં લાભ થાય અને પછી નિશ્ચયનું અવલંબન લેતાં લાભ થાય એમ નથી. પહેલાં—પછી છે જ નહિ. નિશ્ચય સ્વભાવ પ્રગટ્યો ત્યારે રાગનો અભાવ થાય છે, તેને વ્યવહાર કહેવાય છે. વસ્તુસ્થિતિ આમ જ છે. જેને સમજવું હોય તે સમજે. વસ્તુસ્થિતિ ફરે એમ નથી. પરથી લાભ થાય એમ માનનાર તો તીવ્ર મિથ્યાદ્રષ્ટિ છે તેની તો વાત અહીં નથી. અહીં તો કહે છે કે ત્રિકાળી સ્વભાવનું અવલંબન લેતાં રાગનો અભાવ થાય છે. તેનું જ્ઞાન કરવું તે વ્યવહાર છે.

જેવી રીતે ધોળા ગુણથી ભરેલી તે જ ખડી પોતે ભીંત આદિ પરદ્રવ્યના સ્વભાવે નહિ પરિણમતી થકી અને ભીંત આદિ પરદ્રવ્યને પોતાના સ્વભાવે નહિ પરિણમાવતી થકી ભીંત આદિ પરદ્રવ્ય જેને નિમિત્ત છે એવા પોતના ધોળા ગુણથી ભરેલા સ્વભાવના પરિણામ વડે ઊપજતી થકી ખડી તેને નિમિત્ત છે એવા પોતાના ભીંત આદિના સ્વભાવના પરિણામ વડે ઊપજતા ભીંત આદિ પરદ્રવ્યને ખડી પોતાના સ્વભાવથી ધોળું કરે છે એમ વ્યવહાર કરવામાં આવે છે.

જુઓ, અહીં બે વાત કરે છે. ખડી ભીંતના સ્વભાવે પરિણમતી નથી અને તે ભીંતને પોતાના સ્વભાવે પરિણમાવતી નથી એટલે કે ખડી ખડીના

સ્વભાવે પરિણમે છે અને ભીંત ભીંતના સ્વભાવે પરિણમે છે. ખડીને લઈને ભીંત પરિણમતી નથી અને ભીંતને લઈને ખડી પરિણમતી નથી. ખડીનું પરિણમન અને ભીંતનું પરિણમન પહેલા સમયે હોય તે બીજા સમયે ન હોય, એમ એક સમયનો પર્યાય છે એ એનો નિશ્ચય છે ત્યારે જે નિમિત્ત છે તેને વ્યવહાર કહ્યો છે. ખડીને ભીંત નિમિત્ત છે અને ભીંતને ખડી નિમિત્ત છે. આમ બન્નેના સ્વતંત્ર પરિણમન થાય છે તેની વ્યાખ્યા છે.

હવે અહીં તો કહે છે કે ભીંતાદિને ખડી ધોળી કરે છે એ વ્યવહારનું કથન છે. સૌ સૌના કારણે પરિણમે છે. એમાં નિમિત્તના કારણે પરિણમે છે, એમ કહેવું તે વ્યવહાર છે. ધોળી થઈને ભીંત રહેતી નથી. ભીંત ભીંતના પરિણામે રહી છે. ધોળીરૂપે તો ખડી રહી છે. તે ખડી ભીંતને ધોળી કરે છે એમ કહેવું તે વ્યવહાર છે કેમ કે ખડી પોતાના પરિણામે પણ પરિણમે અને ભીંતના પરિણામે પણ પરિણમે—એમ બે પર્યાયરૂપે તે પરિણમતી નથી; છતાં ખડીએ ભીંતની પર્યાયને ધોળી કરી એમ કહેવાય છે, તે વ્યવહાર છે. તે તો ફક્ત નિમિત્તને પ્રસિદ્ધ કરે છે. નિશ્ચયની વાત તો કઠણ છે પણ વ્યવહાર સમજવો પણ કઠણ છે.

આ દ્રષ્ટાંત થયું. હવે સિદ્ધાંત કહે છે. તેવી રીતે જ્ઞાનગુણથી ભરેલા સ્વભાવવાળો ચેતયિતા પણ, પોતે પુદ્‌ગલાદિ પરદ્રવ્યના સ્વભાવે નહિ પરિણમતો થકો અને પુદ્‌ગલાદિ પરદ્રવ્યને પોતાના સ્વભાવે નહિ પરિણમાવતો થકો, પુદ્‌ગલાદિ પરદ્રવ્ય જેને નિમિત્ત છે એવા પોતાના જ્ઞાનગુણથી ભરેલા સ્વભાવના પરિણામ વડે ઊપજતો થકો, ચેતયિતા જેને નિમિત્ત છે એવા પોતાના (પુદ્‌ગલાદિના) સ્વભાવના પરિણામ વડે ઊપજતાં પુદ્‌ગલાદિ પરદ્રવ્યને, પોતાના (ચેતયિતાના) સ્વભાવથી જાણે છે—એમ વ્યવહાર કરવામાં આવે છે.

ભગવાન આત્મા જ્ઞાનગુણથી ભરેલો છે. તે ત્રિકાળ સ્વભાવના આશ્રયે જ્ઞાનગુણની પર્યાય પરિણમે છે. તે પુદ્‌ગલાદિ પરદ્રવ્ય અને રાગરૂપે પરિણમતો નથી. વ્યવહારરત્નત્રયનો રાગ પણ પરદ્રવ્ય છે. ત્રિકાળી અંતઃતત્ત્વ તે સ્વદ્રવ્ય છે. આત્મા રાગ, વ્યવહાર, વિકલ્પ કે શરીરપણે નહિ પરિણમતો થકો અને રાગાદિને પોતાના સ્વભાવે નહિ પરિણમાવતો થકો પોતે પોતાના સ્વભાવે પરિણમે છે. આત્મા શરીરને પરિણમાવે એમ તો નથી પણ શુભભાવને પરિણમાવે એવું પણ સ્વભાવમાં નથી. એવા ઊઘડેલા સ્વભાવને રાગ નિમિત્ત છે તે વ્યવહાર છે અને ચૈતન્યની પર્યાય રાગને નિમિત્ત છે. બન્ને એક સમયે છે. જ્ઞાનને જ્ઞેય નિમિત્ત છે અને જ્ઞેયને જ્ઞાન નિમિત્ત છે.

રાગ જ્ઞાનને નિમિત્ત છે અને જ્ઞાન રાગને નિમિત્ત છે. જ્ઞાન રાગને જાણે છે એમ કહેવું તે વ્યવહાર છે. વળી રાગની પર્યાયના કારણે શરીરની પર્યાય થાય છે એમ નથી અને રાગની પર્યાયને લીધે જ્ઞાનની પર્યાય થાય છે એમ પણ નથી કારણ કે બન્ને પોતપોતાના કારણે પરિણમે છે. આત્મા તે સ્વ છે અને તે નિશ્ચય છે. અને બીજી ચીજ છે તેનું જ્ઞાન કરવું તે વ્યવહાર છે. રાગ જે વખતે જે હોય, તે—પણે આત્મા પરિણમતો નથી પણ જ્ઞાનના અભેદપણે પરિણમે છે. જ્ઞાનસ્વભાવી આત્મા છે. જે કાળે જે અવસ્થા થાય તેનું જ્ઞાન કરે છે. તે રાગ અને વ્યવહારને પોતાના જ્ઞાનરૂપે પરિણમાવતો નથી. અરસપરસ બન્નેની એક સમયની પર્યાયની વાત થઈ. એ ક્રમને કોઈ ફેરવી શકે નહિ પણ દ્રષ્ટિ કઈ બાજુ છે તે જોવાનું છે. જ્ઞાનીની સ્વભાવ ઉપર દ્રષ્ટિ છે અને મિથ્યાત્વીની પર ઉપર દ્રષ્ટિ છે.

જ્ઞાનીને નિમિત્ત, રાગ વગેરે જ્ઞેય છે. જ્ઞાન પોતાના સ્વભાવે પરિણમે છે, તે જ્ઞાન, જ્ઞેયને નિમિત્ત છે. જ્ઞેયો પણ પોતપોતાના સ્વભાવે પરિણમે છે. જ્ઞાન થાય છે માટે જ્ઞેયને પરિણમવું પડે એમ નથી અને જ્ઞેય પરિણમે છે માટે જ્ઞાનને પરિણમવું પડે છે એમ પણ નથી. એમ હોય તો વ્યવહાર રહેતો નથી. નિશ્ચય થઈ જાય છે. બન્નેની અસ્તિ તો છે. કોઈ કોઈને પરિણમાવે એમ નથી. આમ બન્નેની અસ્તિ છે. એમાં નિમિત્ત કહેવું તે વ્યવહાર છે.

વ્યવહાર વ્યવહારના કાળે ઊપજે છે. આત્મા તેને ઊપજાવતો નથી. આત્મા જ્ઞાન સ્વભાવે પરિણમે છે. એમાં રાગ અને નિમિત્તની પર્યાય જણાય છે—એ વ્યવહાર છે. નવું પરિણમવું છે—એમ નથી. નિમિત્તના કારણે આત્માની પર્યાય પરિણમે છે—એમ માને તો વ્યવહાર રહેતો નથી અને વ્યવહાર ન રહેતાં નિશ્ચય પણ રહેતો નથી. જ્ઞાનસ્વભાવે પરિણમે છે, જ્ઞેયભાવે જ્ઞાન પરિણમતું નથી અને જ્ઞેય જ્ઞેયભાવે પરિણમે છે; તે જ્ઞાનભાવે પરિણમતું નથી. આત્મા પોતાના સ્વભાવથી રાગ અને નિમિત્તને જાણે છે.

રાગ અને નિમિત્ત એના કારણે પરિણમે છે. તે જ્ઞેયનો જ્ઞાનમાં અભાવ છે. તે રાગ અને નિમિત્તને જ્ઞાન જાણે છે તે વ્યવહાર છે. વ્યવહાર અને વિકલ્પને આત્માએ ઉઠાવ્યો જ નથી. જ્ઞાતા રાગને પરિણમાવતો નથી એટલે રાગપણે જ્ઞાન થતું નથી. આ રીતે નિમિત્ત અરસપરસ બન્નેએ કહ્યું પણ હવે અહીં આત્માનો વ્યવહાર શું છે ? એ બતાવવા એમ કહ્યું કે આત્મા જ્ઞેય એટલે રાગ અને નિમિત્તને જાણે છે એમ કહેવું તે વ્યવહાર છે. જ્ઞાનનો વ્યવહાર જ્ઞેયમાં હોતો નથી. આ રીતે આત્માનો વ્યવહાર કહ્યો. તેનું યથાર્થ જ્ઞાન કરવું તે ધર્મનું કારણ છે.

*

**કેવળ જ્ઞાનની બંસી બજાવી ભવ્ય જીવોનાં હૃદય ડોલાવનાર**
**શ્રી સદ્ગુરુદેવનો જય હો !**

*

## શ્રી સમયસાર ગાથા ૩૫૬-૩૬૫

**(કારતક સુદ ૫, રવિવાર, ૨૦૦૮, તા. ૪-૧૧-૫૧)**

આત્મા જ્ઞાનગુણથી ભરેલો છે તેના વ્યવહારની વાત થઈ ગઈ છે. હવે દર્શનગુણના વ્યવહારની વાત કહે છે. આત્મામાં ધર્મરૂપી શ્રદ્ધા પ્રગટે છે તે ક્યાંથી પ્રગટે છે ? એટલે કે દર્શનગુણની પર્યાય ક્યાંથી પ્રગટે છે ? પર્યાય પ્રગટે છે તે કેવી હોય છે ? તે કહે છે.

કોઈ કહે છે કે અમારે ધર્મ કરવો છે. એનો અર્થ એ થયો કે નવું કાર્ય કરવું છે. અને તે પણ અનાદિથી કર્યું નથી એવું કરવું છે. તે ક્યા કારણથી થાય છે, એના નિશ્ચયની વાત કરી. હવે વ્યવહારની વાત કરે છે. જેને શાંતિ કરવી હોય એણે પ્રથમ નક્કી કરવું પડશે કે વર્તમાન દશામાં શાંતિ નથી. વળી શરીર, મન, વાણી કે જે પર છે, એમાં પણ શાંતિ નથી પણ પોતાની વર્તમાન પર્યાયમાં અશાંતિ છે. આત્માના લક્ષે તેનો વ્યય કરતાં શાંતિ પ્રગટે છે—એમ પ્રથમ નક્કી કરવું જોઈએ.

જેને પૈસા આદિ પરવસ્તુમાં સુખબુદ્ધિ છે, તેને 'આત્મામાં સુખ છે'— એવી બુદ્ધિ હોતી નથી. એ તો અનાદિકાળથી રખડી રહ્યો છે. આત્મામાં વર્તમાન અશાંતિ છે પણ સ્વભાવના આશ્રયે શાંતિ પ્રગટ થાય છે. વર્તમાન પર્યાયમાં પ્રગટ શાંતિ હોય તો શાંતિ કરવાનું રહેતું નથી. માટે શાંતિ પ્રગટ કરનારે આત્મામાં શાંતિ ભરેલી છે તેની સામે જોવાનું રહે છે. તે વાત થઈ છે. હવે વ્યવહારની વાત ખડીના દ્રષ્ટાંતથી કહે છે.

જેવી રીતે ખડી ધોળા સ્વભાવથી ભરેલી છે; તે ખડી ભીંતપણે પરિણમતી નથી. ખડી ખડીપણે પરિણમે છે. ખડી પોતાના સફેદગુણથી પરિણમે છે કેમ કે તે સફેદગુણથી ભરેલો પદાર્થ છે. તે પોતપોતના ગુણથી પરિણમે છે પણ ભીંતપણે પરિણમતી નથી અને ભીંતને પોતાપણે પરિણમાવતી નથી. ખડીના દ્રષ્ટાંતે આત્માની વાત કરશે. ભીંત ભીંતપણે પરિણમે છે અને ખડી ખડીના ભાવે પરિણમે છે. ભીંતાદિ પરદ્રવ્ય ખડીને નિમિત્ત છે અને ખડી ભીંતાદિ પરદ્રવ્યોને નિમિત્ત છે. બન્ને પોતાપોતાના કારણે પરિણમે છે અને અરસપરસ નિમિત્ત છે. હવે ભીંતને ખડી ધોળી કરે છે, તે વ્યવહાર છે. ભીંતનો પર્યાય ખડીરૂપે થતો નથી અને ખડીનો પર્યાય

ભીંતરૂપે થતો નથી એટલે ખરેખર ભીંતને ખડી ધોળી કરતી નથી પણ 'ધોળી કરે છે', એમ વ્યવહાર કરવામાં આવે છે.

તેવી રીતે દર્શનગુણથી ભરેલો આત્મા છે. અહીં દર્શનગુણ એટલે શ્રદ્ધા અને દ્રષ્ટા શક્તિ—બન્ને ગુણની વાત છે. જેમ ખડી સફેદગુણથી ભરેલી છે એમ આત્મા દ્રષ્ટા અને શ્રદ્ધા ગુણથી ભરેલો પદાર્થ છે. જુઓ, આ ધર્મ ક્યાંથી પ્રગટ થાય એની વાત ચાલે છે. આત્મા શ્રદ્ધા ગુણથી ભરેલો પદાર્થ છે; માટે સમ્યગ્દર્શનની પર્યાય બહારથી આવતી નથી. જેમ ખડીની ધોળપ ખડીમાંથી આવે છે પણ ભીંતમાંથી આવતી નથી તેમ દ્રષ્ટા અને શ્રદ્ધાગુણની પર્યાય આત્મામાંથી આવે છે. જેમ ખડી ભીંતાદિને પરિણમાવતી નથી તેમ આત્મા દેવ-ગુરુ-શાસ્ત્ર આદિને પરિણમાવતો નથી અને છ દ્રવ્યોરૂપે પોતે પરિણમતો નથી ને દેવ-ગુરુ-શાસ્ત્ર આદિ તથા રાગાદિને પોતારૂપે નહિ પરિણમાવતો થકો પોતે પોતારૂપે પરિણમે છે. શ્રદ્ધાગુણથી ભરેલો આત્મા દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનાં વિકલ્પરૂપે થતો નથી અને તે વિકલ્પને પોતારૂપે કરતો નથી.

જેમ ખડી ધોળાપણે ભરેલી છે તો તે ધોળારૂપે પરિણમે છે. તે ભીંતરૂપે પરિણમતી નથી અને ભીંતને પોતારૂપે પરિણમાવતી નથી; તેમ આત્મા દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધારૂપે નહિ થયો થકો, વિકારને પોતાપણે પરિણમાવતો નથી. જેમ ખડીનો ધોળ કાઢવો હોય તો ખડીમાંથી આવશે, ભીંતમાંથી આવશે નહિ; તેમ આત્મા શ્રદ્ધાગુણથી ભરેલો છે. તો સાચી શ્રદ્ધા કરવી હોય તો આત્મામાં છે એમાંથી તે નીકળશે, બહારથી આવશે નહિ. આત્મા પરને પરિણમાવતો નથી અને પરરૂપે થતો નથી. પરને પરિણમાવે તો આત્મા પરરૂપે થતાં આત્માનો નાશ થાય. જેમ ખડી ભીંતરૂપે પરિણમે તો ખડીનો નાશ થાય અને પરની પર્યાયને પોતારૂપ કરે તો પરનો નાશ થાય. માટે આત્મા પરને પરિણમાવતો નથી અને પોતે પરરૂપે પરિણમતો નથી.

આત્મા પરનો તો થતો નથી પણ ખરેખર આત્મા રાગરૂપે પણ થતો નથી. રાગ વખતે રાગનું જ્ઞાન થાય છે. તે વખતે ખરેખર તો સ્વ-પરપ્રકાશક પોતાનો સ્વભાવ છે તે ખીલ્યો છે. તેનો અજ્ઞાનીને ભરોસો આવતો નથી અને જ્ઞેયના કારણે જ્ઞાન થાય છે એમ તે પરમાં એકત્વબુદ્ધિ કરે છે—એ જ મિથ્યાત્વ છે. ત્રિકાળ દર્શનગુણથી ભરેલો આત્મા વ્યવહાર રત્નત્રયને પરિણમાવતો નથી અને પુણ્ય-પાપાદિ વિકાર થાય છે. તેને પોતાપણે કરતો નથી. આમ યથાર્થપણે દ્રષ્ટિમાં આવ્યા પછી નિમિત્તનો વ્યવહાર થાય છે. ચૈતન્યમૂર્તિ ત્રિકાળી ધ્રુવ પદાર્થને પકડ્યો તે સમયે દેવ-ગુરુ-શાસ્ત્રનો વિકલ્પ છે, તેને નિમિત્ત કહેવાય છે.

દર્શનગુણથી ભરેલો ચેતયિતા, રાગ આદિ પરદ્રવ્યરૂપે પરિણમતો નથી અને રાગાદિને પોતારૂપ કરતો નથી. એવા આત્માને તે રાગાદિ નિમિત્ત છે અને આત્મા પોતાના દર્શનગુણથી ભરેલો છે તે રૂપે પરિણમતો તે રાગાદિને નિમિત્ત છે. તે દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાના વિકલ્પને આત્મા શ્રદ્ધે છે એમ કહેવું તે વ્યવહાર છે. દેવ, ગુરુ, શાસ્ત્રની શ્રદ્ધાનો વિકલ્પ પરિણમે છે તો એના કારણે, પણ આત્મા એમાં નિમિત્ત છે. દેવ-ગુરુ-શાસ્ત્ર આવે છે એના કારણે એવાં પરદ્રવ્યને આત્મા પોતાના સ્વભાવથી દેખે છે. આ રીતે બન્નેનું પરિણમન સ્વતંત્ર છે. અહીં કુદેવાદિની તો વાત જ નથી. સાચા દેવ—ગુરુ આદિ હોય પણ તેને આત્મા શ્રદ્ધે છે એમ કહેવું તે વ્યવહાર છે. આત્મા ખરેખર નિમિત્ત કે વિકલ્પને શ્રદ્ધતો નથી. આત્મા પોતાને શ્રદ્ધે છે. ત્યારે પર વસ્તુનું નિમિત્ત કેવું હોય છે તે બતાવવા પરને શ્રદ્ધે છે, એમ વ્યવહારથી કહેવાય છે.

દેવ-ગુરુ-શાસ્ત્રનો વિકલ્પ ઊઠે છે એ વ્યવહાર છે એની વાત અહીં નથી. એ અત્યારે પ્રશ્ન નથી. એ વિકલ્પ તો પરદ્રવ્યમાં જાય છે. અહીં તો કહે છે કે આત્મા પોતામાં રહીને તે વિકલ્પને શ્રદ્ધે છે એમ કહેવું તે વ્યવહાર છે. જુઓ, અહીં ક્રમબદ્ધની વાત ચાલી આવે છે તે જ સ્પષ્ટ કરે છે. ક્રમબદ્ધ પર્યાય આત્માની અને પુદ્ગલની સમયે સમયે થાય છે, એનો ફેરફાર થાય નહિ એવું ખ્યાલમાં આવ્યું એટલે એને જાણનારો આત્મા ધ્રુવ ચૈતન્ય પદાર્થ છે એમ નક્કી થયું. આત્મા પોતાની શ્રદ્ધાથી ઉત્પન્ન થાય છે. એ આત્મા પરને નિમિત્ત થાય છે અને પોતે શ્રદ્ધા કરે છે એમાં પર નિમિત્ત છે. નિમિત્ત અને વિકલ્પને શ્રદ્ધે છે એમ કહેવું તે વ્યવહાર છે.

સમય–સમયની પર્યાય આત્માના આધારે શ્રદ્ધારૂપે પરિણમતો પરને નિમિત્ત થાય છે. છ દ્રવ્ય, નવ તત્ત્વની શ્રદ્ધાના વિકલ્પો અને દેવ-ગુરુ-શાસ્ત્રાદિ એના ભાવે પરિણમે છે, તેને આત્મા નિમિત્ત થાય છે. હવે આત્મા તે નિમિત્તને શ્રદ્ધે છે, એ વ્યવહાર છે. ખરેખર તો આત્મા વ્યવહાર રત્નત્રયને પણ શ્રદ્ધતો નથી. સ્વભાવને શ્રદ્ધે છે. પરને શ્રદ્ધે છે એમ વ્યવહારથી કહેવાય છે.

દર્શનસ્વભાવી આત્મા પોતાના સ્વભાવે પરિણમવાને લાયક થયો ત્યારે દેવ-ગુરુ-શાસ્ત્ર એના કારણે હોય છે, તેને આત્મા શ્રદ્ધે છે એમ કહેવું તે વ્યવહાર છે. સ્વતંત્ર જ્ઞાનસ્વભાવી આત્માના આશ્રયે પરિણમતો પર્યાય તે ધર્મ છે અને એ વખતે રાગાદિ વિકલ્પો એના કારણે હોય છે તે નિમિત્ત છે અને તે વિકલ્પોને આત્મા નિમિત્ત છે. આમ અરસપરસ નિમિત્ત હોવા છતાં આત્માનું પરિણમન આત્માથી છે અને પરનું પરિણમન પરથી છે. રાગનું પરિણમન આત્મા કરતો નથી અને રાગ આત્માનું પરિણમન કરાવતો નથી.

બન્ને પરસ્પર નિમિત્ત છે પણ આત્મા પરને નિમિત્ત થાય છે તે વાતનો વ્યવહાર નહિ કહેતાં આત્મા પોતે પોતાને શ્રદ્ધે છે તે વખતે વિકલ્પ આદિ જે નિમિત્ત છે એને શ્રદ્ધે છે એમ વ્યવહારથી કહેવાય છે, તે વાત કરી છે.

દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાની પર્યાયને હું ઉત્પન્ન કરું, એ તો પર્યાયબુદ્ધિ છે. એની વાત તો અહીં લીધી નથી. અહીં તો આત્મા પોતે પોતાને શ્રદ્ધે છે ત્યારે વિકલ્પને શ્રદ્ધે છે એમ કહેવું તે વ્યવહાર છે. વિકલ્પ નિમિત્ત છે. તેને આત્મા ખરેખર શ્રદ્ધતો નથી તેથી વ્યવહાર છે એમ કહ્યું છે.

જેમ આત્મા પોતાને શ્રદ્ધે છે ત્યારે નિમિત્તમાં છ દ્રવ્ય છે તેમાંથી એક પણ ઓછું માને તો પણ સાચી શ્રદ્ધા થતી નથી. કેમ કે ત્યાં નિમિત્તની પણ પૂર્ણતા થતી નથી માટે તે વ્યવહાર પણ સાચો કહેવાતો નથી. પરદ્રવ્યો અનંતા છે અને તે દ્રવ્યોની શ્રદ્ધાનો વિકલ્પ છે—તે બન્ને આત્મામાં જે જ્ઞાન થાય છે તેને નિમિત્ત છે. જેમ છે તેમ ન માનતાં ઓછું માને તો જ્ઞાનના નિમિત્તને પણ સમજ્યો નથી. છએ દ્રવ્યો પૂરેપૂરાં છે. અનાદિઅનંત જગતના પદાર્થો છે. એને શ્રદ્ધવાનો રાગ છે, તેને ચૈતન્યના જ્ઞાનની પર્યાય નિમિત્ત છે. જો એ પદાર્થોમાં ફેરફાર માને તો જ્ઞાનની પર્યાય સ્વ-પરપ્રકાશક છે–એ વાત રહેતી નથી. તેથી જેવાં દ્રવ્યો છે એવાં જાણે તો જ્ઞાનપર્યાય નિમિત્ત છે. અને અનાદિ અનંત દરેક દ્રવ્ય છે. એની પ્રતીતિ કરે તો વિકલ્પ છે. તે આત્માની શ્રદ્ધાને નિમિત્ત છે અને આત્મા તે વિકલ્પને શ્રદ્ધે છે એમ વ્યવહારથી કહેવાય છે.

નિમિત્ત છે તે અનુકૂળ છે અને નૈમિત્તિક તે અનુરૂપ છે. એમાં કોઈ ઘાલમેલ કરવા જાય તો ચાલે એમ નથી. કોઈ બધું મળીને એક આત્મા કહે તો તે પણ ચાલે એમ નથી, અનંતાગુણો છે એમ ન માને તો પણ ચાલે એમ નથી. પરસ્પર નિમિત્ત છે–એનો અર્થ એવો છે કે જેવો છ દ્રવ્યનો સ્વભાવ છે એવું જાણે અને શ્રદ્ધે તો નિમિત્ત કહેવાય. ઓછું, વધારે કે વિપરીત શ્રદ્ધે તો નિમિત્તપણું રહેતું નથી. જેમ છે તેમ પરને શ્રદ્ધે એ વ્યવહાર છે. પરને શ્રદ્ધે તે વ્યવહાર છે એમ કહેતાં ખરેખર તો પરને શ્રદ્ધતો નથી પણ પોતાને શ્રદ્ધે છે. જ્ઞાનની પર્યાય જ્ઞેયને નિમિત્ત છે અને જ્ઞેયની પર્યાય જ્ઞાનને નિમિત્ત છે. દરેક દ્રવ્ય એના કારણે પરિણમે છે. એને જ્ઞાન જેમ છે તેમ જાણે છે, એમ કહેવું તે વ્યવહાર છે.

હવે ચારિત્રનો વ્યવહાર કહે છે. એમાં કોઈ એમ કહે કે પંચમહાવ્રત લઈએ અને નગ્ન થઈએ તો ચારિત્ર પ્રગટે તો તે વાત બરાબર નથી. નગ્નદશા કે વ્રતની વિકલ્પના કારણે ચારિત્રદશા પ્રગટે છે, એમ નથી. છતાં ચારિત્રદશા પ્રગટે છે ત્યારે નગ્નદશા અને વ્રતના વિકલ્પો હોય છે ખરા.

કોઈ કહે કે નગ્નદશા અને વ્રતના વિકલ્પો ન હોય તો પણ ચારિત્રદશા થાય–તો એમ પણ નથી. અહીં અંતરંગમાં ચારિત્રદશા પ્રગટ થાય છે ત્યારે વ્યવહાર કોને અને કેવી રીતે કહેવાય છે તે વાત હવે કહે છે.

ખડીના દ્રષ્ટાંતે વાત કરી છે. ખડી ભીંતને ધોળી કરે છે તે વ્યવહાર છે કેમ કે ખડી સફેદગુણથી ભરેલી છે, તે ખડીની ધોળપરૂપે રહે છે. તે ભીંતને ધોળી કરતી નથી. તેમ આત્મા પરના ત્યાગના અભાવ સ્વભાવથી ભરેલો છે તે રાગ અને પરને છોડતો નથી. આત્મા નિમિત્ત પાસે જતો નથી એટલે કે શિષ્ય ગુરુ પાસે વ્રત લેવા જતો નથી. કેમ કે આત્મા રાગ અને પરના અભાવસ્વભાવરૂપ જ છે. ચારિત્રદશા છઠ્ઠા સાતમા ગુણસ્થાને હોય છે; તેનો નિશ્ચય અને વ્યવહાર એક સમયે હોય છે. ત્યાં પંચમહાવ્રતના વિકલ્પ ઊઠ્યા અને શરીરની નગ્નદશા થઈ માટે ચારિત્ર થયું છે, એમ નથી. વિકલ્પ અને શરીરની નગ્નદશા એના કાળે એના કારણે થઈ છે. આત્મામાં પોતાના કારણે ચારિત્રદશા પ્રગટ થઈ છે ત્યારે એને નિમિત્ત કહેવાય છે.

***

# પ્રસાદ નં. ૧૪

## શ્રી સમયસાર ગાથા ૩૫૬—૩૬૫

**(કારતક સુદ ૭, સોમવાર, ૨૦૦૮, તા. ૫-૧૧-૫૧)**

આ સર્વ વિશુદ્ધ જ્ઞાન અધિકાર ચાલે છે એમાં જ્ઞાન તથા દર્શનગુણના વ્યવહારની વાત આવી ગઈ છે પણ દર્શનગુણના વ્યવહારની વાત ફરી આજે લેવાય છે.

અહીં જ્ઞાન, દર્શન, ચારિત્રનું સ્વરૂપ કહે છે. એમાં જેવી રીતે જ્ઞાન ગુણનો વ્યવહાર કહ્યો એવી રીતે શ્રદ્ધા અને દ્રષ્ટા ગુણનો વ્યવહાર કહે છે. આત્મા ત્રિકાળી ધ્રુવ ચૈતન્ય પદાર્થ છે–એને જાણે છે, શ્રદ્ધે છે એ નિશ્ચય છે અને જ્ઞેયને જાણે છે, શ્રદ્ધે છે અને દેખે છે એ વ્યવહાર છે.

ખડી ધોળા ગુણથી ભરેલો પદાર્થ છે. તે ભીંતાદિ પરદ્રવ્ય છે. તે રૂપે થતી નથી. અને ખડી ભીંતાદિ પર પદાર્થોને પોતારૂપે પરિણમાવતી નથી. ખડી ખડીની અવસ્થારૂપે થાય છે અને ભીંત-ભીંતની અવસ્થારૂપે થાય છે. ખડી ધોળી અવસ્થારૂપે થતાં ભીંત તેને નિમિત્ત છે, પણ નિમિત્ત છે માટે ખડી ધોળાશપણે પરિણમે છે એમ નથી. હવે ખડી જેને નિમિત્ત છે એવા ભીંતાદિ પદાર્થ પોતાના પર્યાયપણે પરિણમે છે અને તેને ખડી ધોળા કરે છે એમ વ્યવહાર કહેવામાં આવે છે.

હવે ખડીના દ્રષ્ટાંતે આત્મા દર્શન ગુણથી ભરેલો પદાર્થ છે. જેમ ખડી ધોળા સ્વભાવે ભરેલી છે તેમ આત્મા દેખવાના તથા શ્રદ્ધવાના સ્વભાવે ભરેલો છે, એવો આત્મા પર પદાર્થના સ્વભાવે પરિણમતો નથી. આત્મા દેવ, ગુરુ, શાસ્ત્રની શ્રદ્ધાનો વિકલ્પ થાય એને આત્મા પરિણમાવતો નથી. પરને જાણવાના જેટલા વિકલ્પો ઊઠે છે તે બધા પરદ્રવ્ય છે; એ રૂપે આત્મા કદી થતો નથી. દયા, દાન, ભક્તિ આદિના પરિણામ થાય, તે રૂપે આત્મા કદી થતો નથી. ખડી ધોળા ગુણથી ભરેલી છે, તે ભીંતરૂપે કદી થતી નથી. તેમ આત્મા શ્રદ્ધા ગુણથી ભરેલો છે તે વિકલ્પ રૂપે થતો નથી. અજ્ઞાનીને પર્યાયબુદ્ધિ અને અંશબુદ્ધિ હોય છે તેથી તે મિથ્યાદ્રષ્ટિ છે. શ્રદ્ધા-જ્ઞાનથી ભરેલો આત્મા છે તે પરદ્રવ્યરૂપ પરિણમતો નથી અને પરદ્રવ્યને પોતારૂપ કરતો નથી.

પોતાની શ્રદ્ધારૂપે પરિણમતો આત્મા તેને છ દ્રવ્યો—અનંતા જીવ, પુદ્‌ગલ, અસંખ્ય કાલાણુઓ વિગેરે નિમિત્ત છે. અનંત કેવળીઓ, સિદ્ધો તે બધા શ્રદ્ધામાં નિમિત્તરૂપે છે. છ દ્રવ્યોમાં ઓછું માને તો નિમિત્તનું પણ યથાર્થ જ્ઞાન નથી. સર્વજ્ઞ વીતરાગ ભગવાને વસ્તુને યથાર્થ જોઈ છે ને તેવી જ વાણીમાં આવી છે. એવી વસ્તુઓ દેવ, ગુરુ, શાસ્ત્ર વગેરે શ્રદ્ધામાં

નિમિત્ત છે. આત્મ વસ્તુ ચૈતન્યપણે છે; એને સમજાવનાર શાસ્ત્રો શ્રદ્ધામાં નિમિત્ત છે અને દેવ, ગુરુ, શાસ્ત્રે કહેલાં યથાર્થ નવ પદાર્થોની શ્રદ્ધાનો વિકલ્પ નિમિત્ત હોય છે. આવું નિમિત્ત છે તેને ઓછું, વધારે કે વિપરીત માને તો તેને નિમિત્તના વ્યવહારની પણ ખબર નથી, ને તેને નિમિત્તની પૂર્ણતા થતી નથી. તો જ્ઞાનમાં તે નિમિત્ત છે તે પણ બરાબર રહેતું નથી. આમ હોવા છતાં નિમિત્તના કારણે શ્રદ્ધા નથી. એક સમયમાં ત્રણકાળ અને ત્રણ લોકનું જ્ઞાન વર્તે છે એવા સિદ્ધો અને કેવળીઓ, શ્રદ્ધામાં નિમિત્તરૂપે હોય છે. એવા નિમિત્તની જેને ખબર નથી એને શ્રદ્ધાના વ્યવહારની પણ ખબર નથી.

ભગવાન આત્મા સ્વભાવથી ભરેલો પદાર્થ છે. તે સ્વભાવવાન પદાર્થ શક્તિ વગર હોય નહિ. એવા સ્વભાવવાળો આત્મપદાર્થ છે. તેમાં અંતર્મુખ થતાં જે શ્રદ્ધા થાય એમાં છ દ્રવ્યો અને એ બધાની શ્રદ્ધાનો વિકલ્પ નિમિત્ત છે. એ બધા નિમિત્તો હોવા છતાં આત્મા તે નિમિત્ત વડે ઊપજતો નથી અને તે નિમિત્તોને ઊપજાવતો નથી. પણ પોતે દર્શન ગુણથી ભરેલો છે; તે રૂપે ઊપજે છે અને એમાંથી સુખ પ્રગટ થાય છે. સુખ બહારથી આવતું નથી. અનંત આત્માઓ નિગોદમાં પણ શ્રદ્ધા આદિ અનંત ગુણોથી ભરેલા છે; એમ પોતાની શ્રદ્ધા કરતાં તે અનંત આત્માઓ નિમિત્તરૂપે આવી જાય છે. જે શાસ્ત્રો છ દ્રવ્યનું યથાર્થ વર્ણન કરે છે તે નિમિત્તરૂપે હોય છે. આત્મામાં દેવ, ગુરુ, શાસ્ત્રનો વિકલ્પ ઊઠે છે તે પરદ્રવ્ય જ છે. આત્મા ત્રિકાળી ધ્રુવતત્ત્વ તે જ સ્વદ્રવ્ય છે. વસ્તુ હોય તે અધૂરી હોય નહિ. પોતે શ્રદ્ધા ગુણથી ભરેલો છે. એવો ચૈતન્ય આત્મા પર દ્રવ્યને નિમિત્ત છે.

આત્મામાં છ દ્રવ્ય, નવ તત્ત્વ, દેવ, ગુરુ, શાસ્ત્રની શ્રદ્ધાના વિકલ્પ થાય—તે પરદ્રવ્ય છે. ચૈતન્યના લક્ષે તેનું પરિણમન થતું નથી. ભગવાન આત્મા જ્ઞાતા, દ્રષ્ટા, શ્રદ્ધા સંપન્ન છે. અંતર વલણે પરિણમતો આત્મા, પર એવા રાગ આદિ થાય, એને નિમિત્ત છે. રાગાદિ વિકાર એના કારણે પરિણમે છે. આત્માના કારણે પરિણમતા નથી. અહીં પર્યાય પર્યાય વચ્ચે નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે તે કહે છે. દેવ, ગુરુ, શાસ્ત્રનો રાગ, ચૈતન્યના પરિણામને નિમિત્ત છે અને રાગાદિને ચૈતન્યના પરિણામ નિમિત્ત છે. હવે આત્મા પોતે પોતારૂપે પરિણમે છે, શ્રદ્ધે છે, દેખે છે, તેને રાગાદિને શ્રદ્ધે છે, દેખે છે એમ કહેવું તે વ્યવહાર છે. દ્રષ્ટારૂપે પરિણમતો આત્મા, રાગાદિ એના કારણે પરિણમે છે તેને અડતોય નથી. તે રાગ આદિમાં નિમિત્ત છે પણ એકરૂપે થતો નથી. ભગવાન આત્મા પોતાની અંતરશ્રદ્ધારૂપે પરિણમે છે, તેમાં વ્યવહારરત્નત્રય નિમિત્ત છે, તે રૂપે આત્મા નથી. કેમ કે ચૈતન્યમાં વ્યવહાર રત્નત્રયનો અભાવ છે. છ દ્રવ્ય અને રાગને આત્મા નિમિત્ત છે કેમ

કે એ બન્નેમાં આત્માનો અભાવ છે. આમ હોવા છતાં આત્મા રાગને અને પરદ્રવ્યને શ્રદ્ધે છે—એમ કહેવું તે વ્યવહાર છે. કેમ કે આત્મા પરમાં તન્મય થતો નથી.

હવે ચારિત્રગુણનો વ્યવહાર કહે છે. એમાં પણ ખડીના દ્રષ્ટાંતથી સમજવું. જેવી રીતે ખડી ધોળાગુણથી ભરેલી છે તેવી રીતે ભગવાન આત્મા જે જ્ઞાન-દર્શનથી ભરેલો પદાર્થ છે, તે પરના ત્યાગ સ્વરૂપ સ્વભાવથી પણ ભરેલો છે. નવો ત્યાગ કરું એવું સ્વરૂપમાં છે જ નહિ એટલે કે કર્મને છોડું, સ્ત્રી, કુટુંબને છોડું, રાગને છોડું–એવું આત્માના સ્વરૂપમાં જ નથી. રાગથી માંડીને લોકાલોકના ત્યાગ સ્વરૂપ જ આત્મા છે.

જેવી રીતે ખડી પોતાના ધોળા સ્વભાવથી ભરેલી છે, તે પરના અભાવ સ્વભાવરૂપે જ ભરેલી છે; તેવી રીતે આત્મા પરના અભાવરૂપે છે. તે ભગવાન આત્માને પર્યાયમાં રાગનો અભાવ થાય છે, તેનું લક્ષ છોડાવે છે, કેમ કે રાગના ત્યાગનું લક્ષ કરવા જતાં મિથ્યાબુદ્ધિ ઉત્પન્ન થાય છે. આત્મવસ્તુ પરના અભાવરૂપ છે—એવી દ્રષ્ટિ થયા વિના રાગનો યથાર્થ અભાવ થાય એમ નથી. આ રીતે પરના ત્યાગરૂપ જ આત્મા છે—એવું ભાન થયા વગર 'પર વસ્તુ છોડી' અને 'રાગ છોડ્યો' એવો સાચો વ્યવહાર પણ થતો નથી. કેમ કે આત્મામાં રાગ કે પરવસ્તુ છે જ નહિ તો છોડે કોને ? ખરેખર તો સ્વભાવના આશ્રયે રાગની ઉત્પત્તિ થતી નથી અને પરવસ્તુનો સંયોગ તો એના કારણે છૂટી જાય છે. આત્મા તેને કે રાગને છોડતો નથી. આમ સ્વભાવદ્રષ્ટિ થાય છે ત્યારે નિમિત્ત અને રાગ છૂટ્યો, તેને વ્યવહાર કહેવામાં આવે છે.

આત્મા પરવસ્તુને છોડે છે અને મૂકે છે. એ વાત તો છે જ નહિ કેમ કે આત્મા તેને છોડી—મૂકી શકાતો નથી. પણ અહીં તો કહે છે કે આત્મા રાગને પણ છોડતો નથી. કેમ કે આત્મા રાગના ત્યાગના અભાવ સ્વભાવથી જ ભરેલો છે. સ્વભાવનું લક્ષ થતાં રાગનો સહજ ત્યાગ થાય છે. એને આત્માએ ત્યાગ કર્યો એમ કહેવું તે વ્યવહાર છે. અહીં રાગ છૂટે છે એને વ્યવહાર કહ્યો છે. રાગ રહે છે એની તો વાત જ નથી. રાગને છોડું એવા પરિણામપણે આત્મા પરિણમતો નથી. સ્વભાવનું અવલંબન લેતા રાગનો અભાવ થાય છે અને ભૂમિકા પ્રમાણે પર વસ્તુના સંયોગનો પણ અભાવ હોય છે પણ સ્વભાવ દ્રષ્ટિવાળાને પરવસ્તુના અભાવ ઉપર કે કષાયના અભાવ ઉપર દ્રષ્ટિ નથી કેમ કે આત્મા પરના અને રાગના અભાવ સ્વભાવ રૂપે જ સદા છે.

પરદ્રવ્યને હું છોડું,રાગને હું છોડું—એવા લક્ષે તો પર્યાયબુદ્ધિ થાય છે. પરનો અભાવ કરવાનું લક્ષ કરવા જાય ત્યાં સ્વભાવનું લક્ષ રહેતું નથી.

અહીં તો કહે છે કે વિકલ્પ ઊઠ્યો એનો અભાવ કરવાનો હોતો નથી. સ્વભાવના લક્ષે પરિણમન થયું એટલે રાગનો અભાવ થઈ જાય છે; તે પરિણામરૂપે આત્મા પરિણમતો નથી પણ પોતાના સ્વભાવરૂપે પરિણમે છે. વળી આત્મા રાગનો અભાવ થવારૂપ દશાને તથા નગ્નપણાની દશાને પોતારૂપે પરિણમાવતો નથી પણ પોતાના સ્વભાવ સન્મુખ તે પરિણમે છે. એવા સ્વભાવનું અવલંબન થયું એટલે એને ન શોભે એવો રાગ હોતો નથી. તે પરિણામ થયું તે વખતની દશાના પરિણામને આત્મા નિમિત્ત છે અને તે પરિણામ આત્માને નિમિત્ત છે. આવું નિમિત્ત—નૈમિત્તિકપણું પણ સાથે સાબિત કરે છે.

આત્મામાં શરીર વાણી તો નથી અને આત્મામાં વિકલ્પ ઊઠે એટલો એને માનવો, તે પણ મિથ્યાબુદ્ધિ છે. સ્વભાવનું અવલંબન લેતાં રાગનો અભાવ થાય છે. એમાં આત્મા નિમિત્ત છે અને આત્માને તે રાગનો અભાવ અને પર પદાર્થ નિમિત્ત છે. આત્મા રાગના અભાવને પરિણમાવતો નથી. એટલે કે આત્માને રાગનો અભાવ કરવાનું લક્ષ હોતું નથી. જેનો ત્યાગ કરવા માગે છે, તેનો ત્રિકાળ સ્વભાવમાં અભાવ ન હોય—એમ બને નહિ. આત્મા પરના અભાવ સ્વભાવરૂપે પરિણમી રહ્યો છે. પરના અભાવ કરવારૂપે પરિણમતો નથી. આત્માની પર્યાયમાં એક સમયનો વિકલ્પ છે, તેના અભાવ સ્વભાવે આત્મા ત્રિકાળ છે. એવી સ્વભાવદ્રષ્ટિ થતાં રાગનો અભાવ થયો; એ પરિણામ વિના જ આત્મા પરિણમી રહ્યો છે. એ આત્માને રાગનો અભાવ તે નિમિત્ત છે. એટલે નક્કી થયું કે રાગનો અભાવ થયો અને શરીરની નગ્ન દશા થઈ એ વડે આત્મા પરિણમતો નથી પણ અંતરનું અવલંબન થતાં રાગનો અભાવ થઈ જાય છે. તેથી શરીરનું લક્ષ રહેતું નથી. શરીરમાં નગ્ન દશા થઈ જાય છે અને રાગ છૂટી જાય છે, તેને નિમિત્ત કહેવાય છે. વસ્ત્ર-પાત્ર સહિત ચારિત્ર દશા હોય નહિ. જો વસ્ત્ર-પાત્ર હોય તો તે પરદ્રવ્ય અને એનો રાગ અને નિમિત્તપણું પણ લાગું પડતું નથી. એટલે કે નિમિત્તનું નિમિત્તપણું પણ રહેતું નથી. સ્વભાવના અવલંબને એવો રાગ છૂટી જાય છે અને નગ્ન દશા થાય છે; તે ચારિત્ર પ્રગટ થયું — એને નિમિત્ત કહેવાય છે.

નગ્ન દશા વર્તે છે અને એ વખતે ત્રણ કષાયનો અભાવ વર્તે છે; તેને ચૈતન્યનો ચારિત્ર પર્યાય પ્રગટ્યો છે, તે નિમિત્ત છે. રાગ છૂટ્યો અને શરીરની નગ્નદશા થઈ, એને આત્મા કરે છે એમ કહેવું તે વ્યવહાર છે. આત્મા નગ્નદશા કરતો નથી. આત્મા આંગળી ચલાવી શકે નહિ. આત્મા વસ્ત્રાદિને છોડી શકે નહિ, કેમ કે જગતમાં ત્રિકાળી વસ્તુ સતરૂપે છે, એની પર્યાય એના કારણે થાય છે. વસ્ત્રાદિની પર્યાય એના ત્રિકાળી ધ્રુવ વસ્તુના

આધારે થાય છે, એના કાળે એના કારણે થાય છે. એ અવસ્થા આત્માના કારણે થાય છે એમ માનવું તે મિથ્યાત્વ છે. આત્મા અને જડ વસ્તુ બન્ને ભિન્ન છે. ભિન્ન વસ્તુની અવસ્થાને, ભિન્ન પદાર્થ કરી શકે નહિ તેથી આત્મા શરીરની નગ્નદશા કરે છે અને રાગાદિને છોડે છે એમ કહેવું તે વ્યવહાર છે.

## શ્રી સમયસાર ગાથા ૩૫૬ થી ૩૬૪ ટીકા (ચાલુ)

**(કારતક સુદ ૮, મંગળવાર, ૨૦૦૮, તા. ૬-૧૧-૫૧)**

આત્માના જ્ઞાન, દર્શન, ચારિત્રના નિશ્ચય અને વ્યવહારની વાત કરી. જ્ઞાયક તો જ્ઞાયક જ છે. એને પરનો કહેવો તે વ્યવહાર છે. આત્મા સિવાય પરપદાર્થને ગ્રહણ કરે કે છોડે એવું તો આત્માના સ્વરૂપમાં નથી જ. પણ રાગને છોડે કે ગ્રહણ કરે એવું પણ દ્રવ્યમાં નથી. આ વસ્તુસ્થિતિ સમજ્યા વિના ધર્મ થતો નથી.

આત્મા ચૈતન્યધ્રુવ પદાર્થ છે, તે પરનો ગ્રહનાર કે છોડનાર નથી અને સ્વભાવ દ્રષ્ટિમાં રાગને છોડું કે કરું એમ પણ નથી. સ્વભાવદ્રષ્ટિ થતાં રાગ છૂટી જાય છે. રાગને છોડું છું એમ કહેવું તે વ્યવહાર છે. વસ્તુમાં તે નથી. આમ આત્માનું ખરું સ્વરૂપ જાણીને જીવે કદી યથાર્થ રુચિ કરી નથી. બીજી બધી માથાકુટ કરી છે. જ્ઞાયક અનંતગુણનો પિંડ તે આત્મા છે, વિકાર કરે એને તો આત્મા કહેતા નથી પણ વિકારના લક્ષે વિકારને છોડે, એને પણ આત્મા કહેતા નથી, તે અનાત્મા છે, જડ છે. એ વાત કહેવાણી છે. ધ્રુવ ચૈતન્ય આત્મા રાગના પરિણામને કરે એમ માનવું તે તો મિથ્યાત્વ છે પણ અહીં તો કહે છે કે પુણ્ય-પાપના પરિણામને છોડું(એમ માને) એ પણ અનાત્મા છે કેમ કે આત્માના સ્વભાવને તે ભૂલી ગયો છે.

આત્મા તો જ્ઞાયક છે. સ્વપરની પર્યાય ક્રમબદ્ધ થાય છે; તેને ફેરવવા કોઈ સમર્થ નથી. આત્મા જાણનાર છે એવી દ્રષ્ટિ જેને થઈ છે તેને પરનું કરવાનું કે છોડવાનું રહેતું નથી. **'હું મને જાણું છું'** એ પણ વ્યવહાર છે. રાગ છૂટ્યો એમ જણાય, તે પણ વ્યવહાર છે. રાગ છૂટ્યો એને મેં છોડ્યો, એમ માનનાર અનાત્મા થઈને રાગનો ધણી થાય છે. સ્વભાવના લક્ષે જ્ઞાન પર્યાય ખીલી, એમાં વિકાર છૂટ્યો તે જણાય છે, તેને આત્મા જાણે છે એમ કહેવું તે વ્યવહાર છે. આમ વસ્તુનું સ્વરૂપ છે. તેની રુચિ કરે તે ધર્મ પામવાને લાયક છે.

### (૧) જ્ઞાનસ્વભાવે પરિણમતો આત્મા પરને જાણે છે એ વ્યવહાર છે, જ્ઞાયક તે જ્ઞાયક જ છે.

આત્મા જ્ઞાનગુણથી ભરેલો છે તે પરને કરતો નથી અને છોડતો પણ નથી પણ પરદ્રવ્યને જાણે છે એમ કહેવું તે વ્યવહાર છે. જ્ઞાયક તે જ્ઞાયક જ છે—એમ અંતર દ્રષ્ટિ કરવી તે સમ્યગ્દર્શન છે. જ્ઞાતા જ્ઞાન સ્વભાવી છે.

તેનું લક્ષ થતાં સ્વ-પર પ્રકાશક સ્વભાવ ખીલે છે, તેમાં પર જણાય છે. રાગ અને નિમિત્તને જ્ઞાન જાણે છે—એમ કહેવું તે વ્યવહાર છે. **ખરેખર તો પોતે પોતાને જાણે છે.**

**(૨) દર્શનગુણે પરિણમતો આત્મા છ દ્રવ્યને અને દેવ, ગુરૂ, શાસ્ત્રને દેખે છે, શ્રદ્ધે છે એમ કહેવું તે વ્યવહાર છે, દર્શક છે તે દર્શક એ નિશ્ચય છે.**

દર્શન સ્વભાવી આત્મા છે તે દેવ, ગુરૂ, શાસ્ત્રને દેખે છે, શ્રદ્ધે છે એમ નથી. રાગને તથા નવ તત્ત્વને શ્રદ્ધે છે એમ પણ નથી. આત્મા, શ્રદ્ધા ગુણથી ભરેલો છે તે અંતર અવલંબન લેતાં નિમિત્તને શ્રદ્ધે છે એમ કહેવું તે વ્યવહાર છે.

**(૩) અપોહક સ્વભાવી આત્મા રાગને છોડે છે એમ કહેવું તે વ્યવહાર છે.**

આત્મા પરના ત્યાગ સ્વભાવરૂપે જ છે, તે પરદ્રવ્યનો અને રાગનો ત્યાગ કરતો નથી. ત્યાગ સ્વરૂપી આત્મા નવો કાંઈ ત્યાગ કરે છે—એમ છે જ નહિ. આત્મા પરદ્રવ્યનો ત્યાગ કરે છે—એમ તો નથી પણ રાગનો ત્યાગ કરે છે એ બુદ્ધિએ રાગનો ત્યાગ થતો નથી પણ આત્મા ત્રિકાળ રાગના અભાવ સ્વરૂપ જ છે. એનું લક્ષ થતાં, રાગની ઉત્પત્તિ જ થતી નથી અને આત્માએ ત્યાગ કર્યો એમ કહેવું તે વ્યવહાર છે.

**(૪) વીર્ય સ્વભાવી આત્મા છે તે પુરુષાર્થ વડે રાગને ટાળે છે તે વ્યવહાર છે.**

વીર્ય ગુણની પર્યાય તે આત્મ–બળ છે. તે જડ કર્મને આઘા પાછા કરે નહિ. પર દ્રવ્યમાં આત્માનું વીર્ય કાંઈ ફેરફાર કરી શકે એમ માનવું, તે મિથ્યાભાવ છે. વળી તે વીર્ય રાગને કરે છે અને રાગને છોડે છે, તે પણ મિથ્યા બુદ્ધિ છે. કેમ કે તે વર્તમાન અંશબુદ્ધિમાં અટકવાનો અભિપ્રાય છે. આત્માનું વીર્ય પરમાં તો કામ કરતું નથી પણ પુરુષાર્થ વડે રાગને કર્યો અને ટાળ્યો—તે પણ ભેદદ્રષ્ટિ છે. વીર્યવાન તે વીર્યવાન જ છે—એમ અભેદ દ્રષ્ટિ કરવી તે સમ્યગ્દર્શન છે. સ્વભાવનું અવલંબન પુરુષાર્થથી કર્યું એટલે વીર્યથી રાગને ટાળ્યો એમ કહેવું તે વ્યવહાર છે. વસ્તુ સ્વભાવની રુચિ ન કરતાં પરમાં રુચિ કરે છે તેથી દુઃખનો અભાવ થતો નથી.

**(૫) આનંદ સ્વભાવી આત્મા દુઃખનો નાશ કરે છે એમ કહેવું તે વ્યવહાર છે.**

આત્મા સુખવાળો છે, તે પણ વ્યવહાર છે. આનંદ સ્વભાવી તે આનંદ સ્વભાવી જ છે. આત્મા દુઃખની પર્યાયને કરે છે અથવા તો પરમાં દુઃખ છે, શરીરમાં રોગ થાય એ દુઃખ છે, એમ માનવું તે અજ્ઞાન છે. 'મારી પર્યાયમાં દુઃખ થયું અને તે દુઃખને હું ટાળું'—એ પર્યાય બુદ્ધિ છે. એને આત્મા કહેતા નથી. દુઃખ બુદ્ધિ કરનાર અનાત્મા છે. હું સુખમય છું—એમ જાણવું તે પણ

વ્યવહાર છે. આનંદ સ્વરૂપ જ આત્મા છે, તે અંતરદ્રષ્ટિનો વિષય અભેદ છે, તે સમ્યગ્દર્શનનું કારણ છે.

દુઃખના નિમિત્તો છે માટે દુઃખ છે, એમ તો નથી પણ 'દુઃખની પર્યાય મેં કરી અને તેને હું ટાળું'—એ માન્યતા અનાત્માની છે કેમ કે દુઃખના આશ્રયે દુઃખ છૂટતું નથી. હું સુખમય છું એ પણ ભેદભાવ છે; તે પુણ્યનું કારણ છે, ધર્મનું કારણ નથી. આ સમજ્યા વગર ધર્મ થાય એમ નથી. આત્માના ત્રિકાળી સ્વભાવમાં પર્યાયનો અભાવ છે તેથી 'પર્યાયને ટાળું' તે મિથ્યાબુદ્ધિ ઉત્પન્ન કરે છે. આત્મા ત્રિકાળી વસ્તુ છે. સંયોગ, રાગનો પર્યાય એક સમયનો છે, તે તેના કાળે ભલે હો, પણ તે વખતે એક આત્માનો ત્રિકાળી ધ્રુવ સ્વભાવ જ લાભનું કારણ છે—એવી દ્રષ્ટિ થતાં દુઃખની પર્યાયની ઉત્પત્તિ જ થતી નથી. તેને અભાવ કર્યો એમ કહેવું તે વ્યવહાર છે.

વસ્તુ કોઈએ કરી નથી. કુંદકુંદાચાર્યદેવ ઘરનું કહેતા નથી. ત્રિકાળ વસ્તુનો સ્વભાવ જ આવો છે; તે તને બેસે છે ? જો તારા અંતરમાં એ વાત બેસતી હોય તો સ્વભાવ તરફ જા, નહિતર પર્યાયબુદ્ધિ ટળે એમ નથી. પરનું કરવું કે ટાળવું તો છે જ નહિ પણ રાગને કરું અને ટાળું એ પણ નથી. પરને જાણવું તે પણ વ્યવહાર છે. આ પ્રમાણે બધા ગુણોની પર્યાય લઈ લેવી.

**(૬) કર્તા, (૭) અકર્તા. આત્મા પર્યાયનો કર્તા છે, રાગનો કર્તા નથી તે વ્યવહાર છે.**

આત્મામાં કર્તા ગુણ છે, તે પરનો તો કર્તા નથી પણ રાગનોય કર્તા નથી. આત્મા પર્યાયને કરે છે એ વ્યવહાર છે, કર્તા તે કર્તા જ છે તે નિશ્ચય છે. આત્મા જડનો તો અકર્તા જ છે. પણ રાગનો અકર્તા છે. તે પણ વ્યવહાર છે. આત્મા અકર્તા છે. ગુણગુણીભેદ છે તે પણ વ્યવહાર છે. અકર્તા તે અકર્તા જ છે તે નિશ્ચય છે.

**(૮) ભોક્તા (૯) અભોક્તા. આત્મા છે તે ગુણગુણી ભેદ છે માટે વ્યવહાર છે.**

આત્મા પરનો ભોક્તા છે એમ તો નથી જ. પણ આત્માને પોતાની પર્યાયનો ભોક્તા જાણવો તે વ્યવહાર છે—અંશબુદ્ધિ છે—ભોક્તા તે ભોક્તા જ છે. વળી આત્મા અભોક્તા સ્વભાવથી ભરેલો છે, તે પરનો અભોક્તા છે. રાગનો અભોક્તા છે તે પણ વ્યવહાર છે. આત્મા અધિકારને ભોગવે તે પણ વ્યવહાર છે. કેમ કે ભોક્તા તે તો ભોક્તા જ છે. તે નિશ્ચય છે. આ પ્રમાણે નિશ્ચય—વ્યવહાર સમજવો. પહેલાં વસ્તુ છે તેનું જ્ઞાન કર્યા વગર આત્માને બિલકુલ લાભ નથી. રાગ અને પુણ્યના પરિણામ થાય એમાં આત્માને લાભ નથી. ત્રિકાળ સ્વભાવદ્રષ્ટિ થાય તો પરનું અભિમાન રહેતું નથી.

**<u>(૧૦) કરણ એટલે સાધન. આત્માના સાધન વડે ધર્મ થાય એ ભેદ પણ વ્યવહાર છે.</u>**

આત્મામાં કરણ નામનો ત્રિકાળી ગુણ છે. તેથી પરના સાધન વડે ધર્મ થાય એમ માનવું તે મૂઢતા છે. પુણ્યના સાધન વડે ધર્મ માનવો તે મિથ્યાબુદ્ધિ છે. આત્માના કરણ વડે ધર્મ માનવો તે પણ વ્યવહાર છે. સાધનસંપન્ન હોય તેને બહારમાં માગવા જવું પડે નહિ. આત્મા સદા સાધન સંપન્ન જ છે તેને પરના સાધનથી લાભ થતો નથી. વ્યવહાર રત્નત્રયથી લાભ નથી પણ આત્મા સાધનસંપન્ન છે એ પણ ભેદ છે. તે ભેદનો પણ અભાવ કરવો એ સમ્યગ્દર્શનનું ધ્યેય છે.

(૧૧) આત્મા પ્રભુત્વશક્તિવાળો છે એવો ભેદ પાડવો તે પણ વ્યવહાર છે. તે ભેદથી સમ્યગ્દર્શન થતું નથી. નિમિત્ત અનુકૂળ હોય તો મારી પ્રભુતા પ્રગટે એમ માને છે તે તો અજ્ઞાન છે. શુભરાગને લઈને પ્રભુતા પ્રગટે એમ માને તે પ્રભુતાને સમજ્યો નથી. આત્મા તો સદાય પ્રભુતાવાળો છે એવા ભેદ પાડવાથી પણ આત્મામાં પ્રભુતા પ્રગટતી નથી. પ્રભુત્વ તે પ્રભુત્વ જ છે. એ અભેદનું લક્ષ કરે તો સમ્યગ્દર્શન થાય છે.

એ રીતે જ્ઞાન, દર્શન, ચારિત્ર, વીર્ય, આનંદ આદિ ગુણોનો નિશ્ચય વ્યવહાર કહ્યો. એ પ્રમાણે બીજા પણ સમસ્ત પર્યાયોનો નિશ્ચય—વ્યવહાર પ્રકાર સમજવો.

**<u>ભાવાર્થ :—</u>**શુદ્ધનયથી આત્માનો એક ચેતનામાત્ર સ્વભાવ છે. તેના પરિણામ જાણવું, દેખવું, શ્રદ્ધવું, નિવૃત્ત થવું ઇત્યાદિ છે. ત્યાં નિશ્ચયનયથી એટલે અંતરદ્રષ્ટિથી વિચારવામાં આવે તો આત્માને પરદ્રવ્યનો જ્ઞાયક નથી કહી શકાતો. **<u>આત્મા પરદ્રવ્યને છોડનાર કે ગ્રહણ કરનાર તો નથી પણ પરદ્રવ્યનો જાણનાર પણ નથી.</u>** પરદ્રવ્યનો જાણનાર ખરેખર હોય તો પરરૂપ થઈ જાય. એવી રીતે આત્મા પરદ્રવ્યનો દર્શક કહી શકાતો નથી. પરદ્રવ્યને શ્રદ્ધનારો કહી શકાતો નથી અને ત્યાગ કરનારો કહી શકાતો નથી કારણ કે પરદ્રવ્યને અને આત્માને નિશ્ચયથી કાંઈ પણ સંબંધ નથી.

શ્રી મહાવીર ભગવાનનો જીવ એ પહેલાંના દસમા ભવે સિંહ હતા અને જંગલમાં માંસ ખાતા હતા. તે વખતે બે મુનિઓ આકાશમાં ચાલ્યા જતા હતા. તે મુનિઓએ તીર્થંકર ભગવાન પાસે શ્રવણ કરેલું કે આ મહાવીર ભગવાનનો જીવ છે. તેઓ નીચે ઊતર્યા અને સિંહની સામે ઊભા રહ્યા અને સિંહને ઉપદેશ કરે છે કે અરે સિંહ ! આ શું કરે છે ? કેટલા ભવ કરવા છે ? આ માંસ ખાવાનો ઉત્સાહ વર્તે છે. શ્રીધર તીર્થંકરે કહ્યું છે કે તમે તો દસમા ભવે મહાવીર તીર્થંકર થવાના છો. સિંહની આંખમાંથી આંસુ ચાલ્યા જાય છે. જાતિસ્મરણ જ્ઞાન થાય છે અને એ વખતે સમ્યગ્દર્શન થાય

છે. ત્યાં ને ત્યાં સ્થિરતારૂપી વ્રત અંગીકાર કરે છે. સંથારો કરીને સ્વર્ગમાં જાય છે. અહો ચૈતન્ય આત્મભગવાન ! તારો સ્વભાવ શુદ્ધ છે. એમ અંતર્મુખ ગુલાંટ અંતર્મુહૂર્તમાં મારે છે અને સમાધિમરણ કરે છે. હરણ ઉપર ત્રાપ મારી માંસ ખાય છે, તે જીવ ગુલાંટ મારે છે. જાતિસ્મરણ જ્ઞાન પણ થાય છે. જે પર્યાય પરમાં વળતી હતી, તે અંતર્મુખ વળે છે અને સમ્યગ્દર્શન પ્રગટ કરે છે.

એમ **અહીં ભગવાન કહે છે કે એકવાર તું અંતરમાં જો, પરનો જાણનાર નથી. પરનો દેખનાર નથી. એવી વસ્તુસ્થિતિ છે, એને પ્રથમ ખ્યાલમાં લેવી જોઈએ.** તે પહેલાં સાચું વીર્ય અને ઉત્સાહ ઊપડે નહિ. સિંહને કહ્યું કે દસમા ભવે તીર્થંકર થવાના છો. તે સાંભળીને તેને અંતરમાંથી ઉછાળો આવ્યો અને ગુલાંટ મારી એ વખતે એમ થયું નથી કે ભગવાને ભવ જોયા છે તે ઓછા થવાના નથી, એમ વીર્યને મોળું નહિ પાડતાં ઉછાળે છે અને ગુલાંટ મારે છે. એમ ચૈતન્યસ્વભાવમાં એકાગ્ર થઈને જે પર્યાય થાય છે તે થાય છે. એમાં ફેરફાર કરવાનો જ્ઞાનીનો અભિપ્રાય હોતો નથી.

શ્રદ્ધાવાન પદાર્થને પરની શ્રદ્ધા કરનારો કહી શકાતો નથી. રાગનો ત્યાગ કરનારો કહી શકાતો નથી. કારણ કે પરદ્રવ્ય સાથે આત્માને કાંઈ પણ સંબંધ નથી. પણ અજ્ઞાની સંબંધ માન્યા વગર રહેતો નથી. જે જ્ઞાન, દર્શન, ચારિત્રાદિ ભાવો છે તે પોતે જ છે. ભાવ-ભાવકનો ભેદ કહેવો તે પણ વ્યવહાર છે. જ્ઞાનવાળો, દર્શનવાળો આત્માને કહેવો તે સ્વ-સ્વામીઅંશના ભેદવાળો આત્મા નથી. આત્મા તો અભેદ છે. નિશ્ચયથી ભાવ અને ભાવ કરનારનો ભેદ નથી.

હવે વ્યવહારનય વિષે. વ્યવહારનયથી આત્માને પરદ્રવ્યનો જ્ઞાતા, દ્રષ્ટા, શ્રદ્ધાન કરનાર, ત્યાગ કરનાર કહેવાય છે. કારણ કે પરદ્રવ્યને અને આત્માને નિમિત્ત-નૈમિત્તિક ભાવ છે. જ્ઞાનાદિ ભાવોને પરદ્રવ્ય નિમિત્ત થતું હોવાથી વ્યવહારીજનો કહે છે કે આત્મા પરદ્રવ્યને જાણે છે, દેખે છે, શ્રદ્ધાન કરે છે અને ત્યાગે છે. **આત્માની સત્ય વાત શ્રવણ કરતાં કરતાં જે શુભભાવ થાય છે તે જુદી જાતનો હોય છે અને સ્વભાવનું લક્ષ કરે તો એની વાત જ શી કરવી?** અજ્ઞાનીને આ વાત બેસતી નથી કેમ કે ભગવાન આત્માનો મહિમા એને આવતો નથી. આ પ્રમાણે નિશ્ચય—વ્યવહારના પ્રકારને જાણી જેમ કહ્યું તેમ શ્રદ્ધાન કરવું.

હવે આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે :—

## કળશ ૨૧૫

અમૃતચંદ્રાચાર્ય કરુણાથી સંબોધે છે કે જેણે શુદ્ધ દ્રવ્યના નિરૂપણમાં બુદ્ધિને સ્થાપી—લગાડી છે અને જે તત્ત્વને અનુભવે છે તે પુરુષને એક દ્રવ્યની અંદર કોઈ પણ અન્યદ્રવ્ય રહેલું બિલકુલ ભાસતું નથી. નિરૂપણમાં બુદ્ધિને સ્થાપી છે એટલે વાણીમાં બુદ્ધિને સ્થાપી છે એમ નથી પણ કથનનો જે અભિપ્રાય કે શુદ્ધ ચૈતન્ય ધ્રુવ આત્મા છે—તેમાં બુદ્ધિને લગાડી છે. એમાં કર્મ મંદ પડ્યાં છે માટે બુદ્ધિ લાગી છે—એમ નથી. પોતે પુરુષાર્થપૂર્વક બુદ્ધિને સ્થાપી છે—એમ કહે છે. આત્મા અનંતગુણનો ભંડાર પોતાનો જ્ઞાયક શુદ્ધ સ્વભાવ છે. એમાં બુદ્ધિને જેણે લગાડી છે, તે શાંતિને અનુભવે છે.

જ્ઞાનીને એક દ્રવ્યની અંદર અન્યદ્રવ્ય રહેલું કદાપિ ભાસતું નથી. પુણ્યપાપાદિ વિકલ્પો છે તે પરદ્રવ્ય છે. અને દેવ-ગુરુ-શાસ્ત્ર, વ્રતાદિના વિકલ્પો તે પણ અન્ય દ્રવ્ય છે. જેને સ્વભાવદ્રષ્ટિ થઈ છે તેને તે વિકલ્પો પોતાની અંદર બિલકુલ ભાસતા નથી. આત્મા ત્રિકાળ શુદ્ધ સ્વભાવી છે. એમાં રાગનો અભાવ છે પણ જ્ઞાન તે રાગાદિ વિકલ્પોને જાણે છે—તે જ્ઞાનનો ઉદય છે. ચૈતન્યનું અવલંબન લેતાં સ્વભાવ ખીલ્યો તે પોતે પોતાના જ્ઞાનમાં રહીને રાગ અને પુણ્ય એના કાળે ને એના કારણે થાય છે એમ જાણે છે, તે જ્ઞાનનો ઉદય છે. અંતરદશા નવી પ્રગટ થઈ છે. તેને રાગ કરવો કે ટાળવો એમ તો છે નહિ પણ રાગ ટળી ગયો તેને જાણવો તે વ્યવહાર છે.

***

# <u>પ્રસાદ નં. ૧૬</u>

## <u>શ્રી સમયસાર કળશ ૨૧૫</u>

(કારતક સુદ ૯, બુધવાર, ૨૦૦૮, તા. ૭-૧૧-૫૧)

જ્ઞાન જ્ઞેયને જાણે છે. જાણવું તે આત્માનો સ્વભાવ છે. શરીરવાણીની જે દશા થાય છે, તેને જ્ઞાન જાણે છે પણ તે જ્ઞેય સાથે એકમેક થઈ જતું નથી. એમ જ રાગ, દયા, દાન, ભક્તિ આદિના પરિણામ થાય, તેને જ્ઞાન જાણે તેવો આત્માનો સ્વભાવ છે પણ એને પોતાના માનવાનો આત્માનો સ્વભાવ નથી. આત્માનો જાણવાનો સ્વભાવ છે—એને ન માને પણ રાગ થયો તેટલો જ પોતાને માને—એ જ અધર્મ છે.

**<u>જ્ઞાન જ્ઞેયને જાણે છે તે તો જ્ઞાનના શુદ્ધસ્વભાવનો ઉદય છે.</u>**

આમ છે તો પછી લોકો જ્ઞાનને અન્ય દ્રવ્ય સાથે સ્પર્શ હોવાની માન્યતાથી આકુળ બુદ્ધિવાળા થયા થકા તત્ત્વથી (શુદ્ધ સ્વરૂપથી) શા માટે ચ્યુત થાય છે ? આત્માને પુણ્ય-પાપના ભાવ થાય છે. તેમાં જ્ઞાન એકમેક થઈ ગયું છે. એમ માનવાથી આકુળતા થાય છે. કેમ કે ખરેખર રાગને જાણતાં જ્ઞાન રાગરૂપે થતું નથી. જેમ અરીસાની સ્વચ્છતાને લીધે સામેની વસ્તુ અરીસામાં દેખાય છે. તે અરીસાની પર્યાય છે. સામેની ચીજ અરીસામાં આવી નથી અને અરીસો સામેની ચીજમાં પેઠો નથી. એમ જ્ઞાનનો જાણવાનો સ્વભાવ છે. પુણ્ય-પાપાદિ પરદ્રવ્યને જાણતાં, જ્ઞાન તેમાં પેસતું નથી અને પરદ્રવ્ય જ્ઞાનમાં પેસતું નથી, છતાં અજ્ઞાની જ્ઞેયના કારણે જ્ઞાન છે અને જ્ઞાનના કારણે જ્ઞેય છે—એમ માનીને સ્વભાવથી ચ્યુત થઈને આકુળ વ્યાકુળ થાય છે.

**<u>જેમ અગ્નિ અરીસામાં જણાય છે છતાં અગ્નિ અરીસારૂપ થતી નથી અને અરીસો અગ્નિરૂપ થતો નથી તેમ જ્ઞાનમાં જ્ઞેય જણાય છે તો પણ જ્ઞાન જ્ઞેયરૂપ થતું નથી અને જ્ઞેય જ્ઞાનરૂપ થતું નથી.</u>**

શરીરાદિની અવસ્થા થાય છે તે જ્ઞાનમાં જણાય છે. તે શુદ્ધ જ્ઞાનનો સ્વભાવ છે—એમ ન માનતાં, તે શરીરની અવસ્થાથી આત્માને લાભ થાય છે એમ માનનાર શરીરને અને જ્ઞાનને એકમેક માને છે. તેથી આકુળ થાય છે. જ્ઞેયથી ભિન્ન રહીને આત્માનો જાણવા–દેખવાનો સ્વભાવ છે એમ ન માનતાં પરના કારણે જ્ઞાનને માનવું તે મિથ્યાત્વરૂપી આકુળતા છે.

આત્મા ચૈતન્ય અરીસો નિર્મળ જ્ઞાન સ્વભાવી છે. દેહાદિની જે ક્રિયા થાય તેને, કે દયા, દાન, ભક્તિ પૂજા આદિના વિકલ્પ થાય તેને પણ, જ્ઞાન જાણે છે. તેને જાણતાં 'હું તે વિકલ્પ અને દેહની ક્રિયાથી ભિન્ન છું'—એમ ન માનતાં; તે વિકલ્પ અને પરપદાર્થમય જ્ઞાનને માને તો જ્ઞાન, રાગ અને

પરમય થઈ જાય, રાગ તો ખરેખર એક સમયનો પર્યાય છે અને તે તો જ્ઞાનનું જ્ઞેય છે. છતાં રાગ મારામાં થયો અને એને જ્ઞાન સ્પર્શે છે, એમ માનવું તે મિથ્યાત્વ છે. પરની અવસ્થાને જ્ઞાન જાણે છે, એ તો જ્ઞાન સ્વભાવનો ઉદય છે. જ્ઞાન તો પરના અભાવ સ્વભાવરૂપે રહીને જાણે છે. પરમાં કદી એકમેક થતું નથી. રાગરૂપે જ્ઞાન થાય તો જ્ઞાન મલિન થઈ જાય; પણ એમ બનતું નથી. છતાં અજ્ઞાની રાગનો અને દેહાદિની ક્રિયાનો સ્વીકાર કરે છે, તે મિથ્યાત્વથી આકુળ વ્યાકુળ થાય છે.

## રાગનો જ્ઞાનમાં પ્રવેશ નથી અને જ્ઞાનનો રાગમાં પ્રવેશ નથી.

આચાર્ય ભગવાન કરુણાથી કહે છે કે, આમ હોવા છતાં હું રાગને પકડું છું એમ અજ્ઞાનીને કેમ થાય છે? સ્વભાવને પકડવાની રુચિ કેમ કરતો નથી? અરીસામાં અગ્નિનો ભડકો દેખીને અરીસાની સ્વચ્છતા ઉપર લક્ષ ન જતાં અગ્નિ ઉપર લક્ષ કેમ જાય છે ? આત્માની અવસ્થામાં કામ, ક્રોધ, દયા, દાનાદિના પરિણામ થાય છે તે તથા શરીરાદિની જે અવસ્થા થાય છે તે ક્રમબદ્ધ થાય છે. એટલે જડ અને ચેતનની પર્યાય સમયે સમયે એના કાળે અને એના કારણે થાય છે; તે જ્ઞાનમાં જણાય છે ત્યારે અજ્ઞાનીને સ્વભાવદ્રષ્ટિ ન થતાં રાગ અને પરદ્રવ્ય ઉપર દ્રષ્ટિ કેમ જાય છે? સ્વભાવ ઉપર દ્રષ્ટિ જવી જોઈએ, તેને બદલે પર ઉપર દ્રષ્ટિ જાય છે—એ જ મિથ્યાત્વની આકુળતા છે.

**ભાવાર્થ :**—શુદ્ધનયની દ્રષ્ટિથી તત્ત્વનું સ્વરૂપ વિચારતાં અન્ય દ્રવ્યોમાં પ્રવેશ દેખાતો નથી. ભગવાન આત્મા જ્ઞાયક સ્વરૂપ છે—એવી દ્રષ્ટિ થતાં પરપદાર્થોનો સંયોગ હોવા છતાં અને રાગાદિના પરિણામ હોવા છતાં, જ્ઞાન સ્વભાવી આત્મામાં તે રાગાદિ તથા પર દ્રવ્યોનો પ્રવેશ થતો નથી અને રાગાદિ તથા પરદ્રવ્યોમાં જ્ઞાન સ્વભાવી આત્માનો પ્રવેશ નથી.

## દેવ, ગુરુ, શાસ્ત્ર અને તેમના તરફનો વિકલ્પ બન્ને પરદ્રવ્ય છે, એનો આત્મામાં પ્રવેશ દેખાતો નથી.

ખડીનો ગાંગડો ધોળા સ્વભાવથી ભરેલો છે. ખડી ભીંતને ધોળી કરે છે તે વ્યવહાર છે કેમ કે ખડીનો ભીંતમાં પ્રવેશ દેખાતો નથી અને ભીંતનો ખડીમાં પ્રવેશ દેખાતો નથી. ખડીનો ભાવ ખડીમાં છે અને ભીંતનો ભાવ ભીંતમાં છે; તેમ આત્મા જ્ઞાતા-દ્રષ્ટા વીતરાગ સ્વભાવી છે. દેવ, ગુરુ, શાસ્ત્ર જે પરદ્રવ્યો છે, એનો તો આત્મામાં પ્રવેશ નથી પણ તેની શ્રદ્ધાના વિકલ્પનો પણ આત્મામાં પ્રવેશ નથી અને વિકલ્પમાં આત્માનો પ્રવેશ નથી. તે નિમિત્ત અને વિકલ્પ વખતે તેને જાણવાનો જ્ઞાનની સ્વચ્છતાનો સ્વભાવ

છે. તે સ્વભાવ ઉપર દ્રષ્ટિ ન રાખતાં 'હું વિકલ્પવાળો છું'—એમ માનવું તે મિથ્યાત્વ છે અને તે અનંત સંસારનું મૂળિયું છે.

## જ્ઞાનમાં અન્ય દ્રવ્યો પ્રતિભાસે છે, તે તો જ્ઞાનની સ્વચ્છતાનો સ્વભાવ છે.

જ્ઞાન અન્ય દ્રવ્યોને સ્પર્શતું નથી કે તેઓ જ્ઞાનને સ્પર્શતાં નથી. આમ હોવા છતાં જ્ઞાનમાં અન્ય દ્રવ્યોનો પ્રતિભાસ દેખીને આ લોકો જ્ઞાનને પરજ્ઞેયો સાથે પરમાર્થ સંબંધ છે એવું માનતા થકા જ્ઞાન સ્વરૂપથી ચ્યુત થાય છે. તે તેમનું અજ્ઞાન છે. જ્ઞાન અરીસો જ્ઞાનને જણાવે છે પણ રાગમાં તાકાત નથી કે તે જ્ઞાનને જણાવે. આહાર, પાણી, શરીર વગેરેનું જ્ઞાન થતાં તે–મય જ્ઞાન થતું નથી અને પુણ્ય-પાપાદિનો વિકલ્પ થાય, તેનું પણ જ્ઞાન થતાં જ્ઞાન તે–મય થતું નથી. રાગ અને પરદ્રવ્યનું જ્ઞાન ખરેખર થાય તો જ્ઞાન તે–મય થઈ જાય અને રાગાદિ ટળતાં જ્ઞાનનો પણ નાશ થઈ જાય પણ એમ બનતું નથી. ચૈતન્ય ધ્રુવ સ્વભાવી આત્માની દ્રષ્ટિ થતાં સ્વભાવની જે પર્યાય ખીલે છે, તે રાગને જ્ઞેય તરીકે જાણે છે. તે સ્વભાવમાં રહીને જ્ઞેયને જાણે છે એમ વ્યવહારે કહેવાય છે.

આ શ્લોકોમાં મૂળ વાત ખોલી નાખી છે. ગાથા ૩૫૬ થી ૩૬૫નો સાર ટૂંકામાં કહ્યો છે. જેમ ખડી ધોળા સ્વભાવથી ભરેલી છે; તે ધોળારૂપે થાય કે ભીંતરૂપે થાય ? તો કહે છે કે તે ધોળારૂપે થાય, તેમ જ્ઞાન સ્વભાવથી ભરેલો આત્મા, જ્ઞાનરૂપે થાય કે વિકારરૂપે થાય ? તો કહે છે કે તે જ્ઞાન રૂપે થાય, અને ભીંત ભીંતરૂપે થાય કે ખડી ખડીરૂપે થાય ? ભીંત ભીંતરૂપે થાય. ખડી ખડીરૂપે થાય અને આત્મા જ્ઞાનરૂપે થાય. જેમ ખડી ભીંતના ભાવે થાય એ માન્યતા ખોટી છે. તેમ આત્મા વિકારરૂપે થાય, એ માન્યતા પણ જૂઠી છે.

અજ્ઞાની સ્વભાવ દ્રષ્ટિ ન કરે છતાં પણ તેનો સ્વભાવ સ્વ–પરપ્રકાશક છે તે જ રહે છે. પણ તે તેને રાગરૂપ માને છે, તે ભ્રમણા છે. આ મુદ્દાની વાત છે. બાર મહિના સુધી વેપાર કરે અને દુકાન કોઈને સોંપે પછી દિવાળીએ સરવાળો કાઢે ત્યારે પેદાશ દેખાય નહિ તો સમજે કે આમાં કાંઈક ગોટાળો થાય છે. એ ખબર પડ્યા વિના રહે નહિ. તેમ આત્મા ચૈતન્ય સ્વભાવી છે, એની મૂડી પુણ્ય-પાપને સોંપે તો જ્ઞાન લૂંટાઈ જાય છે. એની અજ્ઞાનીને ખબર પડતી નથી. આટલો આટલો શુભભાવ કર્યો છતાં ક્યાંય શાંતિ તો દેખાતી નથી. માટે આત્મામાં ખોટ જાય છે એમ જાણવું જોઈએ. સ્વભાવદ્રષ્ટિ કરતો નથી પણ પુણ્ય-પાપની રુચિ કરે છે; તેમાં લાભનો સરવાળો આવે નહિ, કેમ કે એમાં લાભ પ્રગટ્યો જ નથી.

પુણ્ય-પાપ હોય તો મારું જ્ઞાન રહે એમ માને, તે તો પરમાર્થે પરની સાથે સંબંધ માને છે. જ્ઞાનને જ્ઞાન સ્વભાવ સાથે પરમાર્થે સંબંધ છે—એમ જે માનતો નથી, તે જ્ઞાન સ્વભાવથી ચ્યુત થાય છે. પરના અસ્તિત્વની મુખ્યતામાં સ્વભાવની અસ્તિની વાત રહેતી નથી. શુભભાવની વાત સાંભળીને અજ્ઞાનીને એમાં પોતાપણું ભાસે છે પણ રાગને કરવાનો કે છોડવાનો આત્માનો સ્વભાવ જ નથી. એની એને ખબર જ નથી. સ્વને જાણતાં પર જણાય છે—એવો આત્માનો સ્વભાવ છે; એનાથી જે ચ્યુત થાય છે, તેને કરુણા કરીને આચાર્ય ભગવાન કહે છે કે–આ લોકો તત્ત્વથી કેમ ચ્યુત થાય છે ? એટલે કે સ્વભાવદ્રષ્ટિથી કેમ ખસી જાય છે ?

ફરી આ જ અર્થને દ્રઢ કરે છે.

## કળશ—૨૧૬

**અર્થ :—**શુદ્ધનયનું નિજરસરૂપે પરિણમન થતું હોવાથી, બાકીનું કોઈ અન્ય દ્રવ્ય શું તે સ્વભાવનું થઈ શકે ? અથવા શું તે (સ્વભાવ) કાંઈ અન્ય દ્રવ્યનો થઈ શકે. ચાંદનીનું રૂપ પૃથ્વીને ઉજ્જવલ કરે છે તો પણ પૃથ્વી ચાંદનીની થતી જ નથી; તેવી રીતે જ્ઞાન જ્ઞેયને સદા જાણે છે તોપણ જ્ઞેય જ્ઞાનનું થતું જ નથી.

આત્મા નિજ સ્વરૂપે પરિણમે છે એટલે કે પોતાના સ્વભાવરૂપે, સામર્થ્યરૂપે, નિર્વિકારી અવસ્થારૂપે થાય છે. પોતાની સમયે સમયે જ્ઞાનરૂપે અવસ્થા થાય છે, તે નિમિત્ત અને રાગની પર્યાયરૂપે થતી નથી. શું રાગાદિ વિકાર આત્માનો થઈ શકે ? ન જ થઈ શકે. અજ્ઞાની વ્યવહારથી લાભ થાય એમ માને છે; તેથી તે દયા-દાનાદિના ભાવને પોતાના માન્યા વગર રહેતો નથી. પણ પુણ્ય-પાપથી ત્રણકાળમાં આત્માને લાભ નથી. રાગાદિ આત્માના થાય નહિ અને જ્ઞાન તે રાગાદિરૂપે થાય નહિ. આત્મા સ્વભાવદ્રષ્ટિ કરે કે ન કરે તો પણ સ્વભાવ તો સ્વ—પરપ્રકાશક જ છે. અધ્યાત્મની વાત જગતે સાંભળી નથી; માટે પ્રથમ આ વાતનું શ્રવણ કરવું જોઈએ, એ જ વ્યવહાર છે. અધ્યાત્મ ગ્રંથનું શ્રવણ—મનન કરવું; એ જ્ઞાન કરવાથી જ પાત્રતા પ્રગટે છે એ વ્યવહાર છે, પણ અજ્ઞાનીને એ વાત રુચતિ નથી અને પરમાં ફાંફાં મારે છે.

અમૃતચંદ્રાચાર્ય દિગમ્બર ભાવલિંગી મુનિ હતા. છઠ્ઠે–સાતમે ગુણસ્થાને ઝૂલતા હતા. તેઓ વાણી અને વિકલ્પાદિના કર્તા ન હતા. કેમ કે તે વિકલ્પાદિ આત્માના થાય એમ બનતું નથી. ચંદ્રનો પ્રકાશ પૃથ્વીને ઉજ્જવલ કરે છે પણ તે પ્રકાશ પૃથ્વીરૂપે થતો નથી અને પૃથ્વી પ્રકાશરૂપે થતી નથી. તેમ જ્ઞાનસ્વભાવી આત્મા પુણ્ય-રાગ અને નિમિત્તને પ્રકાશે છે

છતાં તે ચૈતન્ય ચાંદની રાગ અને નિમિત્ત રૂપે થતી નથી. અને રાગ તથા નિમિત્ત ચૈતન્ય પ્રકાશરૂપ થતાં નથી. ત્રણકાળમાં કોઈ કોઈનું થતું નથી. એક સમયનો વિકાર પર્યાય છે—એનો સ્વીકાર તે જ સંસાર છે અને ત્રિકાળી જ્ઞાતા સ્વભાવ છે—તેનો સ્વીકાર તે સમ્યગ્દર્શન છે. નિગોદના જીવનો પણ સ્વ-પરપ્રકાશક સ્વભાવ છે. તે કદી વિકાર કે પરદ્રવ્યરૂપે થયો નથી. છતાં રાગ અને પરરૂપે આત્મા થઈ ગયો છે, એ માનવું તે પર્યાયબુદ્ધિ છે. આ ભ્રમણાથી અનાદિથી આત્મા ભૂલી રહ્યો છે ને તેથી સંસારમાં પરિભ્રમણ કરે છે.

ધર્મની કળા આ જ છે. જાણનાર આત્મા, જો પરનો થઈ જાય તો પૂર્ણતા થશે ક્યાંથી? સર્વજ્ઞ પરમાત્મા કહે છે કે આત્મા તો જ્ઞાનનો છે, રાગનો કે પરનો નથી—એવી ભગવાનની આજ્ઞા છે. જેનો છો તેનો રહ્યો માનવો અને જેનો નથી તે રૂપ ન માનવો—તે જ ધર્મ છે. પૃથ્વી ઉપર વિષ્ટા પડી હોય તો ચાંદની વિષ્ટારૂપે થતી નથી તેમ આત્મામાં રાગાદિ ભાવો જણાય તો તે રાગાદિ રૂપે થતો નથી. આમ રાગ અને પરદ્રવ્યની ભિન્નતા સમજ્યા વગર શાસ્ત્રો વાંચે પણ એના અર્થ સમજાય નહિ કારણ કે સ્વને જાણ્યા વગર પર જણાય નહિ. આંધળો પોતાના શરીરને જાણતો નથી, તે પરને જાણે છે એમ બને નહિ. તેમ આત્માને જાણ્યા વિના પરનું જ્ઞાન સાચું હોતું નથી. માટે સ્વભાવ દ્રષ્ટિ કરવી—એ જ ધર્મની શરૂઆત છે.

## શ્રી સમયસાર કળશ ૨૧૬ નો ભાવાર્થ (ચાલુ)

(કારતક સુદ ૧૦, ગુરુવાર, ૨૦૦૮. તા. ૮-૧૨-૫૧)

જેને ધર્મ કરવો હોય તેણે શું કરવું ? તે કહે છે. ધર્મ તો આત્માની શુદ્ધ પર્યાય છે. આત્મા સ્વભાવે તો શુદ્ધ જ છે એવી દ્રષ્ટિથી જોવામાં આવે તો આત્મા પરરૂપ થતો નથી. શરીર, કર્મ કે પુણ્ય-પાપના વિકલ્પરૂપે આત્મા કદી થયો નથી. આ દ્રષ્ટિથી ધર્મ થાય છે.

જેમ સોનું છે તેમ તાંબાના અંશરૂપે થયું જ નથી. લોકો સોનાની કિંમત આપે છે. તાંબાની કિંમત આપતાં નથી. તેમ ચૈતન્ય ધ્રુવ સ્વભાવની દ્રષ્ટિએ વિકાર એક સમયનો પર્યાય છે એની કિંમત ધર્મી જીવ આપતો નથી. જ્ઞાની ત્રિકાળી ધ્રુવ ચૈતન્ય છે એની કિંમત આપે છે. જેમ સોનું કોઈ દિવસ પંદરવલું થયું જ નથી તેમ આત્મા કદી અશુદ્ધ થયો જ નથી. અજ્ઞાની વર્તમાન પર્યાય જેટલો જ આત્માને માને છે અને પુણ્ય-પાપના પરિણામને પોતારૂપ સ્વીકારે છે—એ જ સંસારમાં પરિભ્રમણનું કારણ છે.

**અર્થ :—**શુદ્ધનયની દ્રષ્ટિથી જોવામાં આવે તો કોઈ દ્રવ્યનો સ્વભાવ કોઈ અન્ય દ્રવ્યરૂપે થતો નથી. ચૈતન્ય ધ્રુવ સ્વભાવી આત્મા દયા, દાન,

ભક્તિ, પૂજા આદિના વિકલ્પરૂપે થયો જ નથી. સ્વભાવબુદ્ધિએ વિકાર બુદ્ધિ થતી જ નથી અને વિકારબુદ્ધિએ સ્વભાવ બુદ્ધિ થતી નથી. એક સમયની વિકારી પર્યાયરૂપે ત્રિકાળ અવિકારી સ્વભાવ થયો જ નથી. આવી દ્રષ્ટિ જેની થાય, તેને ચૈતન્ય ધ્રુવ સ્વભાવ ઉપર પ્રેમ હોય છે. શરીરાદિ પર દ્રવ્યમાં સુખ બુદ્ધિ રહેતી નથી અને પર્યાયમાં મંદ કષાયના ભાવ થાય– એની પણ રુચિ રહેતી નથી. તેને પુણ્ય-પાપના ભાવ ઘણા ઘટી જાય છે. જેમ તરણા પાછળ ડુંગર હોય અને એને કોઈ દેખે નહિ તેમ આત્મા ત્રિકાળ જ્ઞાનસ્વભાવી છે. તે પર્યાય બુદ્ધિવાળા જીવને લક્ષમાં આવતો નથી તેથી તેને ધર્મ થતો નથી.

જેમ ચાંદની પૃથ્વીને ઉજ્જવળ કરે છે પરંતુ પૃથ્વી ચાંદનીની જરાપણ થતી નથી. તેમ જ્ઞાન જ્ઞેયને જાણે છે પરંતુ જ્ઞેય જ્ઞાનનું જરાપણ થતું નથી. ચંદ્ર અને ચંદ્રનો પ્રકાશ પૃથ્વીથી ભિન્ન છે તેમ જ્ઞાન, જ્ઞેયથી ભિન્ન છે. પુણ્યપાપ થયો એને જ્ઞાન જાણે પણ જ્ઞાનરૂપે જ્ઞાન, જ્ઞેયરૂપે થતું નથી —એવું શ્રદ્ધાન જ્ઞાન ને રમણતા કરવી, તે ધર્મ છે. ધર્મ કોઈ બહારની ચીજ નથી. જ્ઞાન રાગરૂપે થતું નથી છતાં રાગરૂપે થઈ ગયું એમ માનવું તે જ ભ્રમણા છે અને સંસાર છે. શ્રીમદ્ રાજચંદ્રજીએ કહ્યું છે કે “ઊપજે મોહ વિકલ્પથી, સમસ્ત આ સંસાર, અંતર્મુખ અવલોકતાં વિલય થતાં નહિ વાર”—પરરૂપે આત્મા થઈ ગયો, એવી જે ભ્રમણા તે જ સંસાર છે.

આત્માનો જ્ઞાન સ્વભાવ હોવાથી તેની સ્વચ્છતામાં જ્ઞેય સ્વયમેવ ઝળકે છે પરંતુ જ્ઞાનમાં તે જ્ઞેયોનો પ્રવેશ નથી. અરીસામાં જેમ કોલસો કે સોનું જણાય છે પણ અરીસો, કોલસા કે સોનારૂપ થતો નથી તેમ જ સોનું કે કોલસા અરીસામાં પ્રવેશ કરતાં નથી. તેવી રીતે ચૈતન્યનો જ્ઞાન સ્વભાવ છે તે રાગને અને વિકલ્પને જાણે છે પણ તે રાગ કે વિકલ્પ જ્ઞાન સ્વભાવમાં પ્રવેશ કરતા નથી. અજ્ઞાનીની માન્યતા છે કે તે પ્રવેશ કરે છે—એ જ સંસાર અને અધર્મ છે.

હવે આગળની ગાથાઓની સૂચનારૂપ કાવ્ય કહે છે.

## કળશ—૨૧૭

**અર્થ :—**ત્યાંસુધી રાગ-દ્વેષનું દ્વંદ્વ ઉદય પામે છે (ઉત્પન્ન થાય છે) કે જ્યાંસુધી આ જ્ઞાન, જ્ઞાનરૂપ ન થાય અને જ્ઞેય, જ્ઞેયપણાને ન પામે. હું જ્ઞાતા દ્રષ્ટા છું—એવું ભાન ન થાય તેને રાગ-દ્વેષ ઉત્પન્ન થાય છે. સમ્યગ્દ્રષ્ટિને રાગ-દ્વેષ ઉત્પન્ન થતા નથી. જ્ઞાન તે જ્ઞાન છે, તે જ્ઞેયરૂપે થતું નથી; એવું ભાન ન થાય, તેને પુણ્ય-પાપની લાગણી થાય છે. સમ્યગ્દ્રષ્ટિને અલ્પ રાગ-દ્વેષ થાય છે, તેને જ્ઞાનનું જ્ઞેય ગણીને અહીં ગૌણ કરીને કહ્યું છે

કે જ્ઞાનીને રાગ-દ્વેષ થતા નથી. વ્યવહાર રત્નત્રય જ્ઞાનનું જ્ઞેય છે. તે સ્વભાવમાં નથી અને તેનાથી આત્માને લાભ થતો નથી. પુણ્ય-પાપ જ્ઞાનસ્વભાવમાં થવા યોગ્ય નથી પણ જણાવા યોગ્ય છે. અહીં ચોથા ગુણસ્થાનની વાત ચાલે છે. સમ્યકદ્રષ્ટિને અસ્થિરતાના કારણે રાગ-દ્વેષ થાય છે તેની અહીં વાત નથી. સ્વભાવને ચૂકીને અજ્ઞાનપૂર્વકના રાગ-દ્વેષ જ્ઞાનીને થતા નથી માટે સમ્યગ્દ્રષ્ટિને રાગ-દ્વેષ થતા જ નથી એમ કહ્યું છે. અજ્ઞાની સ્વભાવને ચૂકી ગયો છે એટલે કે હું જ્ઞાયક ચૈતન્ય છું, આનંદ સ્વરૂપ છું એવી દ્રષ્ટિ નથી તેથી તેને રાગ-દ્વેષ થાય છે.

માટે આ જ્ઞાન, અજ્ઞાનભાવને દૂર કરીને જ્ઞાનરૂપ થાઓ કે જેથી ભાવ–અભાવને (રાગ-દ્વેષને) અટકાવી, પૂર્ણ સ્વભાવ પ્રગટ થાય. એક સમયની પર્યાયમાં અજ્ઞાનભાવ છે, તેને સ્વભાવદ્રષ્ટિથી અટકાવી જ્ઞાનસ્વભાવ પ્રગટ કરો. હે જીવો ! તમારે શાંતિ જોઈતી હોય તો આત્મા ચૈતન્ય મૂર્તિ છે, એની દ્રષ્ટિ કરો. જડ અને ચેતનની પર્યાય ક્રમસર થાય છે એમ નક્કી થતાં સ્વભાવ ઉપર દ્રષ્ટિ જાય છે. તે જ્ઞાન જ્ઞાનરૂપે થયું છે. તેણે જાણ્યું કે ક્રમે થતો રાગ આવો જ હોય એટલે કે જ્ઞાનનું જ્ઞેય એવું જ હોય. જે વખતે જેવાં શુભાશુભભાવ હોય તે વખતે જ્ઞાન પણ એવું જ હોય અને જે વખતે જ્ઞાન જાણે છે તે વખતે જ્ઞેય પણ એવું જ હોય છે. એમ જ્ઞાનમાં જણાતાં રાગનું અને પરનું જ્ઞાન માન્યું હતું તે મિથ્યાબુદ્ધિ હતી અને જ્ઞાન જ્ઞાનનું છે, જ્ઞેયનું નથી—એમ જ્ઞાન જ્ઞાનરૂપે રહ્યું ત્યારે અજ્ઞાનપણાના રાગ-દ્વેષ થતા નથી. અજ્ઞાનભાવ દૂર કરવો એનો અર્થ એવો છે કે જ્ઞાન જ્ઞાનપણે રહે એટલે અજ્ઞાનભાવ થતો જ નથી પણ અજ્ઞાનભાવને કોઈ દૂર કરી શકતો નથી. ક્રમસર પર્યાય થાય છે—એવો નિર્ણય થયો એટલે જ્ઞાન જ્ઞાનરૂપે રહ્યું, રાગરૂપે થયું નહિ અને એવું ભાન થયું એટલે તે જ્ઞાન સ્વભાવમાં ઠરતું ઠરતું કેવળજ્ઞાનરૂપે થાય છે, બીજો કોઈ ઉપાય નથી.

આત્મા, સ્વભાવપણે રહેતાં રાગનો અભાવ થાય છે. ‘હું જાણનાર આનંદમય છું’—એવી દ્રષ્ટિ થતાં રાગ જ્ઞાનનું જ્ઞેય રહે છે. તે જ્ઞાન વધીને કેવળજ્ઞાનરૂપે થાય છે. રાગાદિ જે કષાયો થાય છે એમાં નિર્ણય કરવાની તાકાત નથી પણ જ્ઞાન નિર્ણય કરે છે કે ‘હું કષાયાદિરૂપ નહિ પણ જ્ઞાનસ્વભાવી છું’ અને જે સમયે જે રાગ થાય છે તે તો થવાનો; તેને જ્ઞાન ફેરવે નહિ પણ જ્ઞાન જ્ઞાનરૂપે રહે, જ્ઞેય જ્ઞેયરૂપે રહે, એવો નિર્ણય થતાં રાગ થતો નથી. રાગ થયો છે ત્યારે રાગરૂપે રહીને જાણ્યું નથી પણ જ્ઞાનમાં રહીને જાણ્યું છે—તે ધર્મ છે. એ રીતે સ્વભાવમાં એકાગ્રતા કરતાં પૂર્ણ સ્વભાવ પ્રગટ થાય છે.

**<u>ભાવાર્થ :</u>**—જ્યાંસુધી જ્ઞાન જ્ઞાનરૂપ ન થાય અને જ્ઞેય જ્ઞેયરૂપ ન થાય ત્યાં સુધી રાગ-દ્વેષ ઊપજે છે માટે આ જ્ઞાન, અજ્ઞાનભાવને દૂર કરીને જ્ઞાનરૂપ થાઓ કે જેથી જ્ઞાનમાં જે ભાવ અને અભાવરૂપ બે અવસ્થાઓ છે તે મટી જાય અને જ્ઞાન પૂર્ણ સ્વભાવને પામી જાય, એ પ્રાર્થના છે.

જ્ઞાન તે આત્માનો ધર્મ છે. દયા, દાન, ભક્તિ આદિના પરિણામ તે આત્માનો ધર્મ નથી, અધર્મ છે. ધ્રુવ છે તેની એક સમયની પર્યાયમાં વિકાર છે. આત્માનું આખું સ્વરૂપ નથી અને આત્માનું આખું સ્વરૂપ છે તેમાં એક સમયનો વિકાર પેસતો નથી. આ વાત સમજ્યા વગર અજ્ઞાની વ્રતાદિ પાળે પણ તે સાચાં હોતાં નથી. બાળવ્રત અને બાળતપ છે, તેનાથી આત્માને કાંઈ લાભ થતો નથી. આત્માથી રાગ ભિન્ન છે—એમ પૃથક્તા ન જણાય ત્યાં સુધી રાગ થાય છે. માટે આત્મા ત્રિકાળ ધ્રુવ પદાર્થ છે—એની દ્રષ્ટિ કરો અને એમાં સ્થિર થવાથી પૂર્ણ સ્વભાવ પ્રગટ થશે.

જ્ઞાન અને જ્ઞેય તદ્દન ભિન્ન છે. આત્માના દર્શન, જ્ઞાન, ચારિત્રાદિ કોઈ ગુણો પર દ્રવ્યમાં નથી એમ જાણતો હોવાથી સમ્યગ્દ્રષ્ટિને વિષયો પ્રત્યે રાગ થતો નથી. વળી રાગદ્વેષાદિ જડ વિષયોમાં પણ નથી. તેઓ માત્ર અજ્ઞાનદશામાં વર્તતા જીવના પરિણામ છે—આવા અર્થની ગાથાઓ હવે કહેશે.

આત્મા ગુણ પ્રગટ કરવા માગે છે તે પરમાં નથી માટે જ્ઞાનીને પરની રુચિ થતી નથી અને પોતાના આત્મ રસથી છૂટતો નથી. સ્વભાવની રુચિ છોડીને જ્ઞાનીને રાગની રુચિ થતી નથી. વળી રાગ-દ્વેષ જડ વિષયોમાં નથી પણ પર્યાયબુદ્ધિથી ઉત્પન્ન થયેલો વિકાર છે., સ્વભાવબુદ્ધિ થતાં તે ઉત્પન્ન થતા નથી. સમ્યગ્દ્રષ્ટિને વિષયો પ્રત્યે રાગ નથી. કેમ કે જડને લઈને અવગુણ પણ નથી અને ગુણ પણ નથી. પરદ્રવ્યને કારણે ધર્મ કે અધર્મ નથી. સ્વભાવદ્રષ્ટિ તે ધર્મ છે. પર્યાયબુદ્ધિ તે અધર્મ છે. તે સ્વભાવબુદ્ધિ અને પર્યાયબુદ્ધિ આત્માના કારણે થાય છે. પરના કારણે થતી નથી. સમયે સમયે ક્રમસર પર્યાય થાય છે; તેમાં પર્યાયબુદ્ધિ કરે તો મિથ્યાત્વ થાય છે અને સ્વભાવબુદ્ધિ કરે તો સમ્યગ્દર્શન થાય છે. ગુણ કે અવગુણ કોઈ પર કરાવતું નથી.

## <u>ગાથા ૩૬૬ થી ૩૭૧</u>

**ચારિત્ર-દર્શન-જ્ઞાન જરીયે નહિ અચેતન વિષયમાં,**
**તે કારણે આ આતમા શું હણી શકે તે વિષયમાં ? ૩૬૬.**
**ચારિત્ર-દર્શન-જ્ઞાન જરીયે નહિ અચેતન કર્મમાં,**
**તે કારણે આ આતમા શું હણી શકે તે કર્મમાં ? ૩૬૭.**

**ચારિત્ર-દર્શન-જ્ઞાન જરીયે નહિ અચેતન કાયમાં,**
**તે કારણે આ આતમા શું હણી શકે તે કાયમાં ? ૩૬૮.**
**છે જ્ઞાનનો, દર્શન તણો, ઉપઘાત ભાખ્યો ચરિતનો,**
**ત્યાં કાંઈ પણ ભાખ્યો નથી ઉપઘાત પુદ્‌ગલ દ્રવ્યનો. ૩૬૯.**
**જે ગુણ જીવ તણા, ખરે તે કોઈ નહિ પરદ્રવ્યમાં,**
**તે કારણે વિષયો પ્રતિ સુદ્રષ્ટિ જીવને રાગ ના. ૩૭૦.**
**વળી રાગ, દ્વેષ, વિમોહ તો જીવનાં અનન્ય પરિણામ છે,**
**તે કારણે શબ્દાદિ વિષયોમાં નહિ રાગાદિ છે. ૩૭૧.**

**અન્વયાર્થ :—**દર્શન-જ્ઞાન-ચારિત્ર અચેતન વિષયોમાં જરાપણ નથી. તેથી આત્મા તે વિષયોમાં શું હણે ? અર્થાત્ શાનો ઘાત કરી શકે ?

**“સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર નિમિત્તના લક્ષે પ્રગટ થતાં નથી કેમ કે પરમાં નથી.”**

પરનો વિષય કરવો તે અચેતન છે અને સ્વનો વિષય કરવો તે ચેતન છે. ચૈતન્ય સ્વભાવની રુચિ વિનાનો બધો ભાવ તે અચેતન છે. તેથી રાગ અને નિમિત્તના લક્ષે ધર્મ થતો નથી. કેમ કે એમાં ગુણ નથી. એટલે દર્શન-જ્ઞાન-ચારિત્ર પરમાં જરાયે નથી. તેથી વિષયોને આત્મા શું છોડે ? પરને શું મૂકે ? સ્વભાવબુદ્ધિ ચૂક્યો ત્યારે પર્યાયબુદ્ધિ થઈ છે; તે પરના કારણે થઈ નથી. પર્યાય તો ક્રમબદ્ધ થાય છે તો પછી પરને શું છોડવું ? પરને છોડવાથી ધર્મ થાય એમ નથી. વિષયો અને રાગ એના કારણે પરિણમી રહ્યા છે, તે અચેતન છે, તેને શા માટે છોડું ? એમાં ગુણ કે અવગુણ થતા નથી. એને છોડવા જતાં એને આત્મા છોડી શકશે નહિ પણ પર્યાયબુદ્ધિ થશે. માટે પર્યાય બુદ્ધિ છોડ.

**“દર્શન-જ્ઞાન-ચારિત્ર અચેતન કર્મમાં જરાપણ નથી તેથી આત્મા તે કર્મમાં શું હણે ? કાંઈપણ હણી શકતો નથી.”**

જડ કર્મો ખસે તો સમ્યગ્દર્શન થાય—એમ નથી; કેમ કે તેમાં આત્માના ગુણો ગયા નથી. ભગવાને કર્મો હણ્યાં નથી પણ પોતાના સ્વભાવમાં ઠરતાં કર્મોનો એના કારણે અભાવ થયો છે. અજ્ઞાની માને છે કે કર્મ ઓછાં થાય તો ધર્મ થાય પણ આત્માનો ધર્મ કર્મમાં ગયો નથી. ધર્મ તો સ્વભાવ સામે જોવાથી થાય છે. કેમ કે ધર્મ સ્વભાવમાં છે માટે આત્મા કર્મને શું હણે ? એટલે કે આત્મા કર્મને હણતો નથી. શાસ્ત્રમાં પાઠ આવે કે આત્મા સમ્યકદર્શનનો પુરુષાર્થ કરે એટલે દર્શન-મોહનીય કર્મના ટુકડા થઈ જાય, એ નિમિત્તનું કથન છે. આત્મા સ્વભાવબુદ્ધિ કરે એટલે પર્યાયબુદ્ધિ રહેતી નથી ને કર્મનો એના કારણે અભાવ થાય છે. કર્મને હણવા પડતા

નથી. પરમાં કાંઈ હણાતું નથી. આત્મા પર્યાય બુદ્ધિ કરે તો પોતે પર્યાયમાં હણાય છે અને સ્વભાવબુદ્ધિ કરે તો ધર્મ થાય છે.

**"આત્માના ગુણો શરીરમાં જરાયે ગયા નથી તો શરીરને શું હણવું ? શરીરને હણવા જતાં શરીર હણાશે નહિ પણ પર્યાયબુદ્ધિ થશે."**

શરીર સારું હોય તો ધર્મ થાય અને સારું ન હોય તો ધર્મ ન થાય— એ વાત જૂઠી છે. જડ પદાર્થનો સંયોગ જે આવવાનો તે આવવાનો, તે વધે કે ઘટે નહિ. શરીર કૃશ કરો તો ધર્મ થાય, એમ માને તે મિથ્યાબુદ્ધિ છે. પર્યાયબુદ્ધિથી શરીરનો ઘાત થતો નથી. શરીર વધાર્યે ગુણ ઘટે અને શરીર ઘટાડ્યે ગુણ વધે એમ નથી. આ ગાથા બહુ ઊંચી છે. જેમ છે તેમ યથાર્થ સમજવું જોઈએ. શરીરની પર્યાય એના કારણે થવાની હોય તેમ થાય છે માટે તેના તરફની રુચિ છોડ, આત્મા સ્વભાવની રુચિ કરતો નથી માટે આત્માના ગુણનો ઘાત થાય છે અને જો આત્મા તે પર્યાયબુદ્ધિને છોડીને રાગ મારો સ્વભાવ નથી, હું તો જ્ઞાતા ચૈતન્ય ધ્રુવ પદાર્થ છું—એવી સ્વભાવદ્રષ્ટિ કરે તો આત્મામાં ગુણ થાય, ઘાત થાય નહિ, પરના કારણે આત્માના ગુણનો ઘાત થતો નથી. તેમ જ આત્મા પરનો ઘાત કરતો નથી.

***

# પ્રસાદ નં. ૧૮

## શ્રી સમયસાર ગાથા ૩૬૬ - ૩૭૧

**(કારતક સુદ ૧૧, શુક્રવાર, ૨૦૦૮, તા. ૯-૧૧-૫૧)**

આ આત્મા પરિપૂર્ણ સ્વભાવથી ભરેલો છે. તેને લાભ કે નુકશાન કેમ થાય છે ? અથવા તેને ધર્મ કે અધર્મ શા કારણે થાય છે ? તે કહે છે. ગાથા ૩૬૬-૩૬૮ સુધીનો અન્વયાર્થ થઈ ગયો છે, તેમાં શું આવ્યું તે કહે છે.

આ આત્મા સિવાય, પાંચ ઇન્દ્રિયોના જે જે વિષયો છે, તે ઘટતાં આત્માને લાભ થાય છે એમ નથી કેમ કે વિષયોમાં આત્માના ગુણો નથી. વળી તે વિષયો આત્માના ઘટાડ્યા ઘટતા નથી. આત્મા સ્વભાવદ્રષ્ટિ ચૂકીને વર્તમાન પુણ્ય-પાપના વિકલ્પ થાય છે; તેને પોતાના માને છે તેથી આત્માનો ગુણ હણાય છે. પર પદાર્થોને હણવા નથી કેમ કે જડ હણાતાં આત્મા હણાતો નથી. વળી જડ કર્મ છે. તેની અવસ્થાનું પલટાવું એને કારણે થાય છે. તેનો અભાવ થવાથી આત્મામાં લાભ થાય એમ નથી અને ત્રીજી ગાથામાં એમ કહ્યું કે શરીર વધાર્યું વધે નહિ અને ઘટાડ્યું ઘટે નહિ. શરીરના વધવા-ઘટવાના કારણે આત્મામાં લાભ-નુકશાન નથી. કેમ કે આત્માનો ગુણ શરીરમાં નથી. પર્યાયદ્રષ્ટિથી અવગુણ થાય છે ને સ્વભાવદ્રષ્ટિ થતાં તે અવગુણ ટળે છે. પર્યાયબુદ્ધિથી ગુણનો ઘાત થાય છે પણ તેથી કરીને પર હણાતું નથી. વસ્તુ ત્રિકાળ અનંત ગુણનું ધામ છે. સિદ્ધના જેટલા ગુણો છે તેટલા દરેક આત્મામાં છે. ક્ષણિક વિકાર દશાની રુચિ કરવાથી આત્માના ગુણો હણાય છે અને સ્વભાવદ્રષ્ટિ કરવાથી ગુણો વિકાસ પામે છે. એ સિવાય ધર્મ-અધર્મ નથી.

''જ્ઞાનનો, દર્શનનો, ચારિત્રનો ઘાત કહ્યો છે ત્યાં પુદ્ગલ દ્રવ્યનો ઘાત જરાપણ કહ્યો નથી એટલે કે દર્શન-જ્ઞાન-ચારિત્ર હણાતાં પુદ્ગલદ્રવ્ય હણાતું નથી.''

ભગવાને એમ કહ્યું છે કે જ્ઞાન-દર્શન-આનંદાદિ આત્માનો સ્વભાવ છે, તેને ચૂકી જાય અને પુણ્ય જેટલો આત્માને માને તો આત્માના ગુણો હણાય છે પણ તેથી પુદ્ગલ દ્રવ્યનો ઘાત થતો નથી. આ વિષય તદ્દન ઝીણો છે. સિદ્ધને જે ગુણો પ્રગટે છે, તે ગુણો આવે છે ક્યાંથી ? જેમ ચોસઠ પહોરી તીખાશ પીપરમાં શક્તિરૂપે ભરેલી છે, તેમાંથી તીખાશ આવે છે. કાંઈ બહારથી આવતી નથી. તેમ આત્મામાં સિદ્ધના જેવા ગુણો ભર્યા છે. એની દ્રષ્ટિ કરતાં તે પ્રગટ થાય છે. પણ તેની દ્રષ્ટિ ન કરતાં એક સમયનો

વિકાર તથા જ્ઞાનનો ઉઘાડ જે એક સમયનો છે, તેનો વિશ્વાસ કરે તો આત્મા હણાય છે, પણ તેથી શરીર હણાય છે-એમ નથી.

આત્માની અને પરપદાર્થની પર્યાય ક્રમબદ્ધ થાય છે—એમ યથાર્થ માને તો ધર્મ થાય. પણ આત્મસ્વભાવની દ્રષ્ટિ જાય ને અંશબુદ્ધિ–પર્યાયબુદ્ધિ થાય તો આત્માના ગુણો હણાય છે પણ તેથી સંયોગો હણાતા નથી. તેમ આત્મસ્વભાવનું ભાન થાય તો બહારમાં ફેરફાર થાય એમ નથી. આત્મામાં ગુણ કે અવગુણ થાય તો સંયોગો ઘટે કે વધે એમ બનતું નથી.

## જે કોઈ જીવના ગુણો છે તે ખરેખર પરદ્રવ્યોમાં નથી; તેથી સમ્યગ્દ્રષ્ટિને વિષયો પ્રત્યે રાગ નથી.

આત્માના ગુણો શક્તિરૂપ ભર્યા છે, તે પરદ્રવ્યમાં નથી—એમ વિશ્વાસ કરે તો ધર્મ થાય. હું જ્ઞાતા છું, વિકાર તે હું નહિ, જાણનાર—દેખનાર છું એમ સ્વભાવબુદ્ધિ થાય; તો પણ સંયોગો જે રહેવાને તે રહેવાના અને જવાના તે જવાના. અને સ્વભાવને ભૂલી પર્યાયબુદ્ધિ કરે તો પણ સંયોગોમાં કાંઈ ફેરફાર થાય એમ નથી. **સંયોગોમાં આત્માનો અધિકાર નથી. સંયોગોની દશાનો ક્રમ ફરતો નથી.** આત્મા રાગ અને નિમિત્તની રુચિ કરે તો ગુણનો ઘાત થાય છે. સાક્ષાત્ તીર્થંકર ભગવાન હોય, સમવસરણમાં વાણીનો યોગ પણ હોય છતાં જો તારી બુદ્ધિ નિમિત્ત અને રાગ ઉપર છે તો નિમિત્ત ખસશે નહિ, પણ તું સ્વભાવથી ખસી જાય છે અને કોઈ જીવ સાતમી નરકના સંયોગોમાં હોય પણ વિકલ્પ કે રાગ તે હું નહિ, હું તો જ્ઞાતા છું એવી દ્રષ્ટિ થઈ તો ત્યાં ધર્મ થાય છે, ગુણ પ્રગટે છે અને સંયોગો તો એના એ રહે છે, એમાં ફેરફાર થતો નથી.

**જે સ્થાન, જે કાળ, જે ભાવ અને જે ભવમાં સંયોગો આવવાના તે આવવાના અને જવાના તે જવાના;** તે પલટાશે નહિ. નરકમાં હો કે ભગવાન પાસે હો, આત્માનું સિદ્ધ જેવું સ્વરૂપ છે, એવું ભાન કરે તો સંયોગોમાં ફેરફાર થશે નહિ અને પર્યાયબુદ્ધિ કરે તો આત્માના ગુણો હણાય છે પણ સંયોગો ફરતા નથી. આ સર્વવિશુદ્ધ જ્ઞાન અધિકારમાં નિયમ પ્રમાણે પર્યાય થાય છે, એ સિદ્ધ કરતાં સમ્યગ્દ્રષ્ટિના વિષયની વાત કરી છે. ધર્મી જીવની દ્રષ્ટિ વિષય, સંયોગો કે પુણ્ય-પાપ ઉપર નથી કેમ કે દર્શન-જ્ઞાન-ચારિત્રાદિ ગુણો આત્મામાં છે, તે પરમાં નથી. વસ્તુમાં ગુણો છે માટે જ્ઞાનીની રુચિ વસ્તુસ્વભાવ ઉપર છે.

## <u>વળી રાગ, દ્વેષ અને મોહજીવના જ અનન્ય પરિણામ છે. તે કારણે રાગાદિક શબ્દાદિ વિષયોમાં નથી.</u>

આત્મામાં મિથ્યાત્વાદિ પરિણામ થાય છે તે જીવની પર્યાય છે. એ કારણે આત્માના અવગુણો પર પદાર્થમાં નથી પણ પોતાની વિપરીત દ્રષ્ટિમાં છે એટલે કે દોષ આત્માની વર્તમાન પર્યાયમાં છે. નિમિત્તના કારણે અવગુણો થતા નથી. આત્મામાં જે લાભ થાય છે તે સ્વભાવદ્રષ્ટિ કરનારને અંતરમાંથી આવે છે. અજ્ઞાની સંયોગો અને પુણ્યની રુચિ છોડતો નથી, તેથી તેની પર્યાયમાં અવગુણ થાય છે. **<u>જેટલા સિદ્ધ થયા છે તે બધા અંતર સ્વભાવની દ્રષ્ટિ કરીને થયા છે,</u>** કોઈ સ્વભાવદ્રષ્ટિ છોડીને રાગ અને પરમાં રુચિ કરીને થયા નથી. અવગુણ કે ગુણ નિમિત્તમાં નથી. તેમ જ ત્રિકાળી સ્વભાવમાં પણ નથી; માત્ર વર્તમાન પર્યાયબુદ્ધિમાં છે.

## <u>રાગદ્વેષાદિ સમ્યગ્દ્રષ્ટિ આત્મામાં નથી તેમ જ જડ વિષયોમાં નથી, માત્ર અજ્ઞાનદશામાં રહેલા જીવના પરિણામ છે.</u>

અહીં સમ્યગ્દ્રષ્ટિની વાત છે. જ્ઞાનીને રાગ-દ્વેષ નથી, અલ્પ રાગ થાય છે, તેની ગણતરી નથી. કારણ કે અનંતાનુબંધીનો રાગ ટળી ગયો છે. પછી જે અલ્પ રાગ રહ્યો તેને અહીં ગણ્યો નથી. ધર્મીને રાગ-દ્વેષ નથી કેમ કે તેને સ્વભાવદ્રષ્ટિ છે. સ્વભાવમાં રાગ નથી અને એ રાગ-દ્વેષ પરમાં પણ નથી. સ્ત્રી, કુટુંબ, મકાન, પૈસા, શરીર અને કર્માદિમાં પણ તે રાગદ્વેષાદિ નથી. લાડવા છે માટે રાગ થાય છે અને વિષ્ટા છે માટે દ્વેષ થાય છે—એમ નથી. ચૈતન્ય સ્વભાવ દ્રષ્ટિ ચૂકી જાય છે માટે રાગ-દ્વેષ થાય છે. લાડવામાં રાગ હોય તો સદાય થવો જોઈએ, પણ એમ બનતું નથી. બિમાર પડે ત્યારે લાડવા ઉપર દ્વેષ થાય છે. જે દ્વેષ થયો છે—તે તો તેને ગોઠ્યું નથી એનો થયો છે. લાડવાથી દ્વેષ થયો નથી. સમ્યગ્દ્રષ્ટિને આત્માનું ભાન છે એટલે તેને પુણ્ય-પાપના ભાવ જ નથી કેમ કે તેની દ્રષ્ટિ દ્રવ્ય ઉપર છે અને એમાં પુણ્ય-પાપ ભર્યા નથી અને અજ્ઞાનીને રાગ-દ્વેષ થાય છે, તે પરવસ્તુના કારણે થાય છે, એમ પણ નથી. અજ્ઞાની સ્ત્રી, કુટુંબ, પૈસા આદિમાં સુખ કલ્પે છે ને તેથી પોતાની પર્યાયમાં અવગુણ કરે છે. જ્યાં ગુણ ભર્યા છે ત્યાં પર્યાયમાં અવગુણ કરે છે અને જ્યાં દોષ છોડે છે ત્યાં ગુણ ઊઘડે છે. હવે તે વાત ન્યાયથી ટીકામાં કરે છે.

**<u>ટીકા :—</u>**ખરેખર જે જેમાં હોય તે તેનો ઘાત થતાં હણાય જ છે. અર્થાત્ આધારનો ઘાત થતાં આધેયનો ઘાત થાય જ છે, જેમ દીવાનો ઘાત થતાં દીવામાં રહેલો પ્રકાશ હણાય છે. તથા જેમાં જે હોય તે તેનો ઘાત થતાં હણાય જ છે એટલે કે આધેયનો ઘાત થતાં આધારનો ઘાત થાય જ

છે. જેમ પ્રકાશનો ઘાત થતાં દીવો હણાય છે. દીવો ઓલાય તો પ્રકાશ હણાય છે. દીવો ઓલાય અને પ્રકાશ રહે—એમ બને નહિ અને પ્રકાશ હણાતાં દીવો હણાય છે. તે બન્ને અરસપરસ છે. વળી જે જેમાં ન હોય તે તેનો ઘાત થતાં હણાતું નથી. જેમ ઘટનો નાશ થતાં ઘટમાં રહેલા દીવાનો નાશ થતો નથી; તથા જેમાં જે ન હોય તે તેનો ઘાત થતાં હણાતું નથી. જેમ ઘડામાં રહેલા દીવાનો નાશ થતાં ઘડાનો નાશ થતો નથી.

નોરતામાં ગરબો કરે છે. ઘડામાં કાણાં પાડીને દીવો મૂકે છે અને પછી ભ્રમણાથી પૂજે છે. આત્મામાં પ્રકાશ છે એની ખબર નથી એટલે જડ પ્રકાશને પૂજે છે, તે ગૃહીત મિથ્યાત્વછે. અહીં તો કહે છે કે એ કાણાંવાળો ઘડો ફૂટી જાય તો દીવો ઓલાય નહિ અને દીવો ઓલાય તો ઘડો ફૂટે નહિ. આ ન્યાય કહ્યો.

## શરીરરૂપી ઘડો છે તેના નાશથી આત્માના જ્ઞાનપ્રકાશનો નાશ થતો નથી.

આત્માના ધર્મો—દર્શન-જ્ઞાન-ચારિત્ર—પુદ્‌ગલદ્રવ્યનો ઘાત થવા છતાં હણાતાં નથી અને દર્શન-જ્ઞાન-ચારિત્રનો ઘાત થવા છતાં પુદ્‌ગલદ્રવ્ય હણાતું નથી. એ તો સ્પષ્ટ છે; આ ચૈતન્ય ભગવાન આત્મા દીવો છે અને કર્મ, શરીર, ઇન્દ્રિયો, છોકરાં, સ્ત્રી વગેરે ઘડો છે. ઇન્દ્રિયો નબળી પડે, શરીર ઘટી જાય, પૈસા ચાલ્યા જાય તો કાંઈ આત્માના ગુણો હણાતા નથી. અજ્ઞાનીને એમ લાગે છે કે શરીરમાં ઘડપણ આવ્યું, આંખે દેખાય નહિ, કાને સંભળાય નહિ, મનનું સ્મરણ રહ્યું નહિ અને પૈસા ચાલ્યા ગયા માટે દુઃખી છીએ એટલે આત્મામાં ધર્મ થતો નથી. તો તે વાત ખોટી છે. જેમ ઘડો ફૂટી જતાં દીવો ઓલાતો નથી તેમ સંયોગો ફરી જતાં આત્માના ગુણો પ્રગટ થઈ શકે નહિ–એમ નથી.

અજ્ઞાની કહે છે કે કાને સંભળાય, આંખે દેખાય, હાથ જોડીને ભગવાનની સ્તુતિ કરાય તો આત્મામાં ગુણ કે ધર્મ થાય. એ મૂઢદ્રષ્ટિ છે. અહીં તો કહે છે કે જડની પર્યાયના કારણે ધર્મ નથી. તે હણાવા છતાં આત્મા અંતરદ્રષ્ટિ કરે તો આત્માના ગુણો હણાતા નથી. જેને સંયોગો ઉપર દ્રષ્ટિ છે, તે સંયોગો હણાતાં આત્માના ગુણો હણાય છે—એમ માને છે. મરણ વખતે ઇન્દ્રિયો ઢીલી પડી જાય તો પણ આત્માનો સ્વભાવ હણાતો નથી. અજ્ઞાની લોકો કહે છે કે પાકે ઘડે કાંઠા ચડે નહિ—એ કહેવત જૂઠી છે, મૂર્ખની ઘડેલી વાત છે. ઇન્દ્રિયો કામ ન કરે, શરીર જીર્ણ થાય. એ તો જડનું પરિણમન છે. એના કારણે આત્માના ગુણોને બાધ આવતો નથી. આત્મા નિરંતર જાગતી જ્યોત છે, એના સામું જો. સંયોગો સામું ન જો, એમ કહે છે.

ત્રણલોકના નાથ તીર્થંકરદેવ બિરાજતા હોય, દિવ્યધ્વનિ છૂટતી હોય, સમવસરણ રચાયું હોય અને કાળક્રમે સમવસરણ વિખરાઈ પણ જાય, ભગવાનનો યોગ પણ ન રહે. એથી કરીને આત્માના ગુણનો ઘાત થતો નથી. પર સંયોગોનો અભાવ થતાં ધર્મનો નાશ થાય નહિ. અહીં કહે છે કે **દેવ-ગુરુ-શાસ્ત્ર ન હો. તે તો પુદ્‌ગલનો ઘાત છે. તે સંયોગો ફરી જાય છે. પણ આત્મા ફર્યો નથી. કેવળજ્ઞાનરૂપી અંતર્ શક્તિથી આત્મા ભરેલો છે, એની દ્રષ્ટિ કર.**

'સમય પલટ્યે બધું પલટી જાય છે' એ પણ અજ્ઞાનીની વાત છે. છોકરો માને નહિ, સ્ત્રી માને નહિ, શરીર કામ કરે નહિ અને ઇન્દ્રિયો પણ કામ આપે નહિ, તેમ છતાં એનાથી ધર્મ નાશ પામે નહિ અને શરીર સારું હોય, ઇન્દ્રિયો સારી હોય, તો ધર્મ થાય—એમ પણ નથી. શાસ્ત્રમાં લખાણ આવે કે જરા (વૃદ્ધાવસ્થા) ન આવે, ઇન્દ્રિયો મંદ ન પડે, તે પહેલાં ધર્મ કરી લેવો. એ તો નિમિત્તનાં કથન છે. બહારના સંયોગો ફરી જાય પણ ધર્મનો નાશ થતો નથી. સ્મૃતિ ન રહે માટે ધર્મ ન થાય, એમ પણ નથી. શરીર, કર્મ અને સંયોગો ભલે પલટી જાય પણ તેથી ચૈતન્યસ્વભાવ હણાતો નથી.

## દર્શન-જ્ઞાન-ચારિત્રનો ઘાત થવા છતાં પુદ્‌ગલદ્રવ્ય હણાતું નથી.

આત્મા ત્રિકાળ જ્ઞાનસ્વભાવી છે. એને ચૂકીને પુણ્યથી લાભ થાય, સંયોગો સારા હોય તો લાભ થાય, એવી દ્રષ્ટિ કરે તો આત્માના ગુણો હણાય છે પણ એથી કરીને આબરૂ ચાલી જાય કે શરીર નબળું પડી જાય કે દેવ-ગુરુ-શાસ્ત્રનો યોગ ન રહે, એમ નથી. બહારમાં જરાએ ન હણાય. દેવ-ગુરુ-શાસ્ત્રનો રાગ પણ એવો ને એવો રહે. ત્રિકાળ ધ્રુવ ચૈતન્ય પદાર્થની અંતરદ્રષ્ટિ ખસી જતાં બહારમાં સંયોગ ફરી જાય—એમ કાંઈ નથી. ઊંધી માન્યતા કરતાં ગુણો હણાય છે. પણ સંયોગો તો એના કાળક્રમ પ્રમાણે આવીને ઊભા રહે છે. ઇન્દ્રિયો નબળી પડે કે આયુષ્ય પૂરું થઈ જાય—એમ નથી.

વળી અજ્ઞાની એમ કહે છે કે જૂઠું બોલે એની જીભ કપાવી જોઈએ, પણ એમ નથી. દોષ જીવ કરે અને હાનિ જડની થાય—એમ બને નહિ. આત્મામાં મિથ્યાત્વભાવ થાય તો આત્માનો ગુણ હણાય. છતાં બહારમાં તો ત્યાગી હોય તો ત્યાગ એમ ને એમ રહે અને સંસારી હોય તો સંસારનાં નિમિત્તો પણ એવાં ને એવાં જ રહે. સંયોગો હણાતાં નથી. સંયોગો પલટતાં સ્વભાવ પલટે નહિ અને અવગુણ થતાં સંયોગો પલટે નહિ. એવા ને એવા પણ રહે છે.

મિથ્યાદ્રષ્ટિ દ્રવ્યલિંગી મુનિ હોય તો તેના ગુણો હણાય છે. એથી કરીને નગ્નદશા ફરી જતી નથી. તેને ગુણો હણાય છે એટલે દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો રાગ હોય તે કાંઈ જતો રહેતો નથી. પંચમહાવ્રતની ક્રિયા એવી ને એવી રહે છે. આત્મા પર્યાયમાં મૂઢ થઈ ગયો, માટે શરીરની અવસ્થા બીજી થઈ જાય—એમ નથી. અહીં તો કહે છે કે વસ્તુ ભરચક અનંતગુણથી ભરેલી છે—એની દ્રષ્ટિ કરે તો સંયોગો ફરતા નથી અને દ્રષ્ટિ પુણ્ય અને નિમિત્ત ઉપર હોય તો ગુણો હણાય છે પણ સંયોગો ફરતા નથી. મિથ્યાદ્રષ્ટિને પંચમહાવ્રતાદિ એવાં ને એવાં હોય તેથી ગુણો એવા ને એવા રહે છે એમ નથી.

ભગવાનની પાસે ભક્તિ કરતો હોય કે હે નાથ ! તું શરણ છો. સમવસરણમાં ઊભો હોય, સંયોગો એવા ને એવા હોય; તે વખતે તે સંયોગોથી લાભ થાય છે—એમ માને તો ગુણો હણાય છે. શબ્દથી શુભભાવ થાય છે ને તે શુભભાવથી આત્માને લાભ માને તો ગુણો હણાય છે પણ તેથી કરીને વાણીનું શ્રવણ બંધ થઈ જાય એમ નથી અને જંગલમાં એકલો નગ્નદશામાં પડ્યો હોય ત્યાં દેવ-ગુરુ-શાસ્ત્રનો સંયોગ નથી પણ અંતરદ્રષ્ટિથી સ્વભાવ પ્રગટ કર્યો છે. ત્યાં સંયોગો નથી એટલે સ્વભાવ હણાય છે, એમ નથી. પાણીમાં કોઈ સમ્યગ્દ્રષ્ટિ માછલું હોય ત્યાં દેવ-ગુરુ-શાસ્ત્રનો સંયોગ નથી અને મોટો મચ્છ તે માછલાને ગળતો હોય પણ તે માછલાને સ્વભાવદ્રષ્ટિ છે માટે તેના ગુણો હણાતા નથી. ખૂબ મજબૂત શરીર હોય પણ જો તે આત્માના સ્વભાવને ચૂકે તો ગુણો હણાય છે. શરીર તો એવું ને એવું હોય છે. માટે ગુણોનો ઘાત થવા છતાં પુદ્‌ગલદ્રવ્ય હણાતું નથી.

## શ્રી સમયસાર ગાથા ૩૬૬ થી ૩૭૧

**(કારતક સુદ ૧૨, શનિવાર, ૨૦૦૮, તા. ૧૦-૧૧-૫૧)**

અહીં ઘડા અને દીપકનું દ્રષ્ટાંત આપીને અમૃતચંદ્રાચાર્ય દરેક વસ્તુ ભિન્ન છે તેમ સિદ્ધ કરે છે. પ્રકાશ ઓલવાતાં દીવો ઓલાય છે પણ ઘડો બદલાતા પ્રકાશ ઓલવાતો નથી અને પ્રકાશના નાશે ઘડાનો નાશ થતો નથી. એવી રીતે શરીર, ઇન્દ્રિયો કામ ન કરે તેથી જ્ઞાનાનંદ હું છું—એવું ભાન થઈને રમણતા પ્રગટ થઈ તે હણાતી નથી. પુદ્‌ગલદ્રવ્યનો કાળ બીજો થઈ ગયો એથી કરીને આત્માના ધર્મો હણાતા નથી. મુનિનું શરીર નબળું પડી ગયું હોય, બેસાતું પણ ન હોય એથી કરીને આત્માના ગુણો જે પ્રગટ્યા છે, તેનું પરિણમન બદલાઈ જાય એમ નથી. કેમ કે બન્નેનું પરિણમન ભિન્ન ભિન્ન દ્રવ્યના આધારે છે.

આ સર્વવિશુદ્ધજ્ઞાન અધિકારમાં કર્તાકર્મનો અધિકાર વિસ્તારથી છે. ક્રમબદ્ધપર્યાયથી શરૂ કરેલ છે. અહીં કહે છે કે જડનું કાર્ય બદલતાં આત્માનું કાર્ય બદલતું નથી. જેમ ઘડો ફૂટી જતાં દીવો ઓલવાતો નથી તેમ શરીર ઇન્દ્રિયો બદલતાં આત્માના ગુણો હણાતા નથી. જ્ઞાન, દર્શન, ચારિત્રનું પરિણમન આત્માના આશ્રયે થઈ રહ્યું છે તેનો કર્તા આત્મા છે. શરીર, ઇન્દ્રિયો અટકી ગયા છતાં આત્માનું તે પરિણમન બદલી જતું નથી કેમ કે બન્નેના કર્તા ભિન્ન ભિન્ન છે. નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે, એનો અર્થ એવો નથી કે એકબીજાના કારણે પર્યાય બદલી જાય છે. હું આત્મા ત્રિકાળ શુદ્ધ છું એવી દ્રષ્ટિનું પરિણમન આત્માના આધારે થાય છે, તે જડના પરિણમનથી અટકી જતું નથી અને આત્માની ઇચ્છાના કારણે જડનું પરિણમન અટકી જતું નથી કેમ કે જડનું પરિણમન જડના કારણે થાય છે.

શાસ્ત્રમાં આવે છે કે મેરૂ પર્વતાદિ કોઈ જગ્યા ખાલી નથી કે જ્યાંથી અનંતા જીવો મુક્તિમાં ગયા ન હોય. મેરૂ પર્વતની ઉપર સમશ્રેણિએ પણ અનંતા જીવો સિદ્ધ થયા છે. મેરૂ પર્વત સોગઠીના આકારે છે. ત્યાં મુનિને બેસવાની જગ્યા પણ હોતી નથી તો ત્યાંથી પણ અનંતા મુનિ મુક્તિમાં ગયા છે. તે કેવી રીતે ગયા છે? તે કહે છે. કોઈ મુનિ પ્રમત્તદશામાં છે તે વખતે તેને કોઈ તેનો વેરી દેવ ઉપાડી ધોતિયું જેમ ધુવે છે એવી રીતે પર્વતની સાથે પછાડે છે તો ત્યાં પુદ્‌ગલનો ઘાત થાય છે પણ મુનિના આત્મામાં આનંદકંદ સિદ્ધસ્વરૂપ આત્મા છે તેની દ્રષ્ટિ સહિતની રમણતા પ્રગટી છે, તેનો ઘાત થતો નથી. વળી કોઈ મુનિ જંગલમાં હોય અને તેના શરીરને વાઘ, સિંહાદિ ફાડી ખાય તો શરીરનો ઘાત થવા છતાં તે મુનિ સ્વરૂપ ધ્યાનમાં હોવાથી કેવળજ્ઞાન પ્રગટ કરે છે. ત્યાં તેના ગુણોનો ઘાત થતો નથી.

જડની પર્યાયનો ચૈતન્યની પર્યાયમાં અત્યંત અભાવ છે તેથી જડનો ઘાત થવા છતાં ચૈતન્યના ગુણોનો ઘાત થતો નથી. સ્વભાવદ્રષ્ટિ હોવાથી જ્ઞાની જાણે છે કે જડની પર્યાય જડના કારણે થાય છે. તેનાથી આત્માના ગુણોને હાનિ થતી નથી. આત્મામાં જડનો તો અત્યંત અભાવ છે જ પણ પુણ્ય-પાપના ભાવો થાય છે, તેનો પણ અભાવ છે. આ સર્વવિશુદ્ધજ્ઞાન અધિકારે તો સમ્યગ્દ્રષ્ટિના વિષયને સ્પષ્ટ કરી નાખ્યો છે. સંસાર એક સમયનો છે. બે સમયનો કદી ભેગો થયો નથી. તે પર્યાયમાં છે પણ ત્રિકાળ સ્વભાવમાં નથી. એવી દ્રષ્ટિ થતાં શરીરાદિ પરદ્રવ્યની હીણપ થવા છતાં આત્માના ગુણોની હીણપ થતી નથી.

અજ્ઞાનીની દ્રષ્ટિ પર ઉપર છે. પરનાં કાર્ય મારા આધારે થાય છે—એમ તે માને છે. તેથી તેના આત્માના ગુણો હણાય છે. તે વખતે દયા, દાન, ભક્તિ, વ્રતાદિના પરિણામ તો એવા ને એવા રહે છે અને શરીર આદિની અવસ્થા પલટીને બીજી જાતની થઈ જાય, એવો નિયમ નથી. દ્રવ્યદ્રષ્ટિનું પરિણમન દ્રવ્યના આધારે થાય છે—એમ ન માનતાં પરના આધારે માન્યું, તે ગુણોનો ઘાત છે, સ્વભાવદ્રષ્ટિ ગઈ એટલે ગુણોનો ઘાત થાય છે.

લૌકિકમાં પણ કહેવત છે કે અવગુણી થાય ત્યારે માથે કાંઈ બાવળ ઊગતો નથી. એમ અધર્મદ્રષ્ટિ થાય તો શરીર બદલી જતું નથી કે બહારના સંયોગો ઘટતા નથી. અહીં તો એમ સિદ્ધ કરવું છે કે જેમ જડનું કાર્ય આત્માનું નથી તેમ રાગનું કાર્ય પણ આત્માનું નથી. પણ તે જ્ઞાનનું જ્ઞેય છે. એને બદલે તેની કર્તાદ્રષ્ટિ થઈ, તે વખતે શુભભાવની બધી ક્રિયા હોય પણ ધર્મનો ઘાત થાય છે અને શરીરમાં પક્ષઘાત થયો હોય, શરીર ચાલે નહિ પણ સ્વભાવ ઉપર દ્રષ્ટિ છે તો ગુણનો ઘાત થતો નથી. જ્ઞાની લડાઈમાં ઊભો હોય, શરીરમાં બાણ વાગે અને શરીર પડી જાય પણ તેથી તેના ગુણનો ઘાત થતો નથી.

આ રીતે તત્ત્વદ્રષ્ટિ અથવા વસ્તુદ્રષ્ટિ છે, તેને જાણે નહિ તો ધર્મ થાય નહિ. દીવો ઓલવાઈ જાય પણ ઘડો ફૂટતો નથી એમ ચૈતન્ય દ્રષ્ટિ જાય પણ શરીર હણાતું નથી. કેમ કે શરીરનું હણાવું એને કારણે અને આત્માનું હણાવું આત્માના કારણે થાય છે. આથી એમ સિદ્ધ થયું કે પરદ્રવ્યના કારણે આત્માને લાભ કે અલાભ નથી. આ વાત અપૂર્વ છે. અનંતકાળમાં અનંત વખત નવમી ગ્રૈવેયકે ગયો એવા શુભ ભાવ કર્યા પણ આ વાત સમજ્યા વિના એક પણ ભવ ઓછો થયો નહિ. દર્શન-જ્ઞાન-ચારિત્ર પુદ્‌ગલ દ્રવ્યમાં નથી માટે પુદ્‌ગલને કારણે ધર્મ થતો નથી. જો આત્માના ગુણો પુદ્‌ગલમાં હોય તો દર્શન-જ્ઞાન-ચારિત્રનો ઘાત થતાં પુદ્‌ગલ દ્રવ્યનો ઘાત થાય અને પુદ્‌ગલ દ્રવ્યનો ઘાત થતાં દર્શન-જ્ઞાન-ચારિત્રનો ઘાત અવશ્ય થાય.

આત્માના ગુણોનો ઘાત થતાં શરીર ફરી જવું જોઈએ અને શરીર ફરી જતાં આત્માના ગુણો હણાવા જોઈએ. પણ એમ તો બનતું નથી. મુનિઓને ઘાણીમાં પીલે છતાં સ્વભાવદ્રષ્ટિ હોવાથી તેમનો ચારિત્રગુણ હણાતો નથી અને સ્વભાવદ્રષ્ટિ ન રહી તો બહારમાં શુભ રાગ અને નિમિત્ત એવાં ને એવાં હોય પણ ધર્મ થતો નથી. એટલે કે ગુણ હણાય છે આમ છે તેથી જે કોઈ જેટલાં જીવનાં ગુણો છે તે બધાય પર દ્રવ્યમાં નથી એમ અમે સમ્યક્ પ્રકારે દેખીએ છીએ—માનીએ છીએ. કારણ કે જો એમ ન હોય તો અહીં પણ

જીવના ગુણોનો ઘાત થતાં પુદ્‌ગલદ્રવ્યનો ઘાત અને પુદ્‌ગલદ્રવ્યનો ઘાત થતાં જીવના ગુણોનો ઘાત અવશ્ય થાય. આથી નક્કી થયું કે જીવના કોઈ ગુણો પરદ્રવ્યમાં નથી.

આત્માના દર્શનજ્ઞાનાદિ ગુણો, વ્રત અને રાગમાં નથી તેથી વ્રત અને રાગથી ધર્મ થતો નથી; પણ સ્વભાવમાં છે તેથી સ્વભાવના આધારે ધર્મ થાય છે એમ અમે માનીએ છીએ. ધર્મ પરના લક્ષે થતો નથી—એમ અમે સમ્યક્ પ્રકારે દેખીએ છીએ. પુણ્ય, વ્યવહાર કે નિમિત્તમાં ગુણો નથી માટે તેના આધારે ધર્મ થતો નથી. આત્માના જેટલા ગુણો છે તે આત્માના આશ્રયે પ્રગટ થાય છે. શુભરાગ પરદ્રવ્ય છે, તે ચૈતન્યની જાગૃતિને રોકે છે માટે શુભરાગથી તો ધર્મ થતો નથી પણ એક સમયની પર્યાયના આશ્રયે પણ ધર્મ થતો નથી. માત્ર સ્વભાવના આશ્રયે જ ધર્મ થાય છે. સમ્યગ્દર્શનની પર્યાયમાંથી ચારિત્રની પર્યાય આવતી નથી. ત્રિકાળ સ્વભાવમાંથી આવે છે માટે ત્રિકાળ સ્વભાવની દ્રષ્ટિ કરવી. આત્મા ત્રિકાળ શક્તિનો ભંડાર ભરચક ભર્યો પડ્યો છે. તેના સામું જોવાથી ધર્મ થાય છે.

આચાર્યદેવ કહે છે કે અમારી દ્રષ્ટિ સ્વભાવ ઉપર છે. પર ઉપર નથી. કેમ કે આત્માના ગુણો પરમાં નથી. આ રીતે સ્વદ્રવ્ય અને પરદ્રવ્ય એમ બે વાત જ લીધી છે. સ્વદ્રવ્યદ્રષ્ટિ ગઈ એટલે પરદ્રવ્ય દ્રષ્ટિ થઈ–તેને ધર્મ થતો નથી. સ્વભાવદ્રષ્ટિ થઈ એટલે ધર્મ થાય છે. આમ ન હોય તો વ્યવહાર રત્નત્રયનો વિકલ્પ ન રહે તો દર્શન-જ્ઞાન-ચારિત્રનો અભાવ થઈ જાય, પણ એમ બનતું નથી. માટે જીવના કોઈ ગુણો પરમાં નથી.

હવે અહીં પ્રશ્ન થાય છે કે જો આમ છે તો સમ્યગ્દ્રષ્ટિને વિષયોમાં રાગ કયા કારણે થાય છે ? આ પ્રશ્ન ઉત્પન્ન થવાનું કારણ એ છે કે સમ્યગ્દ્રષ્ટિને હજુ પર ઉપર લક્ષ તો જાય છે અને રાગ પણ થાય છે—એમ દેખાય છે; માટે છે શું ? તેમને રાગ છે કે નહિ ? તો તેને કહે છે કે સમ્યગ્દ્રષ્ટિને રાગ કોઈપણ કારણે થતો નથી. અહીં સિદ્ધ કરે છે કે સમ્યગ્દ્રષ્ટિને રાગ થાય છે તે પર વિષય ઉપર લક્ષ જાય છે માટે થાય છે—એમ નથી. એવી પર્યાયબુદ્ધિ તો જ્ઞાનીને થતી જ નથી. નબળાઈના કારણે રાગ થાય છે, તેને અહીં ગણ્યો નથી કેમ કે સ્વભાવદ્રષ્ટિ ખસી નથી. પર વિષયનું લક્ષ, દ્રષ્ટિ અપેક્ષાએ છૂટી ગયું છે તેથી જ્ઞાનીને રાગ થતો જ નથી એમ કહે છે.

જ્ઞાનીને શુભ-અશુભ રાગ હોય છે ખરા, પણ સ્વભાવદ્રષ્ટિ હોવાથી નિમિત્ત અને વ્યવહારથી આત્માને લાભ થાય—એમ તે માનતો નથી, માટે ખરેખર જ્ઞાનીને પર ઉપર લક્ષ થતું જ નથી. તેથી કોઈ કારણે ધર્મીને રાગ

થતો નથી એમ કહ્યું છે. સ્વભાવદ્રષ્ટિ છૂટીને જે રાગ થાય તે રાગને જ અહીં ગણ્યો છે; અલ્પ રાગ રહ્યો એને રાગ ગણ્યો નથી. આ અમૃતચંદ્રાચાર્યની સંસ્કૃત ટીકા છે. નબળાઈનો રાગ ચારિત્રદોષના કારણે થાય છે પણ તેમાં દ્રષ્ટિનો દોષ નથી.

ભગવન્ ! સમ્યગ્દ્રષ્ટિનું આટલું બધું મહાત્મ્ય ! કે તે પરનો જ્ઞાતા છે. પણ અમને લાગે છે કે તેને રાગ તો થાય છે તો કયા કારણે થાય છે ? એમ શિષ્યના મુખમાં આચાર્ય ભગવાને પોતે પ્રશ્ન મૂક્યો છે. તેનો ઉત્તર કહે છે કે જ્ઞાની રાગને કરતો જ નથી. જ્ઞાનનું પરિણમન અધિક વર્તે છે અને પરલક્ષ છૂટી ગયું છે માટે જ્ઞાનીને રાગ થતો નથી.

વળી પાછો પ્રશ્ન થાય છે કે જો જ્ઞાનીને રાગ થતો નથી તો પછી રાગની કઈ ખાણ છે ? એટલે કે રાગ થાય છે ક્યાંથી ? તેને કહે છે કે રાગ-દ્વેષ-મોહાદિ જીવના જ અજ્ઞાનમય પરિણામ છે અથવા તો જીવનું અજ્ઞાન જ રાગાદિક ઊપજવાની ખાણ છે. અહીં તો અજ્ઞાનીને રાગ થાય છે, તે વાત લીધી છે. જ્ઞાનીને ગૌણ કરેલ છે. સ્વભાવનો આદર થતાં નિમિત્ત અને પર્યાયનો આદર રહેતો નથી. સ્વની અપેક્ષા થતાં પરની ઉપેક્ષા રહે છે તેથી જ્ઞાનીને દ્રષ્ટિ અપેક્ષાએ રાગ થતો જ નથી. પર્યાયબુદ્ધિમાંથી રાગ-દ્વેષ આવે છે. અજ્ઞાનની ખાણમાંથી મોહ-રાગ-દ્વેષ ફાટે છે.

કર્તા-કર્મમાં ક્રમબદ્ધની વાત લેતાં લેતાં આ વાત લીધી છે. જડ અને ચેતનનો પર્યાય ક્રમબદ્ધ થાય છે. પણ જો સ્વભાવદ્રષ્ટિ કરે તો ધર્મ થાય છે અને નિમિત્ત અને રાગની દ્રષ્ટિ કરે તો અધર્મ થાય છે. આ બે વાત જ છે.

વિકાર પરના કારણે થતો જ નથી. પર્યાયબુદ્ધિના કારણે થાય છે અને તે પર્યાયબુદ્ધિ જ્ઞાનીને હોતી નથી માટે જ્ઞાનીને વિકાર નથી. વિકારની ખાણ અજ્ઞાનમય પરિણામ છે. જ્ઞાનીને વિકાર થતો જ નથી કેમ કે ત્રિકાળી જીવસ્વભાવમાં વિકાર નથી પણ ત્રિકાળી સ્વભાવને ચૂકી જાય અને પરથી લાભ માને તો જીવની પર્યાયમાં અજ્ઞાનપૂર્વકના પરિણામ થાય છે; તે રાગ-દ્વેષનું કારણ છે, જડના કારણે થતા નથી અને જડમાં રાગ-દ્વેષ થતા નથી.

લોઢાની ખાણમાંથી લોઢું જ નીકળે છે અને સોનાની ખાણમાંથી સોનું નીકળે છે. એમ સ્વભાવદ્રષ્ટિ તે ગુણની ખાણ છે. તેમાંથી શાંતિ અને ધર્મ નીકળે છે. અને અંશબુદ્ધિ—પર્યાયબુદ્ધિ તે અજ્ઞાનની ખાણ છે. તેમાંથી અવગુણ નીકળે છે એટલે કે અશાંતિ અને અધર્મ થાય છે. આત્મા ઊંધો થાય છે એમાંથી રાગ-દ્વેષ પ્રગટે છે. જ્ઞાનીને તો વસ્તુદ્રષ્ટિ છે અને વસ્તુમાં અવગુણ નથી માટે જ્ઞાનીને અવગુણ થતા નથી અને અજ્ઞાનીને

અજ્ઞાનપૂર્વકના પરિણામ હોવાથી એમાંથી રાગ-દ્વેષ ઉત્પન્ન થાય છે. માટે રાગ-દ્વેષ અને મોહ પરદ્રવ્ય એવા વિષયોમાં નથી પણ પર્યાયબુદ્ધિમાં છે.

***

# પ્રસાદ નં. ૨૦

## શ્રી સમયસાર ગાથા ૩૬૬ - ૩૭૧

**(કારતક સુદ ૧૩, રવિવાર, ૨૦૦૮, તા. ૧૧-૧૧-૫૧)**

અહીં અધિકાર એ ચાલે છે કે રાગ-દ્વેષ-મોહાદિ જીવના પરિણામ છે, કેમ કે તે જીવના અજ્ઞાનમય ભાવો છે. અર્થાત્ જીવનું અજ્ઞાન જ રાગાદિક ઊપજવાની ખાણ છે. માટે તે રાગ-દ્વેષ-મોહાદિક વિષયોમાં નથી કારણ કે વિષયો પરદ્રવ્ય છે અને સમ્યગ્દ્રષ્ટિને પણ તે રાગાદિક નથી. કારણ કે તેને અજ્ઞાનનો અભાવ છે. આ રીતે રાગ-દ્વેષ મોહાદિક, વિષયોમાં નહિ હોવાથી અને સમ્યગ્દ્રષ્ટિને પણ નહિ હોવાથી તેઓ છે જ નહિ.

જુઓ, સિદ્ધાંત સૂક્ષ્મ લીધો છે. આત્માની, શરીરની, કર્મની વગેરે સર્વ પદાર્થોની અવસ્થા નિયમિત થઈ રહી છે. ત્યાં અજ્ઞાનીની દ્રષ્ટિ પર પદાર્થને પલટાવવાની અને પરથી લાભ થાય એવી હોવાના કારણે તેને અજ્ઞાનપણે રાગ-દ્વેષ થાય છે. રાગ-દ્વેષ પરમાં નથી. દેવ, ગુરુ, શાસ્ત્ર, શેત્રુંજય, સમ્મેતશિખર, પ્રતિમાજી, ભગવાનની વાણી વગેરે પદાર્થોની પર્યાય ક્રમબદ્ધ થયા જ કરે છે. અજ્ઞાનીને તે નિમિત્ત ફેરવું, રાગને પલટાવું—એમ પર ઉપર દ્રષ્ટિ છે પણ સ્વભાવ ઉપર દ્રષ્ટિ નથી. અજ્ઞાનીને અજ્ઞાનને લીધે રાગ-દ્વેષ થાય છે અને સમ્યગ્દ્રષ્ટિને રાગ નથી કેમ કે તેને અજ્ઞાન નથી.

અહીં તો સમ્યગ્દ્રષ્ટિ ચોથા ગુણસ્થાનવાળાની વાત છે. તેને નિમિત્ત અને રાગની રુચિ હોતી નથી. સ્વભાવનું પરિણમન હોય છે માટે અજ્ઞાનથી થતા રાગ-દ્વેષ જ્ઞાનીને થતા નથી. અહીં અસ્થિરતાના કારણે થતા રાગ-દ્વેષને ગણ્યા નથી. આ જગતમાં સર્વ પદાર્થો પોતપોતાના કારણે પરિણમી રહ્યા છે. પણ અજ્ઞાનીને 'હું પરનું પરિણમન કરી શકું છું'—એવું અજ્ઞાન હોવાને કારણે રાગ-દ્વેષ થાય છે. જ્ઞાનીને સ્વભાવદ્રષ્ટિ હોવાથી રાગ-દ્વેષ થતા નથી કેમ કે જે અલ્પ રાગ-દ્વેષ થાય છે, એના ઉપર તેને રુચિ નથી.

વ્યવહાર રત્નત્રયના રાગની પણ સમ્યગ્દ્રષ્ટિને રુચિ હોતી નથી. તેની રુચિ સ્વભાવ ઉપર હોય છે. વિકાર એક સમયનો છે, તેની રુચિ કરે તો રાગ-દ્વેષ થાય છે. દરેક પદાર્થ સમયે-સમયે પલટ્યા કરે છે. જૂની પર્યાયથી નાશ પામે છે, નવી પર્યાયથી ઉત્પન્ન થાય છે. ધ્રુવ સ્વભાવથી ટકી રહે છે. આત્મા ધ્રુવ છે અને તેની પર્યાય બદલે છે. અજ્ઞાનીની રુચિ એક સમયની પર્યાય ઉપર છે તેથી અજ્ઞાનના કારણે રાગ-દ્વેષ થાય છે,

પરચીજના કારણે વિકાર થતો નથી અને જ્ઞાનીની દ્રષ્ટિ આત્મા ઉપર છે તેથી અજ્ઞાન નથી માટે જ્ઞાનીને રાગ-દ્વેષ નથી.

વિષયો પરદ્રવ્ય છે. સ્વદ્રવ્યની ભૂલ કરનારો પરદ્રવ્યમાં નથી. ભૂલ કરનારો સ્વરૂપની બુદ્ધિને છોડે છે તો જ રાગ થાય છે. અહીં તો મિથ્યાદ્રષ્ટિ તે જ સંસાર અને સમ્યગ્દ્રષ્ટિ તે મોક્ષ છે. શિષ્યે પ્રશ્ન કર્યો હતો કે રાગની ખાણ કોણ છે ? તેને કહે છે કે અજ્ઞાન જ ખાણ છે. સમ્યગ્દ્રષ્ટિને વ્યવહારબુદ્ધિ—ખંડખંડબુદ્ધિ—ભેદબુદ્ધિ અને નિમિત્તબુદ્ધિ નથી; તેથી રાગ નથી. અજ્ઞાની 'જાણનાર હું છું' એમ ન જાણતાં 'મેં રાગ કર્યો, મેં વ્રત કર્યાં' —એમ માનીને પર્યાયબુદ્ધિ કરે છે; તે નિગોદની આરાધના છે. એ રીતે મિથ્યાદ્રષ્ટિને અજ્ઞાનની ખાણમાંથી રાગ-દ્વેષ ઉત્પન્ન થાય છે. જ્ઞાનીને અજ્ઞાન નથી, તેથી તેને રાગની ઉત્પત્તિ નથી.

આ રીતે ઉપર કહ્યા પ્રમાણે વિષયોમાં વિકાર નથી અને સમ્યગ્દ્રષ્ટિને રાગ નથી. જ્ઞાનીને સ્વભાવદ્રષ્ટિ હોવાથી રાગ નથી. કેમ કે સ્વભાવમાં રાગ નથી. માત્ર એક સમયની પર્યાયમાં પર્યાયબુદ્ધિના કારણે સંસાર ઉત્પન્ન થયો છે. પોતે પોતાને ભૂલીને હેરાન થાય છે. રાગ અને પુણ્ય મારા સ્વભાવમાં નથી—એ વાત અજ્ઞાનીને બેસતી નથી. તેથી તેણે પર્યાયદ્રષ્ટિથી અજ્ઞાનભાવ ઊભો કર્યો છે. પરચીજમાં સંસાર નથી અને જ્ઞાનીને પણ સંસાર નથી. કેમ કે સ્વભાવમાં નથી. આ વાત મૂળ શ્લોકમાં બહુ સરસ કહી છે.

<u>**ભાવાર્થ :—**</u>આત્માને અજ્ઞાનમય પરિણામરૂપ રાગ-દ્વેષ-મોહાદિ ઉત્પન્ન થતાં આત્માના દર્શન-જ્ઞાન-ચારિત્રાદિ ગુણો હણાય છે, પરંતુ તે ગુણો હણાતાં છતાં અચેતન પુદ્ગલદ્રવ્ય હણાતું નથી. 'હું જ્ઞાયક શુદ્ધ છું'—એનું ભાન ચૂક્યો એટલે આત્માની શાંતિ લૂંટાય છે. ધર્મ થતો નથી. અહીં બે વાત છે. આત્માનો ધ્રુવ સ્વભાવ અને એક સમયનો પર્યાય. સંયોગ તો સંયોગના કારણે છે. અજ્ઞાની સ્વભાવબુદ્ધિ છોડીને પર્યાયબુદ્ધિ કરે છે તેથી રાગ-દ્વેષ મોહાદિ ઉત્પન્ન થાય છે. એમાં આત્માના ગુણો હણાય છે પણ એથી પરદ્રવ્ય હણાતું નથી. શરીર, વાણી બંધ થઈ જાય અથવા શાસ્ત્ર વાંચતો હોય, ભક્તિ કરતો હોય, દયા, દાન, વ્રતાદિ કરતો હોય તો તે ક્રિયા અટકી જાય, એમ નથી. આત્માના ગુણો હણાતાં તે અટકતાં નથી.

આત્મા પોતાની સત્તામાં ફેરફાર કરે પણ પરમાં ફેરફાર કરવાની આત્મામાં તાકાત નથી. સમ્યગ્દ્રષ્ટિ ભાવલિંગી મુનિ હોય અને મિથ્યાદ્રષ્ટિ થઈ જાય તો પંચમહાવ્રતાદિની ક્રિયા તો એવી ને એવી રહે છે. તે હણાતી

નથી. વ્યવહાર રત્નત્રયનો રાગ પણ હોય છે. અવગુણ થવાથી ગુણનો ઘાત થઈ જાય છે પણ પરનો ઘાત થતો નથી.

વળી પુદ્‌ગલદ્રવ્ય હણાતાં દર્શન-જ્ઞાન-ચારિત્રાદિ હણાતાં નથી. શરીર, ઇન્દ્રિયો મોળી પડી જાય તો આત્માના ગુણો હણાતા નથી. સ્વભાવદ્રષ્ટિ હોવાથી આત્માના ગુણો હણાતા નથી. અઢી દ્વીપ બહાર અસંખ્ય તિર્યંચ શ્રાવક છે. એમાં હજાર જોજનનું માછલું હોય છે. તે લીલફુગમાં પડ્યું હોય એના નિમિત્તે કેટલાક જીવો મરી પણ જતા હોય; પણ 'આત્મા શુદ્ધ જ્ઞાયક છે'—એવું ભાન હોવાથી તેની વીતરાગતા હણાતી નથી. આત્મા સ્વને ભૂલી પર્યાયબુદ્ધિ કરે તો ગુણો હણાય છે. આમ ધર્મ અને અધર્મ પોતાની પર્યાયમાં થાય છે. તે પરદ્રવ્યમાં નથી. પરવસ્તુ સાથે સંબંધ નથી. તિર્યંચ પાસે બહારનું સાધન નથી છતાં અંતરમાં ભાન છે તો તેને દર્શન–જ્ઞાનાદિ હણાતાં નથી. માટે સમ્યગ્દ્રષ્ટિને પોતાના ગુણ માટે બહારમાં શોધ કરવી પડતી નથી. તે અંતરમાં શોધે છે. તે ધર્મી સમ્મેતશિખર કે ભગવાનની પ્રતિમા વગેરે પરમાં ધર્મ શોધવા જતો નથી કેમ કે ધર્મ પરદ્રવ્યમાં નથી.

આવું જાણતા સમ્યગ્દ્રષ્ટિને અચેતન વિષયોમાં રાગાદિ થતા નથી. ગુણની ખાણ આત્મા છે, એમ તે માને છે તેથી તે પોતાના આત્મા સિવાય પરમાં પ્રેમ કરતો નથી. વળી રાગ-દ્વેષ-મોહાદિ પરદ્રવ્યમાં નથી. જીવના જ અસ્તિત્વમાં અજ્ઞાનથી ઊપજે છે. જ્યારે અજ્ઞાનનો અભાવ થાય અર્થાત્ સમ્યગ્દ્રષ્ટિ થાય ત્યારે રાગાદિ ઉત્પન્ન થતા નથી. આત્માના ગુણો પરમાં નથી. જ્યાં સુલટાપણું હોય ત્યાં જ ઊલટાપણું થાય છે. ત્રિકાળ જ્ઞાનસ્વભાવી આત્મા છે; તે જ પર્યાયમાં ભૂલે છે ત્યારે રાગાદિ ઉત્પન્ન થાય છે અને જ્યારે સ્વભાવદ્રષ્ટિ કરે ત્યારે સમ્યગ્દર્શન થાય છે અને રાગાદિ ઉત્પન્ન થતા નથી.

આ રીતે રાગ-દ્વેષ-મોહાદિ પુદ્‌ગલમાં નથી તેમ જ સમ્યગ્દ્રષ્ટિમાં પણ નથી તેથી શુદ્ધ દ્રવ્યદ્રષ્ટિથી જોતાં રાગાદિ છે જ નહિ. પર્યાયદ્રષ્ટિથી જોતાં જીવની અજ્ઞાન અવસ્થામાં તેઓ છે. આ રીતે વસ્તુસ્વભાવને યથાર્થ સમજ્યા વગર વ્રતાદિ કરે, ભક્તિ-પૂજા કરે અને ધર્મ માને તો મંદ કષાય કરવા જતાં મિથ્યાત્વનું મોટું લાકડું પેસી જાય છે. માટે પ્રથમ યથાર્થ સમજવું જોઈએ. આત્મા ત્રિકાળ શુદ્ધ છે. એની પર્યાયમાં વિકાર થાય છે. તે પરદ્રવ્ય કરાવતું નથી પણ પોતાના અપરાધથી સ્વભાવને ભૂલે છે તો થાય છે.

## કળશ ૨૧૮

આ કળશમાં છ ગાથાઓનો ટૂંકો સાર આપે છે કે—આ જગતમાં જ્ઞાન જ અજ્ઞાનભાવથી રાગ-દ્વેષરૂપે પરિણમે છે. વસ્તુત્વમાં મૂકેલી (–સ્થાપેલી, એકાગ્ર કરેલી) દ્રષ્ટિ વડે જોતાં (દ્રવ્યદ્રષ્ટિ વડે જોતાં), તે રાગ-દ્વેષ કાંઈ જ નથી. **આત્મા પોતે સ્વભાવને ચૂકીને અજ્ઞાનભાવે પરિણમે છે, તો રાગ-દ્વેષ થાય છે, તે ભૂલનું કારણ પરપદાર્થ નથી.** આત્મા પોતે ભૂલ કરે તો કર્મને નિમિત્ત કહેવાય છે. જ્ઞાનનો પર્યાય જ્ઞાનરૂપે પરિણમે છે તે વખતે તેને જ્ઞાનરૂપે ન રાખતાં, પરમાં પોતાપણું કરે છે એટલે સ્વભાવનો આશ્રય છોડે છે માટે રાગ-દ્વેષ થાય છે. વસ્તુત્વમાં મૂકેલી દ્રષ્ટિ વડે એટલે કે અંતર્મુખ દ્રષ્ટિ વડે રાગ-દ્વેષ છે જ નહિ. શ્રીમદ્ રાજચંદ્રે કહ્યું છે કે—"ઊપજે મોહ વિકલ્પથી સમસ્ત આ સંસાર, અંતર્મુખ અવલોકતાં વિલય થતાં નહિ વાર." પર્યાયબુદ્ધિ ટળતાં અને સ્વભાવબુદ્ધિ થતાં રાગ-દ્વેષ કાંઈ છે જ નહિ.

માટે આચાર્યદેવ પ્રેરણા કરે છે કે સમ્યગ્દ્રષ્ટિ પુરુષ તત્ત્વ દ્રષ્ટિ વડે રાગ-દ્વેષને પ્રગટ રીતે ક્ષય કરો. એટલે કે હે જીવો ! સ્વભાવદ્રષ્ટિ કરીને સ્થિરતા કરો કે જેથી પૂર્ણ અને અચળ જેનો પ્રકાશ છે એવી દેદીપ્યમાન સહજ જ્ઞાનજ્યોતિ પ્રકાશે. જાણનાર જાણે પણ પરમાં કાંઈ આઘુંપાછું કરવા જાય તો મિથ્યાત્વ થાય છે. માટે આચાર્ય ભગવાન આદેશ કરે છે કે હે ધર્માત્મા ! અંતર્ દ્રષ્ટિ કરો. પુણ્ય અને નિમિત્તનો આગ્રહ છોડો. અંતર્ દ્રષ્ટિ વડે રાગ અને વિકારી પર્યાયનો ક્ષય કરો. 'ક્ષય કરો' એનો અર્થ એવો છે કે સ્વભાવદ્રષ્ટિ થતાં અને અંતરમાં લીન થતાં રાગ-દ્વેષ ઉત્પન્ન થતાં નથી; એને ક્ષય કર્યો કહેવાય છે. એટલે ખરેખર તો અંતર્ દ્રષ્ટિનું અવલંબન કરો, એમ કહે છે. તો સહજ જ્ઞાન પ્રગટ થશે. આ અંતરક્રિયાની વાત છે. તે ક્રિયા વડે મોક્ષ પ્રગટ કરો.

**ભાવાર્થ :—**રાગ-દ્વેષ કોઈ જુદું દ્રવ્ય નથી. જીવને અજ્ઞાનભાવથી રાગ-દ્વેષરૂપ પરિણામ થાય છે. આ અજ્ઞાનીની વાત છે; પણ જો સમ્યગ્દ્રષ્ટિ વડે જોવામાં આવે તો રાગ-દ્વેષ કાંઈ પણ વસ્તુ નથી એમ દેખાય છે. અને ઘાતિકર્મનો નાશ થઈ કેવળજ્ઞાન ઊપજે છે. આત્માના ત્રિકાળી સ્વભાવમાં વિકાર છે જ નહિ; માટે તે સ્વભાવદ્રષ્ટિ જ રાગ-દ્વેષ ટાળવાનો ઉપાય છે. આ સિવાય બીજો કોઈ ઉપાય નથી. સ્વભાવદ્રષ્ટિ વડે લીનતા કરવાથી પૂર્ણ કેવળજ્ઞાન જ્યોતિ પ્રગટ થાય છે. ***

## શ્રી સમયસાર કળશ ૨૧૯

**(કારતક સુદ ૧૪, સોમવાર, તા. ૧૨-૧૧-૫૧)**

ગાથા—૩૭૨ની સૂચનારૂપે આ શ્લોક કહે છે. અન્ય દ્રવ્ય અન્યને ગુણ ઉપજાવી શકતું નથી. એટલે કે એકદ્રવ્ય બીજા દ્રવ્યને વિકાર ઉપજાવી

શકતું નથી. કોઈ કહે છે કે કર્મના ઉદયના કારણે આત્મામાં રાગ થાય છે. તો તે વાત બરાબર નથી. કેમ કે આત્માની વિકારી પર્યાય કે અવિકારી પર્યાય થવામાં અન્ય કોઈ દ્રવ્યનો અધિકાર નથી. તે કહે છે.

## કળશ—૨૧૯

**અર્થ :—**તત્ત્વદ્રષ્ટિથી જોતાં, રાગ-દ્વેષને ઉપજાવનારું અન્ય દ્રવ્ય જરાય દેખાતું નથી. વસ્તુની સ્વતંત્રતાના ભાવથી જોતાં આત્મામાં રાગ-દ્વેષ, કામ-ક્રોધ-દયા-દાનાદિના ભાવ થાય છે, તે કર્મ કે શરીર ઉપજાવતું નથી. કેમ કે શરીર આત્માના વિકારને ઉપજાવે એમ ત્રણ કાળમાં બનતું નથી. અજ્ઞાની કહે છે કે આત્માના દ્રવ્ય અને ગુણ તો શુદ્ધ છે માટે એની પર્યાયમાં રાગ-દ્વેષ થાય છે. તે કર્મને લઈને થાય છે એમ કહેનાર વીતરાગના માર્ગને સમજ્યો નથી. તે વાતને અહીં સ્પષ્ટ કરે છે.

આત્મા, કર્મ, શરીર અને પરપદાર્થો બધા પોતપોતાના ગુણ પર્યાયથી સ્વતંત્ર છે; તો પછી એક પદાર્થના કારણે બીજા પદાર્થની અવસ્થા થાય છે—એમ માનવું તે મિથ્યાત્વ છે. આત્મામાં વિકાર થાય છે, તે કર્મના કારણે થતો નથી. કર્મ પ્રેરણા કરે છે, માટે થાય છે એમ પણ નથી. કારણ કે સર્વ દ્રવ્યોની ઉત્પત્તિ પોતાના સ્વભાવથી જ થતી અંતરંગમાં અત્યંત પ્રગટ પ્રકાશે છે.

દરેક વસ્તુનો પર્યાય સમયે-સમયે પોતાના સ્વભાવથી થાય છે. આત્મામાં વિકાર થાય છે તે પર્યાયનો સ્વભાવ છે. કોઈ કહે કે અમારે વિકાર કરવો નથી પણ કર્મ જબરજસ્તી કરાવે છે; તો એમ કહેનાર વીતરાગના માર્ગને સમજ્યો નથી. વળી કોઈ કહે કે સ્ત્રી—પુત્ર વગેરેના કારણે આત્માને રાગ કરવો પડે છે, તો તે વાત પણ સાચી નથી. તે તો ભગવાનના માર્ગને વ્યવહારે પણ સમજ્યો નથી. વીતરાગસ્વભાવ થવો કે વિકારભાવ થવો, શરીરનું સ્થિર થવું કે ચાલવું, વાણીનું થવું કે મૌન રહેવું. તે બધો તે તે દ્રવ્યનો ધર્મ છે. કોઈ અન્ય દ્રવ્ય, અન્ય દ્રવ્યને ઉપજાવતું નથી. વિકાર થવો તે કર્મના કારણે માને તો વિકાર ટાળવો પોતાને આધીન રહેતો નથી. કોઈ કહે કે સિદ્ધને કર્મ નથી માટે વિકાર નથી. સંસારીને કર્મ છે માટે વિકાર છે, તો તે વાત ખોટી છે. અહીં તો કહે છે કે સંસારીની વિકારી થવાની લાયકાત છે, સિદ્ધની નથી. માટે સિદ્ધને વિકાર નથી. અનંતા નિગોદના જીવો છે; એને વિકાર થાય છે, તે પણ કર્મના કારણે થતો નથી. તે જીવોની પર્યાયમાં તેની મૂઢતાના કારણે વિકાર થઈ રહ્યો છે. અજ્ઞાનીને પર્યાયની સ્વતંત્રતાની પણ ખબર નથી. દરેક પદાર્થની પર્યાય સ્વતંત્ર પોતાના સ્વભાવથી પ્રકાશી રહી છે.

**ભાવાર્થ :—**રાગ-દ્વેષ ચેતનના જ પરિણામ છે. અન્ય દ્રવ્ય આત્માને રાગ-દ્વેષ ઉપજાવી શકતું નથી. કર્મનો ઉદય આત્માને જરીએ દોષ ઉપજાવી શકતો નથી. જ્ઞાનીને રાગ-દ્વેષ થતા નથી, તે કર્મનો ઉદય નથી માટે થતા નથી—એમ નથી. વળી સ્ત્રી પુત્રાદિ છે માટે આત્માને રાગ કરવો પડે છે, એમ નથી અને દુશ્મન આવ્યો માટે દ્વેષ કરવો પડે, એમ નથી. કારણ કે સર્વ દ્રવ્યોની ઉત્પત્તિ પોતપોતાના સ્વભાવથી જ થાય છે. અન્ય દ્રવ્યમાં અન્ય દ્રવ્યના ગુણ પર્યાયોની ઉત્પત્તિ થતી નથી. સમ્યગ્દ્રષ્ટિનો વિષય ત્રિકાળી સ્વભાવ છે. પર્યાયમાં વિકાર થાય છે, તેને તે જાણે છે. અહીં સ્વભાવ શબ્દ શ્રી કુંદકુંદાચાર્યદેવે મૂક્યો છે. એટલે દરેક દ્રવ્ય પોતપોતાના કારણે વિકાર કે અવિકાર પણે થાય છે, તે તેની પર્યાયનો સ્વભાવ છે.

હવે આ અર્થને ગાથામાં કહે છે.

## ગાથા—૩૭૨

**કો દ્રવ્ય બીજા દ્રવ્યને ઉત્પાદ નહિ ગુણનો કરે,**
**તેથી બધાએ દ્રવ્ય નિજ, સ્વભાવથી ઊપજે ખરે ।।૩૭૨।।**

**અન્વયાર્થ :—**અન્ય દ્રવ્યથી અન્ય દ્રવ્યને ગુણની ઉત્પત્તિ કરી શકાતી નથી; તેથી એ સિદ્ધાંત છે કે સર્વદ્રવ્યો પોતપોતાના સ્વભાવથી ઊપજે છે. મિથ્યાદ્રષ્ટિને મિથ્યાત્વના ભાવ થાય છે, તે એનો સ્વભાવ છે. કોઈ કહે કે અજ્ઞાનીએ કેમ ભૂલ કરી ? તો કહે છે કે પોતે પોતાની લાયકાતના કારણે. પુણ્યથી ધર્મ એમ માને, વ્યવહાર રત્નત્રય કરતાં કરતાં ધર્મ થાય, એમ માનવાની ભૂલ અજ્ઞાની સ્વભાવને ચૂકીને કરે છે, બીજું કોઈ તેને ભૂલ કરાવતું નથી.

**ટીકા :—**વળી જીવને પરદ્રવ્ય રાગાદિક ઉપજાવે છે એમ શંકા ન કરવી કારણ કે અન્ય દ્રવ્ય વડે અન્ય દ્રવ્યના ગુણોનો ઉત્પાદ કરવાની અયોગ્યતા છે. કેમ કે સર્વદ્રવ્યોનો સ્વભાવથી જ ઉત્પાદ થાય છે. અહીં એમ કહે છે કે કર્મનો ઉદય સ્ત્રી—કુટુંબાદિ આત્માને વિકાર કરાવે છે, એમ શંકા ન કરવી એટલે કે તું પોતે અવગુણ કરે છે તો થાય છે. પૂર્વનાં કર્મો નિદ્ધત અને નિકાચિત ઉદયમાં આવ્યાં માટે વિકાર થાય છે, એમ નથી. મિથ્યાદ્રષ્ટિ પરના કારણે વિકાર થાય છે, એમ માને છે પણ તે ભૂલ છે. તે પોતાની પર્યાયને સ્વતંત્ર માનતો નથી માટે તેને ધર્મ બુદ્ધિ થતી નથી.

શરીર ઉપર કોઈ ચંદન ચોપડે માટે રાગ થાય છે અને ગાળો દે છે માટે દ્વેષ થાય છે, એમ નથી. કેમ કે આત્મામાં પરદ્રવ્યના કારણે વિકાર થાય છે, એવી યોગ્યતા જ નથી; પણ અનાદિથી મિથ્યાદ્રષ્ટિ માની રહ્યો છે કે પરથી વિકાર થાય છે. તેને આત્માના સ્વભાવની ખબર નથી પણ વિકાર

કેમ થાય છે એની પણ ખબર નથી. આ ગાથા અલૌકિક છે. મહાન સિદ્ધાંત મૂક્યો છે. ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશ, અસંખ્યકાળાણુ, અનંત જીવો અને અનંતાનંત પુદ્‌ગલ પરમાણુઓ—એ સર્વ દ્રવ્યને પોતપોતાના સ્વભાવથી જ પર્યાયનો ઉત્પાદ થાય છે. તે કોઈ ફેરવવાને સમર્થ નથી. કુંદકુંદાચાર્યદેવે સ્વભાવવાદ સિદ્ધ કર્યો છે. તેને અમૃતચંદ્રાચાર્ય દાખલો આપીને સાબિત કરે છે.

માટી કુંભભાવે (ઘડાભાવે) ઊપજતી થકી શું કુંભારના સ્વભાવથી ઊપજે છે કે માટીના સ્વભાવથી ઊપજે છે ? જો કુંભારના સ્વભાવથી ઊપજતી હોય તો જેમાં ઘડો કરવાના અહંકારથી ભરેલો પુરુષ રહેલો છે અને જેનો હાથ (ઘડો કરવાનો) વ્યાપાર કરે છે, એવું જે પુરુષનું શરીર, તેના આકારે ઘડો થવો જોઈએ; પણ એમ તો થતું નથી. માટી પોતે સામાન્યપણે રહીને વિશેષ પર્યાયરૂપે થાય છે. કુંભાર એનો કર્તા નથી. કુંભારના સ્વભાવે ઘડો થતો નથી. માટીના સ્વભાવે ઘડો થાય છે. કારણ કે અન્ય દ્રવ્યના સ્વભાવે કોઈ દ્રવ્યના પરિણામનો ઉત્પાદ જોવામાં આવતો નથી. કુંભારના સ્વભાવે ઘડો થતો જોવામાં આવતો નથી. કુંભારે ઘડો કર્યો નથી, સ્ત્રીએ રોટલી કરી નથી, કુંભારે ઘડો કર્યો, સ્ત્રીએ રોટલી કરી—એ માન્યતા મિથ્યાદ્રષ્ટિની છે. વળી અજ્ઞાની માને છે કે આત્માને લઈને શરીર ચાલે છે, કુંભારના કારણે ઘડો થાય છે, તે પ્રત્યક્ષ પુરાવો છે - એ વાત ખોટી ઠરે છે. જ્ઞાની કહે છે કે એમ જોવામાં આવતું નથી; પણ કુંભારે ઘડો કર્યો નથી—એમ જોવામાં આવે છે.

માટી કુંભારનાં સ્વભાવથી ઊપજતી નથી, પરંતુ માટીના સ્વભાવથી જ ઊપજે છે. કારણ કે (દ્રવ્યના) પોતાના સ્વભાવે દ્રવ્યના પરિણામનો ઉત્પાદ જોવામાં આવે છે. કુંભાર આવ્યો માટે ઘડો થયો છે, એમ નથી. અજ્ઞાની—જગતમાં માની રહ્યો છે એનાથી એકદમ ઊંધી વાત છે. લડાઈમાં લડતી વખતે બંદુક ઉપડે છે, તે પોલીસે ઉપાડી નથી. હથિયારને પકડે છે, શરીર ઊંચું કરે છે તે બધી વાત ખોટી છે. કેમ કે દરેક પદાર્થનો પરિણમન સ્વભાવ છે. માટે એના કારણે દરેક પરિણમી રહ્યા છે. પ્રત્યક્ષ પુરાવો છે કે ઘડો માટીથી થયેલો દેખાય છે કેમ કે ઘડામાં માટીનો સ્વભાવ આવ્યો છે, કુંભારનો આવ્યો નથી.

માટી પોતાના સ્વભાવને નહિ ઉલ્લંઘતી હોવાને લીધે, કુંભાર ઘડાનો ઉત્પાદક છે જ નહિ; માટી જ કુંભારના સ્વભાવને નહિ સ્પર્શતી થકી, પોતાના સ્વભાવથી કુંભભાવે થાય છે. ભગવાન કુંદકુંદાચાર્યદેવ પોકારી પોકારીને કહે છે કે માટી પોતે ઘડારૂપે થાય છે. તેથી કુંભાર ઘડાનો

ઉત્પાદક છે જ નહિ. ઘડો થવાનો કાળ ન હતો અને કુંભાર આવ્યો, માટે ઘડો થયો એમ છે જ નહિ. કુંભારની અવસ્થા ઘડામાં આવી નથી. આમ ન જાણે તે પર્યાય ધર્મને પણ જાણતો નથી. કુંભાર ઘડાને કરે છે—એ માન્યતા મૂઢની છે.

માટી કુંભારના હાથને અડી જ નથી. કેમ કે એક બીજાની પર્યાયમાં અન્યોન્ય અભાવ છે. જડ અને ચૈતન્યમાં અત્યંત અભાવ છે. તે વાત લીધી છે. (૧) માટી પોતાના સમય સમયના પર્યાયને ઓળંગતી નથી અને (૨) કુંભારના સ્વભાવને અને હાથને સ્પર્શતી નથી એટલે કે એક દ્રવ્ય બીજા દ્રવ્યને ત્રણ કાળમાં અડતું જ નથી. આમ પર્યાય સ્વભાવને પણ હજુ જાણે નહિ. તેને વસ્તુ સ્વભાવની દ્રષ્ટિ ત્રણકાળમાં થતી નથી. માટી પોતાના સ્વભાવે ઘડારૂપે ઊપજે છે. કુંભાર ક્રોધી હોય તો ઘડો ક્રોધી થતો નથી. કુંભારનાં શરીરનો આકાર ઘડામાં આવતો નથી. છતાં કુંભારે ઘડો કર્યો એમ કહેવું એ તો નિમિત્તનું કથનમાત્ર છે. ઘડાના કાળે ઘડો થયો ત્યારે નિમિત્ત કોણ હતું તે બતાવવાનું કથન છે.

માટી પોતે કર્તાપણે થઈને ઘડારૂપે પરિણમે છે અને ઘડાનો કાળ માટીના ક્રમમાં છે; તેથી તે કુંભારના કારણે થતો નથી. વળી કુંભારના પરિણામ અને હાથની અવસ્થા એના કાળક્રમે થાય છે. ઘડો થવાનો છે માટે તેને થવું પડે છે એમ નથી. અજ્ઞાની માને છે કે કુંભાર વિના ઘડો થતો નથી. અહીં તો કહે છે કે કુંભાર વિના જ ઘડો થાય છે. કેમ કે કુંભારનો માટીમાં અભાવ છે. જેમ લૌકિકમાં માને છે કે ઈશ્વરની ઇચ્છા વિના પાંદડું પણ ફરતું નથી. તેમ કુંભાર વિના ઘડો થતો નથી, એમ જૈનમાં રહીને પણ માને તો તે લોકોની જેમ તે પણ મિથ્યાદ્રષ્ટિ છે.

ઘડો માટીની વ્યંજન પર્યાય છે અને અર્થ પર્યાયની લાયકાતથી થયો છે. તે ઘડાનો આકાર અને સ્વભાવ કુંભારે કર્યો નથી. તેમ વેલણથી કે બાઈથી રોટલી થઈ નથી. લોટના સ્વભાવ અને આકારથી રોટલી થઈ છે. વેલણના સ્વભાવથી વેલણ ચાલે છે. વેલણના આકારે રોટલી થતી નથી. આ લાકડું ઊંચું થાય છે તે હાથને લઈને થતું નથી અને હાથ આત્માને લઈને ઊંચો થતો નથી. અજ્ઞાની સંયોગને જુએ છે. જ્ઞાની સ્વભાવને જુએ છે. દરેક વસ્તુનો પર્યાય સ્વભાવ છે. તેને પરના કારણે માને તો પર્યાય સ્વભાવ સ્વતંત્ર રહેતો નથી.

એવી રીતે બધાંય દ્રવ્યો સ્વપરિણામ પર્યાયે અર્થાત્ પોતાના પરિણામ ભાવરૂપે ઊપજતાં થકાં, નિમિત્તભૂત અન્ય દ્રવ્યોના સ્વભાવથી ઊપજે છે કે પોતાના સ્વભાવથી ઊપજે છે ? જો નિમિત્તભૂત અન્ય દ્રવ્યોનાં

સ્વભાવથી ઉપજતા હોય તો તે નિમિત્તભૂત અન્ય દ્રવ્યોના આકારે તેમના પરિણામ થવા જોઈએ. પરંતુ એમ તો થતું નથી, કારણ કે અન્ય દ્રવ્યના સ્વભાવે કોઈ દ્રવ્યના પરિણામનો ઉત્પાદ જોવામાં આવતો નથી. આત્મામાં રાગ થયો માટે ભાષા થાય છે—એમ નથી. શરીરમાં જીવ છે માટે શરીર ચાલે છે અને જીવ ન હોય ત્યારે ચાલતું નથી—એમ નથી. રાગી રાગભાવે ઊપજે છે, દ્વેષી દ્વેષભાવે ઊપજે છે અને ધર્મ ધર્મભાવે ઊપજે છે. આ પાનું ફરે છે તે આંગળીના કારણે ફરે છે એમ માનવું તે મૂઢતા છે. પાનું એના સ્વકાળે એના કારણે ફરે છે. જ્ઞાનનો પર્યાય થાય છે. તે શબ્દ કાને પડે છે માટે થાય છે એમ નથી. શબ્દના કારણે થાય છે એમ માને, તે સંયોગને જુએ છે, સ્વભાવને જોતો નથી.

શરીર, વાણી, મન, કર્મ, પરનું મરવું, પરનું બચવું, દાળ—ભાત, રોટલીનું થવું, ખાવું, પીવું, પચવું વગેરે જે અવસ્થાઓ થાય છે; તે તેના કાળક્રમે તે તે પદાર્થના કારણે થાય છે. આત્માને આધીન તેની અવસ્થા નથી. દરેક વસ્તુ સ્વતંત્ર છે. અજ્ઞાની સ્વતંત્રતાને ન જોતાં પરતંત્રતાને જ જુએ છે. આત્માએ રાગ કર્યો માટે કર્મ બંધાણું છે—એમ નથી. વિકાર વિકારના કારણે અને કર્મ કર્મના કારણે થાય છે. નિગોદના જીવને દેવ-ગુરુ-શાસ્ત્રનો યોગ નથી માટે મિથ્યાત્વ છે, એમ નથી. તે વખતનું પરિણમન તેના પર્યાયની લાયકાત પ્રમાણે થાય છે. રોટલી થાય છે તે લોટના સ્વભાવે થાય છે. સ્ત્રીના સ્વભાવે થતી નથી. આત્મામાં રાગ થાય છે તે કર્મના સ્વભાવે થતો નથી પણ આત્માના પર્યાય સ્વભાવથી થાય છે. જો કર્મના સ્વભાવથી થાય તો તે કર્મરૂપ થઈ જાય અથવા કર્મ અરૂપી થઈ જાય. શાસ્ત્રથી કે વાણીથી જ્ઞાન થાય તો આત્માની પર્યાય જડ થઈ જાય, દિવ્યધ્વનિથી સમ્યગ્દર્શન થતું હોય તો પણ આત્મા જડ થઈ જાય. ગાળના કારણે ક્રોધ થાય તો આત્માની પર્યાય જડ થઈ જાય, પણ એમ ત્રણકાળમાં બનતું નથી.

મોટર ચાલે છે તે પેટ્રોલને લઈને ચાલતી નથી. પેટ્રોલને લઈને ચાલતી હોય તો મોટર અને પેટ્રોલ એક થઈ જાય. અગ્નિથી પાણી ઊનું થતું નથી. પાણી પોતાની ઉષ્ણ પર્યાયરૂપે થાય છે. શિક્ષકના સ્વભાવથી વિદ્યાર્થી શીખતાં હોય તો શિક્ષકનો ભાવ વિદ્યાર્થીમાં પેસી જાય; પણ એમ બનતું નથી. અજ્ઞાનીની દ્રષ્ટિ ઊંધી છે. સમ્યગ્દ્રષ્ટિ જીવ હોય અને કોઈ વખતે લડાઈમાં ઊભો હોય ત્યારે હથિયારથી મારવાની જે ક્રિયા થાય છે તે ક્રિયા જ્ઞાની કરતો નથી. તે રાગ કરે છે, તે કાળે તે દ્રવ્ય સામાન્ય પુદ્ગલ છે તે વિશેષપણે પરિણમ્યું છે. જ્ઞાનીના રાગના કારણે તે થયું નથી. જો

આમ છે તો સર્વ દ્રવ્યો નિમિત્તભૂત અન્ય દ્રવ્યોના સ્વભાવથી ઊપજતાં નથી, પરંતુ પોતાના સ્વભાવથી જ ઊપજે છે.

કોઈ કહે છે કે પુદ્ગલની જોરાવરીએ આત્માને વિકાર કરવો પડે એ વાત તો નથી પણ કર્મ પ્રેરક થઈને રાગ કરાવે છે એમ પણ નથી. અહીં તો સિદ્ધાંત કહ્યો કે નિમિત્તભૂત બીજી ચીજો ભલે હો, પણ તે નિમિત્તના કારણે કે નિમિત્ત આવ્યું માટે ઉપાદાનમાં કામ થયું છે—એમ નથી. શરીરમાં રોગ મટે છે, તે દવાના કારણે મટતો નથી. કેમ કે દવાના અને શરીરના રજકણો જુદાં છે. છતાં જ્ઞાનીને દવા લેવાની ઇચ્છા થાય પણ વસ્તુ આવવાની હોય તો આવે, જ્ઞાની તો તે વસ્તુનો અને રાગ થાય તેનો જાણનાર છે. જ્ઞાની પરદ્રવ્યનો ધણી નથી. આમ હોવાથી, સર્વદ્રવ્યોને નિમિત્તભૂત અન્ય દ્રવ્યો, પોતાના પરિણામના ઉત્પાદક છે જ નહિ. સર્વ દ્રવ્યો જ નિમિત્તભૂત અન્ય દ્રવ્યોના સ્વભાવને નહિ સ્પર્શતા થકાં, પોતાના સ્વભાવથી પોતાના પરિણામભાવે ઉપજે છે.

***

# <u>પ્રસાદ નં. ૨૨</u>

## <u>શ્રી સમયસાર ગાથા ૩૭૨</u>

**(કારતક સુદ ૧૫, મંગળવાર, તા. ૧૩-૧૧-૫૧)**

આચાર્ય ભગવાન કહે છે કે જીવને રાગાદિનું ઉત્પાદક અમે પરદ્રવ્યને દેખતા નથી કે જેના પર કોપ કરીએ. આત્મામાં જે રાગ-દ્વેષ થાય છે તે કર્મના કારણે થતા નથી. કોઈ કહે કે અમે શું કરીએ, આકરાં કર્મ બાંધ્યા છે માટે આત્મામાં રાગ થાય છે. તો તેને કહે છે કે એ માન્યતા જૂઠી છે. જે શુભાશુભ ભાવ થાય છે, તેને ઉત્પન્ન કરનારી પરચીજો નથી. માટે અમારે એના માટે રોકાવું પડે એમ નથી. તેથી એના ઉપર કોપ શા માટે કરીએ ? સ્ત્રી, પુત્ર પનારે પડ્યાં માટે અમારે રાગ કરવો પડે છે, તે વાત તદ્દન જૂઠી છે. પરના કારણે રોકાવું પડે છે એમ માને છે, તે વસ્તુસ્વરૂપને સમજ્યો જ નથી.

જેમ માટીમાંથી ઘડો થાય છે, તે કુંભાર વડે થયો નથી; એમ આત્મામાં વિકાર થયો છે તે આત્માએ પોતે સ્વભાવને ચૂકીને અજ્ઞાનભાવે કર્યો છે, કર્મે તે વિકાર કરાવ્યો નથી. તો પછી કોના ઉપર વિરોધ કરીએ કે તમે અમારું બગાડ્યું ! કર્મ—નોકર્મ, શરીરાદિ બધી ચીજો પરદ્રવ્ય છે. એના કારણે આત્મામાં વિકાર થાય એમ છે જ નહિ. અજ્ઞાની માને છે કે સિદ્ધમાં કર્મ નથી માટે તેમને વિકાર થતાં નથી. તો તે વાત ખોટી છે. સિદ્ધની લાયકાત વિકારરૂપે થવાની વર્તમાન પર્યાયમાં નથી માટે તેમને વિકાર થતો નથી. વળી સંસારમાં કર્મ છે માટે વિકાર થાય છે એમ નથી. સંસારમાં જીવની લાયકાતના કારણે વિકાર છે.

**<u>ભાવાર્થ :—</u>**આત્માને રાગાદિક ઊપજે છે તે પોતાનાં જ અશુદ્ધ પરિણામ છે. દયા, દાન, કામ, ક્રોધ, ભક્તિ, પૂજા આદિના ભાવ છે તે જીવના પરિણામ છે. નિશ્ચય દ્રષ્ટિથી વિચારવામાં આવે તો અન્ય દ્રવ્ય રાગાદિકનું ઉપજાવનાર નથી. અન્ય દ્રવ્ય તેમનું નિમિત્તમાત્ર છે. ખરેખર દ્રષ્ટિથી તો કર્મ વગેરે જીવને વિકાર કરાવી શકતા નથી, તે તો નિમિત્ત માત્ર છે. કારણ કે અન્ય દ્રવ્યને અન્ય દ્રવ્ય ગુણપર્યાય ઉપજાવતું નથી. એ નિયમ છે. આત્મા વિકાર કરે તો કર્મ આદિને નિમિત્ત કહેવાય છે. ઘડો થયો તો કુંભારને નિમિત્ત કહેવાય છે. મુનિનું શરીર ચાલે છે તો મુનિના રાગને નિમિત્ત કહેવાય છે. લોટમાંથી રોટલી થાય તો સ્ત્રી આદિને નિમિત્ત કહેવાય છે, મોરપીંછી અને કમંડળની ઊપડવાની પર્યાય થાય તો મુનિની ઇચ્છાને નિમિત્ત કહેવાય છે પણ મુનિના વિકલ્પને કારણે તે ઊપડતી નથી.

આત્માના કારણે આંગળી ઊંચી થાય છે એમ માનનાર મિથ્યાદ્રષ્ટિ છે કારણ કે એક દ્રવ્ય બીજા દ્રવ્યના ગુણપર્યાયને કરતું નથી.

બીજા જીવનું મરવું કે બચવું બીજા જીવથી થતું નથી. આત્મા પૈસા ભેગા કરી શકતો નથી. આત્માના રાગને કારણે પૈસા આવતા નથી. શાક, દાળ, અનાજ આદિ દુકાનમાંથી આવે છે; તેને કોઈ લાવતું નથી, તે તેની અવસ્થાના કાળે આવે છે. એમાં જીવ નિમિત્ત છે. ઘંટીમાં લોટ દળાય છે તે લોટ ઘંટીથી થતો નથી. દાણા પીસવાની પર્યાયને ઘંટી ઉપજાવી શકતી નથી. જે દાણો જેના પેટમાં જે કાળે આવવાનો તે આવવાનો અને નહિ આવવાનો તે નહિ આવવાનો. તે દાણાને જીવની ઇચ્છા લાવી શકે, છોડી શકે કે ભોગવી શકે એમ માનવું તે મૂઢતા છે.

જે પરપદાર્થને સંયોગથી જુએ છે તે પોતાના આત્માને પણ સંયોગથી જુએ છે. તેને સ્વભાવદ્રષ્ટિ થતી નથી. શાક કપાય છે તે છરી કાપતી નથી. શાક કાપવાના વખતે શાક કપાય છે. ત્યારે છરીને નિમિત્ત કહેવાય છે. હું પરનું કરી શકું છું, એમ માની અજ્ઞાની અભિમાન કરે છે. દરેક દ્રવ્ય પોતાના કારણે પરિણમે છે—એમ નક્કી કરે તો તેને અભિમાન રહે નહિ. આચાર્ય ભગવાન કહે છે કે ભગવાન! ધીરો થા, અન્ય દ્રવ્યની પર્યાયને અન્ય દ્રવ્યનો પર્યાય કરી શકતો નથી. આમ સમજે તો મારી પર્યાયમાં વિકાર થાય છે, તે મારાથી થાય છે તેમ જાણે, ને તેમ જાણતાં તે ત્રિકાળ સ્વભાવમાં નથી એમ સમજાય છે.

આ રીતે એક દ્રવ્ય બીજા દ્રવ્યને કરે નહિ એ નિયમ છે—પદાર્થના ઘરનો કાયદો છે. કોઈ કહે કે આ તો નિશ્ચયની વાત છે. પણ વ્યવહારે તો અન્ય દ્રવ્ય અન્ય દ્રવ્યનું કરી શકે કે નહિ ? તો કહે છે કે ના; વ્યવહારે પણ કરી શકતો નથી. વ્યવહારે કરે છે એમ માનવું તે મિથ્યાત્વ છે. જ્યારે એક પદાર્થની પર્યાય થાય છે ત્યારે બીજા પદાર્થનું નિમિત્તમાત્રપણું હોય છે. તેને બતાવવા માટે આ દ્રવ્યે તેની અવસ્થા કરી એમ કહેવાય છે, તે વ્યવહાર છે.

જેઓ એમ માને છે એટલે કે એવો એકાંત કરે છે કે પરદ્રવ્ય જ મને રાગાદિક ઉપજાવે છે. તેઓ નયવિભાગને સમજ્યા નથી, મિથ્યાદ્રષ્ટિ છે. કર્મનો ઉદય આવે ત્યારે વિકાર કરવો જ પડે. જેમ ઘોડા ઉપર માણસ બેઠો હોય, તે ઘોડો ચાલે એટલે માણસને ચાલવું જ પડે, એમ અજ્ઞાની કહે છે. પણ તે વાત ખોટી છે. માણસ ઘોડાના કારણે ચાલે છે—એમ કહેવું તે વ્યવહાર છે અને માણસ માણસના કારણે ચાલે છે એ નિશ્ચય છે.

વ્યવહારથી બોલાય માટે ઘોડાના કારણે માણસ ચાલે છે—એમ નથી. વ્યવહારથી ઘીનો ઘડો કહેવાય છે પણ ઘીનો ઘડો થતો નથી.

રાગાદિક જીવના સત્ત્વમાં ઊપજે છે. પરદ્રવ્ય તો નિમિત્તમાત્ર છે—એમ માનવું તે સમ્યગ્જ્ઞાન છે. અજ્ઞાની કહે છે કે ‘‘કર્મે રાજા, કર્મે રંક, કર્મે વાળ્યો આડો આંક’’ એમ કહીને બધું કર્મ જ કરાવે છે એમ માને છે. તે મૂઢ છે. રાગાદિ મારી પર્યાયમાં મારા દોષના કારણે થાય છે—એમ માનવું તે સમ્યગ્જ્ઞાન છે. જીવ રાગાદિક પોતે કરે છે, કર્મ કરાવતું નથી. જીવના સત્તાધામમાં તે થાય છે. એટલે જીવના હોવાપણામાં થાય છે. જીવની પર્યાયમાં તે થાય છે. માટે આચાર્ય ભગવાન કહે છે કે—અમે રાગ-દ્વેષની ઉત્પત્તિમાં અન્ય દ્રવ્ય પર શા માટે કોપ કરીએ ? રાગ-દ્વેષનું ઊપજવું તે પોતાનો જ અપરાધ છે.

કર્મે હેરાન—હેરાન કરી નાખ્યા—એમ કોપ શા માટે કરીએ ? કેમ કે રાગ-દ્વેષ તો પોતાના અપરાધના કારણે થાય છે, કર્મના કારણે થતા નથી. વળી અજ્ઞાની માને છે કે અમે કુટુંબને નભાવીએ છીએ. હું છું માટે સ્ત્રી, છોકરાંઓ નભે છે—એમ માનનાર મૂર્ખ છે. ગાડા નીચે કૂતરું ચાલ્યું જાય તે એમ માને કે હું ગાડાને ખેંચું છું—એના જેવું આ અભિમાન છે. જગતના બધા પદાર્થો પોતપોતાના કારણે પરિણમી રહ્યા છે. કોઈ દ્રવ્ય કોઈ અન્ય દ્રવ્યનું કાંઈ કરતું નથી માટે આચાર્ય ભગવાન કહે છે કે જ્ઞાની કોઈના ઉપર કોપ કરતા નથી.

અજ્ઞાની માને છે કે બહારમાં સંયોગો સારા હોય તો ધર્મ કરી શકાય તો તે વાત સાચી નથી કેમ કે સાતમી નરકમાં પ્રતિકૂળ સંયોગો છે છતાં ત્યાં કોઈ જીવ સમ્યગ્દર્શન પામે છે અને અહીં મોટો શેઠિયો હોય, હામ—દામ ને ઠામ હોય, તો તે તો પરચીજ છે. એને લઈને આત્માની મોટપ માને છે તે મિથ્યા અભિમાન છે. તે ધર્મ પામતો નથી. સંઘમાં મોટો અગ્રેસર છું એમ માનીને પણ અભિમાન કરે છે પણ તે તો વાંદરા જેવું છે. કોઈ જંગલમાં વાંદરાના ટોળામાં પણ એક મોટો વાંદરો થાય છે. તેની બાજુના ગામમાં જ્યારે લગ્ન થાય ત્યારે તે વાંદરાઓ આવે. તે વખતે જેને ત્યાં લગ્ન હોય તે મોટા વાંદરાને પાઘડી બંધાવે તો બધા વાંદરા ચાલ્યા જાય. જો પાઘડી ન બંધાવે તો તેનો મંડપ તોડી નાખે, લગ્ન થવા દે નહિ, એ પણ સંઘનો મોટો કહેવાય છે. આવું સંઘનું મોટાપણું છે. આ તો અભિમાન છે. તે જીવનો જ અપરાધ છે. કેમ કે પરનાં કામ કોઈ કરી શકતું નથી.

હવે આ જ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે :—

## કળશ ૨૨૦

**અર્થ :—**આ આત્મામાં જે રાગ-દ્વેષરૂપ દોષોની ઉત્પત્તિ થાય છે ત્યાં પરદ્રવ્યનો કાંઈ પણ દોષ નથી. કુસંગે ચડ્યા માટે અમારી બુદ્ધિ ઠેકાણે રહી નહિ, તો તે વાત ખોટી છે. તે ખોટો બચાવ કરે છે. કુસંગની અસર થતી નથી. પોતે તેનો સંગ કરવાનો ભાવ કર્યો, તે જ દોષનું કારણ છે. આત્મામાં કામ, ક્રોધ, હાસ્ય, મશ્કરી આદિના ભાવ થાય છે, તેમાં પરવસ્તુનો જરીએ દોષ નથી. પોતાના દોષમાં કર્મનું કામ શું છે ? કર્મના કારણે સંયોગો આવે છે—એમ કહેવું તે પણ વ્યવહારનું કથનમાત્ર છે. અહીં તો કહે છે કે પરવસ્તુના કારણે આત્મામાં જરીએ દોષ થતો નથી. ત્યાં તો સ્વયં અપરાધી એવું આ અજ્ઞાન જ ફેલાય છે. એ પ્રમાણે વિદિત થાઓ અને અજ્ઞાન અસ્ત થઈ જાઓ; હું તો જ્ઞાન છું.

આત્મા સ્વયં અવગુણને કરે છે—એમ જાહેર જાઓ, વિકાર પરવસ્તુ કરાવતા નથી—મારો સ્વભાવ તો જ્ઞાન છે—જાણનાર—દેખનાર છે. પર્યાયમાં રાગ થાય છે, તે મારો અપરાધ છે. પરને લઈને તે થતો નથી એમ અજ્ઞાનનો નાશ થાઓ. અજ્ઞાની કહે છે કે "આહાર એવો ઓડકાર." એટલે કે માંસ ખાય તો બુદ્ધિ ખરાબ થાય અને શુદ્ધ આહાર લ્યે તો મન શુદ્ધ રહે. તો તે વાત પણ ખોટી છે. કેમ કે આત્મા પોતે અપરાધ કરે તો થાય છે. પરવસ્તુના કારણે અપરાધ થતો નથી. ખોરાક અપરાધનું કારણ નથી. સિંહ માંસ ખાય છે પણ તેને વિષય ઓછો હોય છે અને કબુતર જુવાર વગેરે ખાય છે છતાં તેને વિષયનો ભાવ ઘણો હોય છે. માટે વિકાર આત્માથી થાય છે—એમ જાહેર થાઓ અને પર્યાયબુદ્ધિ ટળી જાઓ. સિદ્ધ જેવો મારો સ્વભાવ છે. હું તો જાણનાર—દેખનાર છું, શરીરાદિની ક્રિયા કરવાની મારામાં તાકાત નથી.

આમ સ્પષ્ટ વાત હોવા છતાં જૈન નામ ધરાવીને પણ કર્મના કારણે રાગ થાય છે—એમ મૂઢ અજ્ઞાની જીવો માને છે. તેને પર્યાયની સ્વતંત્રતાની પણ ખબર નથી. તેને કહે છે કે રાગ પોતાના અપરાધના કારણે થાય છે. પરનું કોઈ કાંઈ કરી શકતું નથી. હું આત્મા તો જ્ઞાન સ્વભાવી છું—એવો નિર્ણય કરવો તે જ ધર્મ છે. કોઈ એમ કહે કે અમને કોઈ બોલાવે તો અમારે રાગ કરવો પડે છે, ના પડાતી નથી. તો તે વાત પણ ખોટી છે. કેમ કે સિદ્ધને કોઈ પોકાર કરીને બોલાવે તો સિદ્ધ કાંઈ આવતા નથી. મહાવિદેહ ક્ષેત્રમાં સીમંધર ભગવાન બિરાજે છે. એને કોઈ પોકાર કરીને બોલાવે તો તેઓ પણ આવે નહિ, કેમ કે તેમને રાગ નથી. માટે નક્કી થાય છે કે આત્મા પોતે રાગ કરે તો થાય છે, પરના કારણે રાગ નથી. એમ નક્કી કરો

અને અજ્ઞાનનો નાશ કરો. પરનાં—રાગનાં કાર્યનો ભાવ અસ્ત થઈ જાઓ. હું તો જ્ઞાન છું.

**ભાવાર્થ :—**અજ્ઞાની જીવ રાગ-દ્વેષની ઉત્પત્તિ પરદ્રવ્યથી થતી માનીને પરદ્રવ્ય ઉપર કોપ કરે છે કે આ પરદ્રવ્ય મને રાગ-દ્વેષ ઉપજાવે છે. તેને દૂર કરું. અજ્ઞાની કહે છે કે સ્ત્રી-પુત્રને માટે અમે બધું કરીએ છીએ—એમ માનનાર તો મોટો મૂઢ છે. તે પરદ્રવ્ય ઉપર કોપ કરે છે. પરદ્રવ્યો રાગ કરાવે છે એમ માનવું તે તો મૂઢતા છે. વળી સ્ત્રી—પુત્રાદિ મારું માનતા નથી માટે એને દૂર કરું—એ અભિપ્રાય પણ મિથ્યા છે. એવા અજ્ઞાની જીવને સમજાવવાને આચાર્ય દેવ ઉપદેશ કરે છે કે રાગ-દ્વેષની ઉત્પત્તિ અજ્ઞાનથી આત્મામાં જ થાય છે અને તે આત્માનાં જ અશુદ્ધ પરિણામ છે. માટે એ અજ્ઞાનનો નાશ કરો અને સમ્યગ્જ્ઞાન પ્રગટ કરો. પરચીજને નાશ કરવાની તો વાત જ નથી. પોતે અજ્ઞાન કર્યું છે તેને નાશ કરો, પરદ્રવ્ય કોઈ મારું નથી. મારું હોય તો તે મારી સાથે રહેવું જોઈએ. પરદ્રવ્ય મારી સાથે રહેતું નથી માટે મારું નથી. એમ અજ્ઞાનને ટાળીને સમ્યગ્જ્ઞાન પ્રગટ કરો.

આત્મા જ્ઞાનસ્વરૂપ છે—એમ અનુભવ કરો. પરદ્રવ્યને રાગ-દ્વેષનું ઉપજાવનારું માનીને તેના ઉપર કોપ ન કરો. આટલી આટલી શાંતિ રાખીએ છતાં સામો જીવ ગાળો દેવી બંધ કરતો નથી, એમ માનીને કોપ ન કરો, ક્રોધી ન થાઓ. જુઓ શ્રીમદ્ રાજચંદ્રજીએ કહ્યું છે કે :—

**બહુ ઉપસર્ગકર્તા પ્રત્યે પણ ક્રોધ નહિ,**
**વંદે ચક્રી તથાપિ ન મળે માન જો,**
**દેહ જાય પણ માયા થાય ન રોમમાં,**
**લોભ નહિ છો પ્રબળ સિદ્ધિ નિદાન જો. અપૂર્વ......**

જુઓ, ગૃહસ્થાશ્રમમાં પણ આવી ભાવના ભાવી છે. આજે શ્રીમદ્ રાજચંદ્રજીનો જન્મદિવસ છે. એમણે સંસારમાં પણ આ રીતે ભાવના ભાવી છે. માટે આત્મા જ્ઞાનસ્વભાવી છે એનો અનુભવ કરો.

*

## શ્રી સમયસાર

**(કારતક વદ ૧, બુધવાર, ૨૦૦૮, તા. ૧૪-૧૧-૫૧)**

હવે આ ચાલુ અધિકારના અર્થને દ્રઢ કરે છે અને આગળના કથનની સૂચના કરવાને કાવ્ય કહે છે.

### કળશ ૨૨૧

**અર્થ :—**જેઓ રાગની ઉત્પત્તિમાં પરદ્રવ્યનું જ નિમિત્તપણું (કારણપણું) માને છે, (પોતાનું કાંઈ પણ કારણ માનતા નથી) તેઓ જેમની બુદ્ધિ શુદ્ધજ્ઞાન રહિત અંધ છે એવા (અર્થાત્ જેમની બુદ્ધિ શુદ્ધનયના વિષયભૂત શુદ્ધ આત્મસ્વરૂપના જ્ઞાનથી રહિત અંધ છે એવા) –મોહનદીને ઉતરી શકતા નથી.

સંસારમાં વિકારની ઉત્પત્તિ, નિમિત્ત છે માટે થાય છે એમ જે માને છે પણ પોતાના કારણે થાય છે એમ જે માનતા નથી, તે મૂઢ છે. કર્મને જ વિકારનું કારણ માને છે, તેની બુદ્ધિ જ્ઞાનરહિત આંધળી છે. આત્મા ત્રિકાળ ધ્રુવ પદાર્થ શુદ્ધ છે—એમ સ્વભાવની દ્રષ્ટિ થાય તો વિકાર પર્યાયમાં થાય છે તે પોતાનો અપરાધ છે તેમ માન્યા વગર રહે નહિ. પણ રાગ પોતાના કારણે થાય છે એમ જે માનતા નથી, તે મોહરૂપી નદીને ઊતરી શકતા નથી. તેનો વિકારનો પ્રવાહ રોકાતો નથી પણ ચાલ્યો જ જાય છે.

અજ્ઞાનીની દલીલ છે કે કર્મનો ઉદય ન હોય અને વિકાર થયો હોય એવો એક દાખલો બતાવો. જેમ કે કુંભાર વગર ઘડો થયો હોય—એવો એક દાખલો બતાવો. કર્મના ઉદય વગર વિકાર થતો નથી અને કુંભાર વગર ઘડો થતો નથી માટે બન્નેના પચાસ પચાસ દોકડા રાખો; કારણ કે કાર્યના બે કારણ હોય છે. એક ઉપાદાન અને બીજું નિમિત્ત છે. આમ માને છે તેને વ્યવહારની ખબર નથી. વિકાર પોતે કરે તો થાય છે—એમ જે જાણતો નથી તે મિથ્યાદ્રષ્ટિ કર્મને લઈને મિથ્યાત્વ થાય અને મિથ્યાત્વને લઈને કર્મ થાય, એમ માનનાર મોહનદીનો પાર પામતા નથી.

**ભાવાર્થ :—**શુદ્ધનયનો વિષય આત્મા અનંત શક્તિવાળો, ચૈતન્યચમત્કારમાત્ર, નિત્ય, અભેદ એક છે. દ્રવ્યદ્રષ્ટિનો વિષય તો આત્મા અનંત શક્તિ સંપન્ન છે. એકલો ચૈતન્ય જાણનાર—દેખનાર છે. ત્રિકાળ ધ્રુવ, નિત્ય, અભેદ છે એટલે કે ઓછી શક્તિવાળો નથી, વિકારવાળો નથી, ગુણ—ગણીના ભેદવાળો નથી. તે જ એક સમ્યગ્દર્શનનો વિષય છે. આવો આત્મા છે તે પોતાના જ અપરાધથી રાગ-દ્વેષરૂપે પરિણમે છે. એવું નથી કે જેમ નિમિત્તભૂત પણે દ્રવ્ય પરિણમાવે તેમ આત્મા પરિણમે છે અને તેમાં આત્માનો કાંઈ પુરુષાર્થ જ નથી.

કર્મનો ઉદય આવે તે પ્રમાણે આત્માને પરિણમવું પડે—એમ નથી. કોઈ ધક્કો મારે અને માણસ પડી જાય છે, એમ કર્મનો ધક્કો લાગે તો વિકાર થાય છે—એમ નથી. દરેક આત્મા તથા પરમાણુનું પરિણમન એની લાયકાતથી થાય છે. આત્મા પોતે ઊંધો પુરુષાર્થ કરે તો વિકાર થાય છે, પણ કર્મના કારણે વિકાર થતો નથી. આવું આત્માના સ્વરૂપનું જ્ઞાન જેને

નથી તેઓ એમ માને છે કે પરદ્રવ્ય આત્માને જેમ પરિણમાવે તેમ આત્મા પરિણમે છે. આત્મા કર્મનું રમકડું છે. કર્મ જેમ રમાડે તેમ તે રમે—એમ માનનાર મોહરૂપી નદીને ઊતરી શકતા નથી અથવા મોહની સેનાને હરાવી શકતા નથી એટલે કે તે માન્યતા જ દ્રવ્યસ્વભાવને થવા દેતી નથી એટલે તે મિથ્યાત્વરૂપી પર્યાયને ટાળી શકતા નથી.

કારણ કે રાગ-દ્વેષ કરવામાં પોતાનો પુરુષાર્થ હોય તો જ તેને મટાડવામાં પણ હોય. જેમ અન્ય મતવાળા કહે છે કે ઈશ્વર કરે એમ થાય છે તે માન્યતાવાળાને રાગ-દ્વેષ નાશ કરવાનું રહેતું નથી; એમ જૈન નામ ધરાવીને કોઈ કહે કે કર્મ વિકાર કરાવે છે તો તેને પણ રાગ-દ્વેષનો નાશ કરવાનું રહેતું નથી. પરના કરાવ્યા જ રાગ-દ્વેષ થતા હોય તો પર તો રાગ-દ્વેષ કરાવ્યા જ કરે, ત્યાં આત્મા તેમને ક્યાંથી મટાડી શકે ? કર્મ કરાવે તો કર્મના ઉદય વગરનો કોઈ કાળ હોતો જ નથી માટે આત્માને રાગ-દ્વેષ ટાળવાનો પ્રસંગ રહેતો નથી.

માટે રાગ-દ્વેષ પોતાના કર્યા થાય છે અને પોતાના મટાડ્યા મટે છે—એમ કથંચિત્ માનવું, તે સમ્યગ્જ્ઞાન છે. કથંચિત્ માનવું એટલે સ્વભાવદ્રષ્ટિથી રાગ-દ્વેષ થતા નથી અને પર્યાયદ્રષ્ટિથી થાય છે, એમ માનવું, એકાંત માનવું નહિ.

સ્પર્શ, રસ, ગંધ, વર્ણ અને શબ્દાદિરૂપે પરિણમતા પુદ્ગલો આત્માને કાંઈ કહેતા નથી કે તું અમને જાણ. અને આત્મા પણ પોતાના સ્થાનેથી છૂટીને તેમને જાણવા જતો નથી. બન્ને તદ્દન સ્વતંત્રપણે પોતપોતાના સ્વભાવથી જ પરિણમે છે. આમ આત્મા પરપ્રત્યે ઉદાસીન એટલે સંબંધ વિનાનો, તટસ્થ છે; તો પણ અજ્ઞાની જીવ સ્પર્શાદિકને સારાં—નરસાં માનીને રાગીદ્વેષી થાય છે, તે તેનું અજ્ઞાન છે—અહીં અજ્ઞાનીના રાગ-દ્વેષનું કથન છે. તે અર્થની ગાથાઓ કહે છે :—

## ગાથા ૩૭૩—૩૮૨

**રે ! પુદ્ગલો બહુવિધ નિંદા—સ્તુતિ વચનરૂપ પરિણમે,**
**તેને સુણી, 'મુજને કહ્યું' ગણી, રોષ તોષ જીવો કરે. ૩૭૩.**
**પુદ્ગલ દરવ શબ્દત્વ પરિણત, તેહનો ગુણ અન્ય છે,**
**તો નવ કહ્યું કંઈ પણ તને હે અબુધ ! રોષ તું ક્યમ કરે ? ૩૭૪.**
**શુભ કે અશુભ જે શબ્દ તે 'તું સુણ મને' ન તને કહે,**
**ને જીવ પણ ગ્રહવા ન જાયે કર્ણ ગોચર શબ્દને. ૩૭૫.**
**શુભ કે અશુભ જે રૂપ તે 'તું જો મને' ન તને કહે,**
**ને જીવ પણ ગ્રહવા ન જાયે ચક્ષુગોચર રૂપ ને. ૩૭૬.**

**શુભ કે અશુભ જે ગંધ તે 'તું સૂંઘ મુજને' નવ કહે,**
**ને જીવ પણ ગ્રહવા ન જાયે ઘ્રાણગોચર ગંધને. ૩૭૭.**
**શુભ કે અશુભ રસ જેહ તે 'તું ચાખ મુજને' નવ કહે,**
**ને જીવ પણ ગ્રહવા ન જાયે રસનગોચર રસ અરે ! ૩૭૮.**
**શુભ કે અશુભ જે સ્પર્શ તે 'તું સ્પર્શ મુજને' નવ કહે,**
**ને જીવ પણ ગ્રહવા ન જાયે, કાયગોચર સ્પર્શને. ૩૭૯.**
**શુભ કે અશુભ જે ગુણ તે 'તું જાણ મુજને' નવ કહે,**
**ને જીવ પણ ગ્રહવા ન જાયે, બુદ્ધિગોચર ગુણને. ૩૮૦.**
**શુભ કે અશુભ જે દ્રવ્ય તે 'તું જાણ મુજને' નવ કહે,**
**ને જીવ પણ ગ્રહવા ન જાયે બુદ્ધિગોચર દ્રવ્યને. ૩૮૧.**
**—આ જાણીને પણ મૂઢ જીવ પામે નહિ ઉપશમ અરે !**
**શિવબુદ્ધિને પામેલ નહિ એ પર ગ્રહણ કરવા ચહે. ૩૮૨.**

**અર્થ :** (ગાથા ૩૭૩) "બહુ પ્રકારનાં નિંદાનાં અને સ્તુતિનાં વચનોરૂપે પુદ્‌ગલો પરિણમે છે; તેમને સાંભળીને અજ્ઞાની જીવ 'મને કહ્યું' એમ માનીને રોષ તથા તોષ કરે છે અર્થાત્ ગુસ્સે થાય છે અને ખુશી થાય છે."

ક્રમબદ્ધ પર્યાયની ચાલી આવતી વાત છે. શબ્દોની નિંદારૂપ પર્યાય એના કાળક્રમ પ્રમાણે પરિણમે છે તે પરમાણુનો ક્રમ છે. બીજો જીવ નિંદાના શબ્દોને પરિણમાવે છે માટે પરિણમે છે—એમ નથી. તેનો ભાવ હોય પણ શબ્દોની પર્યાય ન થવાની હોય તો ન થાય. તે શબ્દ કોઈ બીજાથી થયો નથી માટે પર્યાયબુદ્ધિ ન કર. તારો જ્ઞાનપર્યાય એની સામું જોવા પ્રગટ્યો નથી. તારો જ્ઞાનપર્યાય સ્વને જાણતાં તેમાં પર જણાઈ જાય છે. નિંદાને જાણવા માટે જ્ઞાન પરિણમન નથી અને તે ભાષા તારા માટે પરિણમી નથી. તે ભાષા કહેતી નથી કે અમને સાંભળ, ઊભો રહે. માટે પર્યાયબુદ્ધિ કરીને નિંદાના શબ્દોમાં રોષ કરવો તે અજ્ઞાન છે.

સ્તુતિના શબ્દો સાંભળતાં મારી પ્રશંસા થઈ—એમ માની અજ્ઞાની ખુશી થાય છે. પણ તારો આત્મા તે શબ્દોમાં પેસી ગયો નથી. તે પુદ્‌ગલો પરિણમે છે. એમાં આત્માનું અસ્તિત્વ નથી. આત્માનો પુદ્‌ગલમાં અત્યંત અભાવ છે. મને પ્રમુખ બનાવે એ પ્રશંસાથી મૂર્ખ ખુશી થાય છે અને મને વ્યાખ્યાન કરતાં આવડ્યું તો મારી પ્રશંસા થાય છે કે નહિ, તેની રાહ જુએ છે. પણ આત્મામાંથી નિર્મળ પર્યાય આવે છે કે નહિ—એની સામું અજ્ઞાની જોતો નથી. જડના કાળક્રમે શબ્દો પરિણમે છે. વર્તમાન પર ઉપર જેની રુચિ છે, તેને એમ લાગે છે કે આણે મારી પ્રશંસા કરી. ચારણને એક રૂપિયો

આપે તો આપનારને તે રાજા ભોજની ઉપમા આપે છે. એમાં આત્માને શું ? આ જગતમાં નિંદા-સ્તુતિરૂપે પરમાણુ થાય છે એમાં મૂઢ માને છે કે મારી નિંદા-સ્તુતિ થઈ — એ મિથ્યાભાવ છે.

**અર્થ :—**(ગાથા ૩૭૪) ''પુદ્‌ગલદ્રવ્ય શબ્દરૂપે પરિણમ્યું છે. તેનો ગુણ જો અન્ય છે, તો હે અજ્ઞાની જીવ તને કાંઈ પણ કહ્યું નથી; તું અજ્ઞાની થયો થકો રોષ શા માટે કરે છે ?''

આત્મા તો શુદ્ધ જ્ઞાયક છે. તેને ચૂકીને નિંદા-પ્રશંસા કે જે જડની પર્યાય છે, તેને પોતાની થઈ માનીને અજ્ઞાની અનંત સંસાર ઊભો કરે છે એટલે કે હું જાણનાર-દેખનાર છું એમ ન માનતાં નિંદા-પ્રશંસા મારી થઈ એમ માનીને જે રોષ તોષ કરે છે તેને આચાર્ય ભગવાન કહે છે કે હે ભાઈ ! તારો સ્વભાવ તો જાણવાનો છે. શબ્દો તને કહેતા નથી કે તું મને સાંભળ અને એમાં રોષ તોષ કરીને રોકાઈ જા. તે જડનો પર્યાય તને અડ્યો જ નથી. તો પછી મફતનો રોષ-તોષ શા માટે કરે છે ?

અર્થ :—(ગાથા ૩૭૫) અશુભ અથવા શુભ શબ્દ તને એમ નથી કહેતો કે 'તું મને સાંભળ' અને આત્મા પણ પોતાના સ્થાનથી છૂટીને શ્રોત્રેંદ્રિયના વિષયમાં આવેલા શબ્દને ગ્રહવા એટલે જાણવા જતો નથી.

આત્મા શું છે એની જેને ખબર નથી, તે સ્વભાવની રુચિ કરતો નથી. તે ફોનોગ્રાફના શબ્દો સાંભળે ત્યાં ખુશી થાય છે અને કડવાં શબ્દો સાંભળે ત્યાં રોષ કરે છે. તે શબ્દો કહેતા નથી કે તું અમને જાણ અને એમાં રોકાઈ જા અને જ્ઞાન પણ ઊછળીને શબ્દને પકડવા જતું નથી. પોતાની સત્તામાં રહીને જાણે છે. લગ્ન વખતે 'રામ બોલો' અથવા તો 'આને ઉપાડો' એમ સાંભળી અજ્ઞાની રોષ કરે છે. પણ 'નિજપદમાં રમે સો રામ કહીએ' એમ ન માનતાં શબ્દોને ખરાબ માને છે તે અજ્ઞાની છે. લગ્ન વખતે તેણે માનેલા માંગળિક શબ્દો બોલાય છે તોપણ ઘણાં રાંડે છે અને બીજા શબ્દો બોલાયા હોય છતાં કાંઈ થતું નથી. કોઈ કડક શબ્દો બોલે કે 'તારું સત્યાનાશ જાઓ' તો તે શબ્દો આત્માના નથી અને શબ્દો પણ કહેતાં નથી કે તું મને સાંભળ. અજ્ઞાની પોતાને કહે છે—એમ માનીને રાગી-દ્વેષી થાય છે.

**અર્થ :—**(ગાથા ૩૭૬) ''અશુભ અથવા શુભરૂપ તને એમ નથી કહેતું કે તું મને જો અને આત્મા પણ પોતાના સ્થાનેથી છૂટીને ચક્ષુ ઇંદ્રિયના વિષયમાં આવેલા અર્થાત્ ચક્ષુગોચર થયેલા રૂપને ગ્રહવા જતો નથી.''

અજ્ઞાની કાળુંકૂબડું રૂપ જોઈને મોઢું મરડે છે, દ્વેષ કરે છે અને સુંદર આકૃતિ જોઈને ખુશી થાય છે. પણ તે સુંદર કે અસુંદર રૂપ એમ નથી કહેતું કે તું અમને જોવા રોકાઈ જા અને આત્માપણ પોતાનું સ્થાન છોડીને તેને

જાણવા જતો નથી. બન્ને ભિન્ન ભિન્ન પદાર્થો છે. સુરૂપ દેખવાથી રાગ થાય છે અને કુરૂપ જોવાથી દ્વેષ થાય છે—એમ માનનાર મિથ્યાદ્રષ્ટિ છે. જ્ઞાનીને રાગ-દ્વેષ થાય છે, તે નિમિત્તને લઈને થતા નથી પણ પોતાની નબળાઈના કારણે થાય છે તેને જાણે છે. આમ પરથી ભેદજ્ઞાન કરવાનું બતાવે છે. શબ્દ, રૂપાદિની પર્યાય જડમાં થાય છે અને જ્ઞાન તો આત્મામાં થાય છે. તે બન્ને ભિન્ન છે એમ જાણવું તે ભેદજ્ઞાનનો ઉપાય છે.

**અર્થ :—**(ગાથા ૩૭૭) ''અશુભ અથવા શુભ ગંધ તને એમ નથી કહેતી કે તું મને સૂંઘ અને આત્મા પણ ઘ્રાણેંદ્રિયના વિષયમાં આવેલી ગંધને પોતાના સ્થાનેથી ચ્યુત થઈને ગ્રહવા જતો નથી.''

કોઈને ઊલટી અને ઝાડા થતા હોય તો ઘણી દુર્ગંધ હોય છે. તે ગંધનું અસ્તિત્વ તો જડમાં છે અને તેને જાણવાનું અસ્તિત્વ તો આત્મામાં છે. તે ગંધ એમ નથી કહેતી કે તું મને જાણીને અટક અને આત્મા પણ ત્યાં જતો નથી છતાં અજ્ઞાની આ દુર્ગંધ મને આવે છે માટે ઠીક નથી—એમ માની દ્વેષ કરે છે તે જ મિથ્યાત્વ છે. અને ફુલના ગજરા હોય, અત્તરની ખુશબો હોય તેને સુંઘીને અજ્ઞાની ખુશી થાય છે. **શાસ્ત્રમાં તો કહ્યું છે કે અત્તરમાં કરોડો કસાઈની દુકાન જેટલું પાપ છે.** એવા અત્તરમાં અજ્ઞાની મશગુલ થાય છે. એ અત્તર એમ કહેતું નથી કે 'તું મને સૂંઘ.' છતાં અજ્ઞાની ઠીક-અઠીક માની રાગી-દ્વેષી થાય છે.

**અર્થ :—**(ગાથા ૩૭૮) ''અશુભ અથવા રસ તને એમ નથી કહેતો કે તું મને ચાખ અને આત્મા પણ રસના ઇંદ્રિયના વિષયમાં આવેલા રસને પોતાનું સ્થાન છોડીને ગ્રહવા જતો નથી. કડવું અફીણ, કાળી જીરી વગેરે હોય કે સરબત, મોસંબીનો રસ વગેરે હોય, તે રસ છે. તેને ચાખતાં અજ્ઞાની તેના કારણે રાગી—દ્વેષી થાય છે. જ્ઞાનીને રાગ—દ્વેષ પરના કારણે થતા નથી.

આત્માનું જ્ઞાન ખાટા, મીઠા, કડવા આદિ રસને અડતું નથી અને તે રસ પણ આત્માને કહેતો નથી કે અમને ચાખ. બન્ને પદાર્થો ભિન્ન છે. અજ્ઞાની આ રસ સારો અને આ રસ ખરાબ એમ માને છે; પણ રસ તો સારો કે ખરાબ છે જ નહિ. લાડવો આવે તો ખુશી થાય અને વિષ્ટા આવે તો નાખુશ થાય—તે બધી કલ્પના છે. રસ તો જડ છે અને જ્ઞાન તો આત્માનું છે. બન્ને ભિન્ન હોવા છતાં અજ્ઞાની સારું—નરસું માનીને મિથ્યાત્વ ઉત્પન્ન કરે છે.

***

# પ્રસાદ નં. ૨૪

## શ્રી સમયસાર ગાથા ૩૭૩—૩૮૨

(કારતક વદ ૨, ગુરુવાર, ૨૦૦૮, તા. ૧૫-૧૧-૫૧)

આત્માનો જ્ઞાનસ્વભાવ સ્વ—પર પ્રકાશક છે. તે જ્ઞાન નિમિત્તો એટલે સ્પર્શ, રસ, ગંધ, શબ્દાદિને જાણવા જતું નથી, પણ સ્વમાં રહીને પરને જાણે છે. પરમાં જઈને પરને જાણતું નથી, તે કહે છે.

શબ્દ, રૂપ, રસાદિ કહેતા નથી કે અમને તું જાણ ! પુદ્ગલો એના પ્રવાહક્રમે પરિણમી રહ્યા છે. એ પદાર્થોને જાણવા જ્ઞાન પણ ત્યાં જતું નથી છતાં અજ્ઞાની વિષયોમાં અટકીને રાગ-દ્વેષ કરે છે, તે અજ્ઞાન છે. જ્ઞાનીને પરના કારણે રાગ થતો નથી, નબળાઈના કારણે થાય છે, તેને ગૌણ કરેલ છે. અજ્ઞાની શબ્દ સાંભળીને 'મારી નિંદા કે પ્રશંસા કરે છે' એમ માનીને રોષ અને તોષ કરે છે. એ વાત આવી ગઈ છે. શબ્દ, રૂપ, ગંધ અને રસ એમ કહેતા નથી કે તું અમને જાણ અને જો, અને જ્ઞાન પણ ત્યાં જતું નથી પણ અજ્ઞાની ઠીક—અઠીકના ભાવ કરે છે. હવે સ્પર્શની વાત કરે છે.

**અર્થ :—**(ગાથા ૩૭૯) અશુભ અથવા શુભ સ્પર્શ તને એમ કહેતા નથી કે તું મને સ્પર્શ. અને આત્મા પણ પોતાના સ્થાનથી છૂટીને કાયાના વિષયમાં આવેલા સ્પર્શને ગ્રહવા જતો નથી. સ્પર્શ તે પુદ્ગલના સ્પર્શગુણનો પર્યાય છે. ટાઢો, ઊનો, લૂખો, સુંવાળો, કર્કશ આદિ સ્પર્શ તે આત્માને એમ કહેતા નથી કે તું મને સ્પર્શ. તે તો જડ છે, જડની પર્યાય ચેતનની પર્યાયને અડતી નથી અને ચેતનની પર્યાય સ્પર્શની પર્યાયને અડતી નથી. કેમ કે એ બન્નેમાં અત્યંત અભાવ છે. આત્મા પોતાનું ક્ષેત્ર છોડીને તે સ્પર્શને ગ્રહવા જતો નથી. ભાવમાં માને છે તે પર્યાયબુદ્ધિનો દોષ છે. આત્મા ચૈતન્ય જ્ઞાનસ્વભાવી છે. સ્પર્શને અડે તો જ્ઞાન થાય, એવો એનો સ્વભાવ નથી છતાં અજ્ઞાની જ્ઞેયને જાણતાં 'આ મને અનુકૂળ છે' અને 'આ મને પ્રતિકૂળ છે' એમ અજ્ઞાનથી પર્યાયબુદ્ધિ કરે છે.

વસ્તુદ્રષ્ટિમાં વિકાર નથી અને નિમિત્તથી પણ વિકાર થતો નથી. પરંતુ નિમિત્ત તરફની એકત્વબુદ્ધિથી પર્યાયમાં વિકાર થાય છે. સમ્યગ્દ્રષ્ટિ સંસારમાં સ્ત્રી, કુટુંબ આદિના સંયોગમાં ઊભો હોય છતાં તે નિમિત્તના સંબંધથી તેને રાગ નથી, કેમ કે જ્ઞાનીને સ્વભાવદ્રષ્ટિને ચૂકીને રાગ-દ્વેષ થતો નથી. અસ્થિરતાના કારણે દોષ થાય છે એને ગૌણ કર્યો છે. સ્વભાવ અખંડ છે. તેને ભૂલીને પરમાં 'આ સારું અને આ ખરાબ' એમ અજ્ઞાની માને

છે. પાંચ ઇંદ્રિયોના વિષયોમાં અનુકૂળતા—પ્રતિકૂળતા માને છે. તેને અજ્ઞાનના કારણે રાગ-દ્વેષ થાય છે.

અજ્ઞાની હો કે જ્ઞાની હો પણ બેમાંથી એકેયને, નિમિત્ત તો રાગ-દ્વેષ કરાવતું નથી. જ્ઞાનીને તો રાગ-દ્વેષ નથી પણ અજ્ઞાની કલ્પના કરે છે કે આ વિષયો મને ઠીક છે—એમ અજ્ઞાનથી સ્વભાવને ભૂલે છે, તો વિકાર થાય છે. સ્પર્શ એના સ્વકાળે પરિણમ્યા જ કરે છે. સ્ત્રીનું રૂપ જોઈને અજ્ઞાની કલ્પના કરે છે કે એમાં સુખ છે; પણ હાડકાં અને ચામડામાં આત્માના સુખની ગંધ પણ નથી છતાં 'આ સારું અને આ ખરાબ' એમ માનીને અજ્ઞાની વિકાર ઉત્પન્ન કરે છે. સાત્ત્વિક ખોરાક ખાવાથી સારા પરિણામ રહે અને ગાંઠીયા, મરચું ખાવાથી ખરાબ પરિણામ થાય—એમ નથી પણ અજ્ઞાની પરમાં સારું અને ખરાબ માનીને ખંડબુદ્ધિ ઉત્પન્ન કરે છે, તે જ રાગ-દ્વેષનું કારણ છે. પોતાની સત્તા ન હોય એમાં મજા માનવી તે ભ્રાંતિ છે. **આત્મા પોતે અસંખ્ય પ્રદેશી સુખનું ધામ છે. એમાં મજા હોય કે પરમાં હોય?** એના ભાન વિના પર પદાર્થમાં મજા માનવી એ જ સંસારનું કારણ છે.

**અર્થ :—**(ગાથા ૩૮૦) અશુભ અથવા શુભ ગુણ તને એમ કહેતો નથી કે "તું મને જાણ" અને આત્મા પણ પોતાનું સ્થાન છોડીને બુદ્ધિના વિષયમાં આવેલા ગુણને ગ્રહવા જતો નથી. ત્રિલોકનાથ તીર્થંકરદેવ સમવસરણમાં નજરે પડે, તો તે નથી કહેતા કે તું મને જાણવા રોકાઈ જા અને મિથ્યાદ્રષ્ટિ વિરોધ કરતો હોય તો તે નથી કહેતો કે મને જાણ. વળી ભગવાનને જોઈને પ્રમોદ આવે અને મિથ્યાદ્રષ્ટિને દેખીને દ્વેષ થાય—એમ પણ નથી. આત્મા પોતે પોતાના સ્વભાવથી ચૂકી જાય છે તો રાગ-દ્વેષ થાય છે. જો ભગવાનના કારણે રાગ થાય તો ભગવાન જ્યાં સુધી રહે ત્યાં સુધી રાગ રહ્યા કરે; પણ એમ નથી અને અવગુણને જોઈને અવગુણના કારણે દ્વેષ આવે છે, એમ પણ નથી.

કોઈ પણ જડનો—સ્પર્શ, રસ આદિનો—પર્યાય આત્માને કહેતો નથી કે અમને જોવા રોકાઈ જા. જ્ઞાની કહે છે કે આત્માનું સ્વરૂપ તો જ્ઞાતા-દ્રષ્ટા છે, એમાં જો. જ્યાં સુધી અધૂરી દશા હોય છે ત્યાં સુધી દેવ-ગુરુ આદિ પરપદાર્થ પ્રત્યે વલણ હોય છે; પણ તે પરના કારણે હોતું નથી. અરિહંતના દ્રવ્ય, ગુણ, પર્યાયને જાણીને સ્વને જાણે તો ધર્મ થાય છે પણ પરને જાણવામાં રોકાય તો ધર્મ થતો નથી.

જ્ઞાનીનો હેતુ એવો નથી કે અમને જાણવામાં તું અટકી જા; પણ તારો સ્વ-પરપ્રકાશક સ્વભાવ છે એમાં સ્વને જાણતાં પર જણાયા વગર રહેશે

નહિ, પણ નિમિત્તને લીધે જણાશે—એમ નથી. તારો સ્વભાવ અમારે લીધે નથી. માટે અમારા સામું ન જો—એમ ભગવાન કહે છે. છતાં રાગ-દ્વેષ હોય ત્યાં સુધી દેવ-ગુરુ-શાસ્ત્ર ઉપર લક્ષ ગયા વગર રહે નહિ અને અવગુણી હોય ને તત્ત્વનો વિરોધ કરતો હોય તો તે કહેતો નથી કે અમારા સામું જોઈને રોકાઈ જા અને આત્મા પણ પોતાનામાંથી ખસીને પરને ગ્રહવા જતો નથી. મનના વિષયમાં દેવ-ગુરુ-શાસ્ત્ર વગેરે આવે, છતાં ચૈતન્યદશાને છોડીને જ્ઞાની વિકલ્પમાં પ્રવેશ કરતો નથી. પર્યાયબુદ્ધિમાં જ મિથ્યાત્વ છે, તે પરમાં નથી અને સ્વભાવમાં પણ નથી એમ કહ્યું છે. જ્ઞાની પોતાની સત્તા છોડીને ગુણ-અવગુણને ગ્રહવા જતો નથી. ગુણ-અવગુણ ખ્યાલમાં આવે પણ વિકલ્પ કરીને તેમાં તે અટકતો નથી.

**<u>અર્થ :—</u>**(ગાથા ૩૮૧) અશુભ અથવા શુભ દ્રવ્ય તને એમ નથી કહેતું કે તું મને જાણ અને આત્મા પણ પોતાનું સ્થાન છોડીને બુદ્ધિના વિષયમાં આવેલા દ્રવ્યને ગ્રહવા જતો નથી. અરિહંત ભગવાન સાક્ષાત્ હોય તે દ્રવ્ય છે અને વિરોધ કરનાર જીવ હોય તો તે પણ દ્રવ્ય છે. ગાથા ૩૮૦માં ગુણની વાત હતી. અહીં ગુણીની વાત છે. તે પદાર્થો એમ કહેતા નથી કે અમારા સામું જો અને અમારામાં અટક, પણ અજ્ઞાની સ્વભાવને ચૂકીને પર દ્રવ્યોમાં 'આ મને સારું છે અને આ ખરાબ છે'—એમ ઠીક—અઠીકબુદ્ધિ કરે છે, તે તેનું અજ્ઞાન છે.

**<u>અર્થ :—</u>**(ગાથા ૩૮૨) આવું જાણીને પણ મૂઢ જીવ ઉપશમને પામતો નથી અને શિવબુદ્ધિ એટલે કલ્યાણકારી બુદ્ધિને—સમ્યગ્જ્ઞાનને નહિ પામેલો પોતે, પરને ગ્રહવાનું મન કરે છે. મારા સ્વભાવમાં પરનો પ્રવેશ નથી અને પરના કારણે મારામાં ગુણ કે અવગુણ થતો નથી. આ વાતનો જીવને ખ્યાલ તો આવે છે. એટલે કે જ્ઞાનાવરણીયનો ક્ષયોપશમ છે તેથી ખ્યાલમાં તો આવે છે. રાગ મંદ કરીને આ વાતને જાણે છે તો ખરો, પણ મૂઢ જીવ આ વાતની રુચિ કરતો નથી. આ વાત જે જાણતો નથી એની તો વાત અહીં લીધી નથી. દરેક પદાર્થનું પરિણમન પોતાની સ્વસત્તામાં થઈ રહ્યું છે—એમ જાણીને પણ મૂઢ જીવ સ્વભાવ તરફ વળતો નથી.

અગિયાર અંગ અને નવપૂર્વનું જ્ઞાન હોય પણ જો સ્વભાવ સામું ન જોયું એટલે કે આત્માની શ્રદ્ધા ન કરી તો તે જ્ઞાનને જ્ઞાન જ કહેવાતું નથી. માટે તેવા જીવને અહીં મૂઢ કહ્યો છે. તે જીવ 'મારા સ્વભાવમાં શાંતિ પરિપૂર્ણ ભરેલી છે, એના માટે પર કોઈની જરૂર નથી'—એમ કોઈ રીતે માનતો નથી અને અંતરમાં ઠરતો નથી. આત્મા છે તે પરને લઈને નથી અને પર છે તે મારે લીધે નથી—એમ સાંભળે છતાં પરની રુચિ છોડતો

નથી. સ્વભાવ સન્મુખ થતો નથી. સમ્યગ્જ્ઞાનને પામતો નથી તેથી તે પરને ગ્રહણ કરવાનું મન કરે છે.

આ છેલ્લા પદમાં એમ કહ્યું કે જગતના પદાર્થો પોતપોતાના સ્વભાવથી પરિણમી રહ્યા છે. તે પદાર્થો 'તું મને જાણ' એમ કહેતા નથી અને આત્મા પણ પોતાનું ક્ષેત્ર છોડીને જતો નથી. આમ જાણવા છતાં તે જીવ સ્વભાવની રુચિ કરતો નથી અને માને છે કે હું શબ્દને પકડું, નિમિત્તને પકડું, તો મને ધર્મ થાય—એમ પરવસ્તુ પકડવાનું મન કરે છે, પણ સ્વભાવને પકડતો નથી. શેત્રુંજય, સમેતશિખર, પૂજા, ભક્તિ, વ્રતાદિ કરવાથી ધર્મ થશે—એ વેગને છોડતો નથી. પોતાના ઊંધા પુરુષાર્થથી—પર્યાયબુદ્ધિના કારણે પરની રુચિને છોડતો નથી. સ્વભાવથી લાભ માને તો, તે પરથી લાભ માનતો નથી—આ સાર છે.

**ટીકા :**—પ્રથમ દ્રષ્ટાંત કહે છે—આ જગતમાં બાહ્ય પદાર્થ ઘટપટાદિ—જેમ દેવદત્ત નામનો પુરુષ યજ્ઞદત્ત નામના પુરુષને હાથ પકડીને કોઈ કાર્યમાં જોડે તેમ દીવાને સ્વપ્રકાશનમાં (અર્થાત્ બાહ્ય પદાર્થને પ્રકાશવાના કાર્યમાં) જોડતો નથી કે તું મને પ્રકાશ.

જેમ કોઈ માણસ બીજાને હાથ ખેંચીને લઈ જાય, એમ કોઈ પદાર્થો દીવાને કહેતા નથી કે તું મને પ્રકાશ, વિષ્ટા હોય કે લાકડાં હોય તો તે દીવાને કહેતાં નથી કે અમારા ઉપર પ્રકાશ નાખ. સ્ત્રી-પુત્રાદિ કહેતાં નથી કે અમારા ઉપર રાગ કર.

અને દીવો પણ લોહચુંબક—પાષાણથી ખેંચાયેલી લોખંડની સોયની જેમ પોતાના સ્થાનેથી ચ્યુત થઈને તેને (બાહ્ય પદાર્થને) પ્રકાશવા જતો નથી. દીવો પોતાનું ક્ષેત્ર છોડીને પરવસ્તુને પ્રકાશવા જતો નથી. અહીં લોહચુંબકનું દ્રષ્ટાંત છે. લોહચુંબક સોયને ખેંચતો નથી. સોય એના કારણે ખેંચાય છે. એમાં લોહચુંબક નિમિત્તમાત્ર છે. એમ દીવો ખેંચાઈને પરપદાર્થમાં જતો નથી પણ અજ્ઞાની પરવસ્તુને જાણતાં જાણે છે કે હું ખેંચાઈ ગયો તેમ માને છે—તે ભ્રમણા છે. **વસ્તુસ્વભાવ પર વડે ઉત્પન્ન કરી શકાતો નથી તેમ જ વસ્તુસ્વભાવ પરને ઉત્પન્ન કરી શકતો નથી.**

દીવાનો સ્વભાવ ઘટપટાદિને ઉત્પન્ન કરતો નથી અને ઘટપટાદિનો સ્વભાવ દીવાને ઉત્પન્ન કરતો નથી. દીવો ઘટપટાદિને લાવતો નથી અને ઘટપટાદિના કારણે દીવો થયો નથી. ઘડો માટી વડે થયો છે, કુંભાર વડે થયો નથી. શિષ્યનો સ્વભાવ ગુરુ વડે થયો નથી અને ગુરુનો સ્વભાવ શિષ્યને જ્ઞાન આપે એવો નથી કેમ કે વસ્તુનો સ્વભાવ પર વડે થતો નથી અને પોતે પરનો સ્વભાવ ઉત્પન્ન કરી શકતો નથી.

કોઈ કહે કે અમે શાંતિથી બેઠા હતા તેમાં બીજાએ આવીને ગાળ આપી એટલે ઉશ્કેરાટ થયો—કષાય થયો. તો તેને કહે છે કે તારો સ્વભાવ પરથી ઉશ્કેરાટ થાય, એવો નથી અને બીજા પદાર્થોનો સ્વભાવ તને ઉશ્કેરાટ કરાવે એવો નથી. વસ્તુનો સ્વભાવ તો આવો છે. છતાં અજ્ઞાની પરના કારણે પોતાને કષાય થાય—એમ માને છે, તે મૂઢતા છે. ચરણાનુયોગમાં નિમિત્તનું કથન આવે પણ એનો અર્થ એવો નથી કે પરપદાર્થ કષાય કરાવે છે. દ્રવ્યાનુયોગ પ્રમાણે વસ્તુનો સ્વભાવ બીજો અને ચરણાનુયોગ પ્રમાણે વસ્તુનો સ્વભાવ બીજો છે—એમ નથી. કથનની શૈલીમાં ફેર છે. વસ્તુસ્વભાવ તો એક જ પ્રકારે હોય છે.

ત્રણલોકના નાથ તીર્થંકર દેવનો સ્વભાવ એવો નથી કે કોઈને ધર્મ પમાડી દે અને બીજાઓનો સ્વભાવ એવો નથી કે ભગવાનથી ધર્મ પામે. આવો દરેક પદાર્થનો સ્વભાવ હોવા છતાં **જ્યારે પ્રથમ આત્મજ્ઞાન થાય છે ત્યારે નિમિત્તરૂપે તો જ્ઞાની જ હોય છે, અજ્ઞાની હોતો નથી. એવો મેળ છે.** પણ તેથી કરીને પરના કારણે ધર્મ થાય છે—એમ નથી. મુનિને મોરપીંછી ને કમંડળ હોય છે. તે મોરપીંછી અને કમંડળની અવસ્થા થાય છે તે મુનિના કારણે થતી નથી. આત્મા તેને ઊંચું—નીચું કરી શકે નહિ કેમ કે તે પદાર્થોમાં પરથી ઊંચું—નીચું થવાનો સ્વભાવ જ નથી અને આત્મામાં પરને ઊંચું—નીચું કરે એવો સ્વભાવ જ નથી. ક્ષણે ક્ષણે જડ અને ચેતનની પર્યાય થાય છે. તે પરવડે ઉત્પન્ન કરી શકાતી નથી અને તે પદાર્થોનો સ્વભાવ પરને ઉત્પન્ન કરે એવો નથી. આવો સ્વભાવ છે. **વ્યવહારનયથી કથન કર્યું હોય તે જાણવામાત્ર છે, પણ વ્યવહારનયથી પરનું કાંઈ થાય—એમ માનવું તે મૂઢતા છે.**

*

## શ્રી સમયસાર ગાથા ૩૭૩—૩૮૨

**(કારતક વદ ૩, શુક્રવાર, ૨૦૦૮, તા. ૧૬-૧૧-૫૧)**

અહીં દીવાનો દાખલો આપ્યો છે. ઘડો વગેરે પદાર્થો દીવાને પ્રકાશવાનું કહેતા નથી અને દીવો તે વસ્તુઓને પ્રકાશવા જતો નથી. વસ્તુનો સ્વભાવ પરવડે ઉત્પન્ન થતો નથી અને પરને ઉત્પન્ન કરાવતો નથી. દવાનો સ્વભાવ રોગને મટાડવાનો નથી અને રોગનો સ્વભાવ દવાથી મટે એવો નથી, ઘડાનો સ્વભાવ કુંભારથી થાય એવો નથી અને કુંભારનો સ્વભાવ ઘડાને બનાવે એવો નથી. એવો વસ્તુનો સ્વભાવ છે.

દીવો જેમ બાહ્ય પદાર્થની અસમીપતામાં (પોતાના સ્વરૂપથી જ પ્રકાશે છે) તેમ બાહ્ય પદાર્થની સમીપતામાં પણ પોતાના સ્વરૂપથી જ પ્રકાશે છે. એમ પોતાના સ્વરૂપથી જ પ્રકાશતા એવા તેને (દીવાને) વસ્તુ સ્વભાવથી જ વિચિત્ર પરિણતિને પામતો એવો મનોહર કે અમનોહર ઘટપટાદિ બાહ્યપદાર્થ જરાય વિક્રિયા ઉત્પન્ન કરતો નથી.

ઘટપટાદિ પદાર્થો દીવાની નજીકમાં હોય તો પણ દીવો પોતાના સ્વભાવથી જ પ્રકાશે છે અને તે પદાર્થો નજીકમાં ન હોય તો પણ દીવો તો પોતાના સ્વભાવથી જ પ્રકાશી રહ્યો છે. દીવો પોતાના પ્રકાશથી બળી રહ્યો છે, તે સ્થાનમાં ઘડો થાય કે ફૂટે, વસ્ત્ર આવે કે જતું રહે, રાંધણું સુધરે કે બગડે તે પદાર્થો પોતાના કાળે વિચિત્રતાથી પરિણમી રહ્યા છે. તે દીવાને વિક્રિયા કરાવી શકતા નથી. આ દ્રષ્ટાંત છે.

એવી રીતે હવે સિદ્ધાંત કહે છે. બાહ્યપદાર્થો—શબ્દ, રૂપ, ગંધ, રસ, સ્પર્શ તથા ગુણ અને દ્રવ્ય—જેમ દેવદત્ત યજ્ઞદત્તનો હાથ પકડીને કોઈ કાર્યમાં જોડે તેમ આત્માને સ્વજ્ઞાનમાં (બાહ્યપદાર્થોને જાણવાના કાર્યમાં) જોડતા નથી કે તું મને સાંભળ, તું મને જો, તું મને સૂંઘ, તું મને ચાખ, તું મને સ્પર્શ, તું મને જાણ; અને આત્મા પણ લોહચુંબક પાષાણથી ખેંચાયેલી લોખંડની સોયની જેમ પોતાના સ્થાનથી ચ્યુત થઈને તેમને (બાહ્ય પદાર્થોને) જાણવા જતો નથી.

આત્મા ચૈતન્ય જ્ઞાનપ્રકાશરૂપ જળહળ જ્યોતિથી પ્રકાશી રહ્યો છે. તેમાં નિંદા કે પ્રશંસાના શબ્દો જણાય તો તે વસ્તુ ચૈતન્યને કહેતી નથી કે અમને સાંભળી ને રાગ-દ્વેષ કર. પણ અજ્ઞાની ભ્રાંતિથી કલ્પના કરે છે કે 'આ મને ઠીક છે અને આ અઠીક છે.' ચીજો ઘણી આવે તો દીવો વધી જાય અને ચીજો ઘટી જાય તો દીવો ઘટી જાય એમ બનતું નથી; તેમ બાહ્ય વસ્તુ વધારે આવે કે ચાલી જાય તો પણ જ્ઞાનપ્રકાશ તો એવો ને એવો પોતાથી પ્રકાશી રહ્યો છે. નિંદાના શબ્દો સાંભળી આ મારી નિંદા કરે છે—એમ માનવું તે કલ્પના છે. ખરેખર આત્માની નિંદા કોઈ પર કરતું નથી. વળી પ્રશંસાના શબ્દો પણ કહેતા નથી કે અમારા સામું જોઈને તું રાગ કર. તું તો સ્વ—પરપ્રકાશક જ્ઞાનજ્યોત છો, છતાં અજ્ઞાનથી પોતાના સ્વભાવને ચૂકીને જડ પદાર્થના વલણમાં ઠીકાઠીક બુદ્ધિ કરી ખદબદાટ કરે છે, તે મૂઢતા છે.

દીવાના પ્રકાશમાં રોટલી ફૂલે તો કાંઈ દીવો ફૂલે નહિ અને રોટલી બળી જાય તો દીવો બળે નહિ; તેમ આત્મા જાણનાર—દેખનાર છે, નિંદા કે પ્રશંસાના શબ્દો હોય તો તે જ્ઞાનપ્રકાશ વધતો કે ઘટતો નથી. શબ્દો પણ

કહેતા નથી કે અમને સાંભળવા અટકી જા. જેમ દેવદત્ત યજ્ઞદત્તને હાથ પકડીને કહે કે આ કામ કર, તેમ ચૈતન્ય પ્રકાશને કોઈ પર પદાર્થો કહેતા નથી કે અમને જાણવા રોકાઈ જા. પણ અજ્ઞાની ચૈતન્ય સ્વભાવને ચૂકીને રોકાય છે કે આ નિંદાના શબ્દો સારા નથી અને પ્રશંસાના શબ્દો સારા છે—એમ અજ્ઞાનની ભૂમિકામાં રાગ-દ્વેષ થાય છે.

આત્માની નિંદા-પ્રશંસા કોઈ કરી શકતું નથી છતાં અજ્ઞાની તેમાં અટકીને રાગ-દ્વેષ કરે છે. તેમ ઇંદ્રાણીનું સુંદર રૂપ હોય તો તે રૂપ આત્માને હોતું નથી કે તું અમને જો અને રાગ કર; અને બીજું કુરૂપ હોય, આંખ ફૂટેલી હોય, કાળુંફૂબડા જેવું રૂપ હોય તો તે રૂપ પણ કહેતું નથી કે અમને જોવા રોકાઈ જા. એ તો જગતની ચીજો છે. તેની હાલતો એના ક્રમ પ્રમાણે થયા કરે છે. તે ચૈતન્ય પ્રકાશને વિકારનું કારણ નથી છતાં અજ્ઞાની ભલું અને બૂરું માનીને વિકારની વૃત્તિ ઉત્પન્ન કરે છે, તે ભ્રાંતિ છે.

ગંધના બે પ્રકાર છે. સુગંધ અને દુર્ગંધ. ફૂલનો ગજરો તથા અત્તરાદિ પદાર્થો સુગંધમય છે અને વિષ્ટા આદિ દુર્ગંધમય છે. તે પદાર્થોમાં અણગમો કે ગમો કરીને અટકવાનું એ પદાર્થો કહેતા નથી. આત્માનો ચૈતન્યપ્રકાશ છે, તે પોતાના સ્વભાવને ચૂકે છે તો તે ગંધમાં ઠીક—અઠીકપણું કલ્પે છે.

રસ અનેક પ્રકારના હોય છે. ભૂખ લાગી હોય ત્યારે બાસુદી આદિ મિષ્ટાન્ન આવે તો તેના ઉપર રાગ કરે છે પણ રસ તો જડ છે. બદામનો મેસુબ, પીસ્તાના પાપડ આદિ કહેતા નથી કે અમને ચાખ અને અમારામાં સુખ માન, પણ મૂર્ખ, સ્વભાવને ચૂકીને એમાં રોકાય છે, તે મૂઢતા છે.

રેશમી ગાદલાં તથા આકોલિયાનાં રૂના તકિયા હોય તો તે પદાર્થો ચૈતન્યને અટકવાનું કહેતા નથી પણ આત્મા જ્ઞાનપ્રકાશ છે તેનું ભાન ભૂલીને પરવસ્તુમાં અજ્ઞાની ઇષ્ટ—અનિષ્ટપણું કલ્પે છે. શરીર આદિ જડની પર્યાય છે, તે પદાર્થો એમ કહેતા નથી કે અમને ભોગવ. અજ્ઞાની એમાં રોકાઈને રાગ કરે છે. જ્ઞાની પરમાં રોકાઈને રાગ-દ્વેષ કરતો નથી કેમ કે તે પરવસ્તુથી લાભ-અલાભ માનતો નથી. તેને રાગ-દ્વેષ અલ્પ થાય છે અને અજ્ઞાનીને તો અનંતો રાગ-દ્વેષ થાય છે.

સર્વજ્ઞદેવ હોય અથવા તો મુનિ કે ધર્માત્મા હોય, તો તેના ગુણો એમ કહેતા નથી કે તું અમને જાણવા રોકાઈ જા. ધર્માત્માને દેખીને તેના કારણે એમના ગુણોનું બહુમાન કરે કે અવગુણીને જોઈને દ્વેષ કરે, તે મૂઢતા છે. જ્ઞાનીને અલ્પ રાગ-દ્વેષ થાય છે, તે ગુણ કે અવગુણને દેખીને થતા નથી પણ પોતાની નબળાઈથી થાય છે. પોતાના સ્વભાવને ચૂકીને થતા નથી.

આ રીતે પરદ્રવ્ય—વીતરાગદેવ હોય કે બહારવટિયો હોય—તે એમ કહેતા નથી કે અમને દેખીને રાગ-દ્વેષ કર. કોઈ એમ કહે કે ગુરુ તો એમ કહે છે કે સાંભળ ! તો તેનો અર્થ એવો નથી કે અમારા સામું જો. 'પણ તું તારા આત્માને સમજ' એમ તેઓ કહે છે. એટલે કે તારા સામું જો. કેવળજ્ઞાનીનો સ્વભાવ એવો નથી કે તેઓ કહે કે અમને જાણવા રોકાઈ જા. જ્ઞાનીઓ કહે છે કે તું તને જાણ, તેમાં અમે જણાઈ જઈશું. પણ તું અમને જાણ—એમ તેઓ કહેતા નથી.

ગુણ અને ગુણી, અવગુણ અને અવગુણી, તે કોઈ ચીજ એમ નથી કહેતી કે તું તારો સ્વભાવ ચૂકીને અમારા સામું જો. શાસ્ત્ર પણ કહેતું નથી કે અમારા સામું જો. તે તો કહે છે કે તારા આત્મા સામું જો. તો એક આત્મા જણાતાં બધું જણાઈ જશે. આત્મા જ્ઞાનનો પુંજ છે, જ્ઞાનનો ગાંગડો છે. તેને જાણતાં પરપદાર્થો બધા જણાઈ જાય છે છતાં પૂર્ણ સ્વભાવ ન પ્રગટે ત્યાં સુધી સાંભળવા વગેરેનો વિકલ્પ હોય ખરો, પણ તેના કારણે આત્મામાં જ્ઞાનસ્વભાવનો વિકાસ થતો નથી.

બીજા જીવને જ્ઞાન, દર્શન અને શાંતિ, બીજો જીવ ઉત્પન્ન કરી શકે નહિ કેમ કે તે જીવનો પર વડે વિકાસ થાય એવો સ્વભાવ જ નથી. વળી કોઈ જીવ ભક્તિ કરે, જાત્રા કરે, વ્રતાદિ પાળે પણ એનાથી ધર્મનો વિકાસ થતો નથી—થાય એમ નથી. ચૈતન્ય સ્વભાવ પુસ્તક કે શબ્દાદિથી ઉત્પન્ન થતો નથી. આત્માનો સ્વભાવ વીતરાગ સર્વજ્ઞદેવથી પણ ઉત્પન્ન થાય એવો નથી. આત્માનો વિકાસ રાગ કે નિમિત્તથી ત્રણકાળમાં થતો નથી. આત્મા પોતે અંતર્મુખ થાય તો વિકાસ થાય છે.

આત્માનો વીતરાગભાવ, પર વડે ઉત્પન્ન થાય એવો નથી પણ અંતરમાં જ્ઞાન, શ્રદ્ધા, અને રમણતા કરે તો થાય એમ છે. તેમ જ વસ્તુસ્વભાવ પરને ઉત્પન્ન કરે એવો નથી. કુંભારનો સ્વભાવ ઘડાને કરે એવો નથી. કેવળીનો સ્વભાવ પરને ધર્મ ઉત્પન્ન કરે એવો નથી. જ્ઞાનસ્વભાવ પર વડે ઉત્પન્ન થાય એવો નથી અને એ જ્ઞાનસ્વભાવ પરને ઉત્પન્ન કરે એવો નથી. પૈસાનો સ્વભાવ આત્માને મમતા કરાવે એવો નથી અને આત્માનો સ્વભાવ પૈસામાં મમતા કરે એવો નથી. પ્રતિમાજીનો સ્વભાવ પરને ગુણ કે અવગુણ કરે એવો નથી અને આત્માનો સ્વભાવ પ્રતિમાજી વડે ગુણ અવગુણ કરે એવો નથી. આત્મા પોતાના સ્વભાવને ચૂકે છે ને પરનું માહાત્મ્ય કરે છે ત્યારે વિકાર થાય છે, તે વિકાર પરવડે થયો નથી.

કોઈ એમ કહે કે મોરપીંછી ને કમંડળ પડ્યાં હોય તો હાથ વડે ઉપાડ્યા વગર ઊપડે નહિ, તો તેને અહીં કહે છે કે મોરપીંછી અને કમંડળનો સ્વભાવ હાથ વડે ઊપડે એવો છે જ નહિ અને હાથનો સ્વભાવ મોરપીંછીને અને કમંળને ઉપાડે એવો નથી. મોરપીંછી અને કમંડળ એના કાળે એના કારણે ઊપડે ત્યારે હાથને નિમિત્ત કહેવાય છે પણ હાથના કારણે તે ચીજો ઊપડી નથી. ભગવાન કોઈને તારતા નથી અને ભગવાનથી કોઈ તરતા નથી. કેમ કે ભગવાનનો સ્વભાવ કોઈને તારવાનો નથી અને આત્માનો સ્વભાવ કોઈથી તરવાનો નથી. ભગવાન જો તારતા હોય તો અત્યાર સુધી એણે તાર્યા નહિ માટે સંસારમાં રખડ્યો, પણ એમ નથી. આત્મા પોતે અપરાધ કરીને રખડે છે.

જે જેનો સ્વભાવ છે તે બીજાથી ઉત્પન્ન થતો નથી અને બીજાને ઉત્પન્ન કરતો નથી. લાકડાનો સ્વભાવ તરવાનો છે, તે પરવડે ઉત્પન્ન થતો નથી અને તે પરને ઉપજાવતો નથી. આત્મા પરને લઈને સમજતો નથી અને પર આત્માને સમજાવતું નથી. પર પદાર્થ મારે લઈને નથી અને હું પરને લઈને નથી—એવો સ્વતંત્રતાનો ઢંઢેરો છે. એટલે કે સ્વભાવવાદ છે.

આ મહાન સિદ્ધાંત છે. દ્રષ્ટાંતમાં દીવો અને ઘટપટાદિ પદાર્થોની વાત હતી અને દ્રાષ્ટાંતમાં આત્મા અને પરપદાર્થની વાત છે. પરદ્રવ્યમાં એવી તાકાત નથી કે આત્માને પરિણમાવી દે કે બદલાવી દે અને આત્મામાં એવી તાકાત નથી કે પરપદાર્થને પરિણમાવી દે કે બદલાવી દે. જેનો જે સ્વભાવ છે તે પરથી કદી બદલે નહિ, આંબાને ખારું પાણી નાખે તોપણ એમાં મીઠી કેરી થશે અને લીંબડાને મીઠું પાણી નાખો તોપણ તેમાં કડવી લીંબોળી થશે. એ રીતે આત્મા પરને લઈને સમજે, એવી તાકાત જ નથી અને સર્વજ્ઞ ભગવાનમાં પરને સમજાવવાની તાકાત નથી. આત્મા પોતે પોતાથી સમજે ત્યારે સર્વજ્ઞદેવને નિમિત્ત કહેવાય છે. પણ ભગવાનના કારણે તે સમજ્યો નથી.

***

# <u>પ્રસાદ નં. ૨૬</u>

## <u>શ્રી સમયસાર ગાથા ૩૭૩—૩૮૨</u>

**(કારતક વદ ૪, શનિવાર, ૨૦૦૮, તા. ૧૭-૧૧-૫૧)**

જે આત્માને ધર્મ કરવો હોય તેણે શું કરવું ? તે કહે છે. આત્મા જ્ઞાનસ્વરૂપી છે. તે પરથી ઉત્પન્ન થઈ શકતો નથી. જ્ઞાનસ્વભાવી આત્મા જ્ઞાનને પકડે તો ધર્મ થાય. તે પર વડે થતો નથી. વાણી, પુસ્તક, પાનાં, સ્ત્રી, પુત્ર આદિ આખું જગત આત્માના ધર્મને ઉત્પન્ન કરી શકતું નથી.

‘‘આત્મા જેમ બાહ્ય પદાર્થોની અસમીપતામાં પોતાના સ્વરૂપથી જ જાણે છે તેમ બાહ્ય પદાર્થોની સમીપતામાં પણ પોતાના સ્વરૂપથી જ જાણે છે.’’

આત્મા જ્ઞાનસ્વભાવી વસ્તુ છે. તે બાહ્ય પદાર્થો—પુસ્તકાદિ—નજીકમાં ન હોય તો પણ પોતાના સ્વરૂપથી જ જાણે છે. જેમ દીવાની નજીક પદાર્થો ન હોય તો પણ દીવો પોતાના સ્વભાવથી જ પ્રકાશે છે. તેમ દેવ—ગુરુ—શાસ્ત્ર નજીકમાં ન હોય તોપણ આત્મા પોતાના સ્વભાવથી જ પ્રકાશે છે અને તે બાહ્ય પદાર્થો નજીકમાં હોય તોપણ પોતાના સ્વભાવથી જ પ્રકાશે છે. આત્માની સમીપે વાણી પડે નહિ, પુસ્તક હોય નહિ, કોઈ પદાર્થ નજીકમાં ન હોય તોપણ **<u>જ્ઞાન તો જ્ઞાનથી જ જાણે છે.</u>** આ ધર્મ છે. આત્માનો સ્વભાવ તો જ્ઞાન છે. તેને પકડે તો ધર્મ થાય છે. રાગ હોય કે રાગ ન પણ હોય છતાં જ્ઞાન જ્ઞાનને જાણે છે.

અજ્ઞાનીને અનાદિકાળથી એવી ભ્રાંતિ છે કે મારી શાંતિ માટે પરચીજની નજીક જાઉં અને અમુક ચીજને દૂર કરું તો શાંતિ મળે—એ ભ્રમ છે. જ્ઞેય નજીક હો કે દૂર હો પણ મારી શાંતિ અથવા તો જ્ઞાન મારા સ્વભાવથી પ્રકાશે છે. આત્મામાં ધર્મ પ્રગટ કરવો હોય તો પરપદાર્થો નજીક હોય અથવા દૂર હોય તો થાય—એમ વસ્તુસ્વરૂપ નથી. ચૈતન્ય જ્ઞાન દીવો છે તેની નજીક તીર્થંકર ભગવાન ન હોય, શરીર—વાણી ન હોય તો પણ ચૈતન્ય જ્ઞાનપ્રકાશથી પ્રકાશે છે. કોઈ કહે કે વાણી કે પુસ્તક હોય તો જ્ઞાન થાય અને તે ન હોય તો ન થાય, તો તે વાત જ ખોટી છે. અહીં તો કહે છે કે તે પદાર્થો હોય કે ન હોય પણ જ્ઞાન જ્ઞાનથી પ્રકાશે છે. સર્વજ્ઞ ભગવાનની સમીપતામાં હોય તો ત્યાં પણ ‘હું જ્ઞાતાદ્રષ્ટા છું’—એમ જ્ઞાન જાહેર થાય છે ત્યાં પણ નિમિત્તના કારણે જાહેર થાય છે—એમ નથી.

લોકોને એમ થાય છે કે ત્યારે કરવું શું ? તો કહે છે કે આ આત્મા જ્ઞાનસ્વરૂપી છે. તે દેવ—ગુરુ—શાસ્ત્રનો રાગ હોય તો પકડાય અને રાગ ન

હોય તો ન પકડાય—એવો નથી. કેમ કે પર પદાર્થના કારણે જ્ઞાતા પ્રકાશતો નથી. પદાર્થો સમીપમાં હો કે અસમીપમાં હો, જ્ઞાનસ્વભાવ માટે બધું સરખું છે, એમાં ફેર નથી. જેને 'જ્ઞાનસ્વભાવી હું છું' એમ પકડતાં આવડ્યું તેને બહારના પદાર્થો હોય, કે ન હોય એની સાથે સંબંધ નથી અને જો જ્ઞાન સ્વભાવી આત્માને પકડતાં ન આવડ્યું તો બહારમાં દેવ-ગુરુ-શાસ્ત્ર હોય પણ આત્માને કાંઈ લાભ નથી. દીવાની સમીપતામાં પદાર્થો આવે કે જાય તો દીવાના પ્રકાશમાં ફેરફાર થતો નથી છતાં તે પદાર્થના કારણે દીવામાં ફેરફાર માને તે ભ્રાંતિ છે. એમ આત્મામાં પર પદાર્થો હોય કે ન હોય તેના કારણે વધ-ઘટ માનવા તે ભ્રાંતિ છે અને સંસારનું કારણ છે.

મૃત્યુ વખતે ઇંદ્રિયો ઢીલી પડી જાય પણ ચૈતન્યનો જ્ઞાનપ્રકાશ મંદ પડતો નથી અને ઇન્દ્રિયો સારી હોય તો જ્ઞાનપ્રકાશ વધી જતો નથી. શરીર, વાણી, મન, દેવ—ગુરુ—શાસ્ત્રનો રાગ વગેરે હોય કે ન હોય પણ ચૈતન્ય પ્રકાશ તો એવો ને એવો રહે છે. તે પોતાના સ્વભાવથી જ પ્રકાશે છે. આ વાત અંતરમાં નક્કી કર્યા વગર ધર્મ થાય એમ નથી.

અરિહંતો આદિ પોકાર કરીને કહે છે કે હે આત્મા ! તારો સ્વભાવ અમારા કારણે પ્રગટે એવો નથી અને અમે ન હોઈએ તો તારો સ્વભાવ હણાય એવો નથી. કોઈ કહે કે સિદ્ધ ભગવાન તો પરોક્ષ છે. અને અરિહંત ભગવાન તો પ્રત્યક્ષ હોય છે, એમાં કાંઈ ફેર ખરો કે નહિ ? તો અહીં કહે છે કે સાક્ષાત્ તીર્થંકર બિરાજતા હોય ત્યારે ધર્મની ધીકતી પેઢી ચાલતી હોય છે અને ભગવાનનો દેહ છૂટી ગયો અને મોક્ષ પધાર્યા તો ભગવાનના વિરહમાં પણ ચૈતન્ય જ્ઞાન પ્રકાશને હાનિ થતી નથી અને ભગવાનની હયાતીમાં ચૈતન્ય પ્રકાશને કાંઈ લાભ ન હતો. આત્માની પોતાની સમજવાની લાયકાત હોય છે ત્યારે નિમિત્ત અને રાગ તે પ્રકારનો હોય છે પણ તે નિમિત્ત અને રાગના કારણે જ્ઞાનપ્રકાશ છે, એમ નથી. જ્ઞાનપ્રકાશ તો પોતાના સ્વભાવથી પ્રકાશી રહ્યો છે.

કોઈ કહે કે આ વાત ઊંચી છે, કાંઈક શરૂઆતની વાત કહો. તો તેને કહે છે કે આ શરૂઆતની જ વાત છે. પ્રથમથી જ સત્ય વાત હોય છે, પહેલાં અસત્યથી શરૂઆત થતી નથી. સત્યની શરૂઆત સત્યથી થાય છે. અસત્ય તો અનાદિકાળથી કરી રહ્યો છે. હવે જો ધર્મ કરવો હોય એટલે કે ચૈતન્ય શક્તિનો વિકાસ કરવો હોય તો પરપદાર્થો નજીક હોય કે ન હોય પણ 'જ્ઞાનપ્રકાશ પોતાથી એવો ને એવો પ્રકાશી રહ્યો છે'—એમ પ્રથમ શ્રદ્ધા કરવી જોઈએ.

દીવાના પ્રકાશમાં બહારની વસ્તુ નજીક હોય કે દૂર હોય પણ એ તો એવો ને એવો પોતાથી પ્રકાશે છે. તે દીવામાં તો તેલ અને વાટ જોઈએ છે પણ ચૈતન્ય દીવો તો પોતાના જ્ઞાનસ્વભાવથી ભરેલો છે; તેને બહારની કોઈ ચીજની જરૂર પડતી નથી. આત્માનો જ્ઞાનસ્વભાવ તો જ્ઞેય પદાર્થોથી ભિન્ન છે. લોકાકાશની બહાર અલોકાકાશ અનંતી છે, તેને જ્ઞાન જાણે છે. અને નજીકમાં પુસ્તક, વાણી આદિ હોય તો તેને પણ જ્ઞાન જાણે છે. પણ ચૈતન્ય સ્વભાવમાં કાંઈ ફેર પડતો નથી. દેવ—ગુરુ આદિ સમીપમાં હોય પણ એનો અભિપ્રાય ન સમજે તો તે અંતર્ સ્વભાવથી દૂર થઈ જાય છે. કોઈ કહે કે વાડ વગર વેલો ચડે નહિ; તો તે વાત ખોટી છે. વેલો ચડે છે તે વેલાની તાકાતથી ચડે છે, વાડના કારણે ચડતો નથી. જેનો જે સ્વભાવ છે તે પરની અપેક્ષા રાખતો નથી. અજ્ઞાનીને સ્વભાવ બેસતો નથી. સંયોગમાં સુખ માનીને પરનું માહાત્મ્ય તેને ખસતું નથી, તે મૂઢતા છે.

પોતાના સ્વરૂપથી જ જાણતા એવા આત્માને વસ્તુ સ્વભાવથી જ વિચિત્ર પરિણતિને પામતા એવા મનોહર કે અમનોહર શબ્દાદિ બાહ્યપદાર્થો જરાય વિક્રિયા ઉત્પન્ન કરતા નથી.

દેવ-ગુરુ-શાસ્ત્ર આવે, કોઈ શરીર ઉપર ચંદન ચોપડે કે કોઈ ગોખરૂના કાંટા નાખે, નિંદાનાં વચનોના ઢગલા કરે કે પ્રશંસાના શબ્દો કહે, ઇંદ્રાણી આવે કે કુરૂપ આવે, ઊલટી કે ઝાડા થતા હોય, લોહીના કોગળા થતા હોય વગેરે બાહ્ય પદાર્થો સ્વતંત્રપણે પરિણમી રહ્યા છે. તે તેનું વિચિત્ર પરિણમન છે. તે તેના સ્વભાવે પરિણમે છે, વળી કોઈ અવગુણી હોય કે કેવળજ્ઞાની સાક્ષાત્ હોય, અનુકૂળ-પ્રતિકૂળ ગુણ કે અવગુણ હોય તો તે બધા બાહ્ય પદાર્થો આત્માને રાગ-દ્વેષ ઉત્પન્ન કરાવી શકતા નથી. અજ્ઞાની મફતનો ઘાલમેલ કરે છે. બાહ્ય પદાર્થો ક્ષણે-ક્ષણે તેની લાયકાત પ્રમાણે પરિણમી રહ્યા છે, તેનાથી આત્મામાં લાભ થાય—એવો આત્માનો સ્વભાવ જ નથી.

આત્મા વસ્તુ છે. એનું ક્ષેત્ર અસંખ્ય પ્રદેશ છે, તે અનંતગુણોનો પિંડ છે અને તેનો જ્ઞાનસ્વભાવ છે. એની સમયે સમયે પર્યાય થાય છે. તે વખતે સ્વભાવ ઉપર જેની દ્રષ્ટિ હોય છે, તેને સંયોગની સમીપતામાં કે અસમીપતામાં વિચિત્રતા થતી નથી. જગતના જડ અને ચેતન પદાર્થની પર્યાય એના ક્રમ પ્રમાણે પરિણમે છે. તે ચીજો આત્માને રોકતી નથી અને લાભ પણ કરતી નથી એમ પ્રથમ સમજવું જોઈએ.

જગતના પદાર્થો એના કારણે પરિણમી રહ્યા છે. એનું તારે શું કામ છે? કોઈ કહે કે અમારી પાસેથી આટલું આટલું શીખી ગયા અને પાછા

અવળા પડ્યા અથવા તો લાખો માણસો અમારાથી સમજી ગયા તો તે ગુણ કે અવગુણે પરિણમતા પદાર્થોની વિચિત્ર પરિણતી આત્માને લાભ કે નુકશાન કરતી નથી, તો પછી શા માટે તેના સામે જોવું પડે ? આત્માના જ્ઞાનપ્રકાશમાં તે પદાર્થો કાંઈ ફેરફાર કરી શકતા નથી. વસ્તુસ્વભાવ તો તારો તારાથી પરિણમે છે. વીતરાગ પણ એમ કહે છે કે તું તને જાણ. તારા સ્વભાવમાં સ્વ-પરપ્રકાશક સામર્થ્ય પડ્યું છે; તે કાંઈ અમારા કારણે પ્રગટે તેવું નથી. આમ ગુણી અને અવગુણી એના સ્વભાવે પરિણમી રહ્યા છે. તે આત્મામાં વિક્રિયા કરાવે એવી તાકાત પરમાં નથી.

આ રીતે આત્મા દીવાની જેમ પર પ્રત્યે સદાય ઉદાસીન છે (અર્થાત્ સંબંધ વગરનો તટસ્થ છે) એવી વસ્તુસ્થિતિ છે; તોપણ જે રાગ-દ્વેષ થાય છે તે અજ્ઞાન છે. દીવાના પ્રકાશમાંથી કપડાં, દાગીના જતા રહે તો દીવાને શોક થતો નથી અને કોઈ સારા પદાર્થો દીવાના પ્રકાશમાં આવે તો દીવાને રાગ થતો નથી. દીવો તો ઉદાસીન રહે છે. તેમ આત્મા જગતના પદાર્થોથી સદા ઉદાસીન છે. આવી વસ્તુસ્થિતિ છે. આત્મા કેવળીની હાજરીમાં હો કે અવગુણીની હાજરીમાં હોય, મેસુબ ખાતો હોય કે મોઢામાંથી ઊલટી થતી હોય, કોઈ પ્રશંસા કરતું હોય કે નિંદા કરતું હોય, તો બધા પ્રત્યે સદા ઉદાસીન છે કેમ કે આત્મા સદાય પર પદાર્થના અભાવસ્વભાવવાળો છે. આમ જાણ્યા વગર ધર્મ થતો નથી.

દીવો પ્રકાશતો હોય અને તેના પ્રકાશમાં મીઠાઈ થતી હોય તો દીવો વધે નહિ અને વિષ્ટા પડી હોય તો દીવો ઘટે નહિ, તે તો તટસ્થ છે; તેવી રીતે જગતના પદાર્થો સુધરો કે બગડો તો પણ આત્મા તો તટસ્થ જ છે. આમ હોવા છતાં પરપદાર્થથી લાભ-નુકશાન માની, રાગ-દ્વેષ કરે છે તે અજ્ઞાન છે. ગામના પાદરમાં નદી હોય, તેમાં પાણી લોઢ મારતું આવે અને જાય પણ કાંઠે ઊભેલો માણસ તો તટસ્થ છે; તેમ દેવ-ગુરુ-શાસ્ત્ર એના કારણે આવે અને એના કારણે જાય. સ્ત્રી, પુત્ર, પૈસા વગેરે આવે અને જાય પણ આત્મા તો તટસ્થ છે–સદા ઉદાસીન છે. ચૈતન્ય ભગવાન આત્માની નજીકમાં પરપદાર્થો સુધરો કે બગડો પણ ચૈતન્યસ્વભાવી આત્મા તો સદા ઉદાસીન જ છે.

શ્રીમદ્ રાજચંદ્રમાં આવે છે કે 'સુખકી સહેલી હૈ અકેલી ઉદાસીનતા' એટલે કે ઉદાસીનતા સુખની સખી છે. એવો ઉદાસીનપણે જાણવા–દેખવાનો આત્માનો સ્વભાવ છે. જગતના પદાર્થો એના કારણે પલટતા આવે છે, તેને જાણવાનો આત્માનો સ્વભાવ છે પણ તે પદાર્થોને સુધારવાનો કે બગાડવાનો આત્માનો સ્વભાવ નથી. આત્માના સ્વભાવને લાભ-નુકશાન

કરનાર જગતમાં કોઈ પરપદાર્થ છે જ નહિ એવી વસ્તુસ્થિતિ છે. આત્મા સદા ઉદાસીન છે છતાં અનુકૂળતામાં રાગ અને પ્રતિકૂળતામાં દ્વેષ થાય છે તે અજ્ઞાન છે.

અજ્ઞાનીને એમ થાય છે કે નિંદાના શબ્દો આવ્યા માટે દ્વેષ થયો. નિંદાના વાયરામાં કેમ જીવાય ? એમ એને લાગે છે. પણ અરે ભગવાન ! નિંદાના શબ્દો તો જગતના પદાર્થો છે, તેના પરિણમન કાળે તે થઈ રહ્યા છે, તેની સાથે તારે કાંઈ સંબંધ નથી. તું તારા સામું જો. એ પદાર્થો તારા સ્વભાવની શાંતિને રોકનાર નથી. ગુણી છે માટે રાગ અને અવગુણી છે માટે દ્વેષ, સુગંધ છે માટે રતિ અને દુર્ગંધ છે માટે અરતિ થાય છે, તે અજ્ઞાન છે. સમ્યગ્દ્રષ્ટિ ચક્રવર્તી હોય, તે સ્ત્રીપુત્રાદિના સંયોગમાં ઊભો હોય, અનુકૂળતાના સંયોગોના ઢગલા હોય પણ તે સમજે છે કે અમે તો ચૈતન્ય જ્ઞાતા ધ્રુવ આનંદકંદ ભગવાન છીએ. આ બાહ્ય પદાર્થો સાથે અમારે કાંઈ સંબંધ નથી. અજ્ઞાની તો જ્યાં ને ત્યાં અટકીને રાગ-દ્વેષ કરે છે, તે મિથ્યાત્વ છે.

## <u>શ્રી સમયસાર ગાથા ૩૭૩-૩૮૨</u>

**(કારતક વદ ૫, રવિવાર, ૨૦૦૮, તા. ૧૮-૧૧-૫૧)**

આત્મા છે તે દીવાની માફક સ્વ-પરપ્રકાશક છે. તેને પરપદાર્થ સાથે કાંઈ પણ સંબંધ નથી. તે તો જ્ઞાનનું જ્ઞેય છે. આત્માને પર વડે લાભ-નુકશાન નથી અને આત્મા પરને લાભ-નુકશાન કરતો નથી, તે અધિકાર ચાલે છે.

**<u>ભાવાર્થ :—</u>**શબ્દાદિક જડ પુદ્‌ગલ દ્રવ્યના ગુણો છે. તેઓ આત્માને કાંઈ કહેતા નથી કે તું અમને ગ્રહણ કર (અર્થાત્ તું અમને જાણ) અને આત્મા પણ પોતાના સ્થાનથી ચ્યુત થઈને તેમને જાણવા તેમના પ્રત્યે જતો નથી. આત્મા સ્વ-પરપ્રકાશક જ્ઞાનસ્વભાવી છે. તેને બહારની ચીજો રાગ-દ્વેષરૂપી મેલને ઉપજાવતી નથી. દીવાના પ્રકાશમાં સોનું હોય કે કોલસાના ગંજ પડ્યા હોય તો પણ દીવો તો પોતાથી જ પ્રકાશી રહ્યો છે. તેમ આત્મા, શબ્દાદિ સમીપમાં હોય કે ન હોય તો પણ પોતાના સ્વરૂપથી જ જાણે છે.

આમ પોતાના સ્વરૂપથી જાણતા એવા આત્માને પોતપોતાના સ્વભાવથી જ પરિણમતા શબ્દાદિક કિંચિત્માત્ર પણ વિકાર કરતા નથી. જેમ પોતાના સ્વરૂપથી જ પ્રકાશતા એવા દીવાને ઘટપટાદિ પદાર્થો વિકાર કરતા નથી તેમ આવો વસ્તુસ્વભાવ છે. જેમ દીપક દીપકના પ્રકાશે બળી રહ્યો છે તેમ આત્મા ગમે તે ક્ષેત્રે હોય, નરકમાં હોય કે સ્વર્ગમાં હોય પણ

આત્મા ચૈતન્ય જ્ઞાનસ્વરૂપી સ્વ-પર પ્રકાશક એવો ને એવો રહે છે, આવો વસ્તુસ્વભાવ છે. તો પણ જીવ શબ્દને સાંભળી, રૂપને દેખી, ગંધને સુંઘી, રસને આસ્વાદી, સ્પર્શને સ્પર્શી, ગુણ-દ્રવ્યને જાણી તેમને સારાં-નરસાં માની રાગ-દ્વેષ કરે છે તે અજ્ઞાન જ છે. અહીં તો જે જીવ સારાં-નરસાં માને છે તેને રાગ-દ્વેષ હોય છે. જ્ઞાનીની વાત નથી. જ્ઞાની સમજે છે કે રાગ-દ્વેષ સ્વભાવમાં નથી અને નિમિત્ત રાગ-દ્વેષ કરાવતું નથી. પુરુષાર્થની નબળાઈને કારણે અલ્પ રાગ-દ્વેષ થાય છે, તે ગૌણ છે.

## કળશ ૨૨૨

**અર્થ :—**પૂર્ણ, એક, અચ્યુત અને શુદ્ધ (વિકાર રહિત) એવું જ્ઞાન જેનો મહિમા છે એવો આ જ્ઞાયક આત્મા, જ્ઞેય પદાર્થોથી જરાપણ વિક્રિયા પામતો નથી. જેમ દીવો પ્રકાશ્ય પદાર્થોથી વિક્રિયા પામતો નથી તેમ.

સમ્યગ્દર્શનનો વિષય શું હોય છે, તે કહે છે. આત્મા જ્ઞાયક પૂર્ણ છે, પર્યાયમાં અપૂર્ણતા દેખાય છે તે સ્વભાવમાં નથી. જ્ઞાયક આત્મા એક છે, અભેદ છે. ભેદ વગરનો છે. અચ્યુત છે, પોતે પોતાના જ્ઞાન સ્વભાવમાંથી કદી ચ્યુત થયો નથી અને શુદ્ધ છે. વિકાર-પુણ્ય-પાપ રહિત છે. અહીં તો સમ્યગ્દ્રષ્ટિને રાગ થતો નથી અને મિથ્યાદ્રષ્ટિને રાગ થાય છે—એ બે વાત જ લીધી છે. જ્ઞાની પોતાના સ્વભાવમાંથી ખસતો નથી એટલે રાગ કરતો નથી. આત્માનો મહિમા તો એક અને શુદ્ધ રહેવું તે છે. રાગ-દ્વેષ કરવો તે મહિમા નથી તો પછી આત્માને પરથી સુખ-દુઃખ થાય છે—એ વાત તો છે જ નહિ. એટલે કે એમ બનતું જ નથી. એવો સ્વભાવ જ નથી. જ્ઞાયક આત્મા પરથી વિક્રિયા પામતો નથી.

શરીર, વાણી, મન, સ્ત્રી-પુત્રાદિ અને દેવ-ગુરુ-શાસ્ત્ર વગેરે જગતની ચીજો છે. તેનાથી આત્મા પલટી જતો નથી. આત્મા તો જ્ઞાયક પરિપૂર્ણ છે. જેમ ચંદ્રમાં સોળે કળાએ પૂર્ણ છે તેમ આત્મા જ્ઞાનથી પૂર્ણ છે. સોનું સોળવલું જ છે. તાંબુ તે સોનાનો સ્વભાવ નથી અને તેનો સોનામાં પ્રવેશ પણ નથી. આત્મા શુદ્ધ ચિદાનંદ છે; તેને બીજી ચીજો દેખીને વિકાર થાય એવો તેનો સ્વભાવ જ નથી. દીવાના પ્રકાશમાં લાખ મણ કોલસા પડ્યા હોય તો દીવો મલિન થાય નહિ અને લાખ મણ સાબુ પડ્યો હોય તો દીવો ઊજળો થાય નહિ. એમ આત્મા જ્ઞાયક, પૂર્ણ, એક શુદ્ધ છે તેને જ્ઞેય પદાર્થોના કારણે વિકાર થાય, એમ નથી.

આત્માને પર પદાર્થના કારણે વિકાર થતો નથી. એવી વસ્તુસ્થિતિના જ્ઞાનરહિત જેમની બુદ્ધિ છે એવા આ અજ્ઞાની જીવો પોતાની સહજ ઉદાસીનતાને કેમ છોડે છે અને રાગ-દ્વેષમય કેમ થાય છે? એમ

આચાર્યદેવે શોચ કર્યો છે. સ્ત્રીપુત્રાદિ જ્ઞાનનું જ્ઞેય છે—એમ ન માનતાં તે અમને રોકે છે, એના કારણે અમે ધર્મ કરી શકતા નથી—એમ માનીને પરમાં અટકે છે. તે પોતે અપરાધી થાય છે. આ અપરાધ કોઈ પરદ્રવ્ય કરાવતું નથી. આત્મા તો ત્રિકાળી, આદિ અને અંત વિનાનો પદાર્થ છે. સ્ત્રીપુત્રાદિ તો સંયોગી પદાર્થ છે. તે સંયોગો તો બદલી જાય છે, આત્મા તો એવો ને એવો રહે છે. પણ એવા ત્રિકાળી આત્માની જેને ખબર નથી તે પરચીજ જોઈને આ મારા મિત્ર છે અને આ મારા દુશ્મન છે, આ મારા વહાલા છે અને આ મારા દવલા છે, આ મને હિતકર છે અને આ મને અહિતકર છે—એમ માનીને રાગ-દ્વેષ કરે છે. તેને આચાર્ય ભગવાન કરુણાપૂર્વક કહે છે કે હે જીવો ! આ મનુષ્યભવ પામીને હવે તમો તમારી સહજ ઉદાસીનતાને કેમ છોડો છો ? અને રાગ-દ્વેષમય કેમ થાઓ છો ?

**ભાવાર્થ :—જ્ઞાનનો સ્વભાવ તો જ્ઞેયને જાણવાનો જ છે.** જેમ ગોળનો સ્વભાવ ગળપણ છે, અફીણનો સ્વભાવ કડવાશ છે, મીઠાનો સ્વભાવ ખારાશ છે અને દીપકનો સ્વભાવ પ્રકાશવાનો છે; તેમ આત્માનો સ્વભાવ જાણવાનો છે. એવો વસ્તુસ્વભાવ છે. જ્ઞેયને જાણવા માત્રથી જ્ઞાનમાં વિકાર થતો નથી પણ જ્ઞેયોને જાણી તેમને સારાં-નરસાં માની આત્મા રાગી-દ્વેષી-વિકારી થાય છે. વિષ્ટા ખરાબ અને કસ્તુરી સારી, એમ માનીને રાગી-દ્વેષી થાય છે. એવા મિથ્યાદ્રષ્ટિની અહીં વાત છે. જ્ઞાનીને અલ્પ રાગ-દ્વેષ થાય છે અને તેનાં નિમિત્તો પણ હોય છે, તેની અહીં વાત નથી. પૈસા સારા અને કાંકરા સારા નહિ—એમ પૈસામાં સુખ માને છે, વળી આપણે બીજા કરતાં અધિક છીએ—એમ બહારથી અધિકાઈ માને છે તેની વાત છે.

જ્યોતિષી કહે છે કે તમારે આઠ પુત્ર થશે અને પાંચ કરોડ રૂપિયાની મૂડી થશે. તો એ સાંભળીને ખુશી ખુશી થઈ જાય છે અને તેનો ભરોસો પણ કરે છે. અહીં આચાર્ય ભગવાન જ્યોતિષી કહે છે કે હે જીવો ! તમારામાં કેવળજ્ઞાન જ્યોતિ ભરેલી છે, તેને તમો પ્રગટ કરી શકો એમ છો. પણ અજ્ઞાનીને એનો ભરોસો આવતો નથી. તેથી તે પર પદાર્થને સારા કલ્પીને સુખ માને છે, તે અજ્ઞાન છે. માટે આચાર્યદદેવે શોચ કર્યો છે કે વસ્તુનો સ્વભાવ તો એવો છે છતાં આ આત્મા અજ્ઞાની થઈને રાગ-દ્વેષરૂપે કેમ પરિણમે છે ? પોતાની સ્વાભાવિક ઉદાસીન અવસ્થારૂપ કેમ રહેતો નથી ?

આ પ્રમાણે આચાર્યદેવે શોચ કર્યો છે તે યુક્ત છે કારણ કે જ્યાં સુધી શુભ રાગ છે ત્યાં સુધી પ્રાણીઓને અજ્ઞાનથી દુઃખી દેખી કરુણા ઊપજે છે

અને તેથી શોચ થાય છે કે અરેરે ! આ પ્રાણીઓને ખબર નથી, આનું શું થશે ? એમ કરુણા આવે છે.

હવે આગળના કથનની સૂચનારૂપ કાવ્ય કહે છે.

## કળશ ૨૨૩

અત્યાર સુધી એ વાત કરી કે આત્મા જ્ઞાન સ્વભાવી છે, તેનો સ્વભાવ જાણવા-દેખવાનો છે, રાગ-દ્વેષ થાય તે એનો સ્વભાવ નથી. પણ પોતાનો સ્વ-પરપ્રકાશક સ્વભાવ છે તેને ચૂકીને પર ચીજોમાં ઠીક-અઠીક ભાવ કરીને રાગ-દ્વેષ કરે છે તે અજ્ઞાન છે. હવે તે અજ્ઞાન જેનું નાશ થયું છે એવા સમ્યગ્દ્રષ્ટિ જીવને સ્વરૂપમાં રમણતા થાય છે અને રાગનો ત્યાગ થાય છે, એવા ચારિત્રની વાત કરે છે. આ જ્ઞાન વગર વ્રત-પચ્ચખાણ આદિ કરે તો તે રણમાં પોક મુકવા જેવું છે. તેમાં આત્માને કિંચિત્ માત્ર લાભ નથી.

આત્મા જ્ઞાતા ચૈતન્ય છે તેનું જેણે ભાન કર્યું હોય તેને રાગ-દ્વેષનો ત્યાગ હોય છે. તે હવેની ગાથામાં ચારિત્ર પ્રધાનથી વાત કરશે. અત્યાર સુધી દર્શન અને જ્ઞાનપ્રધાનથી વાત હતી. સિંહ શરીરને કરડે પણ જેને દેહાધ્યાસ રહ્યો નથી અને અગ્નિ શરીરને બાળે છતાં આત્મામાં દ્વેષ થતો નથી, એવા સમ્યગ્દ્રષ્ટિને જ ચારિત્ર અને વ્રત હોય છે. આવા ભાન વગર બહારથી ત્યાગ કરીને બેસી જાય તો તેને સાચો ત્યાગ પણ કહેવાતો નથી. કેટલાક લોકો એમ કહે છે કે મુનિ પ્રતિકૂળતાને સહન કરે છે, તો તે મુનિપણાને સમજ્યો નથી. કેમ કે જે પ્રતિકૂળતા બહારના સંયોગોના કારણે માને છે તે તો મૂઢ છે. ભૂખ, તૃષા કે આહાર-પાણીનું આવવું, તે સુખ-દુઃખનું કારણ જ નથી. એવું ભાન થયા પછી આત્મામાં સ્થિરતા થાય છે તેની વાત કરે છે. અંતરમાં સમ્યગ્દર્શનરૂપી બીજ પ્રગટ્યું હોય તેને ચારિત્રરૂપ ઝાડ થાય છે. મિથ્યાદ્રષ્ટિને ત્યાગ અને વૈરાગ્ય સાચાં હોય નહિ.

**અર્થ :—**જેમનું તેજ રાગ-દ્વેષરૂપ વિભાવથી રહિત છે, જેઓ સદા પોતાના ચૈતન્ય ચમત્કારમાત્ર સ્વભાવને સ્પર્શનારા છે, જેઓ ભૂતકાળના તેમ જ ભવિષ્યકાળના સમસ્ત કર્મથી રહિત છે અને જેઓ વર્તમાનકાળના કર્મોદયથી ભિન્ન છે, એવા જ્ઞાનીઓ અતિ પ્રબળ ચારિત્રના વૈભવના બળથી જ્ઞાનની સંચેતનાને અનુભવે છે.

અહીં સમ્યગ્દ્રષ્ટિની વાત છે. તે સમજે છે કે અમે ચૈતન્ય ચમત્કાર છીએ. ચિંતામણિ પત્થર થાય છે. તે પૂર્વના પુણ્યના કારણે કોઈને મળે છે. ત્યારે અજ્ઞાની મૂઢ ચિંતવે એવું બહારમાં પ્રાપ્ત થાય છે. એની તે મૂઢને કિંમત છે પણ આત્મા ચૈતન્યચિંતામણિ છે, એમાંથી કેવળજ્ઞાન પ્રગટ થાય છે—તેને તે જાણતો નથી. જ્ઞાનીને ચૈતન્યચિંતામણિની કિંમત છે. જ્ઞાની

આત્માના ભાન ઉપરાંત સ્વભાવને ધ્યાનમાં લઈને આત્માને ધ્યેય બનાવે છે. તે આત્માનો અનુભવ કરનારા છે. અજ્ઞાની પરવસ્તુને ધ્યેય બનાવે છે. તેને આત્માનુભવ હોતો નથી. જ્ઞાની ત્રિકાળી સ્વભાવને અનુભવમાં લ્યે છે તે વખતે અલ્પ રાગ-દ્વેષ હોય છે. તેની એકાગ્રતા છોડીને સ્વભાવની એકાગ્રતા કરે છે, તે ચારિત્ર છે.

શરીર-વાણી-મનમાં તો ચારિત્ર હોતું નથી કેમ કે તે તો પરવસ્તુ છે. વળી પંચમહાવ્રતાદિના પરિણામ તે વિકાર છે, એ પણ ચારિત્ર નથી. તે વિકારથી રહિત મારું સ્વરૂપ છે—એવી દ્રષ્ટિ થયા પછી તે દ્રષ્ટિના વિષયમાં એકાગ્ર થાય—તે ચારિત્ર છે. હું ચૈતન્ય ચમત્કારમાત્ર છું, એને ભૂલીને જડની ક્રિયા મારી છે અને એને હું કરી શકું છું, એમાં જે સાવધાન છે, તે તો મૂઢ છે. પણ હું તો જડની ક્રિયાથી ભિન્ન છું અને વિકારથી પણ ભિન્ન છું—એવી દ્રષ્ટિવાળો સ્વભાવને સ્પર્શનારો છે. અજ્ઞાની તો વિકારને સ્પર્શનારો છે. આત્માનું કલ્યાણ કરવું હોય તેણે પ્રથમ આ નક્કી કરવું પડશે.

શાક લેવા જ્યારે જાય ત્યારે પ્રથમ નક્કી કરે છે કે કારેલાં લેવાં છે કે દૂધી? જો નક્કી કર્યા વગર જાય અને કહે કે મારે શાક જોઈએ છે. તો મૂર્ખો કહેવાય. એમ કોઈ કહે કે અમારે ધર્મ કરવો છે પણ ધર્મ ક્યાં થાય અને કેવી રીતે થાય એ અમારે જાણવું નથી, તો તે ધર્મને માટે મૂર્ખો છે. ધર્મ શરીરમાં થતો હશે કે આત્મામાં થતો હશે ? જે ચીજ મારામાં નથી એમાં ધર્મ માનવો તે તો અધર્મ છે. ધર્મ તો પોતામાંથી પ્રગટે છે. માટે પોતામાં એકાગ્ર થવું તે ધર્મ છે, પરમાં એકાગ્ર થવું તે અધર્મ છે. જ્ઞાન મારું સ્વરૂપ છે—એમ જ્ઞાનીએ પ્રથમ નક્કી કરેલ છે તો તે જ્ઞાનમાં એકાગ્ર થાય છે, અલ્પ રાગ-દ્વેષ થાય છે, તેમાં એકાગ્ર થતો નથી અને અજ્ઞાની પરમાં એકાગ્ર થાય છે.

જ્ઞાની કેવા હોય છે તે કહે છે. ભૂતકાળનાં તેમ જ ભવિષ્યકાળનાં સમસ્ત કર્મોથી રહિત છે. જ્ઞાની સમજે છે કે ગયા કાળનાં કર્મો અને રાગ-દ્વેષ મારા સ્વભાવમાં છે જ નહિ. કામ, ક્રોધ, દયા, દાનાદિના પરિણામ પૂર્વે મેં કર્યા જ નથી. ભૂલથી કરેલ તે મારો સ્વભાવ નથી. એક સમયનો વિકાર હતો તે મારા સ્વભાવમાં નથી. આત્મા જ્ઞાતા ચૈતન્યસ્વરૂપી છે—તેની દ્રષ્ટિમાં રાગ-દ્વેષ થતા જ નથી એટલે ગયા કાળમાં મેં કર્મો કર્યાં જ નથી. આ રીતે દ્રષ્ટિનો વિષય પ્રથમથી લીધો છે.

વળી જ્ઞાની સમજે છે કે હું વર્તમાન કર્મોદયથી ભિન્ન છું. વર્તમાન શુભઅશુભ ભાવ થાય તે મારું સ્વરૂપ નથી. આવું આત્માનું ભાન થયા વગર શ્રાવક નામ આપે એટલે કાંઈ શ્રાવક થઈ જાય નહિ. શ્રાવક નામ ધરાવે

અને કુદેવાદિને માનતો હોય તે તો તીવ્ર મિથ્યાદ્રષ્ટિ છે અને તો ધર્મ થાય જ નહિ—એની વાત તો અહીં છે જ નહિ. અહીં તો આત્મા ત્રિકાળી ચૈતન્ય ધ્રુવ પદાર્થ છે, તેમાં આનંદ ભર્યો જ છે, એવી જેણે દ્રષ્ટિ કરી છે તે દ્રષ્ટિના વિષયમાં સ્થિર થાય છે, તેને ચારિત્ર થાય છે એમ કહેવું છે.

જ્ઞાનીઓ અતિ પ્રબળ ચારિત્રના વૈભવના બળથી જ્ઞાનની સંચેતનાને અનુભવે છે કે જે જ્ઞાનચેતના ચમકતી ચૈતન્યજ્યોતિ છે અને જેણે નિજરસથી—પોતાના જ્ઞાનરસથી સમસ્ત લોકોને સિંચ્યો છે, આત્મા જ્ઞાન, દર્શનના જોરથી ચારિત્ર પ્રગટ કરે છે. તે ચારિત્રનો સાચો અંતર વૈભવ છે. ચૈતન્યની કળી ખીલે છે તે જ્ઞાનચેતના છે. જ્ઞાનમાં ત્રણકાળ ત્રણલોકને જાણવાની તાકાત છે, એવો જેણે નિર્ણય કર્યો હોય તેને સ્વભાવમાં લીન થતાં ચારિત્ર થાય છે.

***

# પ્રસાદ નં. ૨૮

## સર્વ વિશુદ્ધજ્ઞાન અધિકાર

## શ્રી સમયસાર કળશ ૨૨૩

**(કારતક વદ ૬, સોમવાર, ૨૦૦૮, તા. ૧૯-૧૧-૫૧)**

આ આત્મા રાગ-દ્વેષ–પુણ્ય-પાપમાં એકાગ્ર થઈને તેને પોતાનું સ્વરૂપ માને છે તે મિથ્યાત્વ છે અને તે રાગ-દ્વેષ, પુણ્ય-પાપ રહિત જ્ઞાનસ્વરૂપી છું એમ જ્ઞાનનો અનુભવ થાય તે જ્ઞાનચેતના છે. એ જ્ઞાનચેતના સમ્યગ્દ્રષ્ટિને હોય છે. તેમાં એકાગ્ર થવું તે ચારિત્ર છે. શરીર-વાણી-મન તો જડ છે, પુણ્ય-પાપ તે મલિનભાવ છે—બંધન છે. તેનાથી રહિત જ્ઞાનસ્વભાવ છે. તેમાં અંતર એકાગ્રતા તે જ્ઞાનરૂપ રસ છે. તે જ્ઞાનવડે લોકાલોક જણાય છે એવી દશા થાય છે.

**ભાવાર્થ :—**જેમને રાગ-દ્વેષ ગયા અને પોતાના ચૈતન્ય સ્વભાવનો અંગીકાર થયો, જ્ઞેયપદાર્થોને દેખીને ઇષ્ટ-અનિષ્ટ બુદ્ધિ થતી હતી તે બુદ્ધિ ગઈ, તેને અહીં રાગ-દ્વેષ ગયા એમ કહ્યું છે. પરચીજમાં અનુકૂળતા કે પ્રતિકૂળતા માનતો હતો; તે પરચીજને જ્ઞાતાનું જ્ઞેય માનતાં અંતરદ્રષ્ટિ થઈ; એ સમ્યગ્દ્રષ્ટિને રાગ-દ્વેષ ગયા, એમ કહેવાય છે. અહીં સર્વથા રાગ-દ્વેષ ગયા એની વાત નથી કેમ કે સર્વથા રાગ-દ્વેષ તો વીતરાગને હોતા નથી. જ્ઞેયને જાણવાનો મારો સ્વભાવ છે. તેને કરવાનો કે ફેરવવાનો મારો સ્વભાવ નથી. ભગવાન ત્રણલોકના નાથ હોય કે અન્ય કોઈ હોય તો તે બન્ને મારા જ્ઞાનનું જ્ઞેય છે. એ ચીજ મારી છે એમ માનીને જ્ઞાની તેમાં રાગબુદ્ધિ કરતો નથી. વળી તે ચીજો મને રાગ કરાવતી નથી અને મારો સ્વભાવ રાગ-દ્વેષ કરવાનો નથી. એવી દ્રષ્ટિ થઈ એટલે એ પ્રકારના રાગ-દ્વેષ ગયા.

મારી પર્યાયમાં દયા, દાન, ભક્તિ, વ્રતાદિના ભાવ થાય તો તે મને ઠીક છે અને હિંસા, અસત્ય, ચોરી, અબ્રહ્મચર્ય આદિના ભાવો થાય, તે મને ઠીક નથી; એવા રાગ-દ્વેષના ભાવ જ્ઞાનીને હોતા નથી. જ્ઞાની તો તે બન્નેને જ્ઞાનનું જ્ઞેય જાણે છે. કેમ કે હું આત્મા છું. મારા જ્ઞાનમાં કોઈ જ્ઞેયનો પ્રવેશ નથી અને જ્ઞાનનો જ્ઞેયમાં પ્રવેશ નથી. તેથી કોઈ પરભાવ મારા સ્વભાવને લાભ-નુકશાન કરતો નથી. સ્વભાવદ્રષ્ટિ કરવી તે લાભદાયક છે. અનાદિથી પરને કારણે આત્માને લાભ થાય એવી ભ્રાંતિ હતી. તે હવે સમ્યગ્દર્શન થતાં, થતી નથી એટલે એકત્વબુદ્ધિના રાગ-દ્વેષ ગયા.

મિથ્યાદ્રષ્ટિ અનાદિથી પરને અંગીકાર કરતો, તે આત્મા હવે પરને જ્ઞાનનું જ્ઞેય માની સ્વભાવને અંગીકાર કરે છે. સમ્યગ્દર્શન થતાં ભાન થયું કે હું જાણનાર–દેખનાર છું. તેમાં લીન થવું તે ચારિત્ર છે. ચારિત્ર શરીર, વાણી આદિ જડપદાર્થમાં નથી તેમ જ દયા, દાન, ભક્તિ, વ્રતાદિના પરિણામમાં પણ નથી. સ્વભાવને ચૂકીને રાગ-દ્વેષ થાય છે તે મિથ્યાત્વ સહિત અચારિત્ર છે. પુણ્ય-પાપનો ભેદ છૂટી ગયો. નિર્વિકલ્પ મારો સ્વભાવ છે—એમ ચૈતન્યનું ધ્યેય થયું એટલે રાગ-દ્વેષ હોવા છતાં તે રાગાદિનું ધ્યેય હોતું નથી પણ જ્ઞાનસ્વભાવનું જ ધ્યેય વર્તે છે.

સમ્યગ્દ્રષ્ટિને અતીત, અનાગત તથા વર્તમાન કર્મનું મમત્વ ગયું છે એટલે જ્ઞાનીઓ સર્વ પરદ્રવ્યથી જુદા થઈને ચારિત્ર અંગીકાર કરે છે. ગયા કાળના શુભાશુભભાવ તો પલટી ગયા. હું તો ચૈતન્યસ્વભાવી છું, તેમ માનતાં પુણ્ય-પાપની મમતા ગઈ. એમ ભવિષ્યના શુભાશુભ ભાવની મમતા ગઈ. કેમ કે જ્ઞાનીને તેનો આશ્રય નથી અને વર્તમાન શુભાશુભ ભાવ થાય છે, તેનું અવલંબન લેવા જેવું નથી. એ રીતે મમતા છૂટી એટલે કે સ્વભાવનું આલંબન થયું. તેને પરદ્રવ્યથી મમત્વ છૂટ્યું એમ કહેવાય છે. ભૂત, ભવિષ્ય અને વર્તમાન એમ ત્રણ કાળના શુભાશુભ ભાવનું મમત્વ છૂટ્યું ત્યારે ચારિત્ર થયું. તે ચારિત્રના બળથી કર્મચેતના અને કર્મફળચેતનાથી જુદી જે પોતાની ચૈતન્યના પરિણમન સ્વરૂપ જ્ઞાનચેતના –તેનું અનુભવન છે.

અહીં તાત્પર્ય આમ જાણવું—જીવ પહેલાં તો કર્મચેતના અને કર્મફળચેતનાથી ભિન્ન પોતાની જ્ઞાનચેતનાનું સ્વરૂપ આગમપ્રમાણ, અનુમાનપ્રમાણ અને સ્વસંવેદનપ્રમાણથી જાણે છે અને તેનું શ્રદ્ધાન કરે છે. એ તો અવિરત, દેશવિરત અને પ્રમત્ત અવસ્થામાં પણ થાય છે.

દયા-દાનાદિના અને હિંસા, અસત્યાદિના જે શુભાશુભ ભાવ થાય, તે કર્મચેતના છે અને હરખશોક વગેરે ભોગવવાના ભાવ થાય, તે કર્મફળ ચેતના છે. કર્મચેતના એટલે કોઈ પરચીજનું કામ કરી શકે છે એમ નથી અને કર્મફળચેતના એટલે કોઈ પર ચીજને આત્મા ભોગવી શકે છે એમ નથી. પણ કરવાના ભાવ તે કર્મચેતના અને ભોગવવાના ભાવ તે કર્મફળ ચેતના છે. એટલે વિકારી ભાવ આત્માના કર્યા થાય છે. હરખ—શોકના ભાવ પણ આત્મા પોતે ભોગવે છે. તે કર્મચેતના અને કર્મફળ ચેતનાથી હું જ્ઞાનાનંદસ્વરૂપી આત્મા જુદો છું—એવું ભાન થવું, તે જ્ઞાનચેતના છે.

પર પદાર્થથી તો આત્મા ત્રણે કાળે જુદો છે. તેની તો અહીં વાત નથી પણ શુભાશુભ વૃત્તિ ઊઠે એનાથી પણ આત્મા જુદો છે. અને હરખ-શોકના

ભાવ થાય છે તેનાથી પણ આત્મા જુદો છે. આમ આત્માના યથાર્થ સ્વરૂપને આગમ પ્રમાણથી પ્રથમ નક્કી કરવું. જે આગમ અને ગુરુ એમ કહે કે તું પુણ્ય-પાપ અને હરખ-શોકના ભાવથી જુદો છો, એવા આગમ અને ગુરુ તે સાચા છે. આગમનાં વાક્યો એવાં હોય કે તે આત્માને સમસ્ત પરદ્રવ્ય અને પરભાવથી ભિન્ન બતાવે. આમ પ્રથમ સત્યનો જિજ્ઞાસુ જીવ હોય તે આગમથી જાણે. આત્માને વિકારથી અને પરથી જુદો બતાવે—એવાં શાસ્ત્ર સાંભળવાં. આથી વિરુદ્ધ બતાવે તે આગમ નથી.

જેમ હીરા-માણેક લેવા હોય તો ઝવેરીની દુકાને જાય તો મળે પણ કુંભારને ત્યાં જાય તો મળે નહિ. તેમ જેને ધર્મ કરવો હોય—આત્માની શાંતિ જોઈતી હોય તેણે પ્રથમ જે વાણી અને શાસ્ત્ર એમ કહેતાં હોય કે કર્મ, વાણી તે પરચીજ છે, એનાથી તો આત્મા જુદો છે અને વિકારથી પણ આત્મા જુદો છે—તેની પાસે પ્રથમ જવું. આત્માનો સંબંધ કરવો હોય અને પરનો સંબંધ છોડવો હોય તો પ્રથમ આ વાત છે. જેમ છોકરાનું સગપણ કરવું હોય તો પહેલાં વાત કરે કે આપણે પૈસા લેવા-દેવાની વાત નથી. તેમ જેને આત્મસ્વભાવની વાત સાંભળવી હોય તેણે પરથી સુખ-દુઃખ થાય છે અને શુભભાવથી ધર્મ થાય છે—એ વાત પ્રથમ છોડી દેવી પડશે. પુણ્ય-પાપ મારાથી ભિન્ન છે–એમ પહેલાં નક્કી કરવું જોઈએ. એ પ્રથમ મુદ્દાની વાત છે.

સાચી વાત જાણવી હોય તો આગમ અને તીર્થંકરનાં વચનો આ પ્રમાણે છે. જેટલા કેવળીઓ થયા તે બધાનો પ્રથમ આ જ ભણકાર છે, એનાથી વિરુદ્ધ કહેતા હોય તે આગમ નથી પણ મિથ્યાદ્રષ્ટિની વાણી છે—એમ સમજવું.

ધર્મ કરવો હોય તો પહેલી શરત એ છે કે આત્મા કર્મચેતના અને કર્મફળચેતનાથી જુદો છે. એવી વાણી સાંભળવી અને એવાં આગમોને જાણીને નિર્ણય કરવો કે આત્માથી જે ચીજ જુદી હોય તેનાથી લાભ થાય નહિ અને પરથી લાભ થાય એમ જે માને છે તે પરથી જુદો પડવા માગતો નથી અને એમ કહે તે આગમની વાણી નથી. વાણી આત્મા કરે નહિ, તે પુદ્ગલ છે અને આત્માથી ભિન્ન છે. તે તેના કારણે થાય છે. એમ પ્રથમ નક્કી કરવું. વર્ષો પહેલાં ધૂળી નિશાળમાં પ્રથમ શીખવતા હતા કે **સિદ્ધો વર્ણસમામ્નાયઃ એટલે વર્ણો—શબ્દોની આમ્નાય અનાદિની છે—પરંપરાએ સિદ્ધ થયેલી છે. એનો કોઈ કર્તા નથી** અને ટોડરમલ્લજીએ પણ મોક્ષમાર્ગ પ્રકાશકમાં ગ્રંથની પ્રમાણતામાં કહ્યું છે કે વર્ણ ઉચ્ચારનો સંપ્રદાય સ્વયંસિદ્ધ છે. આમ હોવા છતાં મૂર્ખ માને છે કે શબ્દો આત્માથી થાય છે, તે ભ્રાંતિ છે.

પ્રથમ નિશાળોમાં પણ એમ ચાલતું હતું કે જે આ અક્ષરો શીખવીએ છીએ તે સ્વયંસિદ્ધ છે, એના અમો કર્તા નથી.

અહીં તો કહે છે કે જ્ઞાનચેતના વિકાર અને પરથી ભિન્ન છે એમ જે આગમ કહે તેને સાંભળવું, તેનાથી ઊલટું કહે તેને સાંભળવું નહિ. આગમ તો કહે છે કે પરની રુચિ છોડ અને સ્વની રુચિ કર. આગમ સાંભળતી વખતે રાગ હોય છે ખરો પણ તે લક્ષને છોડવાનું આગમ કહે છે. વીતરાગના શાસ્ત્રનું તાત્પર્ય આ છે. શાસ્ત્રમાં બીજી અનેક વ્યવહારની વાતો આવે પણ સાર તો આ જ છે.

વિષયોમાં સુખ છે એમ આગમ કહે નહિ. વળી જે આગમ આત્માને પુણ્યથી જુદો કહે, તે પુણ્યથી લાભ થાય એમ કહે નહિ. અહીં તો દ્રવ્યથી વિકારી પર્યાય પણ ભિન્ન છે—એમ વહેંચણી (–વિભાગ) કરે છે. માટે એક વાર નક્કી કર કે ઇંદ્રપણામાં કે સ્ત્રીમાં તો સુખ નથી પણ એના તરફ જે વલણ થાય એમાં પણ સુખ નથી. તેનાથી ભિન્ન જ્ઞાનચેતના છે. આગમ પહેલે ધડાકે સંભળાવે છે કે પુણ્ય-પાપ તારા સ્વભાવમાં નથી માટે પુણ્યથી ધર્મ થાય નહિ. આમ સાંભળતાં જે ભડકે છે તે આગમ સાંભળવાને પણ લાયક નથી. માટે પ્રથમ આગમથી નક્કી કરવું કે આત્મા કર્મ અને કર્મરૂપ ચેતનાથી ભિન્ન છે.

આગમે કહ્યું તે વાત સાચી છે એમ અનુમાન પ્રમાણથી નક્કી કરવું. આગમ આત્માને શુભાશુભ ભાવથી ભિન્ન બતાવે છે. તે બરાબર છે કેમ કે શુભાશુભ ભાવ તે રાગ છે. તે આત્માનો સ્વભાવ હોય તો સિદ્ધમાં પણ રહેવો જોઈએ; પણ ત્યાં તો રહેતો નથી માટે તે આત્માનો સ્વભાવ નથી એમ અનુમાન પ્રમાણથી નક્કી કરવું. સોનું લેવા નીકળે તે પ્રથમ નક્કી કરે કે તાંબાનો ભાગ હોય તે સોનું નથી. તેમ આત્માને પ્રથમ જાણે કે વિકાર છે તે આત્મા નથી. એ રીતે આગમથી જાણીને વિચાર કરે કે પુણ્ય-પાપના ભાવ થાય છે તે આત્માથી જુદા ન હોય તો જુદા પડે નહિ. પરંતુ જુદા પડી જાય છે માટે પુણ્ય-પાપ તે આત્માનો સ્વભાવ નથી, એમ અનુમાન કરવું. જેમ ઠંડી હવા આવે તો નક્કી કરે કે અહીં પાણી હોવું જોઈએ. **તેમ જ્યાં જ્યાં જ્ઞાન ત્યાં રાગ નહિ અને જ્યાં જ્યાં રાગ ત્યાં જ્ઞાન નહિ** એમ અનુમાન કરે. વળી ચૈતન્યને અનુસરીને વિકાર થતો હોય તો વિકાર ટળે નહિ અને વિકારના આશ્રયે ધર્મ થતો હોય તો આત્મા વિકારમય થઈ જાય. આમ અનુમાન કરીને પોતાના અનુભવથી પણ જાણે. આમ ત્રણ પ્રમાણથી જાણે અને નક્કી કરે તો સમ્યગ્દર્શન થાય.

જ્ઞાનચેતના હું છું, પુણ્ય-પાપ, હરખ-શોક થાય તે હું નહિ—એમ અનુભવથી જાણે અને શ્રદ્ધે તે સમ્યગ્દર્શન છે. જ્ઞાનચેતનાનું આવું સ્વરૂપ છે તે જેણે પૂર્ણ પ્રગટ કર્યું હોય તે સર્વજ્ઞદેવ છે અને આવા સ્વરૂપની સાધના કરતા હોય તે ગુરુ છે. આવું સ્વરૂપ કહે તે શાસ્ત્ર છે. એમ દેવ-ગુરુ-શાસ્ત્રને પ્રથમ જાણવા જોઈએ. પછી અનુમાન અને અનુભવથી આત્માને જાણે અને શ્રદ્ધે, તે દશાને અવિરત સમ્યગ્દ્રષ્ટિ કહેવાય છે. પાંચમે ગુણસ્થાને અંશે સ્થિરતા હોય છે, તેને દેશવિરતિ કહેવાય છે અને આ જ્ઞાનચેતના છઠ્ઠે ગુણસ્થાને મુનિપણામાં પણ હોય છે. તે જ્ઞાનચેતના ન હોય તો મુનિપણું જ ન હોય. જ્યારે અપ્રમત્તદશા થાય ત્યારે સાતમું ગુણસ્થાન હોય છે. તે વખતે બુદ્ધિપૂર્વક વિકલ્પ હોતા નથી. તે વખતે જે જ્ઞાનચેતનાનું તેણે પ્રથમ શ્રદ્ધાન કર્યું હતું તેમાં લીન થાય છે અને શ્રેણિ ચડી કેવળજ્ઞાન ઉપજાવી સાક્ષાત્ જ્ઞાનચેતનારૂપ થાય છે. આ રીતે સમ્યગ્દર્શનથી માંડીને સાધકદશા અને પૂર્ણ કેવળજ્ઞાનની વાત કરી. ચોથે ગુણસ્થાનથી માંડી કેવળજ્ઞાન સુધી જ્ઞાનચેતના જ છે. વ્રતાદિ હોવા છતાં તેનાથી કેવળજ્ઞાન થતું નથી. તે વાત કહી.

*

## શ્રી સમયસાર કળશ ૨૨૩

**(કારતક વદ ૭, મંગળવાર, ૨૦૦૮, તા. ૨૦-૧૧-૫૧)**

આત્મા સાક્ષાત્ જ્ઞાનચેતનારૂપ કેમ થાય છે, તે કહે છે. આત્મામાં ત્રણ પ્રકારથી ચેતવું થાય છે એટલે ત્રણપ્રકારથી એકાગ્રપણું થાય છે. શુભાશુભ ભાવ થાય છે તે કર્મનું ચેતવાપણું છે અને હરખશોકનું વેદન થાય છે તે કર્મફળનું ચેતવું છે અને આત્મા જ્ઞાતા શુદ્ધ છે એમ જાણવું તે જ્ઞાનનું ચેતવું છે. કર્મચેતના અને કર્મફળચેતના રહિત જ્ઞાનચેતના તે હું છું, એમ આગમ પ્રમાણથી પ્રથમ નક્કી કરવું અને પછી અનુમાનથી નક્કી કરવું કે એમ જ છે અને અનુભવપ્રમાણથી જાણવું તે જ્ઞાનચેતના સમ્યગ્દર્શનથી શરૂ થાય છે.

કેવળજ્ઞાની જીવને સાક્ષાત્ જ્ઞાનચેતના હોય છે. પૂર્ણ જ્ઞાનનો અનુભવ કેવળજ્ઞાનમાં હોય છે કેમ કે કેવળજ્ઞાનીને રાગ-દ્વેષ, પુણ્ય-પાપ કે હરખ-શોક હોતા નથી અને કેવળજ્ઞાન થયા પહેલાં નિર્વિકલ્પ અનુભવ વખતે જીવને ઉપયોગાત્મક જ્ઞાનચેતના હોય છે. ચોથા ગુણસ્થાનથી પણ સમ્યગ્દ્રષ્ટિ જીવને પોતાનો જ્ઞાનઉપયોગ સ્વમાં રમતો હોય તે વખતે ઉપયોગાત્મક જ્ઞાનચેતના હોય છે. જ્ઞાનચેતનામાં ઉપયોગ એકાગ્ર થઈને અનુભવ કરે તે ઉપયોગાત્મક જ્ઞાનચેતના છે.

જ્ઞાનચેતનાના ઉપયોગાત્મકપણાને મુખ્ય ન કરીએ તો સમ્યગ્દ્રષ્ટિને જ્ઞાનચેતના નિરંતર હોય છે. કર્મચેતના અને કર્મફળચેતના હોતી નથી. સમ્યગ્દ્રષ્ટિને ઉપયોગાત્મક જ્ઞાનચેતનાની મુખ્યતા ન કરીએ તો લબ્ધરૂપે સદા જ્ઞાનચેતના હોય છે. જ્યારથી સમ્યગ્દર્શન થયું છે ત્યારથી તે ભાવ ખસતો નથી. વિકલ્પ વર્તતો હોય તો પણ લબ્ધમાં સ્વભાવનું ભાન તો નિરંતર વર્તે છે. પુણ્ય-પાપ, હરખ-શોકના પરિણામ થવા છતાં તે પરિણામ નિમિત્તથી થતા નથી અને સ્વભાવમાં તે ભાવો નથી, એવું ભાન જ્ઞાનીને નિરંતર વર્તે છે. જ્ઞાનીને નિર્બળતાથી વિકાર થાય છે, તે ગૌણ છે. વિકારી ભાવોમાં ચેતના રોકાય તે કર્મચેતના છે. જ્ઞાનીને તે કર્મચેતના હોતી નથી.

સમ્યગ્દ્રષ્ટિને નિરંતર જ્ઞાનચેતના હોય છે. તેને પરના કારણે હરખ-શોક થતા નથી કેમ કે 'હું ચૈતન્ય જ્ઞાતા છું'—એવા અભિપ્રાયનું અંતર્મુખ પરિણમન તેને નિરંતર હોય છે. પરની દયા પાળી શકું છું કે પરને મારી શકું છું અથવા પરનું સુધારી કે બગાડી શકું છું—એમ જ્ઞાની માનતો નથી. દયા-દાનાદિના વિકલ્પો ઊઠે તેનો તે સ્વામી થતો નથી. જેમ કોઈ સાધારણ માણસ હોય તેને દશ લાખની ઊપજનું રાજ્ય મળે તો પછી તે બસો—પાંચસોની આવકની દરકાર કરતો નથી; તેમ આત્માને ચૈતન્ય ઋદ્ધિનું સામ્રાજ્ય દ્રષ્ટિમાં આવ્યું એટલે પુણ્ય-પાપના પરિણામનું સ્વામીપણું રહેતું નથી.

મિથ્યાદ્રષ્ટિ, દયા, દાન, ભક્તિના પરિણામ થાય છે તેને સ્વીકારે છે. તેનો આદર તેને વર્તે છે અને શરીરાદિ પરની ક્રિયાથી ધર્મ થાય છે એમ માને છે. શરીર, વાણીનું પરિણમન થાય છે તેનો ધણી તો જડ છે, તેની પર્યાય ક્રમસર તેના કારણે થાય છે, તેને ઇંદ્ર, નાગેંદ્ર કે જિનેન્દ્ર પણ ફેરફાર કરી શકતા નથી; અને પોતાની પર્યાય પણ ક્રમસર થાય છે—એમ નક્કી થતાં ક્રમબદ્ધ થતી પર્યાયને ફેરવવાની બુદ્ધિ રહેતી નથી. અજ્ઞાનદશામાં પરનો સ્વામી થતો હતો, તે સ્વભાવનો સ્વામી થયો, તેથી જ્ઞાની શુભાશુભ પરિણામને જ્ઞાનનું જ્ઞેય જાણે છે, તેને નિરંતર જ્ઞાનના સ્વામિત્વ ભાવે પરિણમન હોય છે, કર્મના અને કર્મફળના સ્વામિત્વભાવે પરિણમન હોતું નથી.

અતીત કર્મ પ્રત્યે મમત્વ છોડે, તે આત્મા પ્રતિક્રમણ છે. અનાગત કર્મ ન કરવાની પ્રતિજ્ઞા કરે (અર્થાત્ જે ભાવોથી આગામી કર્મ બંધાય તે ભાવોનું મમત્વ છોડે) તે આત્મા પ્રત્યાખ્યાન છે અને ઉદયમાં આવેલ વર્તમાન કર્મનું મમત્વ છોડે તે આત્મા આલોચના છે. સદાય આવાં પ્રતિક્રમણ, પ્રત્યાખ્યાન અને આલોચનાપૂર્વક વર્તતો આત્મા ચારિત્ર છે. આ

રીતે ચારિત્રના ભેદ પાડીને સમજાવે છે, તે ઉપદેશની વિધિ છે. અંતર્લીન પરિણામમાં ભેદને તોડી નાખે છે એટલે કે ભેદ રહેતો નથી. આવું ચારિત્રનું વિધાન હવેની ગાથાઓમાં કહે છે :—

## ગાથા ૩૮૩—૩૮૬

**શુભ ને અશુભ અનેકવિધ પૂર્વે કરેલું કર્મ જે,**
**તેથી નિવર્તે આત્મને, તે આતમા પ્રતિક્રમણ છે. ૩૮૩.**
**શુભ ને અશુભ ભાવિ કરમ જે ભાવમાં બંધાય છે,**
**તેથી નિવર્તન જે કરે, તે આતમા પચ્ચખાણ છે. ૩૮૪.**
**શુભ ને અશુભ અનેકવિધ છે વર્તમાને ઉદિત જે,**
**તે દોષને જે ચેતતો, તે જીવ આલોચન ખરે. ૩૮૫.**
**પચ્ચખાણ નિત્ય કરે અને પ્રતિક્રમણ જે નિત્યે કરે,**
**નિત્યે કરે આલોચના, તે આતમા ચારિત્ર છે. ૩૮૬.**

**અર્થ** :—પૂર્વે કરેલું જે અનેક પ્રકારના વિસ્તારવાળું (જ્ઞાનાવરણીયાદિ) શુભાશુભ કર્મ તેનાથી જે આત્મા પોતાને નિવર્તાવે છે. તે આત્મા પ્રતિક્રમણ છે.

ભવિષ્યકાળનું જે શુભ-અશુભ કર્મ તે જે ભાવમાં બંધાય છે, તે ભાવથી જે આત્મા નિવર્તે છે તે આત્મા પ્રત્યાખ્યાન છે.

વર્તમાનકાળે ઉદયમાં આવેલું જે અનેક પ્રકારના વિસ્તારવાળું શુભ-અશુભ કર્મ તે દોષને જે આત્મા ચેતે છે—અનુભવે છે—જ્ઞાતાભાવે જાણી લે છે (અર્થાત્ તેનું સ્વામિત્વ-કર્તાપણું છોડે છે), તે આત્મા ખરેખર આલોચના છે.

જે સદા પ્રત્યાખ્યાન કરે છે, સદા પ્રતિક્રમણ કરે છે અને સદા આલોચના કરે છે, તે આત્મા ખરેખર ચારિત્ર છે.

**ટીકા :**—જે આત્મા પુદ્‌ગલકર્મના વિપાકથી (ઉદયથી) થતા ભાવોથી પોતાને નિવર્તાવે છે, તે આત્મા તે ભાવોના કારણભૂત પૂર્વકર્મને પ્રતિક્રમતો થકો પોતે જ પ્રતિક્રમણ છે. પૂર્વકર્મને નિવર્તાવે છે. એ તો નિમિત્તનું કથન છે. ખરેખર તો હું આત્મા ચિદાનંદ છું—એવી દ્રષ્ટિ થતાં કર્મના ઉદયમાં જોડાણ થતું નથી એટલે પૂર્વકર્મને નિવર્તાવે છે એમ કહ્યું છે. જેને આત્મા શુદ્ધ છે અને વિકાર તે હું નથી, એવું ભાન નથી તેને અહીં આત્મા કહેતા નથી પણ હું ચિદાનંદ જ્ઞાનસ્વરૂપી આત્મા છું—એવી અંતર્ દ્રષ્ટિ થઈને વિશેષલીન થયો છે, તે આત્મા પૂર્વકર્મથી નિવર્તે છે એમ કથન કર્યું છે, તે પ્રતિક્રમણ છે. આ સાચા પ્રતિક્રમણની વાત છે.

પુદ્‌ગલકર્મના વિપાકથી થતા ભાવોથી આત્મા પોતાને નિવર્તાવે છે. એટલે કે ચૈતન્ય સ્વભાવનું ભાન હોવા છતાં સ્વભાવમાં ટકી શકતો નહિ હોવાથી જેટલું પરમાં લક્ષ જતું અને પુણ્ય-પાપના ભાવ થતા તે સ્વભાવની લીનતાદ્વારા ઉત્પન્ન જ થતા નથી; તેને કર્મના ભાવને નિવર્તાવે છે એમ કહેવાય છે. પુદ્‌ગલકર્મના ઉદયથી થતા ભાવોનો અર્થ પુદ્‌ગલ કર્મના કારણે શુભાશુભ ભાવો થાય છે—એમ નથી. પણ સ્વભાવનું લક્ષ થતાં કર્મના ઉદયનું વલણ રહેતું નથી એટલે કર્મના નિમિત્તે થતા ભાવો ઉત્પન્ન થતા નથી, તેને નિવર્તાવે છે એમ કહ્યું છે.

કુંદકુંદાચાર્ય અને અમૃતચંદ્રાચાર્ય મુનિ હતા, જંગલમાં રહેતા હતા. તેમણે કહ્યું છે તેનો આશય બરાબર સમજવો જોઈએ. આત્માને પરથી લાભ કે અલાભ થતો નથી. એ વાત તો પહેલાં જ કહેલી છે. ત્યારપછી અહીં ચારિત્રની વાત કરે છે. શરીરાદિ પરની ક્રિયા તે ચારિત્ર નથી અને પુણ્યપાપના ભાવો થાય છે તે તો વિકાર છે. પણ અહીં તો સ્વભાવદ્રષ્ટિ થયા પછી એમાં લીનતા થતાં વિકાર થતો નથી, તેને પ્રતિક્રમણ કહે છે અને તે જ ચારિત્ર છે. પ્રતિક્રમણ એટલે વિકારથી પાછા ફરવું. સ્વભાવની લીનતા થતાં નવો વિકાર થયો નહિ, તેને વિકારથી પાછો ફર્યો એમ કહેવાય છે. અસ્તિમાં નાસ્તિ આવી જાય છે.

છઠ્ઠું ગુણસ્થાન પ્રતિક્રમણ હોય છે તેની વાત કરે છે. પૂર્વનાં કર્મો તો જડ છે અને પુણ્ય-પાપના પરિણામ વિકાર છે. તે પ્રતિક્રમણ નથી પણ તે પુણ્ય-પાપના વિકારથી પાછા ફરવું—તે પણ પ્રતિક્રમણ નથી; પરંતુ સ્વભાવમાં લીનતા થાય છે તે પ્રતિક્રમણ છે. પાઠમાં તો પૂર્વકર્મના ઉદયે ભાવ થાય છે—એમ છે. એટલે કે જે શુભ-અશુભ ભાવો થાય છે તે પુદ્‌ગલનો પાક છે, આત્માનો પાક નથી. આત્માનો પાક તો સ્વભાવને જાણીને અંતર્લીન થવું તે છે. આત્માના પાકમાંથી શાંતિ આવવી જોઈએ. પુણ્ય-પાપમાં શાંતિ નથી માટે તે આત્માનો પાક નથી. પૂર્વ કર્મના ઉદયે થતો પુણ્ય-પાપનો ભાવ તે કાંઈ પુદ્‌ગલમાં થતો નથી પણ આત્માની પર્યાયમાં થાય છે છતાં જ્ઞાની તેનો સ્વામી થતો નથી.

અહીં બે જ વાત છે. એક આત્મદ્રષ્ટિનું ઝાડ અને બીજું પર્યાયદ્રષ્ટિનું ઝાડ છે. જેમ આકોલિયાનું ઝાડ તથા આંબાનું ઝાડ હોય છે, તેમાં જેને પાણી સિંચે તે ઝાડ થાય છે. તેમ આત્માની દ્રષ્ટિ કરી સ્વભાવમાં સિંચન કરે તો ચારિત્રરૂપી ઝાડ થાય છે ત્યારે રાગ-દ્વેષ ઉત્પન્ન થતા નથી એટલે રાગથી પાછો ફર્યો એમ કહેવાય છે, તે જ ચારિત્ર છે. ચૈતન્ય આત્મા કર્મના

ઉદયથી થતા ભાવોથી પોતાને નિવર્તાવે છે, એમ કહ્યું છે તે ઉપદેશનાં વાક્યો છે પણ સિદ્ધાંત એવો હોતો નથી.

તે આત્મા તે ભાવોના કારણભૂત પૂર્વકર્મને (ભૂતકાળના કર્મને) પ્રતિક્રમતો થકો પોતે જ પ્રતિક્રમણ છે. સ્વભાવનું ભાન થયા પછી તેમાં એકાગ્ર થતાં એટલા રાગ-દ્વેષ ન થયા, ત્યારે રાગ-દ્વેષનું કારણ એવા પૂર્વકર્મથી પાછો ફર્યો. ખરેખર તો આત્મા સ્વભાવમાં સ્થિર થયો તે જ પ્રતિક્રમણ છે. મિચ્છામિ દુક્કડંના પાઠ ભણી જાય તેનાથી પ્રતિક્રમણ થતું નથી પણ સ્વભાવદ્રષ્ટિપૂર્વક અંતર્લીનતા થતાં વિકાર ઉત્પન્ન ન થાય ત્યારે પૂર્વકર્મથી પાછો ફર્યો એ પ્રતિક્રમણ થયું, તે સાચું મિચ્છામિ દુક્કડં છે.

રાગ-દ્વેષરૂપી કાર્ય આવ્યું નહિ એટલે તેના કારણભૂત પૂર્વકર્મથી પાછો ફર્યો એમ કહેવાય છે. આત્મા પુણ્ય-પાપનો નાશ કરનાર જ્ઞાતાસ્વભાવી છે. તેમાં પુણ્ય-પાપ નથી એમ જાણ્યા વગર પુણ્ય-પાપનો નાશ થતો નથી. તેથી અજ્ઞાનીને પ્રતિક્રમણ હોતું નથી. આત્મામાં સ્થિર થયો અને કર્મ તરફનું વલણ છૂટ્યું તે પ્રતિક્રમણ છે. અજ્ઞાનીને પ્રતિક્રમણ હોતું નથી. તે માને છે કે અમે તો ભગવાને કહ્યું એવું પ્રતિક્રમણ કરીએ છીએ પણ ભગવાને પ્રતિક્રમણ કેવું કહ્યું છે, તેને જાણ્યા વગર પ્રતિક્રમણ થાય નહિ. પહેલાં મિથ્યાત્વનું પ્રતિક્રમણ હોય છે એટલે પ્રથમ સ્વભાવદ્રષ્ટિ કરે તો મિથ્યાત્વનું પ્રતિક્રમણ થાય.

શરીરની ક્રિયા અને ભાષા થાય તેને અજ્ઞાની પ્રતિક્રમણ માને છે. પણ અહીં તો કહે છે કે ભાઈ! જરા શાંત થા, અને વિચાર કર. હાથ ઊંચો-નીચો થાય તેનો કર્તા આત્મા છે એમ માને તે મિથ્યાદ્રષ્ટિ છે અને મિચ્છામિ દુક્કડંનો ભાવ તે શુભભાવ છે. એનો ધણી થાય તે પણ મિથ્યાદ્રષ્ટિ છે. પ્રતિક્રમણ પરની ક્રિયાથી કે શુભભાવથી થતું નથી અને વર્તમાન પર્યાયના લક્ષે પણ થતું નથી. ત્રિકાળી સ્વભાવની દ્રષ્ટિ કર્યા વગર મિથ્યાત્વનું પ્રતિક્રમણ પણ થતું નથી તો પછી અવ્રતનું પ્રતિક્રમણ અજ્ઞાનીને હોય જ ક્યાંથી ? એટલે કે હોતું નથી.

મિથ્યાત્વ સહિત મંદકષાયના પરિણામ થાય તે તો સંસારનું કારણ છે. સીડી ઉપર ચડવું હોય તો પહેલો પગ મૂક્યા પછી બીજો પગ ઊપડશે. પહેલો પગ મૂક્યા વગર ઉપાડવા જાય તો પડી જાય. તેમ કોઈ કહે કે પુણ્ય-પાપથી નિવૃત્ત થવું છે પણ સ્વભાવદ્રષ્ટિ કર્યા વગર પુણ્ય-પાપથી નિવૃત્ત થવાય નહિ પણ તે મિથ્યાત્વમાં પડી જાય છે. ક્યાંથી છૂટવું અને ક્યાં અટકવું છે એના ભાન વિના મિથ્યાત્વનો અભાવ થાય નહિ.

કુંદકુંદાચાર્યદેવે આ નવી વાત કરી નથી. સનાતન વસ્તુસ્થિતિ જ આવી છે. સવારથી સાંજ સુધી શરીરની ક્રિયામાં અને શુભભાવમાં એકાગ્ર થાય છે એવી ક્રિયા તો અનાદિથી અનંતવાર જીવે કરી છે. તેને મિથ્યાત્વનો પાડો ગળી ગયો છે. તેનાથી આત્માને લાભ થયો નથી. પૂર્વે ગમે તેટલાં શુભાશુભ કર્મ કર્યા હોય તેના નિમિત્તે રાગ-દ્વેષ થાય છે. તે સ્વભાવમાં સ્થિરતા થતાં ઉત્પન્ન થતા નથી ત્યારે કર્મથી પાછો ફર્યો એમ કહેવાય છે. તે ચારિત્ર છે.

તે જ આત્મા, તે ભાવોના કાર્યભૂત ઉત્તરકર્મને (ભવિષ્યકાળના કર્મને) પચખતો થકો પ્રત્યાખ્યાન છે. હું જ્ઞાતા છું, પુણ્ય-પાપ તે મારું સ્વરૂપ નથી એમ અંતરદ્રષ્ટિપૂર્વક લીનતા થતાં વર્તમાન વિકાર ન થયો, એટલે તે વિકારનું કારણ પૂર્વકર્મથી પાછો ફર્યો એમ કહ્યું અને તે વિકારના નિમિત્તે ભવિષ્યકાળનાં કર્મ બંધાય છે તેને પચખે છે, એ પ્રત્યાખ્યાન છે. વર્તમાન વિકારના પરિણામ ન થયા અને તેથી એના કાર્યભૂત કર્મ બંધાયું નહિ, તે આત્મા નવા કર્મને પચખતો થકો પ્રત્યાખ્યાન છે.

***

# પ્રસાદ નં. ૩૦

## શ્રી સમયસાર ગાથા ૩૮૩—૩૮૬

**(કારતક વદ ૮, બુધવાર, ૨૦૦૮, તા. ૨૧-૧૧-૫૧)**

આ સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર છે. એમાં ચારિત્રની વાત કરે છે. ચારિત્ર કહો, આત્માની શાંતિ કહો કે ધર્મ કહો તે એક છે. ચારિત્ર ધર્મ છે. સમ્યગ્દર્શન એનું મૂળ છે. એના વિના ચારિત્ર હોતું નથી એટલે સમ્યગ્દર્શન તથા ચારિત્ર બન્નેની વાત સાથે કહે છે.

પુણ્ય-પાપનો આશ્રય છોડીને હું જ્ઞાનસ્વરૂપી આત્મા છું, એનું લક્ષ કરે છે, તેને પૂર્વકર્મ ઉપર લક્ષ નથી પણ સ્વભાવ ઉપર લક્ષ છે. તેથી જૂનાં કર્મ જેનું કારણ છે તેવા પુણ્ય-પાપના ભાવ, તે સ્વભાવનો આશ્રય કરતાં થતાં નથી, તેને પ્રતિક્રમણ કહે છે. આત્માનું ભાન થયા પછી તેમાં એકાગ્ર થતાં પૂર્વકર્મનું કાર્ય આવતું નથી પણ સ્વભાવની શાંતિનું કાર્ય આવે છે, તેને પ્રતિક્રમણ કહ્યું છે. આ રીતે પ્રથમ મિથ્યાત્વનું પ્રતિક્રમણ થતાં ભ્રાંતિની ઉત્પત્તિ થતી નથી અને સ્વભાવની એકાગ્રતા થતાં રાગ-દ્વેષ થતાં નથી, તે પ્રતિક્રમણ છે.

આત્મા સ્વભાવમાં એકાગ્ર થતાં ભવિષ્યનું કર્મ ન બંધાયું તે પ્રત્યાખ્યાન છે. આત્મા પ્રત્યાખ્યાન સ્વરૂપ જ છે. પરનાં ગ્રહણ-ત્યાગ તો આત્મામાં ત્રણકાળમાં નથી. પણ આત્મા વિકારનો ત્યાગ કરનાર છે એમ કહેવું તે પણ નામમાત્ર છે. આત્માનું સ્વરૂપ તો વિકાર રહિત જ છે. ચૈતન્ય સ્વભાવી આત્મા છે તેના અવલંબને રાગ-દ્વેષની ઉત્પત્તિ ન થઈ, તેનું નામ માત્ર પ્રત્યાખ્યાન છે. જે ભાવે ભૂતકાળના કારણનું કાર્ય ન થયું, તે જ ભાવે ભવિષ્યનું કર્મ ન બંધાયું એમ કહેવું, તે પણ સમજાવવાની રીત છે. ખરેખર તો એ બંધાવાનું હતું જ નહિ. શુભાશુભ ભાવ તેનું કાર્ય નવું કર્મ—એને પચખે છે એમ કહેવાય છે. ખરેખર તો તે ભાવ ઉત્પન્ન જ થતા નથી.

તે જ આત્મા વર્તમાન કર્મવિપાકને પોતાથી (આત્માથી) અત્યંત ભેદપૂર્વક અનુભવતો થકો આલોચના છે. હું જ્ઞાયક શુદ્ધ સ્વભાવી છું એમ જ્ઞાને નક્કી કર્યું અને વિશેષ સ્વભાવ તરફ ઢળતાં રાગ-દ્વેષ ન થયા તે જ્ઞાતાદ્રષ્ટાના અનુભવમાં સંવરદશા પ્રગટી, તે કર્મનો ભેદ કરતો આત્માને અનુભવે છે. તે સંવર અથવા આલોચના છે. ગયા કાળનું પ્રતિક્રમણ, ભવિષ્યકાળનું પ્રત્યાખ્યાન અને વર્તમાનકાળનો સંવર—એમ ભેદથી સમજાવ્યું છે. ખરેખર તો આત્મા અભેદ એકરૂપે લીન થાય છે, તે એક જ પ્રકાર છે. આવું સ્વરૂપ યથાર્થ આત્મલક્ષી કદી સાંભળ્યું જ નથી.

સમવસરણમાં અનંતવાર ગયો પણ સ્વલક્ષે સાંભળ્યું નહિ—માટે સાંભળ્યું નથી એમ કહ્યું છે.

એ રીતે તે આત્મા સદા પ્રતિક્રમતો (અર્થાત્ પ્રતિક્રમણ કરતો) થકો પૂર્વકર્મના કાર્યરૂપ ભાવોથી અત્યંત નિવૃત્ત થયો થકો જ્ઞાનસ્વભાવમાં જ નિરંતર ચરતો હોવાથી ચારિત્ર છે. મુનિ કોઈ પણ સમયે પ્રતિક્રમણ વિનાના હોતા નથી. **શુદ્ધ દ્રવ્યની એકાગ્રતા મુનિને છૂટતી નથી તેથી ચોવીસે કલાક પ્રતિક્રમણ છે.** મુનિને નિદ્રા ઘણી ઓછી હોય છે. અંતર્મુહૂર્તથી વધારે હોતી નથી. મુનિને શુભ વિકલ્પ હોય છે તે આસ્રવ છે. છતાં નિત્ય સ્વભાવની એકાગ્રતા છૂટતી નથી, આ પ્રતિક્રમણ છે. તેને પ્રથમ જાણવું જોઈએ. આવું ચારિત્ર પ્રગટ થયા વગર એકલા નગ્ન થઈ જાય અને પંચ મહાવ્રત પાળે —તો તે ચારિત્ર નથી.

આત્મા સદા પ્રત્યાખ્યાન કરતો થકો ઉત્તર કર્મના કારણરૂપ ભાવોથી અત્યંત નિવૃત્ત થયો થકો, પોતામાં જ નિરંતર આચરણ કરતો હોવાથી ચારિત્ર છે. આત્મા પ્રત્યાખ્યાનસ્વરૂપ જ છે. નિરંતર સ્વભાવમાં લીન રહે છે એવા મુનિને સદા પ્રત્યાખ્યાન હોય છે અને એ રીતે આત્મા સદા આલોચના કરતો વર્તમાન કર્મવિપાકને પોતાથી અત્યંત ભેદપૂર્વક અનુભવતો થકો જ્ઞાનસ્વભાવમાં નિરંતર વિચરતો હોવાથી તે આત્મા જ ચારિત્ર છે. મુનિને વિકલ્પ હોય છે તેનો ખ્યાલ હોય છે અને ભિક્ષા વગેરેની અવસ્થા તો જડની છે. આત્મા તો જ્ઞાતા છે. દયા, દાન, વ્રતાદિના પરિણામ થાય છે તેને જ્ઞાની સંવર માનતા નથી. અજ્ઞાની શુભભાવને સંવર માને છે, તે તો મિથ્યાદ્રષ્ટિ છે. તેને તો વ્યવહાર પણ હોતો નથી. જ્ઞાની સદા ચૈતન્ય સ્વભાવમાં લીન રહેતો થકો સંવરમાં રહે છે.

કર્મના વિપાકના કારણે આત્મામાં વિકાર થતો નથી પણ સ્વભાવનું લક્ષ ચૂકીને કર્મ ઉપર લક્ષ કરે છે તો વિકાર થાય છે. આમ હોવા છતાં કોઈ એમ કહે કે દ્રવ્યાનુયોગના હિસાબે આત્માના કારણે વિકાર થાય અને કરણાનુયોગના હિસાબે કર્મના કારણે વિકાર થાય, તો એ વાત ખોટી છે. વિકારનો એક સમય છે, બે સમયનો વિકાર કદી ભેગો થતો નથી. સ્વભાવમાંથી ખસ્યો એટલે પોતાની નબળાઈના કારણે વિકાર થાય છે પણ કર્મના કારણે થતો નથી અને સ્વભાવમાં ઠરે છે ત્યારે વિકાર થતો નથી. આ રીતે આત્મા જ્ઞાનસ્વભાવમાં નિરંતર ચરતો હોવાથી ચારિત્ર છે. વીતરાગના માર્ગમાં આને ચારિત્ર કહ્યું છે. એ ચારિત્રને આત્માથી જુદું પાડવું તે ભેદ છે. આત્મા પોતે જ ચારિત્ર છે.

આત્મા ચારિત્ર સ્વરૂપ વર્તતો થકો પોતાને—જ્ઞાનમાત્રને—અનુભવતો હોવાથી તે પોતે જ જ્ઞાનચેતના છે—એવો આશય છે. આત્મા જ્ઞાનનો અનુભવ કરનાર છે તે ભાવ છે. આનું નામ ચારિત્ર છે. રાગનો અનુભવ તે ચારિત્ર નથી, જ્ઞાતા સ્વભાવમાં એકાગ્ર થાય તે ચારિત્ર છે. વીતરાગ શાસનમાં બીજા કોઈને ચારિત્ર કહેતા નથી. ગણધર ભગવાન પણ નમોકાર બોલતી વખતે આવા ચારિત્રવાન સાધુને નમસ્કાર કરે છે કે હે સંત ! તારા ચરણમાં અમારો નમસ્કાર હો. એવી દશાને ચારિત્ર કહે છે.

**ભાવાર્થ :—**ચારિત્રમાં પ્રતિક્રમણ, પ્રત્યાખ્યાન અને આલોચનાનું વિધાન છે. તેમાં પૂર્વે લાગેલા દોષથી આત્માને નિવર્તાવવો તે પ્રતિક્રમણ છે. ખરેખર તો પૂર્વના દોષ છે જ નહિ તો પ્રતિક્રમણ કોનું કરવું ? પણ સમજાવવાની રીત છે. પૂર્વે પ્રમાદ કર્યો હતો, એવો પ્રમાદ વર્તમાનમાં થવા દેતો નથી, તે પ્રતિક્રમણ છે. ચૈતન્ય ધ્રુવ આત્મામાં અપ્રમત્તતા વર્તે છે. તેને પૂર્વના દોષ નિવર્તાવે છે એમ કહ્યું છે. સ્વરૂપ રમણતા તે ચારિત્ર છે અને પ્રતિક્રમણ પણ તે જ છે.

ભવિષ્યમાં દોષ લગાડવાનો ત્યાગ કરવો તે પ્રત્યાખ્યાન છે. જેટલે દરજ્જે સ્વભાવની દ્રષ્ટિએ નિર્દોષ થયો તેટલો દોષ ભવિષ્યમાં થશે નહિ, એમ ભવિષ્યના દોષનો ત્યાગ કહ્યો છે તે પચ્ચખાણ છે. ચારિત્રરૂપ વીતરાગદશા થઈ એનું વર્ણન ચાલે છે. જીવ અને પુદ્‌ગલ બન્નેની ક્રમબદ્ધ પર્યાય થાય છે. દ્રવ્યની અનાદિ અનંત પર્યાયો છે. તે ક્રમસર થતી આવે છે એમ નક્કી કરતાં, પાંચે સમવાય આવી જાય છે. ક્રમબદ્ધ પર્યાય થાય છે તે સ્વભાવ, એવો નિર્ણય કર્યો તે પુરુષાર્થ, નિયત થવાનું હતું તે થયું, પર્યાય શુદ્ધ થઈ તે સ્વકાળ અને તે વખતે કર્મનો અભાવ હોય છે—આમ એક સમયમાં પાંચ બોલ હોય છે.

પંડિત બનારસીદાસજીએ કહ્યું છે કે :—

**टेक डारि एकमैं अनेक खोजे सो सुबुद्धि,**
**खोजी जीवै, वादी मरै सांची कहवति है ।**

વસ્તુસ્થિતિ એવી છે. શુભ કે અશુભ ભાવને ફેરવવા કોઈ સમર્થ નથી. એવો નિર્ણય કર્યો તે સ્વભાવ વડે કર્યો છે, તે જ પુરુષાર્થ છે. તે વખતે સ્વભાવ પ્રગટ થયો છે અને કર્મનો અભાવ પણ વર્તે છે. આમ આત્માની ત્રણેકાળની પર્યાય એકપછી એક થાય છે એવો નિર્ણય કહો કે સર્વજ્ઞનો નિર્ણય કહો; તે આ રીતે એક જ છે. જડ અને જીવની ક્રિયા તો થવાની તે જ થવાની. પણ આત્માએ જોવું છે કોની સામું ? દ્રવ્ય સામું કે પર્યાય સામું ? દ્રવ્ય સામું જુએ તો ભવિષ્યના કર્મનો ઉદય અને દોષ છે જ નહિ; તેથી કર્મ

જ ઉત્પન્ન થતું નથી તે પચ્ચખાણ છે. પરમાં કાંઈક કરીએ તો ધર્મ થાય એમ અજ્ઞાની માને છે પણ આત્મા પરમાં કરે શું ? કાંઈ ન કરે. આત્માનો જાણવાનો સ્વભાવ છે. તેમાં ઠરે તે પ્રત્યાખ્યાન છે. વસ્તુસ્થિતિ આવી છે, તે મર્યાદાને કોણ ઉલ્લંઘે ? એનું ભાન થવું તે ધર્મ છે.

વર્તમાન દોષથી આત્માને જુદો કરવો તે આલોચના છે. પુણ્ય-પાપ રહિત મારું સ્વરૂપ છે. હું જ્ઞાનસ્વભાવી અસ્તિરૂપે છું. એટલે પરથી ભિન્ન છું એમ આવી જાય છે. કર્મના ઉદય પ્રમાણે વિકાર થાય એ માન્યતા તો મિથ્યાદ્રષ્ટિની છે. કેમ કે તેને પરાધીન દ્રષ્ટિ છે. પર્યાયની સ્વતંત્ર દ્રષ્ટિ ન રહી તો તે પર્યાય સ્વભાવ તરફ ઢળે એવી શ્રદ્ધા પણ ન રહી. તેને તો અનાદિ અનંત આ અભિપ્રાયમાં પરાધીનતા રહી એટલે તેને કર્મમાંથી ખસીને આત્મામાં આવવાનું રહેતું જ નથી. આત્મા ત્રણે કાળનાં કર્મોથી જુદો છે, મને કોઈ રોકનાર નથી અને વિકાર મારા સ્વભાવમાં નથી—એમ જ્ઞાની જાણે છે અને એ જ ધર્મ છે.

કપડું ધોનાર જાણે છે કે કપડાનો સ્વભાવ મેલવાળો નથી. તે મેલ કપડા સાથે વર્તમાનમાં પણ એકમેક નથી. એકમેક હોય તો જુદો પડે નહિ. કપડું ધોનારને ખ્યાલ છે કે મેલ કપડાનું સ્વરૂપ ત્રણે કાળે નથી માટે મેલ છૂટો પડી જાય છે. તેમ આત્માનો સ્વભાવ તો જાણવા—દેખવાનો છે. તેમાં પુણ્ય-પાપરૂપી મેલ ત્રણકાળમાં નથી. આવો નિર્ણય કર્યા વગર આત્મામાં એકાગ્રતારૂપી ધોકો વાગે નહિ અને ચારિત્ર થાય નહિ. પુણ્ય-પાપ બન્ને અપરાધ છે. કેમ કે બન્ને વિકાર છે. તે વિકાર રહિત થવું હોય તો પહેલાં નક્કી કરવું જોઈએ કે અપરાધ મારા સ્વભાવમાં છે જ નહિ. આત્મા ત્રણેકાળે કર્મથી ભિન્ન છે અને નિમિત્ત આત્મામાં છે જ નહિ તેથી નિમિત્તની અપેક્ષાવાળો વિકાર તે એક સમયની પર્યાયબુદ્ધિથી થાય છે. તે સ્વભાવમાં નથી. આવું જ્ઞાન અને રુચિ કરે તો સમ્યગ્દર્શનરૂપી ધર્મ થાય છે.

કર્મ, કર્મમાં છે, આત્મામાં કર્મ નથી અને આત્મા, આત્મામાં છે, કર્મમાં નથી—આનું નામ અનેકાંત છે. આત્મા અને કર્મ બે મળીને એક નથી. માટે કર્મના કારણે આત્મા રખડ્યો નથી પણ એક સમયની પોતાની ભૂલના કારણે રખડ્યો છે. તે વિકાર આત્માના ત્રિકાળી સ્વભાવમાં નથી. સ્વભાવમાં વિકાર હોય તો તે કદી છૂટે નહિ. વિભાવમાં સ્વભાવનો અભાવ છે અને સ્વભાવમાં વિભાવનો અભાવ છે. જો અભાવ ન હોય તો વિભાવનો નાશ થતાં સ્વભાવનો પણ નાશ થઈ જાય. એટલે કર્મ તો આત્મામાં નથી પરંતુ વિકાર પણ આત્મામાં નથી એમ નક્કી કરે તો ધર્મની શરૂઆત થાય.

આમ સાંભળીને ઘણા લોકો કહે છે કે તમો કર્મને માનતા નથી પણ કર્મના કારણે આત્મામાં વિકાર થાય એમ જે માને છે તે કર્મ અને આત્મા બન્ને ભિન્ન પદાર્થો છે એમ માનતો નથી. જો બન્ને ભિન્ન છે એમ માને તો કર્મને માન્યાં કહેવાય. કર્મ તો આત્માથી છૂટેલાં જ પડેલાં છે. કર્મોને છોડવાં પડતાં નથી કેમ કે તેનો આત્મામાં અભાવ છે. એકવાર ભૂલી જા કે પૂર્વનું કર્મ જ આત્મામાં નથી. આમ જાણે અને શ્રદ્ધે, ત્યારપછી ચારિત્ર થાય છે. જે ગ્રહ્યું છે તેને કદી છોડતો નથી અને જે ગ્રહ્યું નથી તેને પણ છોડવાનું રહેતું નથી. આત્મા વિકારને છોડતો નથી કેમ કે વિકારને આત્માએ ગ્રહ્યો નથી. આત્મા પ્રત્યાખ્યાન સ્વરૂપ જ છે. એમ પ્રતિક્રમણ સ્વરૂપ, પ્રત્યાખ્યાન સ્વરૂપ અને આલોચનાસ્વરૂપ આત્માનું નિરંતર અનુભવન તે જ નિશ્ચયચારિત્ર છે. જે આ નિશ્ચયચારિત્ર તે જ જ્ઞાનચેતના છે અથવા જ્ઞાનનું અનુભવન છે.

***

## શ્રી સમયસાર ગાથા ૩૮૩ થી ૩૮૬ (ભાવાર્થ ચાલુ)

**(કારતક વદ ૮, ગુરુવાર, ૨૦૦૮, તા. ૨૨-૧૧-૫૧)**

તે જ જ્ઞાનચેતનાથી અર્થાત્ જ્ઞાનના અનુભવનથી સાક્ષાત્ જ્ઞાનચેતનારૂપ કેવળજ્ઞાનમય આત્મા પ્રગટ થાય છે. ધર્મ કરવો હોય તેણે પ્રથમ શું કરવું ? કે આત્મા જ્ઞાનસ્વરૂપી છે. પુણ્ય-પાપ તે આત્માનું સ્વરૂપ નથી એમ નક્કી કરવું અને તેમાં એકાગ્ર થવું તે સંવર છે. વિકાર અને પરથી ભિન્ન મારો જ્ઞાતા સ્વભાવ છે. તે સત્સમાગમે નિર્ણય કરવો અને વારંવાર જ્ઞાન સ્વભાવમાં લીન થવું તે કેવળજ્ઞાન પ્રગટ કરવાનો ઉપાય છે. એમ કરવાથી સાક્ષાત્ કેવળજ્ઞાન પ્રગટ થાય છે.

હવે આગળની ગાથાઓની સૂચનારૂપ કાવ્ય કહે છે. જેમાં જ્ઞાનચેતનાનું ફળ અને અજ્ઞાન ચેતનાનું (અર્થાત્ કર્મ ચેતનાનું અને કર્મ ફળ ચેતનાનું) ફળ પ્રગટ કરે છે.

## કળશ—૨૨૪

**અર્થ :—**નિરંતર જ્ઞાનની સંચેતનાથી જ જ્ઞાન અત્યંત શુદ્ધ પ્રકાશે છે. જુઓ, આ ટૂંકા સૂત્રમાં આચાર્યદેવે ઘણો ગંભીર મર્મ સમજાવ્યો છે. સ્વભાવની મુખ્યતામાં દયા, દાન, વ્રતાદિની ગૌણતા થાય છે. ધર્મીને દયા, દાન, ભક્તિ પૂજા કે વ્રતાદિની મુખ્યતા થાય, એવો એક સમય પણ હોતો નથી. દેવ, ગુરુ, શાસ્ત્ર તો ભિન્ન છે પણ તેના તરફનો રાગ—શુભરાગ થાય

છે તેની મુખ્યતા ધર્મીને કદી હોતી નથી. જ્ઞાનીને હું જ્ઞાન સ્વભાવી છું એની મુખ્યતા નિરંતર વર્તે છે. એ નક્કી ન થાય ત્યાં સુધી નક્કી કરવાનો પુરુષાર્થ કરવો.

ધર્મ પરથી તો થતો નથી પણ શુભ ભાવથી પણ થતો નથી. ધર્મ તો સ્વભાવથી થાય છે. માટે શુદ્ધ સ્વભાવનો નિર્ણય કરવો અને એની મુખ્યતા કાયમ રહે એમ સ્વભાવ સન્મુખ રહેવું. પ્રથમ તો આ વાતને ધ્યાનમાં લેવી જોઈએ અને પછી એનું રટણ થવું જોઈએ. અમૃતચંદ્ર આચાર્યદેવે 'નિરંતર' શબ્દ વાપર્યો છે. તેમાં જ્ઞાનીને સદા સ્વભાવની મુખ્યતા હોય છે અને ''સંચેતનાથી જ'' શબ્દ પડ્યો છે; એથી એકાંત થતું નથી. કોઈ કહે કે સ્વભાવથી પણ કલ્યાણ થાય અને વિકારથી પણ કલ્યાણ થાય, તે અનેકાન્ત છે, તો એમ નથી. સ્વભાવથી જ કલ્યાણ થાય અને વિકારથી ન થાય, એ અનેકાન્ત છે. એમ બતાવવા ''સંચેતના જ'' શબ્દ વાપર્યો છે.

જાણનાર–દેખનાર હું છું. એ સિવાય મારો સ્વભાવ નથી એનાથી જ ધર્મ થાય છે. આ વાત જ્ઞાનીની છે. કેવળીની કે અજ્ઞાનીની વાત નથી. માટે પ્રથમ આગમ દ્વારા નિર્ણય કરવો અને પછી સ્વભાવ દ્વારા અનુભવ કરવો. એનાથી ધર્મની વૃદ્ધિ થાય છે, બીજી કોઈ રીતથી થતી નથી. કષાયની મંદતા થાય એનું જ્ઞાન કરવું તે વ્યવહાર છે પણ તેનાથી લાભ માનવો તે મિથ્યાત્વ છે. નિરંતર ચૈતન્યસ્વભાવની એકાગ્રતાથી જ્ઞાનની શુદ્ધિ થાય છે.

**''અજ્ઞાનીની સંચેતનાથી બંધ દોડતો થકો જ્ઞાનની શુદ્ધતાને રોકે છે.''**

દયા, દાન, ભક્તિ, પૂજા, વ્રતાદિનો રાગ થયો અને એમાં એકાગ્ર થઈને આત્માને લાભ માન્યો ત્યાં ચૈતન્ય પ્રકાશ રૂંધાઈ ગયો. જ્ઞાનનો વિકાસ અટકી ગયો. જ્ઞાન સ્વભાવથી ઊલટી દશાને અજ્ઞાન કહે છે. તે અજ્ઞાનથી શીઘ્ર બંધ થાય છે. તે જ્ઞાનની શુદ્ધિ થવા દેતો નથી. વ્યવહાર રત્નત્રય પણ અજ્ઞાન છે કેમ કે તે આત્માના સ્વભાવને રોકે છે. જ્ઞાનની શુદ્ધિ થવા દેતો નથી. અહીં જ્ઞાન એટલે આખો આત્મા લેવો. એક જ્ઞાન ગુણની વાત નથી. સ્વભાવની એકાગ્રતાથી શુદ્ધિ પ્રકાશે છે અને પરની એકાગ્રતાથી બંધ થાય છે, તે શુદ્ધિને રોકે છે એટલે કે શુદ્ધતા પ્રગટ થતી નથી.

**ભાવાર્થ :—**કોઈ વસ્તુ પ્રત્યે એકાગ્ર થઈને તેનો જ અનુભવરૂપ સ્વાદ લીધા કરવો તે તેનું સંચેતન કહેવાય. જ્ઞાન પ્રત્યે જ એકાગ્ર ઉપયુક્ત થઈને તેના તરફ જ ચેત રાખવી તે જ્ઞાનનું સંચેતન અર્થાત્ જ્ઞાનચેતના છે.

કવિવર બનારસીદાસે કહ્યું છેઃ-

**વસ્તુ વિચારત ધ્યાવતે મન પાવે વિશ્રામ;**
**રસ સ્વાદત સુખ ઊપજે, અનુભવ યાકો નામ.**

દયા, દાન, ભક્તિ, શુભભાવ કે હાસ્ય રતિ આદિમાં એકાગ્ર થઈ જવું અને એનો અનુભવ કરવો તે સંચેતન છે. સાત પ્રકારના વ્યસન જેવાં કે દારૂ, માંસ, ચોરી, પરસ્ત્રીગમન, જુગાર વગેરેમાં એકાકાર થાય છે તે સંચેતન છે. તેમાં એકાકાર થવું તે આકુળતાનો અનુભવ છે. આત્મા પ્રત્યે એકાગ્ર થવું કે 'હું જ્ઞાતા છું, રાગ-દ્વેષ વગેરે હું છું જ નહિ'—એમ એકાગ્ર થઈને ચેતવું તે જ્ઞાનચેતના છે. તે મોક્ષમાર્ગ છે.

દુકાને ધંધો કરતાં લાભ થાય ત્યારે તેમાં એકાગ્રતા થાય છે અને મજા પડે છે પણ તે તો રખડવાના ધંધા છે. દયા, દાન, ભક્તિ વગેરેમાં એકાગ્ર થવું તે શુભભાવ પણ રખડવાના ધંધા છે પણ હું જ્ઞાન છું, પરમાં ફેરફાર થાય છે તે એના કારણે થાય છે. એમાં મારો પ્રભાવ પડતો નથી. બીજાથી દબાવું અને બીજાને દબાવવું તે પામરતા છે. આત્મા કોઈથી દબાતો નથી અને કોઈને દબાવતો નથી, એમ જાણવું તે જ્ઞાનનું સંચેતન છે. જ્ઞાનીને સાધક દશામાં રાગ હોય છે પણ તેની ગૌણતા હોય છે. સ્વભાવની મુખ્યતા નિરંતર રહ્યા કરે છે. જ્ઞાન ચેતનાથી જ્ઞાન અત્યંત શુદ્ધ થઈને પ્રકાશે છે અર્થાત્ કેવળજ્ઞાન ઊપજે છે. કેવળજ્ઞાન ઊપજતાં સંપૂર્ણ જ્ઞાનચેતના કહેવાય છે.

અજ્ઞાનરૂપ ઉપયોગને કરવો, તેના તરફ જ એકાગ્ર થઈ તેનો અનુભવ કરવો તે અજ્ઞાન ચેતના છે. તેનાથી કર્મનો બંધ થાય છે અને તે બંધ જ્ઞાનની શુદ્ધતાને રોકે છે. કર્મ ચેતના અને કર્મફળ ચેતના તે અજ્ઞાનરૂપ ઉપયોગ છે. શુભાશુભ ભાવ અને હરખશોકનું વેદન થવું તે અજ્ઞાન ચેતના છે તે જ્ઞાનની પર્યાયને રોકે છે. આત્માની શાંતિને રોકે છે. લક્ષ્મીના ગંજ હોય કે એના તરફનો રાગ હોય તો એમાં આત્માની શાંતિ થતી નથી પણ એના લક્ષથી આત્માની શાંતિ રૂંધાય છે. જડનો પર્યાય એના કારણે થાય છે, પણ આત્મા તેમાં એકાગ્ર થાય અને મજા માને–તે મૂઢતા છે. આત્મ સ્વભાવ અનાકુળ છે તે છોડીને પુણ્ય-પાપમાં એકાગ્ર થાય છે એટલે આત્માની શાંતિ રોકાય છે, તેનાથી કર્મનો બંધ થાય છે.

હવે આ કથનને ગાથા દ્વારા કહે છે.

## ગાથા ૩૮૭ થી ૩૮૯

**જે કર્મફળને વેદતો નિજરૂપ કરમફળને કરે,**
**તે ફરીય બાંધે અષ્ટવિધના કર્મને–દુઃખ બીજને. ૩૮૭.**

**જે કર્મ ફળને વેદતો જાણે 'કરમ–ફળ મેં કર્યું';**
**તે ફરીય બાંધે અષ્ટવિધના કર્મને–દુઃખ બીજને. ૩૮૮.**
**જે કર્મફળને વેદતો આત્મા સુખી–દુઃખી થાય છે,**
**તે ફરીય બાંધે અષ્ટવિધના કર્મને–દુઃખ બીજને. ૩૮૯.**

**અન્વયાર્થ :—**કર્મના ફળને વેદતો થકો જે આત્મા કર્મફળને પોતારૂપ કરે છે (માને છે) તે ફરીને પણ આઠ પ્રકારના કર્મને—દુઃખના બીજને—બાંધે છે.

કર્મના ફળને વેદતો થકો જે આત્મા કર્મફળ મેં કર્યું એમ જાણે છે તે ફરીને પણ આઠ પ્રકારના કર્મને—દુઃખના બીજને—બાંધે છે.

કર્મના ફળને વેદતો થકો જે આત્મા સુખી અને દુઃખી થાય છે, તે ફરીને પણ આઠ પ્રકારના કર્મને—દુઃખના બીજને—બાંધે છે.

**ટીકા :—**જ્ઞાનથી અન્યમાં એમ ચેતવું કે 'આ હું છું'—તે અજ્ઞાન ચેતના છે. જ્ઞાન તે શુદ્ધ સ્વભાવી આત્મા છે. તેનાથી અન્ય તે પુણ્યપાપાદિ ભાવો છે. તેમાં એકાગ્ર થવું તે પર્યાયબુદ્ધિ છે. રાગ અને પુણ્ય તે હું છું એ અજ્ઞાન ચેતના છે. આત્મા જ્ઞાનસ્વભાવી છે. તે વિકારમાં રોકાઈ જાય અને વિકાર મને હિતકર છે, એમ માને તે અજ્ઞાન છે. આત્મા શુદ્ધ જ્ઞાયક છે એની દ્રષ્ટિ છોડીને પુણ્ય-પાપ, દેવ-ગુરુ-શાસ્ત્ર આદિ જે પર છે, એને વેદવું એટલે કે તે હં છું—એટલામાં જ મારું હોવાપણું છે—એમ માની તેમાં એકાગ્ર થવું તે અજ્ઞાન ચેતના છે.

બહારના સંયોગો તો એના કારણે આવે અને એના કારણે જાય; એની વાત અહીં નથી. પણ પોતાની પર્યાયમાં રાગ-દ્વેષ થાય એમાં એકાગ્ર થવું એટલે વ્યવહારમાં તન્મય થવું—તે અજ્ઞાન ચેતના છે. એના બે પ્રકાર છે. કર્મ ચેતના અને કર્મફળ ચેતના. શુભભાવમાં આત્માની શુદ્ધિનો એક અંશ પણ નથી તેથી ભગવાન એને કર્મ ચેતના કહે છે. સંસારનો ભાવ તો અશુભ છે પણ શુભભાવમાં રોકાય તે પણ કર્મ ચેતના છે. હરખ-શોકના પરિણામ તથા દેવ-ગુરુ-શાસ્ત્રાદિ તથા સ્ત્રીપુત્રાદિ તરફ હરખ-શોકના પરિણામ થવા તે કર્મફળ ચેતના છે.

જ્ઞાનથી અન્યભાવમાં ચેતવું કે તેને 'હું કરું છું'—તે કર્મ ચેતના છે. ચૈતન્યસ્વભાવી આત્મા ધ્રુવ છે; એની મુખ્યતા છૂટીને પુણ્ય-પાપપણે હું થયો છું, તે અજ્ઞાન ભાવ છે. રાગની અધિકતામાં ચૈતન્યસ્વભાવ દ્રષ્ટિમાં ઢંકાઈ ગયો. આ પુણ્ય-પાપને હું કરું છું. રાગરૂપે હું થયો, કર્તા હું અને કર્મ વિકાર—એમ તેમાં એકાગ્ર થવું તે કર્મ ચેતના છે. તે સંસારના બંધનું કારણ છે. પરદ્રવ્યની પર્યાય તો એના કાળે અને એના કારણે થાય છે. એની

અવસ્થાને આત્મા રાખે કે ટાળે તે આત્માના સ્વભાવમાં નથી. શુભાશુભભાવ અસંખ્ય પ્રકારના છે. તેમાં કોઈપણ રાગનો ભાગ હું છું અને એના પરિણામે હું પરિણમું છું—તે અજ્ઞાન છે. કર્મ ચેતના છે, એને સ્વભાવનો એક અંશ પણ હોતો નથી.

જ્ઞાનથી અન્યમાં એમ ચેતવું કે આને હું ભોગવું છું તે કર્મફળ ચેતના છે. આત્મા જડને કે પરને અડતો નથી એટલે કે તે લાડવાને ખાતો નથી. ગાદલા વિગેરેને ભોગવતો નથી. પરપદાર્થને આત્મા ભોગવે એ જૂઠી વાત છે અને હરખશોકને હું ભોગવું છું એમ તેની મુખ્યતા થતાં આત્મા અંતર શાંતિનો ભોગવનાર છે, એ મુખ્યતા રહેતી નથી. તે અજ્ઞાન છે. કર્મફળચેતના છે. વિકારને હું ભોગવું છું એમ માનનારે વિકાર જેટલો આત્માને માન્યો. આત્માત્રિકાળ શુદ્ધ છે. એનો અનુભવ તેને રહ્યો નહિ. આત્મા પરને તો ભોગવતો નથી પણ હરખશોકના ભાવ થાય તેને પણ ભોગવતો નથી. જેને તેની અધિકતા થાય, તેને સ્વભાવની અધિકતા રહેતી નથી. હરખના પરિણામ પણ આર્તધ્યાન છે. તેને હું ભોગવું છું—એ પર્યાયબુદ્ધિ છે. તે કર્મફળ ચેતના છે. કર્મચેતના અને કર્મફળ ચેતના બન્ને અજ્ઞાન ચેતના છે, તે સંસારનું બીજ છે અર્થાત્ અજ્ઞાન ચેતનાથી કર્મ બંધાય છે. શુભઅશુભ બન્ને ભાવ સંસારમાં રખડવાનું બીજ છે. વ્યવહાર રત્નત્રય પણ સંસારનું બીજ છે. વ્યવહાર રત્નત્રયથી આત્માને લાભ માન્યો તો એનાથી સંસાર ફાલે છે. ગમે તે રાગ હોય પણ જો તેની અધિકતા થઈ તો સ્વભાવની અધિકતા રહેતી નથી. સ્વભાવ દ્રષ્ટિની મુખ્યતા વર્તે પણ નબળાઈથી જે રાગ થાય તે ગૌણ કરીને વ્યવહાર કહેવાય છે; પણ જો તે પરિણામ સારા છે—એમ માને તો સ્વભાવદ્રષ્ટિ રહેતી નથી અને સ્વભાવદ્રષ્ટિ ન રહેતાં, વ્યવહાર પણ સાચો કહેવાતો નથી.

અશુભભાવ છોડીને શુભભાવ કરવાનું કથન શાસ્ત્રમાં આવે છે પણ એનો અર્થ એવો નથી કે એનાથી ધર્મ થાય છે. સ્વભાવનાં ભાન વિના રાગમાં એકાગ્રતા કરે તો તેમાંથી ચોરાશીના અવતાર ફળે છે. આઠ પ્રકારના જડ કર્મ અજ્ઞાન ચેતનાથી ઉત્પન્ન થાય છે. માટે મોક્ષાર્થી પુરુષે અજ્ઞાન ચેતનાનો પ્રલય કરવા માટે સકળ કર્મના સંન્યાસની (–ત્યાગની) ભાવનાને તથા સકળ કર્મફળના સંન્યાસની ભાવનાને નચાવીને સ્વભાવભૂત એવી ભગવતી જ્ઞાનચેતનાને જ એકને સદાય નચાવવી.

આઠ કર્મોના ત્યાગની ભાવનાને નચાવીને (પરિણમાવીને) જ્ઞાનચેતનામાં એકાગ્ર થવું. સ્વભાવમાં એકાગ્ર થતાં આઠ કર્મ એની મેળે જ છૂટી જાય છે. આઠ કર્મો તરફનું તથા સકળ કર્મફળ તરફનું વલણ છોડીને

સ્વભાવભૂત મહિમાવાળી ચેતનાને નિરંતર પરિણમાવવી—ચૈતન્ય-સ્વભાવની એકાગ્રતા માટે ભગવતી જ્ઞાનચેતનાને નચાવવી, રાગના અભાવરૂપ પરિણમન થવું એટલે કે સ્વભાવરૂપ પરિણમન થવું—તેને નચાવવી એમ કહ્યું છે.

તેમાં પ્રથમ સકળ કર્મના સંન્યાસની ભાવનાને નચાવે છે. ત્યાં પ્રથમ કાવ્ય કહે છે.

## કળશ—૨૨૫

**અર્થ :**—ત્રણે કાળના અર્થાત્ અતીત, વર્તમાન અને અનાગત કાળ સંબંધી સમસ્ત શુભ કે અશુભ કર્મને કૃત-કારિત-અનુમોદનાથી અને મન-વચન-કાયાથી ત્યાગીને હું ઉત્કૃષ્ટ નિષ્કર્મ અવસ્થાને અવલંબુ છું, એ રીતે સર્વકર્મનો ત્યાગ કરવાની જ્ઞાની પ્રતિજ્ઞા કરે છે.

***

# પ્રસાદ નં. ૩૨

## સર્વવિશુદ્ધ જ્ઞાન અધિકાર

## શ્રી સમયસાર કળશ ૨૨૫

**(કારતક વદ ૯, શુક્રવાર, ૨૦૦૮, તા. ૨૩-૧૧-૫૧)**

સાચું પ્રતિક્રમણ કોને કહેવું તે કહે છે. જેનાથી આત્માને લાભ થાય તેનાથી પાછો ફરવા માગે નહિ. શરીર, મન, વાણી મારે આધીન છે અને તેનું હું કરી શકું છું, એમ જે માને છે તે એનાથી જુદો પડવા માગતો નથી. પ્રતિક્રમણ એટલે પાછું ફરવું. આત્માને જે હિતકર છે તેનો નિર્ણય થાય તો અહિતકરથી પાછો ફરે. સ્વભાવમાં શાંતિ અને સુખ છે, એમ નક્કી કરે તો પરમાં શાંતિ નથી એમ માનીને પરથી પાછો ફરે અને અંતરમાં લીન થાય; તો તેને ચારિત્ર પ્રગટે તેનો આ અધિકાર છે.

જે મેં પૂર્વે કર્મ કર્યું, કરાવ્યું અને અન્ય કરતો હોય તેનું અનુમોદન કર્યું—મનથી, વચનથી તથા કાયાથી, તે મારું દુષ્કૃત મિથ્યા હો ! કર્મ કરવું, કરાવવું અને અન્ય કરનારને અનુમોદવું તે સંસારનું બીજ છે. એમ જાણીને તે દુષ્કૃત પ્રત્યે હેયબુદ્ધિ આવી ત્યારે જીવે તેના પ્રત્યેનું મમત્વ છોડ્યું. તે જ તેનું મિથ્યા કરવું છે.

આત્મા ચૈતન્ય સ્વભાવી છે. તેના તરફ વળે તો પુણ્ય-પાપ, દયા-દાન, કામ-ક્રોધાદિના ભાવો પૂર્વે કર્યા હોય, કરાવ્યા હોય અને બીજો કરતો હોય તેને અનુમોદન આપ્યું હોય તે ખોટું હતું એમ જ્ઞાની જાણે છે. જે ભાવે ૧૪૮ કર્મપ્રકૃતિ બંધાય તે ભાવો મન-વચન-કાયાથી પૂર્વે કર્યા—કરાવ્યા કે અનુમોદ્યા હોય તો તે દુષ્કૃત મિથ્યા થાઓ. 'હું જ્ઞાતાદ્રષ્ટા છું' એવી અંતર્ દ્રષ્ટિ થઈ અને એમાં સ્થિર થતાં વિકારનું પરિણમન જ ન રહે તેને 'દુષ્કૃત મિથ્યા થયું'—એમ કહે છે. દેહાદિની ક્રિયા તો પર છે અને વિકાર આત્માનો સ્વભાવ નથી. છતાં તે મારો વિકાર દુષ્કૃત થાઓ, એમ કહેવું તે કથનશૈલિ છે. કેમ કે જે ટાળવા માગે છે તે મારું છે એમ જ્ઞાની માનતો નથી. જ્ઞાતાદ્રષ્ટાની પ્રતીત થઈ એમાં લીનતા થાય એ જ સાચું પ્રતિક્રમણ છે.

મારી પર્યાયમાં શુભભાવ થાય તે મારું કર્તવ્ય નથી. શુદ્ધ જ્ઞાતા સ્વભાવી હું છું તેથી જ્ઞાન એ જ મારું કર્તવ્ય છે. પુણ્ય અને પાપ બન્ને ભૂંડા ભાવ છે. આત્મા એક જ ભલો છે એવો નિર્ણય કર્યો તેને પ્રથમ મિથ્યાત્વનું પ્રતિક્રમણ કહે છે. અજ્ઞાનીને પ્રતિક્રમણ હોતું નથી. શુભભાવ હોય કે જે ભાવે તીર્થંકર નામકર્મ બંધાય, આહારક શરીર બંધાય, વૈમાનિક દેવનું આયુષ્ય બંધાય અને વીતરાગની વાણી મળે, તે ભાવ સંસારને વધારનારો છે. તે

દુષ્કૃત મિથ્યા હો. ચૈતન્ય સ્વભાવ એક જ સારો છે, એમ નિર્ણય કર્યા વગર પરની રુચિ છૂટે નહિ અને સાચું પ્રતિક્રમણ થાય નહિ.

જે ભાવથી બંધન થાય તે બધો દુષ્કૃત છે. વ્યવહાર કર્યો હોય, કરાવ્યો હોય અને અનુમોદન આપ્યું હોય તે બધું સંસારનું બીજ છે; એમ જાણીને હેયબુદ્ધિ આવી ત્યારે એનું મમત્વ છૂટી ગયું. આ રીતે મન, વાણી અને દેહથી કર્યું, કરાવ્યું અને અનુમોદ્યું હોય તે દુષ્કૃત મિથ્યા થાઓ. તે પ્રતિક્રમણ છે. એના ઓગણપચાસ ભેદ છે તે સમયસાર પાને ૪૫૦માંથી જોઈ લેવા.

હવે આ કથનના કળશરૂપે કાવ્ય કહે છે.

## કળશ ૨૨૬

**અર્થ** :—જે મેં મોહથી અર્થાત્ અજ્ઞાનથી ભૂતકાળમાં કર્મ કર્યાં તે સમસ્ત કર્મને પ્રતિક્રમીને હું નિષ્કર્મ અર્થાત્ સર્વકર્મોથી રહિત ચૈતન્યસ્વરૂપ આત્મામાં આત્માથી જ (પોતાથી જ) નિરંતર વર્તું છું—એમ જ્ઞાની અનુભવ કરે છે.

"આત્મા અને દેહ ભિન્ન છે તેથી દેહની ક્રિયાથી આત્માને પાપ લાગતું નથી માટે દેહથી જેટલા ભોગ લેવાય તેટલા લ્યો"—એમ માનીને કોઈ મશ્કરી કરે છે; તે વસ્તુના સ્વભાવને સમજતા નથી. અરે ભગવાન ! આ શરીર જડ છે તે મારાથી ચાલે છે અને તેનાથી હું ભોગ લઈ શકું છું—એમ ત્રણ કાળમાં બનતું નથી. અજ્ઞાનીને પણ શરીરની ક્રિયાનું પાપ લાગતું નથી પણ હું શરીરને ચલાવી શકું છું, એવા અભિમાનનું અને તેને ભોગવવાના ભાવ કરે છે તેનું પાપ તેને લાગે છે. કેમ કે રાગ-દ્વેષના ભાવ કરે છે તે જ પાપ છે. શરીર જીર્ણ થઈ ગયું હોય અને તેથી ભોગ ન લઈ શકતો હોય પણ આત્મામાં જે ભાવ કરે છે તેનું પાપ લાગે છે.

શરીરથી મેં કામ કર્યું અને હવે મેં છોડ્યું, વાણી મેં કરી હતી અને હવે તેને છોડી—એ બધો અજ્ઞાનભાવ છે. હાલ તો સાધુ નામ ધરાવીને પણ એવું માને છે કે ઝાડની છાંયે કોઈ બેઠા હોય ને તેથી તેને શાતા થાય, તો તે ઝાડને પુણ્ય થાય છે. આવી અજ્ઞાનપૂર્વક મૂઢતા હોય છે. અહીં તો કહે છે કે પરથી કે શરીરની ક્રિયાથી પુણ્ય થાય નહિ. પુણ્ય-પાપરૂપે તો આત્મા પોતે થાય છે. પૂર્વે પુણ્ય-પાપરૂપે આત્મા પરિણમ્યો હતો, તે બધાં કર્મરહિત થાઉં છું એટલે કે પુણ્ય-પાપથી પાછો ફરું છું.

'હું જ્ઞાતા છું' તેને ભૂલીને પૂર્વે પુણ્ય-પાપને સારાં માન્યાં હતાં, તે બધાં પાપોને સ્વભાવની દ્રષ્ટિ કરી, એમાં લીન થઈને હું છોડું છું. રાગ અને પુણ્ય વિનાનો સિદ્ધ સ્વભાવી જાણવા—દેખવારૂપ આત્મા છે. તેવા શુદ્ધ

આત્માને વ્રતાદિ વ્યવહાર કરે તો પમાય, એમ અજ્ઞાની કહે છે. પણ તે વાત ખોટી છે. અહીં તો કહે છે કે આત્મા ચૈતન્યસ્વભાવી છે. એ ચૈતન્યસ્વભાવી આત્મામાં ચૈતન્યસ્વભાવી આત્માથી નિરંતર વર્તું છું—એક સમય પણ ધર્મી જીવ ચૈતન્ય સ્વભાવની મુખ્યતાને ચૂકીને શુભભાવની મુખ્યતા કરતો નથી. શુભ ભાવની મુખ્યતા થાય તો મિથ્યાદ્રષ્ટિ થાય છે. દયા, દાન, વ્રતાદિની મુખ્યતા ન આવે તે ચારિત્ર છે. પ્રતિક્રમણ પણ તે જ છે. આવું એક સેકન્ડનું પ્રતિક્રમણ મોક્ષ આપે છે. તે પ્રતિક્રમણનું સ્વરૂપ મિથ્યાદ્રષ્ટિએ સાંભળ્યું પણ નથી. સમ્યગ્દર્શન વિના સામાયિક, પ્રતિક્રમણાદિ સાચાં હોતાં નથી.

**ભાવાર્થ :—**ભૂતકાળમાં કરેલાં કર્મને ૪૯ ભંગપૂર્વક મિથ્યા કરનારું પ્રતિક્રમણ કરીને જ્ઞાની, જ્ઞાનસ્વરૂપ આત્મામાં લીન થઈને નિરંતર ચૈતન્ય સ્વરૂપ આત્માનો અનુભવ કરે તેનું આ વિધાન છે. 'મિથ્યા' કહેવાનું પ્રયોજન આ પ્રમાણે છે : જેવી રીતે કોઈએ પહેલાં ધન કમાઈને ઘરમાં રાખ્યું હતું. પછી તેના પ્રત્યે મમત્વ છોડ્યું ત્યારે તેને ભોગવવાનો અભિપ્રાય ન રહ્યો. તે વખતે ભૂતકાળમાં જે ધન કમાયો હતો, તે નહિ કમાયા સમાન જ છે. તેવી રીતે જીવે પહેલાં કર્મ બાંધ્યું હતું પછી જ્યારે તેને અહિતરૂપ જાણીને તેના પ્રત્યે મમત્વ છોડ્યું અને તેના ફળમાં લીન ન થયો ત્યારે ભૂતકાળમાં જે કર્મ બાંધ્યું હતું તે નહિ બાંધ્યાં સમાન મિથ્યા જ છે.

આ રીતે પ્રતિક્રમણનો કલ્પ પૂરો થયો. હવે ટીકામાં આલોચના કલ્પ કહે છે.

હું વર્તમાનમાં કર્મ કરતો નથી, કરાવતો નથી, અન્ય કરતો હોય તેને અનુમોદતો નથી—મનથી, વચનથી તથા કાયાથી. હું મનથી, વચનથી કે કાયાથી શુભાશુભ ભાવને કરતો નથી, કરાવતો નથી અને અનુમોદતો નથી. 'હું જ્ઞાયક સ્વભાવી છું'—એની મુખ્યતામાં રાગાદિની મુખ્યતા જ્ઞાનીને થતી નથી. અશુભ કરતાં શુભ કંઈક સારું છે—એમ વાણીથી પણ કહેવાયું હોય તો તેનાથી હું પાછો ફરું છું—એમ નવ નવ કોટિએ ૪૯ ભંગ લઈ લેવા.

હવે આ કથનના કળશરૂપે કાવ્ય કહે છે.

## કળશ ૨૨૭

**અર્થ :—**નિશ્ચય ચારિત્રને અંગીકાર કરનાર કહે છે એટલે સ્વરૂપની રમણતા કરનાર કહે છે કે—મોહના વિલાસથી ફેલાયેલું જે આ ઉદયમાન (ઉદયમાં આવતું) કર્મ તે સમસ્તને આલોચીને (તે સર્વકર્મની આલોચના કરીને) સર્વ કર્મોથી રહિત ચૈતન્ય સ્વરૂપ આત્મામાં આત્માથી જ નિરંતર વર્તું છું. શુભાશુભ જેટલી લાગણી થાય છે તે મોહના કારણે થયેલી છે.

એટલે કે આત્માના કારણે થઈ નથી. કેમ કે જ્ઞાની સમજે છે કે તે મારા સ્વભાવમાં નથી. વળી તે શુભાશુભ લાગણી કરે છે અને પછી છોડે છે એમ પણ નથી. હું આત્મા તે સર્વે શુભાશુભ ભાવથી રહિત છું—એમ ચૈતન્ય સ્વરૂપી આત્મા પોતામાં પોતાથી જ અનુભવ કરે છે. પરથી આત્મામાં સંવર થાય—એમ જે માને છે, તે વીતરાગની આજ્ઞાનો વિરાધક છે. સંવરની—આલોચનાની ક્રિયા તેને હોતી નથી. પુણ્ય-પાપની લાગણી વિનાનો મારો સ્વભાવ છે—એમ જે માને છે, તે પુણ્ય-પાપથી આત્મામાં સંવર થાય—એમ માને નહિ.

**ભાવાર્થ :—**વર્તમાન કાળમાં કર્મનો ઉદય આવે તેના વિષે જ્ઞાની એમ વિચારે છે કે પૂર્વે તે કર્મ બાંધ્યું હતું તેનું આ કાર્ય છે. મારું તો આ કાર્ય નથી. હું આનો કર્તા નથી. હું તો શુદ્ધ ચૈતન્યમાત્ર આત્મા છું, તેની દર્શન-જ્ઞાનરૂપ પ્રવૃત્તિ છે. **તે દર્શન-જ્ઞાનરૂપ પ્રવૃત્તિ વડે હું આ ઉદયમાં આવેલા કર્મનો દેખનાર—જાણનાર છું,** મારા સ્વરૂપમાં જ હું વર્તું છું. આવું અનુભવન કરવું તે નિશ્ચયચારિત્ર છે.

આત્મા જ્ઞાનાનંદ સ્વભાવી છે. તેમાં લીન થનાર જ્ઞાની પુણ્ય-પાપને પોતાની નબળાઈનું કાર્ય છે, એમ માનીને તેનો આદર કરતો નથી. પોતાનો સ્વભાવ નહિ હોવાથી કર્મના લક્ષે થાય છે તેથી કર્મનું કાર્ય છે એમ કહ્યું છે. સમ્યગ્દ્રષ્ટિ વ્યવહારશ્રદ્ધાને અને શુભભાવને કર્મનું કાર્ય માને છે. આત્માનું કાર્ય માનતો નથી. આત્મા તેનો કર્તા નથી. ચૈતન્યસ્વભાવની મુખ્યતામાં એની મુખ્યતા નથી. માટે જ્ઞાની રાગનો કર્તા નથી.

અહીં તો કહે છે કે આત્મા જ્ઞાન-દર્શનમય છે. એની પ્રવૃત્તિ વિકાર નથી. જ્ઞાન-દર્શન તે આત્માની પ્રવૃત્તિ છે. દેહની પ્રવૃત્તિ તો આત્માની નથી જ, પણ પુણ્ય-પાપની પ્રવૃત્તિ પણ આત્માની નથી. આ કેવળીની વાત નથી. રાગ-દ્વેષની પ્રવૃત્તિ હોવા છતાં દર્શન-જ્ઞાન પરિણતિની મુખ્યતામાં પુણ્ય-પાપની પ્રવૃત્તિને ગૌણ ગણીને વ્યવહાર કહીને તે પ્રવૃત્તિ નથી એમ કહ્યું છે. સાધકદશાની આ વાત છે. રાગ થયો તેને સ્વભાવમાં રહીને હું જાણનાર છું. આવી પ્રતીતિ તે સમ્યગ્દર્શન છે અને તેમાં લીન થવું તે ચારિત્ર છે.

આ રીતે આલોચના કલ્પ (સંવરની વિધિ) સમાપ્ત થયો.

હવે ટીકામાં પ્રત્યાખ્યાનની વિધિ કહે છે. તે પ્રત્યાખ્યાન કરનાર કહે છે કે—

હું ભવિષ્યમાં કર્મ કરીશ નહિ, કરાવીશ નહિ, અન્ય કરતો હોય તેને અનુમોદીશ નહિ—મનથી, વચનથી તથા કાયાથી. હું પાપરૂપે તો નહિ પણ પુણ્યપરિણામરૂપે પણ પરિણમીશ નહિ. આમ ચોથા-પાંચમા અને છઠ્ઠા ગુણસ્થાનવાળો જીવ કહે છે. ભવિષ્યમાં રાગરૂપે થવું તે મારું કાર્ય નથી.

અલ્પ રાગરૂપે થાય છે તે વખતે પણ આત્મા પોતાના ચૈતન્યસ્વભાવથી અધિકરૂપે થાય છે, તે આત્માનું સ્વરૂપ છે.

અજ્ઞાનીને જો બહારની ક્રિયા કરવાનું કહેવામાં આવે તો સમજાય પણ આમાં એને સૂઝ પડતી નથી. તેને કહે છે કે આત્માએ પરપદાર્થને ગ્રહણ કર્યા નથી તો છોડવાની વાત જ નથી. આત્મ જડથી ભિન્ન છે, તો શરીરાદિથી ભોગ લેવામાં શું વાંધો, એમ કહેનાર આ વાતની મશ્કરી કરે છે. તેને વીતરાગની સત્ય વાત કાને પડવાના પ્રસંગ આવ્યા તે વખતે પણ ઊંધાઈ કરે છે. ચૈતન્ય સ્વભાવની સ્વતંત્રતાની વાત સાંભળવા મળી ત્યારે જે તેનો નકાર કરે છે; તેને કહે છે કે એનો 'દી' ફર્યો છે. ફરી આવાં મનુષ્યભવનાં ટાણાં મળશે નહિ. તત્ત્વનો વિરોધ કરનારા નિગોદમાં ચાલ્યા જશે.

અહીં ધર્મી જાણે છે કે ભવિષ્યમાં શુભાશુભ ભાવ હું મનથી, વચનથી કે કાયાથી કરીશ નહિ, કરાવીશ નહિ અને કરનારને અનુમોદન આપીશ નહિ. આ રીતે પ્રત્યાખ્યાનના ૪૯ ભંગ કહ્યા છે.

*

## શ્રી સમયસાર કળશ ૨૨૮

**(કારતક વદ ૧૦, શનિવાર, ૨૦૦૮, તા. ૨૪-૧૧-૫૧)**

પ્રત્યાખ્યાન કેમ થાય? તે કહે છે. ધર્મ કહો, શાંતિ કહો કે પ્રત્યાખ્યાન કહો, તે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર છે; તે ધર્મરૂપે કોણ થાય છે ને કેવી રીતે થાય છે તેનું પ્રથમ જ્ઞાન કરવું જોઈએ અને જેના નિમિત્તે એ જ્ઞાન થાય એવા દેવ-ગુરુ-શાસ્ત્રનો પણ પ્રથમ નિર્ણય કરવો જોઈએ. વળી અધર્મ ટાળવો હોય તો અધર્મ ક્યાં થાય છે અને કેવી રીતે થાય છે? આત્માના ભાવમાં થાય છે કે પર્યાયમાં થાય છે? અને ધર્મ પણ સ્વભાવના લક્ષે થાય છે કે વિકારના લક્ષે થાય છે? તેનો પ્રથમ નિર્ણય કરવો જોઈએ.

આત્માની પૂર્ણ નિર્મળ દશા જેમને પ્રગટ થઈ છે—તે દેવ છે અને એમના કહેલાં, તે શાસ્ત્રો છે. પૂર્ણ સ્વરૂપને પ્રાપ્ત કરવાનું સાધન કરી રહ્યા છે—તે ગુરુ છે. તેનો આશ્રય કરનારે પ્રથમ કુદેવ, કુગુરુ, કુશાસ્ત્રનો આશ્રય છોડવો પડશે. વળી જો રાગને છોડી રાગરહિત થવું હોય તો વીતરાગ સ્વરૂપ જ્ઞાનાનંદ આત્માને પ્રથમ જાણવો પડશે. દેવ-ગુરુ-શાસ્ત્ર પણ રાગરહિત એવા આત્માનો આશ્રય કરવાનું કહે છે પણ અમારો આશ્રય કર તો ધર્મ થશે—એમ કહેતા નથી. પ્રથમ દેવ-ગુરુ-શાસ્ત્રનું નિમિત્ત હોય છે ખરું, પણ તે સંયોગી પદાર્થો છે. તેના આશ્રયે જ્ઞાન થતું નથી. સ્વભાવના આશ્રયે જ્ઞાન થાય છે, એમ નક્કી કરવું જોઈએ. પ્રાપ્તની પ્રાપ્તિ છે. ચૈતન્ય

આત્મા શાંતિનો સાગર છે. તેનો નિર્ણય કરીને, અંતર્મુખ અવલંબન કરે તે જ શાંતિ છે, તે જ પચ્ચખાણ છે.

હવે આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે.

## કળશ ૨૨૮

**અર્થ** :—પ્રત્યાખ્યાન કરનાર જ્ઞાની કહે છે એટલે કે રાગનો અભાવ કરનાર એમ કહે છે કે હું સ્વભાવમાં રમું તો ધર્મ થાય. જેટલો અંતરમાં એકાગ્ર થાઉં તેટલી શાંતિ પ્રગટ થાય છે; એવો નિર્ણય કર્યા પછી રાગનો ત્યાગ થાય છે. પચ્ચખાણનું રૂપ ધારણ કરનાર જ્ઞાની એવું રૂપ ધારણ કરે છે કે મારે હવે સ્વભાવમાંથી બહાર નીકળવું નથી. સ્વભાવમાં વિશેષ લીન થાય તે પ્રત્યાખ્યાન છે.

ભવિષ્યના સમસ્ત કર્મને પચખીને (ત્યાગીને) જેનો મોહ નષ્ટ થયો છે એવો હું, નિષ્કર્મ અર્થાત્ સર્વ કર્મોથી રહિત ચૈતન્ય આત્મામાં આત્માથી જ (પોતાથી જ) નિરંતર વર્તુ છું. જ્ઞાનીને 'પરમાંથી મને સુખ થશે'—એવો મોહ નષ્ટ થયો છે. મારા સુખની દશા રાગમાંથી કે પરમાંથી આવે છે—એવી ભ્રમણા જ્ઞાનીને હોતી નથી. જ્ઞાની સમજે છે કે અંતર જ્ઞાયક સ્વભાવમાં રમણતા કરું એ જ પચ્ચખાણ છે. જગતને એમ લાગે છે કે આમ માનવાથી નિમિત્ત ઊડી જાય છે, પણ તેને ભાન નથી. આત્માને સમજવાની સાચી જિજ્ઞાસા ઉત્પન્ન થઈ એટલે સાચું નિમિત્ત મળ્યા વગર રહે નહિ. છતાં એના લક્ષે સમ્યગ્દર્શન પ્રગટ થતું નથી.

નિમિત્ત ન હોય એમ બને નહિ અને નિમિત્તને લઈને ધર્મ થાય છે એમ પણ નથી. પરથી સુખ થાય એવો વિશ્વાસ છે; એને ગુલાંટ મારીને સ્વભાવમાં મારી શાંતિ અને સુખ છે એવો વિશ્વાસ કોણ આપે? દેવ-ગુરુ-શાસ્ત્ર એ વિશ્વાસ આપે નહિ. એ વિશ્વાસ પોતે ન કરે તો નિમિત્તને નિમિત્તપણું પણ કહેવાય નહિ. આત્મા સ્વભાવિક વસ્તુ છે. તેને કોઈ પરનું અવલંબન હોય નહિ. આવું ભાન થયા વગર પચ્ચખાણ હોય નહિ.

ચૈતન્ય સ્વરૂપી આત્મા પોતામાં પોતાથી નિરંતર વર્તે છે એટલે કે સ્વભાવ રૂપે થવું તે પચ્ચખાણ છે. રાગની દ્રષ્ટિ છોડવી અને સ્વભાવની દ્રષ્ટિ કરવી એવી તાકાત આત્માની પોતાની છે. તે કોઈ કરાવી દે એવું નથી. ચૈતન્ય સ્વભાવી આત્માનું ભાન કરે ને પછી તે સ્વરૂપમાં સ્થિર થાય તે નિશ્ચય ચારિત્ર છે.

**ભાવાર્થ** :—નિશ્ચય ચારિત્રમાં પ્રત્યાખ્યાનનું વિધાન એવું છે કે સમસ્ત આગામી કર્મોથી રહિત, ચૈતન્યની પ્રવૃત્તિરૂપ પોતાના શુદ્ધોપયોગમાં

વર્તવું તે પ્રત્યાખ્યાન છે, તેથી જ્ઞાની આગામી સમસ્ત કર્મોનું પ્રત્યાખ્યાન કરીને પોતાના ચૈતન્ય સ્વરૂપમાં વર્તે છે.

ક્ષણમાત્રમાં શરીરનો વિયોગ થઈ જાય છે, તે આશ્ચર્યની વાત નથી. સ્વભાવનો નિર્ણય કરવાનાં ટાણાં આવ્યા ત્યારે પણ નિર્ણય ન કરે તો મનુષ્ય ભવ મળ્યો તે નિરર્થક ચાલ્યો જશે. પછી એના આરા આવશે નહિ. એક રજકણ બીજા રજકણને સ્કંધમાં પણ અડ્યો નથી. તો શરીર અને આત્મા બન્ને એક થાય, એમ ત્રણકાળમાં બનતું નથી. અને પુણ્ય-પાપના ભાવો પણ સ્વભાવમાં એકમેક ત્રણકાળમાં થતા નથી. આવું ભાન કર્યા વગર સાચું પચ્ચખાણ થતું નથી. સ્વભાવને સમજી એમાં લીનતા કરે તે પચ્ચખાણ અને સાચું ચારિત્ર છે.

અહીં તાત્પર્ય આ પ્રમાણે જાણવું, વ્યવહાર ચારિત્રમાં તો પ્રતિજ્ઞામાં જે દોષ લાગે તેનું પ્રતિક્રમણ, આલોચના તથા પ્રત્યાખ્યાન હોય છે. મુનિદશામાં એને ન છાજે એવો અશુભભાવ થયો હોય તો ગુરુ પાસે જઈને એનું નિવેદન કરે, તે વ્યવહાર પ્રતિક્રમણાદિ છે. પશ્ચાત્તાપ થવો તે શુભભાવ છે, તે વ્યવહાર ચારિત્ર છે. અહીં તો નિશ્ચય ચારિત્રનું પ્રધાનપણે કથન હોવાથી શુદ્ધોપયોગથી વિપરીત, સર્વ કર્મો આત્માના દોષ સ્વરૂપ છે. આત્માનું ભાન થાય તો શુભભાવને વ્યવહાર કહેવાય છે.

તે સર્વ કર્મચેતના સ્વરૂપ પરિણામોનું એટલે કે ત્રણે કાળના કર્મોનું પ્રતિક્રમણ, આલોચના તથા પ્રત્યાખ્યાન કરીને જ્ઞાની સર્વ કર્મ ચેતનાથી જુદા પોતાના શુદ્ધોપયોગરૂપ આત્માના જ્ઞાન-શ્રદ્ધાન વડે અને તેમાં સ્થિર થવાના વિધાન વડે નિષ્પ્રમાદ દશાને પ્રાપ્ત થઈ, શ્રેણિ ચડી કેવળજ્ઞાન ઉપજાવવાની સન્મુખ થાય છે. આ જ્ઞાનીનું કાર્ય છે.

ગયા કાળમાં જે ભાવો થયા હોય તે મારું સ્વરૂપ નથી. હું તો જ્ઞાતા ચૈતન્ય સ્વરૂપી છું—એમ રાગ અને સ્વભાવનો આંતરો પાડે ત્યારે સમ્યક્જ્ઞાન-શ્રદ્ધા થાય છે અને એ શ્રદ્ધાન-જ્ઞાન વડે અપ્રમાદ દશા થાય છે. અને એવા જ્ઞાન-દર્શનની ધારા વડે કેવળજ્ઞાન ઉપજાવવા સમર્થ થાય છે. ધર્મીનું આ કાર્ય છે. પરનું કાંઈ કરવાનું કાર્ય ધર્મીનું નથી. જ્ઞાની તો સમજે છે કે દુનિયાનું જે થવાનું હોય તે થાય પણ મારું તો આ જ કાર્ય છે.

આ રીતે પ્રત્યાખ્યાન કલ્પ સમાપ્ત થયો.

હવે સકળ કર્મના સંન્યાસની ભાવનાને નચાવવા વિષેનું કથન પૂર્ણ કરતાં કળશરૂપ કાવ્ય કહે છે.

## કળશ-૨૨૯

(૧) અર્થ :–શુદ્ધ નિશ્ચયનયનું આલંબન કરનાર કહે છે કે પૂર્વોક્ત રીતે ત્રણ કાળનાં સમસ્ત કર્મોને દૂર કરીને–છોડીને શુદ્ધ નયાવલંબી અર્થાત્ શુદ્ધનયને અવલંબનાર અને વિલીન મોહ અર્થાત્ જેનું મિથ્યાત્વ નષ્ટ થયું છે એવો હું સર્વ વિકારોથી રહિત ચૈતન્ય માત્ર આત્માને અવલંબું છું.

(૨) હું એક જ્ઞાનસ્વભાવી વસ્તુ છું એમાં લીન થવા માગું છું એટલે કે પુણ્ય-પાપનું અવલંબન લેવા માગતો નથી, મારા સ્વભાવમાં ત્રણ કાળના કર્મો નથી એમ નિર્ણય કરીને સ્વભાવમાં સ્થિર થઈને મોહને નષ્ટ કરું છું. પંચ-મહાવ્રત, દયા, દાન, ભક્તિ આદિમાં મારું શ્રેય નથી, હું તો પુણ્ય-પાપની લાગણી વિનાનો છું, મારા આત્માને જ અવલંબું છું, મોહને છોડું છું એ ત્યાગને સમજાવ્યો. આ કર્મ ચેતનાના અભાવની વાત કરી. ચૈતન્ય આત્માને છોડીને પુણ્ય-પાપમાં એકાગ્ર થાય તે કર્મ ચેતના છે. સ્વભાવનું લક્ષ થતાં પુણ્ય-પાપનું લક્ષ ઉત્પન્ન થતું જ નથી. તે કર્મ ચેતનાનો ત્યાગ છે.

(૩) ચૈતન્ય ભગવાન આત્માના લક્ષમાં જ્ઞાન ચેતનાનો પાક થતાં કર્મના ફળ તરફનો ભાવ રહેતો નથી. તેને કર્મફળનો ત્યાગ કહે છે, તે વાત હવે કહે છે.

---

હવે સકળ કર્મફળના સંન્યાસની ભાવનાને નચાવે છે. ત્યાં પ્રથમ તે કથનના સમુચ્ચય – અર્થનું કાવ્ય કહે છે.

## કળશ—૨૩૦

**અર્થ :—**સમસ્ત કર્મફળની સંન્યાસ ભાવના કરનાર કહે છે કે કર્મરૂપી વિષ-વૃક્ષના ફળ મારા ભોગવ્યા વિના જ ખરી જાઓ. હું મારા ચૈતન્ય સ્વરૂપ આત્માને નિશ્ચયપણે સંચેતું છું—અનુભવું છું.

પહેલી વાત એ છે કે ૧૪૮ કર્મ પ્રકૃતિમાં કોઈપણ ઉદયમાં આવે અને શરીરાદિમાં શાતા રહે વગેરે અનુકૂળતા હોય તો ઠીક—એમ ચૈતન્ય સ્વભાવને ભૂલીને જે પરની ભાવના કરે છે, તેને ચૈતન્યના આનંદરૂપી ફળની ભાવના નથી. જ્ઞાની પોતાનો આનંદમય શાંત અનાકુળ સ્વભાવ છે તેને અનુભવે છે. તીર્થંકર નામકર્મ રૂપ ફળ તે પણ વિષવૃક્ષનું ફળ છે, એમ તે માને છે. તે પ્રકૃતિ બંધાણી છે તે જડ છે. તે પ્રકૃતિ જેના નિમિત્તે બંધાણી, એ ભાવ પણ આશ્રવ અને વિકાર છે, એને પણ કરવો નથી. તેને એના ફળની ભાવના હોતી નથી.

શાતા વેદનીયનો ઉદય હોય તો શરીર સારું રહે, પૈસા હોય તો ધર્મ થાય અને સંઘયણ સારું હોય તો કેવળજ્ઞાન થાય—એવી ભાવના અજ્ઞાનીને હોય છે.

વળી કોઈ કહે છે કે સમ્યગ્દર્શન તો આત્માના પુરુષાર્થને આધીન નથી, કર્મને આધીન છે અને વ્રતાદિની ક્રિયા જે કરીએ છીએ તે ચારિત્રના પ્રસાદથી મહાવિદેહ ક્ષેત્રમાં જઈને ત્યાં સમવસરણમાં દિવ્ય ધ્વનિ સાંભળતાં સમ્યગ્દર્શન થવું હોય તો થઈ જાય કેમ કે તે દૈવાધીન છે અને ચારિત્ર પુરુષાર્થ આધીન છે. આ બધી મિથ્યામાન્યતા છે. વળી તે કહે છે કે ચારિત્ર સમ્યક્દર્શનનું નિમિત્ત છે; પણ બધી વાત ખોટી છે. અહીં તો કહે છે કે 'રાગ કરું અને સ્વર્ગમાં જાઉં'—એવી જેને ભાવના છે તેને સ્વભાવની ભાવના નથી. જેને સ્વભાવની ભાવના નથી એ સાક્ષાત્ ભગવાન પાસે જઈને પણ શું કરવાનો હતો ? કર્મની ભાવનામાં સ્વભાવની ભાવના થતી નથી. તીર્થંકર નામકર્મના ભાવને પણ આદરણીય માન્યો તો તે મિથ્યાત્વ છે.

આત્મ સ્વભાવમાં શાંતિ, સુખાદિની મૂડી ભરી છે. તેમાંથી શાંતિ–સુખ વગેરે આવશે પણ બહારથી તે આવે તેમ નથી. તીર્થંકર નામકર્મ પણ વિષવૃક્ષનું ફળ છે. તેનાથી આત્મામાં વિકાસ થતો નથી. તે વિષવૃક્ષનાં ફળ મારા ભોગવ્યા વિના જ ખરી જાઓ—એવી જ્ઞાનીની ભાવના છે. અજ્ઞાની રાગ અને પુણ્યની ભાવના કરે છે. ધર્મી જીવ તો સ્વભાવની જ ભાવના ભાવે છે, એમાં રાગ રહી જાય છે તેને કારણે પુણ્ય બંધાય છે પણ જ્ઞાનીને પુણ્યની ભાવના હોતી નથી.

જડને આત્મા ભોગવી શકતો નથી તો તેને ભોગવવાની તો અહીં વાત જ નથી. પણ તેના લક્ષે રાગાદિ થાય, તે મારે જોઈતા નથી એમ જ્ઞાની ભાવે છે, શાસ્ત્રમાં આવે છે કે સમ્યગ્દ્રષ્ટિ દેવ પણ મનુષ્યપણાની ભાવના કરે છે, તો તે નિમિત્તનું કથન છે. ખરેખર તો 'રુચિ અનુયાયી વીર્ય' હોય છે. જ્ઞાની તો સ્વભાવમાં નિશ્ચળપણે રહે છે. તે તો ભાવના ભાવે છે કે કર્મના ફળ રૂપે થવું જ નથી. શુભભાવ વખતે પણ હું અશુભમાં ન આવું અને શુદ્ધ થઈ જાઉં, એવી ભાવના હોય છે. બહારની અનુકૂળતા મળે અને ધર્મ કરીએ એ તો સંસારની ભાવના છે. બહારમાં પુણ્ય વગર મળતું નથી. ઘણા તો એમ કહે છે કે અન્યાય અને અનીતિ કરે તો જ પૈસા મળે; એને તો પુણ્યની પણ શ્રદ્ધા નથી. અહીં તો કહે છે કે ધર્મીને પુણ્યની પણ ભાવના નથી. તે તો પોતાના ચૈતન્ય સ્વરૂપી આત્માને જ હું અનુભવું છું—એવી ભાવના કરી રહ્યો છે.

***

# પ્રસાદ નં- ૩૪

## સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર

## શ્રી સમયસાર કળશ ૨૩૦

**(કારતક વદ ૧૧, રવિવાર, તા. ૨૫-૧૧-૫૧)**

**ભાવાર્થઃ—**જ્ઞાની કહે છે કે જે કર્મ ઉદયમાં આવે છે તેના ફળને હું તારા દ્રષ્ટાપણે દેખું છું, તેનો ભોક્તા થતો નથી માટે મારા ભોગવ્યા વિના જ તે કર્મ ખરી જાઓ. હું મારા ચૈતન્ય સ્વરૂપ આત્મામાં લીન થયો થકો તેનો દેખનાર–જાણનાર જ છું.શરીર, વાણીને મનથી તો ધર્મ નથી, પણ દયા, દાન, ભક્તિ, વ્રતાદિના પરિણામ થાય એનાથી પણ ધર્મ નથી, ધર્મ તો હું ચૈતન્ય જ્ઞાનઘન છું, એની દ્રષ્ટિ કરવાથી થાય છે, એમ જાણીને વિશેષ લીનતા થતાં હું કર્મના ફળને અને રાગ-દ્વેષને જાણું છું ને દેખું છું એમ જ્ઞાનીને ચોથા-પાંચમાં-છઠ્ઠા ગુણસ્થાનમાં દ્રષ્ટિની મુખ્યતા હોય છે અને સાતમાથી શ્રેણી ચડે ત્યારે અનુભવ સાક્ષાત્ હોય છે. હું કર્મ અને કર્મ ફળનો ભોગવનાર નથી, એમ જાણે છે તે ધર્મ છે.

વીતરાગ મારો અંતર સ્વભાવ છે, એના અવલંબને કર્મ ભોગવ્યા વિના જ ખરી જાઓ, એવી ધર્મીની ભાવના છે એટલે કર્મ મારે ભોગવવું જ નથી, કર્મ અને કર્મફળ વિકાર છે, તે મારી ચીજ નથી માટે એનો હું ભોગવનાર નથી, હું તો તેનો જાણનાર—દેખનાર છું. આ પ્રાથમિક શિષ્યને કહે છે કે આવો વસ્તુનો સ્વભાવ છે, એનું લક્ષ થતાં દેવ-ગુરુ-શાસ્ત્રનો યોગ હોય છે ખરો પણ તેના લક્ષે ધર્મ થતો નથી. સ્વભાવની રુચિ કર્યા વગર કેવળીનો યોગ પણ નિરર્થક ગયો, પોતે સ્વભાવદ્રષ્ટિ કરે તો દેવ-ગુરુ આદિને નિમિત્ત કહેવાય છે.

આનંદઘનજીએ કહ્યું છે, કે,

**દેવ ગુરુ ધર્મની શુદ્ધિ કહો કેમ રહે, કેમ રહે શુદ્ધ શ્રદ્ધા ન આણો,**
**શુદ્ધ શ્રદ્ધાન વિણ સર્વ ક્રિયા કરે, છાર પર લીંપણું તેહ જાણો-ધાર.**

દેવ-ગુરુ પોતાની સામે જોવાનું કહેતા નથી અને વ્રતાદિની ક્રિયાથી ધર્મ થશે, એમ પણ કહેતા નથી. જ્ઞાયક આત્મા પુણ્ય-પાપ રહિત છે, તેની શ્રદ્ધા કર અને તેમાં લીન થા, એ તારી ક્રિયા છે. બહારની ક્રિયા કોઈ કરી શકતું નથી. રાગ તે વિકાર છે તે પણ તારી ક્રિયા નથી, પરની દયા કોઈ કરી શકતું નથી, સમજીને અંતર્લીન થાય તે સાચી દયા કહેવાય, આત્માને ધર્મ કરવો હોય તો બહારના કોઈ કારણથી તે પ્રગટે તેમ નથી, પણ મારા સ્વભાવમાં શાંતિ છે, હું જ્ઞાતાદ્રષ્ટા છું તેમાંથી શાંતિ આવે છે. રાગમાથી કે

કર્મમાંથી તે શાંતિ આવતી નથી માટે તે કર્મ અને કર્મફળ ભોગવ્યા વિનાજ ખરી જાઓ, આમ સમ્યગ્દ્રષ્ટિની ભાવના છે. અજ્ઞાન-શ્રદ્ધાનની પ્રધાનતા છે.

અહીં એટલું વિશેષ જાણવું કે અવિરત, દેશવિરત તથા પ્રમત સંયત દશામાં તો આવું જ્ઞાન-શ્રદ્ધાન જ પ્રધાન છે, અને જ્યારે જીવ અપ્રમત દશાને પામીને શ્રેણી ચડે છે ત્યારે આ અનુભવ સાક્ષાત્ હોય છે. પાંચમે ગુણસ્થાને પણ જ્ઞાનીને જેટલી શુદ્ધતા થઈ છે તેનો અનુભવ હોય છે, વિકારના અનુભવની પ્રધાનતા નથી પણ આત્માનાં જ્ઞાન-શ્રદ્ધાની પ્રધાનતા છે. છઠ્ઠા ગુણસ્થાનમાં પણ શુદ્ધાત્મ દ્રવ્યનાં જ્ઞાન અને શ્રદ્ધાનની મુખ્યતા હોય છે, દ્રવ્યલિંગી મિથ્યાદ્રષ્ટિને આવી શુદ્ધ હોતી નથી. છઠ્ઠા ગુણસ્થાને આવાં શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્ર હોય ત્યારે બહારમાં નગ્ન દશા જ હોય છે. છ કાયના જીવની દયા હું પાળી શકું છું એમ અજ્ઞાની માને છે, અને તેમાં મુનિપણું માને છે, વળી બહારનો પરિગ્રહ આત્માએ છોડયો છે એમ પણ તે માને છે, પણ દેહ આદિ પરદ્રવ્યની ક્રિયા હું કરી શકું છું અને પર દ્રવ્યો મેં છોડયાં એમ જે માને છે, તેને મિથ્યાત્વનો પરિગ્રહ છે. આ પરિગ્રહ છોડયા વગર સાચું મુનિપણું હોતું નથી.

જ્ઞાયકમૂર્તિ આત્મા છે, તે રાગને પોતાનો માને તો તેને મિથ્યાત્વનો પરિગ્રહ છે, તે છોડયા વગર બહારનો પરિગ્રહ છોડયાનો સાચો આરોપ પણ આવે નહિ. અહીં તો કહે છે કે આત્મા વીતરાગની વાણીનો અનુભવ કરતો નથી, તે આત્માને લાભદાયક નથી. આમ છઠ્ઠે ગુણસ્થાને જ્ઞાન-શ્રદ્ધાનની મુખ્યતા છે અને સાતમે ગુણસ્થાને ચારિત્રની મુખ્યતામાં શ્રેણી ચડે ત્યારે સાક્ષાત્ અનુભવ થાય છે.

હવે ટીકામાં સફળ કર્મફળના સંન્યાસની ભાવનાને નચાવે છે.

## (૧) ''હું મતિજ્ઞાનાવરણીય કર્મના ફળને નથી ભોગવતો, ચૈતન્ય સ્વરૂપ આત્માને જ સંચેતું છું,''

મતિજ્ઞાનમાં આવરણરૂપ એક કર્મ એના તરફ જોડાઈને જ્ઞાની એને ભોગવતો નથી. જ્ઞાનની હીણી અવસ્થા થાય છે, તેમાં નિમિત્ત મતિજ્ઞાનાવરણીય કર્મ છે. તેના તરફની રુચિ ગઈ અને સ્વભાવની રુચિ થઈ એટલે તેને જ્ઞાની ભોગવતો નથી, એમ કહે છે. જ્ઞાની ચૈતન્ય સ્વભાવની મુખ્યતાને વેદે છે, જ્ઞાનની હીણી પર્યાયને ગૌણ ગણી, વ્યવહાર ગણી, અભૂતાર્થ ગણી તેને જ્ઞાની ભોગવતો નથી,

હું ચૈતન્ય સ્વરૂપી જ્ઞાતાને જ અનુભવું છું. એ વખતે પર્યાયમાં નબળાઈને કારણે હીણી અવસ્થા છે તેનો પણ અનુભવ છે પણ તેને ગૌણ કરીને અભાવ કહ્યો છે. પર્યાયમાં તે હીણી અવસ્થા ન હોય તો સાધકપણું

રહેતુ નથી, એટલે નિશ્ચય તરફનો ઝૂકાવ છે તો નબળાઈ પણ છે. તે બન્ને એકી સાથે છે પણ દ્રષ્ટિની મુખ્યતામાં નબળાઈને ગૌણ કરી છે, તેથી ધર્મીને સતત ધર્મ હોય છે, છતી પૂર્ણ પર્યાય નથી. જો પૂર્ણ પર્યાય હોય તો કેવળજ્ઞાન હોય, અહીં તો સાધકની વાત છે. એકલા મતિજ્ઞાનને પર્યાયવાળો નહિ પણ હું ચૈતન્ય જ્ઞાતા છું એવી ધર્મીને દ્રષ્ટિની મુખ્યતા હોય છે, અને વ્યવહારનો અંશ છે તે જ્ઞાન કરાવવા માટે છે, આદરવા માટે નથી, તેથી જ્ઞાની મતિજ્ઞાનાવરણીય કર્મના ફળને ભોગવતો નથી.

આ એક એક બોલે નિશ્ચયની પ્રધાનતાનું કથન છે. ૧૪૮ કર્મ પ્રકૃતિના ૧૪૮ બોલ આવશે, વર્તમાન જ્ઞાનની પર્યાય હીણી હોય તો તેથી જ્ઞાની હતાશ થતો નથી. બરાબર યાદ રહેતું ન હોય, તો જ્ઞાનીને ખેદ થતો નથી, આટલી ધારણા મને ન થઈ અને બીજાને ધારણા થઈ એવો ખેદ જ્ઞાનીને હોતો નથી. જ્ઞાનીને વસ્તુની શ્રદ્ધા હોય છે. જેમ ગોળમાંથી ગોળ ઝરે પણ કાળીજીરી ઝરે નહી, તેમ આત્મામાંથી આનંદ ઝરે છે, પણ વિકાર ઝરતો નથી.

## (૨) "હું શ્રુત જ્ઞાનાવરણીય કર્મના ફળને નથી ભોગવતો, ચૈતન્ય સ્વરૂપ આત્માને જ સંચેતું છું,"

શ્રુત જ્ઞાનની હીણી પર્યાય છે, તેમાં નિમિત્ત શ્રુત જ્ઞાનાવરણીય કર્મ છે. તે હીણી પર્યાયની મુખ્યતા જ્ઞાનીને નથી. સ્વભાવદ્રષ્ટિની મુખ્યતામાં તે પર્યાયને ગૌણ ગણી, અભૂતાર્થ ગણી છે, તેથી તેને હું ભોગવતો નથી, અનુભવતો નથી. હું એમ કહેતાં હું બીજા બધા પદાર્થોથી જુદો છું, બધા મળીને એક આત્મા છે એમ નથી, શ્રુત જ્ઞાનની હીણી પર્યાય તે આત્માનું સ્વરૂપ નથી માટે એને કર્મનું ફળ કહ્યું છે, અને સ્વભાવદ્રષ્ટિની મુખ્યતા હોવાથી હું એને ભોગવતો નથી એમ કહ્યું છે, જો દેવ-ગુરૂ-શાસ્ત્રની તેને યથાર્થ શ્રદ્ધા હોય તો તેઓ પણ એમ જ કહે છે કે તું પરિપૂર્ણ છો, ચૈતન્યજ્ઞાતા સ્વભાવ તે ગુણ અને તેનો ધરનાર તે ગુણી આત્મા એવી દ્રષ્ટિ જેને થઈ તે હીણી અવસ્થાને ભોગવતો નથી, પણ આત્માને જ અનુભવે છે.

પહેલાં મતિજ્ઞાનની વાત કરી અને પછી શ્રુતજ્ઞાનની વાત કરી તે તો કથન પદ્ધતિ છે, પહેલાં-પછી નથી પણ એકી વખતે છે પણ સમજાવવામાં ક્રમ પડે છે. જે પોતાના જ્ઞાનની હીણી પર્યાયને પણ ગણતો નથી, તે દયા દાન ભક્તિ વ્રતાદિ વિકારી પર્યાયને ગણે એમ બને જ નહિં. કોઈ કહે કે ઈન્દ્રિયો સારી હોય અને બહારના સંભળાવનાર હોય તો જ્ઞાન થાય તો તે વાત ખોટી છે. પરના કારણે જ્ઞાન અટકતું નથી. જેમ દરિયામાં ભરતી આવે ત્યારે બહાર ગમે તેવો તડકો હોય તો પણ તે ભરતીને રોકી શકે નહિ અને

દરિયામાં ઓટ હોય ત્યારે બહારથી ગમે તેટલી નદીનાં પાણી આવે અને વરસાદ આવે તો પણ દરિયો ઊછળે નહિ, તેમ જ્ઞાનની જે હીણી પર્યાય છે તેને ટાળવાનો ઉપાય બહારનું વાંચન કે શ્રવણ નથી. વર્તમાન શ્રુતજ્ઞાનની પર્યાય હીણી છે ખરી પણ તેને ગૌણ ગણી અનુભવતો નથી, એમ કહ્યું છે, શાસ્ત્રની ધારણા ન હોય અને પર્યાયમાં અલ્પજ્ઞતા હોય તો પણ સ્વભાવની મુખ્યતામાં એનો આદર નથી, ચૈતન્ય સ્વરૂપી આત્મા કર્મ અને નિમિત્ત સ્વરૂપી તો નથી જ પણ અલ્પ પર્યાય નિરંતર હોવા છતાં તે સ્વરૂપી પણ આત્મા નથી. કોઈ કહે કે શું કેવળજ્ઞાની થઈ ગયો ? તો તેને કહે છે કે અહીં સાધકદશામાં દ્રષ્ટિની મુખ્યતા છે ત્યાં પર્યાય અધૂરી હોય કે પૂરી હોય તેની મુખ્યતા નથી માટે તે પર્યાયને આત્મા અનુભવતો નથી, એમ કહ્યું છે.

## "હું અવધિજ્ઞાનાવરણીય કર્મના ફળને નથી ભોગવતો, ચૈતન્ય સ્વરૂપ આત્માને જ સંચેતું છું."

જ્ઞાનની પર્યાયનો વિકાસ એટલો થાય કે નરક તથા સ્વર્ગ વગેરે અમુક મર્યાદામાં પ્રત્યક્ષ જ્ઞાનમાં આવે, આ અવધિજ્ઞાન મર્યાદિત છે, પૂર્ણ નથી. કોઈને આ જ્ઞાન હોય અને કોઈને ન પણ હોય, પણ જ્ઞાનીને સ્વભાવદ્રષ્ટિની મુખ્યતા હોવાથી તે કર્મના ફળને તે ભોગવતો નથી, એ દશાને ગૌણ કરી ચૈતન્ય સ્વભાવની હું એકાગ્રતા કરું છું. અજ્ઞાની કહે છે કે અવધિજ્ઞાન થયું નહિ તો હવે હું ક્યાં જઈશ ? એમ તેને પર્યાયની મુખ્યતા વર્તે છે. સાધકને અવધિજ્ઞાનની પર્યાય હોવા છતાં તેના તરફ વલણ હોતું નથી. આમ નિશ્ચયની પ્રધાનતામાં સાથે સાથે વ્યવહાર કેવો હોય છે, પણ જણાવે છે જે વખતે પર્યાયમાં નબળાઈ છે તે વખતે. જ્ઞાનીને અંતરાત્માની દ્રષ્ટિ હોય છે તે બધી વાત સાબીત કરે છે.

આ વાત સર્વજ્ઞ સિવાય બીજે હોતી નથી. નિમિત્તના કારણે કે નિમિત્ત પ્રમાણે જ્ઞાનની પર્યાય થતી નથી. જો કર્મના કારણે જ્ઞાનની પર્યાય થતી હોય તો મતિશ્રુતની પર્યાય વધે જ નહિ. તે પર્યાય પોતાની યોગ્યતાના કારણે થાય છે. જ્ઞાનીને અવધિજ્ઞાન હોય કે ન હોય પણ તે પર્યાયને ગૌણ કરી, અભાવ ગણી, જ્ઞાની તેને અનુભવતો નથી, તે તો ચૈતન્ય સ્વરૂપી આત્માને જ અનુભવે છે.

## (૪) "હું મન:પર્યય જ્ઞાનાવરણીય કર્મના ફળને નથી ભોગવતો, ચૈતન્યસ્વરૂપી આત્માને જ અનુભવું છું."

પોતે ઉપયોગ મૂકે તો સામાના મનની વાત જાણે એવું નિર્મળ જ્ઞાન તે મન:પર્યાય જ્ઞાન મુનિને જ હોય છે, બીજાને હોતું નથી. છતાં પણ ચોથા ગુણસ્થાનવાળો સમ્યગ્દ્રષ્ટિ કહે છે કે એ મન:પર્યય જ્ઞાનની પર્યાય મને

ઊઘડી નથી, એનો ખેદ નથી અને એનો મને આદર નથી, કદાચ તે જ્ઞાન ઊઘડ્યું હોય તો પણ એની મુખ્યતા નથી, સ્વભાવની મુખ્યતામાં તેને અનુભવતો નથી, તે ભાવને વેદતો નથી, એટલે મનઃપર્યય જ્ઞાનાવરણીય કર્મના ફળને ભોગવતો નથી. મનઃપર્યય જ્ઞાનની પર્યાય ઊઘડી કે ન ઊઘડી તે તો વ્યવહારનયનો વિષય છે, સ્વભાવદ્રષ્ટિના વિષયમાં હીણી અવસ્થાની નાસ્તિ વર્તે છે એમ ગણીને તે અવસ્થાને જ્ઞાની ભોગવતો નથી એમ કહેલ છે. ધર્મી જીવને મતિ—શ્રુતજ્ઞાન ઊઘડ્યાં હોય અને મનઃપર્યયજ્ઞાન બિલકુલ ઊઘડ્યું ન હોય પણ તે તરફનો તેને આદર નથી, તે તો ચૈતન્ય સ્વભાવને જ અનુભવે છે.

## (૫) હું કેવળજ્ઞાનાવરણીય કર્મના ફળને નથી ભોગવતો, ચૈતન્ય સ્વરૂપી આત્માને જ સંચેતું છું.

કેવળજ્ઞાનાવરણીય પ્રકૃતિ તો જડ છે, તે પ્રકૃતિના નિમિતે મારી યોગ્યતાથી તે રૂપે પરિણમું છું, તે મારી અવસ્થા છે. આત્મા શુદ્ધ ચૈતન્ય ત્રિકાળ ધ્રુવ પદાર્થ છે, એની દ્રષ્ટિની મુખ્યતામાં એનો આદર નથી માટે કેવળજ્ઞાનાવરણીયના ફળને હું ભોગવતો નથી. આ ચોથા ગુણસ્થાનવાળાની વાત છે. કેવળજ્ઞાનાવરણીય કર્મના ફળને ઓગવતો નથી, માટે કેવળી થઈ ગયો છે એમ નથી. પણ સ્વભાવની મુખ્યતામાં પર્યાયની મુખ્યતા નથી, જો પર્યાયની મુખ્યતા થાય તો મિથ્યાદ્રષ્ટિ થાય છે.

ત્રિકાળ ધ્રુવ ચૈતન્ય સ્વરૂપી આત્મા છું એવી દ્રષ્ટિમાં નિમિત્ત અને પર્યાય તરફનું લક્ષ છૂટી જાય છે. પર્યાય હીણ હોવા છતાં તેની મુખ્યતા નથી. કેવળજ્ઞાનાવરણીયનો ઉદય બારમાં ગુણસ્થાન સુધી છે. એની ગૌણતા સમ્યગ્દ્રષ્ટિને હોય છે, તે કેવળજ્ઞાનાવરણીયનું વલણ મારા સ્વભાવમાં નથી એટલે એને હું ભોગવતો નથી, હું તો ચૈતન્ય સ્વરૂપી આત્માને જ ભોગવું છું.

***

**(કારતક વદ ૧૨, સોમવાર, તા. ૨૬-૧૧-૫૧)**

## “સાધકજીવ દર્શનની હીણી અવસ્થાને ભોગવતો નથી, શુદ્ધ ચૈતન્ય સ્વભાવને જ ભોગવે છે.”

આ કર્મ ફળ ચેતનાના ત્યાગની ભાવના છે.

એક સમયમાં નવી અવસ્થારૂપે ઊપજવું, જૂની અવસ્થાનું ટળવું ને સ્વભાવ કાયમ રહેવો, તે દરેક દ્રવ્યનો સ્વભાવ છે. આમ આખું દ્રવ્ય પ્રમાણજ્ઞાનનો વિષય છે, તે પ્રમાણજ્ઞાન ક્યારે થાય ? પર્યાયમાં જે અટકવું થાય છે તે મારું સ્વરૂપ નથી, હું તો કાયમી પદાર્થ છું એમ સ્વભાવ સન્મુખ

થઈને પર્યાય બુદ્ધિ ટાળે તો સમ્યગ્દર્શન ને જ્ઞાન પ્રગટે છે ને તે જીવનું ઉત્પાદ-વ્યય-ધ્રુવ ત્રણનું જ્ઞાન સાચું છે. અહીં આ બધા બોલોમાં બતાવે છે કે કર્મના નિમિતે હીણી દશા પર્યાયમાં હોવા છતાં તે મારું સ્વરૂપ નથી, હું તો શુદ્ધ ચૈતન્ય સ્વભાવી છું ને તેને જ અનુભવું છું.

ધર્મી જીવ કહે છે ચક્ષુદર્શનાવરણીય કર્મના નિમિતે દર્શનની દશા હીણી છે, તેને હું ભોગવતો નથી. દર્શનની હીણી પર્યાય છે ને નિમિત્ત રૂપે કર્મ પણ છે છતાં તે તરફના વલણને હું ભોગવતો નથી. હું તો શુદ્ધ ચૈતન્ય સ્વભાવને જ ભોગવું છું, અહીં સાધકની વાત છે. જ્યાં સુધી સ્વભાવ તરફનું વલણ રહે ત્યાં સુધી વીતરાગ દશા પૂરી થતી નથી. વીતરાગતા પૂર્ણ હોય તો સ્વભાવ તરફ વલણ કરવાનું રહેતું નથી, સાધકને નય હોય છે, તેથી તે મુખ્ય-ગૌણ કરે છે, ચક્ષુ દર્શનની ક્ષયોપશમ પર્યાય પોતાની છે, જડની નથી, તે પર્યાય—નિશ્ચયથી હોવા છતાં તેને ગૌણ કરી, વ્યવહાર કરી સ્વભાવમાં તે નથી, એમ કહી ધર્મી તેને અનુભવતો નથી, તે તો શુદ્ધ સ્વભાવને જ અનુભવે છે.

**"સાધક જીવને શ્રુત જ્ઞાનનું અવલંબન છે, તે કથન પર્યાયનું જ્ઞાન કરાવવા માટે છે. ખરેખર તો શુદ્ધ ચૈતન્યનું જ અવલંબન છે."**

અહીં કોઈ પ્રશ્ન કરે કે તમો અહીં કહો છો કે ચોથા ગુણસ્થાનથી નિમિત્ત રાગ કે હીણી પર્યાયનું અવલંબન જ્ઞાનીને નથી, ને શ્રીમદ્‌ના પત્રમાં આવે છે કે શ્રુત જ્ઞાનનું અવલંબન બારમા ગુણસ્થાન સુધી હોય છે, તેનો શો અર્થ છે ?

સમાધાનઃ– તે કથન પર્યાયનું જ્ઞાન કરાવવા માટે છે. છદ્મસ્થ જીવને સત્ પુરૂષોના વચનનું અવલંબન હોય છે ને શ્રુતજ્ઞાનનું અવલંબન હોય છે. તે આત્માને સંપૂર્ણ પ્રત્યક્ષ જ્ઞાન થયું નથી, તે બતાવવા માટે છે. સાધકજીવને દરેક વખતે શુદ્ધ આત્માનું જ અવલંબન વર્તે છે, શ્રુતજ્ઞાન તેના જ આધારે પ્રગટે છે ને ટકે છે. સ્વભાવની મુખ્યતા કરે ને શ્રુતજ્ઞાનની ગૌણતા કરે તે જ શ્રુતજ્ઞાન ટકે છે.

જો શ્રુતજ્ઞાનને મુખ્ય કરે તો અંશને મુખ્ય કરતાં અંશી દ્રવ્ય સ્વભાવની મુખ્યતા રહેતી નથી, તેથી તે મિથ્યાદ્રષ્ટિ થઈ જાય છે, તેને દ્રવ્યનો આશ્રય રહેતો નથી ને શ્રુતજ્ઞાન પણ રહેતું નથી. તેથી સાધકદશામાં જ્ઞાનદર્શનની હીણી અવસ્થાને ગૌણ કરી, વ્યવહાર કહી, તેનો અભાવ બતાવી, તેને અનુભવતો નથી પણ ચૈતન્ય સ્વભાવને જ અનુભવે છે, એમ કહ્યું છે.

(૭) ચક્ષુ સિવાયની ચાર ઈન્દ્રિય અને મનના નિમિતે થતાં જ્ઞાનઉપયોગ પહેલાં થતો દર્શનનો વ્યાપાર તે અચક્ષુદર્શન છે. છદ્મસ્થ

જીવને અચક્ષુદર્શનાવરણીયના નિમિતે દર્શનની હીનતા છે. તે હોવા છતાં તેની રુચિ નથી, તેથી તેને ગૌણ કરી, વ્યવહાર કહી, અભાવ બતાવી, તેને અનુભવતો નથી, પણ શુદ્ધ ચૈતન્યને જ અનુભવે છે, એમ કહ્યું છે.

(૮) અવધિદર્શનાવરણીય કર્મ મારામાં નથી ને તેના નિમિત્તે અવધિ દર્શનની હીણી પર્યાય પણ મારા સ્વભાવમાં નથી, તેથી તેને ભોગવતો નથી, પણ હું શુદ્ધ ચૈતન્ય સ્વભાવને જ ભોગવું છું.

(૯) કેવળ દર્શનાવરણીય કર્મ તો જડ છે ને તેના નિમિતે કેવળદર્શન પ્રગટ નથી. જ્ઞાની કહે છે કે તે હીણી દશાને હું ભોગવતો નથી. અહીં કોઈ પૂછે કે કેવળદર્શનાવરણીય ને ભોગવતો નથી, તો શું કેવળી થઈ ગયો છે ? ના, એમ નથી પણ તેના નિમિતે રહેતી હીનતા ને ભોગવતો નથી, પણ શુદ્ધ સ્વભાવને જ ભોગવે છે.

(૧૦) નિંદ્રા દર્શનાવરણીય કર્મ જડ છે, તેનો આત્મામાં અભાવ છે. નિંદ્રા કર્મને લીધે ઉંઘ આવે છે, એમ નથી, પણ પોતાની પર્યાયની યોગ્યતાને લીધે નિંદ્રા હોય છે. ચોથે, પાંચમે, છઠ્ઠે ગુણસ્થાને જીવને નિંદ્રા હોવા છતાં નિંદ્રાની પર્યાયને ભોગવતો નથી. તેનું વેદન ગૌણ છે. સાધક જીવ શુદ્ધ ચૈતન્ય સ્વભાવને જ અનુભવે છે. નિંદ્રાની પર્યાયના કાળે સ્વભાવ સન્મુખ દશા ધર્મનું કારણ છે. સાધક જીવને સ્વભાવની મુખ્યતા નિરંતર વર્તે છે.

(૧૧) નિંદ્રા નિંદ્રાદર્શનાવરણીય કર્મ જડ છે, તેના નિમિતે જીવની પર્યાયની યોગ્યતાના કારણે એવી ઉંઘ આવે કે હલબલાવે ત્યારે માંડ માંડ જાગે, આવી નિંદ્રાની પર્યાય છે પણ જ્ઞાનીને તેની રુચિ નથી, સ્વભાવની રુચિ છે તેથી નિંદ્રાને તે ભોગવતો નથી પણ શુદ્ધ ચૈતન્ય સ્વભાવને જ ભોગવે છે.

**(अ) પર્યાયમાં નિંદ્રા બિલકુલ ન હોય તો કેવળજ્ઞાની થઈ જાય,**
**(ब) નિંદ્રા વખતે સ્વભાવનું ભાન હોય તો મિથ્યાદ્રષ્ટિ થઈ જાય.**

અહીં સાધકની વાત છે. ધર્મીને ચોથે, પાંચમે, ગુણસ્થાને નિંદ્રા ઘણો ટાઈમ હોવા છતાં, તેની રુચિ નથી તેથી તેને ભોગવતો નથી, પણ શુદ્ધ ચૈતન્યને જ ભોગવે છે.

(૧૨) પ્રચલા દર્શનાવરણીય કર્મના ઉદયે જીવની યોગ્યતાથી બેઠાં બેઠાં ઝોલાં આવે એવા પ્રકારનો પ્રમાદ છે. પ્રમાદ ન હોય તો સાતમું ગુણસ્થાન આવી જાય. અહીં તો ચોથેથી વાત કરે છે કે પર્યાયમાં એવો પ્રમાદ હોવા છતાં સ્વભાવનું વલણ ખસતું નથી, સ્વભાવની મુખ્યતા વર્તે છે, પ્રચલા નિંદ્રારૂપ પ્રમાદની પર્યાય અભૂતાર્થ છે. ચૈતન્ય સ્વભાવ એક જ ભૂતાર્થ છે તેથી તેને અનુભવું છું.

(૧૩) પ્રચલા પ્રચલાદર્શનાવરણીય કર્મના નિમિતે જીવની યોગ્યતાથી હાલતાં ચાલતાં ઉંઘ આવે. એક માણસ ચાલતાં ચાલતાં ઉંઘતો હતો, તેવી નિંદ્રાની પર્યાય હોવા છતાં ધર્મી જીવને શુદ્ધ ચૈતન્યની દ્રષ્ટિ હોવાથી તે નિંદ્રાને ભોગવતો નથી પણ શુદ્ધ ચૈતન્ય સ્વભાવને જ અનુભવે છે.

(૧૪) સ્થાન ગૃદ્ધિ દર્શનાવરણીય કર્મના નિમિતે જીવની યોગ્યતાથી ઉંઘમાં દુકાનના અથવા ઘરના કામ કરી આવે છતાં જાગે ત્યારે તેની ખબર ન પડે. જ્ઞાનીને આવી ઉંઘ હોતી નથી. જ્ઞાની તો શુદ્ધ ચૈતન્યને જ અનુભવે છે.

## "ધર્મી જીવ શાતા કે અશાતાના ફળને અનુભવતો નથી પણ શુદ્ધ ચૈતન્યને જ અનુભવે છે."

(૧૫) શાતા વેદનીય કર્મના નિમિત્તે પૈસા તથા બહારના અનુકૂળ સંયોગો મળે તેવા પ્રસંગે ધર્મીને પોતાના કારણે અલ્પ રતિના પરિણામ થાય પણ તેની મુખ્યતા નથી હોતી. શાતાના ઢગલા હોય, શરીર નીરોગી હોય, પૈસાની પ્રાપ્તિ હોય ત્યારે અજ્ઞાની જીવ તેમાં હરખાઈ જાય છે. જેટલા પ્રમાણમાં અનુકૂળતા પ્રત્યે પ્રીતિ તેટલા પ્રમાણમાં પ્રતિકૂળતા પ્રત્યે દ્વેષ હોય છે. ધર્મી જીવની દ્રષ્ટિ શાતા અશાતા ઉપર નથી, પોતાના કારણે શાતાના પ્રસંગે આસક્તિ હોવા છતાં તેને તે અનુભવતો નથી, અહીં કોઈ પ્રશ્ન કરે કે શાતા હોય તો શરીર ઠીક રહે, પછી ધર્મ થાય ને ?

સમાધાનઃ– શરીર પર દ્રવ્ય છે તેનાથી આત્માને ધર્મ કે અધર્મ છે જ નહિ. આત્મા શરીરને અડયો જ નથી પણ અજ્ઞાની શરીરને પોતાનું માની અભિમાન કરે છે. જ્ઞાની સમજે છે કે પાંચ ઈન્દ્રિયો ને વિષયો પર છે તેથી મને ધર્મ નથી. ધર્મ તો અંતર્દ્રષ્ટિથી થાય છે, છતાં નબળાઈથી રાગ થાય છે. તે રાગને ગૌણ કરી, અભૂતાર્થ કહી, ભૂતાર્થ સ્વભાવને જ જ્ઞાની અનુભવે છે એમ કહ્યું છે.

(૧૬) અશાતા વેદનીય કર્મના ઉદયને લીધે પ્રતિકૂળ સંયોગો મળે, શીતળા નીકળે, ડાબા જમણા સૂળ ચડે, છતાં જ્ઞાની સમજે છે કે તે પર-પદાર્થો છે, તે મને અરતિ કરાવતા નથી. દીકરો ગુજરી જતાં પોતાની નબળાઈના કારણે જ્ઞાનીને અલ્પ શોક થઈ આવે છતાં આત્મા ભાન વર્તે છે. સાતમી નરકે કોઈ જીવને સમ્યગ્દર્શન થાય ત્યાં વેદના ઘણી હોય છે છતાં ભાન છે. કોઈ મુનિને ઘાણીમાં પીલવામાં આવે છતાં તેમને ચૈતન્યનું ભાન છે. અમો તો ચૈતન્યને અનુભવીએ છીએ, એમ તેઓ માને છે. આમ અશાતા વેદનીય કર્મનો ઉદય હોવા છતાં જ્ઞાનીને તે તરફ મુખ્યપણે વલણ નથી.

અલ્પશોકના પરિણામ હોવા છતાં તેને ગૌણ કરી, વ્યવહાર કહી, અભૂતાર્થ કહી, તેને તે અનુભવતો નથી પણ શુદ્ધ ચૈતન્ય સ્વભાવને જ અનુભવે છે.

(૧૭) ક્ષયોપશમ સમકિતી જીવને સમ્યક્ મોહનીય પ્રકૃતિનો ઉદય હોય છે ને ચલ, મલ, અગાઢ દોષ પર્યાયમાં છે છતાં તે તરફના ફળને વ્યવહાર કહી, અભૂતાર્થ કહી તેને તે અનુભવતો નથી પણ શુદ્ધ ચૈતન્યને જ અનુભવે છે.

(૧૮) કોઈ સમકિતી જીવને મિથ્યાત્વમોહનીય કર્મ સત્તામાં હોય છે, તે ખરતું જાય છે. ધર્મી જીવ શુદ્ધ આત્માને જ અનુભવે છે.

(૧૯) સમકિતી જીવને મિશ્ર મોહનીય પ્રકૃતિનો ઉદય હોતો નથી. તે શુદ્ધ ચૈતન્યને જ અનુભવે છે.

ધર્મી જીવ ક્રોધને વેદતો નથી, શુદ્ધ ચૈતન્યને જ વેદે છે,

(૨૦) અનંતાનુ બંધી ક્રોધ વેદનીય મોહનીય કર્મ ધર્મીને હોતુ નથી ધર્મી જીવ શુદ્ધ ચૈતન્યને અનુભવે છે.

(૨૧) ચોથે ગુણસ્થાને ધર્મી જીવને અપ્રત્યાખ્યાનાવરણીય ક્રોધ કષાય વેદનીય મોહનીય કર્મનો ઉદય છે અસ્થિરતાથી અલ્પ ક્રોધના પરિણામ છે પણ તે આસક્તિના પરિણામને ગૌણ કરી, ધ્રુવ સ્વભાવની દ્રષ્ટિમાં તેની મુખ્યતા નથી. ધર્મી તો શુદ્ધ ચૈતન્યને જ અનુભવે છે.

(૨૨) પ્રત્યાખ્યાનાવરણીય ક્રોધ કષાય વેદનીય મોહનીય કર્મનો ઉદય પાંચમા ગુણસ્થાને અલ્પ અસ્થિરતાના પરિણામ જ્ઞાનીને હોય છે, છતાં તે પરિણામને ગૌણ કરી શુદ્ધ ચૈતન્યને જ અનુભવે છે.

(૨૩) સંજ્વલન ક્રોધ કષાય વેદનીય મોહનીય કર્મનો ઉદય મુનિને હોય છે. પોતાના શુદ્ધ ચૈતન્યનો ઉપયોગ સહેજ બળે છે, તેને સંજ્વલન કહે છે. તદ્દન શુદ્ધ હોતો નથી છતાં અલ્પ ક્રોધ પરિણમને ગૌણ કરી ધર્મી શુદ્ધ ચૈતન્યને જ અનુભવે છે.

અહીં ક્રોધના પરિણામ ચાર પ્રકારના કહ્યા છે. ધર્મીજીવને અકષાયી આત્માનો આશ્રય વર્તે છે. ભરત બાહુબલીને ક્રોધના પરિણામ થઈ આવ્યા ને લડવા તૈયાર થયા છતાં પરને કારણે તે પરિણામ થયા નથી, પોતાની નબળાઈના લીધે અલ્પ ક્રોધના પરિણામ છે, નબળાઈ બિલકુલ ન હોય તો વીતરાગ દશા થઈ જાય ને નબળાઈની મુખ્યતા થઈ જાય તો મિથ્યાદ્રષ્ટિ થઈ જાય, ધર્મી જીવને નબળાઈ હોવા છતાં સ્વભાવની મુખ્યતા નિરંતર વર્તે છે. રાજચંદ્રજી સીતા માટે ઝાડને પૂછે છે, લક્ષ્મણ ગુજરી જતાં તેના શબને છ માસ સુધી ઉપાડે છે. ત્રણે કાળના બળદેવ વાસુદેવના શબને રાખે છતાં તેમને રાગની મુખ્યતા નથી. ધર્મી જીવ શુદ્ધ ચૈતન્યને જ અનુભવે છે.

## "ધર્મી જીવ માનના પરિણામને વેદતો નથી પણ શુદ્ધ ચૈતન્યને જ અનુભવે છે,"

(૨૪) અનંતાનુબંધી માન-કષાય-વેદનીય-મોહનીય કર્મનો ઉદય ધર્મી જીવને હોતાં નથી. ધર્મી તો શુદ્ધ ચૈતન્યને જ અનુભવે છે.

(૨૫) અપ્રત્યાખ્યાનાવરણીય માન-કષાય-વેદનીય કર્મનો ઉદય ચોથે ગુણસ્થાને હોય છે ને અલ્પમાનના પરિણામ હોય છે. સમકિતી ચક્રવર્તીને લડાઈના પ્રસંગે માનના પરિણામ પોતાના કારણે હોય છે છતાં ઉપર દ્રષ્ટિ નથી તેથી તેને ગૌણ કરી, વ્યવહાર કહી, અભૂતાર્થ કહી, ધર્મી તેને અનુભવતો નથી પણ શુદ્ધ ચૈતન્યને જ અનુભવે છે.

***

# પ્રસાદ નં – ૩૬

## સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર

## શ્રી સમયસાર ગાથા ૩૮૭ – ૩૮૯

**(કારતક વદ ૧૩, મંગળવાર, તા. ૨૭-૧૧-૫૧)**

**"ધર્મી જીવને માન ટાળવાની આકુળતા નથી, તથા માન રાખવાનો કામી નથી. શુદ્ધ ચૈતન્ય સ્વભાવને મુખ્યપણે અનુભવે છે."**

(૨૫) હું અપ્રત્યાખ્યાનાવરણીય માન-કષાય-વેદનીય-મોહનીય કર્મના ફળને ભોગવતો નથી, ચૈતન્ય સ્વરૂપ આત્માને જ સંચેતું છું.

ધર્મી જીવની દ્રષ્ટિ કેવી હોય છે, તે કેવી ભાવના ભાવે છે, તે બતાવે છે.

હું જ્ઞાન સ્વભાવી આત્મા છું, આ કર્મ ને કર્મ ફળ રૂપે હું નથી એમ અસ્તિ નાસ્તિ થઈને અનેકાન્ત છે, આ બોલમાં માનનો નકાર કરે છે. રાગ ને પુણ્યના અભિમાન ને અનંતાનુબંધીને માન કહે છે તે (૨૪)માં બોલમાં કહેવાણું. તે તો ધર્મી જીવને હોતું નથી. ૨૫માં બોલમાં કહે છે કે ચોથે ગુણસ્થાને ધર્મીજીવને અપ્રયાખ્યાનાવરણીય માનનો ઉદય છે ને તે વખતે પોતાની નબળાઈના કારણે અલ્પ માનના પરિણામ થાય છે. માનનું અલ્પ વેદન હોવા છતાં તેની મુખ્યતા નથી, ચૈતન્ય સ્વભાવની મુખ્યતા વર્તે છે. કોઈ ધર્મીજીવ ૪થે ગુણસ્થાને ઘણો લાંબો સમય રહે ને ત્યાં અલ્પ માનના પરિણામ હોય છતાં તે માનને ટાળવાની આકુળતા ધર્મીને હોતી નથી ને તેને રાખવાનો પણ કામી હોતો નથી, ચૈતન્ય સ્વભાવની જ ભાવના ભાવે છે ને તેમાં એકાગ્ર થતાં અસ્થિરતાનું માન ટળી જાય છે, ધર્મીની દ્રષ્ટિ નિરંતર સ્વભાવ ઉપર જ હોય છે. નિમિત્ત, સંયોગો કે રાગ તેના ક્રમે જ હોય છે, ધર્મી તેને આડા અવળા કરવા માંગતો નથી. ચોથે ગુણસ્થાને કોઈ ધર્મીને લડાઈના પરિણામ ને માનના પરિણામ હોય પણ તે સંયોગ તથા માનને જાણે છે, તે વખતે પણ તેને શુદ્ધ ચૈતન્યનું અવલંબન ખસતું નથી. અલ્પ માનને ગૌણ કરી, અભૂતાર્થ કહી, શુદ્ધ ચૈતન્ય સ્વભાવને અનુભવે છે એમ કહ્યું છે.

**"ધર્મીજીવ માનનાં પરિણામનું જ્ઞાન સ્વમાં રહીને કરે છે તેથી મુખ્યપણે શુદ્ધ ચૈતન્યને જ અનુભવે છે."**

(૨૬) ધર્મીજીવ પોતામાં મુનિદશા પ્રગટ ન કરે ત્યાં સુધી તેને પ્રત્યાખ્યાનાવરણીય માન કષાયનો ઉદય છે. શ્રાવકદશામાં આવું માન હોય છે છતાં માનની મુખ્યતા નથી, સ્વભાવની મુખ્યતા છે.

અહીં કોઈ પ્રશ્ન કરે તે વખતે જ્ઞાનનો ઉપયોગ ક્યાં છે ?

સમાધાનઃ– જ્ઞાનીનો તે વખતે ઉપયોગ માનમાં હોવા છતાં લબ્ધરૂપ જ્ઞાન શુદ્ધ આત્મા તરફ નિરંતર વળેલું હોય છે. જ્ઞાનનો સ્વ-પરપ્રકાશક સ્વભાવ છે, તે જાણે છે કે હું શુદ્ધ ચૈતન્ય સ્વભાવી આત્મા છું. એમ સ્વને જાણતાં અલ્પમાન થાય છે તે મારામાં નથી, એમ જાણે છે ને જે પ્રકારનું માન હોય તેને તે જ પ્રકારનું માન જાણે પણ માનને લીધે માનનું જ્ઞાન નથી પણ પોતાને જાણતા માનનું જ્ઞાન થઈ જાય છે. મનુષ્ય શ્રાવક સંખ્યતા છે. અઢીદ્વીપ બહાર અસંખ્યાતા તિર્યંચ શ્રાવકો છે, તેઓ પણ આ જ પ્રમાણે યથાર્થ જ્ઞાન કરે છે. નબળાઈના માનના પરિણામ હોવા છતાં ચૈતન્ય સ્વભાવની મુખ્યતા તેમને વર્તે છે. નબળાઈને ગૌણ કરી, અભૂતાર્થ કહી શુદ્ધ ચૈતન્યને અનુભવે છે એમ કહ્યું છે.

(૨૭) ધર્મી જીવ સંજ્વલન માન-કષાય-વેદનીય-મોહનીય કર્મના ફળને ભોગવતો નથી. છઠ્ઠે ગુણસ્થાને જ્ઞાનનો ઉપયોગ જરી વળે છે, ચૈતન્ય સ્થિરતા રહેતી નથી, છતાં દ્રવ્ય સ્વભાવની મુખ્યતા હોવાથી તે નબળાઈને વેદતો નથી, પણ શુદ્ધ ચૈતન્યને જ અનુભવે છે.

## “ધર્મી જીવને માયાના પરિણામ હોવા છતાં તેની મુખ્યતા નથી, તે શુદ્ધ ચૈતન્યને જ અનુભવે છે.”

(૨૮) વસ્તુ સ્વરૂપથી આડોડાઈ કરવી તે માયા છે, વિપરીત સ્વરૂપ કહેવું તે માયા છે. ધર્મીજીવને અનંતાનુબંધી માયા હોતી નથી, તે શુદ્ધ ચૈતન્યને જ અનુભવે છે.

(૨૯) અપ્રત્યાખ્યાના વરણીય માયાનો ઉદય ચોથે ગુણસ્થાને હોય છે ને અલ્પ માયાના પરિણામ છે, છતાં ધર્મીને આત્માનું ભાન ખસતું નથી, તે શુદ્ધ ચૈતન્યને જ અનુભવે છે.

(૩૦) પ્રત્યાખ્યાનાવરણીય માયાનો ઉદય પાંચમે ગુણસ્થાને હોય છે. અલ્પમાયાના પરિણામ હોવા છતાં તેની મુખ્યતા નથી, ધર્મી શુદ્ધ ચૈતન્યને અનુભવે છે.

(૩૧) સંજ્વલનની માયા મુનિને હોય છે. મહાવીર ભગવાન મુનિ અવસ્થામાં હતા ત્યારે તેમને પણ સંજ્વલન માયા અંશે હતી છતાં તે વેદનની મુખ્યતા નથી, શુદ્ધ ચૈતન્યની મુખ્યતા વર્તે છે.

## "ધર્મી જીવને અલ્પ લોભના પરિણામ હોવા છતાં લોભ રહિત શુદ્ધ ચૈતન્યને મુખ્યપણે અનુભવે છે."

(૩૨) પોતાના જ્ઞાન સ્વભાવ સિવાય રાગથી ને પુણ્યથી લાભ માનવો તે અનંતાનુબંધીનો લોભ છે. સંયોગી કે સંયોગી ભાવ રાખવાનો ભાવ તે તીવ્ર લોભ છે, તે અનંત સંસારનું કારણ છે. ધર્મી જીવને અનંતાનુબંધીનો લોભ હોતો નથી, તે શુદ્ધ ચૈતન્યને અનુભવે છે.

(૩૩) અપ્રત્યાખ્યાન લોભ કષાયના પરિણામ ચોથે ગુણસ્થાને હોય છે. તે હોવા છતાં ધર્મી જીવ સમજે છે કે હું જ્ઞાન સ્વભાવી છું, મારામાં લોભની નાસ્તિ છે, હું તો શુદ્ધ ચૈતન્યને અનુભવું છું. અજ્ઞાની જીવ માને છે કે રૂપિયાની અવસ્થા કરી શકું છું, તેને સાચવી શકું છું, તે અનંતાનુબંધીનો લોભ છે, તેવો લોભ જ્ઞાનીને નથી. વળી દ્રવ્યલિંગી મુનિ હોય તેને શુકલ લેશ્યા હોય તો પણ અંતરમાં પુણ્યની રુચિ છે, તેથી તેને સ્વભાવ પ્રત્યે અરુચિ છે, તેથી તેને અનંતાનુબંધી ક્રોધ, માન, માયા, લોભના પરિણામ હોવા છતાં શુદ્ધ ચૈતન્યને જ મુખ્યપણે અનુભવે છે.

(૩૪) પાંચમે ગુણસ્થાને પ્રત્યાખ્યાનાવરણીય લોભ હોય છે, છતાં તેને ગૌણ કરી ધર્મી જીવ શુદ્ધ ચૈતન્યને જ અનુભવે છે.

(૩૫) મુનિને સંજ્વલન લોભ હોય છે, મહાવ્રતના પરિણામ, આહાર લેવાની વૃતિ તે સંજ્વલન લોભ છે, તે હોવા છતાં તેની મુખ્યતા નથી, શુદ્ધ ચૈતન્યને જ અનુભવે છે.

## "ધર્મી જીવને હાસ્ય ને રતિના પરિણામ હોવા છતાં તે ચૈતન્ય સ્વભાવને મુખ્યપણે વેદે છે."

(૩૬) હવે હાસ્ય વગેરે નવ પ્રકારના નોકષાય પરિણામને ધર્મી ભોગવતો નથી, તેની વાત કરે છે. જ્ઞાનીને અલ્પ હાસ્યના પરિણામ થાય છે, વાસુદેવ, બલદેવ મશ્કરી કરે ત્યારે અજ્ઞાનીને નવાઈ લાગે કે આ ધર્મી હશે કે નહિ ? પણ હાસ્યની ગૌણતા છે ને શુદ્ધ ચૈતન્યને જ અનુભવે છે.

(૩૭) જ્ઞાનીને અલ્પ રતિ એટલે ખુશી હોય છે. ચક્રવર્તી ખાવા બેસે ત્યારે ખુશી દેખાતો હોય, તેની રાણીઓ હજારો ચીજો લાવે ને દેવો પણ ખમાખમા કરે ને તે અલ્પ ખુશી થતો દેખાય પણ સમજે છે કે સંયોગો, રાણીઓ, દેવો કે રતિના પરિણામમાં સુખ નથી. શુદ્ધ ચૈતન્યમાં સુખ છે, એવી માન્યતા તે વખતે પણ રહેલી છે. અજ્ઞાની જીવને નવાઈ લાગે કે આટલા બધા સંયોગોના ઢગલા દેખાય છતાં ધર્મી ? ભાઈ, ધીરો થા, સંયોગટાણે સંયોગ ફરશે નહિ. રતિ ટાણે રતિ થાય છે. ધર્મીની દ્રષ્ટિ

સંયોગને ફેરવવા ઉપર કે રતિના પરિણામ ઉપર નથી. ભૂમિકાના પ્રમાણમાં રતિના પરિણામ હોવા છતાં શુદ્ધ ચૈતન્યને જ મુખ્યપણે ભોગવે છે.

## "અરતિના તથા શોકના ભાવો જ્ઞાનીને દેખાય છે છતાં તેની દ્રષ્ટિ શુદ્ધ ચૈતન્ય ઉપર જ વર્તે છે."

(૩૮) અરતિનો કષાય એટલે નારાજીના પરિણામ થઈ આવે. લક્ષ્મી જાય, દાટેલ ધન કોલસારૂપે થાય, વિમાવાળો ભાગે, ઉઘરાણી ન આવે, શરીરના કટકા થવાના પ્રસંગ આવે ને તે વખતે અલ્પ અરતિના ભાવ જ્ઞાનીને થઈ આવે, છતાં જ્ઞાની સમજે છે કે તે બધા પર પદાર્થો છે ને મારા કારણે નબળાઈથી અરતિ થાય છે, તે પણ મારું સ્વરૂપ નથી. હું તો શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ છું. અજ્ઞાની જીવ તેવા પ્રતિકૂળ પ્રસંગ કદાચિત અરતિના પરિણામમાં દેખતો ન હોય તો પણ તે મોહ ગર્ભિત વૈરાગ્ય છે. પર પદાર્થ અને અરતિ પોતાથી જુદા છે, તેનું તેને ભાન નથી, ઋષભદેવ ભગવાન મોક્ષ પધાર્યા ત્યારે ભરતને આંખમાં આંસુ આવે છે ને કહે છે કે અહો ! ભરતક્ષેત્રનો સૂર્ય અસ્ત થઈ ગયો. અમોને ભગવાનના વિરહ પડ્યા એમ શોકમાં આંસુ સારે છે. ઈન્દ્ર આવીને કહે છે કે હે ભરત ! તમો તો જ્ઞાની છો, તમોને બધી ખબર છે. તમો પણ ચરમ શરીરી છો ને મોક્ષ જવાના છો, અરતિ તમોને ન હોય. ભરત કહે છે કે અમોને બધી ખબર છે. હું પણ મોક્ષે જવાનો છું પણ વર્તમાન મારી નબળાઈને લીધે અરતિ થઈ આવે છે છતાં શુદ્ધ ચૈતન્યની દ્રષ્ટિ ખસતી નથી. અરતિના પરિણામ હોવા છતાં ધર્મીની દ્રષ્ટિ શુદ્ધ ચૈતન્ય ઉપર છે.

(૩૯) શોકના પરિણામ જ્ઞાનીને થઈ આવે છે. પ્રસંગને લીધે નહિ પણ પ્રસંગના કાળે પોતાના કારણે થાય છે, છતાં તેની ગૌણતા છે. ધર્મી શુદ્ધ ચૈતન્યને અનુભવે છે.

## "અજ્ઞાની ભયના પ્રસંગે કદાચિત ન ભાગે, જ્ઞાની ભાગતો દેખાય છતાં જ્ઞાની શુદ્ધ ચૈતન્યને અનુભવે છે."

(૪૦) ભયના કષાયના પરિણામ જ્ઞાનીને થઈ આવે છે, સિંહ, વાઘ આવે, સર્પ આવે, પ્લેગ આવે તેવા પ્રસંગે પોતાની નબળાઈના કારણે ધર્મીને અલ્પ ભય થાય છે. તે પ્રસંગને લીધે નહી પણ પોતાની નબળાઈથી થયેલ છે, છતાં તે ભય ઉપર દ્રષ્ટિ નથી, શુદ્ધ ચૈતન્યની દ્રષ્ટિ વર્તે છે. અજ્ઞાની જીવ તેવા પ્રસંગે ભાગતો ન દેખાય ને ગામમાં પ્લેગ હોય છતાં રહે તો પણ અંતરમાં પરસાથેની એકત્વબુદ્ધિ વર્તે છે તેથી મિથ્યાદ્રષ્ટિ છે, સમકિતી ભાગી જતો દેખાય પણ અંતર્ ભાન છે તેથી ધર્મી છે.

શ્રી કૃષ્ણ વાસુદેવને અશાતાનો ઉદય આવ્યો, દ્વારિકા સળગે છે, માબાપને કાઢી શકતા નથી, રાણીઓ સળગે છે, પાણી નાખવા જાય છે ત્યાં પાણીનું તેલ થઈ જાય છે, માબાપને કાઢવા જાય છે ત્યાં આકાશવાણી થાય છે કે માબાપને કાઢશો નહી, તે નીકળી શકશે નહી, તમો નીકળી જાઓ. ગામ છોડીને જાય છે. ત્રણ ખંડના ધણી વનમાં પગપાળા ચાલ્યા જાય છે. દેવો દેખાતા નથી, ગ્રામજનો ભાગી જાય છે, પોતે જંગલમાં જાય છે. અલ્પભયને શોકના પરિણામ હોવા છતાં તે પરિણામ ઉપર દ્રષ્ટિ નથી, શુદ્ધ ચૈતન્યસ્વભાવ ઉપર દ્રષ્ટિ છે તેથી શુદ્ધ ચૈતન્યને મુખ્યપણે અનુભવે છે.

(૪૧) જુગૂપ્સા એટલે ગ્લાનિના પરિણામ કાગડાની ચરક, વિષ્ટા વગેરે મેલા પદાર્થો દેખી ગ્લાનિ પોતાના કારણે થાય છે છતાં ધર્મીને તે પરિણામ ઉપર દ્રષ્ટિ નથી, તેતો શુદ્ધ ચૈતન્યને જ અનુભવે છે.

## **"ધર્મી જીવને વેદના પરિણામમાંથી સુખ બુદ્ધિ ઊડી ગઈ છે તે શુદ્ધ ચૈતન્યને જ અનુભવે છે."**

(૪૨) સંસાર દશામાં ભાવ સ્ત્રીવેદના પરિણામ હોય છે. પુરૂષનું શરીર હોય ને અંદર સ્ત્રીવેદનો વિકાર ભાવ હોય, ને સ્ત્રીનું શરીર હોય ને સ્ત્રી-વેદનો વિકાર ભાવ હોય, સમકિતી સ્ત્રી હોય ને વેદના પરિણામ પોતાની ભૂમિકા અનુસાર હોય, છતાં સમજે છે કે અમારો આનંદ બહારમાં નથી. વેદનો ભાવ આવ્યો તેમાં મજા માનતા નથી. તેમની દ્રષ્ટિ શુદ્ધ ચૈતન્ય ઉપર છે, તેથી મુખ્યપણે તેને અનુભવે છે.

(૪૩) પુરૂષ હોય ને અંદર પુરૂષ વેદનો ઉદય હોય, સ્ત્રી દેહ હોય ને અંદર પુરૂષ વેદનો ઉદય હોય. પુરૂષને સ્ત્રી સાથે રમવાનો વિકલ્પ ઊઠે છતાં ધર્મી જીવ સમજે છે કે અમારી શાંતિ પરમાં નથી, અમો તો શુદ્ધ ચૈતન્ય છીએ.

(૪૪) નપુંસક જીવોને નપુંસકભાવ હોય, બાહ્યથી પુરૂષ શરીર હોય ને અંદર નપુંસક વેદનો ઉદય હોય છતાં ધર્મી જીવ સમજે છે કે તે નબળાઈ મારું સ્વરૂપ નથી. ધર્મીને પરમાંથી સુખબુદ્ધિ ઊડી ગઈ છે, તે તો ચૈતન્યને અનુભવે છે.

## **"નરક આયુના નિમિતે થતી જીવની પરતંત્રતા ઉપર ધર્મીની દ્રષ્ટિ નથી, ધર્મી સ્વતંત્ર શુદ્ધ સ્વભાવને જ અનુભવે છે."**

(૪૫) ધર્મી જીવને પૂર્વે નરક આયુ કર્મ બંધાણું હોય તો પણ સમજે છે કે તે આયુના ફળને હું ભોગવતો નથી, જીવના અવગાહ ગુણની વિપરીતતા પોતાના કારણે છે છતાં તે પર્યાય ઉપર દ્રષ્ટિ નથી. શ્રેણિક

રાજા અત્યારે ૮૪૦૦૦ વરસની આયુ સ્થિતિએ નરકમાં છે છતાં આત્માનું ભાન છે. આયુ જડ છે, શરીર જડ છે, વર્તમાન યોગ્યતા ઉપર દ્રષ્ટિ નથી, પણ શુદ્ધ ચૈતન્ય ઉપર દ્રષ્ટિ છે.

પ્રશ્નઃ– શ્રેણિકના થોડા અપરાધ માટે તેને આટલી બધી સજા કેમ ?

સમાધાનઃ– તે થોડા અપરાધ ન હો તો, મુનિની ડોકમાં મરેલો સર્પ નાખેલો ને તે સર્પના કારણે ઘણી કીડીઓ ચડી ગઈ ને મુનિને અસહ્ય વેદના થઈ. શ્રેણિકે તે વખતે બહુ તીવ્ર ભૂંડી ભાવના ભાવી હતી. સ્વભાવના સાધનારા જે મુનિઓ છે તેના ઉપર બહુમાન નહિ આવતા, આવા મુનિ ન હો, એટલે તેના અભિપ્રાયમાં ત્રણે કાળમાં આવા મુનિ ન હો એમ હતું. ખરી રીતે તો પોતામાં આવી સાધકદશા જ ન ઊઘડો એવો ભાવ હતો, તે જ મોટું પાપ છે. સ્વભાવનો અનાદર ને પુણ્ય તથા રાગનો આદર એ જ મહાન પાપ છે. તેમાં નરકના આયુનો બંધ પડી ગયો, પાછળથી પસ્તાવો થયો ને ભગવાન પાસે ક્ષાયિક સમકિત પામે છે, હાલ પહેલી નરકે છે, સમકિત છે, ભાન છે કે આયુને તેવી યોગ્યતા તે મારું સ્વરૂપ નથી, હું તો શુદ્ધ ચૈતન્યને અનુભવું છું.

***

**[કારતક વદ 0)), બુધવાર, તા. ૨૮-૧૧-૫૧]**

## "ધર્મી જીવ નરકના સંયોગોમાં હોવા છતાં શુદ્ધ ચૈતન્યને મુખ્યપણે અનુભવે છે."

(૪૫) હું નરક આયુ કર્મના ફળને નથી ભોગવતો, ચૈતન્ય સ્વરૂપ આત્માને જ સંચેતું છું. ધર્મી જીવ પોતાના આત્માને સિદ્ધ સમાન ને અશરીરી સ્વભાવવાળો માને છે. અવસ્થામાં ઓછપ દેખાય છે પણ સ્વભાવમાં ઓછપ નથી. ધર્મી જીવને સમકિત પ્રાપ્ત કર્યા પહેલા નરક આયું બંધાણું હોય તો સમજે કે આયુ તથા તેના નિમિતે મારી યોગ્યતા તે મારા આત્માનો ખરો સ્વભાવ નથી, હું તો ચૈતન્યને અનુભવું છું.

આ ઉપરથી નીચેની વાત નક્કી થાય છે.

(૧) જીવ પુર્વે હતો ને વર્તમાનમાં છે, તો ભવિષ્યમાં પણ રહેશે એટલે આત્મા ત્રિકાળ ધ્રુવ છે એમ સાબિત થયું, શબ્દમાંથી ફલિત થાય છે.

(૨) જે દોષ કર્યો તે પર્યાયમાં છે. સ્વભાવમાં નથી, સ્વભાવ તો શુદ્ધ છે.

(૩) સ્વભાવ શુદ્ધ હોવા છતાં પૂર્વે ગર્ભપાત, શિકારાદિ કરવાના, દારૂ, માંસ, ખાવાના તીવ્ર માઠા ભાવ પર્યાયમાં કરેલા હતા.

(૪) તે ભાવોના નિમિતે્ નરક આયુ કર્મનો બંધ પડ્યો હતો.

(૫) તે આયુ કર્મનો અત્યારે નરક અવસ્થામાં ઉદય આવ્યો છે.

આ પ્રમાણે પૂર્વનો વિકારભાવ, નિમિત્તરૂપે કર્મનો બંધને વર્તમાનમાં ઉદય માનવા જોઈએ, જો બિલકુલ છે જ નહી એમ માને તો તે જીવ ખોટો છે.

(૬) આટલી વાત સ્વીકારીને તે શુદ્ધ સ્વભાવમાં નથી એમ બતાવવું છે. જે પર્યાયમાં છે તેનો નિષેધ કરી દ્રવ્ય દ્રષ્ટિ કરાવે છે.

ધર્મી જીવ કહે છે કે વર્તમાન નરક આયુ કર્મના ફળને હું ભોગવતો નથી. આયુ જડ છે તેના નિમિત્તે એક સમયની જીવની યોગ્યતા— પરતંત્રતા, તે પણ મારું સ્વરૂપ નથી.

નરકમાં આયુષ્ય ઓછામાં ઓછું દસ હજાર વરસથી ઉત્કૃષ્ટ ૩૩ સાગરનું હોય છે ત્યાં તીવ્ર ગરમી અથવા ઠંડી હોય છે, છતાં કોઈ જીવો ત્યાં પણ ધર્મ પામે છે ને પૂર્વે તે આયુષ્યનો બંધ જેને પડી ગયો હોય તેવાં સમ્યગ્દ્રષ્ટિ પણ હોય છે. આમ ત્યાં અસંખ્ય સમ્યગ્દ્રષ્ટિ છે. તેમને માર આદિની અસહ્ય વેદના છતાં સમજે છે કે આ શરીરને માર પડે છે, આત્માને માર પડતો નથી. અલ્પ દ્વેષ મારા કારણે થાય છે તે મારા સ્વરૂપમાં નથી, હું તો ચૈતન્ય સ્વભાવી છું. આમ ધર્મી જીવ ત્યાં પણ ચૈતન્યની ભાવના ભાવે છે.

## **"ધર્મી તિર્યંચોને પોતાના શુદ્ધ સ્વભાવનું ભાન વર્તે છે."**

(૪૬) તિર્યંચમાં પણ ઘણા ધર્મ પામે છે ને પૂર્વે તે આયુ બંધાઈ ગયું હોય તેવા ધર્મી જીવો પણ સમજે છે કે તિર્યંચ આયુ જડ છે ને એક સમયની જીવની યોગ્યતા મારા સ્વભાવમાં નથી, હું તો જ્ઞાતા છું. રામચંદ્રજી લંકા જીતીને આવે છે, ત્યારે એક હાથીને અયોધ્યા લાવે છે. તે હાથી ઉપર બેસીને રામચંદ્રજી આદિ ચારે ભાઈઓ ભગવાન પાસે જાય છે ત્યાં તેમના ભાઈ ભરત દીક્ષા લે છે. હાથીને પણ વૈરાગ્ય આવે છે, પૂર્વનો ભરત સાથેનો સંબંધ યાદ આવે છે ને ધર્મ પામે છે. અઢી દ્વીપની બહાર અસંખ્ય તિર્યંચ પાંચમા ગુણસ્થાનવાળા છે. પૂર્વે કુટિલતાના પરિણામમાં આયુ બંધાઈ ગયેલ, પછી ભાન થયું તો ધર્મી ઢોર સમજે છે કે કુટિલતા મારું સ્વરૂપ નથી, આયુ મારું નથી, ને આયુના નિમિત્તે મારી એક સમયની લાયકાત તે પણ હું નથી, હું તો ચૈતન્ય સ્વભાવી આત્માને અનુભવું છું.

## **"ધર્મી મનુષ્યો તથા દેવો આયુને પોતાનું માનતા નથી, શુદ્ધ ચૈતન્યને પોતાનું સ્વરૂપ માને છે."**

(૪૭) મનુષ્યનું આયુ હોય ત્યાં સુધી શરીરનો સંબંધ રહે છે, આયુ પુરું થતાં તેને કોઈ રાખવા સમર્થ નથી. આયુ લાંબુ હોય તો ધર્મ થાય એમ

ધર્મી જીવ માનતો નથી. આયુની સ્થિતિની કોઈ ધર્મીને ખબર ન હોય છતાં ભાન છે કે જે વખતે જે સંયોગોમાં છૂટવાનું, ત્યારે છૂટવાનું જ છે. તેમની દ્રષ્ટિ આયુ ઉપર તેમજ એક સમયની યોગ્યતા ઉપર નથી, શુદ્ધ ચૈતન્યની જ દ્રષ્ટિ વર્તે છે.

(૪૮) મનુષ્ય ભવમાં ધર્મ પામેલા જીવો દેવલોકમાં જાય છે, ને કોઈ દેવો ત્યાં પણ ધર્મ પામે છે. ત્યાં દેવો પોતાની આયુષ્ય સ્થિતિ મુજબ રહે છે. સમકિતી દેવો સમજે છે કે દેવ આયુ જડ છે, ને એક સમયની યોગ્યતા તે મારું સ્વરૂપ નથી. હું તો શુદ્ધ ચૈતન્યને અનુભવું છું. અજ્ઞાની જીવો દેવગતિ મળે ત્યાં હરખાઈ જાય છે. દરેક જીવ અનંતવાર દેવમાં ગયો છે. તે નવમી ગ્રૈવેયકે પણ ગયો છે, તેમાં કાંઈ સુખ નથી. ધર્મી સમજે છે કે દેવ પદ અમારું નથી, અમો તો આત્મા છીએ,

**“ધર્મી જીવ કોઈ પણ ગતિની યોગ્યતાને પોતાનું સ્વરૂપ માનતા નથી, શુદ્ધ ચૈતન્યને જ અનુભવે છે.”**

(૪૯) હું નરકગતિ નામ કર્મના ફળને નથી ભોગવતો, ચૈતન્ય સ્વરૂપ આત્માને જ સંચેતું છું. જે જીવ મહાપાપ કરે છે તે નરક ગતિમાં જાય છે, ત્યાં ઘણી વેદના ભોગવે છે. પાપના ફળરૂપ તે ગતિ છે. કર્મ છે, તેનો ઉદય છે—એ બધું કબૂલવું જોઈએ, તે વખતે ત્રિકાળી શુદ્ધ સત્તા પણ છે. ધર્મી જીવ ત્યાં હોય તો તે સમજે છે કે ગતિ નરકની હોવા છતાં શુદ્ધ સ્વભાવમાં ગતિની યોગ્યતા ને કર્મનો ઉદય નથી, અમો તો શુદ્ધ ચૈતન્ય છીએ. આ બધું ભાન કરવું જોઈએ વિકાર પર્યાયમાં હોવા છતાં સ્વભાવમાં નથી, આવું ભાન કરે નહિ ને સ્વચ્છંદે વર્તે ને કહે કે આ ભવ મીઠો તો પર ભવ કોણે દીઠો, એમ કહી તીવ્ર પાપ સેવે છે તે નરકમાં જાય છે. ભૂંડા કામ કરનારને તેનું ફળ આવ્યા વિના રહે નહિ. ધર્મીજીવ સમજે છે કે હું તો શુદ્ધ ચૈતન્ય છું.

(૫૦) કોઈ તિર્યંચ ગતિમાં ધર્મ પામે અથવા પુર્વે સમકિત પામ્યા પહેલાં તિર્યંચ ગતિ બંધાણી હોય, તો તેવા ધર્મી તિર્યંચો હોય છે. તે સમજે છે કે આ શરીર જડ છે ને યોગ્યતા એક સમયની છે, તે મારું સ્વરૂપ નથી. હું તો શુદ્ધ ચૈતન્ય છું, એવું ભાન સમકિતી સિંહ, વાઘ, દીપડા, દેડકા વિગેરેને હોય છે.

(૫૧) મનુષ્ય ગતિ નામ કર્મનો ઉદય હોવા છતાં ધર્મી મનુષ્ય સમજે છે કે તે જડનો ઉદય છે. વર્તમાન યોગ્યતા તે મારું સ્વરૂપ નથી, અમે તો શુદ્ધ ચૈતન્ય છીએ. જેમ ગોળનો ડબો ગોળ નથી તેમ મનુષ્ય શરીર ડબો છે, તે આત્માથી જુદો છે. વિકાર ગોળમાં રહેલા મેલની જેમ ઉપર છે. શુદ્ધ આત્મા વિકારથી રહિત છે એમ ધર્મી યથાર્થ ભાન કરે છે.

પ્રશ્ન:– મનુષ્ય ગતિથી મોક્ષ થાય છે ને ?

સમાધાન:– મનુષ્ય ગતિથી મોક્ષ થતો હોય તો બધાને થવો જોઈએ. જે આત્મા પરૂષાર્થ કરે તેનો મોક્ષ થાય છે. મનુષ્ય ગતિ કર્મ જડ છે. પર્યાયની યોગ્યતા આત્માનો ત્રિકાળી સ્વભાવ નથી, શુદ્ધ ચૈતન્ય છું એવા ભાન અને સ્થિરતાથી મોક્ષ થાય છે, તેથી ધર્મી જીવ શુદ્ધ ચૈતન્યની ભાવના ભાવે છે.

(૫૨) ભુવનપતિ, વ્યંતર, જ્યોતિષી ને વૈજ્ઞાનિક દેવો છે. જે જીવ પુણ્યભાવ કરે છે, તે દેવ ગતિ પામે છે. ત્યાં રિદ્ધિ સિદ્ધિ ઘણી હોય છે. અજ્ઞાની જીવ દેવગતિમાં બહુ હરખાય છે પણ તે તો જડ છે. જ્ઞાની દેવ સમજે છે કે ગતિ કર્મ જડ છે. એક સમયની યોગ્યતા ખરું સ્વરૂપ નથી. અમો તો શુદ્ધ ચૈતન્યને અનુભવીએ છીએ.

## "એકેન્દ્રિયાદિ જાતિની યોગ્યતાનો ત્રિકાળી સ્વભાવમાં અભાવ છે તેથી ધર્મી શુદ્ધ આત્માને અનુભવે છે."

(૫૩) એકેન્દ્રિય જાતિ નામ કર્મ છે. તેના ઉદયના નિમિત્તે પૃથ્વી, પાણી, વનસ્પતિ આદિમાં જીવો ઉપજે છે. ધર્મી જીવ સમજે છે કે અમો એકેન્દ્રિયમાં જવાના નથી, તેનું ફળ અમોને આવવાનું જ નથી, અમો તો શુદ્ધ ચૈતન્યને અનુભવીએ છીએ.

(૫૪) બે ઈન્દ્રિય જાતિ નામ કર્મના ઉદયે બેઈન્દ્રિયપણું મળે. જેમ કે: કંથવા, ઈયળો વિગેરે. ધર્મી જીવ સમજે છે કે અમો તેમાં અવતરવાના નથી, તેનું ફળ અમારે ભોગવવાનું નથી, અમો શુદ્ધ ચૈતન્યને અનુભવીએ છીએ.

(૫૫) ત્રિઈન્દ્રિય જાતિ નામ કર્મના ઉદયે ત્રિઈન્દ્રિયપણું મળે. જેમકે: કીડી, મંકોડી, આદિ. ધર્મી સમજે છે કે અમો તેમાં આવનાર નથી, અમો તો ચૈતન્યના શ્રદ્ધા—જ્ઞાનમાં અવતરીયે છીએ.

(૫૬) ચૌઈન્દ્રિય જાતિ નામ કર્મના ઉદયે ચાર ઈન્દ્રિયપણું મળે. જેમકે: ભમરા વગેરે. ધર્મી સમજે છે કે અમારો તેમાં અવતાર નથી, અમો તો આત્માને અનુભવીએ છીએ.

(૫૭) પંચેન્દ્રિય જાતિ નામ કર્મના ઉદયે પંચેન્દ્રિયપણું મળે છે. જેમ કે; દેવ, મનુષ્ય, નારક, પંચેન્દ્રિય તિર્યંચ. ધર્મી જીવ, સમજે છે કે પાંચ ઈન્દ્રિયો જડ છે ને તેની એક સમયની યોગ્યતા આત્માના સૂક્ષ્મત્વ ગુણનો ઘાત થઈને થયેલી છે તેથી તે અમારું સ્વરૂપ નથી, પાંચ ઈન્દ્રિયોથી લાભ થાય, કાનથી વાણી સંભળાય ને લાભ થાય, એમ ધર્મી માનતો નથી. ધર્મી જીવ તો અતિન્દ્રિય આત્માને અનુભવે છે.

## "ધર્મી જીવ ઔદારિકાદિ કોઈ શરીરને પોતાનું માનતો નથી, જ્ઞાનસ્વભાવને પોતાના માની તેને અનુભવે છે."

(૫૮) તિર્યંચ અને મનુષ્યનું શરીર ઔદારિક હોય છે. તે મળવામાં ઔદારિક શરીર નામ કર્મની પ્રકૃતિ નિમિત્ત છે, ધર્મી જીવ સમજે છે કે આ શરીર પુદ્‌ગલનું બનેલું છે, આત્માનું તે શરીર નથી, હું તો જાણનાર—દેખનાર છું, આવી દ્રષ્ટિથી ધર્મ થાય છે.

(૫૯) વૈક્રિયિક શરીર દેવો તથા નારકીને હોય છે. તે મળવામાં વૈક્રિયિક શરીર નામ કર્મની પ્રકૃતિ નિમિત્ત છે. નારકીનું શરીર છૂટું પડે ને પાછું ભેગું થઈ જાય. દેવનું શરીર વિક્રિયા પામે, હજારોરૂપ ધારણ કરી શકે. ધર્મી જીવ સમજે છે કે તે બધી જડની ક્રિયા છે. આત્મા તેને કરી શકતો નથી. અમો તો તેને જાણનાર—દેખનાર છીએ.

(૬૦) આહારક શરીર કોઈ ભાવ લિંગી ઋદ્ધિધારી મુનિને હોય છે. તેમાં આહારક શરીર નામ કર્મ નિમિત્ત છે. તેવા લબ્ધિવાળા મુનિને સૂક્ષ્મ શંકા પડે તો લબ્ધિ ફેરવે ને મસ્તકમાંથી સફેદ પૂતળું નીકળે. તે આહારક શરીર છે, તે ભગવાન પાસે જાય ને ત્યાં પહોચતા શંકાનું શંકાનું સમાધાન થઈ જાય છે, ને પાછું આવે છે. આવી લબ્ધિ ફેરવતી વખતે ને આહારક શરીર ભગવાન પાસે જાતી વખતે મુનિનો આત્મા સમજે છે કે આહારક શરીર પર છે ને વિકલ્પ ઊઠ્યો તે વિકાર છે, તે આત્માનું સ્વરૂપ નથી, તે જ વખતે શુદ્ધ ચૈતન્ય ઉપર દ્રષ્ટિ વર્તે છે ને કહે છે કે અમારી દ્રષ્ટિ લબ્ધિ ઉપર નથી, અમો તો શુદ્ધ ચૈતન્યને અનુભવીએ છીએ.

(૬૧) શરીર ઘસવાથી ગરમી દેખાય છે. તેમ જ કાંતિ જેના નિમિતે હોય છે તે તેજસ શરીર છે. તે શરીર મળવામાં તેજસ નામ કર્મની પ્રકૃતિ નિમિત્ત છે. તે સિવાય લબ્ધિને લીધે તેજસ પૂતળું કોઈ મુનિને પ્રગટ થાય છે, તે દુકાળ હોય તો દુકાળ ટાળે પણ તે બધું જડ છે. ધર્માત્મા સમજે છે કે તે આત્માનું સ્વરૂપ નથી. ધર્મી શુદ્ધ ચૈતન્ય સ્વભાવને જ અનુભવે છે.

***

# પ્રસાદ નં – ૩૮

## સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર

## શ્રી સમયસાર ગાથા ૩૮૭—૩૮૯

**(માગશર સુદ ૧, ગુરુવાર, તા. ૨૯-૧૧-૫૧)**

### "જડ ને ચેતન વચ્ચેના વિવેકથી—સત્યસ્વરૂપ જાણવાથી ધર્મદશા પ્રગટે છે."

ધર્મી જીવ કેવો હોય ? આત્મા વસ્તુ છે, જુદો છે. શરીર ને આત્મા એક ચીજ નથી. અજ્ઞાની જીવ શરીર, લક્ષ્મી, મન, વાણીને મારા માની મમતા કરે છે પણ તે તેના નથી. આત્મા અનાદિઅનંત વસ્તુ છે. તે કોઈ સંયોગોથી ઉત્પન્ન થયો નથી, તેમ જ કોઈ સંયોગોમાં ભળે તેવો નથી. સાચું માને તો ધર્મ થાય, જુદું માને તો ધર્મ થાય નહિ. શરીર, લક્ષ્મી વગેરે જડ પદાર્થો છે, તેને મારા માનવા અથવા ધર્મમાં મદદગાર માનવા, તે મોટું જૂઠું છે. તે જૂઠું રાખીને ધર્મ થતો નથી. શરીર વગેરે ધર્મમાં મદદગાર હોય તો મૃત્યુ વખતે આંખો નબળી પડે, કાને સંભળાય નહિ, તે વખતે શું કરશે ? માટે પ્રથમ નક્કી કરવું જોઈએ કે શરીર, લક્ષ્મી, કર્મ, વગેરે જડ છે ને આત્મા ચેતન છે; તે દ્રશ્ય છે ને આત્મા દ્રષ્ટા છે; તે જ્ઞેય છે ને આત્મા જ્ઞાતા છે; તે રૂપી છે ને આત્મા અરૂપી છે; —આવી જડ ને ચેતનની ભિન્નતા ન ભાસે ત્યાં સુધી સત્યતા ન આવે ને ધર્મ થાય નહીં. ધર્મ કાંઈ બહારમાં નથી પણ વિવેકથી ધર્મ પ્રગટે છે. કયો વિવેક ! શરીર, લક્ષ્મી, બૈરા, છોકરાથી હું જુદો છું ને શુભાશુભ ભાવોથી પણ જુદો, હું ચૈતન્ય સ્વરૂપ છે— એવા વિવેકથી ધર્મદશા પ્રગટે છે.

### "આઠ કર્મો તથા તેના નિમિત્તે થતા રાગ-દ્વેષ વગેરેની યોગ્યતાને ધર્મી જીવ ભોગવતો નથી, શુદ્ધ ચૈતન્યને અનુભવે છે."

(૬૨) અહીં ધર્મી જીવ ભાવના ભાવે છે કે હું કાર્મણ શરીર નામ કર્મના ફળને ભોગવતો નથી, હું તો ચૈતન્યસ્વરૂપ આત્માને જ ભોગવું છું. જીવ જેવા પ્રકારના ભાવ કરે તેવા પ્રકારના જડ કર્મો બંધાય છે, જેને નસીબ કહે છે. તેના મુખ્ય જ્ઞાનાવરણીયાદિ આઠ ભેદો છે. તે કર્મોના બનેલા શરીરને કાર્મણશરીર કહે છે. તે કર્મના નિમિત્તે પોતામાં પોતાની યોગ્યતાના કારણે જ્ઞાન દર્શન વગેરેની હીણી અવસ્થા તથા રાગ-દ્વેષ થાય છે ને બહારમાં સંયોગરૂપે શાતા અશાતા વગેરે દેખાય છે. ધર્મીજીવ સમજે છે કે કર્મ જડ છે ને તેના નિમિત્તે પર્યાયની યોગ્યતા મારું સ્વરૂપ નથી, હું

તો શુદ્ધ ચૈતન્યસ્વભાવી છું. અજ્ઞાની જીવ માને છે કે મારી હોશિયારીને લીધે પૈસા મળે છે ને ઠોઠપણાને લીધે પૈસા જાય છે પણ તે વાત ખોટી છે. અજ્ઞાની પર વસ્તુને પોતાના હાથમાં રાખવા માંગે છે; પણ જેને ધર્મ કરવો હોય તેણે જેમ છે તેમ જાણવું જોઈએ કે લક્ષ્મી આદિ પૂર્વ પ્રારબ્ધના યોગે મળે છે, વળી અનુકુળતા મળો કે પ્રતિકૂળતા મળો તે આત્માને લાભ-નુકસાનકારક નથી ને કર્મના નિમિત્તે આત્માની દશામાં જરા વિકાર થાય તે આત્માનું ખરું સ્વરૂપ નથી. હું તો જ્ઞાન, દર્શન, વીર્યથી ભરેલો છું—આમ પોતાના આત્માનાં શ્રદ્ધાન જ્ઞાન કરવાં તે ધર્મ છે. આવા ભાન વિના સ્વર્ગના દેવોના ભવો, અબજોપતિના ભવ, રંકના ભવ, ને કીડી કાગડાના ભવો અનંતવાર કર્યા પણ ઓળખાણ કરી નહિ. વળી, અજ્ઞાની જીવો કહે છે કે કરેલા કર્મ તો ભોગવવા પડે ને ? તેનું સમાધાનઃ– ધર્મી કહે છે કે બાંધેલા કર્મ જડ છે, એને તો હું ભોગવતો નથી પણ તેના નિમિતે રાગ-દ્વેષ થાય, તેને પણ હું ભોગવતો નથી. હું તો શુદ્ધ ચૈતન્ય સ્વભાવને અનુભવું છું.

## "ઔદારિક આદિ શરીરના અંગોપાંગ ને જીવ ભોગવતો નથી, ધર્મી જીવ શુદ્ધ ચૈતન્યને અનુભવે છે."

(૬૩) મનુષ્યના તથા તિર્યંચના શરીર ઔદારિક છે, તેના હાથ તથા પગને અંગ કહે છે ને આંગળાં વગેરેને ઉપાંગ કહે છે. શરીરના આ અંગ ઉપાંગ પ્રાપ્ત થાય તેમાં ઔદારિક શરીર અંગોપાંગ નામકર્મ નિમિત્ત છે. અજ્ઞાની જીવ માને છે કે આંખ ને કાન સારાં મળ્યા હોય, શરીર નમણું હોય તો ઠીક પડે. પણ આંખ ને કાન તો જડ છે, રોટલા, દાળ, ભાતથી બનેલા છે, તેને ઠીક અઠીક માનવાં તે અજ્ઞાનભાવ છે. ધર્મી જીવ સમજે છે કે આ અંગ ઉપાંગ જડ છે, કર્મ પણ જડ છે, ને કર્મના તરફનું વલણ પણ મારું ખરું સ્વરૂપ નથી, હું તો શુદ્ધ ચૈતન્ય સ્વભાવી છું.

(૬૪) નારકી તથા દેવના શરીર વૈક્રિયિક છે. તેના અંગ ઉપાંગ મળવામાં વૈક્રિયિક શરીર અંગોપાંગનામ કર્મ પ્રકૃતિ નિમિત્ત છે. દયા, દાન, પૂજાના શુભભાવ કરી જીવ દેવમાં જાય છે ને હિંસા, આદિના અશુભભાવ કરી નરકમાં જાય છે. ધર્મી જીવ સમજે છે કે અંગ ઉપાંગો તથા કર્મ જડ છે, તેમાં ધર્મ નથી, તે હું નથી, તેમ જ તેના નિમિત્તે થતી વર્તમાન યોગ્યતાને હું ભોગવતો નથી, હું તો શુદ્ધ ચૈતન્યસ્વભાવી છું.

(૬૫) કોઈ લબ્ધિવાળા મુનિને શંકા પડે તો શ્રુતકેવળી અથવા કેવળી પાસે જવા માટે માથામાંથી સફેદ પૂતળું નીકળે છે, તેને આહારક શરીર કહે છે. તેના અંગોપાંગ મળવામાં આહારકશરીર અંગોપાંગ નામકર્મપ્રકૃતિ નિમિત્ત છે. મુનિ ધર્માત્મા સમજે છે કે શરીરને રચનાર હું નથી, કર્મ પણ

મારું નથી, શરીર શરીરના કારણે રચાય છે, તથા વર્તમાન શુભરાગને પણ હું ભોગવતો નથી, હું તો શુદ્ધ ચૈતન્યસ્વભાવી છું.

## "ઔદારિકાદિ શરીરના પરમાણુને જીવ ગોઠવતો નથી, ધર્મીની દ્રષ્ટિ શુદ્ધ ચૈતન્ય ઉપર છે."

(૬૬) જે કર્મના ઉદયથી ઔદારિક શરીરના—મનુષ્ય તથા તિર્યંચના પરમાણુ પરસ્પર સંબંધને પ્રાપ્ત થાય, જ્યાં જેમ છે તેમ ગોઠવાઈ જાય, હાથ હોય ત્યાં હાથ, પગની જગ્યાએ પગ, તેને ઔદારિક શરીર બંધનનામકર્મની પ્રકૃતિ કહે છે. ધર્મી જીવ સમજે છે કે શરીરના પરમાણુ તેના કારણે ગોઠવાઈ જાય છે, હું તેને ગોઠવતો નથી, હું તો શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ છું.

(૬૭) જે કર્મના ઉદયથી વૈક્રિયિક શરીરના (-દેવ-નારકીના) પરમાણુ પરસ્પર યથાયોગ્ય ગોઠવાઈ જાય તેને વૈક્રિયિક શરીર બંધન નામકર્મની પ્રકૃતિ કહે છે. ધર્મી તેને ભોગવતો નથી, શુદ્ધ આત્માને ભોગવે છે.

(૬૮) જે કર્મના ઉદયથી આહારક શરીરના પરમાણુ પરસ્પર ગોઠવાઈ જાય તેને આહારક શરીર બંધન નામ કર્મ કહે છે. મુનિ ધર્માત્મા તેને ગોઠવતો નથી, મુનિ શુદ્ધ ચૈતન્યને અનુભવે છે.

(૬૯) તૈજસ શરીર બંધન નામકર્મના નિમિતે તૈજસ શરીરના પરમાણુઓ બરાબર ગોઠવાઈ જાય, હાથ ઘસવાથી ઉષ્ણતા તથા શરીરમાં કાંતિ દેખાય છે તેમાં તૈજસ શરીરનું નિમિત્ત છે. ધર્મી કહે છે કે તે પરમાણુને મેં ભેગા કર્યા નથી; ધર્મી સમજે છે કે હું ચૈતન્ય સ્વરૂપ છું. આ ગૃહસ્થાશ્રમમાં સમજી શકાય તેવી વાત છે.

(૭૦) કાર્મણ શરીર બંધન નામ કર્મના નિમિતે કાર્મણ શરીરના પરમાણુ પરસ્પર સંબંધને પ્રાપ્ત થાય. ધર્મી કહે છે કે તે પ્રકૃતિ હું નથી, હું તો ચૈતન્ય સ્વરૂપી છું.

## "ઔદારિક શરીર છિદ્રરહિત છે, ધર્મી જીવ તેવા શરીરને ભોગવતો નથી, શુદ્ધ ચૈતન્યને અનુભવે છે."

(૭૧) હું ઔદારિક શરીર સંઘાતનામકર્મના ફળને ભોગવતો નથી, હું ચૈતન્ય સ્વભાવી આત્માને સંચેતું છું. સંઘાત નામકર્મના લીધે ઔદારિક શરીરમાં છિદ્રરહિત એકતા હોય છે. વજ્રની ભીંતમાં જેમ કાણું નથી તેમ ઔદારિક શરીરમાં ક્યાંય કાણું નથી. આખું શરીર અખંડ છે.

અહીં ખાસ ન્યાય કહેવાનો છે. અજ્ઞાની જીવને ભ્રમ પડે છે કે આ શરીર દેખાય છે તેમાં ક્યાંય કાણું હશે. જેમ બારણાં બંધ હોય, ને વચમાં

છિદ્ર દ્વારા જેમ દેખાય તેમ આંખના કાણાં વગેરે જુદા જુદા કાણાં દ્વારા આત્મા જોવાનું કાર્ય કરતો હશે, એમ અજ્ઞાની માને છે. પરંતુ સંઘાત પ્રકૃતિના નિમિતે શરીર વજ્રની ભીંત જેમ અખંડ છે, આંખના સફેદ કોડામાં અગર બીજે ક્યાંય પણ કાણું નથી કે જે દ્વારા આત્મા દેખે. આત્મા પોતાના ઉઘાડના વિકાસ અનુસાર દેખે છે. વચ્ચે ઔદારિક, કાર્મણ ને તૈજસ એવા ત્રણ શરીરની મોટી વજ્ર જેવી અખંડ ભીંતો કાણા વગરની પડી છે. અજ્ઞાનીનો પણ સ્વભાવ પોતાના ઉઘાડથી જાણવાનો છે, પણ તે માને છે કે આ આંખ આદિના છિદ્ર દ્વારા હું દેખું છું એ જ તેનો અજ્ઞાનભાવ છે. ટાઢું—ઊનું ઈત્યાદિ સ્પર્શથી જણાય છે, ત્યાં શરીરના કોઈ ભાગને આત્મા તો સ્પર્શતો જ નથી, શરીરને અડ્યા વિના પોતાના જ્ઞાન સ્વભાવની અસ્તિથી જાણી રહ્યો છે. જડ તથા ચેતનને પરસ્પર અત્યંત અભાવ છે.

પ્રશ્ન:—આંખો ઉઘાડી હોય તો દેખાય છે ને ?

સમાધાન:—આંખની પાંપણ ઊંચી—નીચી કરવાની જીવની તાકાત નથી. જડની પર્યાય જડના કારણે થાય છે. આંખ વિના અંતર જ્ઞાનના ઉઘાડથી જાણી રહ્યો છે, આત્માની અંચિત્ય શક્તિ છે, કાણાં વિના અંદર જ્ઞાનના વિકાસથી જાણી રહ્યો છે.

તેવી રીતે જીભમાં પણ કાંઈ છિદ્ર નથી કે જે દ્વારા આત્મા જ્ઞાન કરે. આત્મા જીભને અડતો નથી, રસને અડતો નથી, રસનું જ્ઞાન પોતામાં રહીને કરે છે. સ્પર્શ, રસ, ગંધ, વર્ણ—કોઈને આત્મા અડતો નથી. પાંચ ઈન્દ્રિયોને અડતો નથી. પાંચ ઈન્દ્રિયો તથા સ્પર્શ વગેરેને અડ્યા વિના અંતર શકિતથી જાણે છે. જેમ કપડું તાણાવાણાવાળું હોય ને તાણાવાણામાંથી બહારની ચીજ દેખાય એમ આ શરીર એવું નથી—ક્યાંય છિદ્ર છે જ નહિ, એવી શરીરની રચના ભગવાને કરી નથી, આત્માએ રચી નથી; તેના કારણે અખંડ રચના રચાય છે, તેમાં સંઘાત પ્રકૃતિ નિમિત્ત છે. ધર્મી જીવ કહે છે કે પૂર્વની ભૂલ હું નથી, પ્રકૃતિ હું નથી, પ્રકૃતિના ફળરૂપે અખંડ શરીર હું નથી, ને તે બધાના કારણે અથવા તે દ્વારા મને જ્ઞાન થતુ નથી, હું તો મારી પર્યાયની યોગ્યતા મુજબ મારા કારણે જ્ઞાન કરું છું. વળી, એવડા જ્ઞાનના ઉઘાડ જેટલો પણ હું નથી, હું ત્રિકાળી શુદ્ધ ચૈતન્ય સ્વરૂપી આત્મા છું, સંઘાત પ્રકૃતિ તરફ તથા તેના ફળ તરફ મારું વલણ નથી, હું તો શુદ્ધ ચૈતન્યને અનુભવું છું.

## ‘‘વૈક્રિયિક આદિ શરીરની છિદ્રરહિત દશાને આત્મા કરતો નથી, ભોગવતો નથી.’’

(૭૨) વૈક્રિયિક શરીર સંઘાતનામકર્મની પ્રકૃતિને લીધે વૈક્રિયિક શરીરમાં અખંડતા રહે છે, તેમાં છિદ્ર હોતાં નથી. ધર્મી જીવ કહે છે કે હું તે પ્રકૃતિરૂપ નથી, તેના ફળને હું ભોગવતો નથી; હું ચૈતન્ય સ્વરૂપને ભોગવું છું.

(૭૩) આહારક શરીર સંઘાતનામકર્મની પ્રકૃતિને લીધે આહારક શરીરમાં છિદ્રરહિત એકતા રહે છે, તેમાં કાણાં હોતાં નથી. ધર્મી જીવ કહે છે કે હું તે પ્રકૃતિરૂપ નથી, તેના ફળને હું ભોગવતો નથી, હું ચૈતન્ય સ્વરૂપને ભોગવું છું.

(૭૪) તૈજસ શરીર સંઘાતનામકર્મની પ્રકૃતિને લીધે તૈજસ શરીરમાં અખંડતા રહે છે, તેમાં છિદ્ર હોતાં નથી. ધર્મી જીવ કહે છે કે હું તે પ્રકૃતિના ફળને ભોગવતો નથી, ચૈતન્યને જ અનુભવું છું.

કોઈ પણ શરીરમાં છિદ્ર નથી કે જે દ્વારા આત્મા જ્ઞાન કરે. ત્રણે શરીરો વજ્રની ભીંતની જેમ આત્માની આડાં પડ્યાં છે છતાં આત્મા શરીરને સ્પર્શ્યા વિના પોતાની અચિન્ત્ય શક્તિથી જ્ઞાન કરે છે.

(૭૫) કાર્મણ શરીર સંઘાતનામકર્મના કારણે કાર્મણશરીરમાં ક્યાંય છિદ્ર હોતાં નથી, કાર્મણના પડદામાં છિદ્ર નથી, કાર્મણ આદિ કોઈપણ શરીરમાં છિદ્ર છે જ નહી. ત્રણે શરીરો છિદ્રરહિત વજ્રની ભીંત જેવા આડા પડ્યા છે, વળી જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, અંતરાયનો ક્ષયોપશમ જીવને અનાદિથી ગણ્યો છે, માટે તેમાં કાણાં હશે ? ના. વળી, કેવળીને ચાર ઘાતિકર્મનો નાશ થયો છે માટે જે ચાર અઘાતી કર્મો બાકી છે તેમાં કાણાં હશે ? ના.—કારણ કે સંઘાત પ્રકૃતિના નિમિત્તે કાર્મણશરીર છિદ્રરહિત અખંડ બનેલું છે. ધર્મી જીવ સમજે છે કે પ્રકૃતિને તેના ફળરૂપે છિદ્ર વિનાનાં શરીર મળે, તેને હું ભોગવતો નથી, હું શુદ્ધ ચૈતન્યને ભોગવું છું.

## “સુંદર અથવા બેડોળ શરીરના આકારો ઉપર ધર્મીની દ્રષ્ટિ નથી, ધર્મી જીવ શુદ્ધ ચૈતન્યને અનુભવે છે.”

(૭૬) સમચતુરસ સંસ્થાનનામકર્મની પ્રકૃતિના કારણે શરીરની આકૃતિ ઉપર, નીચે ને મધ્યમાં સરખે ભાગે બને. અજ્ઞાનીને સરખું શરીર, સરખા અવયવો દેખીને હોંશ થાય છે, તે જીવ જડની ભાવના ભાવે છે. શરીરનો આકાર શરીરના કારણે થાય છે, આત્માને કારણે તેનો આકાર બનતો નથી. ધર્મીજીવ પ્રકૃતિ ને તેના ફળને ભોગવતો નથી, શુદ્ધ ચૈતન્યને અનુભવે છે.

(૭૭) ન્યુગ્રોધ પરિમંડલસંસ્થાનનામકર્મની પ્રકૃતિના કારણે શરીર વડના વૃક્ષની જેવું હોય અથવા નાભિથી નીચેના અંગ નાનાં અને ઉપરના

અંગ મોટાં હોય. ધર્મીજીવ સમજે છે કે પ્રકૃતિને તેનું ફળ જડમાં છે, હું તો ચૈતન્ય સ્વરૂપી છું.

(૭૮) સાતિક સંસ્થાનનામકર્મની પ્રકૃતિના કારણે શરીરનો નીચેનો ભાગ જાડો હોય ને ઉપરનો પાતળો હોય. ધર્મીજીવ સમજે છે કે હું શુદ્ધ આત્મા છું, હું શરીરના આકારરૂપે થયો નથી.

(૭૯) કબ્જક સંસ્થાનનામક્રમની પ્રકૃતિના કારણે શરીર કૂબડું હોય. ધર્મીજીવ વિચારે છે કે પૂર્વે પ્રકૃતિ બંધાણી હોય, તે મારું સ્વરૂપ નથી, હું તો શુદ્ધ આત્મા છું.

(૮૦) વામન સંસ્થાનનામકર્મની પ્રકૃતિના કારણે શરીર ઘણું જ ઠીંગણુ હોય. અજ્ઞાની જીવ એવું શરીર મળતાં એકત્વબુદ્ધિનો ખેદ કરે છે ને સારા શરીરની ભાવના કરે છે, ધર્મી જીવ સમજે છે કે તે પ્રકૃતિ ને તેનું ફળ જડ છે. હું તો ચૈતન્ય સ્વરૂપ છું.

(૮૧) હુંડક સંસ્થાનનામકર્મની પ્રકૃતિના કારણે શરીરના અંગ ઉપાંગ કોઈ ખાસ આકારના ન હોય—બેડોળ આકારના હોય. ધર્મીજીવ સમજે છે કે કર્મ ને શરીર જડની પર્યાય છે, હું તો ચૈતન્ય સ્વરૂપી આત્મા છું.

***

**(માગશર સુદ ૨, શુક્રવાર, તા. ૩૦-૧૧-૫૧)**

## "વજ્રર્ષભનારાચ સંહનને લીધે કેવળજ્ઞાન નથી, પોતાના શુદ્ધ સ્વભાવના આશ્રયે કેવળજ્ઞાન પ્રગટે છે."

(૮૨) હું વજ્રર્ષભનારાચસંહનનનામ કર્મના ફળને ભોગવતો નથી, હું તો ચૈતન્ય સ્વરૂપ આત્માને જ સંચેતું છું.

વજ્રર્ષભનારાચ સંહનન પ્રકૃતિના ઉદયથી શરીરનાં હાડકાં વજ્ર જેવાં હોય, પાટા પણ વજ્ર જેવા ને ખીલીઓ પણ વજ્ર જેવી હોય, એટલે કે શરીર ઘણું મજબૂત હોય. કેવળીભગવાનને એવું શરીર હોય છે. અજ્ઞાની જીવ એમ માને છે કે મજબૂત શરીર હોય તો અહિંસા પાળી શકાય અને દેશનું રક્ષણ થઈ શકે, વળી ધર્મના નામવાળા એમ માને કે આવું શરીર છે તો કેવળ પામે છે. બતાવો એક દ્રષ્ટાંત કે આ શરીર વિના કોઈ કેવળ પામ્યું હોય તો! આમ અજ્ઞાની દલીલ કરે છે. ભાઈ ! શરીર ગમે તેટલું મજબૂત હોય તો તે રૂપી છે, આત્મામાં તેનો અભાવ છે, શરીરને લીધે ધર્મ થતો નથી, શરીરને લીધે અહિંસા પળાતી નથી તેમ જ પરનું રક્ષણ થતું નથી. વળી શરીરને લીધે કેવળજ્ઞાન થતું નથી, ધર્મદશા—કેવળદશા પોતાના આત્માના આશ્રયે થાય છે, ધર્મી જીવ વિચારે છે કે મજબૂત શરીર આત્માનું સ્વરૂપ નથી, તથા

તે પ્રકૃતિના નિમિતે જીવની યોગ્યતા તે પણ જીવનું ખરું સ્વરૂપ નથી. જીવ તો ત્રિકાળી શુદ્ધ ચૈતન્યસ્વભાવી છે, કેવળજ્ઞાન સંહનનના આધારે પ્રગટતું નથી, પણ સ્વભાવના આશ્રયે પ્રગટે છે, ધર્મીજીવને ચૈતન્ય સ્વભાવની મુખ્યતા કદી ટળતી નથી ને નૈમિતિક પર્યાયની મુખ્યતા કદી થતી નથી. સંહનનના અભાવને લીધે કે પાંચમાં આરાને લીધે કેવળજ્ઞાન અટક્યું છે એમ ધર્મી જીવ માનતો નથી, પણ પોતાના સ્વભાવ તરફના પુરૂષાર્થની ઉગ્રતાના અભાવને લીધે અટક્યું છે. ધર્મી જીવની દ્રષ્ટિ પર્યાય ઉપર નથી, તેથી પર્યાયમાં વર્તમાન જરી વિકારની યોગ્યતા હોવા છતાં તેને ગૌણ કરી વ્યવહાર કહી ભોગવતો નથી, એમ કહ્યું, ને ચૈતન્યસ્વરૂપને સંચેતે છે એમ કહ્યું છે.

(૮૩) વજ્રનારાચસંહનનનામ કર્મની પ્રકૃતિના ઉદયથી શરીરમાં વજ્રના હાડ ને વજ્રની ખીલી હોય, તેવા શરીરને આત્મા ભોગવતો નથી. અજ્ઞાની માને છે કે આત્મા શરીરને મજબૂત કરી શકે, પણ તે અજ્ઞાનભાવ છે. અજ્ઞાની કે કેવળી કોઈ પણ જડની ક્રિયા કરી શકતો નથી. ધર્મીજીવની દ્રષ્ટિ શુદ્ધ આત્મા ઉપર છે,

(૮૪) નારાચસંહનન નામકર્મની પ્રકૃતિના ઉદયથી વેષ્ટન અને ખીલીઓ સહિત હાડ હોય, તેને આત્મા ભોગવતો નથી. ધર્મી શુદ્ધ ચૈતન્યને ભોગવે છે.

(૮૫) અર્ધનારાચસંહનન નામકર્મની પ્રકૃતિના ઉદયથી હાડોની સંધિ અર્ધકીલિત હોય તેને આત્મા ભોગવતો નથી. ધર્મીની દ્રષ્ટિ શુદ્ધ ચૈતન્ય ઉપર છે.

(૮૬) કીલિકાસંહનન નામકર્મની પ્રકૃતિના ઉદયથી હાડની સંધિ પરસ્પર કીલિત હોય તેને આત્મા ભોગવતો નથી. ધર્મી શુદ્ધ ચૈતન્યને ભોગવે છે.

(૮૭) અસંપ્રાપ્તાસૃપાટિકા સંહનન નામકર્મની પ્રકૃતિના ઉદયથી જુદા જુદા હાડ નસોથી બંધાયેલા હોય પણ પરસ્પર કીલિત ન હોય, તેને આત્મા ભોગવતો નથી. ધર્મી જીવ શુદ્ધ ચૈતન્યને ભોગવે છે.

## "ધર્મી જીવ સ્પર્શની પર્યાયને ભોગવતો નથી પણ શુદ્ર ચૈતન્ય સ્વરૂપને ભોગવે છે."

(૮૮) હું સ્નિગ્ધ સ્પર્શનામકર્મના ફળને ભોગવતો નથી, હું ચૈતન્યસ્વરૂપ આત્માને સંચેતું છે.

સ્નિગ્ધ સ્પર્શનામકર્મના ઉદયથી શરીરમાં ચીકાશપણું હોય છે. નામકર્મની પ્રકૃતિઓ ૯૩ છે, તેમાં દરેક નામકર્મની પ્રકૃતિના ઉદયથી

આત્માનો સૂક્ષ્મત્વ ગુણ પર્યાયમાં હણાય છે, એમ દરેક પ્રકૃતિમાં સમજી લેવું. ધર્મી જીવ સમજે છે કે ચીકાશપણું શરીરમાં છે, આત્મામાં નથી, ને પ્રકૃતિના નિમિત્તે સૂક્ષ્મત્વગુણનો પર્યાયમાં ઘાત થયો છે, તે એક સમય પૂરતો છે, ત્રિકાળી સ્વભાવમાં ઘાત થયો નથી, સૂક્ષ્મત્વગુણ એવો ને એવો પડ્યો છે. હું ઘાતવાળી પર્યાયને ભોગવતો નથી. હું ચૈતન્યસ્વરૂપ આત્માને અનુભવું છું.

(૮૯) રૂક્ષ સ્પર્શનામકર્મની પ્રકૃતિના ઉદયે શરીરમાં લૂખ્ખાપણું હોય છે. ધર્મી જીવ સમજે છે કે લૂખ્ખાપણું તેમ જ એક સમયની યોગ્યતા મારા ત્રિકાળી સ્વભાવમાં નથી, હું તો શુદ્ધ ચૈતન્યને અનુભવું છું.

(૯૦) શીતસ્પર્શનામકર્મની પ્રકૃતિના ઉદયે શરીર ઠંડું પડે, તે પ્રકૃતિના નિમિત્તે પર્યાયમાં સૂક્ષ્મગુણ હણાય છે. હણાવા છતાં તેને ગૌણ ગણી, વ્યવહાર કહી, અભૂતાર્થ ગણેલ છે, -પર્યાય જ્ઞાન કરવા માટે છે પણ આદરણીય નથી. શુદ્ધ ચૈતન્ય સૂક્ષ્મ સ્વભાવી આત્મા આદરણીય છે.

(૯૧) ઉષ્ણસ્પર્શનામકર્મની પ્રકૃતિના ઉદયે શરીર ઊનું થાય, તાવ આવે,-ધર્મી સમજે છે કે તાવ આવે છે તે શરીરને આવે છે, આત્માને આવતો નથી ને પ્રકૃતિના નિમિત્તે એક સમયની પર્યાયની યોગ્યતાને ગૌણ કરી ધર્મી જીવ શુદ્ધ ચૈતન્યને અનુભવે છે.

(૯૨) ગુરુસ્પર્શનામકર્મની પ્રકૃતિના ઉદયે શરીર ભારે થાય. ધર્મી સમજે છે કે શરીરનું ભારેપણું અથવા પ્રકૃતિના નિમિત્તે પર્યાયની યોગ્યતા આત્માનું ખરું સ્વરૂપ નથી. ધર્મીની દ્રષ્ટિ શુદ્ધ ચૈતન્ય ઉપર છે.

(૯૩) લઘુસ્પર્શનાનામકર્મની પ્રકુતિના ઉદયે શરીર રૂ જેવુ હલકું હોય ને તેના નિમિત્તે સૂક્ષ્મગુણ પર્યાયમાં હણાય છે, ધર્મી તેમાં જોડતો નથી, શુદ્ધ ચૈતન્યને અનુભવે છે.

(૯૪) મૃદુસ્પર્શનાનામકર્મની પ્રકૃતિના ઉદયે શરીર ફુલ જેવું સુંવાળું હોય; ધર્મી જીવ તેમાં સુખ માનતો નથી, શુદ્ધ ચૈતન્યને અનુભવે છે.

(૯૫) કર્કશસ્પર્શનામકર્મની પ્રકૃતિના ઉદયે શરીર કર્કશ હોય. ગાયની જીભ કરવત જેવી હોય છે, ધર્મી ઢોર હોય તે સમજે છે કે તે મારું સ્વરૂપ નથી, તેમ જ એક સમયની યોગ્યતા ત્રિકાળી સ્વભાવમાં નથી, હું તો શુદ્ધ ચૈતન્યને અનુભવું છું.

અહીં કોઈ પૂછે કે ઢોરને નવતત્ત્વના નામ તો આવડતા નથી. તે કેવી રીતે આત્માને અનુભવે ?

સમાધાનઃ–સમ્યગ્દ્રષ્ટિ તિર્યંચને નવતત્ત્વના નામની ખબર નહિ હોવા છતાં ભાવનું ભાસન યથાર્થ છે. પુણ્ય-પાપમાં જોડાવું તે અહિતકર છે

ને મારા સ્વભાવમાં શ્રદ્ધા-જ્ઞાન કરવા તે હિતકર છે, એવા ભાવનું ભાસન સમ્યગ્દ્રષ્ટિ ગાય, દેડકા, વગેરેને થાય છે. બાળકને ખાંડનું નામ નહિ આવડતા છતાં તેને ખાંડના રસનો અનુભવ જેવો બેરિસ્ટરને હોય છે તેવો જ હોય છે, બન્નેને સ્વાદ સરખા હોય છે, તેમ ધર્મી તિર્યંચને તત્ત્વોના નામ નહિ આવડતા હોવા છતાં તેમના ભાવનું ભાસન છે ને તેમનો આત્માનો અનુભવ બીજા સમ્યગ્દ્રષ્ટિ મનુષ્ય જેવો હોય છે-અનુભવની જાતમાં કાંઈ ફેર નથી. તિર્યંચ પણ ભાન કરી શકે છે કે કર્કશતા શરીરમાં છે, મારામાં નથી. એક સમયની સૂક્ષ્મત્વ ગુણની પર્યાયમાં ઘાત છે, છતાં ત્રિકાળી સ્વભાવમાં સૂક્ષ્મગુણ એવો ને એવો જ પડ્યો છે, હું તો સૂક્ષ્મ શુદ્ધ ચૈતન્યને સંચેતુ છું.

## "રસના પાંચ ભેદો જડનું સ્વરૂપ છે, આત્મા તેને ભોગવતો નથી, ધર્મી જીવ શુદ્ધ ચૈતન્યને અનુભવે છે."

(૯૬) મધુરસનામકર્મની પ્રકૃતિના ઉદયે શરીરમાં મધુરાશ આવે. ધર્મી સમજે છે કે તે શરીરની અવસ્થા છે, હું તો ચૈતન્યસ્વરૂપ છું.

(૯૭) આમ્લરસનામકર્મની પ્રકૃતિના ઉદયે શરીર ખાટા રસવાળું હોય. ધર્મી સમજે છે કે હું શરીરરૂપે નથી, હું ચૈતન્ય સ્વરૂપ છું.

(૯૮) તિક્તરસનામકર્મની પ્રકૃતિના ઉદયે શરીરમાં તીખાશ હોય. દ્રષ્ટાંત : મરચાંના જીવે એવી પ્રકૃતિ બાંધી હોય છે કે જેથી તેનું મરચારૂપ શરીર તીખું હોય છે, તેવી પ્રકૃતિ ધર્મીને હોય તોપણ સમજે છે કે હું તેને ભોગવતો નથી, ચૈતન્ય સ્વરૂપ આત્માને સંચેતું છું.

(૯૯) કટુકરસનામકર્મની પ્રકૃતિના ઉદયે શરીરમાં કડવો રસ હોય. કારેલાના જીવને આવી પ્રકૃતિના કારણે તેનું શરીર—કારેલું—કડવું હોય છે, ધર્મીજીવને એવી પૂર્વની પ્રકૃતિ હોય તો સમજે છે કે હું તેને ભોગવતો નથી.

(૧૦૦) કષાયરસનામકર્મની પ્રકૃતિના ઉદયે શરીરમાં તૂરાશ લાગે. ધર્મી જીવ સમજે છે કે તે જડ છે, હું તો ચૈતન્યસ્વરૂપી આત્મા છું.

## "વર્ણ ને ગંધના ભેદો શરીરમાં પડે છે, આત્માનું સ્વરૂપ નથી, ધર્મી જીવ શુદ્ધ ચૈતન્યને અનુભવે છે."

(૧૦૧) સુરભિગંધનામકર્મની પ્રકૃતિના ઉદયે શરીર સુગંધી હોય. ગુલાબના ફૂલના જીવને આવી પ્રકૃતિ છે, તેથી તેનું શરીર સુગંધવાળું હોય છે. ધર્મી સુગંધી શરીરમાં સુખ માનતો નથી, શુદ્ધ ચૈતન્યને અનુભવે છે.

(૧૦૨) અસુરભિગંધનામકર્મની પ્રકૃતિના ઉદયે શરીર દુર્ગંધી હોય. વાઘ, સિંહનાં શરીરો દુર્ગંધ મારે છે. કોઈના શ્વાસ દુર્ગંધ મારે છે. ધર્મી

સમજે છે દુર્ગંધ મારામાં નથી, પૂર્વે પ્રકૃતિ બંધાયેલી હોય તે હું નથી, હું તો ચૈતન્ય સ્વરૂપ છું.

(૧૦૩) શુકલવર્ણનામકર્મની પ્રકૃતિના ઉદયે શરીર રૂપાળુ હોય છે. અજ્ઞાની જીવ રૂપાળું શરીર મળતાં અભિમાન કરે છે, તે તો જડની પર્યાય છે, તેને પોતાનું માનવું તે અભિમાન છે. ધર્મી સમજે છે કે પૂર્વ પુણ્યના કારણે પ્રકૃતિ બંધાયેલી છે. પુણ્ય, પ્રકૃતિ ને પ્રકૃતિના નિમિત્તે થતી યોગ્યતા મારું સ્વરૂપ નથી, હું તો અરૂપી સૂક્ષ્મ ચૈતન્ય સ્વભાવી આત્મા છું.

(૧૦૪) રકતવર્ણનામકર્મની પ્રકૃતિના ઉદયે શરીર લાલ હોય છે. લાલ ટમેટામાં એકેન્દ્રિય જીવ છે, તેણે આવી પ્રકૃતિ બાંધી છે, તેના નિમિતે શરીર લાલ છે. ધર્મી સમજે છે કે પૂર્વ કોઈ પ્રકૃતિ બંધાયેલી હોય તે મારું સ્વરૂપ નથી, હું તો શુદ્ધ ચૈતન્યસ્વરૂપી છું.

(૧૦૫) પીતનર્ણનામકર્મની પ્રકૃતિના ઉદયે શરીર પીળું હોય છે. ધર્મી તેને પોતાનું સ્વરૂપ માનતા નથી.

(૧૦૬) હરિતવર્ણનામકર્મની પ્રકૃતિના ઉદયે શરીર લીલું હોય છે. ધર્મી તેને પોતાનું સ્વરૂપ માનતા નથી.

(૧૦૭) કૃષ્ણવર્ણનામકર્મની પ્રકૃતિના ઉદયે શરીર કાળું હોય છે. ધર્મી તેને પોતાનું સ્વરૂપ માનતા નથી.

## "નામકર્મના કારણે સૂક્ષ્મત્વગુણ પર્યાયમાં હણાયો છે, છતાં સૂક્ષ્મસ્વરૂપ આત્મા એકરૂપ અખંડ પડ્યો છે."

(૧૦૮) નરકગત્યાનુપૂર્વી નામકર્મની પ્રકૃતિના ઉદયે આત્માના પ્રદેશ મરણ પછી અને નરકમાં જન્મતાં પહેલાં રસ્તામાં અર્થાત્ વિગ્રહગતિમાં મરણ પહેલાના શરીરના આકારે રહે છે. ગતિ ને આયુષ્ય નરકગતિનું શરુ થઈ ગયું છે પણ આકાર આગલા શરીર પ્રમાણે રહે છે તે ખાસ આ પ્રકૃતિની વિશિષ્ટતા છે. સંસ્થાનપ્રકૃતિનો ઉદય રસ્તામાં હોતો નથી. આત્મા અસંખ્યપ્રદેશી છે, તે અસંખ્યપ્રદેશોનો આકાર મરણ પહેલાના શરીર પ્રમાણે આ પ્રકૃતિના નિમિત્તે જળવાઈ રહે છે. માંસ ખાનારા, મોટાં પાપ કરનારા વગેરે પાપી જીવો નરકમાં જાય છે ને અસહ્યવેદના ભોગવે છે. ત્યાં કરોડો વીંછી કરડે વગેરે ઘણી વેદના છે. સ્ત્રી બહુ પાપ કરે તો છઠ્ઠી નરક સુધી જાય ને પુરૂષ સાતમી નરક સુધી જાય. નરકમાં કોઈ જીવ ધર્મ પામે તો તે તથા પૂર્વે નરક આયુ બંધાઈ ગયું હોય અને પછી ધર્મ પામીને ત્યાં ગયેલો જીવ હોય તે સમજે છે કે આનુપૂર્વી પ્રકૃતિને તેના લીધે આત્માની યોગ્યતા તે મારું સ્વરૂપ નથી, હું તો શુદ્ધ ચૈતન્યસ્વરૂપી આત્મા છું.

(૧૦૯) તિર્યંચગત્યાનુપૂર્વી નામકર્મના ઉદયે આત્માના પ્રદેશ મરણ પછી અને તિર્યંચમાં જન્મતા પહેલાં રસ્તામાં મરણ પહેલાંના શરીરના આકારે રહે. મનુષ્ય, દેવ, નારકી ને ઢોર મરીને ઢોર થાય. સમકિતીએ પૂર્વે તિર્યંચઆયુ બાંધ્યુ હોય તો જુગલિયામાં ઢોર થાય. ઢોરમાં જન્મતાં પહેલા રસ્તામાં આગલા શરીરનો આકાર જળવાઈ રહે, ધર્મી ઢોર સમજે છે કે પ્રકૃતિ મારું સ્વરૂપ નથી, હું તો ચૈતન્ય છું.

(૧૧૦) મનુષ્યગત્યાનુપૂર્વીનામકર્મના ઉદયે આત્માના પ્રદેશ મરણ પછી અને મનુષ્યમાં જન્મતા પહેલાં રસ્તામાં મરણ પહેલાના શરીરના આકારે રહે, ચારે ગતિમાંથી મરીને મનુષ્ય થાય છે, સમકિતી દેવ મનુષ્ય થાય. સમકિતી જીવને ભાન છે કે આ પ્રકૃતિ મારું સ્વરૂપ નથી, હું તો ચૈતન્ય છું.

(૧૧૧) દેવગત્યાનુપૂર્વીનામકર્મના ઉદયે આત્માના પ્રદેશ મરણ પછી અને દેવમાં જન્મના પહેલાં રસ્તામાં મરણ પહેલાના શરીર આકારે રહે, સમકિતી મનુષ્ય દેવ થાય તેને ભાન છે કે પ્રકૃતિ મારું સ્વરૂપ નથી, હું તો ચૈતન્યને ભોગવું છું.

(૧૧૨) નિર્માણનામકર્મના ઉદયથી શરીરના અવયવોની ઠીક ઠીક રચના થાય. નાક નાકના સ્શાનમાં, હાથ હાથના સ્થાનમાં, રહે ને તેના પ્રમાણમાં રચના થાય. ધર્મીજીવ સમજે છે કે શરીરની રચના હું કરતો નથી, હું તો શુદ્ધ ચૈતન્ય છું.

(૧૧૩) અગુરૂ લઘુનામકર્મના ઉદયથી શરીર તદ્દન હળવું કે ભારે ન થાય, મધ્યસ્થ રહે, તેવી યોગ્યતાથી સૂક્ષ્મત્વગુણ હણાય છે, છતા ધર્મીજીવની દ્રષ્ટિ પર્યાય ઉપર નથી, ધર્મી જીવ તો સૂક્ષ્મ ચૈતન્ય સ્વભાવને અનુભવે છે.

(૧૧૪) ઉપઘાતનામકર્મના ઉદયથી પોતાના અંગથી પોતાનો ઘાત થાય. સાબરનાં શીંગડા જ ક્યાંક ભરાઈ જતા સાબર મરી જાય છે, કોઈને પોતાની જીભ પોતાના દાંતથી કચરાઈ જાય છે તે ઉપઘાત પ્રકૃતિના ઉદયથી છે એવી વર્તમાન યોગ્યતા પર્યાયમાં છે છતાં ધર્મી જીવ યોગ્યતાને સ્વીકારતો નથી, શુદ્ધ ચૈતન્યને જ સ્વીકારે છે.

(૧૧૫) પરઘાત નામકર્મના ઉદયથી બીજાને ઘાત કરવાવાળા પોતાના અંગઉપાંગ હોય. જેમ કે સિંહ, બિલાડી, વગેરે. સિંહને ધર્મનું ભાન થાય તો સમજે કે પ્રકૃતિનો ઉદય મારું સ્વરૂપ નથી, હું તો ચૈતન્યસ્વરૂપી છું, ભાન થયા પછી બીજાનો ઘાત કરે નહિ.

(૧૧૬) આતપનામકર્મના ઉદયથી આતપરૂપ શરીર હોય. જેમ કે સૂર્ય. સૂર્ય પત્થર છે તેમાં એકેન્દ્રિય જીવ છે, તેને આતપનામકર્મનો ઉદય છે. ધર્મી જીવ પ્રકૃતિને જડ સમજી શુદ્ધ ચૈતન્યને દેખે છે.

(૧૧૭) ઉદ્યોતનામકર્મના ઉદયથી ઉદ્યોતરૂપ શરીર હોય છે. જેમકે આગિયા જીવડાનું શરીર. ધર્મીજીવ તેને જડ સમજે છે, પોતે તો શુદ્ધ ચૈતન્યસ્વરૂપ છે.

(૧૧૮) ઉચ્છવાસ નામકર્મની પ્રકૃતિના ઉદયે શ્વાસોચ્છવાસ લેવાય, દેવોને લાંબા વખતે એક શ્વાસ લેવો પડે ને નારકીને થોડા વખતમાં ઘણાં શ્વાસ હોય. ધર્મી સમજે છે કે શ્વાસની ક્રિયા જડની છે, આત્મા તેને કરતો નથી, આત્મા શુદ્ધ ચૈતન્ય છે.

(૧૧૯) પ્રશસ્ત વિહાયોગતિનામકર્મની પ્રકૃતિના ઉદયે મલપતા હાથીની જેવી ચાલ હોય. હાથી સમકિત પામે તો સમજે કે આ પ્રકૃતિ જડ છે, એક સમયની પર્યાયની યોગ્યતા મારું ખરું સ્વરૂપ નથી, હું તો શુદ્ધ ચૈતન્યસ્વરૂપ છું.

(૧૨૦) અપ્રશસ્ત વિહાયોગતિનામકર્મની પ્રકૃતિના ઉદયે ઊંટ ને ગધેડા જેવી ચાલ હોય. ધર્મી સમજે છે કે તે ચાલ શરીરની છે, હું તો મારા ચૈતન્યસ્વરૂપમાં વિહાર કરું છું

આ બધું જગતનું નાટક બતાવ્યું છે. આખી દુનિયાનો નકશો છે. આત્મા પર્યાયની યોગ્યતાને જાણે પણ આદર કરે નહિ. આમ પુણ્ય-પાપ તથા યોગ્યતાનો આદર છોડી પોતાના સૂક્ષ્મ ચૈતન્ય સ્વભાવનો આદર કરવો એ ધર્મ છે.

## **“તત્ત્વજ્ઞાનનો તીવ્ર વિરોધ કરનારા જીવને સાધારણ શરીર (નિગોદ)ની પ્રાપ્તિ થાય છે.”**

(૧૨૧) સાધારણ શરીરનામકર્મના ઉદયે અનંતા જીવો એક શરીરમાં જન્મે. જેમ કે બટાટા, સૂરણ, કાંદા, ગાજર, વગેરે. લીમડાના કોરની એક કટકીમાં અસંખ્ય શરીર ને એક શરીરમાં અનંતા જીવો હોય છે, અત્યારસુધી અનંતા સિદ્ધો થયા છે તેના કરતાં અનંતગુણા જીવો નિગોદના એક શરીરમાં છે. જે જીવો તત્ત્વજ્ઞાનનો તીવ્ર વિરોધ કરે છે,-આવો તે ધર્મ હોય ? આત્મા પરનું કાંઈ ન કરી શકે ? આમ જડની ક્રિયાનો સ્વામી થાય ને દયા દાનથી ધર્મ મનાવે વગેરે ઘણા પ્રકારે તત્ત્વજ્ઞાનનો તીવ્ર વિરોધ કરનારા જીવ નિગોદમાં જાય છે ને અંતર્મુહૂર્તમાં હજારો શરીર પલટ્યા કરે છે. જેમ અહીં મમતાવાળા જીવો પુરૂષો તથા સ્ત્રી, કપડા, બુટ, ચંપલ, દિવસમાં જુદે જુદે વખતે જુદા જુદા ફેરવ્યા કરે છે, તે મમતાના પરિણામ બતાવે છે, તેમ

નિગોદનો જીવ તીવ્ર મમતાના કારણે શરીરને ફેરવ્યા કરે છે. ધર્મી જીવને આવી એકત્વબુદ્ધિના મમતાના પરિણામ તથા સત્ થી વિરોધના પરિણામ હોતા નથી, તેથી તેને ભવની શંકા નથી, તેમને સાધારણ શરીર મળવાનું નથી. ધર્મીની દ્રષ્ટિ તો શુદ્ધ ચૈતન્ય ઉપર છે તેથી પૂર્વે બંધાયેલી પ્રકૃતિઓ ખરતી જાય છે.

***

# પ્રસાદ નં – ૪૦

## સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર

## શ્રી સમયસાર ગાથા ૩૮૭ - ૩૮૯

(માગશર સુદ ૩, શનિવાર, તા. ૧-૧૨-૫૧)

**“સાધારણ નામકર્મની પ્રકૃતિ તરફ ધર્મીનું વલણ નથી. ધર્મી તો શુદ્ધ ચૈતન્યને સ્વીકારે છે.”**

(૧૨૧) ધર્મી જીવ કોને કહેવો ? પુણ્ય-પાપ રહિત શુદ્ધ ચૈતન્ય સ્વભાવને અનુભવે તે ધર્મી છે. સાધારણ શરીર નામ કર્મના કારણે એક શરીરમાં અંનતા જીવો રહે. ધર્મીજીવને પૂર્વે કોઈ પ્રકૃતિ બંધાણી હોય તો સમજે કે તે પ્રકૃતિ મારું સ્વરૂપ નથી, હું તેને ભોગવતો નથી. સમ્યગ્દ્રષ્ટિ એટલે સાચી દ્રષ્ટિ. પર પદાર્થોને પોતાના માને, વિકાર જેટલો પોતાને સ્વીકારે, ઉઘાડ જેટલો પોતાને માને તે સાચી દ્રષ્ટિ નથી. હું તો આદિ અંત વિનાનો પરિપૂર્ણ જ્ઞાન સ્વભાવી છું, એમ ભાન કરે તે સાચી દ્રષ્ટિ છે. શરીર હોય તો ઠીક પડે, પુણ્ય-પાપથી ધર્મ થાય એવા આત્માના તીવ્ર વિરાધકભાવથી નિગોદમાં જીવ અવતરે છે, માટે એવા નિગોદના ભવથી બચવું હોય તેણે સાચી દ્રષ્ટિ કરવી જોઈએ. ધર્મ પરમાં નથી, લક્ષ્મી, કુટુંબાદિમાં સુખ નથી, ધર્મ કોઈ ડુંગરે કે ક્ષેત્રે થતો નથી, ધર્મ પર્યાયમાં થાય છે, પણ ધર્મ પર્યાયના લક્ષે કે વિકારના લક્ષે થતો નથી, ધર્મ પર્યાય વાનના સ્વભાવથી થાય છે. ધર્મી જીવ વિચારે કે સાધારણ શરીર નામ કર્મની પ્રકૃતિ પૂર્વે બંધાણી હોય તે હું નથી, ને તેના નિમિત્તે આત્માનો સૂક્ષ્મત્વ ગુણ હણાણો તે મારું સ્વરૂપ નથી, હું તો સૂક્ષ્મસ્વભાવી નિત્ય પદાર્થને અનુભવું છું,-આનું નામ ધર્મ છે.

**“શરીરાદિ પર પદાર્થોનાં દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ ફરશે નહિ, તું તારી દ્રષ્ટિ ફેરવ ને શુદ્ધ ચૈતન્યની દ્રષ્ટિ કર.”**

આજે વૈરાગ્યનો પ્રસંગ છે. નાનાલાલભાઈની દીકરી (વીજુબેન)ના દિકરા (ભાઈ હસમુખ)ના દેહની સ્થિતિ આજે રંગુનમાં મોટર અકસ્માતથી પૂરી થઈ. દેહની સ્થિતિ પૂરી થવાની હોય ત્યાં ઈન્દ્ર, નરેન્દ્ર, કે જિનેન્દ્ર કોઈપણ રાખવા સમર્થ નથી. લોકો અકસ્માત્ કહે છે પણ કોઈ વસ્તુ અકસ્માત્ બનતી નથી. ક્રમબદ્ધ અવસ્થા જેમ થવાની હોય તેમ થાય છે. જે કાળે જે થવા યોગ્ય હોય તે જ થયા કરે છે. શરીરનું આમ કેમ થયું ? એમ મનમાં પ્રશ્ન લાવી એકત્વબુદ્ધિ ન કર. તું ચૈતન્ય સ્વભાવી છો. તારામાં તું

બધુ કરી શકે, પણ પરમાં કાંઈ કરી શકતો નથી. તે પ્રસંગ ખેદનું કારણ નથી. અજ્ઞાની અજ્ઞાનના કારણે એકત્વ બુદ્ધિ કરી ખેદ કરે છે. શરીર લૂંટાઈ જાઓ, પડી જાઓ, જે પ્રમાણે થવાનું તે પ્રમાણે થવાનું, બીજો સમય થતો નથી. પોતે પોતાના સ્વભાવને ચૂકે તો ઘરનું જાય છે. કોનો શોક કરવો ? અનંતા ભવોમાં અનંતા માતાપિતા થયા, અનંતા દીકરા થયા, જે લીલોતરી શાક જીવ ખાતો હોય તે જ લીલોતરીના જીવો પોતાના પૂર્વના માબાપ પણ હોય. પોતે ચૈતન્ય સ્વભાવી આત્મા છે, એમ સમજી સમાધાન કરે તો શાંતિ મળે તેમ છે, તે સિવાય ક્યાંક પરમાં શાંતિ નથી. માણસો એમ સમજે કે આ તો બીજાને ઘેર બન્યું છે. આપણે ત્યાં એવા પ્રસંગે દાક્તરને બોલાવીએ વિગેરે પ્રકારે ઘોડા ઘડે છે. ભાઈ, પરમાં તારું કાંઈ કામ આવતું નથી. સ્વામી કાર્તિકેયે અનુપ્રેક્ષામાં કહ્યું છે કે જે કાળે, જે ક્ષેત્રે, જે વિધિએ, દેહ રહેવો કે પડવો, અથવા શાતા કે અશાતા મળવી, તેને ફેરવવા ઈન્દ્ર, નરેન્દ્ર, કે જિનેન્દ્ર પણ સમર્થ નથી. નિમિત્તો નિમિત્તોના કારણે આવશે ને જશે, રાગ રાગના કાળે થશે, તું રાગનો કે પરનો સ્વામી નથી, માટે આને આમ કરું તો ઠીક એમ પર ઉપરથી દ્રષ્ટિ ફેરવી, સ્વતરફ દ્રષ્ટિ કર તો જ સમાધાન ને શાંતિ રહે તેમ છે.

અહીં ધર્મીજીવની ભાવના કેવી હોય, તે બતાવે છે, નામ કર્મની જુદી જુદી પ્રકૃતિઓ તે હું નથી, ને તેના તરફનું વલણ પર્યાયમાં હોવા છતાં ધર્મીજીવ તેને સ્વીકારતો નથી, છતી પર્યાયને અછતી બનાવે છે ને સ્વભાવ કે જે અછતો છે તેને છતો કરી ચૈતન્યસ્વભાવી એવો હું તેને ભોગવું છું, એમ માને છે, આનું નામ ધર્મ છે.

## “પ્રત્યેક શરીર નામકર્મ, સ્થાવર તથા ત્રસના ભેદો ઉપર ધર્મીની દ્રષ્ટિ નથી. ધર્મી શુદ્ધ ચૈતન્યને અનુભવે છે.”

(૧૨૨) પ્રત્યેક શરીર નામકર્મના ઉદયે શરીરમાં એક જીવ હોય. બાજરો, જુવાર વગેરેમાં એક શરીરમાં એક જીવ છે. ધર્મીજીવ કહે છે કે તે પ્રકૃતિ તરફ મારું વલણ નથી, હું તો શુદ્ધ ચૈતન્ય સ્વભાવી છું, તેને જ ભોગવું છું. સંસાર દશામાં ધર્મીજીવને અશુભથી બચવા શુભરાગ-જાત્રા-ભક્તિ, દયા આદિના પરિણામ આવે છે પણ ધર્મી રાગ તથા નિમિત્ત ઉપર વજન આપતો નથી. નિમિત્તનો અને રાગનો મારા ત્રિકાળી સ્વભાવમાં અભાવ છે, એવા ભાનથી ધર્મદશા પ્રગટે છે.

(૧૨૩) સ્થાવર નામકર્મના ઉદયે જીવને સ્થાવરપણું પ્રાપ્ત થાય તે એકેન્દ્રિય જીવને હોય છે. ધર્મીને આ પ્રકૃતિ પૂર્વે બંધાએલી હોય તો સમજે

છે કે પર્યાયમાં સૂક્ષ્મત્વ ગુણ હણાણો છે, છતાં મારા સ્વભાવમાં તો તે ગુણ એવોને એવો છે. આમ સૂક્ષ્મ આત્મામાં એકાગ્ર થવું તે ધર્મ છે.

(૧૨૪) ત્રસ નામકર્મના ઉદયે જીવને ત્રસપણું પ્રાપ્ત થાય. બે ઈન્દ્રિયથી માંડીને પંચેન્દ્રિય સુધીના બધા જીવો ત્રસ છે. ધર્મીજીવને આ પ્રકૃતિનો ઉદય છે તેથી સૂક્ષ્મત્વ ગુણ હણાણો છે ને તે તરફ વલણ હોવા છતાં ધર્મી માને છે કે હું સૂક્ષ્મ સ્વભાવી છું, ત્રસપણું મને આવ્યું જ નથી, હું તો ચૈતન્ય સ્વભાવી છું.

**"બીજા જીવોની પ્રીતી ઉપર કે શરીરની સુંદરતા ઉપર ધર્મીની દ્રષ્ટિ હોતી નથી. ધર્મી જીવ સુંદર આત્માને અનુભવે છે."**

(૧૨૫) સુભગ નામકર્મના ઉદયથી બીજા જીવો પોતા ઉપર પ્રીતી કરે, તેવી પ્રકૃતિના ઉદય વાળા જીવ દેખીને માણસો પ્રેમ કરે. અજ્ઞાની આવી પ્રકૃતિને ઈચ્છે છે ને જગતના માણસો મારા પર પ્રેમ કરે તો સારૂં એમ ઈચ્છે છે, તે અજ્ઞાનભાવ છે. જ્ઞાની જીવોને તેનો ઉદય હોવા છતાં તે તરફ દ્રષ્ટિ નથી. મારો આત્મા સુંદર છે, હું તો મારા ચૈતન્યની પ્રીતિ કરૂં છું, મારે બીજાનો પ્રેમ જોઈતો નથી, ધર્મીને તે પ્રકૃતિ હોવા છતાં તે સૂક્ષ્મત્વ ગુણ હણાણો છે છતાં તેને ગૌણ કરી હું તો સૂક્ષ્મ સ્વભાવી આત્માને અનુભવું છું, હું પ્રકૃતિના ફૂલને ભોગવતો નથી, એમ તે માને છે.

ભરત ચક્રવર્તીના પુત્રો મહાસુંદર હતા, સુભગનામ પ્રકૃતિ ઉદયમાં હતી, જ્યાં જાય ત્યાં લોકો આદર કરે તેમને આત્માનું ભાન હતું. એક વખત બધા ગેડી દડો રમવા ગયા હતા. સાંભળ્યું કે આપણા સેનાપતિ જયકુમાર દીક્ષિત થઈ ગયા, એ સાંભળતાં વૈરાગ્ય આવ્યો. અહો સંસાર અનિત્ય છે, ચાલો આપણે પણ ભગવાન પાસે જઈને દીક્ષા લઈએ. જ્યાં સમવસરણમાં જાય છે ત્યાં ઈન્દ્ર પણ વિસ્મય પામે છે. એવા તે સો પુત્રો મણિરતનનાં પૂતળાં જેવા સુંદર હતા, છતાં તે પુણ્ય પ્રકૃતિને સુંદર શરીર તથા પર્યાય ઉપર તેમની દ્રષ્ટિ ન હતી. અમો તો ચૈતન્ય સ્વભાવી આત્મા છીએ. તેઓ કહે છે કે ધન્ય અવતાર ! ધન્ય કાળ ! જે કાળે અમો તો નિર્ગ્રંથદશા ધારણ કરીએ તે કાળ ધન્ય હો ! આવા પુણ્યવંત નાના છોકરાઓ ભગવાન પાસે દીક્ષા લ્યે છે. અમો તો જ્ઞાનમુર્તિ છીએ, અમો તો શુદ્ધ ચૈતન્ય જ્યોતિની એકાગ્રતા આડે સુભગ પ્રકૃતિના ફળને ભોગવતા નથી. ચૈતન્ય સ્વરૂપનાં અમો શું ગાણા ગાઈએ !

**જે પદશ્રી સર્વજ્ઞે દીઠું જ્ઞાનમાં; કહી શક્યા નહિ પણ તે શ્રી ભગવાન જો,**
**તે હું સ્વરૂપ ને અલ્પવાણી તે શું કહે, અનુભવ ગોચર માત્ર રહ્યું તે જ્ઞાન જો,**

ભગવાન પણ તે સ્વરૂપનાં ગાણાં પૂરા ગાઈ શક્યા નથી. જ્ઞાન જ્ઞાનથી વેદાય તેવો સ્વભાવ છે. અમારું ચૈતન્ય ઝાડ તો આનંદકંદ છે, સુભગ પ્રકૃતિનું ફળ તો ઝેર છે, અમારા ઝાડમાંથી તો આનંદ ફળે છે.

તીર્થંકર સુભગ પ્રકૃતિની શી વાત ? તેમની તો અચિંત્ય પ્રકૃતિ છે. ઈન્દ્રો પણ તેમના ચરણમાં નમી પડે છે છતાં તીર્થંકરને તો પોતાનો આત્મા વહાલો લાગે છે, પ્રકૃતિ વહાલી લાગતી નથી. વાસુદેવે પણ આ પ્રકૃતિ બાંધેલી હોય છે. સુંદરતા, નરમાશ ઘણી હોય છે છતાં ભાન છે કે તે પ્રકૃતિનું ફળ અમારું નથી. અમે તો શુદ્ધ ચૈતન્ય સ્વભાવી છીએ, આમ શુદ્ધ ચૈતન્યની દ્રષ્ટિ થવી તે ધર્મ છે.

**“ધર્મીજીવની દ્રષ્ટિ જુદી જુદી પ્રકૃતિઓ ઉપર નથી,**

**શુદ્ધ ચૈતન્ય ઉપર જ તેમની દ્રષ્ટિ છે.”**

(૧૨૬) દુર્ભગ નામકર્મના ઉદયથી બીજા જીવો પોતાની સાથે વૈર કરે, દ્વેષ કરે, નારકીઓ પરસ્પર મારફૂટ કરે. કોઈ જીવ પૂર્વના પાપને લીધે નરકમાં ગયો હોય ને પછી ત્યાં પૂર્વ ભવના સંસ્કારથી ધર્મ પામે કે હું તો શુદ્ધ ચૈતન્ય સ્વભાવી છું, પ્રકૃતિનો ઉદય છે, પરમાધામી આવીને મારે, દ્વેષ કરી કટકા કરે છતાં તે પ્રકૃતિને તેના ફળ ઉપર તેની દ્રષ્ટિ નથી. કોઈ અનાદર કરે કે અપ્રીતિ કરે, મારે તેની સાથે કાંઈ લેવા દેવા નથી. સ્વભાવમાં પ્રકૃતિ નથી તેમજ સુખદુ:ખની આમ છતી પર્યાયને ગૌણ કરી અછતાસ્વભાવને પ્રગટ કરવો તે ધર્મ છે.

(૧૨૭) સુસ્વર નામકર્મના ઉદયથી સુંદર મધુર સ્વર હોય. ઝણઝણાટી કરતો સ્વર નીકળે, અજ્ઞાની જીવ અભિમાન કરે છે કે મારો સ્વર કેવો સુંદર છે ? મારા સ્વરથી આખી સભા સામું જોયા કરે, વીણા સીતાર વગાડતા હોઈએ, ઝપટ વાગતી હોય, ઝીણા સૂરથી સભા ખુશ–ખુશ થતી હોય આવા પ્રકારે જીવ પોતાના સુસ્વરનું અભિમાન કરે છે ને જેને આવો સ્વર ન હોય તે બીજાનો મધુર સ્વર સાંભળી મને પણ આવો કંઠ હોય તો કેવું સારું ! એમ જડની ભાવના ભાવે છે, ચૈતન્યને ચૂકી જડની ભાવના ભાવવી તે અધર્મ છે. ધર્મી જીવને સુસ્વર પ્રકૃતિ હોય છતાં સમજે કે હું તેને ભોગવતો નથી, તેમાં મારું સુખ નથી, હું તો શુદ્ધ ચૈતન્ય સ્વભાવી છું.

(૧૨૮) દુસ્વર નામ પ્રકૃતિના ઉદયે સ્વર મધુર ન હોય. ગધેડા જેવો હોય, ખોખરો હોય. ધર્મી સમજે છે કે તે જડની પર્યાય છે, તેની સાથે મારે કાંઈ સંબંધ નથી,

(૧૨૯) શુભ નામકર્મની પ્રકૃતિના ઉદયે શરીરના અવયવો સુંદર હોય. નાક, કાન, હાથ વગેરે સુંદર હોય, આંખો નમણી હોય, બધા અવયવો સરખાને સુંદર હોય. ધર્મીજીવ સમજે છે કે તે બધું પ્રકૃતિનું ફળ છે, હું તો ચૈતન્યના ફળને વેદું છું.

(૧૩૦) અશુભ નામકર્મની પ્રકુતિના ઉદયે શરીરના અવયવો સુંદર ન હોય, કાન તૂટી ગયા હોય, આંખ ઝાંખી હોય વગેરે પ્રકારે શરીરમાં અસુંદરતા ભાસે. ધર્મી સમજે છે કે તે શરીરની અવસ્થાને છે, હું તો ચૈતન્ય સ્વભાવી આત્મા છું.

આ બધી નામકર્મની જુદી જુદી પ્રકૃતિઓના ફળ બતાવેલ છે. શાસ્ત્રમાં નામકર્મને કુંભારના ચાકડાની ઉપમા આપી છે. કુંભાર જેમ જુદા જુદા આકારનાં વાસણ બનાવે છે તેમ નામકર્મરૂપી કુંભાર જીવોના જુદા જુદા આકારો બનાવે છે. અજ્ઞાની પ્રકૃતિના ફળને પોતાનું માનતો કલેશ ભોગવે છે. આત્મા તો શાંતિની ખાણ છે, તેની ખાણમાંથી શાંતિ નીકળે કે કર્મ ફળે ? આત્મા શુદ્ધ ચૈતન્ય સ્વભાવી છે, તેનાં શ્રદ્ધા જ્ઞાનમાંથી શાંતિ મળે તેમ છે, માટે દ્રષ્ટિ ફેરવો, નહિતર સૃષ્ટિ (પર્યાય) ફરશે નહિ ને વિભાવની સૃષ્ટિ ચાલુ રહેશે, સ્વભાવની દ્રષ્ટિ થશે તો સ્વભાવની સૃષ્ટિ ઉત્પન્ન થશે.

(૧૩૧) સૂક્ષ્મ શરીર નામકર્મના ઉદયે જીવને સૂક્ષ્મ શરીર હોય. પૃથ્વી, પાણી, વાયરા વિગેરેના જીવો સૂક્ષ્મ છે. તે માર્યા મરાય નહિ, બીજાથી હણાય નહિ, અગ્નિમાં બળે નહિ, ધર્મી જીવની દ્રષ્ટિ તે પ્રકૃતિ ઉપર નથી, હું ચૈતન્ય સ્વભાવી છું, એમ તે માને છે.

## "ગમે તેવા તુચ્છ વિષયમાં પ્રવેશ છતાં ઉજ્જવલ આત્માનો સ્વતઃ વેગ વૈરાગ્યમાં ઝંપલાવવું એ છે."

(૧૩૨) બાદર શરીરના નામ કર્મના ઉદયે જીવને બાદર શરીર મળે, બાદર શરીર મળે, લઠ્ઠ જેવું શરીર મળે તો પણ ધર્મીની દ્રષ્ટિ તેના ઉપર નથી, ધર્મીજીવ તે પ્રકૃતિના ફળને ભોગવતો નથી, શુદ્ધ ચૈતન્યને અનુભવે છે.

મનુષ્યનું શરીર બાદર છે, જુઓ લઠ્ઠ શરીરવાળા પણ ઘડીમાં હતા ન હતા થઈ જાય છે માટે દેહનું અભિમાન કરવું યોગ્ય નથી.

ગમે તેવા તુચ્છ વિષયમાં પ્રવેશ છતાં ઉજ્જવલ આત્માનો સ્વતઃવેગ વૈરાગ્યમાં ઝંપલાવવું એ છે (શ્રીમદ્), માટે જ્ઞાન સહિત વૈરાગ્ય લાવો. જીવો વર્તમાનને તથા સંયોગને જુએ છે, ને તે જ સંસારનું કારણ છે. સંયોગો તથા રાગના અભાવ સ્વરૂપ અસંગ ત્રિકાળી ધ્રુવ સ્વભાવની દ્રષ્ટિ

વિના જગતનો કલેશ ટળે તેમ નથી. અસંગ સ્વભાવના ભાને કલેશ ટળે તેમ છે. બહારની સ્થિતિ થવા ટાણે થાય છે. તારી જાત ચૈતન્ય હીરો છે, અંતર્મુખ દ્રષ્ટિ કર, તે સિવાય તારા આરા નથી, દ્રષ્ટિ ફેરવ, ચૈતન્ય સ્વભાવની સંભાળ કર, અંતર્ દ્રષ્ટિમાં ધર્મ છે. આમ જેને અંતર્દ્રષ્ટિ થઈ છે તેની બાદર શરીર ઉપર દ્રષ્ટિ નથી પણ શુદ્ધ ચૈતન્યને તે અનુભવે છે,

*

**(માગશર સુદ ૪, રવિવાર, તા. ૨-૧૨-૫૧)**

**"આઠ કર્મોના નિમિત્તે થતી હીનતા અથવા વિપરીતતાને ગૌણ કરી વ્યવહાર કહી, અભૂતાર્થ કહેલ છે. ધર્મીજીવ દ્રવ્ય ને પર્યાય બન્નેનું જ્ઞાન કરે છે પણ તેની દ્રષ્ટિ એકલા શુદ્ધ સ્વભાવને જ સ્વીકારે છે."**

આ ગાથામાં એમ બતાવ્યું છે કે કર્મોના નિમિતે પોતામાં થતી વિપરીત અથવા હીણી અવસ્થાને ધર્મી સ્વીકારતો નથી, પણ શુદ્ધ ચૈતન્યને સ્વીકારે છે.

(૧) જ્ઞાનાવરણીય કર્મની પ્રકૃતિને લીધે પર્યાયમાં જ્ઞાનની હીનતા છે એટલે અધૂરાશ છે. જ્ઞાન ગુણ કદી પણ હણાતો નથી. જ્ઞાન ગુણ પૂરો હણાઈ જાય તો જીવ જડ થઈ જાય. પર્યાયમાં જ્ઞાનનું હીણું પરિણમન ન હોવા છતાં સ્વભાવ દ્રષ્ટિએ આત્મા જ્ઞાનમાં હીણો નથી પણ જ્ઞાનથી ભરેલો છે, એવી દ્રષ્ટિ કરવી તે ધર્મ છે.

(૨) દર્શનાવરણીય કર્મની પ્રકૃતિને લીધે દર્શન (સામાન્ય અવલોકન)ની પર્યાયમાં હીનતા છે, અધૂરાશ છે. પર્યાય હીણ હોવા છતાં દ્રષ્ટિ તે હીણી પર્યાયને સ્વીકારતી નથી. હીણી પર્યાયને ગૌણ કરી, વ્યવહાર કહી, સ્વભાવમાં તે નથી એમ કહી ધર્મીજીવ દર્શનથી ભરેલા સ્વભાવને અનુભવે છે, એમ કહ્યું છે.

(૩) વેદનીય કર્મની પ્રકૃતિને લીધે અવ્યાબાધ ગુણ પર્યાયમાં પૂરો હણાયો છે, સિદ્ધ થતાં અવ્યાબાધ ગુણ પ્રગટે છે. કેવળી ભગવાનને પણ ૧૩મે ગુણસ્થાને અવ્યાબાધ ગુણની અવસ્થા પ્રગટ નથી. અવ્યાબાધ ગુણ પૂરો હણાણો હોવા છતાં તેને ગૌણ કરી, વ્યવહાર કહી, અભૂતાર્થ કહ્યો છે. તે હણાણો નથી, એમ કહી ધર્મીજીવ અવ્યાબાધ ગુણથી ભરેલા સ્વભાવને અનુભવે છે.

(૪) મોહનીય કર્મની પ્રકૃતિને લીધે ચારિત્રમાં અંશે વિપરીતતા છે, અપ્રત્યાખ્યાનાદિ ત્રણ કષાયો હોવા છતાં તેને વ્યવહાર કહીને તે

કષાયો નથી એમ કહ્યું છે. ધર્મીજીવ વીતરાગ સ્વરૂપ આત્માને અનુભવે છે.

(૫) આયુષ્યકર્મને લીધે અવગાહ ગુણ પૂરો હણાય છે, સિદ્ધદશા વખતે જ તે ઊઘડે છે. આત્મા ખરી રીતે પોતામાં વ્યાપવો જોઈએ તેને બદલે આયુષ્ય કર્મના નિમિત્તે શરીરમાં અવગાહેલ છે, આમ વિપરીતતા હોવા છતાં તે વિપરીતતાને ગૌણ કરી ધર્મીજીવ સ્વતંત્ર સ્વભાવી આત્માને અનુભવે છે.

(૬) નામ કર્મને લીધે સૂક્ષ્મત્વ ગુણ પૂરો હણાય છે, તે સિદ્ધદશા વખતે જ ઊઘડે છે. પર્યાયમાં હણાણો હોવા છતાં સ્વભાવથી હણાણો નથી આમ પર્યાયને ગૌણ કરી, સૂક્ષ્મ સ્વભાવને ધર્મી જીવ અનુભવે છે.

(૭) ગોત્ર કર્મને લીધે અગુરુ લઘુત્વ ગુણ પૂરો હણાય છે, સિદ્ધદશા થતાં તે ઊઘડે છે. પર્યાયમાં પૂરો હણાવા છતાં સ્વભાવ દ્રષ્ટિએ તે હણાણો નથી એમ દ્રષ્ટિ કરાવવા કહ્યું છે.

(૮) અંતરાય કર્મને લીધે વીર્ય ગુણની હીનતા છે, ઉણપ છે. પર્યાયમાં ઉણપ હોવા છતાં સ્વભાવદ્રષ્ટિએ વીર્યથી ભરેલો છે એમ કહ્યું છે. જ્ઞાન, દર્શન ને વીર્યમાં હીનતા હોય છે, અધૂરાશ હોય છે. જ્ઞાન, દર્શન, વીર્ય બિલકુલ ન રહે તો જીવ જડ થઈ જાય. ચારિત્ર દશામાં અંશે ચારિત્ર છે ને અંશે ચારિત્રની વિપરીતતા છે. ચાર પ્રતિજીવી ગુણો – અવ્યાબાધ, અવગાહ, સૂક્ષ્મત્વ, અગુરુલઘુત્વ – પૂરેપૂરા હણાણા છે તે ચૌદમા ગુણસ્થાન સુધી હણાણા હોય છે ને સિદ્ધ થતાં ઉઘડે છે.

આ પ્રમાણે હીણપ અંશે વિપરીતતા, પૂરી વિપરીતતા, સાધકદશાવાળા જીવને પર્યાયમાં વર્તે છે. હીણાપણું વગેરે બિલકુલ પર્યાયમાં છે જ નહિ એમ માનવામાં આવે તો પર્યાયમાં સિદ્ધ દશા હોવી જોઈએ, ને હીણી તથા વિપરીત દશાનો જ સ્વીકાર કર ને સ્વભાવને સ્વીકારે નહિ તો મિથ્યાદ્રષ્ટિ થઈ જાય છે. અહીં સાધક અવસ્થામાં જે હીણપ તથા વિપરીતતા વર્તે છે તેનું જ્ઞાન વર્તે છે પણ દ્રષ્ટિ તેને સ્વીકારતી નથી. પાંચ લાખ રૂપિયાની ઉપજવાળાને કદાચ પાંચ હજાર વ્યાજના આપવા પડે તેની ગણતરી નથી. અંનતાગુણો શુદ્ધ ભરપૂર પડ્યા છે, એવા શુદ્ધ ચૈતન્યની મુખ્ય દ્રષ્ટિમાં એક સમયની પર્યાયની હીનતા કે વિપરીતતા સ્વીકારવામાં આવતી નથી, તેથી તે હીનતા અથવા વિપરીતતા હોવા છતાં તેને ગૌણ કરી વ્યવહાર કહી, અભૂતાર્થ કહેલ છે ને સ્વભાવમાં નથી એમ

બતાવી ધર્મીજીવ શુદ્ધચૈતન્યને અનુભવે છે, એમ કહ્યું છે. આમ સકળ કર્મ ફળના સન્યાસની ભાવનાને ધર્મીજીવ કેવી રીતે નચાવે છે તે બતાવે છે.

## "પર્યાપ્ત, અપર્યાપ્ત, આદેય-અનાદેય યશ-અપયશ વિગેરે પ્રકૃતિ ઉપર ધર્મીનું લક્ષ નથી. ધર્મીનું લક્ષ ચૈતન્ય ઉપર છે."

(૧૩૩) હું પર્યાપ્ત નામકર્મને ભોગવતો નથી. હું ચૈતન્ય સ્વરૂપ આત્માને જ સંચેતું છું. પર્યાપ્ત નામકર્મના ઉદયથી પોતેપોતાને યોગ્ય પર્યાપ્તિ પૂર્ણ થાય.

આહાર, શરીર, ઈન્દ્રિય, શ્વાસોચ્છવાસ, ભાષા ને મન એવી છ પર્યાપ્તિ છે. અજ્ઞાની જીવ માને છે કે મન મળે તો ઠીક  કારણ કે સંજ્ઞી જીવો ધર્મ પામે છે, અસંજ્ઞી ધર્મ પામતા નથી. પર્યાપ્તિ હોય તો ધર્મ થાય એ બધો અજ્ઞાન ભાવ છે. જે આત્મા હોય તેને (સાચી દ્રષ્ટિ કરે તો) ધર્મ થાય, ધર્મી જીવનું વલણ તે તરફ નથી. પર્યાપ્તિ પૂરી થઈ તો ઠીક થયું એમ તે માનતો નથી. પર્યાયમાં તે પ્રકારની યોગ્યતા હોવા છતાં તેને ગૌણ કરી વ્યવહાર કહી, ધર્મીજીવ શુદ્ધ ચૈતન્યને અનુભવે છે.

(૧૩૪) અપર્યાપ્ત નામકર્મના ઉદયથી શરીર, ઈન્દ્રિય, વગેરે પર્યાપ્તિ પૂરી ન થાય. ધર્મી જીવ શુદ્ધ ચૈતન્યને અનુભવે છે.

(૧૩૫) સ્થિર નામકર્મના ઉદયથી શરીર ધાતુ, ઉપધાતુ, લોહી, ચરબી, વગેરે પોતપોતાને ઠેકાણે રહે, ધર્મી જીવ સમજે છે કે તે શરીરની અવસ્થા છે, હું તો ચૈતન્ય સ્વભાવી આત્મા છું.

(૧૩૬) અસ્થિર નામકર્મના ઉદયથી શરીરની ધાતુ, અને ઉપધાતુ પોતપોતાને ઠેકાણે ન રહે, કોઈવાર હાડકાં ઠેકાણે ન રહે, લોહીનું દબાણ વધી જાય. ધર્મીજીવ સમજે છે કે તે શરીરની અવસ્થા છે, તે ઠેકાણે રહે કે ન રહે, તે તરફ મારું વલણ નથી, મારો ચૈતન્ય સ્વભાવ ઠેકાણે રહે એમ હું ઈચ્છુ છું, કર્મ પ્રકૃતિના વિપાકમાં મારું વલણ બિલકુલ નથી.

(૧૩૭) આદેય નામકર્મના ઉદયથી, શરીર કાંતિવાળું હોય. ધર્મીની દ્રષ્ટિ કાંતિવાળા શરીર ઉપર નથી, શુદ્ધ ચૈતન્ય ઉપર છે.

(૧૩૮) અનાદેય નામકર્મના ઉદયથી શરીર કાંતિ રહિત હોય, ધર્મીની દ્રષ્ટિ ચૈતન્ય ઉપર છે.

(૧૩૯) યશ:કીર્તિ નામકર્મના ઉદયથી સંસારમાં જીવની પ્રશંસા થાય. ધર્મીજીવ સમજે છે કે પ્રશંસા જડની પર્યાય છે, માટે તેની સાથે સંબંધ નથી, હું તો ચૈતન્ય સ્વભાવી છું.

(૧૪૦) અપયશ: કીર્તિ નામકર્મના ઉદયથી સંસારમાં જીવની પ્રશંસા ન થાય. ધર્મીજીવની દ્રષ્ટિ અપયશ ઉપર નથી, ચૈતન્ય સ્વભાવ ઉપર છે. ચોથે ગુણસ્થાને દુર્ભગ, અનાદેય, અપયશ: કીર્તિ પ્રકૃતિઓનો ઉદય છે ને વર્તમાન પર્યાયમાં તે પ્રકૃતિઓ તરફ લક્ષ એટલી અસ્થિરતા છે. ચોથા ગુણસ્થાનવાળા જીવને ત્રણે પ્રકૃતિઓનો ઉદય છે ને જોડાણ પણ છે, પણ તેના ઉપર દ્રષ્ટિ નથી, તેને વ્યવહાર કહી, અભૂતાર્થ કહી, સ્વભાવમાં તેનો અભાવ બતાવ્યો છે. પાંચમે ગુણસ્થાને આ ત્રણે પ્રકૃતિઓનો ઉદય જ નથી એટલી અંત: સ્થિરતા વધી છે, ધર્મીજીવના અપયશ: કોઈ બોલે તો ચોથાવાળાને અસ્થિરતા થઈ આવે છે પણ પાંચમા વાળાને તે પ્રકારની અસ્થિરતા થતી નથી, એટલો ફેર છે. મારો આત્મા સુંદર મહા સૌભાગ્યવંત છે. મારે પર સામે જોવાનું રહેતું નથી, આમ દ્રષ્ટિ કરવી તે ધર્મ છે.

## "જે ભાવે તીર્થંકર નામકર્મ બંધાય તે અધર્મ ભાવ છે, તેથી ધર્મીની દ્રષ્ટિ શુદ્ધ ચૈતન્ય ઉપર જ છે."

(૧૪૧) તીર્થંકર નામકર્મના નિમિત્તે સમવસરણાદિ રચાય, ધર્મીજીવ તેની ભાવના કરતો નથી. અજ્ઞાની જીવ તો તીર્થંકર પ્રકૃતિ કેમ બંધાય, તેની ભાવના ભાવે છે, તે જીવ અંબંધ સ્વભાવને ઈચ્છતો નથી. જે ભાવે તીર્થંકર નામકર્મ બંધાય તે ભાવ અધર્મ છે, આસ્ત્રવ છે, બંધનું કારણ છે. આવું સાંભળીને અજ્ઞાની જીવ હેબતાઈ જાય છે. શાસ્ત્રમાં લખાણ આવે કે સોળ કારણ ભાવના ભાવવી, આ પ્રકૃતિ બંધાય છે તેથી આની ભાવના ભાવવી. ૧૬ કારણ ભાવના તો રાગ છે. રાગની ભાવના ભાવવાનું શાસ્ત્ર કહે ? જેને આસ્ત્રવની ભાવના છે, તે મિથ્યાદ્રષ્ટિ છે, તેને તીર્થંકર નામ-કર્મની પ્રકૃતિનો બંધ પડતો નથી. સમ્યગ્દ્રષ્ટિ જીવ રાગને હેય માને છે ને શુદ્ધ ચૈતન્યને અનુભવે છે, તેવા જીવને શુભરાગ વખતે તીર્થંકર પ્રકૃતિનો બંધ પડી જાય છે, એમ જ્ઞાન કરાવ્યું છે. ધર્મી આ પ્રકૃતિની ભાવના ભાવતો નથી, શુદ્ધ ચૈતન્યની ભાવના ભાવે છે.

## "ધર્મીજીવ ઊંચનીચ ગોત્રના ભેદને જોતો નથી, શુદ્ધ ચૈતન્ય ને દેખે છે."

(૧૪૨) ઉચ્ચ ગોત્ર કર્મના ઉદયથી સારા આચાર-વિચારવાળા કુટુંબમાં જન્મ થાય, માતાપિતા સારા હોય, આચાર-વિચાર સારા હોય એવા કુટુંબમાં જન્મે. ધર્મીજીવ કહે છે કે ઉચ્ચ ગોત્રને હું ભોગવતો નથી. હું તો ચૈતન્ય સ્વભાવને ભોગવી સિદ્ધ થવાનો છું. પહેલેથી ૧૪ ગુણસ્થાન સુધી તેનો ઉદય હોય છે.

(૧૪૩) નીચ ગોત્ર કર્મના ઉદયથી હલકા ગોત્રમાં જન્મ થાય. તિર્યંચોને નીચું ગોત્ર હોય છે. ધર્મી તિર્યંચ સમજે છે કે તે કર્મ મારું નથી, તેના નિમિત્તે અગુરલઘુ પ્રતિજીવ ગુણ સર્વથા હણાણો છે છતાં તે હણાયેલી અવસ્થાને ગૌણ કરી, વ્યવહાર કહી, અભૂતાર્થ કહેલ છે. હું તો શુદ્ધ ચૈતન્ય સ્વભાવને અનુભવું છું. આ કર્મનો ઉદય પાંચમાં ગુણસ્થાન સુધી હોય છે.

**<u>"ધર્મીજીવ વીર્ય વિગેરેની હીણી અવસ્થાને ભોગવતો નથી, અનંત વીર્ય સ્વરૂપ આત્માને ભોગવે છે."</u>**

(૧૪૪) દાનાંતરાય કર્મના નિમિતે પોતાના આત્માને સ્વરૂપનું દાન દેવામાં વિઘ્ન થાય, ઓછપ હોય, દાનની હીણી દશા હોવા છતાં ધર્મીજીવ તેને ગણતો નથી, ચૈતન્ય સ્વભાવની એકાગ્રતાને અનુભવે છે.

(૧૪૫) લાભાંતરાય કર્મના નિમિતે પોતાના આત્માને સ્વરૂપનો પૂરો લાભ ન મળે, નબળાઈને લીધે પૂર્ણ સ્વરૂપનો લાભ નથી તે હીણી અવસ્થાને ગૌણ કરી ધર્મીજીવ શુદ્ધ આત્માને અનુભવે છે.

(૧૪૬) ભોગાંતરાય કર્મના નિમિતે પોતાની પર્યાયને ભોગવવામાં વિઘ્ન હોય, અથવા હીણપ હોય એકવાર ભોગવાય તે ભોગ છે જેમ કે રોટલી, દાળ, ભાત, એક પર્યાય એકવાર ભોગવાય છે તેથી પર્યાયને ભોગવી કહેવાય. હીણી અવસ્થાને ગૌણ કરી ધર્મી શુદ્ધ આત્માને ભોગવે છે.

(૧૪૭) ઉપભોગાંતરાય કર્મના નિમિતે પોતાના ગુણને વારંવાર ભોગવવામાં હીણપ હોય અથવા વિઘ્ન હોય, મકાન, દાગીના, વસ્ત્ર, વારંવાર ભોગવાય માટે તેને ઉપભોગ કહે છે. ગુણ વારંવાર ભોગવાય છે, માટે ગુણનો ઉપભોગ કહેવાય. હીણી અવસ્થાને ગૌણ કરી ધર્મીજીવ શુદ્ધ આત્માનો ઉપભોગ કરે છે.

(૧૪૮) વીર્યાંતરાય કર્મના નિમિતે પોતાનું વીર્ય સર્વથા પોતામાં રોકાતું નથી, અંશે બહારમાં અટકી જાય છે. આવી વીર્યની હીણી અવસ્થા છે. આ પાંચે અંતરાય કર્મની પ્રકૃતિ છે, તેના નિમિતે વીર્યની હીણપ છે— અધૂરાશ છે. અધૂરાશ હોવા છતાં તેને વ્યવહાર કહી, અભૂતાર્થ કહી, અભાવ, કહ્યો છે. આત્મા તો અનંત વીર્યથી ભરેલો છે. આમ દ્રષ્ટિ કરવી તે ધર્મ છે. આ પ્રમાણે જ્ઞાની સફળ કર્મો ફળના ત્યાગની ભાવના કરે છે એટલે કે શુદ્ધ ચૈતન્ય સ્વરૂપની એકાગ્રતા કરતા, સફળ કર્મોના ફળનો ત્યાગ થઈ જાય છે.

**<u>"ચોથે, પાંચમે, છઠ્ઠે ગુણસ્થાને ધર્મીજીવને શ્રદ્ધા—જ્ઞાનમાંતો શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ આત્માને જ ભોગવવાની ભાવના નિરંતર રહે છે."</u>**

અહીં ભાવના એટલે હું આત્મા જ્ઞાતા દ્રષ્ટા છું, એવો અંતરમાં વારંવાર અભ્યાસ કરવો તે. જ્યારે જીવ સમ્યગ્દ્રષ્ટિ જ્ઞાની થાય છે, ત્યારે તેને જ્ઞાન-શ્રદ્ધાન તો થયું જ કે હું શુદ્ધનયે સમસ્ત કર્મથી અને કર્મના ફળથી રહિત છું, પરંતુ પૂર્વે બાંધેલા કર્મ ઉદયમાં આવે ને તેમના નિમિતે થતા એટલે કે પોતાની નબળાઈથી થતા ભાવોનું કર્તાપણું છોડીને ત્રણે કાળ સંબંધી ઓગણ પચાસ ભંગો પડે તેને છોડે છે. રાગ-દ્વેષાદિ કર્મ ચેતનાના ત્યાગની ભાવના કરીને એક ચૈતન્ય સ્વરૂપ આત્માને જ ભોગવવાનું બાકી રહ્યું. અવિરત સમ્યગ્દ્રષ્ટિને જ્ઞાન-શ્રદ્ધાનમાં નિરંતર એ ભાવના તો છે જ. ચોથાગુણસ્થાનવાળા ધર્મીને આસક્તિ છે પણ અંદરથી રુચિ પલટી ગઈ છે, રુચિમાં ભંગ પડતા નથી, આસક્તિમાં ભંગ પડે છે. આસક્તિ ક્રમે ક્રમે ટળે છે. ધર્મી જીવ લડાઈમાં હોય છતાં શ્રદ્ધાજ્ઞાન તો અખંડ જ્ઞાનસ્વભાવનાં જ વર્તે છે. પાંચમે ગુણસ્થાને ચોથા કરતાં આસક્તિ ઓછી છે. છતાં ભૂમિકા અનુસાર રાગ-દ્વેષ તથા હરખ-શોક છે, છતાં ચૈતન્ય સ્વરૂપની જ નિરંતર ભાવના છે. છઠ્ઠે ગુણસ્થાને મુનિને ત્રણ કષાયો ટળ્યા હોવા છતાં સંજ્વલન કષાય છે. નીચલી ભૂમિકામાં રાગ હોવા છતાં ધર્મી જ્ઞાન-શ્રદ્ધાનની નિરંતર ભાવના ભાવે છે.

## "જ્યારે તે ધર્મીજીવ શુદ્ધોપયોગથી કેવળજ્ઞાન ઉપજાવે છે ત્યારે સાક્ષાત્ જ્ઞાન ચેતનારૂપ પરિણમન થાય છે."

અને જ્યારે સાતમે ગુણસ્થાને અપ્રમતદશા પ્રાપ્ત કરીને પોતાના જ્ઞાન સ્વભાવમાં એકાગ્ર થઈ ધ્યાન કરે, કેવલ પોતાના શુદ્ધ આત્મામાં ઉપયોગ લગાવે અને શુદ્ધોપયોગરૂપ થાય ત્યારે નિશ્ચય ચારિત્ર રૂપ શુદ્ધોપયોગ ભાવથી શ્રેણી ચડીને કેવળજ્ઞાન ઉપજાવે છે. વ્યવહારથી કે પાંચ મહાવ્રતથી આગળ વધી શકતો નથી પણ શુદ્ધોપયોગથી કેવળજ્ઞાન ઉપજાવે છે, એમ કહ્યું છે. પછી આત્મા અનંતકાળ સુધી જ્ઞાન ચેતનારૂપ જ રહેતો શકો પરમાંનદ દશા—સિદ્ધદશામાં મગ્ન રહે છે,

હવે આજ અર્થનું કળશ રૂપ કાવ્ય કહે છે

## શ્લોક ૧૩૧

(સફળ કર્મોનાં ફળનો ત્યાગ કરીને જ્ઞાન ચેતનાની ભાવના કરનાર જ્ઞાની કહે છે કે:-)

સ્વભાવ દ્રષ્ટિ થવાથી ૧૪૮ કર્મ પક્રુતિ તરફ મારું વલણ નથી. ચૈતન્ય સ્વભાવને લક્ષણ ને શુદ્ધ આત્મા તત્વ તે લક્ષ્ય છે. પુણ્ય-પાપ કે વ્યવહાર મારું લશ્રણ નથી. રાગથી આત્મ તત્ત્વ દેખાતું નથી. હું ચૈતન્ય સ્વરૂપી જાણનાર—દેખનાર છું, તેને અતિશયપણે ભોગવું છું. આત્મા તત્વના

ભોગવટા સિવાયની અન્ય શુભાશુભ ભાવોની વિભાવરૂપ ક્રિયામાં મારી પરિણતી જતી નથી. એમ શુદ્ધ આત્મ તત્વના ભોગવટામાં અચળ એવા મને, હવે પછીનો અનંતકાળ શુદ્ધ આત્મ તત્વના ભોગવટામાં જ જાઓ, પણ ઉપયોગ બહારમાં ન જાઓ. થોડો ઉપયોગ નબળાઈને લીધે બહાર જાય છે, પણ તેની ભાવના ધર્મીજીવ કરતો નથી. ધર્મીજીવ કહે છે કે મારે આજથી બધો પાછલો કાળ મારા આત્મામાં ગાળવો છે એટલે કે વિકાર ઉત્પન્ન ન થાઓ ને સંપૂર્ણપણે આત્માના અનુભવમાં કાળ જાઓ, ને પૂર્ણદશા પ્રગટ થાઓ.–એમ ધર્મી જીવ ભાવના ભાવે છે.

***

# <u>પ્રસાદ નં. ૪૨</u>

## <u>સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર</u>

## <u>શ્રી સમયસાર ગાથા ૩૮૭-૩૮૯ (કળશ ૨૩૧)</u>

**(માગશર સુદ ૫, સોમવાર, તા. ૩-૧૨-૫૧)**

## <u>''પરપદાર્થો તથા રાગ ઉપરથી વીર્ય હટાવી સ્વભાવમાં વીર્ય વાળી સ્થિર રહેવું, તે કેવળજ્ઞાનનો ઉપાય છે.''</u>

**<u>ભાવાર્થ:–</u>**આ સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર છે. આ આત્મા બીજા આત્મા ને પુદ્ગલોનો કર્તા નથી. બીજા જીવો ને પુદ્ગલોમાં ક્રમબદ્ધ પર્યાયો થાય છે, તે વાત શરુઆતમાં કરી ત્યારથી ચાલી આવે છે. આત્મા પરને કરી શકે નહિ તેમજ ભોગવી શકે નહિ. કારણ કે પરમાં ક્રમસર અવસ્થા થાય છે ને પોતામાં પણ ક્રમસર પરિણામ થાય છે તેથી પર્યાય ઉપર દ્રષ્ટિ રહેતી નથી. આવી રીતે ધર્મીજીવ પરનો તથા રાગનો કર્તા-ભોક્તા નથી પણ સ્વભાવનો કર્તા-ભોક્તા છે. તેથી તે ૧૪૮ કર્મપ્રકૃતિનાં ફળને ભોગવતો નથી પણ શુદ્ધ ચૈતન્યને ભોગવે છે, એ વાત આવી ગઈ,

આવી ભાવના કરનાર જ્ઞાની પોતાના સ્વભાવમાં એવો તૃપ્ત થયો છે કે જાણે ભાવના કરતાં સાક્ષાત્ કેવળી જ થયો હોય. અજ્ઞાન દશામાં પર પદાર્થનો કર્તા માનતો તેથી તેનું વીર્ય ત્રણે લોકના ને ત્રણે કાળના પદાર્થોના કર્તા-ભોક્તાપણામાં અટકતું હતું. હવે સાચું જ્ઞાન થયુ કે અહો ! પર વસ્તુ ઉપર મારો અધિકાર નથી. હું તો જાણનાર—દેખનાર છું ને મારામાં રાગ થાય છે તે મારી વસ્તુ નથી. રાગ જો મારી વસ્તુ હોય તો મારાથી જુદી પડે નહિ. હું તો ચૈતન્ય છું. રાગ-દ્વેષ થાય તેને સ્વમાં રહીને જાણનાર છું. આમ પરથી હઠીને વીર્ય અંતરમાં આવે છે ને અંતરમાં પણ રાગમાં નહિ રોકાતાં અનંતા ગુણોના પિંડરૂપ સ્વભાવમાં વીર્ય રોકાયું ને અંતર સ્થિરતા કરી, તેથી જાણે કે હું પરિપૂર્ણ થઈ ગયો હોઉ ! મારે કેવળજ્ઞાન પ્રગટ નથી ને હવે પ્રગટ કરું એવો ભેદ પણ સ્વભાવમાં નથી. આમ ધર્મીજીવને અંતરમાંથી બહાર નીકળવું ગમતું નથી ને અંતર રહેવાથી કેવળજ્ઞાન થાય છે તેથી તે અનંતકાળ સુધી એવો જ રહેવાનું ચાહે છે તે યોગ્ય જ છે કારણ કે આ જ ભાવનાથી કેવળી થવાય છે. કેવળજ્ઞાન ઊપજવાનો પરમાર્થ ઉપાય આ જ છે.

## <u>જે જીવ કેવળજ્ઞાન પ્રગટ કરે તેને વ્યવહારચારિત્ર ઉપચાર સાધન કહેવાય છે.</u>

બાહ્ય વ્યવહાર ચારિત્ર એટલે મહાવ્રતાદિના પરિણામ, દેવગુરુશાસ્ત્રની શ્રદ્ધાનો રાગ—તેને ઉપચારથી સાધન કહે છે. આના જ સાધનરૂપ છે એમ કહ્યું છે તેથી શુભ રાગથી મોક્ષ પમાય છે, એમ કહેવું નથી પણ જીવ પોતામાં કેવળજ્ઞાન પ્રગટ કરે ત્યારે વ્યવહાર રત્નત્રયના પરિણામને નિમિત્ત કહેવાય છે, બીજાને નિમિત્ત કહેવાતું નથી એટલા માટે જ શબ્દ કહ્યો છે. વ્યવહાર નયથી જ્ઞાન કરાવે છે. વ્યવહાર સાધન એટલે ખરેખર સાધન નથી. હું શુદ્ધ સ્વભાવી ચૈતન્ય છું, એના ભાન વિના શુભ પરિણામ કરે તો પુણ્ય બાંધે પણ તેનાથી મોક્ષ થતો નથી. નિર્મળ પર્યાયમાંથી મોક્ષપર્યાય પ્રગટતી નથી તો પછી રાગથી મોક્ષ થાય તેમ કદી પણ બની શકે નહિ, તેથી રાગને બાહ્ય નિમિત્ત કહ્યું. શરીરની ક્રિયાની વાત ન લીધી.

## કળશ ૨૩૨

## જે પુરુષ પોતાના જ્ઞાન સ્વભાવમાં તૃપ્ત છે, તે વર્તમાન શાંતિ ભોગવે છે ને ભવિષ્યમાં અનુપમ શાંતિને પામે છે.

પૂર્વે અજ્ઞાનભાવથી મિથ્યાત્વાદિ ભાવો કરેલા, તેના ફળમાં કર્મો બંધાયેલા, તે ૧૪૮ કર્મપ્રકૃતિનું ફળ ઝેર છે. તેના ફળને જે પુરુષ ભોગવતો નથી તે પોતાના માનતો નથી ને પોતાના જ્ઞાનસ્વભાવથી તૃપ્ત છે તે પરપદાર્થો તથા રાગ-દ્વેષને જાણી લે છે. તે વર્તમાન કાળમાં શાંતિને ભોગવે છે ને ભવિષ્યમાં પણ પૂર્વે સંસાર અવસ્થામાં કદી થઈ નહોતી એવી જુદા પ્રકારની, કર્મરહિત, સ્વાધીન સુખમય દશાને પામે છે. શરીરની અવસ્થા જેમ થવાની હોય તેમ થાઓ, હું તેનો જાણનાર છું, એમ જાણીને પોતાના સ્વભાવમાં ઠરી, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર ઉત્પન્ન કરી કર્મરહિત સુખદશાને પામે છે. આ ચારિત્રની વાત છે.

પુણ્ય-પાપના ભાવો વર્તમાન દુ:ખદાયક છે ને સંસારનું કારણ હોવાથી ભવિષ્યમાં પણ દુ:ખદાયક છે ને અંતરસ્વભાવના આશ્રયે જે મહાચારિત્રદશા પ્રગટ થાય તે વર્તમાન શાંતિદાયક છે ને મોક્ષનું કારણ હોવાથી ભવિષ્યમાં પણ શાંતિદાયક છે. ચરિત્ર સાક્ષાત્ ધર્મ છે, તે શાંતિદાયક હોય પણ કષ્ટદાયક ન હોય પરંતુ અજ્ઞાની જીવો ચારિત્રને કષ્ટદાયક માને છે ને કહે કે આ મુનિને સિંહ તથા શિયાળ કરડે, અગ્નિ મૂકે, તડકો સહન કરવો પડે, ચાલીને વિહાર કરવા પડે, વસ્ત્ર પહેરાય નહિ, ઉપવાસ કરવા પડે વગેરે—આમ કહીને કહે છે કે ભાઈ, ચારિત્ર તો મીણના દાંતે વેળુના કોળિયા ચાવવા જેવું છે. આમ કહીને ચારિત્રને જે કષ્ટદાયક માને છે તે મૂઢ છે. કષ્ટ લાગવું તે તો આર્તધ્યાન છે-પાપભાવ છે. તેમાં

ધર્મ તો નથી પરંતુ તેમાં પુણ્ય પણ નથી. આમ માનનાર ચારિત્રનો અનાદર કરે છે એટલે પોતાના સ્વભાવનો અનાદર કરે છે. પોતાના શુદ્ધ ચૈતન્ય સ્વભાવના આશ્રયે શાંતિ પ્રગટે તે વર્તમાન રમણીય છે ને ભવિષ્યમાં પણ રમણીય છે એટલે મોક્ષનું સાધન છે.

ભાવાર્થઃ–હું માત્ર જ્ઞાનસ્વભાવી છું એવી ભાવનાનું આ ફળ છે. તે ભાવનાથી ધર્મીજીવ અત્યંત તૃપ્ત રહે છે, તેને અન્ય તૃષ્ણા રહેતી નથી. સંસારમાં પાંચ ઈન્દ્રિયોના વિષયો ગમે તેટલી વાર ભોગવે તો પણ અજ્ઞાની તૃપ્ત થતો નથી, કારણ કે તેમાં શાંતિ નથી. ધર્મીને પોતાનામાં વર્તમાન શાંતિ વર્તે છે, ભવિષ્યમાં કેવળજ્ઞાન ઊપજાવી તે કર્મરહિત મોક્ષદશા પ્રાપ્ત કરે છે.

પૂર્વે કહેલી કર્મચેતના અને કર્મફળ ચેતનાના ફળના ત્યાગની ભાવના કરીને અજ્ઞાન ચેતનાના નાશને પ્રગટ રીતે નચાવીને પોતાના સ્વભાવને પૂર્ણ કરીને જ્ઞાન ચેતનાને નચાવતા થકા જ્ઞાનીજનો સદાકાળ આનંદરૂપ રહો એવા ઉપદેશનું કાવ્ય હવે કહે છે.

## કળશ ૨૩૩

## પુણ્ય-પાપરૂપ અસ્થિરતાના ભાવો છેડીને પોતાના જ્ઞાન સ્વભાવને પૂર્ણ કરીને સદાકાળ પ્રશમરસને પીઓ.

સ્વભાવદ્રષ્ટિ પામેલા ધર્માત્માઓએ નિમિત્તની, કર્મની, કર્મના ફળની રુચિ અત્યંતપણે છોડીને, પુણ્ય-પાપથી નિવૃતિ પામીને શુદ્ધ આત્માનાં શ્રદ્ધા, જ્ઞાન ને ધ્યાન કરી, તેમાં તૂટ ન પડે તેવી રીતે ભાવના ભાવો. દયા દાનને હરખ-શોકના ભાવો છોડો, તેમાં જ્ઞાન નથી. જ્ઞાનસ્વભાવને રોકીને ઉત્પન્ન થયેલા તે ભાવો છે. આ પ્રકારે સમસ્ત અજ્ઞાન ચેતનાનો નાશ કરો. નિજરસથી પ્રાપ્ત પોતાના સ્વભાવમાં પરિપૂર્ણ સ્થિરતા કરી પોતાની જ્ઞાનચેતનાને આનંદપૂર્વક નચાવતા થકા સદાકાળ વીતરાગી શાંતરસને પીઓ. અનાકુળ શાંતિ સ્વભાવમાં પડી છે તેને ઓળખી, સ્થિરતા કરી, શાંતિને ભોગવો. પરમાંથી શાંતિ આવતી નથી, નિમિત્તના લક્ષે પણ શાંતિ થતી નથી. સ્વભાવમાંથી શાંતિ આવે છે. કર્મના અભાવરૂપ અમૃતરસને અત્યારથી માંડીને અનંતકાળસુધી પીઓ—આમ જ્ઞાનીજનોને પ્રેરણા છે.

આ સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર છે. આત્મા દેહાદિ પરની ક્રિયાને કરતો નથી, તેમ જ ભોગવતો નથી તથા રાગ-દ્વેષનો કર્તા-ભોક્તા પણ નથી એમ બતાવી પર તથા રાગ-દ્વેષના કર્તા-ભોક્તાપણાથી ભિન્ન બતાવ્યો. હવે અન્ય દ્રવ્યો અને અન્ય દ્રવ્યોના ભાવોથી જ્ઞાનને ભિન્ન બતાવશે, તે ગાથાઓની સૂચનારૂપ કાવ્ય પ્રથમ કહે છે.

## કળશ ૨૩૪

હવેની ગાથાઓમાં એમ કહે છે હું આત્મા શરીરાદિથી જુદો છે, તેને કોઈની સાથે સંબંધ નથી. પણ જ્ઞાનમાં શબ્દ, રસ, વગેરે દેખાય છે. પરથી જ્ઞાન તો થતું નથી. જેવું જ્ઞેય હોય તેવું જ્ઞાન કરે છે એવો જ્ઞેય જ્ઞાનસંબંધ દેખાય છે પણ જ્ઞેયથી જ્ઞાન થતું નથી. અજ્ઞાનીને ભ્રમ પડે છે કે જ્ઞેયો આવ્યાં, ભગવાન મળ્યા, વાણી સાંભળી તો જ્ઞાન થયું. અથવા જ્ઞેય તરફ રાગ સહિત લક્ષ કરવાથી જાણે જ્ઞાન થતું હોય, એમ અજ્ઞાની માને છે તેથી તેને અનેક પ્રકારની આકુળતા થાય છે પણ રાગની ક્રિયા વગરનું પોતાના જ્ઞાન સ્વભાવની સન્મુખ થઈને, જે જ્ઞાન થાય તે જ્ઞાન સર્વ આકુળતાથી રહિત અને દેદીપ્યમાન બનેલું થકું નિશ્ચળ રહે છે.

ભાવાર્થઃ–હવેની ગાથાઓમાં જ્ઞાનને સ્પષ્ટ રીતે સર્વ વસ્તુઓથી ભિન્ન બતાવે છે. ।।૩૮૭-૩૮૯।।

એ જ અર્થની ગાથાઓ હવે કહે છે.

## ગાથા ૩૯૦—૪૦૪

**રે ! શાસ્ત્ર તે નથી જ્ઞાન, જેથી શાસ્ત્ર કંઈ જાણે નહીં,**
**તે કારણે છે જ્ઞાન જુદું, શાસ્ત્ર જુદું –જિન કહે; ૩૯૦.**
**રે ! શબ્દ તે નથી જ્ઞાન, જેથી શબ્દ કંઈ જાણે નહીં,**
**તે કારણે છે જ્ઞાન જુદું, શબ્દ જુદો—જિન કહે; ૩૯૧.**
**રે ! રૂપ તે નથી જ્ઞાન, જેથી રૂપ કંઈ જાણે નહીં,**
**તે કારણે છે જ્ઞાન જુદું, રૂપ જુદું —જિન કહે; ૩૯૨.**
**રે ! વર્ણ તે નથી જ્ઞાન, જેથી વર્ણ કંઈ જાણે નહીં,**
**તે કારણે છે જ્ઞાન જુદું, વર્ણ જુદો—જિન કહે; ૩૯૩.**
**રે ! ગંધ તે નથી જ્ઞાન, જેથી ગંધ કંઈ જાણે નહીં,**
**તે કારણે છે જ્ઞાન જુદું, ગંધ જુદી—જિન કહે; ૩૯૪.**
**રે ! રસ નથી કંઈ જ્ઞાન, જેથી રસ કંઈ જાણે નહીં,**
**તે કારણે છે જ્ઞાન જુદું, રસ જુદો—જિનવર કહે; ૩૯૫.**
**રે ! સ્પર્શ તે નથી જ્ઞાન, જેથી સ્પર્શ કંઈ જાણે નહીં,**
**તે કારણે છે જ્ઞાન જુદું, સ્પર્શ જુદો—જિન કહે; ૩૯૬.**
**રે ! કર્મ તે નથી જ્ઞાન, જેથી કર્મ કંઈ જાણે નહીં,**
**તે કારણે છે જ્ઞાન જુદું, કર્મ જુદું—જિન કહે; ૩૯૭.**
**રે ! ધર્મ તે નથી જ્ઞાન, જેથી ધર્મ કંઈ જાણે નહીં,**
**તે કારણે છે જ્ઞાન જુદું, ધર્મ જુદો—જિન કહે; ૩૯૮.**

**અધર્મ તે નથી જ્ઞાન, જેથી અધર્મ કંઈ જાણે નહીં,**
**તે કારણે છે જ્ઞાન જુદું, અધર્મ જુદો—જિન કહે; ૩૯૯.**
**રે ! કાળ તે નથી જ્ઞાન, જેથી કાળ કંઈ જાણે નહીં,**
**તે કારણે છે જ્ઞાન જુદું, કાળ જુદો—જિન કહે; ૪00.**
**આકાશ તે નથી જ્ઞાન, એ આકાશ કંઈ જાણે નહીં,**
**તે કારણે આકાશ જુદું, જ્ઞાન જુદું—જિન કહે; ૪0૧.**
**નહિ જ્ઞાન અધ્યવસાન છે, જેથી અચેતન તેહ છે,**
**તે કારણે છે જ્ઞાન જુદું, જુદું અધ્યવસાન છે; ૪0૨.**
**રે ! સર્વદા જાણે જ તેથી જીવ જ્ઞાયક જ્ઞાની છે,**
**ને જ્ઞાન છે જ્ઞાયકથી અવ્યતિરિક્ત ઇમ જ્ઞાતવ્ય છે; ૪0૩.**
**સમ્યક્ત્વ, ને સંયમ, તથા પૂર્વાંગગત સૂત્રો, અને**
**ધર્માધરમ, દીક્ષા વળી, બુધ પુરુષ માને જ્ઞાનને; ૪0૪.**

(નોંધઃ-વીર સં. ૨૪૭૪ના ધાર્મિકોત્સવ દરમ્યાન થયેલ આ ગાથાઓ-૩૯0 થી ૪0૪- ઉપરનાં પ્રવચનો ભેદવિજ્ઞાનસાર નામના પુસ્તકમાં વિસ્તારથી છપાઈ ગયાં છે તેથી જિજ્ઞાસુઓએ ત્યાંથી જોઈ લેવાં. અહીં તે સંક્ષેપથી આપ્યા છે.)

## આત્મા જ્ઞાનથી પૂરો ભરેલો છે ને શાસ્ત્રમાં જરા પણ જ્ઞાન નથી માટે શાસ્ત્રથી જ્ઞાન થતું નથી.

**ટીકાઃ—**શ્રુત અર્થાત્ વચનાત્મક દ્રવ્યશ્રુત જ્ઞાન નથી કારણ કે શ્રુત અચેતન છે. મૂળ ગાથામાં શાસ્ત્ર કંઈ જાણે નહિ, તેમાં કંઈ શબ્દ ઉપર વજન છે. આત્મામાં એકલું જ્ઞાન છે, તે જરા પણ અચેતન નથી પણ પૂર્ણ જ્ઞાનસ્વરૂપ છે. શબ્દમાં કાંઈપણ જરાપણ જ્ઞાન નથી, તે તદ્દન અચેતન છે. જો શાસ્ત્રમાં જ્ઞાન હોય તો શાસ્ત્ર ચેતન થઈ જાય. આત્મા જ્ઞાનથી ભરેલો છે માટે જ્ઞાન આવે છે. શાસ્ત્રને ખબર નથી કે શાસ્ત્રનો અર્થ કેવી રીતે કરવો ? વળી શાસ્ત્રના લક્ષે જે વિકલ્પ થાય છે તે પણ આત્માનું ખરું સ્વરૂપ નથી માટે જુદો જુદાથી જ્ઞાન કરે તેમ બને નહિ.

**પ્રશ્નઃ—**શ્રુતજ્ઞાનની પૂજા કરે છે ને ?

**ઉત્તરઃ—**શુભરાગ આવે છે ને શાસ્ત્ર તરફ લક્ષ જાય છે. ખરેખર પોતાનાં જ્ઞાનસ્વભાવનું બહુમાન કરે છે તેના શાસ્ત્ર ઉપર વ્યવહારથી ઉપચાર કરે છે. શાસ્ત્રનાં પાના ફેરવવાથી જ્ઞાન નીકળતું નથી પણ ચૈતન્ય જ્ઞાતાદ્રષ્ટાસ્વભાવી છે, એમ નિર્ણય કરવાથી જ્ઞાન થાય છે. જ્ઞાનનો પર્યાય પર્યાયવાન આત્મામાંથી આવે છે. શાસ્ત્ર સામે જોવાથી રાગ થાય છે. રાગમાં

જ્ઞાન નથી તેમ જ શાસ્ત્રનો વાચ્યભાવ શાસ્ત્ર સમજતું નથી માટે શાસ્ત્ર સામે જોવું છોડી દઈ, પોતાના આત્મા સામે જોવું.

**પ્રશ્ન:–**સમયસાર વિના જ્ઞાન થઈ જશે ?

**સમાધાન:–**જ્ઞાન શાસ્ત્ર વિના જ થાય છે. શાસ્ત્રને લીધે જ્ઞાન થતું હોય તો બધાને સરખું થવું જોઈએ. તારા અંતરમાંથી જ્ઞાન પ્રગટે છે. ગણધરો ભગવાનની વાણી સાંભળે છે પણ અંતર ભાન વર્તે છે કે જ્ઞાનનો ગાંગડો આત્મા છે, તેમાં જ્ઞાનની ઓછપ બિલકુલ નથી, શ્રવણથી જ્ઞાન થતું નથી, ઈચ્છાથી જ્ઞાન થતું નથી; ચૈતન્યસ્વભાવની દ્રષ્ટિ થતાં રાગ ને નિમિત્તની રુચિ ખસતાં જ્ઞાનનો પર્યાય સ્વભાવમાંથી આવે છે. પુસ્તકમાં જ્ઞાન હોય તો પુસ્તકનો મોક્ષ થવો જોઈએ માટે જ્ઞાન અને શ્રુતને અત્યંત અભાવ છે, વાણીને અને આત્માને અત્યંત અભાવ છે.

**પ્રશ્ન:–**જેવા અક્ષરો દેખાય છે તેવું જ્ઞાન થાય છે ને ?

**સમાધાન:–**જ્ઞાયક સ્વભાવ પોતે પોતાની યોગ્યતા અનુસાર જેવા પરિણામ કરે તેવું જ્ઞેય નિમિત્ત હોય છે. એવો જ્ઞેય જ્ઞાયક સંબંધ છે પણ જ્ઞેયથી જ્ઞાન થતું નથી. આમ સ્વતંત્રતા જાણ્યા વિના ધર્મ થતો નથી. ભગવાનની દિવ્યધ્વનિ પૂર્ણસ્વરૂપે વ્હેતી આવી છે. તેમાંથી જ્ઞાન આવતું હોય તો બધાને સરખું જ્ઞાન થવું જોઈએ. મહાવિદેહક્ષેત્રમાં સીમંધર ભગવાનને પ્રદ્યુમ્ન વિષે નારદની વતી ચક્રવર્તી પૂછે છે. દિવ્યધ્વનિમાં તો અખંડ સ્વરૂપ આવે છે. છતાં નારદ સમજે છે કે પ્રદ્યુમ્ન ૧૬ વર્ષ પાછા આવશે, ગણધર પોતાની લાયકાત મુજબ સમજે છે. કોઈ સમજે છે કે મારો ત્રીજા ભવે મોક્ષ થશે. કોઈ સમજે કે ભગવાન ક્ષાયિક સમકિતની વાત કરે છે—આમ દરેક પોતાના ઉઘાડની યોગ્યતા મુજબ સમજે છે. નિમિત્તથી જ્ઞાન થતું હોય તો બધાને સરખું થવું જોઈએ. જુદાથી જુદાને જ્ઞાન થાય એમ બને નહિ માટે પરથી જુદાનું ભાન કરી સ્વની એકાગ્રતા કરવી તે ધર્મ છે.

આત્મા જ્ઞાન સ્વભાવી વસ્તુ છે. જ્ઞાન જ તેનો સ્વભાવ છે. કયું જ્ઞાન મોક્ષનું સાધન થાય ? પુણ્ય-પાપ વિકલ્પો કે નિમિતો મોક્ષના સાધન નથી. કેવલજ્ઞાન પર્યાય તો સાધકને પ્રગટ નથી, અવધિ ને મન:પર્યય જ્ઞાન સાધકને હોય તો પણ તેનો વિષય રૂપી પદાર્થ છે, તેનો વિષય આત્મા નથી. સમ્યક્ મતિજ્ઞાન ને શ્રુતજ્ઞાન મોક્ષનું સાધન છે. તેમાં કયું મતિજ્ઞાન ને શ્રુતજ્ઞાન સાધન છે ને કયું બાધક છે, તે બતાવે છે.

## (૧) "જ્ઞાનને શાસ્ત્ર જુદા છે, જ્ઞાન શાસ્ત્રમાંથી આવતું નથી."

શાસ્ત્ર જ્ઞાન નથી, જ્ઞાન શાસ્ત્રનું નથી, જ્ઞાન આત્માનું છે. આ જ્ઞાન દેહાદિ પરપદાર્થનું કાંઈ કરી શકે નહિ, પર પદાર્થો સ્વતંત્ર છે. વળી જ્ઞાન

પોતે પુણ્ય-પાપને કરે તે જ્ઞાનનો ધર્મ નથી, પુણ્ય-પાપ વિકાર છે. મોક્ષનું કારણ ભૂત મતિ—શ્રુતજ્ઞાન શાસ્ત્રમાંથી આવતું નથી. આ પુસ્તક જડ છે, તેમાં જ્ઞાન નથી. જ્ઞાન આત્માનો સ્વભાવ છે, તેના સન્મુખ જુએ તો જ્ઞાન પ્રગટે છે. ગદ્યાત્મક ને પદ્યાત્મક રચાયેલાં પદોવાળા શાસ્ત્રોમાંથી જ્ઞાન આવતું નથી, જ્ઞાન તો આત્મામાં છે, માટે જ્ઞાનને અને પુસ્તકને જુદાઈ છે.

## "શાસ્ત્રના બળે રાગની મંદતાપૂર્વક થયેલું મતિજ્ઞાન મોક્ષનું સાધન નથી."

અહીં તો વિશેષ એમ કહેવું છે કે શાસ્ત્રમાંથી તો જ્ઞાન આવતું નથી પણ શાસ્ત્રના લક્ષે રાગ મંદ પાડીને પોતાની યોગ્યતાથી જે જ્ઞાનનો ઉઘાડ થાય છે તે પરને જણાવવા પૂરતો થાય છે. માટે તે જ્ઞાન પણ મોક્ષનું કારણ નથી, કોઈ કહે કે શાસ્ત્ર નિમિત્ત છે ને ?

સમાધાનઃ–ભાઈ, નિમિત્ત કોનું ? જો પોતામાં સમ્યગ્જ્ઞાન પ્રગટ કરે તો શાસ્ત્રને નિમિત્ત કહેવાય છે. ચૈતન્ય સ્વરૂપ આત્મા જેમાં જ્ઞાન ભરેલું છે, તેને ચૂકીને નિમિત્તનાં લક્ષે - પર લક્ષે રાગ મંદ પાડીને થતું મતિજ્ઞાન મોક્ષમાં નિમિત્ત કારણ થતું નથી.

## "શાસ્ત્રનાં દ્રવ્ય-ગુણ-પર્યાય અચેતન છે ને આત્માનાં દ્રવ્ય-ગુણ-પર્યાય ચેતન છે."

અહીં મતિ શ્રુતની આરાધના વર્ણવી છે. તે આરાધના ચૈતન્યના આધારે થાય છે. અજ્ઞાનીને ભ્રમ પડે છે કે જાણે શાસ્ત્રમાંથી જ્ઞાન આવતું હશે ? પણ ભાઈ, શાસ્ત્ર અચેતન છે. તેના દ્રવ્ય-ગુણ-પર્યાય પણ અચેતન છે. તું ચેતન ને તારાં દ્રવ્ય-ગુણ-પર્યાય પણ ચેતન છે. તારું મતિજ્ઞાન અચેતનમાં તો નથી પણ અચેતનના લક્ષે પણ સમ્યક્ મતિજ્ઞાન થાય નહિ. ગદ્યપદ્યની રચનાવાળા શાસ્ત્રોનો જ્ઞાનમાં અભાવ ને જ્ઞાનનો શાસ્ત્રમાં અભાવ, પુસ્તકમાં જરીયે જ્ઞાન નથી, પુસ્તક કંઈ જાણતું નથી. ભગવાને કેવળજ્ઞાનમાં છ દ્રવ્યો જોયાં છે. તેમાં શાસ્ત્ર પુદ્‌ગલમાં જાય છે, તેમાંથી જ્ઞાન ન આવે પણ અચેતનના લક્ષે રાગ મંદ પાડીને થયેલું કુમતિ જ્ઞાન પણ અચેતન છે, ને તે જ્ઞાન મોક્ષનું નિમિત્ત કારણ થતું નથી. મોક્ષનું ખરેખર કારણ તો સ્વભાવ છે, તેના આધારે મતિજ્ઞાન થાય છે. તે મોક્ષનું નિમિત્ત કારણ છે.

## "આત્મા બધુંય જાણે એવો સ્વભાવ છે ને શાસ્ત્ર કાંઈ પણ જાણતુ નથી."

તારો સ્વભાવ પૂર્ણ જાણવાનો છે, તું જાણ્યા વિના ન રહે તેવો તારો સ્વભાવ છે ને પુસ્તકનો સ્વભાવ જરીએ જાણવાનો નથી. પુસ્તક જરા પણ જાણે તો પુસ્તક ચેતન થઈ જાય, તારા જ્ઞાન સ્વભાવને તથા પુસ્તકને સંપૂર્ણ ભિન્નતા છે. માટે તારે જ્ઞાન કરવું હોય તો તારો આત્મા ત્રિકાળી પરિપૂર્ણ ચૈતન્ય સ્વભાવથી ભરેલો છે તેનું અવલોકન કર તો જ્ઞાન સમ્યક્ થાય તેમ છે. માટે શાસ્ત્ર ઉપરથી ને રાગ ઉપરથી દ્રષ્ટિ ખેસવી શુદ્ધ ચૈતન્ય તરફ જો.

## <u>''પોતાના જ્ઞાનનો પર્યાય પરજ્ઞેયો સાથે સંબંધ જોડે તો રાગ સહિત મિથ્યાજ્ઞાન થાય છે ને સ્વજ્ઞેય સંબંધ સાથે જોડે તો રાગરહિત સમ્યક્જ્ઞાન થાય છે.''</u>

અજ્ઞાનીને ભ્રમ પડે છે કે મારો જ્ઞાનપર્યાય પરથી આવતો હશે ? એમ ભ્રમણમાં રહી પર સાથે સંબંધ કરવા માગે છે. જેવાં જેવાં જ્ઞેયો હોય તેવું તેવું જ્ઞાન થાય છે. તેથી અજ્ઞાની જીવ જ્ઞેય સાથે સંબંધ કરવા જાય છે. જ્ઞેય જ્ઞાયક સંબંધ ઉત્પન્ન કરવા જતા પર લક્ષ થાય છે ને છદ્મસ્થ રાગી જીવને પર લક્ષ કરવાથી રાગ થયા વિના રહેતો નથી, આથી પરના લક્ષે રાગ કરી જ્ઞાન પ્રગટાવે તે કુમતિજ્ઞાન છે, મોક્ષનું સાધન નથી, રાગની મંદતા કરે તેટલુ પુણ્ય બંધન થાય છે, ધર્મ થતો નથી. પાંચ ઈન્દ્રિયોના વિષયો તરફ લક્ષ કરી જ્ઞાનનો પર્યાય નિમિત્ત સાથે સંબંધ કરે તો રાગનો નાશ થઈ સમ્યક્મતિજ્ઞાન ઉત્પન્ન થાય છે ને તે મોક્ષનું સાધન છે. શ્લોક ૨૩૪ માં આજ કહેવાનો ભાવ છે. જ્ઞાન પદાર્થના વિસ્તાર સાથે ગુંથાવાથી (અનેક પદાર્થો સાથે, જ્ઞેય જ્ઞાન સંબંધને લીધે, એક જેવું દેખાવાથી) ઉત્પન્ન થતી (અનેક પ્રકારની) ક્રિયા તેનાથી રહિત એકજ્ઞાન ક્રિયા માત્ર અનાકુળ (સર્વ આકુળતાથી રહિત) અને દેદિપ્યમાન વર્તતું થકું નિશ્ચળ રહે છે.

અનેક પ્રકારના જ્ઞેયોના સંબંધને લીધે, તેના વિશેષને લીધે જ્ઞાન થાય છે એમ માની અજ્ઞાની જીવ જ્ઞેયો સાથે સંબંધ જોડવા જાય છે. તેને રાગ ઉત્પન્ન થઈ ભ્રમણાનું કારણ બને છે. પણ મારા જ્ઞાનનો પર્યાય એટલે મારો વિશેષ મારા સામાન્યમાંથી આવે છે એમ પોતાના સામાન્ય તરફ એકાગ્ર થાય તો રાગનો નાશ થઈ સમ્યક્મતિજ્ઞાન પ્રગટે છે.

## <u>(૨) ''શબ્દ જ્ઞાન નથી ને તેનાથી જ્ઞાન નથી કારણ કે શબ્દને અને જ્ઞાનને અત્યંત જુદાઈ છે.''</u>

શબ્દ જ્ઞાન નથી. તીર્થંકર દેવની દિવ્યધ્વની કે મુનિ અથવા જ્ઞાનીની વાણી પુદ્ગલ દ્રવ્યનો પર્યાય છે, તેમાં જરાપણ જ્ઞાન નથી. શબ્દથી જ્ઞાન થતું નથી, શબ્દના લક્ષે ચૈતન્યની જાગૃતિ જણાતી નથી, વાણીનો અને

જ્ઞાનનો પર્યાયનો ભલે એક સમય હોય પણ વાણીથી જ્ઞાન થતું નથી. વાણી જડ છે, તેને ખબર પણ નથી કે અમો કોણ છીએ. જ્ઞાન તથા શબ્દને વ્યતિરેક છે, જુદાઈ છે. જ્ઞાનનો પર્યાય વાણીને પકડવા જાય પણ સ્વજ્ઞેય ચૈતન્યનું લક્ષ ન કરે તો સ્મયક્જ્ઞાન પ્રગટ કરે નહિ. ભગવાનની કે જ્ઞાનીની વાણી અચેતન છે, તે કિંચિત્ જાણતી નથી. અચેતન પર્યાય સાથે સંબંધ કરતા ત્રિકાળ ચૈતન્ય દ્રવ્યનો સંબંધ તૂટી જાય છે, અચેતનના લક્ષે રાગ મંદતાથી થયેલું જ્ઞાન પરને જાણે છે, સ્વને જાણતું નથી. સમવસરણમાં બાર સભા છે. મનુંષ્યો, તિર્યંચો દેવો વગેરે ઘણા જીવો ભગવાનની વાણી સાંભળે છે. ભગવાનની વાણી ને લીધે જ્ઞાન થતું હોય તો બધાને સરખું થવું જોઈએ, પણ સૌને પોતાની યોગ્યતા મુજબ થાય છે. એ તો છે જ પણ ત્યાં જ્ઞાનનો પર્યાય સ્વજ્ઞેયને નહિ પકડતા વાણી ને પકડે તો નીચલી દશામાં રાગ થયા વિના રહેતો નથી ને મંદ રાગથી થયેલું જ્ઞાન સમ્યક્જ્ઞાન નથી પણ મિથ્યાજ્ઞાન છે.

આ વાત ઝીણી છે. પ્રથમ ખ્યાલ આવવો જોઈએ કે વસ્તુસ્થિતિ શું છે ? જેવો વસ્તુનો સ્વભાવ છે, તેવો ભગવાને જ્ઞાનમાં જોયો ને વાણી દ્વારા આવ્યો છે. અજ્ઞાની જીવે અગિયાર અંગ ને નવ પૂર્વનું જ્ઞાન કર્યું પણ સાચું જ્ઞાન થયું નહિ, કારણ કે તેની માન્યતા એમ છે કે નિમિત્તના લક્ષે ને વાણીના લક્ષે રાગ મંદ પડવાથી જ્ઞાન થાય છે. પણ જ્ઞાતાના આશ્રયે જ્ઞાન થાય છે, એ વાત રહી જાય છે. જ્ઞાન આત્માનો ધર્મ છે. તે ક્યાંથી પ્રગટે ? ભગવાનમાંથી પ્રગટે ? ભગવાન તો પર છે. ભગવાનની વાણીમાંથી પ્રગટે? વાણી તો ભાષા વર્ગણાનું પરિણમન છે—જડ છે. તે કિંચિત્ જાણતી નથી. વાણી જે પરજ્ઞેય છે તેની સાથે સંબંધ કરે ને ત્રિકાળી આત્મા સાથે સંબંધ ન કરે તો સમ્યક્ મતિજ્ઞાન થતું નથી. આત્મા જ્ઞાન સ્વરૂપ જ છે એમ પોતાના ત્રિકાળી સ્વભાવ સાથે સંબંધ કરે, તેનો આશ્રય કરે તો સમ્યક્મતિજ્ઞાન પ્રગટે તેમ છે.

### **"જ્ઞેય જ્ઞાયક સંબંધની રાગવાળી ક્રિયાનો સંબંધ તોડી સામાન્ય ધ્રુવસ્વભાવ સાથે સંબંધ કરવાથી  સમ્યક્જ્ઞાન પ્રગટે છે."**

અહિં કોઈ પૂછે કે આ વાતનું જ્ઞાન હમણા વાણી સાંભળી માટે થયું ને ?

સમાધાનઃ–નિમિત્તથી નહિ, શબ્દથી નહિ, શબ્દ અચેતન છે, શબ્દ શબ્દના કાળે પરિણમે છે. જ્ઞાન—જ્ઞાનની લાયકાતના કાળે ઊઘડે છે, શબ્દ સાથે સંબંધ કરવાથી જ્ઞાન સમ્યક્ થતું નથી. પોતા સાથે એકાગ્રતા કરે તો સમ્યક્જ્ઞાન થાય તેમ છે. આત્મા પુસ્તકસ્વભાવી નથી, શબ્દસ્વભાવી નથી, અચેતનસ્વભાવી નથી, પણ ચેતનસ્વભાવી છે. શબ્દને અને જ્ઞાનને જુદાઈ

છે. નીચલી દશામાં વાણી સાંભળવાનો રાગ હોય પણ જ્ઞાનનો પર્યાય ચૈતન્યના આશ્રયે ખીલે છે. પરના લક્ષે અગિયાર અંગનું જ્ઞાન કર્યું પણ વસ્તુસ્થિતિનો ખ્યાલ ન આવ્યો, એકવાર સત્યને શ્રવણ કર, તું પરમચૈતન્ય જ્યોતસ્વરૂપ સર્વજ્ઞ શક્તિવાન છો. આખો જાણનાર છો, વાણી બિલકુલ જાણનાર નથી. જે કાંઈ જાણતા નથી એવા શબ્દો, પુસ્તકો, નિમિતો હોય છે, તે હોવા છતાં તેથી જ્ઞાન થતું નથી. પણ પરજ્ઞેયનું લક્ષ કરવા જતાં રાગની ઉત્પતિ થાય છે તેથી જ્ઞેય જ્ઞાયક સંબંધની રાગવાળી ક્રિયાનો સંબંધ તોડ્યા વિના છદ્મસ્થને સમ્યક્જ્ઞાન થતું નથી. સામાન્ય ધ્રુવ એકરૂપ સ્વભાવના આશ્રયે સમ્યક્જ્ઞાન થાય છે.

## (૩) "રૂપ જ્ઞાન નથી તેમજ રૂપથી જ્ઞાન નથી કારણ કે રૂપને અને જ્ઞાનને અત્યંત ભિન્નતા છે."

રૂપ જ્ઞાન નથી કારણ કે રૂપ અચેતન છે. ભગવાનનું શરીર હજારો ઈન્દ્રો કરતા તેજવાળું હોય છે. શરીરનો દેદાર પણ અલૌકિક છે પણ તેનાથી જ્ઞાન થતું નથી. જ્ઞાન આત્માથી થાય છે, પણ અજ્ઞાની જીવને સ્વનો ભરોસો આવે નહિ ને પરનો ભરોસો ખસે નહિ. હું જ્ઞાન સ્વભાવી છું તે વાત બેસતી નથી. જગતની વિવિધતા ને વિચિત્રતા જોઈએ તો જ્ઞાન ખીલે એવી માન્યતા ખોટી છે, દેશાટન કરે ને જ્ઞાન ખીલે તેમ બનતું નથી. રૂપ ઈન્દ્રિયોનો વિષય છે. રૂપ અચેતન છે, તે પુદગલ દ્રવ્યનો ગુણ છે. જ્ઞાનને અને રૂપને જુદાપણું છે. રૂપ જેવું દેખાય છે, તેવું જ્ઞાન થાય છે, છતા પણ રૂપને લીધે જ્ઞાન નથી, રૂપ ને જ્ઞાન જુદા છે. જુદાના લક્ષે જુદાને જ્ઞાન થાય નહિં. પાંચ ઈન્દ્રિયો ને મનથી કામ થાય છે તે પર લક્ષે થાય છે, તે મિથ્યાજ્ઞાન છે. જ્યારે જીવ શબ્દ સાંભળે છે ત્યારે રૂપ જોતો નથી, રૂપ જુએ છે ત્યારે શબ્દ સાંભળતો નથી, ક્રમે ક્રમે ખ્યાલ આવે છે. જેવું રૂપ જુએ તેવા રૂપનો ખ્યાલ આવે, જેવા શબ્દો સાંભળે તેવા શબ્દનો ખ્યાલ આવે, શાસ્ત્રમાં જેવા અક્ષરો વાંચે તેવો ખ્યાલ આવે, જેવા જેવા નિમિત્ત ઉપર લક્ષ જાય છે તેવો તેવો જ્ઞાનનો ઉઘાડ દેખાય છે. અજ્ઞાનીને ભ્રમ પડી જાય છે, કે મારું જ્ઞાન જ્ઞેય તરફના સંબંધને લીધે થતું હોય છે. આથી પર તરફના સંબંધને તે તોડતો નથી ને સ્વતરફનો સંબંધ કરતો નથી. ભગવાનનું રૂપ ઈન્દ્ર હજારો આંખથી જુએ તોપણ તૃપ્ત થાય નહિં એવું સુંદર રૂપ છે, છતાં તે રૂપમાં જ્ઞાન નથી. જ્ઞાન આત્મામાં છે. રૂપ અચેતન છે તેથી તે બિલકુલ જણાતું નથી. જ્ઞાન પૂર્ણ જાણે છે, અચેતનના લક્ષે સમ્યક્દર્શન થતું નથી.

**"પરલક્ષે ઉઘડતું જ્ઞાન એકાંત પરપ્રકાશક છે, તેથી મિથ્યાજ્ઞાન છે, તેનાથી ધર્મ થતો નથી."**

પ્રશ્ન:–અહીં આવ્યા તો જ્ઞાન થયું ને ?

સમાધાન:–જ્ઞાનનો પર્યાય સમય તે તે પર્યાયના કાળે થાય છે, નિમિત્તના કારણે થતો નથી. જ્ઞાન પર્યાય જ્ઞાન પર્યાયના કારણે આવે પણ જે જ્ઞાન નિમિત્તના લક્ષે થાય છે, તે સમ્યક્જ્ઞાન નથી. ત્રિકાળ જ્ઞાયક સમાન્ય છે ને પર્યાય તેનું વિશેષ છે. જે જ્ઞાન સામાન્ય સ્વભાવમાંથી વિશેષ જ્ઞાન પ્રગટે છે એમ જે માનતો નથી, તેનું જ્ઞાન નિમિત્તના લક્ષે પ્રગટતું એકલું પર પ્રકાશક હોય છે, પણ તે સ્વને જાણતું નથી, સ્વભાવના આશ્રય વિના સ્વ-પર પ્રકાશક જ્ઞાન પ્રગટતું નથી.

અનંતકાળમાં સત્ શ્રવણ કર્યું જ નથી, ને સતનું લક્ષ કર્યું નથી. આ વિના સાધુ થયો, નવમી ગ્રૈવેયકે ગયો પણ હું કોણ છું, તેનો વિશ્વાસ એક ક્ષણ માત્ર કર્યો નથી. વિશ્વાસ કરે તો સમ્યક્જ્ઞાન જરૂર થાય, પણ ઊંડે ઊંડે રાગની મંદતા ઉપર ને વાણી ઉપર વજન જાય છે. કાંઈક વાણી સાંભળું, કાંઈક રૂપ જોઉં, કાંઈક શુભભાવ કરું તો જ્ઞાન પ્રગટે,તેમ ઊંડે ઊંડે પરલક્ષે જ્ઞાન પ્રગટતું હોય તેમ માની રહ્યો છે. છદ્મસ્થ જીવને પર તરફનું વલણ કરવાથી રાગની ઉત્પતિ થાય છે, ને મિથ્યાજ્ઞાન ઉત્પન્ન થાય છે, માટે સ્વભાવ તરફ દ્રષ્ટિ કરવી. તે વિના સમ્યક્જ્ઞાન થાય નહિં ને સમ્યક્જ્ઞાન વિનાના બધા તર્ક ખોટા છે.

આ સર્વ વિશુદ્ધજ્ઞાન અધિકાર છે. એકલો શુદ્ધ જ્ઞાન અધિકાર છે. તારો સ્વભાવ ત્રિકાળ સર્વજ્ઞ શક્તિથી ભરેલો છે, તેનો વિકાસ કરવો હોય તો આત્મા તરફ જો. શાસ્ત્રથી જ્ઞાન ઉઘડતું નથી ને શાસ્ત્રના લક્ષે કરેલા મંદ રાગથી પણ સમ્યગ્જ્ઞાન થતું નથી. આ ચાકળા દેખાય છે. એવું જ્ઞાન થાય છે પણ એનાથી જ્ઞાન થતુ નથી. અચેતન પદાર્થનાં દ્રવ્ય-ગુણ-પર્યાય ત્રણે અચેતન છે. આત્મા ચેતન પદાર્થ છે, તેનાં દ્રવ્ય ગુણ પદાર્થ ચેતન છે. સમય સમયની પર્યાય સ્વતંત્ર છે. તે પર્યાય રૂપના લક્ષે ઉઘડે તો તે કુમતિજ્ઞાન—પરપ્રકાશક જ્ઞાન ખીલ્યું પણ સ્વતત્ત્વ શું છે, તે જ્ઞાન થયું નહિં, તેથી સંસાર છે. રૂપમાં જ્ઞાન નથી, રૂપ બિલકુલ જાણતું નથી, માટે રૂપ અને આત્મા જુદા છે, જુદાનું જ્ઞાન જુદાથી કેમ થાય ? ન જ થાય. અહીં રૂપ કહેતાં સ્પર્શ, રસ, ગંધ, વર્ણનો પિંડ તે રૂપ છે.

જ્ઞાનનો પર્યાય એક સમયે રૂપને દેખે, વળી બીજે સમયે શબ્દને સાંભળે, આમ જ્ઞાનનો પર્યાય પર નિમિત્તના લક્ષે—જ્ઞેયના સંબંધથી થાય છે. તે રાગ સહિત હોય છે. રાગની ક્રિયાવાળું પરના લક્ષે થતું જ્ઞાન ચૈતન્યસ્વભાવને જાણતું નથી, પણ સ્વભાવ સન્મુખ થઈ રાગ રહિતનું જ્ઞાન સ્વભાવને જાણે છે ને મોક્ષનું કારણ થાય છે. સોનું ઘડવું હોય તો તેના

ઉપર હથોડી પડવી જોઈએ, તેમ આત્માનું સ્વરૂપ શું છે ને સત્ય શું છે તે વારંવાર ખ્યાલમાં લેવું જોઈએ. ખ્યાલમાં આવ્યા વિના કેવી રીતે કામ કરશે ? પર્યાય બુદ્ધિએ થયેલા ક્ષયોપશમને સમ્યક્જ્ઞાન કહેતા નથી, પણ સ્વભાવ બુદ્ધિએ પ્રગટેલા જ્ઞાનને સમ્યગ્જ્ઞાન કહે છે.

## (૪) "વર્ણથી જ્ઞાન થતું નથી કારણકે વર્ણને જ્ઞાનથી અત્યંત જુદાઈ છે."

વર્ણ જ્ઞાન નથી, વર્ણને લીધે જ્ઞાન નથી. આ લીલી, પીળી, કાળી, ધોળી, અવસ્થા દેખાય છે તે અચેતન છે. વર્ણ જડ છે, અચેતન છે, તે બિલકુલ જાણતું નથી. જ્ઞાન ને વર્ણ ત્રણે કાળે જુદા છે. ભગવાનનું શરીર જોઈને જીવ વર્ણનું ઘણું વર્ણન કરે, પણ તે વર્ણને લીધે જ્ઞાન નથી. બાહુબલીની ભવ્ય પ્રતિમા જોઈને જીવને એમ થાય કે અહો ! બહુ સરસ પ્રતિમા છે. આ પ્રતિમા જોવાથી શાંતિ આવી એમ અજ્ઞાની માને છે, પણ ભાઈ, તે શાંતિ નથી, તે તો રાગની મંદતા છે. પ્રતિમા ને પુસ્તક પરદ્રવ્ય છે, તેમાં જરાયે જ્ઞાન નથી, તેનો ભાવ તારામાં નથી. અજ્ઞાની જીવ જાત્રા વિગેરે કરીને ધર્મ માને છે, પણ ભાઈ ! એ તો કષાયની મંદતા છે, પુણ્ય છે, એવાં પુણ્ય અનંતી વાર કર્યા છે, તે ધર્મ નથી. તેવા મંદ રાગથી થતું જ્ઞાન સમ્યક્ નથી, પણ ચૈતન્યના આશ્રયે થતું જ્ઞાન સમ્યક્ કહેવાય છે. વર્ણ પુદ્ગલ દ્રવ્યનો ગુણ છે, તે અચેતન છે માટે જ્ઞાન તથા વર્ણને જુદાઈ છે.

**"અપૂર્વ સ્વતંત્ર જ્ઞાનસ્વભાવ બતાવનાર શ્રી સદગુરુદેવનો જય હો."**

***

# પ્રસાદ નં—૪૪

## સર્વ વિશુદ્ધજ્ઞાન અધિકાર

## શ્રી સમયસાર ગાથા ૩૯૦—૪૦૪.

(માગશર સુદ ૭, બુધવાર, તા. ૫-૧૨-૫૧)

આત્મા જ્ઞાનસ્વભાવી વસ્તુ છે. તેનું જ્ઞાન પરમાંથી કે પરના આશ્રયે આવતું નથી. નીચલી દશામાં પાંચ ઈન્દ્રિયો અને મન મતિ શ્રુત-જ્ઞાનમાં નિમિત્ત છે, પણ તેના નિમિતે થતું પર લક્ષી જ્ઞાન તે મુક્તિનું કારણ નથી. આત્માના આશ્રયે થતું જે મતિ શ્રુતજ્ઞાન તે જ મુક્તિનું કારણ થાય છે. રાગની મંદતા થઈને શાસ્ત્રના લક્ષે જે જ્ઞાનનો ઉઘાડ થયો તે જ્ઞાન શાસ્ત્રને ભલે જાણે પણ તેનાથી ચૈતન્ય ન જણાય, કેમ કે શાસ્ત્ર તો અચેતન છે. તેના લક્ષે થતું જ્ઞાન પરને જાણે છે પણ સ્વ સ્વભાવને જાણતું નથી. નિમિત્ત વિકલ્પ અને પર્યાયની ઉપેક્ષા કરીને સ્વભાવની સન્મુખ થાય તો જ સમ્યગ્જ્ઞાન થાય છે, અને તે જ્ઞાન, આત્માના સ્વભાવના જ્ઞાનસહિત પરને પણ યથાર્થ જાણે છે.

ગંધ તે જ્ઞાન નથી. ગંધ તો અચેતન પરવસ્તુ છે. નાકના નિમિતે જે જ્ઞાન થાય તે ગંધને જાણે, પણ તે આત્માને જાણતું નથી. આત્મામાં અંતર્મુખ થાય તે જ્ઞાન જ આત્માને જાણે છે. જ્ઞાન સ્વ તરફ વળીને સમ્યગ્જ્ઞાન થાય, તો જ વ્યવહારે પરનું જ્ઞાન સાચું થાય. જેવી ગંધ હોય તેવી તેને જાણે છતાં ગંધને લીધે જ્ઞાન થતું નથી. કસ્તુરીને કસ્તુરી જાણે ને લસણને લસણ જાણે—છતાં તેને લીધે જ્ઞાન નથી. જ્ઞાન તો ચૈતન્યના આશ્રયે થાય છે. ચૈતન્યનો આશ્રય છોડીને એકલા ઈન્દ્રિય અને મનના આશ્રયે થતું જ્ઞાન તે ખરેખર જ્ઞાન જ નથી. જે જ્ઞાન જ્ઞેય સાથેની એકતાનો સંબંધ ન તોડે ને આત્મા સાથે એકતા ન કરે તેને ખરેખર જ્ઞાન જ કહેતા નથી. મતિશ્રુતની નિર્મળતા ચૈતન્યના આશ્રયે જ થાય છે.

રસ તે જ્ઞાન નથી. રસમાંથી જ્ઞાન આવતું નથી, ચૈતન્યની હયાતીમાં જ જ્ઞાન થાય છે. જીભ અને રસની અહયાતીમાં જ જ્ઞાન થાય છે, કેમ કે જ્ઞાનમાં જીભ અને રસનો અભાવ છે, ને સામા રસમાં કે જીભમાં જ્ઞાનની હયાતી નથી. જ્ઞાન તો સામાન્ય ચૈતન્ય સ્વભાવના આશ્રયે જ થાય છે, જો તે સામાન્ય જ્ઞાન સ્વભાવનો આશ્રય ન હોય તો યથાર્થ જ્ઞાન થતું નથી. અનેકાંતિકજ્ઞાનને સ્વભાવનો આશ્રય છે, પરનો આશ્રય નથી. જે જ્ઞાનમાં પર સાથેની એકતાની માન્યતા છે, તે જ્ઞાન એકાંતિક મિથ્યાજ્ઞાન છે.

શબ્દ-રૂપ-રસ-ગંધ વગેરે પરજ્ઞેયને જોવામાં જે જ્ઞાન એકાકાર થઈ જાય છે, તે મિથ્યાજ્ઞાન છે. પરના અભાવથી ને જ્ઞાનના સદ્‌ભાવથી જ જ્ઞાન થાય છે. સામાન્યના લક્ષે જે વિશેષ થાય તે જ્ઞાનને જ સમ્યગ્જ્ઞાન કહેવાય છે. સામે જેવા પદાર્થ હોય તેવું જ જ્ઞાન થાય, ત્યાં તે વિધવિધ નિમિતોને લીધે અહીં વિધવિધજ્ઞાન થાય છે એમ જેને ભાસે છે તે અજ્ઞાની છે. જ્ઞાનનું પરિણમન તો તે વખતે પોતાની તેવી લાયકાતથી જ થયું છે. જ્ઞાન અને જ્ઞેયના પરિણામનો કાળ એક હોવા છતાં, જ્ઞેયના આશ્રયે જ્ઞાનનું પરિણમન નથી, કેમ કે જ્ઞેયમાં જ્ઞાનનો અભાવ છે. જેમા જ્ઞાનનો અભાવ છે તેના આશ્રયે જ્ઞાનનું પરિણમન થતું માનવું, તે મિથ્યાજ્ઞાન છે. જ્ઞાન તો આત્મામાં છે, તેથી આત્માના આશ્રયે થયેલુ જ્ઞાન તે જ સમ્યગ્જ્ઞાન છે.

સ્પર્શ તે જ્ઞાન નથી. ગોખરુ લાગે ત્યાં તેવા સ્પર્શનું જ્ઞાન થાય પણ તે પરને લીધે થતું નથી. જ્ઞાનીને સ્પર્શના જ્ઞાન વખતે પણ ચૈતન્યના આશ્રયે જ તે જ્ઞાન થાય છે. જ્ઞાનીને સ્પર્શના સંયોગ વખતે પણ ચૈતન્યના સ્વભાવના આશ્રયથી જ જ્ઞાન થાય છે, એથી તેને તે સ્પર્શના સંયોગ વખતે ય નિર્જરાનો કાળ છે, ને અજ્ઞાની બહારના વિષયો છોડીને બેઠો હોય, છતાં અંદરમાં પર ચીજના આશ્રયે જ્ઞાન થાય એવી માન્યતા છે તો તેને ક્ષણે ક્ષણે બંધન જ થાય છે.

સ્પર્શના આઠે પ્રકારમાં જ્ઞાનનો અત્યંત અભાવ છે. આત્માનો જ્ઞાન સ્વભાવ અસ્પર્શી છે, તેના આશ્રયે જ જ્ઞાન છે. એવા સ્વભાવના આશ્રયે પ્રગટ થયેલું જ્ઞાન જ આત્માને શાંતિનું અને મુક્તિનું કારણ થાય છે.

દ્રવ્યશ્રુતથી માંડીને આ સ્પર્શ સુધી તો પાંચ ઈન્દ્રિયના વિષયો બતાવ્યા. આ મતિજ્ઞાનનો વિષય છે. હવે શ્રુતજ્ઞાનનો વિષય બતાવે છે.

કર્મ તે જ્ઞાન નથી. કર્મને જાણવામાં ઈન્દ્રિયનું નિમિત્ત નથી પણ મનનું નિમિત્ત છે, પણ અહીં તો કહે છે કે ચૈતન્યનો આશ્રય છોડીને એકલા મનના નિમિતે થયેલું જ્ઞાન તે કર્મને જાણે છે પણ આત્માને જાણતું નથી. એટલે કર્મના લક્ષે સમ્યગ્જ્ઞાન થતું નથી. કર્મની પ્રકૃતિ વગેરે જાણવાથી સાચું જ્ઞાન થઈ જાય—એમ નથી, પણ આત્માના જ્ઞાનસ્વભાવને જાણવાથી જ સમ્યગ્જ્ઞાન થાય છે. સ્વભાવના અવલંબનથી જે જ્ઞાન થાય તેને જ અહીં જ્ઞાન કહ્યું છે. ચૈતન્યનું અવલંબન લ્યે ત્યારે જ સમ્યક્ મતિ અને શ્રુતજ્ઞાન થાય છે. એ સિવાય રાગની મંદતાથી કર્મનું જ્ઞાન કરે, પણ તે જ્ઞાન મુક્તિનું કારણ થતું નથી. અરે ભાઈ ! કર્મના ભરોસે તારા જ્ઞાનનો ઉઘાડ નહિ થાય, પણ તારા આત્માના ભરોસે જ તારું સમ્યગ્જ્ઞાન ખીલશે. કર્મનો રસ કાંઈક ઓછો થાય, કાંઈક કર્મો ઘટે, તો જ્ઞાન ખીલે—એમ જે માને છે તેને કર્મના

લક્ષે સમ્યગ્જ્ઞાન થતું નથી. શું કર્મમાં તારું જ્ઞાન પડ્યું છે ? જ્ઞાન તો આત્મામાં ભર્યું છે. તે આત્માની અંતર્મુખ થઈને તેની રુચિ કર તો તારું સમ્યગ્જ્ઞાન થાય. જ્ઞાનીને શાસ્ત્રશ્રવણ વગેરે વખતે પણ જ્ઞાન તે શાસ્ત્રના આશ્રયે કે તે તરફના વિકલ્પના આશ્રયે ખીલતું નથી, પણ પોતાના શુદ્ધ સ્વભાવના અવલંબને જ જ્ઞાન થાય છે. શાસ્ત્ર પોતે તો અચેતન છે, તે કાંઈ જાણતું નથી, તેથી તેના આશ્રયે જ્ઞાન નથી.

કર્મને અને જ્ઞાનને તદ્દન જુદાઈ છે. જેમ રસ વગેરેથી જ્ઞાન જુદું છે તેમ કર્મથી પણ જ્ઞાન જુદું છે. કર્મને અને જ્ઞાનને નિમિત્ત નૈમિતિક સંબંધ છે, એ વાત પણ અહીં લીધી નથી. કર્મનો ઉદય મંદ પડે તો જ્ઞાન ખીલે, ને કર્મનો ઉદય તીવ્ર હોય તો જ્ઞાન ઘટે, એમ જે માને છે તે જીવ મૂઢ છે—પર્યાયબુદ્ધિ છે.

કર્મની સ્થિતિ ઓછી થાય તો સમ્યગ્દર્શન થાય, એમ જે કર્મની સામે જુએ છે તેને સમ્યગ્દર્શન થતુ નથી. સમ્યગ્દર્શન તો સ્વભાવના અવલંબને થાય છે. કર્મ તો કાંઈ જાણતું નથી, તો કર્મ સામે જોવાથી તારું સમ્યગ્જ્ઞાન થતું નથી, માટે આત્માની સામે જો તો તને સમ્યગ્જ્ઞાન થાય.

ધર્માસ્તિકાય નામનું એક દ્રવ્ય છે, તે ઈન્દ્રિયનો વિષય નથી. તે ધર્માસ્તિકાય અચેતન છે, તેનામાં જ્ઞાન નથી. જ્ઞાન તો આત્માના આશ્રયે છે. ચૈતન્યને ચૂકીને પંચાસ્તિકાયને જાણે તેને પણ જ્ઞાન કહેતા નથી.

અધર્માસ્તિકાય નામનું એક દ્રવ્ય છે, તેના લક્ષે પણ સાચું જ્ઞાન થતું નથી કેમ કે જ્ઞાનની હયાતી અધર્માસ્તિકાયની હયાતીમાં નથી. જ્ઞાન-સ્વભાવની હયાતીમાં જ જ્ઞાનની હયાતી છે.

કર્મ, ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય વગેરે પદાર્થો શ્રુતજ્ઞાનનો વિષય છે પણ તેના અવલંબને સમ્યક્શ્રુતજ્ઞાન થતું નથી. જ્ઞાનને અંતરમાં વાળે તો અંતરના આશ્રયે જ સમ્યક્શ્રુતજ્ઞાન થાય છે.

કાળદ્રવ્ય તે જ્ઞાન નથી, કાલાણુ અસંખ્યાત છે, તે અચેતન છે. તે કાળદ્રવ્ય આત્માના પરિણમનમાં નિમિત્ત છે પણ આત્માનું પરિણમન તેને આધીન નથી. સાધક કહે છે કે મારું જ્ઞાન કાળને લીધે નથી. સિદ્ધ ભગવાન પણ કાળને આધીન પરિણમે છે, એમ જે માને છે તેને તો પર્યાયની સ્વતંત્રતાનો પણ સ્વીકાર નથી. તો પર્યાય જેમાંથી આવે છે એવા દ્રવ્યની કબૂલાત તો ક્યાંથી હોય ? જ્ઞાની તો કહે છે કે મારું જ્ઞાન કાળથી અત્યંત ભિન્ન છે. મારા ચૈતન્યના આશ્રયે જ મારું જ્ઞાન છે.

આત્મા પોતે ચૈતન્યપ્રતિમા છે, તું પોતે અણઘડ (કોઈએ નહિ ઘડેલો) એવી શાશ્વત ચૈતન્ય પ્રતિમા છો; એવા આત્માના આશ્રયે જે જ્ઞાન થાય તેને જ અહીં જ્ઞાન ગણ્યું છે.

આકાશ તે જ્ઞાન નથી, અહો ! અનંત અનંત આકાશ છે, એમ આકાશના લક્ષે સમ્યગ્જ્ઞાન થતું નથી. પહેલાં શબ્દ વગેરે લીધા ને પછી ચાર અરૂપી દ્રવ્યો લીધાં, તે કોઈમાં આત્માનું જ્ઞાન નથી. તે કોઈમાં આત્માનું જ્ઞાન નથી તેમ જ આ આત્મા સિવાય બીજા આત્માના આશ્રયે પણ આ આત્માનું જ્ઞાન નથી. એ રીતે છએ દ્રવ્યોથી પાર એવો આ આત્મા છે. આત્મા સિવાયનાં છએ પરદ્રવ્યોના લક્ષે આ આત્મા જણાતો નથી, તે અપેક્ષાએ આ આત્મા સપ્તમ દ્રવ્ય થઈ જાય છે, એમ પણ કહેવાય છે.

છદ્મસ્થ જીવને મોક્ષના કારણરૂપ સમ્યક્ મતિશ્રુતજ્ઞાન ક્યારે થાય ? તે અહીં બતાવ્યું છે કે આત્માના ચૈતન્યસ્વભાવને અવલંબીને જે મતિશ્રુતજ્ઞાન થાય, તે જ મોક્ષનું કારણ થાય છે.

અધ્યવસાન એટલે પુણ્ય-પાપના વિકારીભાવો; તે પણ જ્ઞાન નથી તે અધ્યવસાન પણ અચેતન છે. તે આત્માના આશ્રયે થતાં નથી, પણ અચેતનના આશ્રયે જ થાય છે તેથી તે અચેતન છે. તે પુણ્ય-પાપના આશ્રયે ચૈતન્યની જાગૃતિ થતી નથી. વ્યવહારરત્નત્રયના શુભપરિણામના આશ્રયે જ્ઞાન ખીલતું નથી. સાધકદશામાં તે હોય ખરા પણ તેના અવલંબનને જ્ઞાન નથી. જ્ઞાનને આત્મા તરફ વાળીને સ્વજ્ઞેયમાં એકાગ્ર કરે તો તે જ્ઞાનમાં એકલી જ્ઞાન ક્રિયા થાય છે અને તે મુક્તિનું કારણ છે, પણ જ્ઞાનને પર તરફ વાળીને પર સાથે એકતા કરતાં તે જ્ઞાનમાં અનેક પ્રકારના વિકારી ભાવની ક્રિયા થાય છે. તે વિકારી ભાવને અહીં અચેતન કહ્યા છે. ચેતન તરફ વળેલું જ્ઞાન તે ચેતન છે અને પરના આશ્રયે થતાં અધ્યવસાન તે અચેતન છે, તે જ્ઞાન નથી. અહીં પહેલા તે અધ્યવસાનથી ભિન્નતા બતાવીને પછી સાધકને પર્યાયમાં થતા શુભાશુભ ભાવનું જ્ઞાન કરાવવા માટે તેને જીવ પણ કહેશે. અધ્યવસાનથી જ્ઞાનને ભિન્ન જાણીને, જ્ઞાનને આત્મામાં વાળીને સમ્યગ્જ્ઞાન પ્રગટ કરવું તે જ પહેલાં કરવાનું છે. એ સિવાય સમ્યગ્જ્ઞાન-દર્શન-ચારિત્ર કે મુક્તિ હોતી નથી. મુનિની ચારિત્રદશા ન હોય છતાં સમ્યગ્દર્શન-જ્ઞાન હો, પણ સમ્યગ્દર્શન-જ્ઞાન વગર તો ચારિત્ર હોતું જ નથી. ચારિત્રને મુક્તિનું ભાજન કહેવાય, પણ ચારિત્ર કાંઈ સમ્યગ્દર્શન-જ્ઞાનનું કારણ નથી. પરંતુ સમ્યગ્દર્શન-જ્ઞાન તે ચારિત્રનું કારણ છે. એ વાત માં કહે છે કેઃ–

શીલ અને તપથી પરિપૂર્ણ, ત્રણ ગુપ્તિ અને પાંચ સમિતિ પ્રત્યે સાવધાની ભરેલું, અહિંસાદિ પાંચ મહાવ્રતરૂપ વ્યવહારચારિત્ર અભવ્ય પણ કરે છે અર્થાત્ પાળે છે; તો પણ તે (અભવ્ય) નિશ્ચારિત્ર (ચારિત્રરહિત) અજ્ઞાની અને મિથ્યાદ્રષ્ટિ જ છે કારણ કે નિશ્ચયચારિત્રના કારણરૂપ જ્ઞાન-શ્રદ્ધાનથી શૂન્ય છે.

ચૈતન્યસ્વભાવનાં શ્રદ્ધા-જ્ઞાન પ્રગટ ન કરે અને વ્યવહારના શુભભાવના આશ્રયે લાભ માને તો તે અભવ્ય જેવો છે. કેમ કે વ્યવહાર વ્રતાદિનો આશ્રય તો અભવ્ય પણ કરે છે. અહીં તો કહે છે કે શુભ-અશુભભાવરૂપ જે અધ્યવસાન છે તે અચેતન છે, તે જ્ઞાન નથી. જ્ઞાનને અને અધ્યવસાનને અત્યંત ભિન્નતા છે. પર જીવનના લક્ષે પણ અધ્યવસાનની જ ઉત્પતિ થાય છે. માટે અધ્યવસાનથી જુદો કહેતાં પરજીવથી પણ જુદો છે, એ વાત આવી જાય છે.

આ રીતે જ્ઞાનનો સમસ્ત પરદ્રવ્યો સાથે વ્યતિરેક નિશ્ચયસાધિત દેખવો (અર્થાત નિશ્ચય વડે સિદ્ધ થયેલો સમજવો—અનુભવવો).

પોતાના સ્વભાવની સન્મુખ થતાં પરથી જુદો થઈ જાય છે. પરથી જુદો દેખાવો એનો અર્થ એમ છે કે ચૈતન્યસ્વભાવ સાથે એક્તા કરવી; એનું નામ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન છે. ***

**(માગશર સુદ ૮, ગુરુવાર, તા. ૬-૧૨-૫૧)**

જેને ધર્મ કરવો હોય તેણે ધર્મનો સંબંધ આત્મા સાથે છે કે ધર્મનો સંબંધ પર સાથે છે ? તેનો વિવેક કર્યા વિના ધર્મ થતો નથી. શરીર, કર્મ, વગેરે પરચીજ તો આત્માથી જુદી છે, તેમ જ રાગદ્વેષાદિ ભાવોથી પણ જ્ઞાનસ્વભાવ જુદો છે-એમ સમસ્ત પરદ્રવ્યોથી જ્ઞાનની ભિન્નતા નિશ્ચયસાધિત દેખવી.

હવે, જીવ જ એક જ્ઞાન છે, કારણ કે જીવ ચેતન છે. જીવ જ એક જ્ઞાન છે એટલે તે જીવના આશ્રયે જ ધર્મ થાય છે. જીવ જ જાગતી શક્તિવાળો છે માટે જીવને અને જ્ઞાનને એકતા છે. જીવ અને જ્ઞાનને ભિન્નતા નથી. જે જ્ઞાનમાં શરીર—રાગાદિ જણાય છે તે જ્ઞાન પણ જીવનું જ સ્વરૂપ છે. જ્ઞાનને અને જીવને જરાપણ જુદાઈ શંકનીય નથી. રાગાદિ તો પલટી જાય છે પણ જ્ઞાન પલટીને કદી જડ થઈ જાય તેમ બનતું નથી. પુણ્ય-પાપ થી આત્મા પૃથક્ છે ને જ્ઞાનથી તે અપૃથક્ છે. આવી જ્ઞાન અને આત્માની એકતાની પ્રતીતિ કરવી તેમાં સમ્યગ્દર્શન છે. જ્ઞાન અને પુણ્ય-

પાપ જુદાં છે, ને જ્ઞાન અને આત્માને એકતા-અભેદતા છે---એવી અંતર્મુખદ્રષ્ટિ કરવી, તેનું નામ સમ્યગ્દર્શન છે.

જ્ઞાનની પર્યાય પલટતી હોવા છતાં તે જ્ઞાનની એકતા સદ્રશરૂપ જ્ઞાન સ્વભાવ સાથે જ રહે છે. તેથી જ્ઞાનને અને જીવને જરાપણ જુદાઈ નથી. જ્ઞાન પર્યાય પલટતી હોવા છતાં તે જ્ઞાન જીવની સાથે અભેદતા ધરાવીને જ પલટે છે. અહીં અંતરની અભેદતા બતાવે છે. જ્ઞાન જ જીવનો પરમ સ્વભાવ છે, અને તે જ્ઞાન જીવમાંથી આવે છે, કાંઈ શરીર-મન-વાણીમાંથી કે રાગમાંથી જ્ઞાનની જાગૃતિ આવતી નથી માટે જ્ઞાન પરથી પૃથક્ છે ને જીવથી એકમેક છે.

પર ચીજો તો પલટો ખાય છે ને રાગદ્વેષાદિ ભાવો પણ ક્ષણે ક્ષણે પલટી જાય છે—તેમની સાથે તો જ્ઞાનની તદ્દન જુદાઈ છે. ને જ્ઞાનપર્યાય પલટે છે તે જ્ઞાનની એકતા જીવ સાથે છે, જીવથી તેને જરા પણ જુદાઈ નથી. જ્ઞાનપર્યાય પલટતી હોવા છતાં જીવના આશ્રયે પલટે છે તેથી તેનો વિકાસ થાય છે, તેથી તે અભેદ થયેલું જ્ઞાન તે જ આત્મા છે. જ્ઞાનને અને જીવને જરાપણ જુદાઈ ની શંકા કરવા જેવી નથી—એટલે જ્ઞાન અને જીવની અભેદતાની નિઃશંકપ્રતીતિ કરવા જેવી છે ને તે જ સમ્યગ્દર્શન છે.

રાગ-દ્વેષાદિભાવ ઓછા વધતા થાય છે. તે જીવનનું સ્વરૂપ નથી, તો પછી ઓછું–વધતું પરિણામનું જ્ઞાન તે જીવનું સ્વરૂપ કેમ કહ્યું ? એવી શંકા ન કરવી. પર્યાયમાં જ્ઞાન ઓછું—વધતું હોવા છતાં સદ્રશ જ્ઞાનસ્વભાવ સાથે જ તેની અભેદતા છે. માટે તે જ્ઞાન આત્મા જ છે, એમ પ્રતીતિ કરવી.

પરમ સ્વભાવી આત્મા અને પરમ સ્વભાવ જ્ઞાન—તેમની વચ્ચે જરાય ભેદ પાડવા જેવો નથી. રાગાદિથી ને પરથી તો જુદો જ જાણવા યોગ્ય છે, પણ જ્ઞાનપર્યાય અને આત્મા વચ્ચે જરાય જુદાઈ પાડવા જેવી નથી. જ્ઞાનને અને આત્માને એકતા છે—એમ પહેલાં અભેદ્રષ્ટિ કરાવે છે.

શબ્દને લીધે તને જ્ઞાન થાય છે એવી શંકા ન કર, કેમ કે શબ્દથી તારું જ્ઞાન અત્યંત જુદું છે. એ જ પ્રમાણે રૂપ-રસ-ગંધ-સ્પર્શ વગેરે કોઈ પણ પરચીજને જાણતાં, તે પરચીજ સાથે જ્ઞાનને કાંઈ સંબંધ હશે ! એવી શંકા ન કરવી. તે પર ચીજ સાથે જ્ઞાનને કાંઈ જ સંબંધ નથી. એ જ પ્રમાણે કર્મ, ધર્માસ્તિ-અધર્માસ્તિ, આકાશ, કાળ વગેરે કોઈ પણ પરદ્રવ્યને અને જ્ઞાનને જરા પણ સંબંધ નથી. અંદર પુણ્ય-પાપના વિકલ્પ ઊઠે તેવું જ તેનું જ્ઞાન થાય છે, તો શું પુણ્ય-પાપને અને જ્ઞાનને કાંઈ સંબંધ હશે ? - તો કહે છે કે ના. તેનાથી જ્ઞાન તદ્દન જુદું છે.

એ રીતે જ્ઞાન બધાંય પરદ્રવ્યોથી અત્યંત ભિન્ન છે. અને તે જ્ઞાનને આત્મા સાથે એકતા છે. પર્યાયનું ઓછા—વધતાપણું થવા છતાં જ્ઞાનની સદ્રશતા રહે છે. તે જ્ઞાનને અને આત્માને એકતા છે. આત્માના સદ્રશ જ્ઞાનસ્વભાવ સાથે એકતા થઈને જે જ્ઞાનપર્યાય પ્રગટી તે જ્ઞાન આત્માનું છે. જેમ પરથી પૃથકતા છે, તેમ આત્માથી જ્ઞાનની પૃથકતાની શંકા ન કરવી. નિઃશંકપણે જ્ઞાન અને આત્માની એકતા કરવી તે ધર્મ છે. ભિન્નતાની જરાય શંકા કરવા જેવી નથી. એમ કહીને અહીં જ્ઞાનને અંતર્મુખ કરીને અભેદ આત્માની દ્રષ્ટિ કરવાનું કહ્યું છે. જ્ઞાનને અંતર્મુખ કરીને તે જ્ઞાનથી તું આત્માને પકડ, જ્ઞાનની એકતા જીવની સાથે છે. જ્ઞાન ઘટતું—વધતું હોવા છતાં તેમાંથી જ્ઞાનની સદ્રશતા ખસતી નથી. તેથી જ્ઞાનને અને જીવને જરાય ભિન્નતા નથી. જીવ પોતે જ જ્ઞાન છે. આ પ્રમાણે જ્ઞાન જીવથી અભિન્ન છે—એમ અભેદતા બતાવીને હવે પર્યાયનું જ્ઞાન કરાવે છે.

જીવ જ જ્ઞાન છે. આ પ્રમાણે જ્ઞાન જીવથી અભિન્ન હોવાથી જ્ઞાન જ સમ્યગ્દષ્ટિ છે. જ્ઞાનગુણ અને શ્રદ્ધાગુણ તો જુદો છે, પણ જ્ઞાનથી જે આત્માને પકડયો તે આત્મા જ જ્ઞાન છે અને તેથી જ્ઞાન જ સમ્યગ્દર્શન છે. આત્મા સમ્યગ્દર્શનપણે પરિણમ્યો, ત્યાં કાંઈ તે સમ્યગ્દર્શન બહારથી નથી પ્રગટ્યું, પણ આત્માની જ તે પર્યાય છે. જ્ઞાન અને જીવની અભેદતા વિના સ્મ્યગ્દર્શન થતું નથી. માટે જ્ઞાન તે જ સમ્યગ્દર્શન છે. જ્ઞાનની કાયમતા તે જીવને સૂચવે છે. જ્ઞાન અને આત્મા અભેદ થઈને પરિણમ્યા તેનાથી સમ્યગ્દર્શન જુદું નથી માટે જ્ઞાન જ સ્મયગ્દષ્ટિ છે.

તારે જીવને નક્કી કરવો છે ને ? તો જીવ કંઈ રીતે હાથ આવે ? કોઈ શબ્દ-રૂપ-રસ વગેરે પરચીજ તે જ્ઞાન નથી તેથી તેનાથી તો જીવ પકડાય તેવો નથી. જીવ તો જ્ઞાન છે. જ્ઞાનને અને જીવને એકતા છે માટે જ્ઞાનને આત્મામાં વાળીને અભેદ કરતાં જીવ પકડાય છે. જિજ્ઞાસુઓને દેવ-ગુરુ-શાસ્ત્ર પ્રત્યે પ્રમોદ આવ્યા વિના રહે નહિ, અહો ! આ કાળે સર્વજ્ઞ ભગવાનનો અહીં વિરહ ! સંતો—મુનિઓનો પણ વિરહ ! —એમ વિકલ્પ આવે, પણ ત્યાં તે શુભ વિકલ્પના આશ્રયે જ્ઞાન નથી. જ્ઞાન તો દેવ-ગુરુ-શાસ્ત્રથી તેમ જ તેમની તરફના વિકલ્પથી પણ જુદું જ છે. આત્માના આશ્રયે જ્ઞાન છે. એ રીતે જ્ઞાન આત્મા સાથે અભેદ થયું, ત્યાં જ્ઞાન તે જ સમ્યગ્દષ્ટિ છે.

અને તે જ્ઞાન જ સંયમ છે. સંયમ ક્યાંય શરીરાદિ પરદ્રવ્યમાં રહેતો નથી, પુણ્ય-પાપની વૃતિમાં પણ રહેતો નથી. પણ જ્ઞાનની અંતરમાં

અભેદતા થઈ તે જ્ઞાન જ સંયમ છે. તે જ્ઞાન અને સંયમ જુદા નથી. જ્ઞાનથી જુદો નથી-એમ અભેદને લક્ષમાં લઈને જ્ઞાન જામી ગયું તે જ સંયમ છે.

આત્મા રાગથી તો જુદો છે તેથી રાગમાં સંયમ નથી. પણ જ્ઞાનથી આત્મા અભિન્ન છે એમ નક્કી કરીને અંતરમાં ઠરેલું જ્ઞાન તે જ સંયમ છે, સદ્રશજ્ઞાનસ્વભાવી આત્મામાં વિશેષ પ્રકારે લીનતા તે સંયમ છે તેનાથી જુદો કોઈ સંયમ નથી.

જ્ઞાન જ અંગપૂર્વગત સૂત્રો છે. કોઈ એમ પૂછે કે અત્યારે કેટલું જ્ઞાન વિધમાન છે. ? તો કહે છે કે અભેદ આત્માને લક્ષમાં લઈને જે જ્ઞાન ખીલ્યું તેટલુ જ્ઞાન વિધમાન છે. શાસ્ત્રના પાનામાં કાંઈ જ્ઞાન નથી. પણ આત્મામાં જ છે. તે આત્માના આશ્રયે જ્ઞાનનો જેટલો ક્ષયોપશમ અત્યારે હોય તેટલું જ્ઞાન વિદ્યમાન છે. અક્ષરો પડ્યા હોય પણ જો તેનો આશય જાણનારૂં જ્ઞાન નહિ હોય તો તેને જાણનારો કોણ ? ચૈતન્ય સ્વભાવવાન જીવના આશ્રયે જે જ્ઞાનનો વિકાસ થયો તે જ્ઞાન જ અંગપૂર્વરૂપ સૂત્ર છે.

ધવલમાં કહે છે કે વેદ અપૌરુષેય ન હોઈ શકે-કેમકે વેદ—શાસ્ત્રો હોય પણ જો તેનો અર્થ કરનાર પુરુષ ન હોય તો વેદના અર્થને જાણશે કોણ ? અર્થ જાણનાર ભાવશ્રુતજ્ઞાન છે, તે જ્ઞાન જ અંગ અને પૂર્વ છે. ચૈતન્યસ્વભાવમાં એકતા થઈને પરિણમેલું જ્ઞાન તે જ અંગ અને પૂર્વ છે. જ્ઞાન જ્ઞાનીમાં કળો. જ્ઞાની એવો જે આત્મા તેના આશ્રયે ખીલેલું જ્ઞાન તે જ ખરું જ્ઞાન છે.

વાસ્તવિક સત્ય શું છે, તેનું શ્રવણ અને ખ્યાલ પણ ન કરે, તો જીવ જ્ઞાનમાં તેનું રટણ ક્યાંથી કરે ? જેનો ખ્યાલ આવે તેનું રટણ કરેને ? પહેલાં એમ નક્કી કરવું જોઈએ કે મારું જ્ઞાન ક્યાંય બહારના આશ્રયથી આવતું નથી. બહારના પદાર્થોથી મારું જ્ઞાન તદ્દન જુદું છે, ને આત્મા સાથે એકમેક છે-એમ નક્કી કરે તો તેનું રટણ કરીને આત્મા સાથે અભેદ થઈને જ્ઞાન પરિણમે, તેનું નામ ધર્મ છે. તે જ સમ્યગ્દર્શન છે, તે જ સંયમ છે, ને તે જ અંગપૂર્વરૂપ સૂત્ર છે, ચારે અનુયોગનો આશય તો જ્ઞાનની પર્યાયમાં સમાય છે. અંતરમાં વળીને અભેદ થયું તે જ્ઞાનમાં ચારે અનુયોગનો સાર આવી ગયો.

ભરતક્ષેત્રમાં જ્ઞાન કેટલું?—કે ભરતક્ષેત્રમાં જ સમ્યગ્દષ્ટિ જીવને સ્વભાવના આશ્રયે ઉત્કૃષ્ટ ક્ષયોપશમ હોય. તેને જેટલું જ્ઞાન હોય તેટલું જ્ઞાન વિદ્યમાન છે. અભવ્યને અગિયાર અંગનું જ્ઞાન છે, તે જ્ઞાનને તો અહીં જ્ઞાન જ ગણ્યું નથી, કેમ કે તે જ્ઞાનની આત્મા સાથે એકતા નથી. અહીં તો આત્માના આશ્રયે ઊઘડેલું જ્ઞાન તે જ જ્ઞાન છે. નિમિત્ત તરફનું વલણ

છૂટીને સ્વભાવના આશ્રયે જે જ્ઞાન ખીલ્યું તે  જ્ઞાન છે. તેમાં ભલે અંગપૂર્વનાં શાસ્ત્રોનું જ્ઞાન ન હોય, અલ્પ જ જ્ઞાન હોય, તો તેટલું જ્ઞાન વિદ્યમાન છે. અત્યારે એક અંગનું પણ પુરું જ્ઞાન વિદ્યમાન નથી. અલ્પ અંશ પરંપરાથી ચાલ્યો આવે છે. પણ તે જ્ઞાન શાસ્ત્રમાં નથી, જ્ઞાનને અને આત્માને જરાય જુદાઈ નથી—એમ અભેદતારૂપ પરિણમેલું જ્ઞાન તે જ જ્ઞાન છે. સ્વભાવના આશ્રયે અનારોપી જ્ઞાન પ્રગટ્યુ તેમાં જ અંગ-પૂર્વનો આરોપ આવે છે. વાણીનો આશય સમજનાર જાગ્યો ત્યારે ઉપચારથી વાણીને અંગપૂર્વ કહેવાય. માટે ખરેખર તો જ્ઞાન જ અંગપૂર્વરૂપ સૂત્ર છે. શાસ્ત્રની રચનાના શબ્દોમાં કાંઈ અંગપૂર્વનું જ્ઞાન નથી. સ્વભાવમાં એકતાપણે પરિણમેલાં જ્ઞાન પર્યાયને જ જ્ઞાન કહેવાય છે, એટલે જિનસૂત્રના જ્ઞાયક પુરુષોમાં જ જ્ઞાન છે.

એ રીતે જ્ઞાન જ સમ્યગ્દ્રષ્ટિ, જ્ઞાન જ સંયમ અને જ્ઞાન જ અંગપૂર્વરૂપ સુત્રજ્ઞાન છે. એમ ત્રણ વાત કરી. આ વાત સાધકની છે. સાધકને પુણ્ય-પાપના પરિણામ થાય છે, તે હવે બતાવે છે.

જ્ઞાન જ ધર્મ-અધર્મ છે. અહીં ધર્મ-અધર્મ એટલે પુણ્ય-પાપ સમજવું. પુણ્ય-પાપ થાય છે તેમાં પણ જ્ઞાનનું જ તેટલું પરિણમન અટક્યુ છે. તે પણ તારું જ પરિણમન છે. પહેલાં તેને જ્ઞાનથી ભિન્ન બતાવ્યા અને પછી સાધકદશામાં રાગ રહી ગયો તેનું જ્ઞાન કરાવ્યું છે. અહીં ધર્માસ્તિ ને અધર્માસ્તિ તે જ્ઞાનમાં સમાઈ જાય છે-એમ નથી કહેવું, તે તો જુદી ચીજ છે. અહીં તો સાધકદશામાં, પુણ્ય-પાપના પરિણામ થાય છે, તે જ્ઞાનનું જ હીણું પરિણમન છે, એમ બતાવે છે. કોઈ પરના કારણે તે પુણ્ય-પાપ થતા નથી. પહેલાં ભેદજ્ઞાન કરાવવા તેને જુદા કહ્યાં ને અહીં સાધકદશા બતાવવા તેને આત્માનાં કહ્યાં છે—એમ સમજવું.

***

# <u>પ્રસાદ નં—૪૬</u>

## <u>સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર</u>

## <u>શ્રી સમયસાર : ગાથા ૩૯૦—૪૦૪</u>

**(માગશર સુદ ૯, શુક્રવાર, તા. ૭-૧૨-૫૧)**

જીવનો જ્ઞાન સ્વભાવ છે, તે શરીરાદિક કે દેવ-ગુરુ-શાસ્ત્ર વગેરે પર-પદાર્થોથી, કર્મોથી, તેમજ આકાશ વગેરે પદાર્થોથી જુદો છે, ને રાગાદિથી પણ ભિન્ન છે, ને જ્ઞાન સાથે એકમેક છે. જ્ઞાનની અને આત્માની ભિન્નતા છે, એની શંકા ન કરવી. તારો જ્ઞાન સ્વભાવ છે તેની સાથે જે જ્ઞાનની એકતા કરે તે જ ધર્મ છે. એ રીતે **<u>આત્માને સંયોગથી ભિન્નતા અને ચૈતન્ય સ્વભાવથી એકતા</u>** જે બતાવે તે જ દેવ-ગુરુ-શાસ્ત્ર સાચા છે. સંયોગ અને સંયોગી ભાવો તેનાથી આત્માનો સ્વભાવ જુદો છે. શાસ્ત્રકારો તો સ્વભાવ બતાવવા માંગે છે અને સંયોગોનો અભાવ બતાવવા માંગે છે. એટલે સ્વભાવમાં એકતા કરવાનું કહે છે ને પરથી ભિન્નતા કરવાનું કહે છે.

તારો ત્રિકાળી સ્વભાવ છે, સંયોગી ચીજો છે અને સંયોગી ભાવો પણ છે. એ ત્રણેનું અસ્તિત્વ જે ન બતાવે તે દેવ-ગુરુ-શાસ્ત્ર સાચા નથી. ઈશ્વર કર્તા છે એમ કહે તો તેને આત્માની સ્વતંત્રતા ન રહી. સ્વભાવ, વિકાર અને સંયોગ ત્રણેનું અસ્તિત્વ બતાવીને, સંયોગ તેમજ સંયોગી ભાવોથી આત્માની ભિન્નતા બતાવે અને સ્વભાવ સાથે એકતા બતાવે તો સાચા દેવ-ગુરુ-શાસ્ત્ર છે. અને એવું જે માને તેણે જ ખરેખર દેવ-ગુરુ-શાસ્ત્રને માન્યા કહેવાય. આત્મા જ્ઞાન સ્વભાવી વસ્તુ છે. તેમાં જ્ઞાનની એકતા થતાં જે સમ્યગ્દર્શન પર્યાય પ્રગટી તે જીવની જ પર્યાય છે. જ્ઞાન સ્વભાવી વસ્તુમાં એકાગ્ર થવું તેનું નામ જ સમ્યગ્દર્શન છે. વળી તે જ્ઞાન સ્વભાવમાં જ્ઞાનની એકાગ્રતા થઈ, તે જ્ઞાન જ સંયમ છે, અને તે જ્ઞાન જ અંગ—પૂર્વ સૂત્ર છે. સ્વભાવ અને સ્વભાવની એકતા જે જ્ઞાનમાં થઈ, તે જ્ઞાન જ સૂત્ર છે.

અહીં સાધકની વાત છે. સાધકને પુણ્ય-પાપના જે ભાવો થાય છે, તે જીવના અસ્તિત્વમાં થાય છે માટે તેને પણ જીવની પર્યાય ગણી છે. સ્વભાવદ્રષ્ટિમાં તો વિકારનો અભાવ કહ્યો હતો અને અહીં સાધકને જીવ-દ્રવ્ય દ્રષ્ટિમાં આવ્યું તો તે પર્યાયના રાગ-દ્વેષને જાણે છે કે આ પણ મારા જ્ઞાનનું જ પરિણમન છે. સમ્યગ્દ્રષ્ટિને રાગ-દ્વેષની ભાવના ન હોવા છતાં પુણ્ય-પાપ થાય છે માટે તે ચારિત્ર મોહ કર્મની બળજોરી છે-એમ કહે તે તો સ્વભાવદ્રષ્ટિનો મહિમા બતાવવા નિમિત્તથી કથન કર્યું છે. ધર્મી જીવ સ્વભાવદ્રષ્ટિની અપેક્ષાએ રાગનો કર્તા થતો નથી, તેથી તેને કર્મની

બળજોરીથી રાગ-દ્વેષ થવાનું કહ્યું છે. અને અહીં તે પર્યાયનું જ્ઞાન કરાવવા કહે છે કે આ પર્યાય પણ જીવનું જ પરિણમન છે. માટે જ્ઞાન જ પુણ્ય-પાપ છે; જ્ઞાનનું જ હીણું પરિણમન છે. પહેલા તો પુણ્ય-પાપથી પણ ભિન્નતા બતાવીને સ્વભાવદ્રષ્ટિ કરાવી, પછી વિકારનું જ્ઞાન કરાવ્યુ છે. આ બધી જીવની પર્યાયો છે, તે પર્યાયો સાથે જ્ઞાનની એકતા છે, એમ બતાવે છે, પહેલાં જીવ સ્વભાવ સાથે જ્ઞાનની એકતા બતાવ્યા પછી જીવની આ પર્યાયો સાથે પણ જ્ઞાનની એકતા બતાવે છે.

જ્ઞાન જ પ્રવર્જ્યા છે, પ્રવર્જ્યા એટલે શું ? બહારમાં નગ્નદશા તે કાંઈ પ્રવર્જ્યા નથી. પ્રવર્જ્યા તો નિશ્ચય ચારિત્ર છે, એટલે જ્ઞાન અંતરમાં એકાગ્ર થઈને ઠર્યું, તે જ પ્રવર્જ્યા છે.

જ્ઞાન અંતરમાં એકાગ્ર થઈને પરિણમ્યું, તે જ સમ્યગ્દર્શન છે, તે જ સંયમ છે, તે જ અંગપૂર્વ છે, તે જ પ્રવર્જ્યા છે અને પરિણમન અટક્યું તે પુણ્ય-પાપ છે. એ રીતે પાંચ બોલ બતાવ્યા તે પાંચે જીવ પર્યાયોની સાથે જ્ઞાનની એકતા છે. જ્ઞાનને આત્મા સાથે એકતા છે ને, તેના પર્યાયો સાથે પણ એકતા છે ને, સંયોગોથી ભિન્નતા છે.

સવારે એકત્વ ભાવનાની વાત કરી હતી કે,

નિયમસાર ગાથા—૧૦૨.

**મારો સુશાશ્વત એક દર્શન જ્ઞાન લક્ષણ જીવ છે ;**
**બાકી બધા સંયોગ લક્ષણ ભાવ મુજથી બાહ્ય છે. ૧૦૨.**

**અન્વયાર્થ:—**જ્ઞાન દર્શન લક્ષણ વાળો શાશ્વત એક આત્મા મારો છે; બાકીના બધા સંયોગ લક્ષણવાળા ભાવો મારાથી બાહ્ય છે.

જ્ઞાન અને આત્માની એકતા છે, તે જ હું છું. સર્વે બહારના સંયોગો મારાથી ભિન્ન છે, તે હું નથી. મારો જ્ઞાન સ્વભાવ છે, તેમાં એકતાપણે પરિણમતા જે પર્યાય પ્રગટી તેની સાથે પણ જ્ઞાનની એકતા છે, અને હજી અંશે જે વિભાવ પરિણામ છે, તેનાથી પણ આત્મા અભિન્ન છે કેમ કે તે પણ પોતાની પર્યાયમાં થાય છે.

પહેલાં સ્વભાવની દ્રષ્ટિ કરાવીને અહીં પર્યાયનું જ્ઞાન કરાવ્યું છે. પહેલા પુણ્ય-પાપ તે અચેતન છે ને જ્ઞાન તેનાથી ભિન્ન છે, એમ કહ્યું હતું. ત્યાં સ્વભાવ દ્રષ્ટિ કરાવવા માટે કહ્યું હતુ અને અહીં સાધક પર્યાયનું જ્ઞાન કરાવવા કહ્યું કે પુણ્ય-પાપ તે જીવની પર્યાયો છે, ને તેની સાથે જ્ઞાનની એકતા છે.

જે દેવ-ગુરુ-શાસ્ત્ર તારા અંતર સ્વભાવમાં એકતા કરવાનું બતાવે, અને સંયોગના આશ્રયે કલ્યાણ ન બતાવે તે જ દેવ-ગુરુ-શાસ્ત્ર સાચાં છે.

અને તું તારા સ્વભાવમાં એકતા કર અને સંયોગથી ભિન્નતા જાણ ત્યારે તે દેવ-ગુરુ-શાસ્ત્રને ખરેખર માન્યા કહેવાય.

પહેલાં તો જ્ઞાનને પરથી અત્યંત ભિન્ન બતાવ્યું, ને પછી જીવ સ્વભાવ સાથે તથા તેના પર્યાયો સાથે જ્ઞાનની એકતા બતાવી.

હવે એ પ્રમાણે સર્વ દ્રવ્યોથી જ્ઞાનને ભિન્નતા છે એટલે જ્ઞાન ક્યાંય પરદ્રવ્યોમાં વ્યાપતું નથી, તેથી જ્ઞાન અતિ-વ્યાપ્તિ દોષ રહિત છે. જે જીવ પરના આશ્રયે પોતાનું જ્ઞાન માને તે જીવનું જ્ઞાન અતિ-વ્યાપ્તિ દોષથી સહિત છે. જ્ઞાનની સર્વે પરથી જુદાઈ જાણી તેનું નામ અતિ-વ્યાપ્તિ દોષ રહિત થયું, અને આત્માના સ્વભાવ સાથે તેમજ તેના સમસ્ત પર્યાયો સાથે જ્ઞાનની એકતા છે, તેથી તે અવ્યાપ્તિદોષથી રહિત છે.

આત્મા પરથી રહિત હોવા છતાં, તેને પરથી સહિત માનવો તે અતિવ્યાપ્તિ દોષ છે. પોતાના સ્વરૂપથી આગળ જઈને, પર ચીજમાં પણ પોતાપણુ માનવું તેનું નામ અતિ-વ્યાપ્તિ છે.

મારા જ્ઞાનને પર સાથે કાંઈ સંબંધ નથી, અને મારા સ્વભાવથી જરાય ભિન્નતા નથી-એ રીતે અતિ-વ્યાપ્તિ અને અવ્યાપ્તિ બંન્નેને દૂર કરીને શુદ્ધ જ્ઞાનને એકને આત્મામાં અવ્યસ્થિત દેખવું:–આનું નામ ભેદવિજ્ઞાન છે.

આત્માનું અસ્તિત્વ કર્મથી ભિન્ન છે. છતા તેને કર્મવાળો માનવો તે અતિ-વ્યાપ્તિ છે. શબ્દ, રસ, વર્ણ, ગંધ, સ્પર્શ, કર્મ, ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ, કાળ, અન્ય જીવો તેમજ પુણ્ય-પાપ એ બધાયથી જ્ઞાનનું અસ્તિત્વ ભિન્ન છે. એ બધાથી જુદો ન માનતાં કાંઈ પરની ક્રિયા મારાથી થાય એમ માનનાર ચૈતન્ય ને પરના સંબંધવાળો માને છે, એટલે તેને અતિ-વ્યાપ્તિ નામનો દોષ આવે છે. સમસ્ત પરથી હું ભિન્ન છું, એમ સમજતા અતિ-વ્યાપ્તિ દોષ ટળી જાય છે.

જ્ઞાન પોતાના આત્માના આશ્રયે ન માનતાં, નિમિત્ત આવે તો જ્ઞાન થાય, એમ જે માને તે જીવને અવ્યાપ્તિ દોષ છે, કેમ કે જ્ઞાનને પોતાના સમસ્ત પર્યાયોમાં વ્યાપતું તેણે ન માન્યું.

આ અતિવ્યાપ્તિ તેમજ અવ્યાપ્તિ અને બન્ને દોષો મિથ્યાજ્ઞાનમાં છે. સ્વભાવમાં એકતા અને પરથી ભિન્નતા કરનારું જ્ઞાન તે બન્ને દોષોથી રહિત છે. જેમ મકાનની દિશા લખે ત્યાં ચારે બાજુના મકાન લખે, પણ તેનાથી પોતાની હદ જુદી જાણે છે. પારકી હદને પોતાની માનતો નથી, તેમજ પોતાની હદને પરમાં માનતો નથી તેમ ચૈતન્યની હદ કેટલી ? કે બધાય પરદ્રવ્યના ચતુષ્ટયથી તે અત્યંત જુદો છે, ને પોતાના સ્વભાવની હદથી

જરાય જુદો નથી. આમ ન માનતાં, પારકી હદને જે પોતાની માને તે જીવ ચોરાશીની જેલમાં રખડે છે.

હું પરનું કરું એમ માને તે અતિ-વ્યાપ્તિ છે,

મારું પર કરે એમ માને તે અવ્યાપ્તિ છે.

ધર્મી જીવો જ્ઞાનને જ સંયમ—દીક્ષા, સમ્યક્ત્વ, વગેરે માને છે. પરદ્રવ્યોથી હું જુદો ને દ્રષ્ટિ અપેક્ષાએ તો પુણ્ય-પાપથી પણ હું જદો છું. તે કોઈમાં હું વ્યાપતો નથી, એટલે અતિવ્યાપ્તિ નથી, અને મારા સમ્યગ્દર્શન—સંયમ વગેરે પર્યાયોમાં હું જ વ્યાપું છું. મારા પર્યાય પરને લીધે થતા નથી, એટલે અવ્યાપ્તિ નથી. આમ પરથી ભિન્ન ને સ્વથી એકતા વડે શુદ્ધ જ્ઞાનમાંથી અતિવ્યાપ્તિ ને અવ્યાપ્તિ દોષો ટળી જાય છે.

પરથી ભિન્નતા છે, માટે અતિ-વ્યાપ્તિ નથી, ને સ્વથી એકતા છે માટે અવ્યાપ્તિ નથી,–આ રીતે ઓળખીને પોતાના સ્વભાવને જેવો છે તેવો જાણે તો જ્ઞાનમાંથી દોષ ટળી જાય એટલે કે સમ્યક્જ્ઞાન થાય. પરને લઈને મારા જ્ઞાન દર્શન ખીલે એમ જે માને છે તે પોતાની મૂડીને પૂરી માનતો નથી, એટલે તેને અવ્યાપ્તિ નામનો દોષ છે. અવ્યાપ્તિ એટલે હોય તેના કરતાં ઓછું માનું તે દોષ છે. અને અતિવ્યાપ્તિ એટલે હોય તેના કરતા વધારે માનવું તે દોષ છે, આત્મા પરથી જુદો હોવા છતાં, પરનું કરે એમ જે માને છે તેને અતિવ્યાપ્તિ છે, ઓછું –અધિક કે વિપરીત માને છે તે મિથ્યાજ્ઞાન છે. અહીં ઓછું અને અધિક એ બે દોષની વાત લીધી છે અને આત્માને તદ્દન જડ માને તો તે વિપરીતતા છે. એટલે તેમાં અસંભવ દોષ છે. મારું જ્ઞાન કર્મ ને લીધે થાય, અથવા તો કર્મને લીધે મને રાગ-દ્વેષ થાય એમ માને તો તેણે પોતાની પર્યાયમાં આત્માની વ્યાપ્તિ ન માની પણ પરની વ્યાપ્તિ માની, તેથી તેને અવ્યાપ્તિ નામનો દોષ છે, એટલે કે તેનું જ્ઞાન મિથ્યા છે. હું શરીરને સાચવી શકું—એમ માને તો તે અતિવ્યાપ્તિ નામનો દોષ છે, પરની પર્યાયમાં પોતે વ્યાપતો નથી છતાં તેનું હું કરું એમ માને છે તેથી તેને અતિવ્યાપ્તિદોષ છે, અહીં જ્ઞાનની સ્વભાવ સાથે એકતાને પરથી ભિન્નતા જાણીને શુદ્ધજ્ઞાન તે બન્ને દોષોને દૂર કરે છે. એટલે કે પોતાના શુદ્ધ સ્વભાવમાં અવસ્થિત રહે છે, આવું ભેદજ્ઞાન તે ધર્મ છે.

જુઓ ! જગતમાં લોકો પોતાના ખેતરની હદ માટે પણ પ્રાણ જતા કરે છે તો અહીં ચૈતન્યની હદની વાત છે. પોતાની હદને જેટલી છે તેટલી માનીને, એટલે કે સ્વભાવથી એકતા કરીને અને પરથી ભિન્નતા કરીને અતિવ્યાપ્તિ તેમજ અવ્યાપ્તિ દોષોને દૂર કરીને સમ્યગ્જ્ઞાન થાય છે. પહેલા સમ્યક્જ્ઞાન થવાની વાત કરી છે ને પછી ચારિત્રની વાત કરી છે.

સમ્યગ્દર્શન તે ચારિત્રનું મૂળિયું છે. તે સમ્યગ્દર્શન પ્રગટ્યું ત્યાં પછી ચારિત્ર પ્રગટે જ છે.

અનાદિ મિથ્યાદર્શન તે પુણ્ય-પાપનું મૂળિયું છે, તે મૂળનો નાશ થતાં જે સમ્યગ્જ્ઞાન પ્રગટ્યું તે પુણ્ય-પાપના નાશનું મૂળિયુ છે. સ્વભાવમાં પુણ્ય-પાપ નથી એમ નક્કી કરીને જ્ઞાન સ્વસમયમાં ઠરે છે, તે જ્ઞાન જ પ્રવર્જ્યારૂપ છે.

***

**(માગશર સુદ ૧૦, શનિવાર, તા. ૮-૧૨-૫૧).**

આ સર્વ વિશુદ્ધજ્ઞાન અધિકાર છે. કેવું જ્ઞાન મોક્ષનું કારણ થાય ? એટલે કે જ્ઞાનને ક્યાં એકતારૂપ કરવું ને કોનાથી પૃથક્ કરવું ? તે અહીં સમજાવે છે.

આત્મા જ્ઞાન સ્વભાવી વસ્તુ છે. તેનું જ્ઞાન સર્વે પરદ્રવ્યોથી અત્યંત ભિન્ન છે ને પોતાના દર્શનાદિસ્વભાવોથી અભેદ છે. તે જ્ઞાન પોતાના સ્વભાવથી આગળ વધીને પરને પોતાનું માનતું નથી ને પોતાના સ્વભાવને પરનો આશ્રય માનતું નથી. આવું શુદ્ધ જ્ઞાન છે. તે જ્ઞાન અનાદિ વિભ્રમ જેનું મૂળ છે એવા પુણ્ય-પાપરૂપ પરસમયને દૂર કરીને પ્રગટ થાય છે. પરથી પૃથકને સ્વભાવથી એકમેક એવું શુદ્ધ જ્ઞાન પ્રગટે પછી જ મુનિદશા રૂપ પ્રવર્જ્યા હોય છે.

આત્માનું જ્ઞાન પોતાના સિવાય કોઈપણ પરવસ્તુના ગુણ પર્યાયમાં વ્યાપતું નથી; પોતે વિસ્તાર પામીને પરમાં ફેલાતું નથી. તેમજ પોતાના ગુણ-પર્યાયના વિસ્તારને માટે પરની મદદથી જરૂર માનતું નથી,-એ રીતે જ્ઞાન પોતે અતિવ્યાપ્તિ તેમજ અવ્યાપ્તિ દોષથી રહિત છે. તેથી તે શુદ્ધ જ્ઞાન છે. એવું શુદ્ધજ્ઞાન પુણ્ય-પાપરૂપ પરસમયને દૂર કરીને પોતે જ પ્રવર્જ્યા રૂપને પામે છે. સ્વભાવ તરફ વળીને એક થયેલું જ્ઞાન અતિવ્યાપ્તિ અને અવ્યાપ્તિ દોષ રહિત છે. તે જ્ઞાન અનાદિ વિભ્રમને છેદીને, પુણ્ય-પાપને પણ દૂર કરીને સ્વરૂપમાં લીન થતા પ્રવર્જ્યારૂપને પામે છે. પુણ્ય-પાપનું મૂળ તો અનાદિ વિભ્રમ છે; તે અનાદિ વિભ્રમ છેદાયા તેને પુણ્ય-પાપ છેદાયા વિના રહેતા નથી. સ્વભાવના આશ્રયે મિથ્યાત્વ ટળ્યા પછી અસ્થિરતાનાં પુણ્ય-પાપ રહે છે પણ તેને સ્વભાવદ્રષ્ટિનો આધાર નથી, તેથી સ્વભાવ સ્થિરતાના જોરે તે પુણ્ય-પાપ તૂટ્યા વિના રહેતાં નથી. પુણ્ય-પાપનું મૂળિયું તો મિથ્યાત્વ હતું, તે મિથ્યાત્વ છેદાયા પછી પુણ્ય-પાપનો અભાવ અલ્પકાળમાં થયા વિના રહેતો નથી. જેમ મિથ્યાત્વ તે પુણ્ય-પાપનું મૂળ છે, તેમ સમ્યક્ત્વ તે પુણ્ય-પાપનો અભાવ

થઈને ચારિત્રનું મૂળિયું છે. તેથી જ્યાં ચારિત્રનું મૂળ પ્રગટ્યું ત્યાં ચારિત્રદશા પ્રગટ્યા વિના રહે નહીં. સ્વભાવ તરફ વળીને જે સમ્યગ્જ્ઞાન પ્રગટ્યુ તે જ્ઞાન પુણ્ય-પાપરૂપ પરસમયને દૂર કરીને પોતે જ ચારિત્રદશા થાય છે. જ્ઞાનની સ્વસમયમાં સ્થિરતા થવી તે જ પ્રવર્જ્યા છે.

જે જ્ઞાનમાં નિ:શંક, નિર્ભય, મૂંઝવણ રહિતપણે પોતાનો જ્ઞાયક આત્મા ભાસ્યો તે જ્ઞાન પોતે જ સ્વરૂપમાં ઠરતાં ચારિત્રપણે પરિણમે છે. ચારિત્ર પર્યાય ક્યાંય બહારના આશ્રયે થતી નથી. જ્ઞાન પોતે પુણ્ય-પાપરૂપ પરસમયને દૂર કરીને અને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રમાં સ્થિતિરૂપ સ્વસમયને પ્રાપ્ત કરે છે. એ રીતે મોક્ષમાર્ગને પોતામાં જ પરિણત કરીને જેણે સંપૂર્ણ ચૈતન્ય ઘન આત્માને પ્રાપ્ત કર્યો છે એવા શુદ્ધ જ્ઞાનને એકને દેખવું.

જેમ શિયાળામાં ઘી જામીને એવું ઘન થઈ જાય છે કે આંગળીથી ઉખડે નહિ, તેમ આત્મામાં ઠરીને જેણે સંપૂર્ણ વિજ્ઞાન ઘન સ્વભાવને પ્રાપ્ત કર્યો છે અને જે ત્યાગ ગ્રહણ રહિત સાક્ષાત્ સમયસાર ભૂત છે એવું પરમાર્થરૂપ શુદ્ધ જ્ઞાન એક અવ્યવસ્થિત દેખવું, અર્થાત્ સ્વસંવેદનથી એવા જ્ઞાનને અનુભવવું. પરથી ભિન્ન અને સ્વભાવમાં એકમેક થઈને જે જ્ઞાન પરિણમ્યું તે જ મોક્ષમાર્ગ છે, તેથી તેવા જ્ઞાનને સ્વસંવેદનથી અનુભવવાનો અહીં ઉપદેશ છે.

**ભાવાર્થ:–**અહીં જ્ઞાનને સર્વ પરદ્રવ્યોથી ભિન્ન પોતાના પર્યાયોથી અભિન્ન બતાવ્યું, તેથી અતિવ્યાપ્તિ અને અવ્યાપ્તિ નામના જે લક્ષણના દોષો તે દૂર થયા. આત્માનું લક્ષણ ઉપયોગ છે અને ઉપયોગમાં જ્ઞાન પ્રધાન છે; તે (જ્ઞાન) અન્ય અચેતન દ્રવ્યોમાં નથી તેથી તે અતિવ્યાપ્તિવાળું નથી. અને પોતાની સર્વ અવસ્થાઓમાં છે તેથી અતિવ્યાપ્તિવાળું નથી. આ રીતે જ્ઞાન લક્ષણ કહેવાથી અતિવ્યાપ્તિ અને અવ્યાપ્તિ દોષો આવતા નથી.

જ્ઞાનને સ્વસન્મુખ કરતાં તે જ્ઞાન લક્ષણથી જ આત્મા પકડાય છે, એ સિવાય પુણ્ય-પાપ વડે આત્મા લક્ષમાં આવતો નથી. જ્ઞાન જ આત્માનું નિર્દોષ લક્ષણ છે.

અહીં જ્ઞાનને જ પ્રધાન કરીને આત્માનો અધિકાર છે, કારણ કે જ્ઞાન લક્ષણથી જ આત્મા સર્વ પરદ્રવ્યોથી ભિન્ન અનુભવગોચર થાય છે. જો કે આત્મામાં અનંત ધર્મો છે તો પણ તેમાંના કેટલાક તો છદ્મસ્થને અનુભવ-ગોચર જ નથી; તે ધર્મોને કહેવાથી છદ્મસ્થ જ્ઞાની આત્માને કઈ રીતે ઓળખે ? વળી કેટલાક ધર્મો અનુભવ ગોચર છે, પરંતુ તેમાંના કેટલાક

તો—અસ્તિત્વ, વસ્તુત્વ, પ્રમેયત્વ, આદિ તો—અન્ય દ્રવ્યો સાથે સાધારણ અર્થાત્ સમાન છે. માટે તેમને કહેવાથી જુદો આત્મા જાણી શકાય નહિ, અને કેટલાક (ધર્મો) પર દ્રવ્યના નિમિત્તથી થયેલા તેમને કહેવાથી પરમાર્થ ભૂત આત્માનું શુદ્ધ સ્વરૂપ કેવી રીતે જણાય ? માટે જ્ઞાનને કહેવાથી જ છદ્મસ્થ જ્ઞાની આત્માને ઓળખી શકે છે.

અસ્તિત્વ વગેરે સામાન્ય ધર્મો તો આત્મા તેમજ જડ—બધાય દ્રવ્યોમાં છે, તેથી તે ધર્મો વડે આત્માને પરથી ભિન્ન ઓળખી શકાતો નથી, તેમજ પરદ્રવ્યોના નિમિત્ત થયેલા વિભાવ ધર્મો વડે પણ આત્માનું ખરું સ્વરૂપ જણાતું નથી. દયાદિ ભાવ વડે જો આત્માને ઓળખવામાં આવે તો દયાદિ ભાવ નીકળી જતાં આત્મા જ ન રહે, ને સિદ્ધને તો દયાદિ ભાવો નથી તેથી તે આત્મા ન ઠરે ! માટે તે દયાદિ વિભાવ ધર્મો વડે પણ આત્મા ઓળખાતો નથી, જ્ઞાન લક્ષણ વડે શુદ્ધ આત્માનું સ્વરૂપ બરાબર ઓળખી શકાય છે. અસ્તિત્વ વગેરેને આત્માનું લક્ષણ કહેતાં અવ્યાપ્તિ દોષ આવે છે. દયાદિ વિભાવને આત્માનું લક્ષણ કહેતા અવ્યાપ્તિ દોષ આવેછે. જ્ઞાનને આત્માનું લક્ષણ કહેતાં આત્મા બરાબર ઓળખાય છે.

અહીં ધર્મો કહ્યા,

(૧) અગુરુલઘુત્વ વગેરે કેટલાક ધર્મો તો એવા સૂક્ષ્મ છે કે જે છદ્મસ્થને અનુભવ ગોચર નથી.-માટે તેને આત્માનું લક્ષણ કહેવાથી છદ્મસ્થ જીવ આત્માને ઓળખી શકતા નથી.

(૨) અસ્તિત્વ, વસ્તુત્વ વગેરે સામાન્ય ધર્મો છે, તે તો આત્મા સિવાયના બીજા પદાર્થોમાં પણ છે, તેથી તેના વડે પણ પરથી ભિન્ન આત્મા ઓળખી શકાતો નથી.

(૩) પરદ્રવ્યના સંયોગથી થયેલા દયાદિ વિભાવ ધર્મો છે, તેને આત્માનું લક્ષણ....................

***

# પ્રસાદ નં-૪૮

## સર્વ વિશુદ્ધજ્ઞાન અધિકાર

## શ્રી સમયસાર : ગાથા ૩૯૦—૪૦૪

**(માગશર સુદ ૧૧, રવિવાર, તા. ૯-૧૨-૫૧)**

## (કળશ—૨૩૫)

પંદર ગાથામાં જ્ઞાનને પરથી ભિન્ન અને સ્વભાવથી એકત્વરૂપ બતાવ્યું, હવે તેના ઉપર આચાર્યદેવ કળશ કહે છે:–

## કળશ—૨૩૫

**અર્થ:**—અન્ય દ્રવ્યોથી ભિન્ન, પોતાનામાં જ નિયત, પૃથક વસ્તુપણાને ધારતું (વસ્તુનું સ્વરૂપ સામાન્ય વિશેષાત્મક હોવાથી પોતેપણે સામાન્ય વિશેષાત્મકપણાને ધારણ કરતું), ગ્રહણ ત્યાગ રહિત, આ અમલ (-રાગાદિક મળથી રહિત) જ્ઞાન એવી રીતે અવ્યસ્થિત (નિશ્ચળ રહેલું) અનુભવાય છે. કે જેવી રીતે આદિ-મધ્ય-અંતરૂપ વિભાગોથી રહિત એવી સહજ ફેલાયેલી પ્રભા વડે દેદીપ્યમાન એવો એનો શુદ્ધ જ્ઞાન ઘનરૂપ મહિમા નિત્ય-ઉદિત રહે (-શુદ્ધ જ્ઞાનના પુંજરૂપ મહિમા સદા ઉદયમાન રહે).

સામાન્ય વિશેષ સ્વભાવવાળો આત્મા સ્વભાવ છે. તેને અહીં જ્ઞાન લક્ષણથી ઓળખાવ્યો છે, તે જ્ઞાન કેવું છે ? કે સમસ્ત પરદ્રવ્યોથી જુદું છે ને પોતાના સ્વરૂપમાં નિશ્ચળ છે, એમ અસ્તિ નાસ્તિથી અનેકાન્ત કર્યું. વળી તે જ્ઞાન પૃથક વસ્તુપણાને ધારે છે. સંયોગ અને રાગથી પૃથક પોતાના સામાન્ય વિશેષ સ્વભાવને ધારણ કરીને વસ્તુપણે કાયમ ટકી રહેનારૂં છે. સામાન્યપણે ટકીને તે પોતે જ વિશેષપણે પરિણમે છે. તેમાં તેને પરની અપેક્ષા નથી. વળી તે જ્ઞાન સ્વરૂપમાં લીન થતા તેને કાંઈ ગ્રહણ ત્યાગ નથી. ખરેખર તો રાગને છોડું ને વીતરાગ પર્યાયને ગ્રહું એવું પણ તેનામાં નથી, અને આહારાદિ પરદ્રવ્યનાં ગ્રહણ-ત્યાગ પણ તેને નથી. પોતે પોતાના સ્વરૂપમાં નિશ્ચળ રહેલાં જ્ઞાનમાં ગ્રહણ-ત્યાગ નથી. રોટલાને આત્મા ગ્રહણ કરતો નથી કે તેને છોડે ! અજ્ઞાની માને છે કે આપણે રોટલા છોડી દઈએ એટલે તપ ધર્મ થઈ ગયો, પણ બન્ને વાત જૂઠી છે. પ્રથમ તો જ્ઞાનમાં રોટલાનું ગ્રહણ કે ત્યાગ નથી, તેમજ રોટલા ન ખાવાનો શુભભાવ થયો તેમાં પણ ધર્મ નથી. ધર્મ તો આવા જ્ઞાન સ્વભાવમાં છે. તે જ્ઞાને કર્મને પોતામાં ગ્રહ્યા નથી કે તેને તોડે?

**<u>અર્થ:—</u>**જેણે સર્વ શક્તિઓ સમેટી છે, (-પોતાનામાં લીન કરી છે) એવા પૂર્ણ આત્માનું આત્મામાં ધારણ કરવું તે જ છોડવા યોગ્ય બધું છોડ્યું અને ગ્રહવાયોગ્ય બધું ગ્રહ્યું.

હે ભાઈ ! તારામાં પૂર્ણ સ્વભાવ ભર્યો છે તેની પ્રતીત કર ! તારી પ્રતીતને સ્વસ્વભાવ સન્મુખ વાળ, તારો સ્વભાવ જ સર્વ શક્તિમાન પ્રભુ છે. તેમાંથી જ બધી દશાઓ પ્રગટે છે, તારી પર્યાયને અંતર્મુખ કરીને સ્વભાવમાં ગુપ્ત કરી દે !-એ પ્રમાણે જેણે પોતાની સર્વ શક્તિઓને પોતામાં જ સમેટી લીધી છે. એવા પૂર્ણ આત્માને આત્મામાં જ ધારી રાખે તેણે ગ્રહવા યોગ્ય બધું ને છોડવા યોગ્ય બધું છોડ્યું, હવે કાંઈ ગ્રહવા—છોડવાનું રહ્યુ નથી, એટલે કે ખરેખર તો જ્યાં જ્ઞાન અંતર્મુખ થઈને લીન થયું ત્યાં કાંઈ ગ્રહણ ત્યાગ રહ્યું જ નથી.

જેમ લૂગડામાં સરકણી ગાંઠ હોય પણ છોડતા તે ગાંઠ ક્યાં ગઈ ? શું ગાંઠને છોડવી પડી ! ગાંઠ છૂટીને ક્યાં ગઈ ! લાવો તે ગાંઠ !! તેમ આત્મામાં પહેલાં રાગરૂપ ગાંઠ હતી પણ જ્યાં જ્ઞાન અંતરમાં લીન થયું, ત્યાં રાગ છૂટી ગયો એમ કહ્યું. પણ રાગ છૂટીને ક્યાં ગયો ? બસ ! વસ્તુ જેમ હતી તેમ સ્વભાવપણે રહી ગઈ, ત્યાં રાગનો વ્યય થઈ જ ગયો છે એટલે હવે રાગને પણ છોડવાનું રહ્યું નથી.

**<u>ભાવાર્થ:—</u>**પૂર્ણ જ્ઞાન સ્વરૂપ, સર્વ શક્તિઓના સમૂહરૂપ જે આત્મા, તેને આત્મામાં ધારણ કરી રાખવો તે જ, ત્યાગવા યોગ્ય જે કાંઈ હતું તે બધુંય ત્યાગ્યું અને ગ્રહણ કરવા યોગ્ય જે કાંઈ હતું તે બધુંય ગ્રહણ કર્યું, એ જ કૃત કૃત્યપણું છે.

આવા જ્ઞાનને દેહ નથી,—એવા અર્થનો, આગળની ગાથાની સૂચનારૂપ શ્લોક હવે કહે છે.

## <u>કળશ ૨૩૭</u>

**<u>અર્થ:—</u>**આમ (પૂર્વોક્ત રીતે) જ્ઞાન પરદ્રવ્યથી જુદું અવસ્થિત (નિશ્ચળ રહેલું) છે. તે (જ્ઞાન) આહારક (અર્થાત્ કર્મ-નોકર્મ રૂપ આહાર કરનારું) કેમ હોય કે જેથી તેને દેહની શંકા કરાય ? (જ્ઞાનને દેહ હોઈ શકે જ નહિ, કારણ કે તેને કર્મ-નોકર્મરૂપ આહાર જ નથી).

અહો! જ્ઞાન સ્વભાવી ભગવાન આત્મા છે. તેને દેહ જ નથી. જે જ્ઞાન સદાય પરથી જુદું છે, તે જ્ઞાનને પુદ્ગલરૂપ આહાર કેમ હોય? અને આહાર જ નથી તો પછી તેને દેહની શંકા કેમ કરાય? અર્થાત જ્ઞાનને દેહ જ નથી. ખરેખર દેહ અને આહારનો વિકલ્પ પણ તે જ્ઞાનમાં નથી. જ્ઞાન મૂર્તિ આત્મા કર્મને કે નોકર્મને ગ્રહણ કરતો જ નથી, તેથી તેને દેહ જ નથી.

હવે આ અર્થની ગાથાઓ કહે છે :—

**હવે આતમા જેનો અમૂર્તિક તે નથી આ'રક ખરે,**
**પુદ્‌ગમયી છે આ'ર તેથી આ'ર તો મૂર્તિક ખરે. ૪૦૫.**
**જે દ્રવ્ય છે પર તેહને ન ગ્રહી, ન છોડી શકાય છે,**
**એવો જ તેનો ગુણ કો પ્રાયોગી ને વૈસ્રસિક છે. ૪૦૬.**
**તેથી ખરે જે શુદ્ધ આત્મા તે નહીં કંઈ પણ ગ્રહે,**
**છોડે નહીં વળી કાંઈ પણ જીવ ને અજીવ દ્રવ્યો વિષે. ૪૦૭.**

**અન્વયાર્થ:**—એ રીતે જેનો આત્મા અમૂર્તિક છે તે ખરેખર આહારક નથી; આહાર તો મૂર્તિક છે, કારણ કે તે પુદ્‌ગલમય છે. જે પર દ્રવ્ય છે તે ગ્રહી શકાતું નથી તથા છોડી શકાતું નથી, એવો જ કોઈ તેનો (-આત્માનો) પ્રાયોગિક તેમજ વૈસ્રસિક ગુણ છે. માટે જે વિશુદ્ધ આત્મા છે તે જીવ અને અજીવ દ્રવ્યોમાં (પરદ્રવ્યોમાં) કાંઈ પણ ગ્રહતો નથી તથા કાંઈપણ છોડતો નથી.

અહીં તો કહ્યુ, કે જે વિશુદ્ધ આત્મા છે તે પર દ્રવ્યોને ગ્રહતો નથી તો શું અશુદ્ધ આત્મા પરદ્રવ્યને ગ્રહી શકતો હશે ? ના, અશુદ્ધઆત્મા પણ પર દ્રવ્યને ગ્રહતો નથી. પરને ગ્રહવાનું તે અજ્ઞાનથી માને છે, પરંતુ સ્વભાવથી કે વિકારથી પણ આત્મા પરદ્રવ્યને ગ્રહી તો શકતો જ નથી.

**ટીકા:**—જ્ઞાન પર દ્રવ્યને કાંઈપણ (જરાપણ) ગ્રહતું નથી તથા છોડતું નથી, કારણ કે પ્રાયોગિક (અર્થાત્ પર નિમિત્તથી થયેલા) ગુણના સામર્થ્યથી તેમ જ વૈસ્રેસિક (અર્થાત સ્વાભાવિક) ગુણના સામર્થ્યથી જ્ઞાન વડે પર દ્રવ્યનું ગ્રહવું તથા છોડવું અશક્ય છે.

જેમ સૂર્યના પ્રકાશમાં સોનાનો ઢગ હોય કે કોલસાનો ગંજ હોય—તે બધું સૂર્યના પ્રકાશને લીધે નથી. સૂર્ય તેને ગ્રહતો કે છોડતો નથી; સૂર્ય તો તેનો જ પ્રકાશક છે, તેમ ચૈતન્ય સૂર્ય ભગવાન આત્મા સમસ્ત પદાર્થનો પ્રકાશક છે, પણ પરદ્રવ્યમાં કાંઈ પણ ગ્રહતો કે છોડતો નથી. આવો જ્ઞાન-સ્વભાવ વિશ્વાસમાં ન આવે ત્યાં સુધી પરનું અભિમાન ખસે નહિ ને અંતરમાં જ્ઞાન ઠરે નહિ. અહો ! જ્ઞાનસ્વભાવી આત્મા પોતે સહજ સ્વભાવથી તો પરને ગ્રહી  કે છોડી શકતો નથી, પણ કર્મના નિમિત્તથી થયેલો એવો જે પ્રાયોગિક વિકાર તેના વડે પણ આત્મા પરને ગ્રહી કે છોડી શકતો નથી. અજ્ઞાની આત્મા બહુ તો પોતામાં વિકાર કરે, પણ પરને ઉપાડવાની કે દૂર કરવાની તેની તાકાત નથી. જ્ઞાન કાં તો સ્વભાવ તરફ એકાગ્ર થાય અને કાં તો ચૈતન્યને ચૂકીને વિકાર કરે, પણ પોતાથી આગળ વધીને પર દ્રવ્યને તે ગ્રહી કે છોડી શકે એમ ત્રણ કાળમાં બનતુ નથી.

મજૂર મણિકા ઉપાડવાનો રાગ ભાવ કરે, પણ તે રાગના સામાર્થ્ય વડે પણ તે મણિકાને ગ્રહી તો શકતો જ નથી. બંદૂકમાથી ગોળી છોડું એવો વિકારીભાવ કરે, પણ તે વિકારીભાવના સામર્થ્યથી પણ બંદૂકમાંથી ગોળીનો ત્યાગ તો તે કરી શકતો નથી.

એકનો એક પુત્ર પારણામાં સૂતો હોય ને મોટો સર્પ આવીને તેના ઉપર ફેણ માંડીને બેઠો હોય, ને બાઈ આવીને દેખે, ત્યાં ફડાક હાથેથી સર્પને દૂર કરી નાખે ત્યાં પુત્રનાં રાગને લીધે શું સર્પને દૂર કરવાનું સામર્થ્ય આવ્યું છે? બાઈના આત્માએ પુત્રનો રાગ, ને સર્પનો દ્વેષ કર્યો, પણ તે રાગ-દ્વેષના સામર્થ્યથી પણ સર્પને દૂર કરવાની ક્રિયા તો તે આત્માએ કરી નથી. વસ્તુનો સ્વભાવ જ એવો છે કે તે પાતાના વૈસ્રસિક એટલે સ્વાભાવિક ગુણથી પરને ગ્રહી—છોડી શકતી નથી, તેમજ પ્રયોગિકગુણથી એટલે કે પર નિમિત્તથી થયેલા વિભાવથી પણ તે પરને ગ્રહી કે છોડી શકતો નથી. આવા પોતાના જ્ઞાન સ્વભાવને નક્કી કરવો તે જ પ્રથમ ધર્મ છે.

અજ્ઞાની કહે છે કે શરીરથી આત્મા જુદો છે તો પછી આત્મા શરીરથી ગમે તેવા પાપ કરે તો પણ વાંધો નથી ! પણ ભાઈ રે ! આત્મા શરીરથી જુદો છે, તો પછી આત્મા શરીરની ક્રિયા કરે, એ વાત તું ક્યાંથી લાવ્યો ? મારી માતા વાંઝણી એના જેવી તારી વાત છે. આત્મા શરીરની ક્રિયા કરી શકતો નથી. શરીરથી તે તદ્દન જુદો છે, તો પછી અરે મૂઢ ! શરીરની ક્રિયાથી આત્મા પાપ કરે એ માન્યતા પણ તે ક્યાંથી લાવ્યો ? હા ! આત્મા ને પાતાના ભૂંડા ભાવનું પાપ છે, પણ તે પાપભાવથી પણ આત્મા શરીરની ક્રિયાનું તો ગ્રહણ કે ત્યાગ કરી જ શકતો નથી. ઘણો રાગ કરીને ઈચ્છા શક્તિ (Will Power) વડે આત્મા ઉપર અસર કરી શકે તેમ નથી; તેમ જ આત્મા ઈચ્છા ટાળીને વીતરાગતા પ્રગટ કરે, ત્યાં તેની અસરથી સામા જીવમા અહિંસા પ્રગટે એમ પણ નથી. એ રીતે આત્મા પરના ગ્રહણ ત્યાગથી રહિત છે.

***

**(માગશર સુદ ૧૨, સોમવાર, તા. ૧૦-૧૨-૫૧)**

જ્ઞાનસ્વભાવી આત્મા છે. જ્ઞાન પરદ્રવ્યને જરાપણ છોડતું કે ગ્રહતું નથી. પોતાના સ્વભાવથી કે ઈચ્છાથી કોઈ રીતે આત્મા પરને ગ્રહી કે છોડી શકતો નથી. કેવળી ભગવાન ભાષાના પરમાણુઓને ગ્રહે છે અને છોડે છે, એમ નથી. ભગવાને ભાષા કરી એ ફક્ત નિમિત્તનું કથન છે. ભગવાનને યોગનું કંપન છે. તે વિભાવ છે, પણ તે વિભાવના સામર્થ્ય વડે ભગવાન પરમાણુઓને ગ્રહે કે છોડે—એમ બનતું નથી. વાણી વખતે યોગનું નિમિત્ત પણુ હતું તે બતાવવા એમ કહેવાય કે ભગવાને વાણી છોડી ! પણ ખરેખર

જીવ પરદ્રવ્યને પરિણમાવી શકે નહિં. જીવના વીર્યની સ્ફૂરણાથી કર્મ આવે છે, એમ કહેવુ તે પણ નિમિત્તનું કથન છે. ખરેખર જીવના વીર્યની સ્ફૂરણા પરમાં જતી નથી, ને તેને લીધે જીવ કર્મનું ગ્રહણ કરતો નથી.

શ્રી જય ધવળમાં તો કહે કે જીવને અને શરીરને અભિન્ન સંબંધ છે, કેમ કે જો એમ ન હોય તો શરીરને ચોંટકો ભરતા જીવને કેમ દુઃખ થાય છે? ઈચ્છા પ્રમાણે કેમ શરીર ચાલે છે ? ત્યાં તો ફક્ત એક ક્ષેત્રાવગાહીપણુ અને બંનેનો નિમિત્ત નૈમતિક સંબંધ છે તે બતાવવા માટે કહ્યું છે. ખરેખર જીવ પરદ્રવ્યને ગ્રહતો કે છોડતો નથી ને જીવની ઈચ્છાને કારણે શરીરનું પરિણમન થતું નથી. જીવના વિભાવને લીધે તે કર્મને ગ્રહણ કરે એમ નથી.

પાલીતાણામાં પ્રશ્ન થયો હતો કે ભગવાન ભાષાને ગ્રહે છે અને છોડે છે. પણ અહીં તો કહે છે ભગવાનનો આત્મા કેવળજ્ઞાનથી કે યોગના વિભાવથી ભાષાના પરમાણુને ગ્રહતો કે છોડતો નથી,

દેવોને ઈચ્છા થતાં કંઠમાંથી અમૃત ઝરે છે, ત્યાં ઈચ્છાને લીધે તે અમૃતનું ગ્રહણ થયું—એમ નથી. આત્માએ અમૃતને ગ્રહણ કર્યું જ નથી.

જીવ રાગ-દ્વેષના વિભાવને કરે, પણ તેને લીધે તેનામાં પરદ્રવ્યોને પકડવાનું કે છોડવાનું સામર્થ્ય આવી જાય, એમ બનતુ નથી. ભાઈ ! તારું જ્ઞાન પરથી તો ભિન્ન જ છે, માટે તું જો તારા સ્વભાવને અને જો તારા વિભાવને; પણ પરમાં કાંઈ ફેરફાર કરી શકે એવી તો તારી શક્તિ નથી, આત્મામાં કેવળજ્ઞાન થાય અને અનંત બળ પ્રગટે, તો પણ તે પરજીવને ઉદ્ધારી શકે એવી તો તેમનામાં શક્તિ નથી, તેમની અનંતી શક્તિ તેમનામાં છે. સ્વભાવ પ્રગટ્યો માટે તેના સામર્થ્યથી કોઈને તારી શકે કે દ્વેષ રૂપ વિભાવ કરીને તેના સામર્થ્યથી કોઈને મારી શકે, એમ બનતું નથી.

છ પ્રકારના આહાર છે. તે બધોય કર્મ અને નોકર્મરૂપ પરદ્રવ્ય છે. તે પરદ્રવ્યને આત્મા કદી ગ્રહતો કે છોડતો નથી. જ્ઞાનમૂર્તિ આત્મા તો અમૂર્તિક છે ને આહાર તો પુદ્ગલમય—મૂર્તિક છે, માટે આત્માને આહાર નથી. જ્ઞાન આહારક નથી, માટે આવા જ્ઞાનને દેહની શંકા ન કરવી.

ઋષભદેવ ભગવાનને બાર-બાર મહિનાના ઉપવાસ થયા ત્યાં આહારના પરમાણુંઓને ભગવાને છોડ્યા—એમ નથી, તે વખતે તે આહાર આવવાનો જ ન હતો અને પછી શ્રેયાંસકુમારે આહાર દાન દીધું ત્યારે પણ ભગવાન આત્માએ આહારના રજકણોને ગ્રહણ કર્યા નથી. આત્માનો જ્ઞાન-સ્વભાવ છે તે આહારાદિને ગ્રહતો–મૂકતો નથી માટે આત્મા ને દેહની શંકા ન કરવી.

(અહીં 'જ્ઞાન' કહેવાથી 'આત્મા' સમજવો; કારણકે અભેદ વિવક્ષાથી લક્ષણમાં જ લક્ષ્યનો વ્યવહાર કરાય છે. આ ન્યાયે ટીકાકાર આચાર્યદેવ આત્માને જ્ઞાન જ કહેતા આવ્યા છે.)

**ભાવાર્થ:**—જ્ઞાન સ્વરૂપ આત્મા અમૂર્તિક છે અને આહાર તો કર્મ-નોકર્મરૂપ પુદ્‌ગલમય મૂર્તિક છે; તેથી પરમાર્થે આત્માને પુદ્‌ગલમય આહાર નથી, વળી આત્માનો એવો જ સ્વભાવ છે કે તે પરદ્રવ્યને તો ગ્રહતો જ નથી;—સ્વભાવરૂપ પરિણામો કે વિભાવરૂપ પરિણામો પાતાનાં જ પરિણામનાં ગ્રહણ-ત્યાગ છે, પરદ્રવ્યનાં ગ્રહણ-ત્યાગ તો જરાપણ નથી.

આ રીતે આત્માને આહાર નહિ હોવાથી તેને દેહ જ નથી. ધર્મી જીવ પોતાના સ્વભાવની દ્રષ્ટિ કરીને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપે પરિણમે છે. એટલે તે સ્વભાવને ગ્રહે છે ને રાગને છોડે છે—એમ કહેવાય અને અજ્ઞાની જીવ રાગ-દ્વેષ-અજ્ઞાનપણે પરિણમે છે, પણ પરદ્રવ્યને તો જ્ઞાની કે અજ્ઞાની કોઈ ગ્રહી કે છોડી શકતું નથી.

જ્ઞાન સ્વરૂપ આત્માને દેહ જ નથી, તેથી દેહના આશ્રયે થનારું એવું દ્રવ્યલિંગ પણ મોક્ષનું કારણ નથી, એમ હવે કહે છે.

## કળશ—૨૩૮

**અર્થ:**—આમ શુદ્ધજ્ઞાનને દેહ જ નથી; તેથી જ્ઞાતાને દેહમય લિંગ મોક્ષનું કારણ નથી.

હવે આ અર્થને ગાથામાં કહે છે.

## ગાથા—૪૦૮—૪૦૯

**બહુવિધનાં મુનિલિંગને અથવા ગૃહસ્થીલિંગને**
**ગ્રહીને કહે છે મૂઢજન "આ લિંગ મુક્તિ માર્ગ છે." ૪૦૮.**
**પણ લિંગ મુક્તિમાર્ગ નહિ, અર્હંત નિર્મમ દેહમાં**
**બસ લિંગ છોડી જ્ઞાન ને ચારિત્ર, દર્શન સેવતા. ૪૦૯.**

**અન્વયાર્થ:**—બહુ પ્રકારનાં મુનિ લિંગોને અથવા ગૃહી લિંગોને ગ્રહણ કરીને મૂઢ (અજ્ઞાની)જનો એમ કહે છે કે આ (બાહ્ય) લિંગ મોક્ષમાર્ગ છે. પરંતુ લિંગ મોક્ષ માર્ગ નથી; કારણ કે અર્હંત દેવો પ્રત્યે નિર્મમ વર્તતા થકા લિંગને છોડીને દર્શન-જ્ઞાન-ચારિત્રને જ સેવે છે.

અજ્ઞાની જીવ શરીરની નગ્ન દશા વગેરે લિંગોને મુક્તિનું કારણ માને છે. તેની સામે આચાર્ય દેવ અર્હંત ભગવાનને ઉતારીને કહે છે કે અરે ભાઈ! અરિહંત દેવો તો દેહની મમતા છોડીને આત્માના આશ્રયે દર્શન-જ્ઞાન-ચારિત્રને જ સેવીને મુક્તિ પામ્યા છે.

બહુવિધનાં મુનિલિંગ કહ્યાં એટલે શું ? મુનિને વ્યવહારના અનેક પ્રકારના વિકલ્પો આવે છે, તેને અહીં બહુવિધ મુનિલિંગ કહ્યા છે, પણ એમ ન સમજવું કે નગ્નદશા સિવાય ગમે તેવા લિંગથી પણ મુક્તિ થઈ જાય ? મુનિદશામાં તો નગ્ન લિંગ જ હોય પણ તે લિંગ મોક્ષમાર્ગ નથી. અહીં શરીર તરફનો વિકલ્પ ઊઠે તેના અનેક પ્રકાર છે. તે લિંગના વિકલ્પને છોડીને અરિહંતો મુક્તિ પામ્યા છે. લિંગને છોડવાનું કહ્યું, તેથી કાંઈ નગ્ન શરીરને છોડવાની વાત નથી પણ તે તરફના વિકલ્પને છોડવાની વાત છે. મોક્ષનું કારણ તો સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર છે, તેને સેવીને જ અર્હંતો મુક્તિ પામ્યા છે.

**ટીકા:—**કેટલાક લોકો અજ્ઞાનથી દ્રવ્ય લિંગને મોક્ષમાર્ગ માનતા થકા મોહથી દ્રવ્ય લિંગને જ ગ્રહણ કરે છે. તે (દ્રવ્ય લિંગને મોક્ષમાર્ગ માનીને ગ્રહણ કરવુ તે) અનુપપન્ન અર્થાત્ અયુક્ત છે; કારણ કે બધાય ભગવાન અર્હંત દેવોને, શુદ્ધ જ્ઞાનમયપણું હોવાને લીધે દ્રવ્ય લિંગને આશ્રયભૂત શરીરના મમકારનો ત્યાગ હોવાથી, શરીરાશ્રિત દ્રવ્યલિંગના ત્યાગ વડે દર્શન-જ્ઞાન-ચારિત્રની મોક્ષમાર્ગપણે ઉપાસના જોવામા આવે છે (અર્થાત તેઓ શરીરાશ્રિત દ્રવ્ય લિંગનો ત્યાગ કરીને દર્શન-જ્ઞાન-ચારિત્રને મોક્ષમાર્ગ તરીકે સેવતા જોવામા આવે છે).

કેટલાક જીવોને અંતર્ સ્વભાવના ભાનપૂર્વક દ્રવ્ય લિંગ નિમિત્ત તરીકે હોય છે. તે તો બરાબર છે, ત્યાં તેને ભાન છે કે મોક્ષનું કારણ તો અંતર્ સ્વભાવના આશ્રયે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પ્રગટે તે જ છે. આ દિંગબર દેહ તે કાંઈ મોક્ષનું કારણ નથી, પણ અજ્ઞાનીને અંતરનું તો ભાન નથી ને બહારના દ્રવ્યલિંગને—વ્રતાદિના શુભ વિકલ્પને મોક્ષનું કારણ માનીને મોહથી દ્રવ્ય લિંગને ગ્રહણ કરે છે. વસ્ત્રાદિને હું છોડુ, એમ માનનારો મિથ્યાદ્રષ્ટિ છે, તેણે મોહથી દ્રવ્યલિંગને ગ્રહણ કર્યું છે, પણ એનો અર્થ એવો નથી કે અંતરમાં આત્માની રમણતારૂપ મુનિદશા પ્રગટે અને બહારમાં વસ્ત્ર-ઘર-બાર-સ્ત્રી આદિના સંયોગમાં ઉભો હોય ? મુનિને તે પ્રકારનો વસ્ત્રાદિનો વિકલ્પ જ હોતો નથી, જંગલમાં વસતા ને આત્માના આનંદમાં ઝૂલતા મુનિઓને વસ્ત્રાદિના ગ્રહણની વૃતિ જ હોતી નથી. હાથથી લોચ કરવાની ક્રિયા થઈ તેને ભગવાન આત્મા આત્માએ કરી નથી. હું વાળનો લોચ કરું અને હું વસ્ત્ર છોડું એમ માનનારને દ્રવ્ય લિંગનો મોહ છે. અજ્ઞાનીને એમ લાગે છે કે નગ્ન શરીર તે મુનિપણું છે પણ મુનિપણું આત્મામાં હોય કે શરીરમાં? ચૈતન્યસ્વરૂપમાં લીનતા થઈ તે મુનિપણું છે, અને તે મોક્ષનું કારણ છે. તે વખતે નિમિત્તપણે બહારમાં નગ્ન લિંગ જ હોય, પણ તેના લક્ષે મુક્તિ થતી નથી. બધાય ભગવાન અર્હંત દેવોને એકલા ચિદાનંદ

સ્વભાવના આશ્રયે શુદ્ધ જ્ઞાનમયપણું છે, ને શરીરાશ્રિત દ્રવ્યલિંગના મમત્વનો ત્યાગ છે. તેથી તેમણે શુદ્ધ દર્શન-જ્ઞાન-ચારિત્ર ને જ મોક્ષમાર્ગપણે ઉપાસ્યો છે. આચાર્યદેવ તો કહે છે કે બધાય અરિહંત ભગવંતોને સ્વભાવના આશ્રયે દર્શન-જ્ઞાન-ચારિત્રને જ મોક્ષમાર્ગ પણ ઉપાસના જોવામાં આવે છે, તો પછી અરિહંત કરતાં વિપરીત વાત તું ક્યાંથી લાવ્યો ? અરિહંતોએ દેહનું મમત્વ છોડ્યું અને તું દેહાશ્રિત દ્રવ્ય-લિંગમાં મોક્ષમાર્ગ માને છે, તે અયોગ્ય છે, ભાઈ ! દેહની પર્યાય તો પરદ્રવ્ય છે, તેના આશ્રયે આત્માનો મોક્ષમાર્ગ નથી; પણ તેની ઉપેક્ષા કરીને આત્માને આશ્રયે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રના સેવનથી જ મોક્ષમાર્ગ છે. ભગવંતોએ તો એવી રીતે મોક્ષમાર્ગને ઉપાસ્યો છે. પંચ મહાવ્રતના શુભ વિકલ્પને પણ ભગવાને મોક્ષમાર્ગ પણ નથી ઉપાસ્યો, તેને પણ છોડીને સ્વરૂપમાં ઠરીને ભગવાન મોક્ષ પામ્યા. આચાર્યદેવ કહે છે કે વર્તમાન અમે અમારા સ્વભાવના આશ્રયે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રથી મોક્ષમાર્ગને સાધી રહ્યા છીએ, ને બધા તીર્થંકરો પણ એજ રીતે મોક્ષમાર્ગને ઉપાસે છે, એમ અમારા જોવામાં આવે છે. અનંતા તીર્થંકરોને પોતે જોઈ લીધા, એક પોતાના સ્વભાવને જોયો, ત્યાં બધા આત્માને જોઈ લીધા. જે રીતે એક આત્માનો મોક્ષમાર્ગ છે, તે જ રીતે બધા આત્માનો મોક્ષમાર્ગ છે.

અહો ! તીર્થંકર ભગવંતો તો દેહમાં નિર્મમ છે. તેઓ દેહની અપેક્ષા છોડીને સમ્યક્દર્શન-જ્ઞાન-ચારિત્રને જ સેવે છે, એમ અમારા જોવામાં આવે છે માટે દેહમય લિંગ આત્માને મુક્તિનું કારણ નથી. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની ઉપાસના જ મુક્તિનું કારણ છે.

**ભાવાર્થઃ—**જો દેહમય દ્રવ્ય લિંગ મોક્ષનું કારણ હોત તો અર્હંતદેવ વગેરે દેહનું મમત્વ છોડી દર્શન-જ્ઞાન-ચારિત્રને શા માટે સેવત ? દ્રવ્ય-લિંગથી જ મોક્ષને પામત ! માટે એ નક્કી થયું કે—દેહમય લિંગ મોક્ષમાર્ગ નથી, પરમાર્થે દર્શન જ્ઞાન ચારિત્રરૂપ આત્મા જ મોક્ષનો માર્ગ છે.

હવે એ જ સિદ્ધ કરે છે, (અર્થાત્ દ્રવ્ય લિંગો મોક્ષમાર્ગ નથી, દર્શન-જ્ઞાન-ચારિત્ર જ મોક્ષમાર્ગ છે-એમ સિદ્ધ કરે છે) :---

## ગાથા—૪૧૦

**મુનિલિંગ ને ગૃહીલિંગ—એ લિંગો ન મુક્તિમાર્ગ છે;**
**ચારિત્ર-દર્શન-જ્ઞાનને બસ મોક્ષમાર્ગ જિનો કહે. ૪૧૦.**

**અન્વયાર્થઃ—**મુનિનાં અને ગૃહસ્થનાં લિંગો એ મોક્ષમાર્ગ નથી; દર્શન-જ્ઞાન-ચારિત્ર ને જિનદેવો મોક્ષમાર્ગ કહે છે.

ઉપરની ગાથામાં કહ્યું કે અર્હંત દેવોએ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રને જ મોક્ષમાર્ગપણે ઉપાસ્યો છે અને અહીં કહે છે કે અર્હંત દેવોએ સમ્યક્દર્શન-જ્ઞાન-ચારિત્રને જ મોક્ષમાર્ગ કહ્યો છે. ભગવાને પોતે જેવા માર્ગ મોક્ષની ઉપાસના કરી તેવો જ માર્ગ કહ્યો છે.

અહીં પાંખડી નો અર્થ મુનિ છે. પાંખડી શબ્દ દોષ સૂચક નથી પણ પાપને ખંડે તે પાખંડી—એમ અહીં ગુણ વાચક છે.

**<u>ટીકા:—</u>**દ્રવ્યલિંગ ખરેખર મોક્ષમાર્ગ નથી, કારણકે તે (દ્રવ્ય લિંગ) શરીરાશ્રિત હોવાથી પર દ્રવ્ય છે. દર્શન-જ્ઞાન-ચારિત્ર જ મોક્ષમાર્ગ છે, કારણ કે તેઓ આત્માશ્રિત હોવાથી સ્વદ્રવ્ય છે.

સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર આત્માના આશ્રયે થાય છે તેથી તે જ મુક્તિનું કારણ છે. પંચ મહાવ્રત વગેરેના વિકલ્પ તે પરદ્રવ્યને આશ્રયે થાય છે તેથી તે મુક્તિનું કારણ નથી. ૨૮ મૂળગુણના વિકલ્પ પણ પરદ્રવ્યાશ્રિત હોવાથી પરદ્રવ્ય છે તેથી તે મુક્તિનું કારણ નથી. અહીં તો સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર જ આત્માના આશ્રયે હોવાથી સ્વદ્રવ્ય છે તેથી તે જ મુક્તિનું કારણ છે.

***

# <u>પ્રસાદ નં—૫૦</u>

## <u>સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર</u>

## <u>શ્રી સમયસાર ગાથા ૪૧૦</u>

**(માગશર સુદ ૧૩, મંગળવાર, તા. ૧૧-૧૨-૫૧)**

**<u>ભાવાર્થઃ—</u>**મોક્ષ છે તે સર્વ કર્મના અભાવરૂપ આત્મપરિણામ (-આત્માનાં પરિણામ) છે, માટે તેનું કારણ પણ આત્માના પરિણામ જ હોવું જોઈએ. દર્શન-જ્ઞાન-ચારિત્ર આત્માના પરિણામ છે; માટે નિશ્ચયથી તે જ મોક્ષનો માર્ગ છે.

અહીં પરના આશ્રયે જે વિકારી પરિણામ થાય તેને આત્માના પરિણામ ગણ્યા નથી. આત્માના સ્વભાવના આશ્રયે થાય તેને જ આત્માના પરિણામ ગણ્યા છે. શુદ્ધ આત્માનું ભાન થતાં તેના આશ્રયે જે વીતરાગી પરિણામ થાય તે જ મોક્ષનું કારણ છે. તે વખતે ભલે દિગંબર દેહ હો પણ તે દેહ મોક્ષનું કારણ નથી. તેમ જ વચમા શુભરાગના પરિણામ આવે તે પણ મુક્તિનું કારણ નથી. મુક્તિનું કારણ તો આત્માનાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પરિણામો જ છે. મોક્ષ તે આત્માનું પૂર્ણ શુદ્ધ પરિણામ છે, તો તેનું કારણ પણ આત્માના શુદ્ધ પરિણામ જ હોય. વિકાર કે જડના પરિણામ તે આત્માના મોક્ષનું કારણ નથી અને મોક્ષના કારણરૂપ જે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પરિણામ છે તે આત્માના મોક્ષનું કારણ નથી. અને મોક્ષના કારણરૂપ જે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પરિણામ છે તે આત્માના જ આશ્રયે થાય છે.

શરીરની દિગંબર દશા હોય છે તે તો પુદ્‌ગલમય છે, તેથી તે મોક્ષનો માર્ગ નથી. પરમાર્થે અન્ય દ્રવ્ય અન્ય દ્રવ્યને કાંઈ કરતું નથી. દેહ અન્ય દ્રવ્ય છે, તે દેહ આત્માને કાંઈ કરતો નથી. નિમિત્ત ભલે હો પણ તે આત્માને મોક્ષના કારણ તરીકે અકિંચિત્કર છે.

ઊંચ જાતિને કારણે મારી મુક્તિ થઈ જશે, અથવા દેહની નગ્ન દશાને કારણે મારી મુક્તિ થઈ જશે, એવો જેને આગ્રહ છે તેને જાતિ વેષનો આગ્રહ છે. તેની મુક્તિ થતી નથી. મુક્તિનું કારણ તો ચૈતન્યના આશ્રયે છે, પંચમહાવ્રતના વિકલ્પથી મારી મુક્તિ થઈ જશે—એમ માનનારને પણ વ્યવહારનો પક્ષ છે. તે પણ મુક્તિ પામતા નથી.

સમાધિશતકના ૮૭ અને ૮૯માં શ્લોકમાં કહે છે કે :—

**लिङ्ग देहाश्रितं द्दष्टं देहाएवात्मनो भवः ।**
**न मुच्यन्ते भवात्तस्मात्ते ये लिङ्गकृताग्रहा ॥ ८७॥**

जातिलिङ्गं विकल्पेन येषां च समयाग्रहः ।
तेऽपि न प्राप्नुवन्त्येव परमं पदमात्मनः ॥८९॥

ત્યાં એમ આશય છે કે અમુક જાતિને કારણે કે શરીરની નિર્ગ્રંથ દશાને કારણે કે વ્યવહારના વિકલ્પથી મારી મુક્તિ થઈ જશે એમ જે માને છે, મોક્ષનું કારણ તો સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર જ છે, એમ નથી જાણતો, તો તેને જાતિ અને લિંગનો આગ્રહ છે, તે જીવ મિથ્યાદ્રષ્ટિ છે. પણ તેનો અર્થ એમ નથી કે મોક્ષ પામનારને નિમિત્ત તરીકે નિર્ગ્રંથ શરીર સિવાય ગમે તે લિંગ હોય ! શરીરની નિર્ગ્રંથ દશા જ હોય પણ મુક્તિનું કારણ વીતરાગભાવ છે. તે વીતરાગી સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પ્રગટ કર્યા વિના ફક્ત બાહ્ય નિર્ગ્રંથતામાં મુક્તિનો માર્ગ જે માની લ્યે છે, તેને વેષનો આગ્રહ છે. મોક્ષ પામનારને એક નિર્ગ્રંથ લિંગ જ હોય છે, તેમાં ભેદ નથી.

જ્યાં ચૈતન્યનું ભાન થયું ત્યાં મધ-માંસ-દારૂના પરિણામો હોતા જ નથી, એટલે નિમિત્ત તરીકે પણ ત્યાં મધ-માંસ-દારૂનો સંયોગ હોતો નથી. એ પ્રમાણે મુનિને ચૈતન્યમાં એવી લીનતા થઈ છે કે દેહ પ્રત્યે તદ્દન ઉપેક્ષા થઈ ગઈ છે એટલે વસ્ત્રાદિ ગ્રહણની વૃત્તિ જ હોતી નથી, ને બહારમાં પણ વસ્ત્રાદિનો સંયોગ હોતો નથી પણ ત્યાં મોક્ષનું કારણ તો તે આત્માનાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પરિણામો જ છે, દેહ તે મોક્ષનું કારણ નથી.

જો આમ છે (અર્થાત્ જો દ્રવ્યલિંગ મોક્ષમાર્ગ નથી અને દર્શન-જ્ઞાન-ચારિત્ર જ મોક્ષમાર્ગ છે) તો આમ (નીચે પ્રમાણે) કરવું – એમ હવે ઉપદેશ કરે છે.

## ગાથા—૪૧૧

**તેથી તજી સાગાર કે અણગાર-ધારિત લિંગને,**
**ચારિત્ર-દર્શન-જ્ઞાનમા તું જોડ રે ! નિજ આત્મને. ૪૧૧**

અર્થ:–માટે સાગારો વડે (ગૃહસ્થો વડે) અથવા અણગારો વડે (મુનિઓ વડે) ગ્રહાયેલાં લિંગોને છોડીને, દર્શન-જ્ઞાન-ચારિત્રમાં—કે જે મોક્ષમાર્ગ છે તેમાં—તું આત્માને જોડ.

લિંગ તે મોક્ષમાર્ગ નથી, એમ સિદ્ધ કર્યું. હવે કહે છે કે દેહ તરફનો વિકલ્પ જ ન થવા દેવો. દેહનું લક્ષ છોડીને—ચૈતન્યસ્વરૂપમાં ઠરવું—તે જ મોક્ષનું કારણ છે. દેહની દશાથી કે વ્રતાદિના વિકલ્પથી કલ્યાણ થશે-એવી માન્યતાને છોડીને તારા આત્માને ચૈતન્યસ્વરૂપનાં શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્રમાં તું જોડ ! શ્રાવક હો કે અણગાર હો, તેને કહે છે કે તું તારા આત્માને રાગ અને નિમિત્ત તરફના લક્ષથી છોડ, ને શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્રમાં જોડ ! તે જ મોક્ષનું કારણ છે.

**<u>ટીકા:–</u>**કારણ કે દ્રવ્યલિંગ મોક્ષમાર્ગ નથી, તેથી સમસ્ત દ્રવ્યલિંગને છોડીને દર્શન-જ્ઞાન-ચારિત્રમાં જ, તે (દર્શન-જ્ઞાન-ચારિત્ર) મોક્ષમાર્ગ હોવાથી, આત્માને જોડવા યોગ્ય છે, - એમ સૂત્રની અનુમતિ છે.

ચૈતન્યસ્વરૂપનું ભાન કરીને તેમાં જે ઠર્યો, તે જીવને જ મોક્ષમાર્ગ છે. તે વખતે શરીરની દશા તેને કારણે જે હોય તે આવીને ઊભી રહેશે. તું તારા સ્વભાવમાં ઠર. ત્યાં વચ્ચે મહાવ્રતાદિના વિકલ્પ આવે કે દેહની નિર્ગ્રંથ દશા આવે તે મોક્ષનું કારણ નથી માટે તેમાં એકાગ્ર થવા જેવું નથી. આત્મામાં જ એકાગ્ર થવા જેવું છે, આત્માના આશ્રયે જે દર્શન-જ્ઞાન-ચારિત્ર થાય તે જ મોક્ષમાર્ગ છે, માટે તેમાં જ આત્માને જોડ ! – એમ સૂત્રની અનુમતિ છે. વ્યવહારમાં કે રાગમાં અટકવું તે સૂત્રની અનુમતિ નથી, પણ ચૈતન્યસ્વભાવનાં દ્રષ્ટિ—જ્ઞાન કરીને તેમાં ઠરવાનો જ શાસ્ત્રનો ઉપદેશ છે.

**<u>ભાવાર્થ :—</u>**અહીં દ્રવ્યલિંગને છોડી આત્માને દર્શન-જ્ઞાન-ચારિત્રમાં જોડવાનું વચન છે. તે સામાન્ય પરમાર્થ વચન છે. કોઈ સમજશે કે મુનિ—શ્રાવકનાં વ્રતો છોડાવવાનો ઉપદેશ છે, પરંતુ એમ નથી. વ્રતના પરિણામ છોડીને અવ્રતના પરિણામ કરવા—એવો ઉપદેશ નથી. પરંતુ જો સ્વભાવમાં લીનતા થાય અને વ્રતાદિના પરિણામ પણ છૂટી જાય, તો તે બરાબર છે. ચૈતન્યમાં લીનતા કરાવવા માટે આ ઉપદેશ છે. જેઓ કેવળ દ્રવ્યલિંગને જ મોક્ષમાર્ગ જાણી ભેખ ધારણ કરે છે તેમને દ્રવ્યલિંગનો પક્ષ છોડાવવા ઉપદેશ કર્યો છે, કે—ભેખમાત્રથી (વેશમાત્રથી, બાહ્ય વ્રતમાત્રથી) મોક્ષ નથી. પરમાર્થ મોક્ષમાર્ગ તો આત્માના પરિણામ જે દર્શન-જ્ઞાન-ચારિત્ર તે જ છે. અનંતવાર અંતરના ભાન વગર બહારના ભેષ ધારણ કર્યા, મહાવ્રત પાળ્યાં ને નવમી ગ્રૈવેયકે ગયો, પણ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર વગર મુક્તિ ન થઈ. મુક્તિ તો સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રથી જ છે. ત્યાં વચ્ચે મહાવ્રતાદિના શુભ પરિણામો ક્રમે આવે છે. તેનો નિષેધ નથી પણ મોક્ષનું કારણ તો ચૈતન્યસ્વભાવનાં શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્રના પરિણામ જ છે. વચ્ચે પુણ્ય-પરિણામ આવ્યા તે મોક્ષનું કારણ નથી. મુનિને વચ્ચે જે શુભપરિણામ આવે તે ખરેખર આત્માના પરિણામ નથી, તે તો આસ્રવ છે, અને નિર્ગ્રંથ દેહ તો જડ છે; તે કાંઈ મુક્તિનું કારણ નથી.

વ્યવહાર આચારસૂત્રમાં કહ્યા અનુસાર જે મુનિ-શ્રાવકનાં બાહ્ય વ્રતો છે, તેઓ વ્યવહારથી નિશ્ચયમોક્ષમાર્ગનાં સાધક છે. નિશ્ચયમોક્ષમાર્ગ સાધતાં વચ્ચે સાધકને તેવો વિકલ્પ આવે છે, તેથી તેને વ્યવહારથી મોક્ષમાર્ગ કહેવાય છે, પણ વ્યવહારથી એમ કહેતાં જ તેનો અર્થ એ થયો કે નિશ્ચયસાધન બીજું છે. નિશ્ચયસાધન તો સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર જ છે ને

એવાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર હોય ત્યાં વ્રતાદિના પરિણામને વ્યવહારથી (એટલે કે નિમિત્તથી) મોક્ષનું સાધન કહેવાય છે. ખરેખર તે મોક્ષનું સાધન નથી. વ્યવહારવ્રતોને તો અહીં છોડાવ્યાં નથી. એટલે શું ? છઠ્ઠી ભૂમિકાએ તેવાં વ્રત હોય છે તેનો અહીં નિષેધ નથી કર્યો, તે છે, એમ સ્વીકાર્યું છે. પણ મોક્ષમાર્ગ તરીકે તો તેનો નિષેધ જ છે. તે વ્રતોનું પણ મમત્વ છોડીને પરમાર્થ મોક્ષમાર્ગમાં જોડાવાથી જ મોક્ષ છે, કેવળ ભેખમાત્રથી કે વ્રતમાત્રથી મોક્ષ થતો નથી.

હવે આ જ અર્થને દ્રઢ કરતી આગળની સૂચનારૂપે શ્લોક કહે છે:-

## શ્લોક ૨૩૯

**અર્થ:–**આત્માનું તત્વ દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્રયાત્મક છે (અર્થાત આત્માનું યથાર્થરૂપ દર્શન, જ્ઞાન, ને ચારિત્રના ત્રિકસ્વરૂપ છે); તેથી મોક્ષના ઈચ્છક પુરૂષે (આ દર્શન-જ્ઞાન-ચારિત્ર સ્વરૂપ) મોક્ષમાર્ગ એક જ સદા સેવવાયોગ્ય છે.

વ્યવહાર રત્નમય પણ ખરેખર આત્માનું તત્વ નથી. આત્માનું પરમાર્થ સ્વરૂપ તો સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રસ્વરૂપ છે, માટે મુમુક્ષુઓએ આત્માનો આશ્રય કરીને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રને જ મોક્ષમાર્ગપણે સદાય સેવવાયોગ્ય છે. સમયે સમયે એક સમયના પણ વિરહ વિના આત્માના સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ મોક્ષમાર્ગ જ સદા સેવવાયોગ્ય છે.

હવે આ જ ઉપદેશ ગાથા દ્વારા કરે છે :–

## ગાથા ૪૧૨

**તું સ્થાપ નિજને મોક્ષપંથે, ધ્યા, અનુભવ તેહને;**
**તેમાં જ નિત્ય વિહાર કર, નહિ વિહર પરદ્રવ્યો વિષે. ૪૧૨.**

**અર્થ :–**(હે ભવ્ય !) તું મોક્ષમાર્ગમાં પોતાના આત્માને સ્થાપ, તેનું જ ધ્યાન કર, તેને જ ચેત-અનુભવ અને તેમાં જ નિરંતર વિહાર કર; અન્ય દ્રવ્યોમાં વિહાર ન કર.

**ટીકા :–**સામે સાંભળનાર જીવ ઉભો છે. તેને સંબોધીને કહે છે કે હે ભવ્ય ! તું તારા આત્માને મોક્ષમાર્ગમાં સ્થાપ. આત્માને મોક્ષમાર્ગમાં સ્થાપવાનું કહ્યું તો તેમાં એ વાત આવી ગઈ કે અત્યાર સુધી આત્મા મોક્ષમાર્ગમાં સ્થિત થયો નથી, પણ રાગ-દ્વેષમાં સ્થિત રહ્યો છે. કાંઈ કર્મને લીધે આત્મા સંસારમાં રખડ્યો એમ નથી, અનાદિ સંસારથી માંડીને પોતાના પ્રજ્ઞાના અપરાધથી જ આત્મા રાગ-દ્વેષમાં સ્થિત રહ્યો છે.

જો કર્મને લીધે જ રાગમાં સ્થિત રહ્યો હોય તો આત્માને મોક્ષમાર્ગમાં સ્થિત થવાનો ઉપદેશ ન હોઈ શકે. જો કર્મ જીવને રખડાવતું હોય તો તો એમ કહેવું જોઈએ કે, અરે કર્મ ! તું આત્માને છોડ ! પણ અહીં તો કહે છે કે હે જીવ ! તું તારા આત્માને મોક્ષમાર્ગમાં સ્થાપ ! એટલે અત્યાર સુધી બંધમાર્ગમાં પણ તે જ તારા આત્માને સ્થાપ્યો હતો અને હવે મોક્ષમાર્ગમાં પણ તું જ સ્થાપ !

જો કર્મના ઉદય પ્રમાણે જ વિકાર થતો હોય તો જીવને મોક્ષમાર્ગમાં સ્થાપવાનો ઉપદેશ નકામો જાય ! અનાદિ સંસારથી—નિત્ય નિગોદ વખતે પણ—જીવ પોતાની લાયકાતથી જ—પોતાની પ્રજ્ઞાના અપરાધથી જ તે સંસારમા રખડ્યો  છે. પરંતુ આચાર્યદેવ કહે છે કે અનાદિથી તારી પ્રજ્ઞાના અપરાધથી તું રાગાદિમાં સ્થિત રહેલો હોવા છતાં હવે **તારી પ્રજ્ઞાના બળ વડે જ** તેનાથી પાછો ફરીને અતિ નિશ્ચળપણે સમ્યગ્દર્શન- જ્ઞાન-ચારિત્રમાં જ તારા આત્માને સ્થાપ !

ઈષ્ટોપદેશ પૃ. ૧૬૨માં કહે છે કે જીવ બળવાન છે ને ક્યારેક કર્મ બળવાન છે, પણ ત્યાં તો જ્યારે જીવ સ્વભાવને ચૂકીને કર્મ ઉપર દ્રષ્ટિ કરે ત્યારે કર્મનું બળ કહ્યું. પરંતુ તેમાં પણ જીવ પોતે જ પોતાની પ્રજ્ઞાના અપરાધથી વિકાર કરે છે, ચૈતન્યનું જોર ચૂક્યો છે માટે કર્મનું જોર કહ્યું છે.

વળી સમયસાર નાટક પૃ, ૨૨૪માં કહે છે કે:–

**जब जाकौ जैसौ उदै, तब सो है तिहि थान ।**
**सकति भरोरै जीवकी,  उदै महा बलवान ॥**

ઉદય બળવાન છે –એમ કહ્યું, તેમાં પણ એમ આશય છે કે જીવ પોતાના સ્વભાવસામર્થ્યને ભૂલ્યો, ને કર્મ સાથે એકતા માની, તેથી તેને કર્મનું બળ કહ્યુ, પરંતુ તેનો અર્થ એમ નથી કે જીવને કર્મ રખડાવે છે. અનાદિ સંસારથી માંડીને જીવ **પોતાની પ્રજ્ઞાના અપરાધથી જ રખડે છે**—એ નિયમ બધે લાગુ પાડવો.

વળી સમયસાર નાટક સ્યાદ્‌વાદ દ્વારમાં શિષ્ય પૂછે છે કે :–

હે પ્રભો ! જીવ બળવાન છે કે કર્મ બળવાન છે ? શ્રી ગુરુ કહે છે કે સ્વભાવદ્રષ્ટિથી તે સ્વાધીન છે, ને પર્યાયદ્રષ્ટિથી તે પરાધીન છે. પોતે પર્યાયદ્રષ્ટિ કરે તો પરાધીન થાય છે, પણ કર્મ તેને પરાધીન કરે છે—એમ નથી.

પોતાના અપરાધથી પોતે સ્વભાવદ્રષ્ટિ ચૂક્યો ને પર્યાયબુદ્ધિ કરી તે જીવ પરાધીન છે, પણ કર્મને લીધે તે પરાધીન થાય છે એમ નથી, **પોતાની પ્રજ્ઞાનો અપરાધ છે,** એ મૂળ વાત છોડીને અજ્ઞાની જીવ કર્મનો

વાંક કાઢે છે, પણ અનાદિસંસારમાં એક સમય પણ એવો નથી કે કર્મ જીવને પરાધીન કરે, સ્વભાવદ્રષ્ટિ કરે તો તેમાં પણ સ્વાધીન છે, ને સ્વભાવદ્રષ્ટિ છોડીને પર્યાયબુદ્ધિ કરી તો તેમાં પણ સ્વાધીનપણે પોતે તો ઊંધી દ્રષ્ટિ કરી છે, રખડવામાં પણ સ્વાધીન અને મોક્ષ થવામાં પણ સ્વાધીન જ છે.

અહીં તો એમ કહે છે કે હે જીવ ! અનાદિથી તારી પ્રજ્ઞાના અપરાધથી તું વિકારમાં સ્થિત રહેલો હોવા છતાં, હવે તારી પ્રજ્ઞાના બળને સ્વભાવ તરફ વાળીને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રમાં જ તારા આત્માને તું નિરંતર સ્થાપ !

***

## <u>હે ભવ્ય ! તારા આત્માને મોક્ષમાર્ગમાં સ્થાપ !</u>

## <u>(શ્રી સમયસાર ગાથા –૪૧૨)</u>

**(માગશર સુદ ૧૪, બુધવાર, તા. ૧૨-૧૨-૫૧)**

આચાર્ય દેવ અહીં ભવ્ય જીવોને મોક્ષમાર્ગનો ઉપદેશ કરે છે. જે જીવ લાયક થઈને શ્રવણ કરવા આવ્યો છે, તેને આ વાત સંભળાવે છે. હે ભાઈ ! અનાદિ સંસારથી તારો આત્મા પોતાની પ્રજ્ઞાના અપરાધથી જ આ સંસારમાં રખડી રહ્યો છે. આત્મા અનાદિ છે ને આત્માની અવસ્થામાં મલિનતા પણ અનાદિથી છે. તે મલિનતા કર્મના કારણે થઈ નથી, પણ પોતાની પ્રજ્ઞાના અપરાધથી જ થઈ છે. ચૈતન્ય સ્વભાવને ન કબૂલતાં, હું દયાદિ વિકાર ભાવ વાળો છું, એમ પોતાના અજ્ઞાનભાવથી જીવે માન્યું છે, એટલે તે રાગદ્વેષાદિમાં જ નિરંતર સ્થિત રહ્યો છે. આમ હોવા છતાં હવે તે તારી પ્રજ્ઞાના બળથી જ તારા આત્માને તે વિકારથી પાછો વાળીને સમ્યગ્દર્શન – જ્ઞાન-ચારિત્રમાં સ્થિત કર. તારા કર્મ ઘટે કે કાળ સ્થિતિ પાકે ત્યારે તને મોક્ષમાર્ગ થશે એમ ન કહ્યું, પણ આચાર્યદેવે તો એમ જ કહ્યું કે તારી પ્રજ્ઞાના ગુણ વડે જ તે વિકારમાંથી પાછો ફરીને તારા આત્માને મોક્ષમાર્ગમાં તું સ્થાપ ! જીવથી એમ થઈ શકે છે તેથી તેને તેવો ઉપદેશ આપ્યો છે. જો જીવની તેમાં સ્વતંત્રતા ન હોય તો એવો ઉપદેશ કેમ આપે? સંભળાવનાર આચાર્ય એમ સંભળાવે છે કે અનાદિથી **<u>પ્રજ્ઞાના દોષ વડે</u>** વિકારમાં સ્થિત હોવા છતાં તારી **<u>પ્રજ્ઞાના ગુણ વડે</u>** તેનાથી પાછો ફર અને સ્વભાવમાં સ્થિત થા ! આ વાત કોને સંભળાવે છે; કે જે હજી ધર્મને પામ્યો નથી, જે હજી રાગાદિમાં સ્થિત છે, તેને આ ઉપદેશ આપે છે. એટલે અજ્ઞાનીને આ વાત સમજાવે છે, પણ તે જીવ આ વાત સાંભળવા ઊભો છે. તેમાં તેને દેવ-ગુરુની વ્યવહાર-શ્રદ્ધા તો આવી ગઈ છે, શ્રવણમાં શુભ રાગ છે, પણ તે રાગ વડે તું તારા આત્માને મોક્ષમાર્ગમાં સ્થિર કર, એમ

આચાર્યદેવ નથી કહેતા. પણ એમ જ કહે છે કે, હે જીવ ! તું તારી **<u>પ્રજ્ઞાના ગુણ વડે જ</u>** તારા આત્માને રાગમાંથી પાછો વાળ ! જીવને હજી અનંત સંસાર બાકી હશે તો ? એવી શંકા સાંભળનારને કે સંભળાવનારને પડતી નથી, શ્રવણ કરવા આવીને ઉભો છે તેને આ શ્રવણનો જ પ્રેમ છે, ને બીજા શ્રવણનો પ્રેમ નથી. આ વાત કહેનારા દેવ-ગુરુ-શાસ્ત્ર ઉપર તેને શ્રદ્ધા છે ને કુદેવ-કુગુરૂ-કુશાસ્ત્રની શ્રદ્ધા છૂટી ગઈ છે, એવા જીવને આચાર્યદેવ એમ સંભળાવે છે કે, હે ભાઈ! હવે તું તારા આત્માને પ્રજ્ઞાના ગુણ વડે મોક્ષમાર્ગમાં સ્થાપ !

મોક્ષમાર્ગમાં આત્માને સ્થાપવાની વાત કરી, તેમાંથી ગુલાંટ મારીને ટીકાકારે બીજું પડખું પણ કાઢ્યું કે અત્યાર સુધી તેં તારા આત્માને મોક્ષમાર્ગમાં નથી સ્થાપ્યો પણ તારા અપરાધથી બંધ માર્ગમાં જ સ્થાપ્યો છે. છતાં તે પર્યાય પલટીને બીજી પર્યાય પ્રગટી શકે છે, માટે આત્માને પ્રજ્ઞાના ગુણ વડે તે રાગથી પાછો વાળીને મોક્ષમાર્ગમાં જ અતિ નિશ્ચળપણે સ્થાપ ! પહેલા જેમ તૂટ પડ્યા વગર નિરંતર બંધ માર્ગમાં સ્થિત હતો તેમ હવે ગુલાંટ મારીને મોક્ષમાર્ગમાં પણ એવી રીતે આત્માને નિશ્ચળપણે સ્થાપ કે તેમાં કદી તૂટ ન પડે, ને અલ્પકાળમાં જ મુક્તિ થઈ જાય ! તારા આત્માને રાગમાં કે શ્રવણમાં સ્થાપ, એમ ન કહ્યું પણ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ મોક્ષમાર્ગમાં જ તારા આત્માને સ્થાપ, એમ કહ્યું. પહેલાં વિકારમાં નિરંતર રહેવાની તાકાત પણ તારી હતી, તો હવે મોક્ષમાર્ગ અને મોક્ષદશા પ્રગટ કરીને તેમાં **<u>નિરંતર</u>** રહેવાનો તો તારો સ્વભાવ છે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રમાં આત્માને નિશ્ચળપણે સ્થાપવો તે જ મોક્ષમાર્ગ છે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રમાં આત્માને સ્થાપવા કહ્યું, તેમાં પર્યાયમાં આત્માને સ્થાપવાની વાત આવી, પણ તે પર્યાય દ્રવ્યના આશ્રયે જ પ્રગટે છે, એટલે દ્રવ્યનો આશ્રય કરવાનું જ આવ્યું. એ રીતે પહેલાં આત્માને મોક્ષમાર્ગમાં નિશ્ચળ સ્થાપવાની એક વાત કરી.

વળી વિશેષ કહે છે:-

સમસ્ત અન્ય ચિંતાના નિરોધ વડે અત્યંત એકાગ્ર થઈને દર્શન-જ્ઞાન-ચારિત્રને ધ્યાવ. પર્યાયનો આધાર જ્ઞાયક દ્રવ્ય છે, તેને જ ધ્યાવતાં ચિંતાનો નિરોધ થાય છે, તથા સમસ્ત કર્મ ચેતના અને કર્મ ફળ ચેતનાના ત્યાગ વડે શુદ્ધ જ્ઞાન ચેતનામય થઈને સમ્યકદર્શન-જ્ઞાન-ચારિત્રને જ ચેત—અનુભવ; પુણ્ય-પાપમાં એકાગ્રતા છોડીને જ્ઞાયક ચૈતન્યમાં એકાગ્ર થઈને તેને જ ચેત, તે મોક્ષમાર્ગ છે.

દ્રવ્યના સ્વભાવના વશે (પોતાને) જે ક્ષણે ક્ષણે પરિણામો ઉપજે છે તે—પણા વડે (અર્થાત્ પરિણામીપણા વડે) તન્મય પરિણામવાળો (દર્શન-જ્ઞાન-ચારિત્રમય પરિણામવાળો) થઈને દર્શન-જ્ઞાન-ચારિત્રમાં વિહર; દ્રવ્યનો સ્વભાવ જ એવો છે કે તેના આશ્રયે ક્ષણે ક્ષણે નવી નવી નિર્મળ પર્યાયો પરિણમે છે; તે પરિણામ વડે તન્મય પરિણામવાળો થઈને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રમાં જ નિરંતર વિહર. દ્રવ્યનો સ્વભાવ જ ક્ષણેક્ષણે પરિણમવાનો છે. પુણ્ય-પાપની રુચિ કરી ત્યારે દ્રવ્યના વિકારી પરિણામ થતા હતા અને સ્વભાવની રુચિ કરીને પરિણમતાં દ્રવ્યના સ્વભાવને વશે નિર્મળ પરિણામો ઊપજે છે. તે નિર્મળ પરિણામોમાં તન્મય થઈને તું દર્શન-જ્ઞાન-ચારિત્રમાં જ વિહર. અન્ય કોઈ પર દ્રવ્યમાં તારી પરિણતિનો વિહાર ન કર. જેઓ જ્ઞેયરૂપ હોવાથી ઉપાધિ સ્વરૂપ છે એવાં સર્વ તરફથી ફેલાતાં સમસ્ત પરદ્રવ્યોમાં જરાપણ ન વિહર; પુણ્ય-પાપ પણ તારા આત્માને ઉપાધિ સ્વરૂપ છે, તેમાં પણ વિહાર ન કર. એકલા જ્ઞાયક સ્વભાવને અવલંબીને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રમાં જ વિહર. આ જ મોક્ષમાર્ગ છે.–આ સિવાય બીજો કોઈ મોક્ષમાર્ગ નથી.

**ભાવાર્થ:—**પરમાર્થરૂપ આત્માનાં પરિણામ દર્શન-જ્ઞાન-ચારિત્ર છે; તે જ મોક્ષમાર્ગ છે, તેમાં જ (દર્શન-જ્ઞાન-ચારિત્રમાં જ) આત્માને સ્થાપવો, તેનું જ ધ્યાન કરવું, તેનો જ અનુભવ કરવો અને તેમાં જ વિહરવું—પ્રવર્તવું, અન્ય દ્રવ્યોમાં ન પ્રવર્તવું. અહીં પરમાર્થ એ જ ઉપદેશ છે કે—નિશ્ચળ મોક્ષમાર્ગનું સેવન કરવું, કેવળ વ્યવહારમાં જ મૂઢ ન રહેવું.

હવે આજ અર્થનું કળશ રૂપ કાવ્ય કહે છે:–

## કળશ—૨૪૦

"તેમાં જ 'નિત્ય' વિહાર કર" એમ ૪૧૨ મી ગાથામાં કહ્યું હતું, તેમાંથી આ શ્લોકમાં મોક્ષમાર્ગને **નિરંતર** ધ્યાવવાની વાત કરી છે. અરે જીવ ! અનાદિથી ભગવાન ચૈતન્યને ભૂલીને વ્યવહાર રત્નમય કર્યા, તેમાં પણ તેં તારા આત્માને રાગમાં જ સ્થિતિ કર્યો છે. તેમાં એક સમય પણ આંતરો પડવા દીધો નથી, તો હવે ગુલાંટ મારીને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રમાં તારા આત્માને નિરંતર સ્થાપ ! સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રસ્વરૂપ આ એક જ **નિયત** મોક્ષમાર્ગ છે. નિશ્ચય મોક્ષમાર્ગ અને વ્યવહાર મોક્ષમાર્ગ એમ કાંઈ **બે પ્રકારના મોક્ષમાર્ગ નથી. મોક્ષમાર્ગ તો એક જ છે,** પણ તેનું કથન નિશ્ચય અને વ્યવહાર - એમ બે પ્રકારે છે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ ત્રણે જુદા જુદા ત્રણ મોક્ષમાર્ગ નથી પણ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ ત્રણે સ્વરૂપ એકજ નિયત મોક્ષમાર્ગ છે. તે મોક્ષમાર્ગમાં જે જીવ સ્થિતિ કરે

છે, અને તેને જ નિરંતર ધ્યાવે છે, તેને જ અનુભવે છે, અને રાગાદિને નહિ સ્પર્શતો તે દર્શન-જ્ઞાન-ચારિત્રમાં જ નિરંતર વિહાર કરે છે, તે પુરૂષ થોડા કાળમાં જ અવિરાત્-મુક્તિ પામે છે. દર્શન-જ્ઞાન-ચારિત્રને નિરંતર ધ્યાવનાર આત્મા અવિરાત્ એટલે કે કાં તો તે ભવે અને કાં તો ત્રીજે ભવે શુદ્ધ સમયસારને પામીને સાક્ષાત્ પરમાત્મા થાય છે. એને સંસાર લાંબો કાળ હોતો નથી. સંસારમાં અનંત કાળ રખડ્યો પણ મોક્ષને સાધવા માટે અનંતકાળ નથી લાગતો ! આવો મોક્ષમાર્ગ કોણ ન કરે ! અનંતકાળથી સંસારમાં રખડતા સોથા નિકળી ગયા, પણ જો આત્માનું ભાન કરીને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રને આરાધે તો અલ્પકાળમાં, એક બે ભવમાં જ મુક્તિ પામી જાય છે. તે પરમાત્મદશા પ્રગટ્યા પછી ફરીને તેને અવતાર થતો નથી. પરમાત્મદશા ની પ્રાપ્તિ થઈ તે સદાય ઉદયમાન રહે છે. અવતાર ટળીને મુક્તિ થાય, પણ મુક્તિ પછી ફરીને અવતાર ન થાય. મોક્ષને સાધતાં અલ્પકાળ લાગે છે, પણ તે મોક્ષદશા પ્રગટ્યા પછી સાદિ અનંતકાળ ટકી રહે છે, એનો ઉપાય સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર જ છે.

## શ્લોક—૨૪૧

**અર્થ:—**જે પુરૂષો આ પૂર્વોક્ત પરમાર્થ સ્વરૂપ મોક્ષમાર્ગને છોડીને વ્યવહાર મોક્ષમાર્ગમાં સ્થાપેલા પોતાના આત્મા વડે દ્રવ્યમય લિંગમાં મમતા કરે છે, (અર્થાત્ એમ માને છે કે આ દ્રવ્યલિંગ જ અમને મોક્ષ પમાડશે), તે પુરૂષો તત્વના યથાર્થજ્ઞાનથી રહિત વર્તતા થકા હજુ સુધી સમયના સારને (અર્થાત્ શુદ્ધ આત્માને) દેખતા—અનુભવતા નથી.

શુદ્ધ આત્માની પ્રતીત–જ્ઞાન ને રમણતા તેજ પરમાર્થ સ્વરૂપ મોક્ષમાર્ગ છે. તે વખતે દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા વગેરે વ્યવહાર રત્નત્રય હોય ભલે, પણ તે શુભરાગ છે. તે શુભરાગમાં આત્માને સ્થાપવાનું ભગવાને કહ્યું નથી. વ્યવહાર રત્નત્રયને વ્યવહાર મોક્ષમાર્ગ તરીકે સ્થાપ્યો હતો એટલે તેનું હોવાપણું બતાવ્યુ હતું પણ તેમાં આત્માને સ્થાપવાથી ધર્મ થશે—એમ કહ્યું નથી. વ્યવહારના આશ્રયે મોક્ષમાર્ગ છે, એ વાત તો અજ્ઞાનીએ પોતાના સ્વચ્છંદથી માનેલી છે, શાસ્ત્રોએ વ્યવહાર છે એમ સ્થાપ્યું છે, પણ તે વ્યવહારના આશ્રયથી મોક્ષ થવાનું શાસ્ત્રોએ નથી કહ્યું. અજ્ઞાની પોતાના સ્વચ્છંદથી વ્યવહાર મોક્ષમાર્ગને જ મોક્ષનું કારણ માનીને તેમાં પોતાના આત્માને સ્થાપે છે અને તે દ્રવ્ય લિંગમાં મહાવ્રતાદિના શુભ પરિણામમાં મમતા કરે છે. તેવા પરૂષો તત્વના યથાર્થ જ્ઞાનથી રહિત છે, ને હજી સુધી શુદ્ધત્માને અનુભવતા નથી. વ્યવહાર રત્નમય વચ્ચે આવે છે તે જ્ઞાન કરવા માટે છે, પણ તે આદરવા માટે નથી. આદરવા જેવો તો નિશ્ચય મોક્ષમાર્ગ

જ છે એમ ન સમજતાં વ્યવહારમોક્ષમાર્ગના રાગને જ ખરો મોક્ષમાર્ગ માનીને તેમાં મમતા કરે છે, તે પુરૂષોને તત્વનું યથાર્થ જ્ઞાન નથી, તેમને સ્વભાવનું પણ જ્ઞાન નથી, ને વ્યવહારનું પણ ભાન નથી. વ્યવહાર રત્નત્રય કરતાં કરતાં મોક્ષ થઈ જવાનું માને છે, તે ભલે વ્યવહાર રત્નત્રય પાળે તો પણ હજી સુધી તેણે તત્વને જાણ્યું નથી, તેણે સમયના સારને જાણ્યો નથી; હજી સુધી તે અનાદિના વ્યવહારમાં જ મૂઢ છે. વ્યવહારનો પક્ષ કરીને તેને જે મોક્ષનું સાધન માને છે તેણે શુદ્ધ આત્માને જાણ્યો નથી.

“કેવો છે શુદ્ધ આત્મા ? નિત્ય પ્રકાશમાન છે (અર્થાત્ કોઈ પ્રતિપક્ષી થઈને જેના ઉદયનો નાશ કરી શકતું નથી), અખંડ છે (અર્થાત્ જેમાં અન્ય જ્ઞેય આદિના નિમિત્ત ખંડ થતા નથી), એક છે (અર્થાત પર્યાયોથી અનેક અવસ્થારૂપ થવા છતાં જે એકરૂપ પણાને છોડતો નથી), અતુલ (-ઉપમા રહિત) જેનો પ્રકાશ છે (કારણ કે જ્ઞાનપ્રકાશને સુર્યાદિકના પ્રકાશની ઉપમા આપી શકાતી નથી), સ્વભાવનો પુંજ છે (અર્થાત્ ચૈતન્ય પ્રકાશના સમૂહરૂપ છે), અમલ છે (અર્થાત્ રાગાદિ—વિકારરૂપ મળથી રહિત છે).”

ચૈતન્ય સ્વભાવ નિત્ય પ્રકાશમાન છે, કોઈ વિરોધ થઈને તેનો નાશ કરી શકતું નથી, અખંડ છે, જ્ઞેય વગેરેના નિમિત્તે તેનો સ્વભાવ ખંડિત થઈ જતો નથી, પર્યાયમાં નિર્મળતાના અનેક પ્રકારો થવા છતાં તે બધી પર્યાયો સ્વભાવમાં એકતાને જ પામે છે, પર્યાયો સ્વભાવની એકતાને જ અવલંબે છે. પર્યાયની અનેકતા થવા છતાં તે પોતાના સ્વભાવની એકતાને છોડતો નથી, અતૂલ છે તેને કોઈ પરની ઉપમા લાગી શકતી નથી, સૂર્ય વગેરેના પ્રકાશની ઉપમા ચૈતન્ય પ્રકાશને આપી શકાતી નથી, વળી તે શુદ્ધ આત્મા સ્વભાવનો પુંજ છે, ચૈતન્ય પ્રકાશનો પિંડ છે, અને અમલ છે, કેમ કે તેમાં રાગાદિ મલિનતા નથી, આમ છ વિશેષણો શુદ્ધ આત્માના કહ્યાં. આવા શુદ્ધ આત્માને જે જીવ જાણે છે તે અલ્પ કાળમાં મોક્ષ પામે છે, એ વાત આગલા શ્લોકમાં કરી, અને જેઓ આવા શુદ્ધ આત્માને જાણતા નથી ને વ્યવહારનો આગ્રહ કરે છે તેવા જીવો મુક્તિ પામતા નથી, તેઓ હજી પણ અનાદિ દ્રઢ વ્યવહારમાં મૂઢ છે.

આ રીતે જેઓ દ્રવ્યલિંગમાં—વ્યવહારમાં મમત્વ કરે છે તેમને નિશ્ચય કારણ સમયસારનો અનુભવ નથી, તો પછી તેમને કાર્ય સમયસારની પ્રાપ્તિ ક્યાંથી થાય? ન જ થાય.   ॥૪૧૨॥

***